
॥શ્રીમદ્ભગવદ્ ગીતા॥

# ॥યથાર્થ ગીતા॥

૫૨૦૦
૫૨૦૦
૫૨૦૦
૫૨૦૦
૫૨૦૦
૫૨૦૦
૫૨૦૦
૫૨૦૦
૫૨૦૦
૫૨૦૦

વર્ષોના લાંબા
અંતરાલ પછી
શ્રીમદ્ભગવદ્ ગીતાની
શાશ્વત વ્યાખ્યા




॥શ્રીમદ્ભગવદ્ ગીતા॥
॥યથાર્થ ગીતા॥
માનવ ધર્મશાસ્ત્ર
સ્વામી શ્રી અડગડાનન્દજી

GUJRATI

## લેખક વિશે...

**'યથાર્થ ગીતા'** ના લેખક એક સંત છે. તેઓ શૈક્ષણિક પદવીધારી ન હોવા છતાં સદ્ગુરુ-કૃપાના ફળરૂપે ઈશ્વરી આદેશોથી સંચાલિત છે. લેખનને તેઓ સાધના-આરાધનામાં બાધારૂપ માનતા આવ્યા છે. પણ ગીતાના આ ભાષ્યમાં આદેશ જ નિમિત્ત બન્યો. ભગવાને એમને અનુભવમાં દેખાડ્યું કે તમારી બધી વૃત્તિઓ શાંત થઈ ગઈ છે. કેવળ એક નાનકડી વૃત્તિ શેષ છે-ગીતા લખવી. પહેલાં તો સ્વામીજીએ આ વૃત્તિને આરાધનાથી નષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો, પણ ભગવાનનો આદેશ બદલાયો નહીં. એ જ આદેશનું મૂર્ત સ્વરૂપ છે-**'યથાર્થ ગીતા'**. ભાષ્યમાં ક્યાંય પણ ભૂલ થતી તો ભગવાન સુધારી દેતા હતા. સ્વામીજીની સ્વાન્તઃ સુખાય આ કૃતિ સર્વાન્તઃ સુખાય બને એવી શુભકામના સાથે.

-પ્રકાશક તરફથી

ૐ નમઃ સદ્ગુરુદેવાય

**શ્રીમદ્ભગવદ્ગીતા**

# યથાર્થ ગીતા

**માનવધર્મશાસ્ત્ર**


**સંકલનકર્તા અને વ્યાખ્યાનકાર :**

**પરમપૂજ્ય શ્રી પરમહંસજી મહારાજના કૃપાપ્રસાદ**

**સ્વામી અડગડાનન્દ**



**શ્રી પરમહંસ આશ્રમ**

ગ્રામ પોસ્ટ શક્તેષગઢ, (ચુનાર) જિલ્લો મિર્જાપુર

ઉત્તર પ્રદેશ, ભારત.


ૐ



શ્રીકૃષ્ણે ગીતાનો ઉપદેશ આપ્યો એ વખતે એમના મનમાં કયા ભાવ હતા ? મનના બધા જ ભાવ કહી શકાતા નથી, કેટલાક કહી શકાય છે, કેટલાક ભાવ-ભંગિથી વ્યક્ત થાય છે અને બાકીના પૂર્ણપણે ક્રિયાત્મક છે-એને કોઈ પથિક ચાલીને જ જાણી શકે. શ્રીકૃષ્ણ જે સ્તર પર હતા, તે સ્તર સુધી ક્રમશઃ ચાલીને એ જ અવસ્થા પ્રાપ્ત કરનાર મહાપુરુષ જ જાણે છે કે ગીતા શું કહે છે. એ ગીતાનું પુનરાવર્તન જ નથી કરતા, પણ એમના ભાવ પણ દર્શાવે છે; કારણ કે જે દશ્ય શ્રીકૃષ્ણની સામે હતું એ જ એ વર્તમાન મહાપુરુષની સમક્ષ પણ હોય છે. તેથી એ જુએ છે. એ દેખાડશે, તમારામાં જાગૃતિ પણ લાવી દેશે, એ પથ પર ચલાવશે પણ ખરા.

પૂજ્ય પરમહંસજી મહારાજ પણ એ જ સ્તરના મહાપુરુષ હતા. એમની વાણી તથા અન્તઃ પ્રેરણાથી ગીતાનો જે અર્થ મળ્યો એનું જ સંકલન 'યથાર્થ ગીતા'છે.

સ્વામી અડગડાનંદ

## અમારાં પ્રકાશનો

| પુસ્તકો | ભાષા |
|---|---|
| **યથાર્થ ગીતા** ❖ભારતીય ભાષાઓ | હિન્દી, મરાઠી, પંજાબી, ગુજરાતી, ઉર્દૂ, સંસ્કૃત, ઉડિયા, બંગાળી, તામિલ, તેલગૂ, મલયાલમ, કન્નડ, આસામિ. |
| ❖વિદેશી ભાષાઓ | અંગ્રેજી, જર્મન, ફ્રેંચ, નેપાલી, સ્પેનીશ, નોર્વેજીયન, ચાઈનિઝ, ડચ, ઈટાલિયન, રશિયન. |
| **શંકા સમાધાન** | હિન્દી, મરાઠી, ગુજરાતી, અંગ્રેજી |
| **જીવનાદર્શ એવં આત્માનુભૂતિ** | હિન્દી, મરાઠી, ગુજરાતી, અંગ્રેજી |
| **અંગ ક્યોં ફડક્તે હૈ? ઔર ક્યા કહતે હૈ?** | હિન્દી, અંગ્રેજી, ગુજરાતી, જર્મન |
| **અનછુયે પ્રશ્ન** | હિન્દી, મરાઠી, ગુજરાતી |
| **એકલવ્ય કા અંગૂઠા** | હિન્દી, મરાઠી, ગુજરાતી |
| **ભજન કિસકા કરે?** | હિન્દી, મરાઠી, ગુજરાતી, જર્મન, અંગ્રેજી |
| **યોગશાસ્ત્રીય પ્રાણાયામ** | હિન્દી, મરાઠી, ગુજરાતી |
| **ષોડશોપચાર પૂજન-પદ્ધતિ** | હિન્દી, મરાઠી, ગુજરાતી |
| **યોગદર્શન-પ્રત્યક્ષાનુભૂત વ્યાખ્યા** | હિન્દી |
| **ગ્લોરિસ્ ઑફ યોગા** | અંગ્રેજી |
| **<u>ઑડિયો કેસેટ્સ</u>** | |
| **યથાર્થ ગીતા** | હિન્દી, ગુજરાતી, મરાઠી, અંગ્રેજી |
| **અમૃતવાણી** (શ્રી સ્વામીજીના મુખારવિંદથી નીકળેલી અમૃતવાણીઓનું સંકલન વૉલ્યૂમ ૧થી ૫૦) | હિન્દી |
| **ગુરુવંદના (આરતી)** | |
| **<u>ઑડિયો સીડી</u> (MP3)** | |
| **યથાર્થ ગીતા** | હિન્દી, ગુજરાતી, મરાઠી, અંગ્રેજી, જર્મન |
| **અમૃત વાણી** | હિન્દી |
| **<u>ઑડિયો સીડી</u>** | |
| યથાર્થ ગીતા | જર્મન |

© સર્વાધિકાર - લેખક

(આ પુસ્તકના કોઈપણ અંશ - પ્રકાશન, રેકોર્ડીંગ, પ્રતિલિપિ પ્રકાશન તથા સંશોધન માટે લેખકની અનુમતિ લેવી અતિ આવશ્યક છે.)

અનન્તશ્રી વિભૂષિત, યોગીરાજ, યુગપિતામહ,

**પરમપૂજ્ય શ્રી સ્વામી પરમાનન્દજી**

શ્રી પરમહંસ આશ્રમ અનુસુઈયા (ચિત્રકૂટ)

ના

પરમ પાવન ચરણોમાં

સાદર સમર્પિત - અંતઃપ્રેરણા

# ગુરુ-વંદના

**॥ ૐ શ્રી સદ્‌ગુરુદેવ ભગવાનની જય ॥**

જય સદ્‌ગુરુદેવં, પરમાનન્દં, અમર શરીરં અવિકારી ।
નિર્ગુણ નિર્મૂલં ધરિ સ્થૂલં, કાટન શૂલં ભવભારી ॥

સૂરત નિજ સોહં, કલિમત ખોહં, જનમન મોહન છવિભારી ।
અમરાપુર વાસી, સબ સુખરાશી, સદા એકરસ નિર્વિકારી ॥


અનુભવ ગમ્ભીરા, મતિ કે ધીરા, અલખ ફકીરા અવતારી ।
યોગી અદ્વૈષ્ટા, ત્રિકાલ દ્રષ્ટા, કેવલપદ આનન્દકારી ॥

ચિત્રકૂટહિ આયો, અદ્વૈત લખાયો, અનુસૂઈયા આસન મારી ।
શ્રી પરમહંસ સ્વામી, અન્તર્યામી, હૈં બડનામી સંસારી ॥

હંસન હિતકારી, જગ પગુધારી, ગર્વ પ્રહારી ઉપકારી ।
સત્-પંથ ચલાયો, ભરમ મિટાયો, રુપ લખાયો કરતારી ॥

યહ શિષ્ય હૈ તેરો, કરત નિહોરો, મોપર હેરો પ્રણધારી ।
જય સદ્‌ગુરુ.....ભારી ॥


ૐ




શ્રી શ્રી ૧૦૦૮ શ્રી પરમહંસ સ્વામી પરમાનન્દજી મહારાજ (પરમહંસજી)
જન્મઃ શુભ સંવત વિક્રમ૧૯૬૯ (ઈ. સ. ૧૯૧૧)
મહાપ્રયાણ : જ્યેષ્ઠ શુક્લ ૭ સંવત ૨૦૨૬ તારીખ ૨૩-૦૫-૧૯૬૯



શ્રી સ્વામી અડગડાનન્દજી
(પરમહંસ મહારાજના કૃપા પ્રસાદ)



WORLD RELIGIOUS PARLIAMENT

(विश्व धर्म संसद)

C-121, KIRTI NAGAR, NEW DELHI - 110 015 (INDIA).

विश्वगौरव सम्मानपत्र

वेदवेदांग आयुर्वेद ज्योतिषादि शास्त्रपरम्परासुरक्षाव्रती, अखिल संस्कृतवाङ्मयसंरक्षण—प्रचार—प्रसारपक्षधर आर्षसनातनमर्यादाजीवनपद्धतिसदाचारपरायण, "सर्वभूतहिते रतः—वसुधैव कुटुम्बकम्" के सद्भावना पर्यावरण से ओतप्रोत,

सम्माननीय श्री स्वामी अड़गड़ानन्द जी महाराज - परमहंस आश्रम

निवासी शक्तेशगढ़ चुनार (मिर्जापुर) को

अन्तर्राष्ट्रीय अधिवेशन में विश्वगौरव सम्मानपत्र से विभूषित किया जाता है।

एतद्देशप्रसूतस्य सकाशादग्रजन्मनः।
स्वं स्वं चरित्रं शिक्षेरन् पृथिव्यां सर्वमानवाः।

*World Religious Parliament is pleased to confer*
*The Title of Vishwagaurav*
*In recognition of his meritorious contribution for World Development*
*through* श्रीमद्भगवद्गीता, धर्मशास्त्र, (भाष्य यथार्थ गीता)
दिनांक कुम्भमेला 10-4-98 ई०

*Chairman* (आगरा)
*Presentation Committee*

*Acharya Prabhakar Mishra*
*Chairman*
*World Religious Parliament*

વીસમી સદીના અંતિમમહાકુંભના અવસર પર હરિદ્વારમાં સમસ્ત શંકરાચાર્યો, મહામંડલેશ્વરો, બ્રાહ્મણ-મહાસભા અને ૪૪ દેશોના ધર્મશીલ વિદ્વાનોની ઉપસ્થિતિમાં વિશ્વધર્મસંસદ દ્વારા પૂજ્ય સ્વામીજીને 'વિશ્વગૌરવ' સન્માનપત્ર પ્રદાન કરવામાં આવ્યો.


विश्व धर्म संसद

WORLD RELIGIOUS PARLIAMENT

C-121, KIRTI NAGAR, NEW DELHI 110 015 (INDIA)

सम्मान प्रमाणपत्र

''शरीरमाद्यं खलु धर्मसाधनम्'' के मौलिक सिद्धान्तों पर आधारित विश्व में निरोगसमाज की स्थापना तथा शारीरिक मानसिक बौद्धिक सामाजिक स्वास्थ्य की उपलब्धि के लिए प्रयत्नशील एवं बाह्य तथा आन्तरिक पर्यावरण की स्वच्छता के लिए संकल्पित विश्व धर्मसंसद् प्राच्यअर्वाच्य ज्ञान विज्ञान की किसी भी शाखा के माध्यम से मानवता की सेवाओं में समर्पित व्यक्तियों को सम्मान करने में गौरव समझती है।

इसी धारणा-अवधारणा के दृष्टिकोण से उल्लेखनीय ज्ञान तथा सेवाओं के लिए श्री विश्वमानव को एक धर्मशास्त्र दाता विश्वगौरव स्वामी अड़गड़ानन्द जी को यथार्थ गीता धार्मिक क्षेत्र/विषय में विश्वगुरु सम्माननीय उपाधि से सम्मानित तथा जनसेवा के क्षेत्र में अग्रणी प्रमाणित करती है।

श्रीमद् भगवद् गीता भाष्य "यथार्थ गीता" धर्मशास्त्र है।

*World Religious Parliament is pleased to confer the above Title in recognition of his meritorious contribuiton for World Development through* ______

26-1-2001

*Chairman*
*Presentation Committee*
*or*
*Presiding Authority*

WRP

*Acharya Prabhakar Mishra*
*Chairman (Indian Region)*
*World Religious Parliament*

**વિશ્વધર્મ પરિષદે વિશ્વમાનવ ધર્મશાસ્ત્ર 'શ્રીમદ્‌ભગવદ્‌ગીતા'ના ભાષ્ય 'યતાર્થ ગીતા' પર પરમપૂજ્ય વિશ્વગૌરવ પરમહંસ સ્વામીશ્રી અડગડાનંદજી મહારાજશ્રીને પ્રયાગના પરમપાવન પર્વ મહાકુંભના અવસર સમયે તા. ૨૬-૦૧-૨૦૦૧ના દિવસે 'વિશ્વગુરુ'ની પદવી દ્વારા વિભૂષિત કર્યા !**

।।श्री काशीविश्वनाथो विजयते।।

सर्वतन्त्रस्वतन्त्र-शास्त्रार्थविद्यावतार-विश्वविश्रुत-महामहोपाध्यायदिविरुदविभूषक
पण्डितसम्राट-प्रातःस्मरणीय श्री शिवकुमारशास्त्रिमिश्रप्रतिष्ठापिता
वाराणसेयसर्वविधविद्वत्समाज-प्रतिनिधिभूता-

# श्री काशीविद्वत्परिषद्

पत्राचार कार्यालय :-
डी.१७/५८, दशाश्वमेध,
वाराणसी, उत्तर प्रदेश
मो. नं. ९४१५ २८५८५६
टे. नं. ०५४२-२४५२११३

दिनांक 1.3.04

श्री काशीविद्वत्परिषद् समय-समय पर धर्म की समीक्षा करती आयी है । धर्म के सम्बन्ध में यह समाज को निर्देश देने का अधिकार रखती है । धार्मिक प्रकरणों में यह भारत की बहुमान्य सर्वोच्च संस्था है । किसी निर्णय को संशोधित करने का अधिकार परिषद् की कार्यकारिणी को है किन्तु धर्म और धर्मशास्त्र अपरिवर्तनशील होने से आदिकाल से धर्मशास्त्र श्रीमद्भगवद्गीता ही रही है।

इमं विवस्वते योगं प्रोक्तवानहमव्ययम् ।
विवस्वान्मनवे प्राह मनुरिक्ष्वाकवेऽब्रवीत् ।। गीता, ४/१

अर्जुन ! इस अविनाशी योग को कल्प के आदि में मैंने सर्वप्रथम सूर्य के प्रति कहा। सूर्य ने अपने पुत्र मनु से कहा। मनु ने इस स्मृत ज्ञान को सुरक्षित रखने के लिए स्मृति की परम्परा चलायी और अपने पुत्र इक्ष्वाकु से कहा। कालान्तर में इस स्मृति ज्ञान को महर्षि वेदव्यास ने लिपिबद्ध किया। मानव जीवन का नियमन तथा निःश्रेयस प्रदान करने वाली आदि मनुस्मृति गीता ही है।

मनु के समक्ष अवतरित वेद इसी का विस्तार हैं। अन्य शास्त्र समयानुसार विश्व की विविध भाषाओं में ईश्वरीय गायन श्रीमद्भगवद्गीता की ही प्रतिध्वनि हैं। गीता की अवधारणा को स्वामी अड़गड़ानन्द जी ने 'यथार्थ गीता' में व्यक्त किया है जो शत-प्रतिशत सत्य है। परा विद्या की परिभाषा है।

स्वामी जी ने गीता की यह व्याख्या देकर विश्व मानव को एक धर्मशास्त्र, एक परमात्मा के पथ को प्रशस्त किया है । धर्मशास्त्र की व्याख्या के रूप में हम सभी 'यथार्थ गीता' की अनुशंसा करते हैं।

गणेशदत्त शास्त्री
मंत्री
श्री काशीविद्वत्परिषद्
भारत

आचार्य केदारनाथ त्रिपाठी दर्शनरत्नम वाचस्पति
अध्यक्ष
श्री काशीविद्वत्परिषद्
भारत

ભારતની સર્વોચ્ચ શ્રી કાશી વિદ્વત્ પરિષદે તારીખ ૦૧-૦૩-૨૦૦૪ના રોજ "શ્રીમદ્ ભગવદ્ ગીતા"ને ધર્મશાસ્ત્ર અને "યથાર્થ ગીતા"ને પરિભાષાના રૂપમાં સ્વીકૃત કર્યા છે.

।।श्री काशीविश्वनाथो विजयते।।

सर्वतन्त्रस्वतन्त्र-शास्त्रार्थविद्यावतार-विश्वविश्रुत-महामहोपाध्यायदिविरुदविभूषक
पण्डितसम्राट-प्रातःस्मरणीय श्री शिवकुमारशास्त्रिमिश्रप्रतिष्ठापिता
वाराणसेयसर्वविधविद्वत्समाज-प्रतिनिधिभूता-

# श्री काशीविद्वत्परिषद्

पत्राचार कार्यालय :-
डी.१७/५८, दशाश्वमेध,
वाराणसी, उत्तर प्रदेश
मो. नं. ९४१५ २८५८५६
टे. नं. ०५४२-२४५२११३

दिनांक 1.3.04

श्री परमहंस आश्रम, शक्तेश गढचुनार की अपनी सौभाग्यपूर्ण यात्रा का सुअवसर प्राप्त हुआ है। वहाँ के वर्तमान परमहंस स्वामी श्री अड़गड़ानन्दजी महाराज के दर्शन का स्मरणीय अवसर काशी की विद्वन्मण्डली के साथ मुझे प्राप्त हुआ। श्री परमहंस स्वामी अड़गड़ानन्दजी महाराज ब्रह्मलीन योगिराज स्वामी श्री परमानन्द परमहंस जी के शिष्य है और उनके द्वारा प्राप्त मानव धर्मोपदेश को स्वरचित 'यथार्थ गीता' के माध्यम से मानव मात्र के लिये प्रसारित कर रहे है, जिस गीता का ज्ञान भगवान कृष्ण ने अपने मुखारविन्द से अर्जुन के माध्यम से समस्त मानव के लिये किया था। इसीलिये श्रीमद्भगवद् गीता मानव मात्र का धर्मशास्त्र है। भगवान एक है और सबके है अतः उनकी गीता भी एक आकाश, एक सूर्य और एक चन्द्र के समान सबके लिये है।

इस प्रकार गीता एकतामूलक है और स्वयं भी एकता का मूल है। भगवान ने स्वयं कहा है - ममैवांशो जीव लोकः'' अर्थात् प्राणी मात्र भगवान का ही अंश है तथा अंश अंशी में भेद नही होता है। अतः प्रत्येक प्राणी भगवद्भिन्नता के आधार पर वस्तुगत्या परस्पर में भी अभिन्न ही हैं। ''तद्भिन्नाभिन्नस्य तदभिन्नत्व नियमः'' यह वस्तुस्थिति है। अतःगीता एकतामूलक तथा एकता का मूल दोनो ही है। यही गीता की यथार्थता है जिसे पूज्य परमहंस जी महाराज ने ''यथार्थ गीता'' में, जो भाष्यरुप है, प्रतिपादित किया है।

यहाँ ''यथार्थ गीता'' पद से यह भ्रम नहीं होना चाहिए कि कोई अयथार्थ गीता भी है क्योंकि गीता एक है - श्रीमद्भगवद् गीता'। प्रस्तुत 'यथार्थ गीता' श्रीमद्भगवद् गीता' का ही भाष्य है, जिसे स्वयं परमहंस श्री स्वामी जी महाराज ने प्रत्येक अध्याय की अंतिम पुष्पिका में कहा है।- 'यथार्थ गीता' भाष्ये - ऐसा उल्लेख करते हुये। इसलिये 'यथार्थ गीता' का अभिप्रेतार्थ है। गीता की यथार्थता! इस अभिप्रेतार्थ को श्री स्वामी परमहंस जी ने इस सम्पूर्ण भाष्य में प्रतिपादित किया है।

श्रीमद्भगवद् गीता पर अनेक भाष्य निर्मित हुए है - जैसे कर्म की प्रधानता बताते हुए लोकमान्य तिलक का गीता रहस्य, भगवद्भक्ति प्रधान वैष्णव भाष्य तथा ज्ञान प्रधान शांकरभाष्यादि ग्रन्थ! किन्तु प्रस्तुत यथार्थ गीता में एकेश्वरवाद मुख्यतया प्रतिंपादित है जिसका किसी से विरोध नहीं है, प्रत्युत्त सबके साथ एक ईश्वरत्व की अनुभूति के रुप में सामंजस्य प्रकाशक है। क्योंकि कर्मकलाप भी उसी में पर्यवसित, भक्ति भी उसी की, तथा उसी का साक्षात्कार परमपुरुषार्थ मोक्ष का साधक है। भगवान ने स्वयं कहा है-

''यत्करोषि यद्श्नासि यज्जुहोषि ददासि यत्।
यत्तपस्यसि कौन्तेय! तत्कुरुस्व मदर्पणम्।।
''मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय।
निवसिष्यसि मय्येव अत ऊर्ध्व न संशयः।।

तथा ''ज्ञात्वा मां शान्ति मृच्छति, ''ज्ञान लब्ध्वा परां शान्तिमचिरेणाधि गच्छति ''सर्व ज्ञानप्लवेनैव वृजिनं सन्तरिस्यसि'' तथा सर्व कर्माखिलं पार्थ! ज्ञाने परिसमाप्यते'' इत्यादि। इस प्रकार प्रस्तुत ''यथार्थ गीता'' की यथार्थता है - एक परमतत्व परमात्मा के आधार पर सबमें समत्व की अनुभूति -

''समो ऽहं सर्वभूतेषु न में द्वेष्यो ऽस्ति न प्रियः।

इस पवित्र उद्देश के साथ श्री परमहंस स्वामी अडगडानन्दजी महाराज द्वारा संस्थापित एवं संचालित यह परमहंस आश्रम ऋषियों के प्राचीन गुफाओं एवं अरण्यो की तरह इस पर्वत श्रेणी के बीच से लोक में गीतोक्त इस उपदेश को उद्बुद्ध करने वाला है कि शास्त्रानुमोदित स्वाभाविक व्यवहार को अपनाते हुए सबमें ''अभेदभावनयैव यतितव्यम् भाव को लोक कल्याणार्थ प्रसारित करना है।

हरि ॐ तत्सत्

आचार्य केदारनाथ त्रिपाठी दर्शनरत्नम वाचस्पति
अध्यक्ष
श्री काशीविद्वत्परिषद्
भारत

ભારતની સર્વોચ્ચ શ્રી કાશી વિદ્વત્ પરિષદે તારીખ ૦૧-૦૩-૨૦૦૪ના રોજ "શ્રીમદ્ ભગવદ્ ગીતા"ને ધર્મશાસ્ત્ર અને "યથાર્થ ગીતા"ને પરિભાષાના રૂપમાં સ્વીકૃત કર્યા છે.

# ગીતા એ માનવમાત્રનું ધર્મશાસ્ત્ર છે

**- મહર્ષિ વેદવ્યાસ**

શ્રી કૃષ્ણકાલીન મહર્ષિ વેદવ્યાસ પૂર્વે કોઈ પણ શાસ્ત્ર પુસ્તકરૂપે ઉપલબ્ધ નહોતું. શ્રુતજ્ઞાનની આ પરંપરા એમણે તોડી. એમણે ચાર વેદ, બ્રહ્મસૂત્ર, મહાભારત, ભાગવત તથા ગીતા જેવા ગ્રંથોમાં પૂર્વસંચિત ભૌતિક તેમજ આધ્યાત્મિક જ્ઞાનરાશિનું સંકલન કર્યું. અંતમાં એમણે પોતે જ નિર્ણયાત્મક સૂરમાં કહ્યું, **'सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दन'** - બધા જ વેદોના પ્રાણ, ઉપનિષદોનો પણ સાર એક માત્ર ગીતા છે. આ પ્રામાણને, આ સારને ગોપાલ શ્રીકૃષ્ણે દોહ્યો અને અશાંત જીવોને પરમાત્માનાં દર્શન અને સાધનાની સ્થિતિ સુધી, શાશ્વત શાંતિ સુધી પહોંચાડ્યા ! આ મહાપુરુષે પોતાની કૃતિઓમાંથી ગીતાને શાસ્ત્ર એવી સંજ્ઞા આપી અને સ્તુતિ કરી કહ્યું, **'गीता सुगीता कर्तव्या'.** 'ગીતાનો ખૂબ મનનપૂર્વક અભ્યાસ કરવો. એને હૃદયમાં ધારણ કરવી, આ પદ્મનાભ ભગવાનના શ્રીમુખેથી નિઃસૃત થયેલી વાણી છે. ગીતા સિવાય અન્ય કોઈ શાસ્ત્રનો અભ્યાસ કરવાની કોઈ આવશ્યકતા જ નથી !'

ગીતાનો સારાંશ આ શ્લોકમાં પ્રગટ થાય છે.

**'एकं शास्त्रं देवकीपुत्र गीतम्, एको देवो देवकीपुत्र एव ।**
**एको मंत्रस्तस्य नामानि यानि, कर्मोप्येको तस्य देवस्य सेवा ॥'**

દેવકીપુત્ર ભગવાને શ્રીમુખેથી જેનું ગાન કર્યું તે જ એક શાસ્ત્ર છે અને તે છે ગીતા ! પ્રાપ્ત કરવા યોગ્ય એક જ દેવ છે અને તે છે શ્રીકૃષ્ણ ! આ ગીતામાં જે સત્યનું નિરૂપણ કર્યું છે તે છે આત્મા ! આત્મા સિવાય કશું પણ શાશ્વત નથી. આ ગીતામાં એ મહાયોગેશ્વરે શાનો જાપ કરવો એના પર પણ પ્રકાશ પાડ્યો ! એમણે કહ્યું, **'ओम् !'** 'અર્જુન, ઓમ્ એ અક્ષય પરમાત્માનું નામ છે ! એનો જાપ કર અને મારું ધ્યાન ધર !' પરમદેવ એક પરમાત્માની સેવા કરવી એમ મેં ગીતામાં આલેખ્યું છે, કારણ એ જ ધર્મ છે. આને શ્રદ્ધાથી તારા હૃદયમાં ધારણ કર !' અસ્તુ.

આરંભથી જ ગીતા આપણું શાસ્ત્ર છે. ભગવાન શ્રીકૃષ્ણનાં હજારો વર્ષ પછી એમના અનુગામી મહાપુરુષોએ માત્ર ઈશ્વરને જ સત્ય તરીકે જાણ્યા અને તેઓ ગીતાના જ સંદેશવાહકો છે. ઈશ્વર દ્વારા જ લૌકિક તથા પારલૌકિક સુખની કામના ફળે છે. ઈશ્વરનો ડર રાખવો, અન્ય કોઈને ઈશ્વર ન માનવા, આ બધું તો મહાપુરુષોએ એમના ઉપદેશમાં કહ્યું, પરંતુ ઈશ્વરીય સાધના, ઈશ્વર સુધીનું અંતર પાર કરવું એ માત્ર ગીતામાં જ સાંગોપાંગ અને ક્રમબદ્ધ રીતે સંકલિત છે ! ગીતા દ્વારા સુખ-શાંતિ તો મળે જ છે, પરંતુ ગીતા તો અક્ષય અનામય પદ પણ પ્રાપ્ત કરાવે છે. આ માટે ગીતાની ગૌરવાન્વિત 'યથાર્થ ગીતા' વાંચવી રહી !

જોકે વિશ્વમાં સર્વત્ર ગીતા સમાદર પામી છે, એ કોઈ ધર્મ કે સંપ્રદાયના સાહિત્યમાં સ્થાન નથી પામી કારણ કે ધર્મ અથવા સંપ્રદાય કોઈ ને કોઈ રૂઢિમાં જકડાયેલા છે. ભારતમાં પ્રગટ થયેલી ગીતા વિશ્વમનીષાની ધરી છે અને તેથી જ એને રાષ્ટ્રીય શાસ્ત્રનું સન્માન આપી ઊંચ-નીચના ભેદ તથા પરસ્પરની વેરભાવના ભૂલી, સંપૂર્ણ વિશ્વની પીડિત જનતાને શાંતિપ્રદાન કરવાના પ્રયાસમાં લીન થઈ જવું જોઈએ !

ॐ

# ધર્મ-સિદ્ધાંત – એક

(૧) **સૌ પ્રભુના પુત્ર**
**ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।**
**मनःषष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति ॥१५/७॥**
બધાં માનવ પ્રભુનાં બાળકો છે.

(૨) **માનવશરીરની સાર્થકતા –**
**किं पुनर्ब्राह्मणाः पुण्या भक्ता राजर्षयस्तथा ।**
**अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व माम् ॥९/३३॥**
સુખરહિત, ક્ષણભંગુર પરંતુ દુર્લભ માનવ શરીરને મેળવીને મારું ભજન કર અર્થાત્ ભજનનો અધિકાર મનુષ્ય શરીરધારીને છે.

(૩) **માનવની કેવળ બે જાતિ –**
**द्वौ भूतसर्गौ लोकेऽस्मिन्दैव आसुर एव च ।**
**दैवी विस्तरशः प्रोक्त आसुरं पार्थ मे शृणु ॥१६/६॥**
માનવ ફક્ત બે પ્રકારના છે : દેવતા અને દાનવ. જેના હૃદયમાં દૈવી સંપત્તિ કાર્ય કરે છે તે દેવતા તથા રાક્ષસી સંપત્તિ કાર્ય કરે છે તે રાક્ષસ. ત્રીજી કોઈ જાતિ દુનિયામાં નથી.

(૪) **દરેક ઈચ્છા ભગવાન પાસેથી મળે –**
**त्रैविद्या मां सोमपाः पूतपापा**
**यज्ञैरिष्ट्वा स्वर्गतिं प्रार्थयन्ते ।**
**ते पुण्यमासाद्य सुरेन्द्रलोकम्**
**अश्नन्ति दिव्यान्दिवि देवभोगान् ॥९/२०॥**

મને ભજીને લોકો સ્વર્ગ સુધીની ઈચ્છા કરે છે. હું તેમને આપું છું. બધું પ્રભુ પાસેથી મળે છે.

(૫) **ભગવાનના શરણથી પાપોનો નાશ –**

**अपि चेदसि पापेभ्यः सर्वेभ्य पापकृत्तमः ।**
**सवँ ज्ञानप्लवेनैव वृजिनं संतरिष्यसि ॥४/३६॥**

સંપૂર્ણ પાપીઓથી વધારે પાપ કરવાવાળા પણ જ્ઞાનરૂપી નૌકાથી નિઃસંદેહ પાર ઊતરે છે.

(૬) **જ્ઞાન –**

**अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् ।**
**एतज्ज्ञानमिति प्रोक्तमज्ञानं यदतोऽन्यथा ॥१३/११॥**

આત્માના આધિપત્યમાં આચરણ, તત્ત્વના અર્થરૂપ ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન જ્ઞાન છે અને એનાથી વિપરીત જે કંઈ પણ છે, તે અજ્ઞાન છે. તેથી ભગવાનની પ્રત્યક્ષ જાણકારી તે જ્ઞાન છે.

(૭) **ભજનનો અધિકાર સૌને –**

**अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।**
**साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ॥**
**क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छति ।**
**कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ॥९/३०-३१॥**

અત્યંત દુરાચારી પણ મારું ભજન કરવાથી તરત ધર્માત્મા થઈ જાય છે અને હંમેશ રહેતી, શાશ્વત શાન્તિને પ્રાપ્ત કરી લે છે. તેથી ધર્માત્મા હંમેશ ભગવાન પ્રત્યે સમર્પિત છે.

(૮) **ભગવત્પથમાં બીજનો નાશ નહિ –**

**नेहाभिक्रमनाशोऽस्ति प्रत्यवायो न विद्यते ।**
**स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ॥२/४०॥**

આ આત્મદર્શનની ક્રિયાનું થોડું આચરણ પણ જન્મમરણના મહાન ભયથી ઉદ્ધાર કરનારું છે.

(૯) **ભગવાનનો વાસ –**

**ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।**
**भ्रामयन्सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥१८/६१॥**

ભગવાન બધાં ભૂત, પ્રાણીઓનો હૃદયમાં રહે છે.

**तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।**
**तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ॥१८/६२॥**

સંપૂર્ણ ભાવથી આ એક પરમાત્માના શરણમાં જાઓ, જેમની કૃપાથી તું પરમશાન્તિ, શાશ્વત પરમધામ પામીશ.

(૧૦) **યજ્ઞ –**

**सर्वाणीन्द्रियकर्माणि प्राणकर्माणि चापरे ।**
**आत्मसंयमयोगाग्नौ जुह्वति ज्ञानदीपिते ॥४/२७॥**

સંપૂર્ણ ઇન્દ્રિયોના આ વ્યાપારથી મનની ચેષ્ટાઓના જ્ઞાનથી પ્રકાશિત થયેલ આત્મામાં સંયમરૂપી યોગાગ્નિમાં હવન કરે છે.

**अपाने जुह्वति प्राणं प्राणेऽपानं तथापरे ।**
**प्राणापानगती रूद्धवा प्राणायामपरायणाः ॥४/२९॥**

ઘણા યોગીઓ શ્વાસનું પ્રશ્વાસમાં હવન કરે છે અને ઘણા પ્રશ્વાસનું શ્વાસમાં, તથા અવસ્થા ઉન્નત હોય ત્યારે શ્વાસ-પ્રશ્વાસની ગતિ રોકીને પ્રાણાયામપરાયણ થઈ જાય છે. આ પ્રકારે યોગસાધનાની વિશેષ પ્રકારની વિધિને યજ્ઞ કહે છે. તે યજ્ઞને કાર્યરૂપ આપવું તે કર્મ છે.

(૧૧) **યજ્ઞ કરવાનો અધિકાર –**

**यज्ञशिष्टामृतभुजो यान्ति ब्रह्म सनातनम्**
**नायं लोकोऽस्त्ययज्ञस्य कुतोऽन्यः कुरूसत्तम ॥४/३१॥**

યજ્ઞ ન કરવાવાળાને ફરીથી મનુષ્યદેહ નથી મળતો અર્થાત્ જેને મનુષ્યદેહ મળેલ છે તે સર્વને યજ્ઞ કરવાનો અધિકાર છે.

(૧૨) **ભગવાનને જોઈ શકાય છે –**

**भक्त्या त्वनन्यया शक्य अहमेवंविद्योऽर्जुन ।**
**ज्ञातुं ग्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ॥११/५४॥**

અનન્ય ભક્તિ દ્વારા હું પ્રત્યક્ષ જોવા-જાણવા તથા પ્રવેશ કરવા માટે પણ સુલભ છું.

**आश्चर्यवत्पश्यति कश्चिदेनमाश्चर्यवद्वदति तथैव चान्यः ।**
**आश्चर्यवच्चैनमन्यः श्रृणोति श्रुत्वाप्येनं वेद न चैव कश्चित् ॥२/२९॥**
આ અવિનાશી આત્માને કોઈ વિરલા જ આશ્ચર્યથી જુએ છે અર્થાત્ આ પ્રત્યક્ષ દર્શન છે.

(૧૩) **આત્મા જ સત્ય છે, સનાતન છે. –**
**अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ।**
**नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥२/२४॥**
આત્મા જ સત્ય છે. આત્મા જ સનાતન છે.

(૧૪) **વિધાતા અને તેનાથી ઉત્પન્ન સૃષ્ટિ નશ્વર છે. –**
**आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन ।**
**मामुपेत्य तु कौन्तेय पुनर्जन्म न विद्यते ॥८/१६॥**
બ્રહ્મા અને તેનાથી નિર્મિત સૃષ્ટિ, દેવતા અને દાનવ દુઃખોની ખાણ, ક્ષણભંગુર અને નશ્વર છે.

(૧૫) **દેવપૂજા –**
**कामैस्तैस्तैर्हृतज्ञानाः प्रपद्यन्तेऽन्यदेवताः ।**
**तं तं नियममास्थाय प्रकृत्या नियताः स्वया ॥७/२०॥**
કામનાઓથી જેમની બુદ્ધિ આક્રાન્ત છે એવા મૂઢ બુદ્ધિવાળા પરમાત્મા સિવાય અન્ય દેવતાઓની પૂજા કરે છે.

**येऽप्यन्यदेवता भक्ता यजन्ते श्रद्धयान्विताः ।**
**तेऽपि मामेव कौन्तेय यजन्त्यविधिपूर्वकम् ॥९/२३॥**
દેવતાઓની પૂજા કરવાવાળા ખરેખર તો મારી જ પૂજા કરે છે, પરંતુ તે પૂજન અવિધિપૂર્વક નુ છે તેટલા માટે નષ્ટ થઈ જાય છે.

**कर्षयन्तः शरीरस्थं भूतग्राममचेतसः ।**
**मां चैवान्तः शरीरस्थं तान्विद्ध्यासुरनिश्चयान् ॥१७/६॥**
સાત્ત્વિક શ્રદ્ધાવાળા દેવતાઓને પૂજે છે. પરંતુ એવા પૂજવાવાળાને પણ તું રાક્ષસ જાણ

(૧૬) **અધમ –**
**अशास्त्रविहितं घोरं तप्यन्ते ये तपो जनाः ।**
**दम्भाहंकारसंयुक्तां कामरागबलान्विताः ॥१७/५॥**
જે યજ્ઞથી નિયત વિધિ છોડીને કલ્પિત વિધિઓથી પૂજન કરે છે તે ક્રૂર કર્મી, પાપાચારી તથા માનવોમાં અધમ છે.

(૧૭) **નિયત વિધિ શું છે ? –**
**ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ।**
**यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् ॥८/१३॥**
જે અક્ષય બ્રહ્મનો પરિચાયક છે, એનો જપ તથા મારું – પરમાત્માનું સ્મરણ તત્ત્વદર્શી મહાપુરુષના સંરક્ષણમાં ધ્યાન.

(૧૮) **શાસ્ત્ર –**
**इति गुह्यतमं शास्त्रमिदमुक्तं मयानघ ।**
**एतद्बुद्ध्वा बुद्धिमान्स्यात्कृतकृत्यश्च भारत ॥१५/२०॥**
શાસ્ત્ર ગીતા છે.

**तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ।**
**ज्ञात्वा शास्त्रविद्यानोक्तं कर्म कर्तुमिहार्हसि ॥१६/२४॥**
કર્તવ્ય-અકર્તવ્યના નિર્ધારણમાં શાસ્ત્ર જ પ્રમાણ છે એથી ગીતામાં નિર્ધારિત વિધિથી આચરણ કરવું.

(૧૯) **ધર્મ –**
**सर्वधर्मान्परित्यज्य मामेक  शरणं व्रज ॥१८/६६॥**
ધાર્મિક ઊથલપાથલને છોડી એકમાત્ર મારા જ શરણમાં આવ. અર્થાત્ માત્ર ભગવાન પ્રતિ પૂર્ણ સમર્પણ જ ધર્મનું ફળ છે. તે પ્રભુને પામવાની નિયત વિધિ જ ધર્મ ચિત્રણ છે. (અ. ૨, શ્લો. ૪) અને જે તે કહે છે તે અત્યંત પાપી પણ શીઘ્ર ધર્માત્મા થઈ જાય છે. (અ. ૯, શ્લો. ૩૦)

**ब्रह्मणो हि प्रतिष्ठाहममृतस्याव्ययस्य च ।**
**शाश्वतस्य च धर्मस्य सुखस्यैकान्तिकस्य च ॥१४/२७॥**

તે અવિનાશી બ્રહ્મનો, અમૃતનો, શાશ્વત ધર્મનો અને અખંડ એકરસ આનંદનો હું જ આશ્રય છું અર્થાત્ પરમાત્માસ્થિત સદ્‌ગુરુ જ તે સર્વનો આશ્રય છે.

નોંધ : (વિશ્વના બધા ધર્મોની સત્યધારા ગીતાનું જ પ્રસારણ છે.)

**પ્રાચીનકાળથી લઈ આધુનિક મનીષીઓ દ્વારા અપાયેલ સંદેશનો તિથિવાર ક્રમાનુસાર :**

[શ્રી પરમહંસ આશ્રમ, જગતાનંદ, ગ્રા. પો. બરૈની, કછવા જિલ્લા મિર્ઝાપુર (ઉ.પ્ર.)માં સ્વામીશ્રી અડગડાનંદજીએ પોતાના નિવાસની સીમાના પ્રવેશ-દ્વાર નજીક આ સમયાનુક્રમને ગંગા દશેરા(સં. ૧૯૯૩)ના પવિત્ર દિને બૉર્ડ પર અંકિત કરાવ્યો]

## ॥ વિશ્વગુરુ ભારત ॥

- **વૈદિક ઋષિ**-(અનાદિ કાળ-નારાયણ સૂક્ત)

  કણેકણમાં વ્યાપ્ત બ્રહ્મ જ સત્ય છે. એને જાણ્યા સિવાય મુક્તિનો અન્ય કોઈ વિકલ્પ નથી.

- **ભગવાન શ્રીરામ**-(ત્રેતા-લાખો વર્ષ પૂર્વ-રામાયણ)

  એક પરમાત્માની ભક્તિ વગર જે કલ્યાણની ઈચ્છા રાખે છે તે મૂર્ખ છે.

- **યોગેશ્વર શ્રીકૃષ્ણ**-(૫૦૦૦ વર્ષ પૂર્વ - ગીતા)

  પરમાત્મા જ સત્ય છે. ચિંતન કરવાથી એ સનાતન બ્રહ્મની પ્રાપ્તિ સંભવ છે. દેવ-દેવીઓની પૂજા તો ખરેખર મૂર્ખાઈ છે.

- **મહાત્મા-મૂસા**-(૩૦૦૦ વર્ષ પૂર્વ - યહૂદી ધર્મ)

  તમે ઈશ્વરમાંથી શ્રદ્ધા કાઢી નાખી-મૂર્તિની સ્થાપના કરી-આનાથી ઈશ્વર નાખુશ છે. પ્રાર્થનામાં ચિત્ત પરોવો.

- **મહાત્મા જરથુષ્ટ્ર**-(૨૭૦૦ વર્ષ પૂર્વ- પારસી ધર્મ)

  અહુરમજદા -(ઈશ્વર)ની ઉપાસના દ્વારા હૃદયસ્થિત વિકારોનો નાશ કરો, દુઃખનું કારણ આ વિકારો જ છે.

- **ભગવાન મહાવીર** - (૨૬૦૦ વર્ષ પૂર્વે - જૈન ગ્રંથ)

  આત્મા જ સત્ય છે. કઠોર તપસ્યા દ્વારા આ જ જન્મમાં એને જાણી શકાય છે.

- **ગૌતમ બુદ્ધ** - (૩૫૦૦ વર્ષ પૂર્વ - મહાપરિનિર્વાણસૂત્ર)

  મેં એ અવિનાશી પદ પ્રાપ્ત કરી લીધું છે. આ પદ પૂર્વ મહર્ષિઓએ પ્રાપ્ત કર્યું હતું. આ જ મોક્ષ છે.

- **જિસસ ક્રાઈસ્ટ** - (૨૦૦૦ વર્ષ પૂર્વ - ખ્રિસ્તી ધર્મ)

  ઈશ્વરની પ્રાપ્તિ પ્રાર્થના દ્વારા થાય છે. મારે એટલે કે સદ્ગુરુને શરણે આવો. આમ કરવાથી તમે ઈશ્વરના પુત્ર કહેવાશો.

- **હઝરત મહમ્મદસાહેબ** - (૧૪૦૦ વર્ષ પૂર્વ - ઈસ્લામ ધર્મ)

  'લા ઈલાહ ઈલ્લલ્લાહ મહમ્મદુર્ રસૂલલ્લાહ' - કણ-કણમાં વ્યાપ્ત ખુદા (ઈશ્વર) જ પૂજનીય છે. મહમ્મદ અલ્લાહ (ઈશ્વર)નો સંદેશવાહક છે.

- **આદિ શંકરાચાર્ય** - (૧૨૦૦ વર્ષ પૂર્વ)

  જગત મિથ્યા છે. સત્ય છે કેવળ હરિ અને એનું નામ !

- **સંત કબીર** - (૬૦૦ વર્ષ પૂર્વ)

  ''રામ નામ અતિ દુર્લભ ઔરન તે નહિ કામ ।
  આદિ મધ્ય ઔર અંતહું રામહિં તે સંગ્રામ ॥''
  રામ-નામનો જપ કરો એ જ કલ્યાણપ્રદ છે ।

- **ગુરુ નાનક** - (૫૦૦ વર્ષ પૂર્વ)

  'એક ઓકાંર સદ્ગુરુ પ્રસાદિ' એક ઓંકાર જ સત્ય છે, પરંતુ આ ઓંકાર સદ્ગુરુની કૃપાનો પ્રસાદ છે.

- **સ્વામી દયાનંદ સરસ્વતી** - (૨૦૦ વર્ષ પૂર્વ)

  અજર, અમર, અવિનાશી એક પરમાત્માની ઉપાસના કરો. આ ઈશ્વરનું પ્રમુખ નામ ઓમ્ છે.

- **સ્વામીશ્રી પરમાનંદજી** - (૧૯૧૧-૧૯૬૯)

  ભગવાનની જ્યારે કૃપા વરસે છે ત્યારે શત્રુ પણ મિત્ર બની જાય છે, વિપત્તિ સંપત્તિ થઈ જાય છે. ભગવાનની દૃષ્ટિ પ્રત્યેક દિશામાં હોય છે.

# અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ સંખ્યા |
|---|---|
| ૧. પુરોવચન | iii |
| ૨. પ્રથમ અધ્યાય (સંશય-વિષાદયોગ) | ૧ |
| ૩. દ્વિતિય અધ્યાય (કર્મજિજ્ઞાસા) | ૨૫ |
| ૪. તૃતિય અધ્યાય (શત્રુવિનાશ-પ્રેરણા) | ૬૭ |
| ૫. ચતુર્થ અધ્યાય (યજ્ઞકર્મ સ્પષ્ટિકરણ) | ૯૫ |
| ૬. પંચમ અધ્યાય (યજ્ઞભોક્તા મહાપુરુષસ્થ મહેશ્વર) | ૧૨૯ |
| ૭. ષષ્ઠમ અધ્યાય (અભ્યાસયોગ) | ૧૪૫ |
| ૮. સપ્તમ અધ્યાય (સમગ્ર જાણકારી) | ૧૬૫ |
| ૯. અષ્ટમ અધ્યાય (અક્ષરબ્રહ્મયોગ) | ૧૭૭ |
| ૧૦. નવમમ્ અધ્યાય (રાજવિદ્યા જાગૃતિ) | ૧૯૯ |
| ૧૧. દશમમ્ અધ્યાય (વિભૂતિ વર્ણન) | ૨૧૯ |
| ૧૨. એકાદશમ્ અધ્યાય (વિશ્વરૂપ-દર્શન યોગ) | ૨૩૭ |
| ૧૩. દ્વાદશમ્ અધ્યાય (ભક્તિયોગ) | ૨૫૯ |
| ૧૪. પ્રયોદશમ્ અધ્યાય (ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞ વિભાગયોગ) | ૨૬૯ |
| ૧૫. ચતુર્દશમ્ અધ્યાય (ગુણત્રય વિભાગયોગ) | ૨૮૩ |
| ૧૬. પંચદશમ્ અધ્યાય (પુરુષોત્તમયોગ) | ૨૯૫ |
| ૧૭. ષોડશમ્ અધ્યાય (દૈવાસુર સંપદ વિભાગયોગ) | ૩૦૭ |
| ૧૮. સપ્તદશમ્ અધ્યાય (ઓમ્ તત્સત્ તથા શ્રદ્ધાત્રય વિભાગ યોગ) | ૩૧૯ |
| ૧૯. અષ્ટદશમ્ અધ્યાય (સંન્યાસયોગ) | ૩૩૫ |
| ૨૦. ઉપસંહાર | ૩૭૩ |

# પુરોવચન

ગીતા પર સેંકડો ટીકાઓ લખાઈ ચૂકી છે. વળી, એમાં પચાસ જેટલી ટીકાઓ તો કેવળ સંસ્કૃત ભાષામાં જ છે. એટલે ગીતા પર હવે નવી ટીકા લખવાની વાસ્તવમાં કોઈ આવશ્યકતા જણાતી નથી. ઉપરાંત ગીતા વિષે સેંકડોની સંખ્યામાં જુદા જુદા મત પ્રવર્તે છે. અલબત્ત, એ સૌની આધારશીલા એકમાત્ર ગીતા જ છે. યોગેશ્વર શ્રીકૃષ્ણે તો કોઈ એક જ વાત કહી હશે. તો પછી આ મતભેદ શાનો ? હકીકતમાં, વક્તા એક જ વાત કહે છે, પરંતુ દશ શ્રોતા બેઠા હોય તો દશે દશ અલગ અલગ અર્થ ગ્રહણ કરે છે. વ્યક્તિની બુદ્ધિ પર રજસ્-તમસ્ અને સત્ત્વ ગુણોનો જેટલા પ્રમાણમાં પ્રભાવ હોય, તેટલા પ્રમાણમાં તે તે સ્તરથી તે વાતને પકડે, એનાથી (એની માનસિક ભૂમિકાથી) આગળ એને કંઈ સમજાતું નથી. આ સંજોગોમાં મત-મતાંતરો હોવા એ સ્વાભાવિક ઘટના છે.

આવા ભિન્ન ભિન્ન મત અને વાદ અને ક્યારેક તો એક જ સિદ્ધાંત અલગ અલગ સમય-કાળ અને અલગ અલગ ભાષાઓમાં વ્યક્ત કરવાથી સાધારણ માનવી સંશયમાં પડી જાય છે. અલબત્ત, અનેક ટીકાઓની વચ્ચે સત્યની ધારા તો વહેતી રહે જ છે. શુદ્ધ અર્થવાળું કોઈ એક પુસ્તક હજારો ટીકાઓની વચ્ચે રાખવામાં આવે તો એમાં યથાર્થ કયું એની પરખ કરવી મુશ્કેલ બની જાય છે. વર્તમાન કાળમાં ગીતા વિષે ઘણી ટીકાઓ લખાઈ છે. તે દરેક પોતાની સત્યતાની ઘોષણા કરે છે. પરંતુ ગીતાના શુદ્ધ અર્થથી તે ઘણી દૂર છે. બેશક, કેટલાક મહાપુરુષો ક્યારેક સત્યને સ્પર્શ્યા પણ છે પરંતુ કોઈક કારણસર તેઓ તે સત્યો સમાજ સમક્ષ પ્રસ્તુત કરી શક્યા નથી.

શ્રીકૃષ્ણનો હેતુ હૃદયગત ન કરી શકવાનું મૂળ કારણ તો એ છે કે તે એક યોગી હતા. શ્રીકૃષ્ણ જે સ્તરેથી વાત કરે છે, ક્રમશઃ ત્યાં સુધી પહોંચીને, એ સ્તરે ઊભા રહેનાર કોઈ મહાપુરુષ જ અક્ષરશઃ બતાવી શકે કે શ્રીકૃષ્ણે જ્યારે ગીતાનો ઉપદેશ કર્યો ત્યારે એમના મનોગત ભાવ કેવા હતા ? વળી બધા મનોગત ભાવ કહી શકાતા પણ નથી. કેટલાક ભાવ કથનમાં અભિવ્યક્ત થઈ જાય છે. કેટલાક હાવભાવ દ્વારા વ્યક્ત થાય છે. બાકીના પર્યાપ્તપણે ક્રિયાત્મક હોય છે – એને તો પથિક ત્યાં સુધી પહોંચીને જ સમજી શકે છે. શ્રીકૃષ્ણ જે સ્તરે ઊભા હતા, ક્રમશઃ ત્યાં સુધી પહોંચીને એ સ્થિતિ પ્રાપ્ત કરનાર મહાપુરુષ જ જાણી શકે કે ગીતા શું કહે છે ? આવા મહામાનવ કેવળ ગીતાના શ્લોકનું રટણ કરતા નથી, પરંતુ એના ભાવો પણ વ્યક્ત કરે છે, કેમકે જે દૃશ્ય શ્રીકૃષ્ણની સામે હતું તે જ આ વર્તમાન મહાપુરુષ સમક્ષ પણ ખડું થાય છે. આથી જે જુએ છે, પોતાનામાં જાગ્રત કરી દે છે, અને એ પથ પર પ્રેરિત પણ કરે છે.

પૂજ્ય શ્રી પરમહંસજી મહારાજ આવી સ્થિતિએ પહોંચેલા મહાપુરુષ હતા. એમની વાણી તથા અંતઃપ્રેરણાથી ગીતાનો જે અર્થ સાંપડ્યો એનું સંકલન એ જ આ ‘યથાર્થ ગીતા’ છે. એમાં અમારું પોતાનું કંઈ નથી. આ ક્રિયાત્મક છે. સાધન અપાવનાર પ્રત્યેક વ્યક્તિએ આ જ પરિધિમાંથી પસાર થવું પડશે. જ્યાં સુધી તે આનાથી બહાર હશે ત્યાં સુધી સ્પષ્ટ છે કે તે કોઈ સાધન તો નથી જ કરતો અને છતાંયે તે કોઈ કેડી તો પાડે જ છે. આથી એણે કોઈ મહાપુરુષનો આશ્રય લેવો જોઈએ, કેમકે શ્રીકૃષ્ણે કોઈ ભિન્ન સત્ય તો દર્શાવ્યું નથી. **ऋषिभिर्बहुधा गीतं** ઋષિઓએ અનેક રીતે જેનું ગાન કર્યું છે તે જ હું કહી રહ્યો છું. શ્રીકૃષ્ણે એમ પણ કહ્યું નથી કે આ જ્ઞાન માત્ર હું જ જાણું છું અથવા માત્ર હું જ બતાવીશ. ઊલટું એમણે તો કહ્યું કે, ‘કોઈ તત્ત્વદર્શી પાસો જાઓ. નિષ્કપટ ભાવથી તેમની સેવા કરો અને તે જ્ઞાન મેળવો.’ શ્રીકૃષ્ણે મહાપુરુષોએ શોધેલા સત્યને જ ખુલ્લું કર્યું છે.

ગીતા સરળ – સમજી શકાય તેવી સંસ્કૃત ભાષા છે. કેવળ અન્વયાર્થ જ લેવામાં આવે તો મોટા ભાગની ગીતા તમે જાતે સમજી શકો. પરંતુ તમે તેનો યથાતથ અર્થ ગ્રહણ કરતા નથી. ઉદાહરણ તરીકે શ્રીકૃષ્ણે સ્પષ્ટ

કહ્યું કે, 'યજ્ઞની પ્રક્રિયા જ કર્મ છે.' આમ છતાં તમે કહો છો કે ખેતી કરવી કર્મ છે. યજ્ઞની વાત સમજાવતાં એમણે કહ્યું કે યજ્ઞમાં ઘણા યોગીજનો પોતાનો પ્રાણ અપાનમાં હોમી દે છે, જ્યારે ઘણા અપાનને પ્રાણમાં હોમે છે. ઘણા યોગીઓ પ્રાણ-અપાન બન્નેને રોકીને પ્રાણાયામપરાયણ થઈ જાય છે. ઘણા યોગીઓ ઇન્દ્રિયોની તમામ પ્રવૃત્તિઓને સંયમરૂપી અગ્નિમાં હોમે છે. આમ શ્વાસ-ઉચ્છ્વાસનું ચિંતન યજ્ઞ છે. શાસ્ત્રકારે સ્વયં યજ્ઞ વિશે દર્શાવ્યું. આમ છતાં તમે કહો છો કે વિષ્ણુના નિમિત્તે સ્વાહા બોલવું, અગ્નિમાં ઘી-તલ હોમવા એ જ યજ્ઞ છે. યોગેશ્વર તો આવો એક પણ શબ્દ બોલ્યા નથી.

તમને આ વાત સમજાતી નથી તેનું કારણ શું ? ગીતાના શબ્દેશબ્દને ખોલી ખોલીને રટણ કર્યા પછી પણ તમારા હાથમાં તો કેવળ વાક્યરચનાઓ જ કેમ રહે છે ? તમને કોઈ જ યથાર્થ જાણકારી કેમ પ્રાપ્ત થતી નથી ? વાસ્તવમાં માનવી જન્મ પછી જેમ જેમ મોટો થાય છે તેમ તેમ એનો વારસો (ઘર, દુકાન, જમીન-જાયદાદ, પદ-પ્રતિષ્ઠા, ગાય, ભેંસ, યંત્ર-ઓજારો વગેરે) મળે છે. બરાબર એ જ રીતે એને કેટલીક રૂઢિઓ, પરંપરા, પૂજાવિધિઓ પણ વારસામાં મળે છે. તેત્રીસ કરોડ દેવતાઓની ગણતરી તો ભારતમાં પ્રાચીનકાળથી થયેલી છે. વિશ્વમાં એનાં ગણ્યાં ગણાય નહિ એટલાં રૂપ છે. બાળક મોટું થતું જાય તેમ તેમ તે પોતાનાં માતાપિતા, ભાઈબહેન, આડોશપાડોશમાં એની પૂજા નિહાળે છે. પરિવારમાં પ્રવર્તતી પૂજાપદ્ધતિની એના હૈયા-મસ્તિષ્કમાં અમીટ છાપ પડી જાય છે. એને દેવીઓની ઉપાસના પ્રાપ્ત થશે તો જીવનભર 'દેવી-દેવી'નું રટણ કરશે. પરિવારમાં 'ભૂત-પૂજા' મળી તો ભૂત-ભૂત રટશે. કોઈ શિવ, તો કોઈ કૃષ્ણ, તો કોઈ કંઈક ને કંઈક પકડીને જીવે છે. એ એને છોડી શકતો નથી.

આવા ભ્રાંત મનુષ્યને ગીતા જેવું કલ્યાણકારી શાસ્ત્ર મળી જાય તો પણ તે સમજી શકશે નહિ. એ કદાચ પૈતૃક સંપત્તિ — ધનદોલતનો વારસો તો છોડી શકશે, પરંતુ આ રૂઢિઓ અને ધર્મની પકડ છોડી નહિ શકે. પૈતૃક સંપત્તિ છોડીને તો તમે હજારો માઈલ દૂર જઈ શકો, પરંતુ દિલ અને દિમાગમાં ઊંડે અંકિત થયેલા આ રૂઢિગત વિચારો ત્યાં પણ તમારો કેડો નહિ

મૂકે. તમે તમારું મસ્તક કાપીને અલગ તો મૂકી શકતા નથી. આથી જ તમે યથાર્થ શાસ્ત્રને પણ આવી રૂઢિઓ, રીતરિવાજો, માન્યતાઓ અને પૂજાવિધિઓના માળખામાં જ ઢાળીને જોવા માગો છો. જો એને તે ચોકઠામાં ઢાળી શકાય, વાતનો ક્રમ ગોઠવાઈ જાય તો તમે એને જ સાચું માનવા લાગો છો અને એ નિયત ચોકઠામાં વાત ઢાળી ન શકાય તો તેને ખોટી માનો છો. આથી જ તમને ગીતાનું રહસ્ય સમજાતું નથી. ગીતાનું રહસ્ય રહસ્ય જ બની રહે છે. એના સાચા પારખુ તો સંત અથવા સદ્‌ગુરુ જ છે. ગીતા શું કહે છે એ તો તેઓ જ બતાવી શકે, બધા તે જાણી શકતા નથી. તેથી એ વાતો કોઈ મહાપુરુષના સાંનિધ્યમાં સમજીએ એ જ સર્વ માટે સુલભ ઉપાય છે. શ્રીકૃષ્ણે પણ આ વાત પર ભાર મૂક્યો છે.

ગીતા કોઈ વિશિષ્ટ વ્યક્તિ, જાતિ, વર્ગ, પંથ, દેશકાળ કે કોઈ રૂઢિગ્રસ્ત સંપ્રદાયનો ગ્રંથ નથી, પરંતુ તે તો સાર્વલૌકિક સર્વકાલીન ધર્મગ્રંથ છે. આ ગ્રંથ પ્રત્યેક દેશ, પ્રત્યેક જાતિ તથા પ્રત્યેક સ્તરનાં સ્ત્રીપુરુષ સૌ માટે છે. બીજાની વાતો સાંભળીને કે અન્ય કોઈથી પ્રભાવિત થઈ મનુષ્યે પોતાના અસ્તિત્વ પર જ સીધો પ્રભાવ પડે એવો નિર્ણય લેવો જોઈએ નહિ. પૂર્વગ્રહથી મુક્ત થઈ સત્યની ખોજ કરનાર માટે આ આર્ષ-ગ્રંથ છે, તેજસ્તંભ છે. હિંદુઓ વેદ જ પ્રમાણ છે એવો આગ્રહ સેવે છે. વેદ એટલે જ્ઞાન, પરમાત્માની જાણકારી. એ પરમાત્મા ન તો સંસ્કૃતમાં છે, ન તો સંહિતાઓમાં છે. પુસ્તક તો એનો સંકેત માત્ર છે. હકીકતમાં તો પરમાત્મા હૃદયમાં જ પ્રગટે છે.

વિશ્વામિત્ર ચિંતન કરી રહ્યા હતા. એમની ભક્તિ જોઈ બ્રહ્માજી આવ્યા. એમણે કહ્યું, ‘આજથી તમે ઋષિ છો.’ વિશ્વામિત્રને સંતોષ ન થયો. તે તો ધ્યાનમાં મગ્ન રહ્યા. થોડા સમય બાદ દેવતાઓ સાથે બ્રહ્મા ફરી આવ્યા અને બોલ્યા, ‘આજથી તમે રાજર્ષી છો.’ પરંતુ વિશ્વામિત્રના મનનું સમાધાન ન થયું. એમણે તો અનવરત ધ્યાન – તપ ચાલુ રાખ્યું. બ્રહ્મા દૈવી સંપત્તિની સાથે પુનઃ આવ્યા અને જણાવ્યું કે આજથી તમે મહર્ષિ છો. વિશ્વામિત્રે કહ્યું, ‘ના, આપ મને જિતેન્દ્રિય બ્રહ્મર્ષિ કહો.’ બ્રહ્માજીએ કહ્યું, ‘હજુ આપ જિતેન્દ્રિય થયા નથી.’ વિશ્વામિત્ર ફરીથી ધ્યાનમાં ઊંડા ઊતરી ગયા. એમના મસ્તકમાંથી તપશ્ચર્યાનું તેજ પ્રસરવા લાગ્યું. ત્યારે દેવતાઓએ

બ્રહ્માને આનું નિવેદન કર્યું. બ્રહ્મા ફરી વિશ્વામિત્ર પાસે આવ્યા અને બોલ્યા, 'ઋષિ, હવે આપ સાચા બ્રહ્મર્ષિ છો.' વિશ્વામિત્રે કહ્યું, 'હું બ્રહ્મર્ષિ છું તો વેદ મારું વરણ કરે.' વેદ વિશ્વામિત્રના હૃદયમાં પ્રગટ્યા. જે તત્ત્વ સમજાતું નહતું, તે મળી ગયું. આ જ્ઞાન જ વેદ છે, વેદ એટલે પોથી નહિ. જ્યાં વિશ્વામિત્ર વસતા હતા વેદનું નિવાસસ્થાન પણ ત્યાં જ હતું.

શ્રીકૃષ્ણ પણ આ જ કહે છે, 'સંસાર અવિનાશી પીપળાનું વૃક્ષ છે. ઉપર પરમાત્મા એનું મૂળ છે અને નીચે પ્રકૃતિ પર્યંત શાખાઓ છે. જે વ્યક્તિ પ્રકૃતિનો અંત લાવીને પરમાત્માને જાણી લે છે તે જ વેદજ્ઞ છે. અર્જુન, હું જ વેદજ્ઞ છું.' આમ પ્રકૃતિના પ્રસાર અને અંતની સાથે જ પરમાત્માની અનુભૂતિ થાય છે, એનું જ નામ વેદ છે. આ અનુભૂતિ પ્રભુકૃપાનું ફળ છે. વેદને એટલે જ અપૌરુષેય કહ્યો છે. મહાપુરુષ અપૌરુષેય હોય છે. એના માધ્યમથી, એની મારફત પરમાત્મા જ બોલે છે. તેથી સંતો પરમાત્માના સંદેશ-પ્રસારક (ટ્રાન્સમીટર) બની જાય છે. શબ્દજ્ઞાનના આધારથી જ એમની વાણીમાં રહેલા સત્યને પારખી શકાતું નથી. જે વ્યક્તિ ક્રિયાત્મક માર્ગે ચાલીને આ અપૌરુષેય (Non-Person) સ્થિતિને પામે છે, જેમનો અહમ્ પરમાત્મામાં વિલીન થઈ ચૂક્યો છે તે જ આ સત્યને જાણી શકે છે.

વાસ્તવમાં વેદ અપૌરુષેય છે, પરંતુ બોલનારા તો સો-દોઢસો મહાપુરુષો જ હતા. એમની વાણીનું સંકલન 'વેદ' કહેવાય છે, પરંતુ શાસ્ત્ર લખવામાં આવે, ગ્રંથસ્થ કરાય ત્યારે સામાજિક વ્યવસ્થાના નિયમ પણ એની સાથે લખવામાં આવે છે. મહાપુરુષના નામે હોય તેથી લોકો પણ તે અનુસાર આચરણ કરવા લાગે છે. અલબત્ત, ધર્મ સાથે એને દૂરનો પણ સંબંધ હોતો નથી. આધુનિક યુગમાં મંત્રીઓની આગળ-પાછળ ઘૂમીને સાધારણ નેતા પણ અધિકારીઓ પાસે પોતાનું કામ કરાવી લે છે. વાસ્તવમાં મંત્રી આવા નેતાઓને તો ઓળખતા પણ હોતા નથી. આ જ રીતે સામાજિક વ્યવસ્થાપક પણ મહાપુરુષની આડ લઈને પોતાના જીવનનિર્વાહની વ્યવસ્થા ગ્રંથોમાં લિપિબદ્ધ કરાવી લે છે. એનો સામાજિક ઉપયોગ તત્પૂરતો જ હોય છે. વેદોની બાબતમાં પણ આમ જ છે. એમનું અમર સત્ય ઉપનિષદોમાં ગ્રંથસ્થ છે. એ જ ઉપનિષદોનો સારાંશ યોગેશ્વર શ્રીકૃષ્ણની વાણી 'ગીતા' છે. ટૂંકમાં ગીતા અપૌરુષેય 'વેદ'રૂપી રસ-

સાગરમાંથી સંગ્રહીત કરેલું ઉપનિષદ-સુધાનું સાર-સર્વસ્વ છે.

આમ, પરમતત્ત્વને પ્રાપ્ત કરનાર પ્રત્યેક મહાપુરુષ સ્વયં એક ધર્મગ્રંથ છે. એમની વાણીનું સંકલન વિશ્વમાં ક્યાંક થાય તો તે શાસ્ત્ર તરીકે ઓળખાય છે. પરંતુ કેટલાક ધર્મધુરંધરોનું કહેવું એવું છે કે, 'જેટલું કુરાનમાં લખ્યું છે એટલું જ સાચું છે. હવે કુરાન નહિ ઊતરે' 'ઈસા મસીહા ઉપર વિશ્વાસ કર્યા વિના સ્વર્ગ નહિ મળી શકે, તે જ ઈશ્વરનું એકમાત્ર સંતાન છે. હવે આવો મહાપુરુષ ફરી અવતરશે જ નહિ.' આવી રૂઢિગત વિચારધારાઓ છે. આ જ તત્ત્વનો સ્વીકાર કરી લેવામાં આવે તો એની જ ભૂલનું પુનરાવર્તન થશે.

'ગીતા' સાર્વભૌમ છે. ધર્મના નામથી પ્રચલિત વિશ્વના તમામ ગ્રંથોમાં ગીતાનું સ્થાન અદ્વિતીય છે, અનન્ય છે. તે કેવળ ધર્મશાસ્ત્ર જ નથી, પરંતુ અન્ય ધર્મગ્રંથોમાં નિહિત સત્ય માટેનો માપદંડ છે. ગીતા એક એવી કસોટી છે, જેની કસોટીએ ચડતાં પ્રત્યેક ધર્મગ્રંથોનું સત્ય આપોઆપ પ્રગટ થઈ જાય છે. પરસ્પર વિરોધી વિધાનોનું સમાધાન પણ મળી જાય છે. પ્રત્યેક ધર્મગ્રંથમાં, સંસારમાં જીવવા-ખાવાની કલા અને કર્મકાંડનું વિશેષ વર્ણન છે. જીવનને આકર્ષક બનાવવા માટે એમણે કરવાની અને ન કરવાની વાતોના રોમાંચક, રોચક અને ભયાનક વર્ણનોથી ધર્મગ્રંથો ભર્યા પડ્યા છે. કર્મકાંડની આ પરંપરાને લોકો ધર્મ સમજવા લાગે છે. જીવનનિર્વાહની કલા માટે રચાયેલી પૂજાવિધિઓમાં દેશકાળ અને સંજોગાનુસાર પરિવર્તન થતું રહે છે. ધર્મના નામ પર સમાજમાં થતા ઝઘડાઓનું આ એકમાત્ર કારણ છે, પરંતુ ગીતા આ ક્ષણિક વ્યવસ્થાઓથી ઉપર આત્મિક પૂર્ણતામાં સ્થાપિત કરનારું ક્રિયાત્મક અનુશીલન છે. તેનો એક પણ શ્લોક ભૌતિક જીવનની પ્રાપ્તિ માટે નથી. એનો પ્રત્યેક શ્લોક આંતરિક યુદ્ધ – આરાધનાની માગ છે. કહેવાતા ધર્મગ્રંથોની જેમ ગીતા તમને સ્વર્ગ-નર્કના દ્વંદ્વમાં ફસાવીને છોડી દેતી નથી, પરંતુ એવા અમરત્વની પ્રાપ્તિ કરાવે છે, કે પછી જન્મમૃત્યુનું કોઈ બંધન રહેતું નથી.

પ્રત્યેક મહાપુરુષની પોતાની આગવી શૈલી અને કેટલાક વિશિષ્ટ શબ્દો હોય છે. યોગેશ્વર શ્રીકૃષ્ણે પણ ગીતામાં 'કર્મ', 'યજ્ઞ', 'વર્ણ',

'વર્ણસંકર', 'યુદ્ધ', 'ક્ષેત્ર', 'જ્ઞાન' વગેરે શબ્દો પર વારંવાર ભાર મૂક્યો છે. આ શબ્દોનો પોતાનો અર્થ છે. એની પુનરાવૃત્તિમાં પણ એનું પોતાનું આગવું સૌંદર્ય છે. આ રૂપાંતરમાં પણ આ શબ્દોને એ જ અર્થમાં લેવામાં આવ્યા છે, અને જરૂરી હોય ત્યાં એની વ્યાખ્યા પણ આપવામાં આવી છે. ગીતાનું આકર્ષણ નીચે લખેલા પ્રશ્નોમાં છે, જેનો મર્મ આધુનિક સમાજ ખોઈ ચૂક્યો છે. 'યથાર્થ ગીતા'માં આ શબ્દો નીચે મુજબ છે.

૧. **શ્રીકૃષ્ણ :** એક યોગેશ્વર હતા.

૨. **સત્ય**નો અર્થ આત્મા જ સત્ય છે

૩. **સનાતન :** આત્મા સનાતન છે. પરમાત્મા સનાતન છે.

૪. **સનાતન ધર્મ** પરમાત્માને પ્રાપ્ત કરાવનાર ક્રિયા છે.

૫. **યુદ્ધ :** દૈવી અને આસુરી વૃત્તિઓનો સંઘર્ષ યુદ્ધ છે. આ બંને વૃત્તિઓ અંતઃકરણની છે. આ બંનેનો અંત એટલે પરમતત્ત્વની પ્રાપ્તિ પરિણામ છે.

૬. **યુદ્ધસ્થાન :** આ માનવશરીર તથા મન સમેત ઈન્દ્રિયોનો સમૂહ એ જ યુદ્ધભૂમિ છે.

૭. **જ્ઞાન :** પરમાત્માની પ્રત્યક્ષ જાણકારી જ્ઞાન છે.

૮. **યોગ :** સંસારના સંયોગ-વિયોગથી રહિત અવ્યક્ત બ્રહ્મનું મિલન એટલે યોગ.

૯. **જ્ઞાનયોગ :** આરાધના જ કર્મ છે. પોતાના પર નિર્ભર રહીને કર્મમાં પ્રવૃત્ત થવું એ જ્ઞાનયોગ છે,

૧૦. **નિષ્કામ કર્મયોગ :** ઈષ્ટદેવ પર શ્રદ્ધા રાખીને, સમર્પણની ભાવના સાથે કર્મમાં પ્રવૃત્ત થવું નિષ્કામ કર્મયોગ છે.

૧૧. **શ્રીકૃષ્ણે કયું સત્ય દર્શાવ્યું ? :** તત્ત્વદર્શકોએ પહેલાં જોયેલું અને હવે પછી પણ જોશે તે સત્યને શ્રીકૃષ્ણે દર્શાવ્યું છે.

૧૨. **યજ્ઞ :** સાધનાના વિધિ-વિશેષનું નામ યજ્ઞ છે.

૧૩. **કર્મ :** યજ્ઞને કાર્યરૂપ આપવું એ જ કર્મ છે.

૧૪. **વર્ણ :** આરાધનાની એક જ વિધિ છે, એનું નામ કર્મ છે. એને ચાર વર્ગોમાં વિભક્ત કરેલ છે. તે જ ચાર વર્ણ છે. અહીં જાતિની નહિ પણ એક જ સાધકના મનની ઉચ્ચ-નિમ્ન એવી કક્ષાની વાત છે.

૧૫. **વર્ણસંકર :** પરમાત્માના પથથી ચલિત થવું, સાધનામાં ભ્રમ ઉત્પન્ન થવો તે વર્ણસંકરતા છે.

૧૬. **મનુષ્યની કક્ષા :** અંતઃકરણની પ્રકૃતિ અનુસાર મનુષ્યના બે પ્રકાર છે — એક દેવતાઓ જેવો અને બીજો અસુરો જેવો. મનુષ્યની આ બે જાતિ છે. જે પ્રકૃતિથી નિર્ધારિત થાય છે અને આ કક્ષામાં વધઘટ થયા કરે છે.

૧૭. **દેવતા :** હૃદયમાં પરમતત્ત્વનું દેવત્વ પ્રાપ્ત કરાવનાર ગુણોનો સમૂહ છે. બાહ્ય દેવતાઓની પૂજા એ મૂઢબુદ્ધિની દેન છે.

૧૮. **અવતાર :** વ્યક્તિના હૃદયમાં હોય છે, બહાર નહિ.

૧૯. **વિરાટદર્શન :** યોગીના હૃદયમાં ઈશ્વર દ્વારા પ્રાપ્ત અનુભૂતિ છે. ભગવાન સાધકમાં દૃષ્ટિ બનીને ઊભો રહે છે ત્યારે તેને વિરાટનું દર્શન થાય છે.

૨૦. **પૂજનીય દેવ :** ઈષ્ટ એકમાત્ર પરાત્પર બ્રહ્મ જ પૂજનીય દેવ છે. એ હૃદયમાં વિરાજમાન છે. એની પ્રાપ્તિનો સ્રોત અવ્યક્ત સ્વરૂપમાં સ્થિત પ્રાપ્તિવાળા મહાપુરુષો છે.

હવે યોગેશ્વર શ્રીકૃષ્ણનું સ્વરૂપ સમજવા ત્રણ અધ્યાય સુધી અભ્યાસ કરવો પડશે અને તેરમા અધ્યાય સુધી પહોંચતાં તમે સ્પષ્ટ સમજવા માંડશો કે શ્રીકૃષ્ણ યોગી હતા. બીજા અધ્યાયથી જ સત્ય પ્રગટ થવા માંડશે. સનાતન અને સત્ય એકબીજાના પૂરક છે, એ વાત બીજા અધ્યાયથી જ સ્પષ્ટ થશે. અધ્યાય ચાર સુધી યુદ્ધ સ્પષ્ટ થવા માંડશે. અગિયારમા અધ્યાય સુધીમાં શંકા નિર્મૂળ થઈ જશે. આમ તો સોળમા અધ્યાય સુધી જોવું જોઈએ. યુદ્ધભૂમિ માટે અધ્યાય તેરનું વારંવાર અધ્યયન કરવું પડશે.

'જ્ઞાન' ની ચોથા અધ્યાયથી સ્પષ્ટતા થશે અને તેરમા અધ્યાયમાં એ વાત સમજાશે કે પ્રત્યક્ષ પ્રદર્શનનું નામ જ્ઞાન છે. યોગ વિશે છઠ્ઠા અધ્યાય સુધીમાં સમજી શકશો. આમ તો અંત સુધી યોગના વિભિન્ન ભાગોની પરિભાષા છે. જ્ઞાનયોગ અધ્યાય ત્રણથી છ સુધીમાં સ્પષ્ટ થશે. આથી આગળ જોવાની કોઈ વિશેષ આવશ્યકતા નથી. નિષ્કામ કર્મયોગ બીજા અધ્યાયથી શરૂ કરીને અંત સુધી છે. યજ્ઞ માટે અધ્યાય ત્રીજા ચોથા સુધી અભ્યાસ કરો એટલે સમજાઈ જશે.

'કર્મ' શબ્દ પ્રથમ વાર અધ્યાય ૨-૩૯માં વપરાયો છે. આ શ્લોકથી ચોથા અધ્યાય સુધી અભ્યાસ કરવાથી કર્મનો અર્થ આરાધના - આ ભજન શા માટે છે એ વાત સમજાઈ જશે. સોળમો અને સત્તરમો અધ્યાય આ જ વાત સત્ય છે એ વિચાર સ્થાપિત કરે છે. વર્ણસંકર અંગે અધ્યાય ત્રણમાં અને અવતાર અંગે અધ્યાય ચોથામાં સ્પષ્ટતા થશે. વર્ણ-વ્યવસ્થા માટે અઢારમો અધ્યાય જોવો પડશે. એમ તો અધ્યાય ત્રીજા અને ચોથામાં એવા સંકેત છે. મનુષ્યની દેવ-દાનવ જાતિની વાત અધ્યાય સોળમાં છે. વિરાટદર્શન દસથી અગિયાર અધ્યાય સુધીમાં સ્પષ્ટ થઈ જાય છે. સાત, નવ અને પંદરમા અધ્યાયમાં પણ આ જ વાત પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. સાત, નવ અને અગિયારમા અધ્યાયમાં બાહ્ય દેવતાઓની અસ્તિત્વહિનતા સ્પષ્ટ કરી છે. પરમાત્માના પૂજનનું સ્થળ હૃદય જ છે જેમાં ધ્યાન, શ્વાસ-ઉચ્છ્વાસનું ચિંતન વગેરે અંગેની ક્રિયાઓ એકાંતમાં બેસીને (મંદિર-મૂર્તિ સામે નહિ) કરવામાં આવે છે. ત્રીજા, ચોથા, છઠ્ઠા અને અઢારમા અધ્યાયમાં આ વાત સ્પષ્ટ કરવામાં આવે છે. વિશેષ વિચારવાનું પ્રયોજન શું છે ? જો છઠ્ઠા અધ્યાય સુધી જ અભ્યાસ કરી લેવામાં આવે તોપણ યથાર્થ ગીતાનો મૂળ આશય સમજમાં આવી જશે.

ગીતા જીવિકા સંગ્રામનું સાધન નથી, પરંતુ જીવન-સંગ્રામમાં શાશ્વત વિજય પ્રાપ્ત થાય તે માટેની વ્યવહારુ તાલીમ છે. આથી જ તે વાસ્તવિક વિજય અપાવનાર યુદ્ધ-ગ્રંથ છે, પરંતુ ગીતાકથિત યુદ્ધ તલવાર, ધનુષ્ય, બાણ, ગદા કે પરશુથી લડાતું ભૌતિક કે સાંસારિક યુદ્ધ નથી અને આવાં યુદ્ધોમાં કોઈ શાશ્વત વિજય પણ હોતો નથી. આ તો સત્-અસત્ વૃત્તિઓ વચ્ચેનો સંઘર્ષ છે. અહીં રૂપકાત્મક વર્ણનની પરંપરા અપનાવાઈ છે. વેદમાં

ઈન્દ્ર અને વૃત્ર, વિદ્યા અને અવિદ્યા, પુરાણોમાં દેવ-અસુર સંગ્રામ, મહાકાવ્યોમાં રામ-રાવણ અને કૌરવ-પાંડવો વચ્ચેના સંઘર્ષ જેવા સંઘર્ષો ને ગીતામાં ધર્મક્ષેત્ર અને કુરુક્ષેત્ર, દૈવી સંપદ્ તથા આસુરી સંપદ્, સજાતીય-વિજાતીય, સદ્ગુણો-દુર્ગુણો વચ્ચેના સંઘર્ષની વાત કરવામાં આવી છે.

આ સંઘર્ષ જ્યાં થાય છે તે સ્થાન ક્યાં છે ? ગીતાનું ધર્મક્ષેત્ર અને કુરુક્ષેત્ર ભારતનો કોઈ ભૂખંડ નથી, પરંતુ સ્વયં ગીતાકારના શબ્દોમાં કહીએ તો, **इदं शरीरं कौन्तेय क्षेत्रमित्यभिधीयते** આ શરીર જ એક ક્ષેત્ર છે. એમાં વાવેલ સારું-ખરાબ બીજ સંસ્કાર રૂપમાં હંમેશાં ઊગે છે. દસ ઈન્દ્રિય, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, પાંચ વિકાર અને ત્રણ ગુણોના વિકાર આ ક્ષેત્રનો વિસ્તાર છે. પ્રકૃતિદત્ત આ ત્રણ ગુણોથી વિવશ થઈને મનુષ્યને કર્મ કરવું પડે છે. તે એક પણ કાર્ય કર્યા વિના રહી શકતો નથી.

**पुनरपि जननम् पुनरपि मरणम्**<br>**पुनरपि जननी जठरे शयनम् ॥**

જન્મજન્માંતરોથી આ જ કાર્યમાં સમય પસાર થઈ રહ્યો છે. આ જ કુરુક્ષેત્ર છે. સદ્ગુરુના માધ્યમ દ્વારા યોગ્ય સાધનોનો માર્ગ અપનાવીને સાધક જ્યારે પરમધર્મ પરમાત્મા તરફ વળે છે ત્યારે આ ક્ષેત્ર ધર્મક્ષેત્ર બની જાય છે. આ શરીર જ ક્ષેત્ર છે.

આ શરીરના અંતરાલમાં અંતઃકરણની બે પ્રવૃત્તિઓ પુરાતન છે : દૈવી સંપદ્ અને આસુરી સંપદ્. દૈવી સંપદ્માં છે પુણ્યરૂપી પાંડુ અને કર્તવ્યરૂપી કુંતી. પુણ્ય જાગ્રત થાય તે પહેલાં મનુષ્ય જે કંઈ કર્તવ્ય સમજીને કરે છે, પોતાની સમજ મુજબ તો તે કર્તવ્ય જ કરે છે. પરંતુ તેથી કર્તવ્ય બનતું નથી, કેમકે પુણ્ય વિના કર્તવ્ય સમજી જ શકાતું નથી. કુન્તીએ પાંડુ સાથેના સંબંધ પહેલાં જે કાંઈ પ્રાપ્ત કર્યું – તે જ કર્ણ. તે આજીવન કુંતીના પુત્રો સાથે લડતો જ રહ્યો. પાંડવોનો દુર્ધર્ષ શત્રુ અગર કોઈ હોય તો તે કર્ણ. વિજાતીય કર્મ જ કર્ણ છે, તે બંધનકારી છે. એમાં પરંપરાગત રૂઢિઓનું ચિત્રણ છે. પૂજાવિધિઓ પિંડ છોડતી નથી. પુણ્ય જાગ્રત થતાં ધર્મરૂપી યુધિષ્ઠિર, અનુરાગરૂપી અર્જુન, ભાવરૂપી ભીમ, નિયમરૂપી નકુલ, સત્સંગરૂપી સહદેવ, સાત્ત્વિકતારૂપી સાત્યકિ કાયામાં માનસિક કાશીરાજ કર્તવ્ય દ્વારા ભવ પર વિજય કુંતીભોજ, વગેરે ઈષ્ટોન્મુખી માનસિક પ્રવૃત્તિઓનો ઉત્કર્ષ થાય છે. આની સંખ્યા સાત

અક્ષૌહિણી છે. અક્ષ એટલે દૃષ્ટિ. સત્યમયી દૃષ્ટિથી જેનું ઘડતર થાય છે તે દૈવી સંપત્તિ. પરમધર્મ પરમાત્મા સુધીનું અંતર કાપવા માટેનાં આ સાત સોપાનો-પગથિયાં એ સાત ભૂમિકા છે. આ કોઈ વિશિષ્ટ ગણતરી નથી. વાસ્તવમાં આ પ્રવૃત્તિઓ અનંત છે.

બીજી બાજુ છે 'કુરુક્ષેત્ર', જેમાં દશ ઇન્દ્રિયો અને એક મન એમ અગિયાર અક્ષૌહિણી સેના છે. મન સહિત ઇન્દ્રિયલક્ષી દૃષ્ટિકોણ સાથે જેનું ગઠબંધન છે તે છે આસુરી સંપદ્. એમાં છે અજ્ઞાનરૂપી ધૃતરાષ્ટ્ર. જે સત્ય જાણવા છતાં અંધ બની રહ્યા છે. એની સહચારિણી ગાંધારી એટલે કે ઇન્દ્રિય-આધારિત પ્રવૃત્તિ. એની સાથે છે મોહરૂપી દુર્યોધન. દુર્બુદ્ધિરૂપ દુઃશાસન, વિજાતીય કર્મરૂપી કર્ણ. ભ્રમરૂપી ભીષ્મ, દ્વૈતના આચરણરૂપી દ્રોણાચાર્ય, આસક્તિરૂપી અશ્વત્થામાં વિકલ્પરૂપી વિકર્ણ, અધૂરી સાધનામાં કૃપાના આચરણરૂપી કૃપાચાર્ય અને એ બધાની વચ્ચે સ્થિતિ છે જીવરૂપી વિદૂર. જે અજ્ઞાનમાં રહેવા છતાં દૃષ્ટિ પાંડવો પર એટલે કે પુણ્યથી પ્રવાહિત પ્રવૃત્તિ પર રાખે છે. કેમકે આત્મા પરમાત્માનો શુદ્ધ અંશ છે. આ રીતે આસુરી સંપત્તિ પણ અનંત છે. ક્ષેત્ર એક જ છે — આ શરીર, પરંતુ એમાં લડનાર પ્રવૃત્તિ બે પ્રકારની છે. એક પ્રકૃતિમાં વિશ્વાસ પ્રેરે છે નીચ, અધમ યોનિઓનું કારણ બને છે, તો બીજી પરમપુરુષ પરમાત્મામાં વિશ્વાસ અને પ્રવેશ કરાવે છે. તત્ત્વદર્શી મહાપુરુષની નિશ્રામાં માણસ ક્રમશ સાધના કરીને દૈવી સંપત્તિનો ઉત્કર્ષ સાધે છે અને આસુરી સંપત્તિનું હંમેશા માટે શમન થઈ જાય છે. કોઈ વિકાર જ ન રહે, મન પર સંપૂર્ણ કાબૂ આવી જાય અને આ રીતે નિયંત્રિત મન પણ વિલીન થઈ જાય ત્યારે દૈવી સંપત્તિની આવશ્યકતા સમાપ્ત થઈ જાય છે. અર્જુને જોયું કે કૌરવ પક્ષ ઉપરાંત પાંડવ પક્ષના યોદ્ધા પણ યોગેશ્વરમાં સમાવિષ્ટ થઈ રહ્યા છે. આસુરી સંપત્તિની સાથોસાથ દૈવી સંપત્તિ પણ વિલીન થઈ જતાં અંતિમ શાશ્વત પરિણામ મળી જાય છે. ત્યાર બાદ મહાપુરુષ કદાચ કાંઈ પણ કરે તો તે કેવળ અનુયાયીઓના માર્ગદર્શન માટે જ કરે છે.

લોકસંગ્રહની આ ભાવનાથી મહાપુરુષોએ આ સૂક્ષ્મ મનોભાવોને સ્થૂલરૂપ આપીને એમનું વર્ણન કર્યું છે. ગીતા છંદોબદ્ધ, વ્યાકરણમાન્ય રચના છે, પરંતુ એનાં પાત્રો પ્રતીકાત્મક છે. અમૂર્ત યોગ્યતાનાં મૂર્ત રૂપ માત્ર છે.

ગીતાના પ્રારંભમાં ત્રીસ-ચાલીસ પાત્રોનાં નામ આપ્યાં છે. એમાંથી અડધાં સજાતીય છે, અડધાં વિજાતીય. કેટલાંક પાંડવ પક્ષનાં છે, કેટલાંક કૌરવ પક્ષનાં છે. વિશ્વરૂપદર્શનના સમયે એમાંથી ચાર-છ પુનઃ આવે છે. અન્યથા સંપૂર્ણ ગીતામાં આ નામોની ચર્ચા પણ કરવામાં આવી નથી. એકમાત્ર અર્જુનનું પાત્ર જ એવું છે જે આરંભથી અંત સુધી યોગેશ્વરની સમક્ષ છે. આ અર્જુન સનાતન કુલધર્મને માટે વિકલ છે, પરંતુ યોગેશ્વર શ્રીકૃષ્ણ એને અજ્ઞાની ગણાવીને નિર્દેશ કરે છે કે આત્મા જ સનાતન છે, શરીર નાશવંત છે, એટલે યુદ્ધ કર. આ આદેશથી સ્પષ્ટ થતું નથી કે અર્જુન કૌરવોને જ મારે. પાંડવ પક્ષમાં પણ શરીરધારીઓ તો હતા. બંને બાજું સગાં-સંબંધીઓ હતા. સંસ્કારો પર આધારિત શરીર શું તલવારથી કાપીને સમાપ્ત કરી શકાય ? શરીર નાશવંત છે ત્યારે જેનું અસ્તિત્વ જ નથી તે અર્જુન કોણ છે ? શ્રીકૃષ્ણ કોની રક્ષા માટે ઊભા હતા ? શું કોઈ શરીરધારીના રક્ષણ માટે આવ્યા હતા ? શ્રીકૃષ્ણે કહ્યું, ‘જે શરીર માટે પરિશ્રમ કરે છે તે પાપી – મૂઢબુદ્ધિ પુરુષ વ્યર્થ જીવે છે.’ અગર શ્રીકૃષ્ણ કોઈ શરીરધારીના રક્ષણ માટે ઊભા હોય તો તે પણ મૂઢબુદ્ધિ છે, વ્યર્થ જીવન જીવનાર છે. વસ્તુતઃ અનુરાગ જ અર્જુન છે.

અનુરાગી માટે મહાપુરુષ હંમેશાં ઊભા છે. અર્જુન શિષ્ય હતો અને શ્રીકૃષ્ણ એક સદ્ગુરુ હતા. વિનયથી નમ્ર બનીને એણે કહ્યું હતું કે, ધર્મમાર્ગમાં મારું મન મોહવશ થયું છે. એથી હું આપને પૂછું છું. જે શ્રેય (પરમ કલ્યાણકારી) હોય તેનો મને ઉપદેશ આપો. અર્જુન શ્રેય ચાહતો હતો, પ્રેય (ભૌતિક પદાર્થ) નહિ. માત્ર કહીને અટકી ન જાઓ. મને આદેશ આપો, સાંભળો, હું તમારો શિષ્ય છું. તમારા શરણમાં છું. આ રીતે ગીતામાં સ્થળે સ્થળે સ્પષ્ટ દેખાય છે કે અર્જુન આર્ત અધિકારી છે અને યોગેશ્વર શ્રીકૃષ્ણ સદ્ગુરુ છે. તે સદ્ગુરુ હંમેશાં અનુરાગીની સાથે રહે છે અને માર્ગદર્શન આપે છે.

ભાવુકતાથી પરવશ બનીને કોઈ વ્યક્તિ પૂજ્ય મહારાજજી સાથે રહેવાનો આગ્રહ કરતી, ત્યારે તેઓ કહેતા, “જાઓ શરીરથી ગમે ત્યાં રહો, મનથી મારી પાસે આવો. સવાર-સાંજ રામ, શિવ, ૐ એમ કોઈ એક-બે અઢી અક્ષરના નામનો જપ કરો અને મારા સ્વરૂપનું હૃદયમાં ધ્યાન ધરો. એક ક્ષણ પણ સ્વરૂપને પકડી શકશો તો જેનું નામ ભજન છે તે હું

તમને આપીશ. એનાથી વધારે પકડવા માંડશો તો હૃદયમાંથી રથી બનીને સદૈવ તમારી સાથે રહીશ.'' જ્યારે સૂરત હાથમાં આવી જાય છે ત્યારે મહાપુરુષ એટલા નજીક આવી જાય છે. જેટલા હાથ-પગ-નાક-કાન વગેરે તમારી પાસે હોય છે. તમે હજારો કિલોમીટર દૂર ભલે હો, તે હંમેશાં તમારી સમીપ છે. મનમાં વિચારો ઊઠે તે પહેલાં જ તે માર્ગદર્શન કરાવવા માંડે છે. અનુરાગીના હૃદયમાં તે મહાપુરુષ સદૈવ આત્માની અભિન્ન થઈને જાગ્રત રહે છે. અર્જુન અનુરાગનું પ્રતીક છે.

ગીતાના અગિયારમાં અધ્યાયમાં શ્રીકૃષ્ણનું ઐશ્વર્ય નીરખીને અર્જુન પોતાની ક્ષુદ્ર ન્યૂનતાઓ માટે ક્ષમાયાચના કરવા લાગ્યો. શ્રીકૃષ્ણે ક્ષમા કરી. કેમકે યાચનાને અનુરૂપ સૌમ્ય સ્વરૂપ ધારણ કરીને તેઓએ કહ્યું, 'અર્જુન, મારા આ સ્વરૂપને ન તો પહેલા કોઈએ જોયું છે અને ન ભવિષ્યમાં કોઈ જોઈ શકશે.' આમ હોય તો ગીતા આપણા માટે વ્યર્થ છે. કેમકે, આ દર્શનની યોગ્યતા અર્જુન પૂરતી મર્યાદિત હતી. જોકે, એ સમયે સંજય તો જોતો રહ્યો હતો. પહેલાં પણ એમણે કહેલું, ઘણા યોગીઓ જ્ઞાનરૂપી તપથી પવિત્ર થઈને મારો સાક્ષાત્કાર કરી ચૂક્યા છે. અંતમાં આ મહાપુરુષ કહેવા શું માગે છે ? વાસ્તવમાં અનુરાગ જ અર્જુન છે, જે તમારા હૃદયની ભાવના-વિશેષ છે. અનુરાગરહિત પુરુષ ન પહેલાં ક્યારેય દેખી શક્યો છે ન ભવિષ્યમાં ક્યારેય દેખી શકશે. **मिलहिं न रघुपति बिनु अनुरागा । किये कोटि जप योग विरागा ।** આમ અર્જુન એક પ્રતીક છે. અને પ્રતીક ન હોય તો ગીતાનો પીછો કરવાની જરૂર નથી. ગીતા તમારે માટે નથી. ત્યારે તો તે દર્શનની યોગ્યતા અર્જુન પૂરતી જ મર્યાદિત હતી.

અધ્યાયના અંતમાં યોગેશ્વર જણાવે છે, ''અર્જુન, અનન્ય ભક્તિ અને શ્રદ્ધાથી આ રીતે પ્રત્યક્ષ જોવા માટે (જેવી રીતે તેં જોયા) તત્ત્વથી સ્પષ્ટ જાણવા અને ભળી જવા માટે પણ હું સુલભ છું.'' અનન્ય ભક્તિ અનુરાગનું બીજું રૂપ છે. અને આ અર્જુનનું પણ સ્વરૂપ છે. અર્જુન કોઈ પથિકનું પ્રતીક છે. આમ ગીતાનાં પાત્રો પ્રતીકાત્મક છે. ઉચિત સ્થળે તેનો ઉલ્લેખ કર્યો છે.

ઇતિહાસમાં કોઈ શ્રીકૃષ્ણ કે અર્જુન થયા હોય કે ન થયા હોય, કોઈ વિશ્વયુદ્ધ થયું હોય કે ન થયું હોય પણ ગીતામાં ભૌતિક યુદ્ધનું ચિત્રણ કદાપિ નથી. આવા ઐતિહાસિક યુદ્ધના મોરચા પર અર્જુન ગભરાયો હતો,

સેના નહિ, સેના તો લડવા માટે તત્પર ઊભી હતી. શું શ્રીકૃષ્ણે ગીતાનો ઉપદેશ આપીને સવ્યસાચી અર્જુનને સેનાયોગ્ય બનાવ્યો ? વસ્તુતઃ સાધના સંપૂર્ણતયા લખાણમાં આવી શકતી નથી. બધું વાંચી લીધા પછી પણ ચાલવાનું તો બાકી જ રહે છે. આ પ્રેરણા યથાર્થ ગીતા છે.

**સદ્‌ગુરુ કૃપાશ્રયી,**
**જગતબંધુ**
**સ્વામી અડગડાનંદ**

ॐ

**श्री परमात्मने नमः**

# યથાર્થ ગીતા

## (શ્રીમદ્‌ભગવદ્‌ગીતા)

## અધ્યાય પહેલો

**धृतराष्ट्र उवाचः-**

**धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः ।**
**मामकाः पाण्डवाश्चैव किमकुर्वत संजय ॥१॥**

ધૃતરાષ્ટ્ર સંજયને પૂછે છે કે " ધર્મક્ષેત્રરૂપ કુરુક્ષેત્રમાં યુદ્ધ માટે એકઠા થયેલા મારા પુત્રો તથા પાંડવોએ શું કર્યું ?"

ધૃતરાષ્ટ્ર એ અજ્ઞાન અને સંજય એ સંયમ. અજ્ઞાન, મનની અંદર ઊંડે ઊંડે રહે છે. અજ્ઞાનથી આવૃત મનવાળા ધૃતરાષ્ટ્ર જન્મથી અંધ છે, પરંતુ તે સંયમરૂપી સંજયના માધ્યમથી જુએ છે - સાંભળે છે. એ સમજે છે ખરો કે પરમાત્મા સત્ય છે, છતાં એના પોતાનાથી ઉત્પન્ન થયેલ મોહરૂપી દુર્યોધન જીવિત છે ત્યાં સુધી એની દૃષ્ટિ હંમેશાં કૌરવો એટલે કે વિકારો પર રહે છે.

ધર્મ એક ક્ષેત્ર છે.હૃદય-દેશમાં દૈવી સંપત્તિ વિપુલ પ્રમાણમાં હોય ત્યારે આ શરીર ધર્મક્ષેત્ર બની જાય છે અને જ્યારે એમાં આસુરી સંપત્તિ વિશેષ પ્રમાણમાં હોય ત્યારે આ શરીર કુરુક્ષેત્ર બની જાય છે. 'કુરુ' એટલે કરો. આ શબ્દ આદેશાત્મક છે. શ્રીકૃષ્ણ કહે છે, પ્રકૃતિથી ઉત્પન્ન ત્રણ

ગુણો દ્વારા પરવશ માનવી કર્મ કરે છે, તે એક ક્ષણ પણ કર્મ કર્યા વિના રહી શકતો નથી. ત્રણે ગુણો તેની પાસે કર્મ કરાવી લે છે. સૂઈ જાઓ તોપણ કર્મ બંધ થતું નથી. નિદ્રા પણ સ્વસ્થ શરીરનો ખોરાક માત્ર છે. ત્રણે ગુણ મનુષ્યને, દેવતાથી કીટ સુધીના શરીરોમાં બાંધે છે. જ્યાં સુધી પ્રકૃતિ અને પ્રકૃતિથી ઉત્પન્ન ગુણ હયાત છે, ત્યાં સુધી 'કુરુ' રહેશે. આમ જન્મ-મૃત્યુનું ક્ષેત્ર, વિકારોનું ક્ષેત્ર કુરુક્ષેત્ર છે. પરમધર્મ પરમાત્મામાં પ્રવેશ આપનાર પુણ્યમયી પ્રવૃત્તિઓ (પાંડવો)નું ક્ષેત્ર ધર્મક્ષેત્ર છે.

પુરાતત્ત્વવિદો પંજાબ, કાશી, પ્રયાગના મધ્ય ભાગ તથા અનેકવિધ સ્થળોએ કુરુક્ષેત્ર શોધી રહ્યા છે, પરંતુ ગીતાકારે સ્વંય યુદ્ધનું ક્ષેત્ર ક્યાં છે તે બતાવ્યું છે. **इदं शरीरं कौन्तेय क्षेत्रमित्यभिधियते**

"અર્જુન, આ શરીર જ ક્ષેત્ર છે અને જે તેને જાણે છે, એનો અર્થ સમજી લે છે તે ક્ષેત્રજ્ઞ છે." આગળ એમણે ક્ષેત્રનો વિસ્તાર બતાવ્યો. એમાં દશ ઈન્દ્રિયો, મન બુદ્ધિ અહંકાર, પાંચ વિકાર અને ત્રણ ગુણોનું વર્ણન છે. શરીર જ ક્ષેત્ર છે, એક અખાડો છે. એમાં સતત લડી રહેલી પ્રવૃત્તિઓ બે : દૈવી સંપદ્ અને આસુરી સંપદ્. 'પાંડુનાં સંતાન અને ધૃતરાષ્ટ્રનાં સંતાન,' 'સજાતીય અને વિજાતીય પ્રવૃત્તિઓ.'

અનુભવી મહાપુરુષના આશ્રયે જવાથી આ બંને પ્રવૃત્તિઓના સંઘર્ષ અંગે માર્ગદર્શન મળે છે. આ ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ વચ્ચેનો સંઘર્ષ છે અને આ જ વાસ્તવિક યુદ્ધ છે. વિશ્વયુદ્ધોથી ઈતિહાસ ભર્યો પડ્યો છે; પરંતુ એમાં જીતનારને પણ શાશ્વત વિજય મળતો નથી. આ તો પારસ્પરિક બદલાની વૃત્તિ છે. પ્રકૃતિનું સંપૂર્ણતયા શમન કરીને, તેનાથી અતિરિક્ત સત્તાનું દિગ્દર્શન કરવું અને એમાં પ્રવેશ મેળવવો એ જ સાચો વિજય છે. આ એક જ વિજય એવો છે, જેમાં હાર નથી. આ મુક્તિ છે, જેની પાછળ જન્મ-મૃત્યુનું બંધન નથી.

આ રીતે અજ્ઞાનગ્રસ્ત પ્રત્યેક મન સંયમથી જાણે છે કે ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞના યુદ્ધમાં શું થયું ? સંયમમાં જેમ જેમ પ્રગતિ થતી જાય તેમ તેમ એવી દૃષ્ટિ પ્રાપ્ત થાય છે.

**संजय उवाचः-**

**दृष्ट्वा तु पाण्डवानीकं व्यूढं दुर्योधनस्तदा ।**
**आचार्यमुपसंगम्य राजा वचनमब्रवीत् ।।२।।**

પાંડવોના સૈન્યને રણમાં ગોઠવાયેલું જોઈ રાજા દુર્યોધને દ્રોણાચાર્ય પાસે જઈને આ વચન કહ્યાં :

દ્વૈતનું આચરણ એ જ 'દ્રોણાચાર્ય' છે. પરમાત્માથી પોતે અલગ પડી ગયા છે એવું જ્ઞાન થાય છે (આ જ દ્વૈતનું ભાન છે),એની પ્રાપ્તિ માટે તડપ પેદા થાય છે ત્યારે આપણે ગુરુને શોધવા નીકળીએ છીએ. બંને પ્રવૃત્તિઓની વચ્ચે આ પ્રાથમિક ગુરુ છે. અલબત્ત, ત્યાર બાદ સદ્‌ગુરુ યોગેશ્વર શ્રીકૃષ્ણ રહેશે, જે યોગ સ્થિતિવાળા હશે.

રાજા દુર્યોધન આચાર્ય પાસે જાય છે. મોહરૂપી દુર્યોધન ! મોહ બધી વ્યાધિઓનું મૂળ છે, બધી વ્યાધિઓનો રાજા છે. દુર્યોધન - દૂર્ એટલે દૂષિત, યો એટલે પેલી અને ધન એટલે સંપત્તિ. આત્મિક સંપત્તિ સ્થિર સંપત્તિ છે, પરંતુ મોહ એમાં દોષ ઉત્પન્ન કરે છે. તે પ્રકૃત્તિ તરફ ખેંચે છે, એને વાસ્તવિક જાણકારી માટે પ્રેરણા પણ આપે છે. મોહ હોય ત્યાં સુધી પૂછવા યોગ્ય પ્રશ્ન રહે છે. અન્યથા બધું પૂર્ણ જ છે.

આમ વ્યૂહ-રચનાત્મક પાંડવોની સેનાને જોઈને, અર્થાત્ પુણ્યથી પ્રવાહિત સજાતીય વૃત્તિઓને સંગઠિત જોઈને, મોહરૂપી દુર્યોધને પ્રથમ ગુરુ દ્રોણ પાસે જઈને કહ્યું -

**पश्यैतां पाण्डुपुत्राणामाचार्य महतीं चमूम् ।**
**व्यूढां द्रुपदपुत्रेण तव शिष्येण धीमता ॥३॥**

"હે આચાર્ય, આપના બુદ્ધિમાન શિષ્ય દ્રુપદ-પુત્ર 'ધૃષ્ટદ્યુમ્ને' ગોઠવેલા પાંડવોના આ મોટા સૈન્યને જુઓ."

શાશ્વત અમરપદમાં શ્રદ્ધા રાખનાર દઢ મન એ જ 'ધૃષ્ટદ્યુમ્ન' આ જ પુણ્યમયી પ્રવૃત્તિઓનો નાયક છે. **साधन कठिन न मन कर टेका** । સાધન કઠિન નથી, મનની ટેક જ કઠિન હોવી જોઈએ.

હવે સેનાનો વિસ્તાર જોઈએ -

**अत्र शूरा महेष्वासा भीमार्जुनसमा युधि ।**
**युयुधानो विराटश्च द्रुपदश्च महारथः ॥४॥**

આ સેનામાં 'મહેષ્વાસા' - મહાન ઈશ્વરમાં નિવાસ કરનાર ભાવરૂપી 'ભીમ', અનુરાગરૂપી 'અર્જુન' જેવા અનેક શૂરવીરો, સાત્ત્વિકતારૂપી

'સાત્યકિ', 'વિરાટ' - સર્વત્ર ઈશ્વરમય પ્રવાહની ધારણા, મહારથી રાજા 'દ્રુપદ' અર્થાત્ અચલ સ્થિતિ તથા

**धृष्टकेतुश्चेकितानः काशिराजश्च वीर्यवान्।**
**पुरुजित्कुन्तिभोजश्च शैब्यश्च नरपुङ्गवः ॥५॥**

'ધૃષ્ટકેતુઃ' - દૃઢ કર્તવ્ય, 'ચેકિતાનઃ' - ચિત્ત જ્યાં જાય ત્યાંથી તેને ખેંચીને ઈષ્ટમાં સ્થિર કરે,(**काशिराज**) - કાયારૂપી કાશીમાં જ જેનું સામ્રાજ્ય છે, 'પુરુજિત્' - સ્થૂલ, સૂક્ષ્મ અને કારણરૂપ શરીર પર વિજય અપાવનાર પુરુજિત, 'કુન્તિભોજઃ' - કર્તવ્યથી ભવ પર વિજય, પુરુષોમાં શ્રેષ્ઠ 'શૈબ્ય' અર્થાત્ સત્ય વ્યવહાર -

**युधामन्युश्च विक्रान्त उत्तमौजाश्च वीर्यवान्।**
**सौभद्रो द्रौपदेयाश्च सर्व एव महारथाः ॥६॥**

અને પરાક્રમી **युधामन्यु** - યુદ્ધને અનુરૂપ મનની ધારણા, **उत्तमौजा** - શુભની મસ્તી, સુભદ્રાપુત્ર અભિમન્યુ - જ્યારે શુભનો આધાર - પાયો આવી જાય છે ત્યારે મન ભયરહિત બને છે. આવા શુભ આધારથી ઉત્પન્ન અભય મન,ધ્યાનરૂપી દ્રૌપદીના પાંચ પુત્રો વાત્સલ્ય, લાવણ્ય, સહૃદયતા, સૌમ્યતા, સ્થિરતા - તમામ મહારથીઓ છે. તેમનામાં સાધન-માર્ગ પર સંપૂર્ણ યોગ્યતા સાથે ચાલવાની ક્ષમતા છે.

આ રીતે દુર્યોધને પાંડવપક્ષનાં પંદર-વીસ નામ ગણાવ્યાં, એ સૌ દૈવી સંપત્તિનાં મહત્ત્વપૂર્ણ અંગ છે. વિજાતીય પ્રવૃત્તિના રાજા હોવા છતાં 'મોહ' જ સજાતીય પ્રવૃત્તિઓને સમજવા માટે ફરજ પાડે છે.

દુર્યોધન પોતાનો પક્ષ સંક્ષેપમાં કહે છે. આ કોઈ બહારનું યુદ્ધ હોત તો પોતાની એ વિશેની અતિશયોક્તિપૂર્ણ ગણતરી કરી બતાવત. વિકારની ઓછી ગણતરી કરવામાં આવી. કેમ કે એના પર તો વિજય મેળવવાનો છે. તે નાશવંત છે. માત્ર પાંચ-સાત વિકાર બતાવ્યા, એના અંતરાલમાં સંપૂર્ણ બહુર્મુખી પ્રવૃત્તિ સ્થિત છે.

**अस्माकं तु विशिष्टा ये तान्निबोध द्विजोत्तम।**
**नायका मम सैन्यस्य संज्ञार्थं तान्ब्रवीमि ते ॥७॥**

વળી હે, દ્વિજોત્તમ, આપણા પક્ષના મોટા મોટા યોદ્ધાઓ છે તેને પણ આપ સમજી લો. મારી સેનાના જે નાયક છે એની પણ આપને જાણ કરું છું.

.બાહરી યુદ્ધમાં સેનાપતિ માટે દ્વિજોત્તમ સંબોધન ન વપરાય. વસ્તુતઃ 'ગીતા' અંતઃકરણની બે પ્રવૃત્તિઓનો સંઘર્ષ છે. એમાં દ્વૈતનું આચરણ તે 'દ્રોણ' છે. જ્યાં સુધી આપણે આરાધ્યથી સહેજ પણ અલગ છીએ ત્યાં સુધી પ્રકૃતિ વિદ્યમાન છે. દ્વૈત રહે છે. આ દ્વૈત પર વિજય પ્રાપ્ત કરવાની પ્રેરણા સૌપ્રથમ દ્રોણાચાર્ય પાસેથી મળે છે. અધૂરી શિક્ષા જ પૂર્ણ જાણકારી માટે પ્રેરણા પ્રદાન કરે છે. આ પૂજાનું સ્થાનક મંદિર નથી. રણભૂમિમાં તો શૌર્યસૂચક સંબોધન હોવું જોઈએ.

વિજાતીય પ્રવૃત્તિના નાયક કોણ છે ?

**भवान्भीष्मश्च कर्णश्च कृपश्च समितिंजयः ।**
**अश्वत्थामा विकर्णश्च सौमदत्तिस्तथैव च ॥८॥**

એક તો સ્વંય આપ (દ્વૈતના આચરણરૂપી દ્રોણાચાર્ય) છો, ભ્રમરૂપી પિતામહ 'ભીષ્મ' છે. ભ્રમમાંથી વિકારો ઉદ્ભવે છે. અંત સુધી જીવિત રહે છે, એટલા માટે પિતામહ છે. આખી સેના મરી ગઈ હતી પણ તે જીવતા રહ્યા હતા, બાણશય્યા પર અચેત હતા, છતાં પણ જીવિત હતા. આ છે ભ્રમરૂપી 'ભીષ્મ'. ભ્રમ અંત સુધી રહે છે. આ રીતે વિજાતીય કર્મરૂપી 'કર્ણ' તથા સંગ્રામવિજયી 'કૃપાચાર્ય' છે. સાધનાવસ્થામાં સાધક દ્વારા કૃપાનું આચરણ તે કૃપાચાર્ય છે. ભગવાન કૃપાધામ છે અને પ્રાપ્તિ બાદ જ સંતનું પણ એ જ સ્વરૂપ છે. પરંતુ સાધનાકાળમાં જ્યાં સુધી આપણે અલગ છીએ ત્યાં સુધી પરમાત્મા અલગ છે. વિજાતીય પ્રવૃત્તિ જીવિત છે. મોહયુક્ત ઘેરાવો છે. આવી પરિસ્થિતિમાં સાધક કૃપાનું આચરણ કરે તો તે નષ્ટ થઈ જાય છે. સીતાએ દયા કરી તો કેટલોક સમય લંકામાં પ્રાયશ્ચિત કરવું પડ્યું. વિશ્વામિત્ર દયાળુ બન્યા તો પતિત થવું પડ્યું. યોગસૂત્રકાર મહર્ષિ પતંજલિએ પણ આ જ કહ્યું છે કે **ते समाधावुपसर्गा व्युत्थाने सिद्धयः** (૩/૩૭). વ્યુત્થાનકાળમાં સિદ્ધિઓ પ્રગટ થાય છે. તે વાસ્તવમાં સિદ્ધિઓ છે, પરંતુ કૈવલ્ય-પ્રાપ્તિમાં કામ, ક્રોધ, મોહ, લોભ વગેરેની જેમ જ વિઘ્નરૂપ છે. ગોસ્વામી તુલસીદાસનો પણ આ નિર્ણય છે -

**छोरत ग्रन्थि जानि खगराया । विघ्न अनेक करइ तब माया ।**
**रिद्धि सिद्धि प्रेरअइ बहु भाई । बुद्धिहिं लोभ दिखावाहिं आई ।**
**रामचरितमानस ७/१२७/६-७**

માયા અનેક વિઘ્નો ઊભાં કરે છે. સિદ્ધિઓ આપે છે. એટલું જ નહીં પરંતુ સિદ્ધ બનાવી દે છે. આવી અવસ્થાવાળો સાધક બાજુમાંથી પસાર થાય તો મરણગ્રસ્ત રોગી પણ જીવવા માંડશે. તે ભલે સાજો થઈ જાય, પરંતુ સાધક એને પોતાની દેન માની બેસે તોપણ નુકસાન થઈ જશે. એક રોગીના સ્થાન પર હજારો રોગી તેને ઘેરી લેશે. ભજન-ચિંતનના ક્રમમાં અવરોધ ઊભો થશે. આમ તેમ બહેકી-બહેકીને પ્રકૃતિનું જોર વધતું જશે. લક્ષ્ય દૂર હોય અને સાધક કૃપા કરે તો કૃપાનું આચરણ માત્ર **समितिंजय** સંપૂર્ણ સેનાને જીતી લેશે. આથી સાધકે પ્રાપ્તિ સુધી એનાથી સતર્ક રહેવું જોઈએ. **दया बिनु सन्त कसाई, दया करी तो आफत आई ।** પરંતુ અધૂરી અવસ્થામાં આ વિજાતીય પ્રવૃત્તિનો દુર્ધર્ષ યોદ્ધો છે. આમ, આસક્તિરૂપી અશ્વત્થામા, વિકલ્પરૂપી વિકર્ણ અને ભ્રમમય શ્વાસ જ ભૂરિશ્રવા છે. આ તમામ બહિર્મુખી પ્રવાહના નાયક છે.

**अन्ये च बहवः शूरा मदर्थे त्यक्तजीविताः ।**
**नानाशस्त्रप्रहरणाः सर्वे युद्धविशारदाः ॥९॥**

એ ઉપરાંત બીજા અનેક શૂરવીર મારા માટે પ્રાણ અર્પણ કરવાની તૈયારી સાથે ઊભા છે. તમામ મારા માટે પ્રાણ ત્યાગ કરવા તત્પર છે. પરંતુ તેની કોઈ ચોક્કસ ગણતરી નથી. હવે સેના કયા ભાવો દ્વારા સુરક્ષિત છે ? આ બાબત કહે છે -

**अपर्याप्तं तदस्माकं बलं भीष्माभिरक्षितम् ।**
**पर्याप्तं त्विदमेतेषां बलं भीमाभिरक्षितम् ॥१०॥**

ભીષ્મ દ્વારા રક્ષિત આપણી સેના બધી રીતે અજેય છે અને ભીમ દ્વારા રક્ષિત આ લોકોની સેના જીતવામાં સુગમ છે. 'પર્યાપ્ત' અને 'અપર્યાપ્ત' જેવા શબ્દોનો પ્રયોગ દુર્યોધનની આશંકા વ્યક્ત કરે છે. આથી જોવાનું એ છે કે ભીષ્મ એવી તે કેવી સત્તા ધરાવે છે જેના પર કૌરવો

આટલા નિર્ભર છે અને ભીમ એવી કઈ સત્તા છે, જેના પર (દૈવી સંપત્તિ) સંપૂર્ણ પાંડવો નિર્ભર છે. દુર્યોધન પોતાની વ્યવસ્થા જણાવે છે -

**अयनेषु च सर्वेषु यथाभागमवस्थिताः ।**
**भीष्ममेवाभिरक्षन्तु भवन्तः सर्व एव हि ॥११॥**

આથી બધા મોરચા પર પોતપોતાની જગ્યાએ રહીને તમે સૌ ભીષ્મની તમામ બાજુએથી રક્ષા કરજો. ભીષ્મ હયાત રહેશે તો આપણે અજેય રહીશું. આથી તમે સૌ પાંડવો સામે લડવાને બદલે ભીષ્મની રક્ષા કરજો. ભીષ્મ એવા તે કેવા સેનાપતિ છે જે પોતાની રક્ષા સ્વયં કરી શકતા નથી ? કૌરવોને એમના રક્ષણની વ્યવસ્થા કરવી પડે છે. આ કોઈ બહારના સેનાપતિ નથી. ભ્રમ જ ભીષ્મ છે. જ્યાં સુધી ભ્રમ જીવતો રહેશે ત્યાં સુધી વિજાતીય પ્રવૃત્તિઓ (કૌરવો) અજેય રહેશે. 'અજેય'નો અર્થ એ નથી થતો કે એને જીતી ન શકાય, પરંતુ અજેયનો અર્થ દુર્જય છે, કઠિનાઈથી જીતી શકાય એવો.

**महा अजय संसार रिपु, जीति सकई सो बीर । रा ६/८०**

ભ્રમનો અંત આવે તો અવિદ્યા અસ્તિત્વહીન બની જાય. મોહ વગેરે જો અંશતઃ પણ રહી ગયેલ હોય તો તે શીઘ્ર સમાપ્ત થઈ જશે. ભીષ્મને ઈચ્છા-મૃત્યુ હતું. ઈચ્છાનો અંત અને ભ્રમનું નિરસન એક જ વાત છે. આ વાત સંત કબીરે સરળતાથી કહી છે :

**''इच्छा काया इच्छा माया, इच्छा जग उपजाया ।**
**कह कबीर जे इच्छा विवर्जित, ताका पार न पाया ॥''**

જેને ભ્રમ નથી હોતો તે અપાર અને અવ્યક્ત છે. આ શરીરના જન્મનું કારણ ઈચ્છા છે.ઈચ્છા જ માયા છે. ઈચ્છા જ જગતની ઉત્પત્તિનું કારણ છે. **'सोऽकामयत', 'तदैक्षत बहुस्यां प्रजायेय इति' ( छान्दोग्य ६ /२ /३ )** કબીર કહે છે, જે સંપૂર્ણપણે ઈચ્છારહિત છે, તેનો પાર ન પમાય. તે અપાર, અનંત, અસીમ તત્ત્વમાં ભળી જાય છે.

**[ 'योऽकामो निष्काम आप्तकाम, आत्मकामो न तस्य ।**
**प्राणा उत्क्रामन्ति ब्रह्मैव सन् ब्रह्माप्येति ।'**
**( बृहदारण्यक ४ /४/६ ]**

જે કામના રહિત આત્મામાં સ્થિર આત્મસ્વરૂપ છે એનું કદાપિ પતન નથી થતું. તે બ્રહ્મની સાથે એક થઈ જાય છે. શરૂઆતમાં અનંત ઈચ્છાઓ હોય છે અને અંતે તો પરમાત્મપ્રાપ્તિની ઇચ્છા જ બાકી રહી જાય છે. જ્યારે આ ઇચ્છા પૂરી થઈ જાય છે ત્યારે ઇચ્છા જ મરી જાય છે. પરમાત્માથી કોઈ મોટી વસ્તુ હોત તો તમે એની ઇચ્છા જરૂર કરત. એનાથી આગળ કોઈ વસ્તુ જ ન હોય તો ઇચ્છા કોની થાય ? જ્યારે પ્રાપ્ત કરવા યોગ્ય વસ્તુ અપ્રાપ્ત જ ન રહે તો ઇચ્છા સમૂળગી નષ્ટ પામે છે. ઇચ્છાનો અંત આવતાં ભ્રમનો પણ અંત આવે છે. આ જ ભીષ્મનું ઇચ્છા-મૃત્યુ છે. આ રીતે ભીષ્મ દ્વારા રક્ષિત આપણી સેના બધી રીતે અજેય છે. જ્યાં સુધી ભ્રમ છે, ત્યાં સુધી અવિદ્યાનું અસ્તિત્વ છે. ભ્રમ નષ્ટ થતાં અવિદ્યાનો પણ અંત આવે છે.

ભીમથી રક્ષિત તે લોકોની સેના જીતવી સરળ છે, ભાવરૂપી ભીમ.**भावे वि— तेदेवः।** ભાવમાં એટલી ક્ષમતા છે કે જેનાથી અવિદિત પરમાત્મા પણ વિદિત થઈ જાય છે. '**भाव वस्य भगवान, सुख निधान करुना अयन । ( रा. मानस ७/९२ ख**) શ્રીકૃષ્ણે એને શ્રદ્ધા કહી છે. ભાવમાં એટલી ક્ષમતા છે કે તે પરમાત્માને પણ વશ કરી લે છે. ભાવથી જ સંપૂર્ણ પુણ્યમયી પ્રવૃત્તિનો વિકાસ થાય છે. ભાવ પુણ્યનો સંરક્ષક છે. ભાવની શક્તિ એટલી મોટી છે કે પરમદેવ પરમાત્મા પણ પ્રગટ થઈ જાય છે, પરંતુ તે એટલો કોમળ,એટલો તરલ હોય છે કે આજે ભાવ છે તેને કાલે અભાવમાં રૂપાંતરિત થતાં વાર લાગતી નથી. આજે તમે કહેશો કે, ''મહારાજ બહુ સારા છે.'' કાલે એમ પણ કહી શકશો કે, ''નહીં, અમે તો જોયું કે મહારાજ તો ખીર ખાતા હતા.''

**घास पात जो खात है, तिन्हहि सतावै काम**
**दूध मलाई खात जे, तिनकी जाने राम ॥**

ઈષ્ટમાં સહેજ પણ ન્યૂનતા પ્રતીત થાય તો ભાવ ડગમગવા લાગે છે.પુણ્યમયી પ્રવૃત્તિ વિચલિત બને છે. ઈષ્ટની સાથેનો સબંધ તૂટી જાય છે. આથી ભીમ દ્વારા રક્ષિત આ લોકોની સેનાને જીતવાનું કામ સુગમ છે. મહર્ષિ પતંજલિનો પણ આ જ નિર્ણય છે - '**स तु दीर्घकाल नैरन्तर्य सत्कारसेवितो दृढभूमिः' ( १/१४ )** લાંબા કાળ સુધી નિરંતર શ્રદ્ધા-ભક્તિપૂર્વક કરેલી સાધના દૃઢ હોય છે.

**तस्य संजनयन्हर्षँ कुरुवृद्धः पितामहः ।**
**सिंहनादं विनद्योच्चैः शङ्खंदध्मौ प्रतापवान् ॥१२॥**

આમ પોતાના બળાબળનો નિર્ણય લઈને શંખધ્વનિ થયો. શંખ ધ્વનિ પાત્રોના પરાક્રમની ઘોષણા છે કે જીત થતાં કયું પાત્ર તમને શું આપશે ? કૌરવોમાં વૃદ્ધ પ્રતાપશાળી પિતામહ ભીષ્મે ઊંચા સાદે દુર્યોધનને હર્ષ ઉપજાવતો સિંહનાદ કરતો ભયપ્રદ શંખ વગાડ્યો. સિંહ પ્રકૃતિના ભયજનક પાસાનું પ્રતીક છે. ઘોર જંગલમાં નીરવ એકાંતમાં સિંહની ગર્જના કાનમાં પેસી જાય તો રૂંવાડાં ઊભા થઈ જશે, હૃદય કાંપવા લાગશે. અલબત્ત, સિંહ તો તમારાથી માઈલો દૂર હશે. ભય પ્રકૃતિમાં હોય છે, પરમાત્મામાં નહીં. તે તો અભય સત્તા છે. ભ્રમરૂપી ભીષ્મ વિજયી નીવડે તો પ્રકૃતિના જે ભયરૂપી અરણ્યમાં તમે છો એનાથી પણ અધિક ભયના આવરણથી તમને બાંધી દેશે. ભયનું એક આવરણ વધુ ચઢી જશે. ભય વધુ સઘન બનશે. આ ભ્રમ આના સિવાય બીજું કશું આપી શકે નહીં. આથી જ પ્રકૃતિમાંથી નિવૃત્તિ લેવી એ જ સાચો માર્ગ છે. સંસારમાં પ્રવૃત્તિ તો ભવાટવિ છે. ઘોર અંધકારની છાયા છે. કૌરવોની ઘોષણા એનાથી વિશેષ કશું નથી. કૌરવો તરફથી ગમે તેટલાં ઢોલ-નગારાં વાગે, પરંતુ આ બધાં ભેગા થઈને ભય જ આપે છે, એનાથી વિશેષ કશું નહીં. પ્રત્યેક વિકાર કંઈ ને કંઈ ભય જ આપે છે. આથી એમણે ઘોષણા કરી કે -

**ततः शंखाश्च भेर्यश्च पणवानकगोमुखाः ।**
**सहसैवाभ्यहन्यन्त स शब्दस्तुमुलोऽभवत् ॥१३॥**

તે પછી અનેક શંખ, નગારાં, ઢોલ, મૃદંગ અને રણશિંગાં એક સાથે વાગી ઊઠ્યાં જેનો અવાજ ખૂબ જ ભયંકર હતો. આમ કૌરવોએ ભયનો સંચાર કરવા સિવાયની બીજી કોઈ ઘોષણા કરી ન હતી. બહિર્મુખી વિજાતીય પ્રવૃત્તિ સફળ થતાં મોહમય બંધન વધુ દૃઢ બને છે.

હવે પુણ્યમયી પ્રવૃત્તિઓ તરફ ઘોષણા થઈ, જેમાં પહેલી ઘોષણા યોગેશ્વર શ્રીકૃષ્ણની હતી.

**ततः श्वेतैर्हयैर्युक्ते महति स्यन्दने स्थितौ ।**
**माधवः पाण्डवश्चैव दिव्यौ शङ्खंप्रदध्मतुः ॥१४॥**

આ ઉપરાંત સફેદ અશ્વોવાળા (જેમાં સહેજ પણ કાલિમાનો દોષ નથી - સફેદ, સાત્ત્વિક, નિર્મળતાનું પ્રતીક છે.) - **महति स्यन्दने** - ભવ્ય રથમાં બેઠેલા શ્રીકૃષ્ણ અને અર્જુને પણ પોતાના અલૌકિક શંખ વગાડ્યા. અલૌકિકનો અર્થ છે લોકોથી પર. ત્રિલોક - મૃત્યુલોક - દેવલોક - બ્રહ્મલોક - જ્યાં સુધી જન્મ-મરણનો ભય છે ત્યાં સુધી આ તમામ લોકોથી અતિરિક્ત, પારલૌકિક, પારમાર્થિક સ્થિતિ પ્રદાન કરવાની ઘોષણા યોગેશ્વર શ્રીકૃષ્ણે કરી. આ સોના-ચાંદી કે લાકડાનો રથ નથી. રથ અલૌકિક છે, શંખ પણ અલૌકિક છે અને આથી ઘોષણા પણ અલૌકિક છે. લોકોથી પર એક માત્ર બ્રહ્મ છે. બ્રહ્મની સાથે સીધો સંપર્ક સ્થાપિત કરવાની આ ઘોષણા છે. આ સ્થિતિ તે કેવી રીતે પ્રદાન કરશે ?

**पांचजन्यं हृषीकेशो देवदत्तं धनंजयः ।**
**पौण्ड्रं दध्मौ महाशङ्खं भीमकर्मा वृकोदरः ॥१५॥**

'**हृषीकेश**' હૃદયના સર્વસ્વ જ્ઞાતા એવા શ્રીકૃષ્ણે પાંચજન્ય શંખ વગાડ્યો. પાંચેય જ્ઞાનેન્દ્રિયોને પાંચ તન્માત્રાઓ (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ)ના રસ ભેળવીને પોતાના ભક્તની શ્રેણીમાં ઢાળવાની ઘોષણા કરી. વિકરાળ સ્વરૂપે બહેકતી ઈન્દ્રિયોને સમેટીને પોતાના સેવકની શ્રેણીમાં ઊભી કરવી એ પ્રેરક સદ્‌ગુરુનું કામ છે.શ્રીકૃષ્ણ એક યોગેશ્વર, સદ્‌ગુરુ હતા. '**शिष्यस्तेऽहं**' —''ભગવન્ ! હું તમારો શિષ્ય છું'' બાહ્ય વિષય-વસ્તુઓને છોડીને ધ્યાનમાં ઈષ્ટ સિવાય બીજું કાંઈ ન જુએ,બીજું કાંઈ ન સાંભળે, બીજા કોઈનો સ્પર્શ ન કરે એ સદ્‌ગુરુના અનુભવસંચાર પર આધાર રાખે છે.

'**देवदतं धनंजयः**' - દૈવી સંપત્તિને આધીન અનુરાગ એટલે અર્જુન. ઈષ્ટને અનુરૂપ લગાવ - જેમાં વિરહ, વૈરાગ્ય, અશ્રુપાત હોય; '**गद्‌गद् गिरा नयन बह नीरा**' રોમાંચ હોય , ઈષ્ટ સિવાય બીજી કોઈ વિષયવસ્તુ સાથે સહેજ પણ ટકરાવ ન થાય એને જ 'અનુરાગ' કહે છે. આમાં સફળતા મળે તો પરમાત્માની પ્રાપ્તિ કરાવવાવાળી દૈવી સંપત્તિ પર પરમદેવ આધિપત્ય મેળવી લે છે. આનું બીજુ નામ ધનંજય પણ છે. ધન તો બાહ્ય સંપત્તિ છે જેનાથી શરીરનું રક્ષણ થાય છે. આત્મા સાથે એને સબંધ નથી. આનાથી અતિરિક્ત આત્મિક સંપત્તિ નિજ પૂંજી છે.

બૃહદારણ્યક ઉપનિષદમાં યાજ્ઞવલ્ક્યે મૈત્રેયીને આ જ સમજાવ્યું કે ધનથી સંપન્ન પૃથ્વી પર આધિપત્ય મેળવવાથી અમૃતત્વની પ્રાપ્તિ થતી નથી. એનો ઉપાય તો આત્મિક સંપત્તિ જ છે.

ભયાનક કર્મવાળા ભીમસેને **पौण्ड्र** અર્થાત્ પ્રીતિ નામનો મહાશંખ વગાડ્યો. ભાવ હૃદયમાંથી જન્મે છે અને હૃદયમાં જ નિવાસ કરે છે. આથી એનું નામ વૃકોદર છે. તમારો લગાવ બાળકમાં હોય છે. ખરેખર, તો આ લગાવ હૃદયમાં હોય છે, જે બાળકમાં જઈને મૂર્ત થાય છે. આ ભાવ ખૂબ શક્તિશાળી હોય છે.ભીમે પ્રીતિ નામનો શંખ વગાડ્યો. ભાવમાં પ્રીતિ રહેલી છે. આથી ભીમે 'પૌણ્ડ્ર' (પ્રીતિ) નામનો શંખ વગાડ્યો. ભાવ મહાન અને બળવાન છે, પરંતુ તે પ્રીતિના માધ્યમ દ્વારા જ.

**( हरि व्यापक सर्वत्र समाना । प्रेम ते प्रकट होहिं मैं जाना ॥**
**( रामचरितमानस १/ १८४/ ५ )**

**अनन्तविजयं राजा कुन्तीपुत्रो युधिष्ठिरः ।**
**नकुलः सहदेवश्च सुघोषमणिपुष्पकौ ॥ १६॥**

કુન્તીપુત્ર રાજા યુધિષ્ઠિરે 'અનંતવિજય' નામનો શંખ વગાડ્યો. કુંતી કર્તવ્યનું અને યુધિષ્ઠિર ધર્મનું પ્રતીક છે. ધર્મ પર સ્થિરતા રહેશે તો 'અનંત-વિજય' અનંત પરમાત્મામાં સ્થિરતા અપાવશે. પણ પ્રકૃતિ-પુરુષ, ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞના સંઘર્ષમાં સ્થિર રહે છે. પારાવાર દુઃખમાં '**युद्धे स्थिरः सः युधिष्ठिरः ।** તે વિચલિત થતો નથી. આથી જે અનંત છે, જેનો અંત નથી તે છે - પરમતત્ત્વ પરમાત્મા અને તેના પર તે એક દિવસ વિજય અપાવે છે.

નિયમરૂપી નકુલે 'સુઘોષ' નામનો શંખ વગાડ્યો. જેમ જેમ નિયમ ઉન્નત થશે તેમ અશુભનું શમન થશે. શુભ ઘોષિત થશે. સત્સંગરૂપી સહદેવે 'મણિપુષ્પક' નામનો શંખ વગાડ્યો. મનીષીઓએ પ્રત્યેક શ્વાસને અમૂલ્ય મણિની સંજ્ઞા આપી છે.

**'हीरा जैसी स्वांसा बातो में बीती जाय ।'** સાધુપુરુષોની વાણી સાંભળવી તે એક સત્સંગ છે. પરંતુ યથાર્થ સત્સંગ તો આંતરિક હોય છે.

શ્રીકૃષ્ણના કહેવા મુજબ તો આત્મા જ સત્ય છે, સનાતન છે. ચિત્ત બધામાંથી પોતાને સંકોરીને આત્માની સંગત કરે, ત્યારે વાસ્તવિક સત્સંગ કહેવાય. આ સત્સંગ ચિંતન, ધ્યાન અને સમાધિના અભ્યાસથી પ્રાપ્ત થાય છે. જેમ જેમ સત્યના સાંનિધ્યમાં ધ્યાન ટકવા માંડશે, તેમ તેમ એક એક શ્વાસ પર નિયંત્રણ આવતું જશે અને મન સહિત તમામ ઈન્દ્રિયો કાબૂમાં આવી જશે, જે દિવસે સંપૂર્ણપણે નિરોધ થઈ જશે તે દિવસે પરમતત્ત્વ પ્રાપ્ત થશે. વાજિંત્રોની જેમ ચિત્ત આત્માના સ્વર સાથે સ્વર મેળવીને સંગત કરે તે જ સત્સંગ છે.

બાહ્યમણિ કઠોર હોય છે, પરંતુ શ્વાસમણિ પુષ્પ કરતાં પણ કોમળ હોય છે. પુષ્પ તો વિકસિત થતાં કે તૂટી જતાં કરમાઈ જાય છે. પણ તમે હવે પછીના શ્વાસ સુધી જીવતા રહેશો એની કોઈ ગેરંટી નહીં આપી શકો. પરંતુ સત્સંગ સફળ થતાં, શ્વાસ પર નિયંત્રણ પ્રાપ્ત થાય છે, અને પરમ લક્ષ્યની પ્રાપ્તિ થાય છે, આનાથી આગળ પાંડવો એ બીજી કોઈ ઘોષણા કરી નથી, પરંતુ પ્રત્યેક સાધન નિર્મળતાના માર્ગ પર થોડુંક થોડુંક અંતર કાપી આપે છે. આગળ કહે છે -

**काश्यश्च परमेष्वासः शिखण्डी च महारथः ।**
**धृष्टद्युम्नो विराटश्च सात्यकिश्चापराजितः ॥१७॥**

કાયારૂપી કાશી જ્યારે પુરુષ મન સહિત તમામ ઇન્દ્રિયોને સમેટીને ધ્યાનસ્થ થાય છે ત્યારે '**परमेष्वासः**' - પરમ ઈશમાં વાસ કરવાને અધિકારી બને છે. પરમ ઈશમાં વાસ કરાવવાને સક્ષમ કાયા જ કાશી છે. કાયામાં જ પરમ ઈશ્વરનો નિવાસ છે. **परमेष्वासः** અર્થ શ્રેષ્ઠ ધનુષ્યવાળો નહીં, પરંતુ પરમ + ઈશ + વાસ છે.

શિખાસૂત્રનો ત્યાગ જ શિખંડી છે. આજકાલ લોકો માથાના વાળ કપાવે છે અને સૂત્રના નામ પર ગળાની જનોઈ કાઢી નાખે છે, પરંતુ એ સંન્યાસ નથી. અગ્નિ સળગાવવાનું છોડી દે છે. એટલે થઈ ગયો એમનો સંન્યાસ ! વસ્તુતઃ શિખા લક્ષ્યનું પ્રતીક છે જેને તમારે સિદ્ધ કરવાનું છે અને સૂત્ર છે સંસ્કારોનું પ્રતીક. જ્યાં સુધી આગળ પરમાત્માની પ્રાપ્તિ બાકી છે, પાછળ સંસ્કારોનો સૂત્રપાત લાગેલો રહે છે ત્યાં સુધી ત્યાગ કેવો ?

સંન્યાસ કેવો ? હજુ તો તે ચાલનાર પથિક છે. જ્યારે પ્રાપ્તવ્ય પ્રાપ્ત થાય, પાછળ લાગેલા સંસ્કારોની દોર કપાઈ જાય, ત્યારે ભ્રમ નાશ પામે છે. આથી શિખંડી જ ભ્રમરૂપી ભીષ્મનો વિનાશ કરે છે. શિખંડી ચિંતન માર્ગની વિશિષ્ટ યોગ્યતા છે, તે મહારથી છે.

**'धृष्टधृम्न'** - દૃઢ અચલ મન તથા **विराट** - સર્વત્ર વિરાટ ઈશ્વરનો પ્રસાર જોવાની ક્ષમતા, વગેરે દૈવી સંપત્તિના મુખ્ય ગુણ છે. સાત્ત્વિકતા જ સાત્યકિ છે, સત્યના ચિંતનની પ્રવૃત્તિ અર્થાત્ સાત્ત્વિકતા હશે ત્યાં સુધી પતન નથી. આ સંઘર્ષમાં પરાજય નહીં મળે.

**द्रुपदो द्रौपदेयाश्च सर्वशः पृथिवीपते ।**
**सौभद्रश्च महाबाहुः शङ्खान्दध्मु पृथक्पृथक ॥ १८ ॥**

અચલ પદદાયક દ્રુપદ અને ધ્યાનરૂપી દ્રૌપદીના પાંચ પુત્રો - સહૃદયતા, વાત્સલ્ય, લાવણ્ય, સૌમ્યતા વગેરે સાધનમાં મહાન સહાયક મહારથી છે તથા મહાબાહુ અભિમન્યુ - આ બધાએ અલગઅલગ શંખ વગાડ્યા. ભુજા કાર્યક્ષેત્રનું પ્રતીક છે. જ્યારે મનમાંથી ભય જતો રહે છે ત્યારે એની પહોંચ દૂર સુધી જાય છે.

હે રાજન, આ બધાએ અલગ અલગ શંખ વગાડ્યા. આ બધા કંઈ ને કંઈ અંતર પાર કરાવે છે. એનું પાલન આવશ્યક છે. આથી જ આ નામ ગણાવ્યાં છે. આના સિવાય કેટલાંક અંતર એવાં છે કે જે મનબુદ્ધિથી કાપી શકાતાં નથી. ભગવાન સ્વયં અંતઃકરણમાં વિરાજમાન થઈને આ મંજિલ પાર કરાવે છે. અહીં દૃષ્ટિ બનીને આત્મા ઊભો થઈ જાય છે અને પોતે જ પોતાની સન્મુખ ઊભો થઈને પોતાનો પરિચય કરાવી લે છે.

**स घोषो धार्तराष्ट्राणां हृदयानि व्यदारयत् ।**
**नभश्च पृथिवीं चैव तुमुलो व्यनुनादयन् ॥१९॥**

પૃથ્વી અને આકાશને ગજાવી મૂકતા આ ભયંકર નાદે કૌરવોનાં હૃદયને જાણે ચીરી નાખ્યાં. સેના તો પાંડવો બાજુ પણ હતી, પરંતુ હૃદય કૌરવોનાં વિદીર્ણ થયાં. વસ્તુતઃ પાંચજન્ય, દૈવીશક્તિ પર આધિપત્ય, અનંત પર વિજય, અશુભનું શમન, શુભની ઘોષણા પ્રસરવા લાગે એટલે

સ્વાભાવિકપણે કુરુક્ષેત્ર, આસુરી સંપત્તિ, બહિર્મુખી પ્રવૃત્તિઓનું હૃદય વિદીર્ણ થઈ જ જાય. એની શક્તિ ધીમે ધીમે નષ્ટ થવા માંડે છે. સંપૂર્ણ સફળતા મળતાં મોહમયી પ્રવૃત્તિઓ સંપૂર્ણપણે શાન્ત થઈ જાય છે.

**अथ व्यवस्थितान्दृष्ट्वा धार्तराष्ट्रान्कपिध्वजः ।**
**प्रवृत्ते शस्त्रसंपाते धनुरुद्यम्य पाण्डवः ॥२०॥**
**हृषीकेशं तदा वाक्यमिदमाह महीपते ।**
**अर्जुन उवाचः-**
**सेनयोरुभयोर्मध्ये रथं स्थापय मेऽच्युत ॥२१॥**

સંયમરૂપી સંજયે અજ્ઞાનથી આવૃત મનને સમજાવ્યું કે — હે રાજન ! આ ઉપરાંત "**कपिध्वज**" વૈરાગ્યરૂપી હનુમાન - વૈરાગ્ય જેનો ધ્વજ છે. ધ્વજને રાષ્ટ્રનું પ્રતીક માનવામાં આવે છે. કેટલાક લોકો કહે છે કે ધ્વજ ચંચળ હોય છે એટલે કપિધ્વજ કહેવામાં આવે છે, પરંતુ અહીં એમ નથી. કપિ સાધારણ વાંદરો નથી, સ્વયં હનુમાન છે — જેમણે માન અપમાનનું હનન કર્યું છે **सम मान निरादर आदरहीं** । પ્રકૃતિની જોયેલી સાંભળેલી વસ્તુઓથી વિષયોથી રાગનો ત્યાગ તે "વૈરાગ્ય" છે. આમ વૈરાગ્ય જેનો ધ્વજ છે એ અર્જુને વ્યવસ્થિત રીતે કૌરવોને ઊભેલા જોઈને શસ્ત્ર ચલાવવાની તૈયારીરૂપે ધનુષ્ય ઉઠાવ્યું "**हृषीकेशम्**" હૃદયના સર્વસ્વ જ્ઞાતા યોગેશ્વર શ્રીકૃષ્ણને કહ્યું, "હે અચ્યુત (જે કદી ચ્યુત થતા નથી), મારા રથને બે સેનાઓની વચ્ચે લઈ જઈને ઊભો રાખો." અહીં સારથિને આપેલ આદેશ નથી. ઈષ્ટદેવને કરેલી પ્રાર્થના છે. શા માટે ઊભો કરે ?

**यावदेतान्निरीक्षेऽहं योद्धुकामानवस्थितान् ।**
**कैर्मया सह योद्धव्यमस्मिन्रणसमुद्यमे ॥२२॥**

જેથી હું યુદ્ધની ઇચ્છાથી અહીં આવેલા સૌને જોઈ શકું અને જાણું કે આ રણસંગ્રામમાં મારે કોની સાથે લડવું યોગ્ય છે— આ યુદ્ધમાં મારે કોની કોની સાથે યુદ્ધ કરવાનું છે ?

**योत्स्यमानानवेक्षेऽहं य एतेऽत्र समागताः ।**
**धार्तराष्ट्रस्य दुर्बुद्धेर्युद्धे प्रियचिकीर्षवः ॥२३॥**

દુર્બુદ્ધિ દુર્યોધનનું યુદ્ધમાં હિત કરવાની ઇચ્છાવાળા અહીં એકઠા થયેલા યોદ્ધાઓને હું જોવા માગું છું. આથી રથ ઊભો કરો. મોહરૂપી દુર્યોધન - મોહમયી પ્રવૃત્તિઓનું કલ્યાણ ઇચ્છતા જે રાજા આ યુદ્ધમાં આવ્યા છે તેમને હું જોવા માગું છું.

**संजय उवाचः-**

**एवमुक्तो हृषीकेशो गुडाकेशेन भारत ।**
**सेनयोरुभयोर्मध्ये स्थापयित्वा रथोत्तमम् ॥२४॥**
**भीष्मद्रोणप्रमुखतः सर्वेषां च महीक्षिताम् ।**
**उवाच पार्थ पश्यैतान्समवेतान्कुरूनिति ॥२५॥**

સંજય બોલ્યો — અર્જુને જ્યારે શ્રી કૃષ્ણને આ પ્રમાણે કહ્યું ત્યારે હૃદયના જ્ઞાતા શ્રી કૃષ્ણે બંને સેનાઓ વચ્ચે ભીષ્મ, દ્રોણ અને "**महीक्षिताम**" શરીરરૂપી પૃથ્વી પર અધિકાર ધરાવતા તમામ રાજાઓની વચ્ચે ઉત્તમ રથ ઊભો રાખ્યો અને કહ્યું કે, "હે પાર્થ, ત્યાં ભેગા મળેલા કૌરવોને જો." આ ઉત્તમ રથ સોના-ચાંદીનો નથી. સંસારમાં ઉત્તમની વ્યાખ્યા નશ્વર શરીર પ્રતિ અનુકૂળતા પ્રતિકૂળતા દ્વારા કરાય છે. આ પરિભાષા અપૂર્ણ છે. જે આપણા આત્મા, આપણા સ્વરૂપને સદૈવ સાથ આપે તે જ ઉત્તમ છે. જેની પાછળ અનુત્તમ મલિનતા ન હોય.

**तत्रापश्यत्स्थितान्पार्थः पितृनथ पितामहान् ।**
**आचार्यन्मातुलान्भ्रातृन्पुत्रान्पौत्रान्सखींस्तथा ॥२६॥**
**श्वशुरान्सुहृद श्चैव सेनयोरूभयोरपि**

આ ઉપરાંત અચૂક લક્ષ્યવાળા પાર્થિવ શરીરને રથ બનાવનાર પાર્થે આ બંને સેનાઓમાં રહેલા પોતાના વડીલો, પિતામહ, આચાર્ય, ભાઈઓ, પુત્રો, પૌત્રો, મિત્રો, સસરાઓ અને સ્નેહીઓને જોયા. બંને સેનાઓમાં અર્જુનને કેવળ 'પોતાનો' પરિવાર, મામાનો પરિવાર, શ્વશુરનો પરિવાર, સ્નેહીજનો અને ગુરુજનો દેખાયા. મહાભારતની પ્રચલિત ગણતરી અનુસાર અઢાર અક્ષૌહિણી લગભગ ચાલીસ લાખ બરાબર થાય છે, પરંતુ પ્રચલિત ગણતરી અનુસાર અઢાર અક્ષૌહિણી લગભગ સાડા છ અબજની બરાબર થાય છે જે આજની વિશ્વની વસ્તી બરાબર થાય છે. આટલા

લોકો માટે વિશ્વસ્તર પર અન્ન અને આવાસની સમસ્યા બની જાય. આટલો મોટો જનસમૂહ અર્જુનના ત્રણ-ચાર સગાંઓનો જ પરિવાર હતો. આટલો મોટો કોઈનો પરિવાર હોઈ શકે ખરો ? કદાપિ નહિ. આ તો હૃદયરૂપી દેશની વાત છે.

**तान्समीक्ष्य स कौन्तेय सर्वान्बन्धूनवस्थितान् ।**
**कृपया परयाविष्टो विषीदन्निदमब्रवीत् ॥२७॥**

આ રીતે ઊભેલા પોતાનાં બધાં સગાંઓને જોઈને અત્યંત કરુણાથી આવૃત કુન્તીપુત્ર અર્જુને ખેદ વ્યક્ત કર્યો. અર્જુન શોક કરવા લાગ્યો. કેમ કે એણે જોયું કે આ બધો તો પોતાનો જ પરિવાર છે. આથી બોલ્યો —

**अर्जुन उवाचः-**
**दृष्ट्वेमं स्वजनं कृष्ण युयुत्सुं समुपस्थितम् ।**
**सीदन्ति मम गात्राणि मुखं च परिशुष्यति ॥२८॥**
**वेपथुश्च शरीरे मे रोमहर्षश्च जायते ॥२९॥**

હે કૃષ્ણ યુદ્ધ કરવા ભેગા મળેલા આ બધાં સગાં-સંબંધીઓને જોઈને મારાં ગાત્રો ઢીલા થઈ જાય છે. મોઢું સુકાય છે. શરીર ધ્રૂજે છે અને રૂંવાં ઊભા થઈ જાય છે. એટલું જ નહિ પરંતુ —

**गाण्डीवं स्त्रंसते हस्तात्त्वक्चैव परिदह्यते**
**न च शक्नोम्यवस्थातुं भ्रमतीव च मे मनः ॥३०॥**

મારા હાથમાંથી ગાંડીવ ધનુષ સરી જાય છે. ચામડી બળે છે. અર્જુનને તાવ ચઢી આવ્યો. તે સંતપ્ત થઈ ઊઠ્યો કે આ કેવું યુદ્ધ છે જેમાં સ્વજનો જ ઊભા છે ? અર્જુનને ભ્રમ થઈ ગયો. તે કહે છે કે હવે મારાથી ઊભા રહી શકાતું નથી. હવે આગળ જોવાની મારામાં શક્તિ રહી નથી.

**निमित्तानि च पश्यामि विपरीतानि केशव ।**
**न च श्रेयोऽनुपश्यामि हत्वा स्वजनमाहवे ॥३१॥**

હે કેશવ, આ યુદ્ધમાં હું અશુભ ચિહ્નો જોઉં છું. યુદ્ધમાં મારા સ્વજનોને મારીને હું મારું કશું હિત થતું જોતો નથી. કુળને મારીને કલ્યાણ કેવી રીતે થાય ?

**न काङ्क्षे विजयं कृष्ण न च राज्यं सुखानि च ।**
**किं नो राज्येन गोविन्द किं भोगैर्जीवितेन वा ॥३२॥**

સમગ્ર પરિવાર યુદ્ધ મોરચે ઊભો છે. યુદ્ધમાં તેમને મારીને વિજય, વિજયથી મળનારું રાજ્ય અને રાજ્યથી મળનારું સુખ અર્જુનને જોઈતું નથી. તે કહે છે, કૃષ્ણ ! હું વિજય ઈચ્છતો નથી, રાજ્ય તેમજ સુખ પણ ઈચ્છતો નથી. ગોવિન્દ ! મારે રાજ્ય, ભોગ અથવા જીવનથી પણ શું પ્રયોજન છે ? આ અંગે કહે છે —

**येषामर्थे काङ्क्षितं नो राज्यं भोगाः सुखानि च ।**
**ते इमेऽवस्थिता युद्धे प्राणांस्त्यक्त्वा धनानि च ॥३३॥**

જેને માટે રાજ્ય- ભોગ અને સુખ વગેરે ઈચ્છીએ છીએ તે જ પરિવાર જીવનની આશા છોડીને યુદ્ધના મેદાનમાં ઊભો છે. મને રાજ્યની ઈચ્છા તો હતી પણ પરિવાર માટે હતી. ભોગ, સુખ અને ધનની પિપાસા સ્વજનો અને પરિવાર સાથે તેને ભોગવવા માટે હતી, પરંતુ જ્યારે બધા પ્રાણોની આશા છોડીને ઊભા છે ત્યારે મને સુખ, રાજ્ય કે ભોગની ઈચ્છા નથી. આ બધું તેમના માટે ગમતું હતું. એમનાથી અલગ થઈને મારે એની કોઈ આવશ્યકતા નથી. જ્યાં સુધી પરિવાર રહેશે ત્યાં સુધી વાસના રહેશે. ઝૂંપડીમાં રહેનાર પણ પોતાના કુટુંબ, મિત્ર, સ્વજનોને મારીને વિશ્વનું સામ્રાજ્ય સ્વીકારશે નહીં. અર્જુન આ જ કહે છે કે મને ભોગ પ્રિય હતા, વિજય પ્રિય હતો, પરંતુ જેમના માટે આ બધું હતું તેઓ જ જ્યારે ન રહે તો ભોગોનો ઉપયોગ શો ? આ યુદ્ધમાં કોને મારવાના છે ?

**आचार्याः पितरः पुत्रास्तथैव च पितामहाः ।**
**मातुलाः श्वशुराः पौत्राः श्यालाः संबन्धिनस्तथा ॥३४॥**

આ યુદ્ધમાં આચાર્યો, વડીલો, પુત્રો તથા એ જ રીતે દાદા, મામા, શ્વશુર, પૌત્રો, સાળા તથા તમામ સંબંધીઓ છે.

**एतान्न हन्तुमिच्छामि घ्नतोऽपि मधुसूदन ।**
**अपि त्रैलोक्यराज्यस्य हेतोः किं नु महीकृते ॥३५॥**

હે મધુસૂદન ! ભલે તેઓ મને હણી નાખે, ત્રણ લોકના રાજ્યને ખાતર પણ હું તેમને હણવા ઈચ્છતો નથી. તો આ ભૂમિને ખાતર તો કેમ જ હણું ?

અઢાર અક્ષૌહિણી સેનામાં અર્જુનને પોતાનો પરિવાર જ દેખાયો. આટલા બધા સ્વજનો વાસ્તવમાં કોણ છે ? હકીકતમાં તો અનુરાગ જ અર્જુન છે. ભજનના આરંભમાં પ્રત્યેક અનુરાગીની સમક્ષ આ જ સમસ્યા રહી છે. બધા ઈચ્છે છે કે ભજન કરીને તે પરમ સત્યને મેળવીએ, પરંતુ કોઈ અનુભવી સદ્‌ગુરુની છત્રછાયામાં કોઈ અનુરાગી જ્યારે ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞ સંઘર્ષ સમજે કે પોતે કોની સાથે લડવાનું છે ત્યારે તે હતાશ થઈ જાય છે. તે ઈચ્છે છે કે પોતાના પિતાનો પરિવાર, શ્વશુરનો પરિવાર, મામાનો પરિવાર, સ્નેહીજનો, મિત્રો, ગુરુજનો બધાં સાથે રહે. બધાં સુખી રહે અને આ બધાંની વ્યવસ્થા કરતાં પરમાત્માસ્વરૂપની પ્રાપ્તિ પણ કરી લઈએ, પરંતુ જ્યારે એને સમજાય છે કે આરાધનામાં અગ્રેસર થવા માટે પરિવાર છોડવો પડે, આ સંબંધીઓનો મોહ ત્યાગવો પડે ત્યારે તે અધીર થઈ જાય છે.

પૂજ્ય મહારાજજી કહેતા હતા કે — "મરવું અને સાધુ થવું બંને બરાબર છે." સાધુ માટે દુનિયામાં બધા જીવિત હોઈ શકે, પરંતુ ઘરવાળાના નામ પર કોઈ નથી હોતા. જો કોઈ હોય તો તે લગાવ છે. મોહ સમાપ્ત ક્યાં થયો છે ? લગાવનો સંપૂર્ણ ત્યાગ, મોહનું સહ-અસ્તિત્વ દૂર થતાં વિજય નિશ્ચિત બને છે. આ સંબંધોનો વિસ્તાર એટલે જ જગત. અન્યથા જગતમાં આપણું શું છે ? '**तुलसीदास कह चिद् विलास जग, बूझत बूझत बूझे।**'

મનનો વિસ્તાર જ જગત છે. યોગેશ્વર શ્રીકૃષ્ણે પણ મનના પ્રસારને જ જગત કહીને સંબોધન કર્યું છે. જેણે આ પ્રભાવને રોકી લીધો, તેણે સચરાચર જગતને જીતી લીધું (**इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मन [ गीता ५/१९ ]**

માત્ર અર્જુન અધીર હતો એવી વાત નથી. અનુરાગ તો બધાંના હૃદયમાં છે. પ્રત્યેક અનુરાગી અધીર થાય છે. એને સંબંધી યાદ આવવા માંડે છે. પહેલાં એ વિચારતો કે ભજનથી કંઈક લાભ થશે તો આ લોકો સુખી થશે. એમની સાથે રહીને સુખ ભોગવીશું. પરંતુ એ લોકો સાથે જ ન રહે, તો સુખ લઈને પણ શું કરવાનું ? અર્જુનની દૃષ્ટિ રાજ્ય-સુખ પૂરતી સીમિત હતી. તે ત્રિલોકના સામ્રાજ્યને જ સુખની પરાકાષ્ઠા સમજતો હતો. એની આગળ પણ કોઈ સત્ય છે એની જાણકારી અર્જુનને હમણાં નથી.

**निहत्य धार्तराष्ट्रान्नः का प्रीति स्याज्जनार्दन ।**
**पापमेवाश्रयेदस्मानहत्वैतानाततायिनः ॥३६॥**

હે જનાર્દન ! ધૃતરાષ્ટ્રના પુત્રોને મારીને પણ અમને ક્યાંથી પ્રસન્નતા મળવાની હતી ? જ્યાં ધૃતરાષ્ટ્ર અર્થાત્ ધૃષ્ટતાનું રાષ્ટ્ર છે. એમાં ઉત્પન્ન થયેલા મોહરૂપી દુર્યોધન વગેરેને મારીને પણ અમને શું પ્રસન્નતા મળવાની ? આ આતતાયીઓને મારીને પણ અમને પાપ જ લાગશે. જે જિંદગીમાં તુચ્છ લાભ માટે અનીતિ અપનાવે છે તે આતતાયી કહેવાય, પરંતુ આત્માના પથમાં અવરોધ ઊભો કરે તે તો સૌથી મોટો આતતાયી છે. આત્મદર્શનમાં બાધક થનાર કામ, ક્રોધ, લોભ, મોહ વગેરેના સમૂહ જ આતતાયી છે.

**तस्मान्नार्हा वयं हन्तुं धार्तराष्ट्रान्स्वबान्धवान् ।**
**स्वजनं हि कथं हत्वा सुखिनः स्याम माधव ॥३७॥**

તેથી હે માધવ, અમારા પોતાના જ બંધુઓ એવા ધૃતરાષ્ટ્ર પુત્રોને હણવા અમારે માટે યોગ્ય નથી. પોતાના બંધુઓ ક્યાંથી ? તે તો શત્રુ નહોતા ? વાસ્તવમાં શરીરના સંબંધો અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે. આ મામા છે, આ સસરા છે, સ્વજન સમુદાય છે આ બધું જ અજ્ઞાન જ છે. શરીર નશ્વર છે, તો આ સંબંધો ક્યાં રહેવાના ? મોહ છે ત્યાં સુધી સ્નેહીજન છે, આ પરિવાર છે, આપણી દુનિયા છે. મોહ નથી તો કાંઈ પણ નથી. આથી તો શત્રુ પણ અર્જુનને સ્વજન દેખાય છે. તે કહે છે કે પોતાના કુટુંબને મારીને અમે કેવી રીતે સુખી થઈએ ? અજ્ઞાન અને મોહ ન રહે તો કુટુંબનું અસ્તિત્વ પણ ન રહે. આ અજ્ઞાન અને જ્ઞાનનું પ્રતીક પણ છે. ભર્તૃહરિ, તુલસીદાસ વગેરે અનેક મહાનુભાવોને વૈરાગ્યની પ્રેરણા પત્ની પાસેથી મળી, તો કોઈ અપરમાના વ્યવહારથી ખિન્ન બનીને વૈરાગ્યના માર્ગ પર ચાલી નીકળ્યા હોવાનું દેખાય છે.

**यद्यप्येते न पश्यन्ति लोभोपहतचेतसः ।**
**कुलक्षयकृतं दोषं मित्रदोहे च पातकम् ॥३८॥**

લોભથી તેમનાં ચિત્ત ભ્રષ્ટ થયેલાં છે એટલે તેઓ કુશળતાના દોષને અને મિત્રદોહના પાપને સમજી શકતા નથી. આ એમની ઊણપ છે. આમ છતાં —

**कथं न ज्ञेयमस्माभिः पापादस्मान्निवर्तितुम् ।**
**कुलक्षयकृतं दोषं प्रपश्यद्भिर्जनार्दन ॥३९॥**

હે જનાર્દન, કુળનાશના દોષને સમજનારા અમે આ પાપમાંથી બચવાનું કેમ ન વિચારીએ ? હું જ પાપ કરું છું એવી વાત નથી. આપ પણ ભૂલ કરી રહ્યા છો ! શ્રી કૃષ્ણ પર પણ આરોપ મૂકે છે. હજુ તે પોતાને શ્રી કૃષ્ણથી સહેજ પણ ઊતરતો માનતો નથી. પ્રત્યેક નવો સાધક ગુરુના શરણમાં જતા આ પ્રકારના તર્ક કરે છે અને પોતે બધું જાણે છે એમ માની લે છે. અર્જુન આ જ કહે છે — તે લોકો ભલે ન સમજે, પરંતુ હું અને આપ તો સમજદાર છીએ. કુળનાશના દોષો પર આપણે વિચાર કરવો જોઈએ. કુળનાશમાં શા શા દોષ છે ?

**कुलक्षये प्रणश्यन्ति कुलधर्माः सनातनाः ।**
**धर्मे नष्टे कुलं कृत्स्नमधर्मोऽभिभवत्युत ॥४०॥**

કુળનો નાશ થતાં સનાતન કુળધર્મોનો નાશ થાય છે. અર્જુન કુળધર્મ - કુલાચારને જ સનાતન ધર્મ સમજે છે. ધર્મનો નાશ થતા સમગ્ર કુળને અધર્મ ડુબાવી દે છે.

**अधर्माभिभवात्कृष्णे प्रदुष्यन्ति कुलस्त्रियः ।**
**स्त्रीषु दुष्टासु वार्ष्णेय जायते वर्णसंकरः ॥४१॥**

હે કૃષ્ણ, પાપ અધિક માત્રામાં વધી જતાં કુળની સ્ત્રીઓ દુરાચારી બને છે. હે વાર્ષ્ણેય, સ્ત્રીઓ દુરાચારી થતાં વર્ણસંકર પ્રજા પેદા થાય છે. અર્જુનની માન્યતા હતી કે કુળની સ્ત્રીઓ દૂષિત થતાં વર્ણસંકર પ્રજા પેદા થાય છે, પરંતુ શ્રી કૃષ્ણે એ વાતનું ખંડન કરતા આગળ બતાવ્યું છે કે હું અથવા સ્વરૂપમાં સ્થિત મહાપુરુષ આરાધના-ક્રમમાં ભ્રમ ઉત્પન્ન કરે તો વર્ણસંકરતા ઉત્પન્ન થાય છે. વર્ણસંકરતાના દોષો પર પ્રકાશ નાખતાં અર્જુન કહે છે —

**संङ्करो नरकायैव कुलघ्नानां कुलस्य च ।**
**पतन्ति पितरो ह्येषां लुप्तपिण्डोदकक्रियाः ॥४२॥**

વર્ણસંકર પ્રજા કુળનો નાશ કરે છે અને કુળને નરકમાં પહોંચાડે છે. શ્રાદ્ધની પિંડોદકક્રિયા અટકી જતાં તેના પિતૃઓની અવગતિ થાય છે. વર્તમાન નષ્ટ પામે છે. ભૂતકાળના પિતૃઓની અવગતિ થાય છે અને ભવિષ્યની પ્રજાની પણ અવગતિ થશે.

**दोषैरेतैः कुलघ्नानां वर्णसंकरकारकैः ।**
**उत्साद्यन्ते जातिधर्माः कुलधर्माश्च शाश्वताः ॥४३॥**

આ વર્ણસંકરને જન્મ આપતા દોષોથી સનાતન કુલધર્મ અને જાતિધર્મ નષ્ટ થાય છે. અર્જુન માને છે કે કુલધર્મ સનાતન છે, કુલધર્મ શાશ્વત છે. પરંતુ શ્રી કૃષ્ણે આ વાતનું ખંડન કર્યું છે અને દર્શાવ્યું છે કે આત્મા જ સનાતન, શાશ્વત ધર્મ છે. વાસ્તવિક સનાતન ધર્મને જાણતા અગાઉ મનુષ્ય ધર્મના નામ પર કોઈ ને કોઈ રૂઢિને જાણે છે. એ જ રીતે અર્જુન પણ જાણે છે, જે શ્રી કૃષ્ણના મતે એકમાત્ર રૂઢિ છે.

**उत्सन्नकुलधर्माणां मनुष्याणां जनार्दन ।**
**नरके नियतं वासो भवतीत्यनुशुश्रुम ॥४४॥**

હે જનાર્દન ! જેમના કુલધર્મનો નાશ થયો હોય એવા મનુષ્યો અનંતકાળ સુધી નરકમાં પડે છે. કુલધર્મ જ નાશ પામતો નથી, પરંતુ શાશ્વત અને સનાતન ધર્મ પણ નાશ પામે છે. આપણે જોયું નથી પણ સાંભળતા આવ્યા છીએ કે ધર્મ જ નાશ પામે તો એવા પુરુષનો અંતકાળ સુધી નરકમાં વાસ થાય છે.

**अहो बत महत्पापं कर्तुं व्यवसिता वयम् ।**
**यद्राज्यसुखलोभेन हन्तुं स्वजनमुद्यताः ॥४५॥**

અહો ! અમે બુદ્ધિમાન હોવા છતાં મહા પાપ કરવા તૈયાર થયા છીએ એ દુઃખની વાત છે. રાજ્ય અને સુખના લોભે અમે કુળને મારવા તત્પર થયા છીએ.

હજુ અર્જુન પોતાને ઓછો જ્ઞાની નથી સમજતો. આરંભમાં પ્રત્યેક સાધક આ જ રીતે બોલે છે. મહાત્મા બુદ્ધનું કથન છે કે, ''મનુષ્યને જ્યારે અડધું જ્ઞાન હોય ત્યારે તે પોતાને મહાન જ્ઞાની સમજે છે અને અડધાથી પણ

આગળ જાણકારી પ્રાપ્ત થવા માંડે છે ત્યારે તે પોતાને મહામૂર્ખ સમજે છે.'' બરાબર આ જ પ્રમાણે અર્જુન પણ પોતાને જ્ઞાની સમજે છે. તે શ્રીકૃષ્ણને સમજાવે છે કે આ પાપથી કોઈ કલ્યાણ થવાનું નથી. માત્ર રાજ્ય અને સુખના લોભમાં લડીને અમે કુળનાશ કરવા તત્પર થયા છીએ તે મહાન ભૂલ છે. હું ભૂલ કરી રહ્યો છું એટલું જ નહિ તમે પણ ભૂલ કરી રહ્યા છો. એક ધક્કો શ્રી કૃષ્ણને પણ માર્યો. અંતમાં અર્જુન પોતાનો નિર્ણય જણાવે છે.

**यदि मामप्रतीकारमशस्त्रं शस्त्रपाणयः ।**
**धार्तराष्ट्रा रणे हन्युस्तन्मे क्षेमतरं भवेत् ॥४६॥**

શસ્ત્ર ધારણ કરેલા ધૃતરાષ્ટ્રના પુત્રો જો મને શસ્ત્ર વિનાના અને પ્રતિકાર ન કરનારને, રણમાં હણી નાખે તો તે મારે માટે વધારે કલ્યાણકારી હશે. ઈતિહાસ તો કહેશે કે અર્જુન મહાન હતો, જેણે પોતાનું બલિદાન આપીને યુદ્ધને નિવાર્યું. માસૂમ બાળકો સુખી રહે, કુળ બચી જાય એ માટે લોકો પ્રાણની આહુતિ આપી દે છે. મનુષ્ય પરદેશ જતો રહે, વૈભવશાળી મહેલમાં રહેવા લાગે, પરંતુ બે દિવસ બાદ એને પોતાની છોડી દીધેલી ઝૂંપડી યાદ આવવા માંડશે. મોહ ખૂબ પ્રબળ હોય છે. આથી જ અર્જુન કહે છે કે શસ્ત્રધારી ધૃતરાષ્ટ્રનો પુત્ર મને, પ્રતિકાર ન કરનારને રણમાં હણી નાખે તો તે મારે માટે અતિ કલ્યાણકારી બનશે, જેથી પુત્રો તો સુખી રહી શકે.

**संजय उवाचः-**
**एवमुक्त्वार्जुनः संख्ये रथोपस्थे उपाविशत् ।**
**विसृज्य सशरं चापं शोकसंविग्नमानसः ॥४७॥**

સંજયે કહ્યું : આ પ્રમાણે કહીને શોકથી વ્યગ્ર બનેલો અર્જુન રણભૂમિમાં ધનુષ્યબાણ છોડી દઈને રથના પાછળના ભાગમાં બેસી ગયો અર્થાત્ ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞના સંઘર્ષમાં ભાગ લેવામાં પીછેહઠ કરી ગયો.

**નિષ્કર્ષ :**

ગીતા ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞના યુદ્ધનું નિરૂપણ છે. આ ઈશ્વરીય વિભૂતિઓથી સંપન્ન ભગવત્ સ્વરૂપને બતાવનાર ગીત છે. આ ગીત જે ક્ષેત્રમાં થાય છે તે

યુદ્ધક્ષેત્ર "શરીર" છે, જેમાં બે પ્રવૃત્તિઓ છે - ધર્મક્ષેત્ર અને કુરુક્ષેત્ર. સૈન્યના આ સ્વરૂપ અને બળનો આધાર બતાવ્યો અને શંખધ્વનિથી તેના પરાક્રમની જાણકારી મળી. તે ઉપરાંત જે સેનાની સામે લડવાનું છે તેનું નિરીક્ષણ થયું, જેની ગણના અઢાર અક્ષૌહિણી (લગભગ સાડા છ અબજ) કહેવાય છે, પરંતુ હકીકતમાં તે અનંત છે. પ્રકૃતિના દૃષ્ટિકોણ બે છે — એક ઈષ્ટતરફી પ્રવૃત્તિ — દૈવી સંપત્તિ, બીજી બહિર્મુખ પ્રવૃત્તિ — આસુરી સંપત્તિ : બંને પ્રકૃતિ જ છે. એક ઈષ્ટની તરફ ધકેલે છે. પરમધર્મ પરમાત્માની તરફ લઈ જાય છે અને બીજી પ્રકૃતિમાં વિશ્વાસ અપાવે છે. પહેલાં દૈવી સંપત્તિને સાધીને આસુરી સંપત્તિનો અંત લાવવામાં આવે છે, પછી શાશ્વત સનાતન પરબ્રહ્મના દિગ્દર્શન અને તેમાં સ્થિતિની સાથે, દૈવી સંપત્તિની આવશ્યકતા પૂરી થઈ જાય છે. યુદ્ધનું પરિણામ નીકળી આવે છે.

અર્જુનને સૈન્યનું નિરીક્ષણ કરતી વખતે પોતાનો પરિવાર જ દેખાય છે, જેને મારવાનો છે. જ્યાં સુધી સંબંધ છે એટલું જ જગત છે. અનુરાગના પ્રથમ ચરણમાં પારિવારિક મોહ બાધક બને છે. સાધક જ્યારે જુએ છે કે મધુર સંબંધોમાં એટલો વિચ્છેદ પડી જાય છે કે જાણે તે સંબંધો હતા જ નહીં, ત્યારે તેને ગભરામણ થવા માંડે છે. સ્વજનો પ્રત્યેની આસક્તિ દૂર કરવામાં એને અકલ્યાણ દેખાય છે. તે પ્રચલિત રૂઢિ-પરંપરામાં પોતાનો બચાવ શોધે છે. આવું જ અર્જુને કર્યું એણે કહ્યું - "કુલધર્મ જ સનાતન ધર્મ છે. આ યુદ્ધથી સનાતન ધર્મ નાશ પામશે, કુળની સ્ત્રીઓ દૂષિત થશે, વર્ણસંકર પ્રજા પેદા થશે જે કુલ અને કુલઘાતી બંનેને નરકમાં લઈ જશે." અર્જુન પોતાની સમજ પ્રમાણે સનાતન ધર્મની રક્ષા માટે વિકળ છે. એણે શ્રીકૃષ્ણને અનુરોધ કર્યો કે આપણે સમજદાર થઈને પણ મહાપાપ કેમ કરીએ છીએ ? મતલબ કે શ્રીકૃષ્ણ પણ પાપ કરવા જઈ રહ્યા હતા. અંતમાં પાપથી બચવા માટે "હું યુદ્ધ નહી કરું" એવું કહીને હતાશ અર્જુન રથના પાછળના ભાગમાં બેસી ગયો. ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞના સંઘર્ષમાંથી પાછો ખસી ગયો.

ટીકાકારોએ આ અધ્યાયને "અર્જુનવિષાદયોગ" કહ્યો છે. અર્જુન અનુરાગનું પ્રતીક છે. સનાતનધર્મ માટે વિકળ થવાવાળા અનુરાગી વિષાદ-યોગનું કારણ બને છે. આ જ વિષાદ મનુને થયો હતો. **'हृदय बहुत दुःख**

**लागा, जनम गयउ हरि भगती विनु । (रा. १/१४२)'** સંશયમાં પડી મનુષ્ય વિષાદ કરે છે. એને સંદેહ હતો કે વર્ણસંકર પેદા થશે જે નરકમાં લઈ જશે. સનાતન ધર્મ નષ્ટ થવાનો તેને વિષાદ પણ હતો. તેથી 'સંશય વિષાદ યોગ'નું સામાન્ય નામકરણ આ અધ્યાય માટે યોગ્ય છે તેથી.

**ॐ तत्सदिति श्रीमद् भागवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे 'संशय-विषादयोगो' नाम प्रथमोऽध्यायः ॥१॥**

આ પ્રકારે શ્રીમદ્ ભગવદ્ગીતારૂપી ઉપનિષદ અર્થાત્ બ્રહ્મવિદ્યા તથા યોગશાસ્ત્રવિષયક શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદમાં 'સંશય વિષાદ યોગ' નામનો પ્રથમ અધ્યાય પૂર્ણ થાય છે.

**इति श्रीमत्परमहंस परमानन्दस्य शिष्य स्वामी श्री अडगडानन्दकृते श्रीमद भगवद्गीतायाः 'यथार्थ गीता' भाष्ये 'संशय-विषाद योगो'नाम प्रथमोऽध्याय ॥१॥**

આ રીતે શ્રીમદ્ પરમહંસ પરમાનન્દજીના શિષ્ય સ્વામી શ્રી અડગડાનંદકૃત શ્રીમદ્ ભગવદ્ગીતાના ભાષ્ય 'યથાર્થ ગીતા'માં 'સંશય-વિષાદ યોગ' નામનો પ્રથમ અધ્યાય પૂરો થાય છે.

**॥ हरिः ॐ तत्सत् ॥**

ॐ

श्री परमात्मने नमः

# અધ્યાય બીજો

ગીતાનો પહેલો અધ્યાય એટલે ગીતાની પ્રવેશિકા. એના પ્રારંભમાં પથિકને પ્રતીત થનારી મૂંઝવણોનું ચિત્રણ છે. લડવાવાળા તો બધા કૌરવો અને પાંડવો બંને હતા, પરંતુ સંશય માત્ર અર્જુનને જ થાય છે. અનુરાગ એટલે જ અર્જુન. ઈષ્ટને અનુરૂપ રાગ જ પથિકને ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનો સંઘર્ષ પ્રેરે છે. અનુરાગ એટલે પ્રેમ જે પ્રારંભની કક્ષા છે. પૂજ્ય મહારાજજી કહેતા : "સદ્‌ગૃહસ્થને ગૃહસ્થાશ્રમમાં રહેતાં રહેતાં ગ્લાનિ ઉદ્‌ભવે, અશ્રુપાત થવા લાગે, કંઠ રૂંધાઈ જાય તો સમજી લેવુ કે ત્યાં હવે ભજનનો આરંભ થઈ ગયો." પ્રેમમાં — અનુરાગમાં આ બધું આવી જાય છે. તેમાં ધર્મ, નિયમ,સત્સંગ, ભાવ બધું જ હશે.

ભક્તિ એટલે કે અનુરાગના પ્રથમ ચરણમાં સ્વજનો તરફનો મોહ બાધક થાય છે. પહેલાં સૌ કોઈ ઈચ્છે છે કે એ પરમ સત્યને પ્રાપ્ત કરી લઈએ, પરંતુ આગળ વધતાં સૌને દેખાય છે કે આ બધા મીઠા સંબંધોનો ત્યાગ કરવો પડશે ત્યારે સૌ હતાશ થાય છે. પહેલાં પોતે જેને ધર્મ, કર્મ માનીને કરતો હતો એટલામાં જ તે સંતોષ માનવા લાગે છે. પોતાના મોહના સમર્થન માટે તે પ્રચલિત રૂઢિઓનું પ્રમાણ પણ રજૂ કરે છે, જેમ અર્જુને કહ્યું કે, "કુલધર્મ સનાતન" છે. યુદ્ધથી સનાતન ધર્મનો લોપ થશે, કુલક્ષય થશે, સ્વચ્છંદાચાર ફેલાશે. આ અર્જુનનો ઉત્તર ન હતો, પરંતુ સદ્‌ગુરુ મળ્યા પૂર્વે અપનાવાયેલી એક ખોટી રીત માત્ર હતી.

આવી જ ખોટી પદ્ધતિમાં ફસાઈને માનવી જુદા જુદા ધર્મ, અનેક સંપ્રદાય, નાનામોટાં જૂથો અને અસંખ્ય જાતિઓની રચના કરી લે છે. કોઈ નાક દબાવે છે, તો કોઈ કાન વીંધે છે, કોઈને અડવામાત્રથી ધર્મ નષ્ટ થઈ જાય છે, તો ક્યાંક રોટી-પાણીથી ધર્મ નષ્ટ થઈ જાય છે. તો શું અડવું- આભડવું એ દોષ છે ? કદાપિ નહિ. દોષ આપણા આ ભ્રમ ફેલાવનારાઓનો છે. ધર્મના નામે આપણે કુરીતિઓ, કુરિવાજોનો ભોગ થયા છીએ, તેથી દોષ આપણો છે.

મહાત્મા બુદ્ધના સમયમાં કેશ-કંબલ નામનો એક સંપ્રદાય હતો, જેમાં કેશને વધારી, તેનો કામળાની માફક ઉપયોગ કરવો તેને પૂર્ણતાનો માપદંડ માનવામાં આવતો. કોઈ ગૌવ્રતિક (ગાયની જેમ રહેનારો) હતો, તો કોઈ ''કુક્કુરવ્રતિક'' (કૂતરાની જેમ ખાનાર, પીનાર કે રહેનાર) હતો. બ્રહ્મવિદ્યાને આ કશા સાથે સંબંધ નથી. સંપ્રદાયો અને કુરિવાજો— રૂઢિઓ પહેલાં પણ હતાં, આજ પણ છે. ઠીક તે જ પ્રમાણે કૃષ્ણકાળમાં પણ સંપ્રદાયો હતા અને કુરિવાજો— રૂઢિઓ પણ હતા. તેમાંના એકાદ કુરિવાજનો શિકાર અર્જુન પણ થયો હતો. તેણે ચાર તર્ક રજૂ કર્યા (૧) ''યુદ્ધથી સનાતન ધર્મ નષ્ટ થઈ જશે.'', (૨) ''વર્ણસંકર પ્રજા પેદા થશે.'', (૩) ''પિંડોદક ક્રિયાનો લોપ થશે'' અને (૪) ''અમે લોકો કુલક્ષય દ્વારા મહાન પાપ કરવા તત્પર થયા છીએ.'' આ બાબતમાં યોગેશ્વર કૃષ્ણે કહ્યું :

**संजय उवाच :-**

**तं तथा कृपयाविष्टमश्रुपूर्णाकुलेक्षणम् ।**
**विषीदन्तमिदं वाक्यमुवाच मधुसूदनः ॥१॥**

આગળ જણાવ્યા પ્રમાણે કરુણાસભર, અશ્રુપૂર્ણ, વ્યાકુળ નેત્રોવાળા તે અર્જુન પ્રતિ 'મધુસૂદન' એટલે કે મદનો વિનાશ કરનાર ભગવાને આ પ્રમાણે વચન કહ્યાં :

**श्री भगवानुवाच :-**

**कुतस्त्वा कश्मलमिदं विषमे समुपस्थितम् ।**
**अनार्यजुष्टमस्वर्ग्यमकीर्तिकरमर्जुन ॥२॥**

હે અર્જુન ! આ વિષમ સ્થળે તને વળી આ અજ્ઞાન ક્યાંથી ઊપજ્યું ? વિષમ સ્થળ એટલે જેના જેવું સૃષ્ટિમાં અન્ય કોઈ સ્થળ છે જ

નહિ, જેનું લક્ષ્ય પારલૌકિક છે તેવા નિર્વિવાદ સ્થળ પર તને અજ્ઞાન ક્યાંથી ઊપજ્યું ? અજ્ઞાન કેમ ? અર્જુન તો સનાતન ધર્મની રક્ષા માટે કટિબદ્ધ છે. સનાતન ધર્મની રક્ષા કાજે પ્રાણ ન્યોચ્છાવર કરવાની તત્પરતા બતાવવી એ શું અજ્ઞાન છે ? શ્રીકૃષ્ણ કહે છે — "હા, તે અજ્ઞાન છે." સમર્થ પુરુષો દ્વારા ન તો એ આચરણમાં મુકાયું છે, ન તો તે સ્વર્ગ આપનારું છે. વળી તે કીર્તિ પ્રાપ્ત કરાવનારું પણ નથી. સન્માર્ગ પર જે દૃઢતાપૂર્વક આરૂઢ છે, તેને જ આર્ય કહેવાય છે. પરિવાર માટે મરી ફીટવું એ જો અજ્ઞાન ન હોત તો મહાપુરુષો તે માર્ગે જરૂર ચાલ્યા હોત. જો કુલધર્મ જ સત્ય હોત તો તે સ્વર્ગ અને કલ્યાણમાર્ગનું સોપાન અવશ્ય બની જાત. તે કીર્તિદાતા પણ નથી. મીરાં ભજન કરવા લાગી તો - "લોગ કહે મીરાં ભઈ બાવરી, સાસ કહે કુલનાશી રે"— જે પરિવાર, કુળ અને મર્યાદા માટે સાસુ વલખાં મારી રહી હતી, આજ એ કુળવતી સાસુને કોઈ જાણતું નથી. વિશ્વ મીરાંને જાણે છે. બરાબર તે જ પ્રમાણે પરિવાર માટે જે હેરાન થાય છે તેની કીર્તિ ક્યાં સુધી રહેશે ? જેમાં કીર્તિ નથી, કલ્યાણ નથી, શ્રેષ્ઠ પુરુષોએ ભૂલમાં પણ જેનું આચરણ કર્યું નથી, એ વાત જ પુરવાર કરે છે કે તે અજ્ઞાન છે. માટે જ —

**क्लैब्यं मा स्म गमः पार्थ नैतत्त्वय्युपपद्यते ।**
**क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परंतप ॥३॥**

અર્જુન ! નપુંસક ન થા. શું અર્જુન નપુંસક હતો ? શું તમે પુરુષ છો ? જે પૌરુષહીન છે તે જ નપુંસક છે. સૌ પોતપોતાની સમજ પ્રમાણે પુરુષાર્થ તો કરે જ છે. ખેડૂત રાત-દિવસ પરસેવો પાડી ખેતરમાં પુરુષાર્થ કરે છે. કોઈ વળી વેપાર કરવામાં પુરુષાર્થ સમજે છે. જીવનભર આવો પુરુષાર્થ કરીને પણ અંતે ખાલી હાથે જવું પડે છે. તેથી સ્પષ્ટ છે કે આ પુરુષાર્થ નથી. શુદ્ધ પુરુષાર્થ તો છે : "આત્મદર્શન" ગાર્ગીએ યાજ્ઞવલ્કયને કહ્યું —

**नपुंसक पुमान् ज्ञेयो यो न वेत्ति हृदि स्थितम् ।**
**पुरुष स्वप्रकाशं तस्मानन्दात्मानव्ययम् ॥**

"જે માનવી હૃદયસ્થ આત્માને નથી ઓળખતો તે પુરુષ હોવા છતાં પણ નપુંસક છે. તે આત્મા જ પુરુષ સ્વરૂપ, સ્વયં પ્રકાશ, ઉત્તમ

આનંદયુક્ત અને અવ્યક્ત છે. તેને પામવાનો પ્રયાસ જ પૌરુષ છે.'' હે અર્જુન ! તું નપુંસકતાને પ્રાપ્ત ન થા. આ તારા માટે યોગ્ય નથી. હે પરંતપ ! હૃદયની આ ક્ષુદ્ર નિર્બળતાને ત્યાગીને યુદ્ધ માટે ખડો થઈ જા. આસક્તિનો ત્યાગ કર આ હૃદયની દુર્બળતા માત્ર છે. આ પરથી અર્જુને ત્રીજો પ્રશ્ન રજૂ કર્યો.

**अर्जुन उवाच :**

**कथं भीष्ममहं संख्ये द्रोणं च मधुसूदन ।**
**इषुभिः प्रतियोत्स्यामि पूजार्हावरिसूदन ॥४॥**

અહંકારનું શમન કરવાવાળા હે મધુસૂદન ! હું રણભૂમિમાં પિતામહ ભીષ્મ અને આચાર્ય દ્રોણ સાથે કઈ રીતે યુદ્ધ કરું ? હે અરિસૂદન ! તેઓ બંને મારા પૂજનીય છે.

દ્વૈત એ જ દ્રોણ. પ્રભુ અલગ છે; આપણે અલગ છીએ. દ્વૈતનું આ ભાન જ પ્રાપ્તિની પ્રેરણાનો પ્રારંભિક સ્રોત છે. આ જ દ્રોણાચાર્યનું ગુરુત્વ છે. ભ્રમ એ જ ભીષ્મ છે. જ્યાં સુધી ભ્રમ છે, ત્યાં સુધી બાળકો, પરિવાર, સગા-સંબંધી બધાં જ આપણા લાગે છે. પોતાનું લાગવું એ ભ્રમનું માધ્યમ છે. આત્મા આને જ પૂજ્ય માનીને આની સાથે રહે છે અને સમજે છે કે ''આ પિતા છે, દાદા છે, આ કુળગુરુ છે, વગેરે'' - સાધનાના પૂર્તિકાળમાં **न गुरु न चेला, पुरुष अकेला ।**

**न बन्धुर्न मित्रं गुरुर्नैव शिष्यः।**
**चिदानंदरुपः शिवोऽहम् शिवोऽहम् ॥**

જ્યારે ચિત્ત એ પરમ આનંદમાં લીન થઈ જાય છે, ત્યારે ન તો જ્ઞાનદાતા ગુરુ કે ગ્રહણકર્તા શિષ્ય શેષ રહે છે. આ જ પરમ સ્થિતિ છે. ગુરુ ગુરુત્વ પ્રાપ્ત કરી લે ત્યાર પછી ગુરુત્વ એક જેવું બની જાય છે. શ્રી કૃષ્ણ કહે છે - ''અર્જુન ! તું મારામાં નિવાસ કરીશ.'' જેવા શ્રીકૃષ્ણ એવા જ અર્જુન. એ જ પ્રકારે ગુરુત્વ પ્રાપ્ત કરનાર મહાપુરુષ એક જેવા થઈ જાય છે. આવી અવસ્થામાં ગુરુનો પણ વિલય થઈ જાય છે. ગુરુત્વ

હૃદયમાં પ્રવાહિત થઈ જાય છે. અર્જુન ગુરુપદને ઢાલ બનાવીને આ સંઘર્ષમાં પ્રવૃત્ત થતાં ડરે છે. તે કહે છે :

**गुरूनहत्वा हि महानुभावान्श्रेयो भोक्तुं भैक्ष्यमपीह लोके ।**
**हत्वार्थकामांस्तु गुरुनिहैव भुञ्जीय भोगान्रुधिरप्रदिग्धान् ॥५॥**

આ બધા મહાનુભાવ ગુરુજનોને મારવા કરતાં તો હું આ લોકમાં ભીખ માગીને અન્ન મેળવવાનું શ્રેષ્ઠ સમજું છું. અહીં ભિક્ષાનો અર્થ ઉદર-પોષણ માટે ભિક્ષા માગવાનો નથી, પરંતુ સત્પુરુષોની નાની-મોટી સેવા દ્વારા તેમની પાસેથી કલ્યાણની યાચના જ ભિક્ષા છે !

**अन्नम् ब्रह्मेति व्यजानात् । ( तैतरिय ३/२/१ )**

અન્ન એકમાત્ર પરમાત્મા છે. તેને પ્રાપ્ત કરીને આત્મા સદા માટે તૃપ્ત થઈ જાય છે. ક્યારેય અતૃપ્ત રહેતો નથી. આપણે મહાપુરુષોની સેવા અને યાચના દ્વારા ધીમે ધીમે બ્રહ્મપીયૂષ પ્રાપ્ત કરીએ, પરન્તુ આ પરિવાર ન છૂટે, આ જ અર્જુનની ભિક્ષાન્નની ઇચ્છા છે. સંસારમાં મોટા ભાગના લોકો આવું જ કરે છે. તેઓ ઇચ્છે છે કે પારિવારિક સ્નેહસંબંધ અકબંધ રહે અને મુક્તિ પણ શનૈઃ શનૈઃ પ્રાપ્ત થાય. પરંતુ ચાલવાવાળા પથિક માટે, જેના સંસ્કાર આનાથી ઊંચા છે, જેનામાં સંઘર્ષ કરવાની ક્ષમતા છે, સ્વભાવમાં ક્ષત્રિયપણું વહી રહ્યું છે, તેમના માટે ભિક્ષાન્ન નથી. પોતે શ્રમ ન કરવો અને યાચના કરવી એ ભિક્ષાન્ન છે. ગૌતમ બુદ્ધે પણ (**मज्झिम निकायना धम्मदायाद् सुत्त ( १/१/३**)માં આ ભિક્ષાન્નની '**आमिषदायाद—** માંસાહાર' કહીને તેને ત્યાજ્ય માનેલું છે, જ્યારે શરીર ધારણ કરવાથી બધા જ ભિક્ષુઓ હતા.

આ ગુરુજનોને મારીને શું મળશે ? આ લોકમાં લોહીથી ખરડાયેલા અર્થ અને કામ જ મળશે ને ! અર્જુન કદાચ એવું વિચારતો હતો કે ભજનથી ભૌતિક સુખોની માત્રામાં અભિવૃદ્ધિ થશે. આટલો સંઘર્ષ કર્યા પછી કેવળ આ શરીરના પોષક અર્થ અને કામના ભોગ જ મળશે. તેથી તે ફરીથી તર્ક કરે છે.

**न चैतद्विद्मः कतरन्नो गरीयो यद्वा जयेम यदि वा नो जयेयुः ।**
**यानेव हत्वा न जिजीविषामस्तेऽवस्थिताः प्रमुखे धार्तराष्ट्राः ॥६॥**

તે ભોગો મળશે જ એ પણ અનિશ્ચિત છે. અમને ખબર નથી કે અમારે માટે શું કરવું શ્રેયસ્કર છે, કારણ કે જે કંઈ મેં કહ્યું તે અજ્ઞાન પ્રમાણિત થઈ ગયું. આ પણ ખબર નથી કે અમે જીતીશું અથવા તેઓ જીતશે. જેને મારીને અમે જીવવા જ નથી માગતા, તે જ ધૃતરાષ્ટ્રના પુત્રો અમારી સામે ઊભા છે. અજ્ઞાનરૂપી ધૃતરાષ્ટ્રથી ઉત્પન્ન મોહ વગેરે સ્વજનોનો સમુદાય જ મરી જશે. ત્યાર બાદ અમે જીવીનેય શું કરીશું ? અર્જુન ફરીથી વિચારે છે કે જે કંઈ મેં કહ્યું તે અજ્ઞાન છે. તેથી તે પ્રાર્થના કરે છે.

**कार्पण्यदोषोपहतस्वभावः पृच्छामि त्वां धर्मसंमूढचेताः ।**
**यच्छ्रेयः स्यान्निश्चितं ब्रूहि तन्मे शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ॥७॥**

કાયરતાના દોષથી નષ્ટ સ્વભાવવાળો, ધર્મના વિષયમાં સર્વથા મોહિત ચિત્તવાળો હું આપને પૂછું છું. જે કંઈ નિશ્ચિત, પરમ કલ્યાણકારી હોય તે સાધન મારા માટે કહો. શા માટે કહેવું જોઈએ ? કારણ કે હું આપનો શિષ્ય છું. આપને શરણે છું, મારા પર શાસન કરો, માત્ર ઉપદેશ ન આપો, પરંતુ જ્યાં હું લથડું ત્યાં સંભાળો, ઊંચકાવી દો અને ઊંચકાવી દેવાવાળા કશાક પર મને લાદી દો, લદાવી દો અને લદાવનાર સાથે ચાલો. કદાચ પોટલું પડી જાય, ત્યારે કોણ એને ઊંચકાવશે ?'' એવું જ સમર્પણ અર્જુનનું છે.

અહીં અર્જુને પૂર્ણપણે સમર્પણ કરી દીધું. અત્યાર સુધી તે શ્રીકૃષ્ણને પોતાના સ્તરના જ સમજતો હતો, અનેક વિદ્યાઓમાં પોતાને કંઈક આગળ વધેલો માનતો હતો. આ તબક્કે વાસ્તવમાં પોતાની લગામ શ્રી કૃષ્ણને સોંપી દીધી છે. સદ્‌ગુરુ પૂર્તિપર્યંત હૃદયમાં વસીને સાધક સાથે ચાલે છે. જો તે સાથે ન રહે તો, સાધક પાર ન થઈ શકે. કન્યાનાં કુટુંબીજનો જેમ લગ્ન - વિવાહ સુધી સંયમનું શિક્ષણ આપીને તેને સંભાળે છે. એ જ રીતે સદ્‌ગુરુ પોતાના શિષ્યના અંતરાત્માના રથી બનીને તેને પ્રકૃતિની આંટીઘૂંટીમાંથી બહાર કાઢીને પાર કરાવી દે છે. અર્જુન નિવેદન કરે છે કે ભગવાન ! હજુ એક વાત છે.

**नहि प्रपश्यामि ममापनुद्याद्यच्छोकमुच्छोषणमिन्द्रियाणाम् ।**
**अवाप्य भूमावसपत्नमृद्धं राज्यं सुराणामपि चाधिपत्यम् ॥८॥**

આ પૃથ્વી પર ધન-ધાન્યથી સભર નિષ્કંટક રાજ્ય અને દેવતાઓનું સ્વામીપણું — ઇન્દ્રપદ પામીને પણ મારી ઇન્દ્રિયોને શોષી લેનારા આ શોકને દૂર કરી શકે એવો કોઈ ઉપાય મને દેખાતો નથી. જો શોક જ થયો છે, તો આ બધું લઈને પણ હું શું કરીશ ? જો આટલું જ મળવાનું છે તો ક્ષમા કરો. અર્જુને વિચાર્યું. હવે આની આગળ બતાવશેય શું ?

**संजय उवाच :**

**एवमुक्त्वा हृषीकेशं गुडाकेशः परंतप ।**
**न योत्स्य इति गोविन्दमुक्त्वा तूष्णीं बभूव ह ॥९॥**

સંજયે કહ્યું હે રાજન્ ! મોહનિશાને જીતનાર અર્જુન, અંતર્યામી શ્રી કૃષ્ણને "હું યુદ્ધ કરીશ નહિ", એમ કહીને ચૂપ થઈ ગયો. અહીં સુધી અર્જુનની દૃષ્ટિ પૌરાણિક છે. એમાં સ્વર્ગને જ સર્વસ્વ માનવામાં આવ્યું છે, એમાં કર્મકાંડો સાથે ભોગોની ઉપલબ્ધિનું વિધાન છે. શ્રીકૃષ્ણ પ્રકાશ ફેંકશે કે આ વિચારધારા પણ ખોટી છે.

**तमुवाच हृषीकेशः प्रहसन्निव भारत ।**
**सेनयोरुभयोर्मध्ये विषीदन्तमिदं वचः ॥१०॥**

તે ઉપરાંત હે ભરતવંશી ધૃતરાષ્ટ્ર ! અંતર્યામી યોગેશ્વર શ્રીકૃષ્ણે બંને સેનાઓ વચ્ચે ઊભેલા અર્જુનને હસીને આ પ્રમાણે કહ્યું.

**श्री भगवानुवाच :**

**अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे ।**
**गतासूनगतासूंश्च नानुशोचन्ति पण्डिताः ॥११॥**

હે અર્જુન ! તું શોક કરવા યોગ્ય ન હોય તેઓ માટે શોક કરે છે અને પંડિતો જેવી વાણી બોલે છે, પરંતુ બુદ્ધિમાન પંડિતજનો જેમના પ્રાણ ચાલ્યા ગયા છે તેમના માટે તેમજ જેમના પ્રાણ ગયા નથી તેમના માટે પણ શોક કરતા નથી, કારણ કે તેઓ પણ મૃત્યુ પામવાના છે. તું પંડિતો જેવી વાતો જ કરે છે, હકીકતમાં તું જ્ઞાતા નથી, કારણ કે....

**न त्वेवाहं जातु नासं न त्वं नेमे जनाधिपाः ।**
**न चैव न भविष्यामः सर्वे वयमतः परम् ॥१२॥**

એવું નથી કે હું અર્થાત્, સદ્ગુરુ કોઈ કાળમાં ન હતા અથવા તું અર્થાત્ અનુરાગી અધિકારી અથવા "**जनाधिपाः**" રાજાઓ અર્થાત્ રાજસી વૃત્તિમાં જોવા મળતો અહં ન હતો, અને ન તો એવું છે કે આગળ આપણે બધા નહિ રહીએ. સદ્ગુરુ નિત્ય રહે છે, અનુરાગી હંમેશાં રહે છે. અહીં યોગેશ્વરે યોગ અનાદિ છે તે વાત પર પ્રકાશ ફેંકતાં, ભવિષ્યમાં પણ યોગ સદૈવ રહેશે- તે વાત પર ભાર મૂક્યો છે. મૃત્યુ પામનારાઓ માટે શોક ન કરવાનું કારણ દર્શાવી એમણે કહ્યું —

**देहिनोऽस्मिन्यथा देहे कौमारं योवनं जरा ।**
**तथा देहान्तरप्राप्तिर्धीरस्तत्र न मुह्यति ॥१३॥**

જીવાત્માની આ દેહમાં કૌમાર્ય, યૌવન અને વાર્ધક્ય એવી ત્રણ અવસ્થા હોય છે. તેમ જુદાં જુદાં શરીરોની પ્રાપ્તિ થતી રહેતી હોય છે તેથી ધીર પુરુષો એમાં મોહ પામતા નથી. ક્યારેક તમે બાળક હતા, ધીમે ધીમે યુવાન થયા એટલે તમે મરી તો નથી ગયા ? વળી પાછા વૃદ્ધ થયા, પુરુષ એક જ છે. આમ નવા દેહની પ્રાપ્તિ વખતે પણ કોઈ તિરાડ પડતી નથી. આવાં પરિવર્તનોથી પર વસ્તુ તમને સાંપડશે નહિ ત્યાં સુધી ક્લેવરનું આ પરિવર્તન ચાલુ જ રહેશે.

**मात्रास्पर्शास्तु कौन्तेय शीतोष्णसुखदुःखदाः ।**
**आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षस्व भारत ॥१४॥**

હે કુંતીપુત્ર ! સુખ-દુઃખ, ઠંડી-ગરમીનો અનુભવ કરાવનારી ઇન્દ્રિયો અને વિષયોનું મળવું તો અનિત્ય છે. ક્ષણભંગુર છે. તેથી હે ભરતવંશી અર્જુન ! તું આનો ત્યાગ કર. અર્જુન, ઇન્દ્રિય અને વિષયના સંયોગથી મળતા સુખને યાદ કરીને જે વ્યાકુલ બન્યો હતો. કુળધર્મ, કુળગુરુઓની પૂજ્યતા વગેરે ઇન્દ્રિયો પ્રત્યેના પ્રેમમાં જ આવી જાય છે. તે ક્ષણિક છે, જૂઠાં છે, નાશવંત છે. વિષયોનો સંયોગ ન તો હમેશાં મળશે, ન તો ઇન્દ્રિયોની ક્ષમતા સદા એવી ને એવી રહેશે, માટે અર્જુન ! તું આનો

ત્યાગ કર ! સહન કર. કેમ ? શું હિમાલયની લડત હતી કે અર્જુન ઠંડી સહન કરે ? અથવા તે રણપ્રદેશની લડત હતી કે જ્યાં અર્જુન ગરમી સહન કરે ? 'કુરુક્ષેત્ર' જેને લોકો બહાર બતાવે છે તે તો સમશીતોષ્ણ સ્થળ છે. કુલ અઢાર જ દિવસ લડાઈ ચાલી, એમાં શિયાળો, ઉનાળો ક્યાં વીતી ગયો ? હકીકતમાં ઠંડી અને ગરમી, દુઃખ-સુખ, માન-અપમાન, સહન કરવું એ યોગી ઉપર આધાર રાખે છે. આ તો હૃદય-દેશની લડાઈનું ચિત્રણ છે. ગીતા બહારના યુદ્ધની વાત નથી કરતી. આ ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનો સંઘર્ષ છે. એમાં આસુરી સંપત્તિનું સર્વથા શમન કરી પરમાત્મામાં સ્થિતિ અપાવી દઈ, દૈવી સંપદ્ પણ શાંત થઈ જાય છે. જ્યારે વિકાર છે જ નહિ, તો સજાતીય પ્રવૃત્તિઓ કોની ઉપર આક્રમણ કરે ? તેથી પૂર્ણત્વ સાથે તે પણ શાંત થઈ જાય છે, તે પહેલાં નહિ. ગીતા આંતરિક લડાઈનું ચિત્ર છે. ત્યાગથી શું મળશે ? તેનાથી શું મળશે ? આ અંગે શ્રીકૃષ્ણ કહે છે —

**यं हि न व्यथयन्त्येते पुरुषं पुरुषर्षभ ।**
**समदुःखसुखं धीरं सोऽमृतत्वाय कल्पते ॥१५॥**

કારણ કે હે પુરુશ્રેષ્ઠ ! સુખદુઃખને સમાન સમજનારા જે ધીર પુરુષને વિષયો અને ઇન્દ્રિયોનો સંબંધ વ્યથિત નથી કરી શકતો, તે મૃત્યુથી પર અમૃતત્ત્વની પ્રાપ્તિ માટે યોગ્ય થઈ જાય છે. અહીં શ્રીકૃષ્ણે એક ઉપલબ્ધિ 'અમૃત'ની ચર્ચા કરી. અર્જુન વિચારતો હતો કે યુદ્ધના પરિણામસ્વરૂપે સ્વર્ગ મળશે અથવા પૃથ્વી; પરંતુ શ્રીકૃષ્ણ કહે છે કે ન સ્વર્ગ મળશે, ન પૃથ્વી, પરંતુ અમૃત મળશે. 'અમૃત' શું છે ?

**नासतो विद्यते भावो नाभावो विद्यते सतः ।**
**उभयोरपि दृष्टोऽन्तस्त्वनयोस्तत्त्वदर्शिभिः ॥१६॥**

અર્જુન ! અસત્ વસ્તુનું અસ્તિત્વ નથી, તે છે જ નહિ. તેને રોકી શકાય નહિ. સત્યનો ત્રણે કાળમાં અભાવ નથી. તેને મિટાવી શકાતું નથી. અર્જુને પૂછ્યું : ''શું ભગવાન હોવાથી આપ આવું કહો છો ?'' શ્રીકૃષ્ણે જણાવ્યું, ''હું તો કહું જ છું.'' આ બંનેનો ભેદ મારી જેમ તત્ત્વદર્શીઓએ પણ જાણેલો છે. શ્રીકૃષ્ણે એ જ સત્ય ફરીવાર કહ્યું જે તત્ત્વદર્શીએ ક્યારેક જોયું હતું. શ્રીકૃષ્ણ પણ એક મહાન તત્ત્વદર્શી પુરુષ હતા. પરમતત્ત્વ પરમાત્માનું પ્રત્યક્ષ દર્શન કરીને તેમાં સ્થિતિવાળા તત્ત્વદર્શી કહેવાય છે. સત્ અને અસત્ શું છે ? તે વિષે કહે છે :

**अविनाशि तु तद्विद्धि येन सर्वमिदं ततम् ।**
**विनाशमव्ययस्यास्य न कश्चित्कर्तुमर्हति ॥१७॥**

નાશરહિત તો તે છે જેના વડે આ સંપૂર્ણ જગત વ્યાપ્ત છે. આ **'अव्ययस्य'** અવિનાશીનો વિનાશ કરવા કોઈ સમર્થ નથી, પરંતુ આ અવિનાશી 'અમૃત'નું નામ શું છે ? તે કોણ ?

**अन्तवन्त इमे देहा नित्यस्योक्ताः शरीरिणः ।**
**अनाशिनोऽप्रमेयस्य तस्माद्युध्यस्व भारत ॥१८॥**

અવિનાશી, અપ્રમેય, નિત્ય સ્વરૂપ આત્માનાં આ બધાં શરીર નાશવાન કહેવાય છે. તેથી હે ભરતવંશી અર્જુન તું, યુદ્ધ કર. આત્મા જ અમૃત છે. આત્મા જ અવિનાશી છે. એનો ત્રણ કાળમાં નાશ થતો નથી. આત્મા જ સત્ છે. શરીર નાશવંત છે. આ જ અસત્ છે; એનું ત્રણે કાળમાં અસ્તિત્વ નથી.

શરીર નાશવંત છે, માટે તું યુદ્ધ કર— આ આદેશથી એમ સ્પષ્ટ થતું નથી કે અર્જુન માત્ર કૌરવોને જ મારે. પાંડવ પક્ષમાં પણ શરીર ઊભાં હતાં. શું પાંડવોના શરીર અવિનાશી હતાં ? શું અર્જુન કોઈ શરીરધારી હતો ? શરીર જે અસત્ છે, જેનું અસ્તિત્વ નથી, જેને રોકી ન શકાય. — શું શ્રી કૃષ્ણ એ જ શરીરની રક્ષા કાજે ઊભા હતા ? જો એમ જ હોય તો તે પણ અવિવેકી અને મૂઢબુદ્ધિ છે. કારણ કે આગળ શ્રીકૃષ્ણ પોતે જ કહે છે કે જે કેવળ શરીરના માટે જ શ્રમ કરે છે. (૩-૧૩), તે અવિવેકી અને મૂઢ છે, તે પાપી પુરુષ વ્યર્થ જ જીવે છે. તો છેવટે અર્જુન હતો કોણ ?

હકીકતમાં 'અનુરાગ' જ અર્જુન છે. અનુરાગી માટે ઈષ્ટ સદા રથી બનીને સાથે રહે છે. સખા (મિત્ર)ની જેમ એને માર્ગદર્શન આપે છે. તમે શરીર નથી. શરીર તો આવરણ છે, રહેવાનું મકાન છે. એમાં નિવાસ કરનારો તો અનુરાગપૂરિત આત્મા છે. ભૌતિક યુદ્ધ, મારવા-કાપવાથી શરીરનો અંત આવતો નથી. એક શરીર છૂટશે, તો આત્મા અન્ય શરીર ધારણ કરી લેશે.

શરીર સંસ્કારોને આધીન છે અને સંસ્કાર મન પર આધારિત છે. **मनः एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः** — મનનો સર્વથા નિગ્રહ થવો,

અચલ-સ્થિર રહેવું અને અન્તિમ સંસ્કારનો વિલય થવો એક જ ક્રિયા છે. સંસ્કારોનો સ્તર તૂટી જવો એ જ શરીરનો અંત છે. આને તોડવા માટે તમારે આરાધના કરવી જ પડશે. જેને શ્રીકૃષ્ણે 'કર્મ' અથવા નિષ્કામ કર્મયોગની સંજ્ઞા આપી છે. શ્રીકૃષ્ણે દરેક સ્થાન પર યુદ્ધની પ્રેરણા આપી પણ એક પણ શ્લોક એવો નથી કે જે ભૌતિક યુદ્ધ કે મારફાડનું સમર્થન કરતો હોય. આ યુદ્ધ સજાતીય- વિજાતીય પ્રવૃત્તિઓનું છે, આંતરિક યુદ્ધ છે.

**य एनं वेत्ति हन्तारं यश्चैनं मन्यते हतम् ।**
**उभौ तौ न विजानीतो नायं हन्ति न हन्यते ॥१९॥**

જે આ આત્માને હણનારો માને છે તથા જે આ આત્માને મૃત સમજે છે, તે બન્ને આત્માને નથી જાણતા કારણ કે આ આત્મા ન તો હણે છે, ન તો હણી શકાય છે. ફરીથી આના ઉપર જ ભાર મૂકવામાં આવ્યો છે.

**न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः ।**
**अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥२०॥**

આ આત્મા કોઈ કાળે જન્મતો નથી અને મરતોય નથી. કારણ કે એ વસ્ત્ર જ બદલે છે. આ આત્મા હોવાથી બીજું કંઈ થઈ શકવાનું નથી. કારણ કે આત્મા સત્ય છે, નિત્ય છે, શાશ્વત અને પુરાતન છે. શરીરનો નાશ થવાથી તેનો નાશ નથી થતો. તમે કોણ છો ? સનાતન ધર્મના અનુયાયી. સનાતન કોણ છે ? આત્મા. તમે આત્માના અનુયાયી છો. આત્મા, પરમાત્મા અને બ્રહ્મ એકબીજાના પર્યાય છે. તમે કોણ છો ? શાશ્વત ધર્મના ઉપાસક. શાશ્વત કોણ છે ? આત્મા અર્થાત્ અમે-તમે આત્માના ઉપાસક છીએ. જો તમે આત્મિક પંથને નથી જાણતા, તો તમારી પાસે શાશ્વત- સનાતન નામની કોઈ વસ્તુ નથી. એને કારણે તમે નિઃસાસા નાખો છો તો પ્રત્યાશી અવશ્ય છો, પરંતુ સનાતનધર્મી તો નથી જ. સનાતન ધર્મના નામ પર કોઈ કુરીતિના શિકાર છો.

દેશ-વિદેશમાં, માનવ માત્રમાં આત્મા જ એકસમાન હોય છે. માટે વિશ્વમાં ક્યાંય કોઈ આત્માની સ્થિતિ અપાવનારી ક્રિયા જાણતું હોય અને તેના પર ચાલવા માટે પ્રયત્નશીલ હોય તો તે સનાતનધર્મી છે, ભલે ને તે પછી પોતાને ખ્રિસ્તી, મુસલમાન, યહૂદી અથવા બીજું કંઈ કેમ ન ગણાવે.

**वेदाविनाशिनं नित्यं व्य एनमजमव्ययम् ।**
**कथं स पुरुषः पार्थ कं घातयति हन्ति कम् ।।२१।।**

પાર્થિવ શરીરને રથ બનાવીને લક્ષ્ય પર અચૂક નિશાન તાકવાવાળા પૃથાપુત્ર અર્જુન ! જે પુરુષ આ આત્માને નાશરહિત, નિત્ય અજન્મા અને અવ્યક્ત જાણે છે, તે પુરુષ કેવી રીતે કોઈને મરાવી શકે અને કઈ રીતે કોઈને મારી શકે ? અવિનાશીનો વિનાશ અસંભવ છે. અજન્મા જન્મ નથી લેતો. માટે શરીર માટે શોક ન કરવો જોઈએ. આને જ ઉદાહરણથી સ્પષ્ટ કરે છે.

**वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोऽपराणि ।**
**तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही ।।२२।।**

જેમ મનુષ્ય '**जीर्णानि वासांसि**'- જીર્ણશીર્ણ જૂનાં વસ્ત્રોનો ત્યાગ કરીને નવા વસ્ત્રો ધારણ કરે છે, ઠીક તે જ પ્રકારે આ જીવાત્માઓ જૂનાં શરીરોને ત્યાગીને બીજાં નવાં શરીરો ધારણ કરે છે. જો જીર્ણ થયા પછી જ નવા શરીરને ધારણ કરાય છે તો શિશુ કેમ મરી જાય છે ? આ વસ્ત્ર તો હજુ વિકસિત થવું જોઈએ. વસ્તુતઃ આ શરીર સંસ્કારો પર આધારિત છે. જ્યારે સંસ્કાર જીર્ણ થઈ જાય છે ત્યારે શરીર છૂટી જાય છે. જો સંસ્કાર બે દિવસના છે તો બીજા જ દિવસે શરીર જીર્ણ થઈ ગયું. એના પછી મનુષ્ય એક શ્વાસ પણ વધુ ન જીવી શકે. સંસ્કાર જ શરીર છે. આત્મા સંસ્કાર પ્રમાણે જ નવું શરીર ધારણ કરે છે (**अथ खलु क्रतुमयः पुरुषः। यथा इहैव, तथैव प्रेत्य भवति । कृतं लोकं पुरुषोऽभिजायते ।**) (છાંદોગ્ય ઉપનિષદ, ૩/ ૧૪) અર્થાત્ તે પુરુષ ચોક્કસ સંકલ્પમય છે. આ લોકમાં પુરુષ જેવો નિશ્ચયવાળો હોય છે, તેવો જ અહીંથી મૃત્યુ પામ્યા પછી થાય છે. પોતાના સંકલ્પથી બનાવાયેલ શરીરમાં જ પુરુષ ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે મૃત્યુ શરીરનું પરિવર્તન માત્ર કરે છે. આત્મા નથી મરતો. ફરીથી આત્માની અજર-અમરતા પર ભાર મૂકે છે.

**नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।**
**न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ।।२३।।**

અર્જુન, આ આત્માને શસ્ત્રાદિ કાપી શકતાં નથી, અગ્નિ બાળી શકતો નથી, પાણી ભીંજવી શકતું નથી, વાયુ તેને સૂકવી શકતો નથી.

**अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ।**
**नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥२४॥**

આ આત્મા અચ્છેદ્ય છે, એને છેદી ન શકાય. આ અદાહ્ય છે, એને બાળી ન શકાય. આ અક્લેદ્ય છે, તેને ભીંજવી ન શકાય. આકાશ તેને પોતાનામાં સમાવી લઈ શકતું નથી. આત્મા નિઃસંદેહ અશોષ્ય, સર્વવ્યાપક. અચળ, સ્થિર અને સનાતન છે.

અર્જુને કહ્યું હતું કે - કુલધર્મ સનાતન છે. આવું યુદ્ધ કરવાથી સનાતન ધર્મ નષ્ટ થઈ જશે. પરંતુ શ્રીકૃષ્ણે આને અજ્ઞાન ગણ્યું અને આત્માને સનાતન કહ્યો. તમે કોણ છો ? સનાતન ધર્મના અનુયાયી. સનાતન કોણ છે ? આત્મા. જો તમે આત્માપર્યંતના અંતરને કાપવા માટે વિધિ-વિશેષથી અજ્ઞાન છો, તો તમે સનાતન ધર્મ નથી જાણતા. આનું માઠું પરિણામ ભારતે ભોગવવું પડ્યું છે. મધ્યયુગમાં ભારતમાં બહારથી આવનારા મુસલમાનો ફક્ત બાર હજાર હતા. આજે અઠ્યાવીશ કરોડ છે. બાર હજારથી વધીને તે લાખો થઈ જાત, પરંતુ આ તો અઠ્યાવીશ કરોડથી પણ આગળ વધી ગયા છે. બધા હિન્દુઓ જ છે, તમારા સગાભાઈ છે, જેમને અડવાથી અને ખાવાથી બધું નષ્ટ થઈ ગયું. તેઓ નષ્ટ નથી થયાં પરંતુ તેમનો સનાતન, અપરિવર્તનશીલ ધર્મ નષ્ટ થયો.

જ્યારે મૅટર (Matter) ક્ષેત્રમાં ઉત્પન્ન થતી કોઈ વસ્તુ સનાતનનો સ્પર્શ નથી કરી શકતી, તો સ્પર્શ કરવાથી કે ખાવાથી સનાતન ધર્મ નષ્ટ કઈ રીતે થઈ જાય ? આ ધર્મ નહિ પણ કુરીતિ, ખરાબ પરિસ્થિતિ હતી. એમાં ભારતમાં સાંપ્રદાયિક વૈમનસ્ય વધ્યું, દેશનું વિભાજન થયું અને રાષ્ટ્રીય એકતાની સમસ્યા આજે પણ યથાવત્ છે.

આ કુરિવાજોનાં કથાનકો ઇતિહાસમાં ભરેલાં છે. હમીરપુર જિલ્લામાં પચાસ-સાઠ કુલીન ક્ષત્રિય પરિવાર હતા. આજે તે બધા જ મુસલમાન છે. ન તો તેઓ પર તોપનો હુમલો થયેલ હતો, ન તો તલવારનો. શાથી આવું થયું ? અડધી રાત્રે એક-બે મૌલવી ગામના એક માત્ર કૂવા આગળ સંતાઈ ગયા કે કોઈ કર્મકાંડી બ્રાહ્મણ સૌથી પહેલાં અહીં સ્નાન કરવા આવશે. જેવો તે

(બ્રાહ્મણ) આવ્યો કે તેઓએ તેને પકડી લીધો અને મોં બંધ કરી દીધું. તેની સામે જ તેઓએ કૂવામાંથી પાણી કાઢ્યું. મોઢું માંડીને પાણી પીધું અને વધેલું તે પાણી કૂવામાં નાખી દીધું. રોટલીનો ટુકડો પણ અંદર નાખી દીધો. પંડિતજી જોતા રહી ગયા. લાચાર હતા. તે પછી પંડિતજીને પણ તેઓ સાથે લઈને જતા રહ્યા. એને પોતાના ઘરમાં પૂરી દીધા.

બીજા દિવસે તેઓએ હાથ જોડીને પંડિતજીને ભોજન કરવા માટે વિનંતી કરી તો તેઓ બરાડા પાડી ઊઠ્યા, "અરે, તમે તો યવન છો, હું બ્રાહ્મણ, હું કઈ રીતે ખાઈ શકું ?" તેઓએ કહ્યું — 'મહારાજ અમને તમારા જેવા વિચારશીલ પુરુષોની જરૂરત છે. ક્ષમા કરો.' પંડિતજીને છોડવામાં આવ્યા.

પંડિતજી પોતાને ગામ આવ્યા. જોયું કે લોકો કૂવાના પાણીનો પૂર્વવત્ ઉપયોગ કરી રહ્યા છે. તે અનશન કરવા લાગ્યા. લોકોએ કારણ પૂછ્યું ત્યારે તેઓ બોલ્યા, "યવનો આ કૂવાની પાળ પર ચઢી ગયા હતા. મારી સામે જ તેમણે આ કૂવાને એંઠો કર્યો હતો અને એમાં રોટલીનો ટૂકડો પણ નાખી દીધો હતો." ગામના લોકો છક થઈ ગયા. પૂછ્યું, "હવે શું થશે ?" પંડિતજીએ કહ્યું : "હવે શું ? ધર્મ નષ્ટ થઈ ગયો."

એ સમયમાં લોકો શિક્ષિત ન હતા. સ્ત્રીઓ અને શૂદ્રો પાસેથી શિક્ષણ મેળવવાના અધિકાર ક્યારનાય છિનવાઈ ગયા હતા. વૈશ્યો ધનઉપાર્જનને પોતાનો ધર્મ માની બેઠા હતા. ક્ષત્રિયો ચારણોનાં પ્રશસ્તિગાનોમાં ખોવાયેલા હતા. એટલામાં અન્નદાતાની તલવાર વીંઝાણી, વીજળી ચમકવા માંડી, દિલ્હીનું સિંહાસન ડોલવા લાગ્યું. સન્માન મફત મળતું હોય તો શા માટે ભણવું જોઈએ ? ધર્મ સાથે તેઓને શી લેવાદેવા? ધર્મ ફક્ત બ્રાહ્મણોની વસ્તુ રહી હતી. તેઓ જ ધર્મસૂત્રના રચયિતા, તેઓ જ વ્યાખ્યાકાર અને તેઓ જ સાચા-જૂઠાના નિર્ણાયક હતા. જ્યારે પ્રાચીન કાળમાં સ્ત્રીઓને, શૂદ્રોને, વૈશ્યોને, ક્ષત્રિયોને તેમજ બ્રાહ્મણોને વેદ ભણવાનો અધિકાર હતો. પ્રત્યેક વર્ગના ઋષિઓએ વૈદિક મંત્રોની રચના કરેલી છે. શાસ્ત્રાર્થ નિર્ણયમાં ભાગ પણ લીધો છે. પ્રાચીન

રાજાઓએ ધર્મના નામ પર આડંબર ફેલાવવા બદલ દંડ પણ આપેલા છે, ધર્મપરાયણોનો સમાદર પણ કરવામાં આવ્યો છે.

પરંતુ મધ્યયુગમાં ભારતમાં સનાતન ધર્મનું યથાર્થ જ્ઞાન ન હોવાથી ઉપરોક્ત ગામના નિવાસીઓ એક ખૂણામાં ઊભા રહી ગયા અને ધર્મનો હ્રાસ થઈ ગયો. કેટલાક લોકોએ તો આ અપ્રિય શબ્દ સાંભળીને આત્મહત્યા કરી લીધી, પરંતુ બધા જ લોકો પ્રાણનો અંત કેવી રીતે લાવી શકે ? આથી બીજો ઉકેલ શોધવો પડ્યો. આજે પણ તેઓ વાંસ ઊભા કરીને, મુસળ મૂકીને હિન્દુઓની માફક વિવાહ કહે છે, પછી એક મૌલવી નિકાહ પઢાવી ચાલ્યા જાય છે. બધા જ શુદ્ધ હિન્દુઓ છે. પણ બધા જ મુસલમાન થઈ ગયા.

શું થયું હતું ? પાણી પીધું હતું. અજાણ્યા મુસલમાનોએ સ્પર્શ કરેલી વસ્તુ ખાધી હતી એટલે ધર્મ નષ્ટ થઈ ગયો. ધર્મ તો જાણે કે લજામણીનો છોડ ! આ એક પ્રકારનો છોડ છે. તમે એને અડી જાઓ તો એના પાંદડા સંકોચાઈ જાય છે અને હાથ ત્યાંથી ઉપાડી લેતાં જ તે પુનઃ વિકસિત બને છે, પરંતુ ધર્મ તો એવો સંકોચાઈ ગયો કે ક્યારેય તેનો વિકાસ થયો જ નહિ. તેઓ મૃત્યુ પામ્યા, તેમના રામ-કૃષ્ણ અને પરમાત્મા સદાને માટે મૃત્યુ પામ્યા. જે શાશ્વત હતા તેઓ મરી ગયા. હકીકતમાં તે શાશ્વતના નામ ઉપર કુરીતિ પ્રવર્તતી હતી, જેને લોકો ધર્મ માની બેઠા હતા.

ધર્મને શરણે આપણે કેમ જઈએ છીએ ? કારણ કે આપણે મરણધર્મી (મૃત્યુ પામનારા, મરણશીલ) છીએ, અને ધર્મ કોઈ નક્કર વસ્તુ છે જેને શરણે જઈ આપણે પણ અમર થઈ જઈએ. આપણે તો મારવાથી મરીશું, પરંતુ આ ધર્મ જે માત્ર અડવાથી અને ખાવાથી મરી જાય તે આપણી રક્ષા ક્યાંથી કરવાનો ? ધર્મ તો તમારી રક્ષા કરે છે. તમારાથી વધુ શક્તિશાળી છે. તમે તલવારથી મરશો અને ધર્મ ? તે તો અડવાથી નષ્ટ થઈ જશે ? તમારો આ ધર્મ કેવો ? નષ્ટ થાય છે કુરિવાજો, નહિ કે સનાતન ધર્મ.

સનાતન તો એવી નક્કર વસ્તુ છે, જેને શસ્ત્ર કાપી ન શકે, અગ્નિ બાળી ન શકે, પાણી ભીંજવી ન શકે. ખાનપાન તો દૂર પ્રકૃતિમાં ઉત્પન્ન થયેલી કોઈ વસ્તુ તેને સ્પર્શ પણ ન કરી શકે, તો તે સનાતન નષ્ટ કઈ રીતે થઈ શકે ?

આવા જ કેટલાક કુરિવાજો અર્જુનના જમાનામાં પણ હતા. તેનો શિકાર અર્જુન પણ હતો. તેણે વિલાપ કરતાં, આજીજી કરતાં કહ્યું કે — કુળધર્મ સનાતન છે. યુદ્ધથી સનાતન ધર્મ નષ્ટ થઈ જશે. કુળધર્મ નષ્ટ થવાથી અમે અનન્તકાળ સુધી નરકમાં પડીશું. પરંતુ શ્રીકૃષ્ણે કહ્યું : "તને આ અજ્ઞાન ક્યાંથી સાંપડ્યું ?" સિદ્ધ છે કે એ કુરિવાજ જ હતો, આથી જ શ્રીકૃષ્ણે તેનું ખંડન કર્યું અને બતાવ્યું કે આત્મા જ સનાતન છે. જો તમે આત્મિક માર્ગ નથી જાણતા, તો સનાતન ધર્મમાં તમારો પ્રવેશ નથી થયો.

આ સનાતન — શાશ્વત આત્મા બધાંની અંદર વ્યાપ્ત છે, તો કોને શોધવામાં આવે ? આ વિશે શ્રીકૃષ્ણ કહે છે —

**अव्यक्तोऽयमचिन्त्योऽयमविकार्योऽयमुच्यते ।**
**तस्मादेवं विदित्वैनं नानुशोचितुमर्हसि ॥२५॥**

આ આત્મા અવ્યક્ત અર્થાત્ ઇન્દ્રિયોનો વિષય નથી. ઇન્દ્રિયો દ્વારા એને સમજી ન શકાય. જ્યાં સુધી ઇન્દ્રિયો અને વિષયોનો સંયોગ છે, ત્યાં સુધી આત્મા તો છે જ. પરંતુ તેને સમજી ન શકાય તે અચિન્ત્ય છે. જ્યાં સુધી ચિત્ત અને ચિત્તની લહેરો છે, ત્યાં સુધી તે શાશ્વત છે જ, પરંતુ આપણા દર્શન, ઉપભોગ અને પ્રવેશ માટે તો નથી જ માટે ચિત્તનો નિરોધ કરો.

અગાઉ શ્રીકૃષ્ણે જણાવેલું છે કે અસત્ વસ્તુનું અસ્તિત્વ નથી અને સત્‌નો ત્રણે કાળમાં અભાવ નથી. તે સત્ છે આત્મા. આત્મા જ અપરિવર્તનશીલ, શાશ્વત અને સનાતન અને અવ્યક્ત છે. તત્ત્વદર્શીઓએ આત્માને આ વિશેષ ગુણધર્મોથી યુક્ત જાણ્યો, ન તો દસ ભાષાઓના જ્ઞાતાઓએ એને જોયો, ન તો કોઈ સમૃદ્ધિશાળી વ્યક્તિએ, પરંતુ તત્ત્વદર્શીઓએ આ આત્માને જોયો. શ્રી કૃષ્ણે પહેલાં જ જણાવ્યું છે કે તત્ત્વ એટલે પરમાત્મા. મનના નિરોધ કાળમાં સાધક આત્માને પામીને તેમાં પ્રવેશ મેળવે છે. પ્રાપ્તિકાળમાં ભગવાન મળે છે અને બીજી જ ક્ષણે તે પોતાના આત્માને ઈશ્વરીય ગુણધર્મોથી વિભૂષિત જુએ છે. તે જુએ છે કે આત્મા જ સત્ય, સનાતન અને પરિપૂર્ણ છે. આ આત્મા અચિન્ત્ય છે. તે વિકારરહિત અર્થાત્ પરિવર્તન ન પામે એવો કહેવાય છે. માટે હે

અર્જુન, આત્માને આવો જાણ. આથી તારે માટે શોક કરવો યોગ્ય નથી. હવે શ્રી કૃષ્ણ અર્જુનના વિચારોમાં રહેલો વિરોધાભાસ બતાવે છે, જે સામાન્ય તર્ક છે.

**अथ चैनं नित्यजातं नित्यं वा मन्यसे मृतम् ।**
**तथापि त्वं महाबाहो नैवं शोचितुमर्हसि ॥२६॥**

જો તું આને સદા જન્મ લેવાવાળો અને સદા મૃત્યુ પામવાવાળો માની લે તો પણ તારે શોક ન કરવો જોઈએ, કારણ કે

**जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।**
**तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥२७॥**

એવું માની લેવાથી કે જન્મનારાઓનું નિશ્ચિત મૃત્યુ અને મૃત્યુ પામેલાઓનો નિશ્ચિત જન્મ થાય છે જ તો જેના માટે કોઈ ઈલાજ જ નથી, તે વિષયમાં શોક કરવો યોગ્ય નથી. જેનો કોઈ ઇલાજ નથી તે માટે શોક કરવો તે બીજા જ દુઃખને નિમંત્રણ આપવા જેવું છે.

**अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत ।**
**अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना ॥२८॥**

અર્જુન, બધાં જ પ્રાણીઓ જન્મ લેતાં પહેલા શરીર વગરના અને મૃત્યુ પછી પણ શરીર વિનાનાં છે. જન્મ પહેલાં અને પછી પણ દેખાતાં નથી. માત્ર જન્મ-મૃત્યુની વચ્ચે શરીર ધારણ કરેલું દેખાય છે; માટે આ પરિવર્તન માટે વ્યર્થ ચિંતા શા માટે કરે છે ? આ આત્માને કોણ જુએ છે? આ વિશે તેઓ કહે છે :

**आश्चर्यवत्पश्यति कश्चिदेनमाश्चर्यवद्वदति तथैव चान्यः ।**
**आश्चर्यवच्चैनमन्यः शृणोति श्रुत्वाप्येनं वेद न चैव कश्चित् ॥२९॥**

પહેલાં શ્રી કૃષ્ણે કહ્યું હતું કે, આ આત્માને તત્ત્વદર્શીઓએ જોયો છે. હવે તત્ત્વદર્શનની દુર્લભતા પર પ્રકાશ ફેંકતા કહે છે કે કોઈ વિરલ મહાપુરુષ જ આ આત્માને આશ્ચર્યની જેમ જુએ છે. તે સાંભળતો નથી, પ્રત્યક્ષ જુએ છે. એ જ રીતે બીજો કોઈ મહાપુરુષ જ આશ્ચર્યની રીતે આના

તત્ત્વને કહે છે. જેણે જોયું છે, તે જ યથાર્થ રીતે કહી શકે છે. બીજો કોઈ વિરલ સાધક આને આશ્ચર્યની જેમ સાંભળે છે — બધા જ સાંભળતા નથી. કારણ કે આ અધિકારીને માટે જ છે. હે અર્જુન કોઈ તો સાંભળીને પણ આ આત્માને નથી જાણી શકતા, કારણ કે સાધન હાથ લાગતું નથી. તમે લાખ જ્ઞાનની વાતો સાંભળો. સમજો — ઝીણવટથી સમજો, આતુર રહો, પરંતુ મોહ બહુ જ પ્રબળ છે. થોડી જ વારમાં તમે તમારી સાંસારિક વ્યવસ્થાઓમાં પરોવાઈ જશો. અંતમા શ્રીકૃષ્ણ નિર્ણય જણાવે છે.

**देही नित्यमवध्यांऽयं देहे सर्वस्य भारत ।**
**तस्मात्सर्वाणि भूतानि न त्वं शोचितुमर्हसि ॥३०॥**

હે અર્જુન ! આ આત્મા બધાનાં શરીરમાં અવધ્ય છે, અકાટ્ય છે. માટે પ્રાણીમાત્ર માટે તારે શોક કરવો યોગ્ય નથી.

"આત્મા જ સનાતન છે"— આ વાતનું અહીં પ્રતિપાદન કરતાં આ પ્રશ્ન અહીં પૂરો થઈ જાય છે. હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે આની પ્રાપ્તિ કઈ રીતે થાય ? ગીતામાં આ માટે બે જ માર્ગ છે- પહેલો નિષ્કામ કર્મયોગ અને બીજો જ્ઞાનયોગ. બંને માર્ગે કરેલાં કર્મો એક જ છે. કર્મની અનિવાર્યતા પર ભાર મૂકીને યોગેશ્વર શ્રીકૃષ્ણ જ્ઞાનયોગની બાબતમાં કહે છે,

**स्वधर्ममपि चावेक्ष्य न विकम्पितुमर्हसि ।**
**धर्म्याद्धि युद्धाच्छ्रेयोऽन्यत्क्षत्रियस्य न विद्यते ॥३१॥**

હે અર્જુન, સ્વધર્મને જોઈને પણ તું ભય કરવા યોગ્ય નથી. કારણ કે ક્ષત્રિય માટે ધર્મયુદ્ધથી વધે તેવો અન્ય કોઈ પરમ કલ્યાણકારી માર્ગ નથી. અહીં સુધી તો 'આત્મા સનાતન છે', 'તે જ એકમાત્ર ધર્મ છે.' એમ કહેવાયું છે. હવે આ સ્વધર્મ એટલે શું ? ધર્મ તો એકમાત્ર આત્મા જ છે. તે તો અચળ અને સ્થિર છે, તો ધર્માચરણ શું છે ? પરંતુ આ આત્માના માર્ગે પ્રવૃત્ત થવાની ક્ષમતા દરેક વ્યક્તિની અલગ અલગ હોય છે. આથી સ્વભાવગત ક્ષમતા એ જ સ્વધર્મ એમ કહ્યું છે.

આ જ એક સનાતન આધ્યાત્મિક માર્ગ પર ચાલનારા સાધકોનું મહાપુરુષે તેમની સ્વભાવગત ક્ષમતા પ્રમાણે ચાર વર્ગોમાં વિભાજન કર્યું

શૂદ્ર, વૈશ્ય, ક્ષત્રિય અને બ્રાહ્મણ. સાધનાની પ્રારંભિક અવસ્થામાં પ્રત્યેક સાધક શૂદ્ર અર્થાત્ અલ્પજ્ઞ હોય છે. કલાકો સુધી ભજનમાં બેસે છતાં પણ તે દસ મિનિટ પોતાના પક્ષમાં — સ્વરૂપમાં રહી શકતા નથી. તે પ્રકૃતિની માયાજાળને કાપી શકતા નથી. આ અવસ્થામાં મહાપુરુષની સેવાથી એના સ્વભાવમાં સદ્ગુણ આવે છે. તે વૈશ્ય શ્રેણીનો સાધક બની જાય છે. આત્મિક સંપત્તિ જ સ્થિર સંપત્તિ છે. તે ધીમે ધીમે તેનો સંગ્રહ અને ગોપાલન અર્થાત્ ઇન્દ્રિયોની સુરક્ષા કરવા સમર્થ બની શકે છે. કામ, ક્રોધ વગેરેથી ઇન્દ્રિયોની હિંસા થાય છે તથા વિવેક-વૈરાગ્યથી તેની સુરક્ષા થાય છે, પરંતુ પ્રકૃતિની નિર્બીજ બનાવવાની ક્ષમતા તેનામાં હોતી નથી. ક્રમશઃ ઉન્નતિ કરતાં કરતાં સાધકના અંતઃકરણમાં ત્રણે ગુણોને હણવાની ક્ષમતા અર્થાત્ ક્ષત્રિયત્વ આવી જાય છે; આજ સ્તર પર પ્રકૃતિ અને તેના વિકારોનો નાશ કરવાની ક્ષમતા આવી જાય છે. માટે યુદ્ધ અહીંથી જ શરૂ થાય છે. ક્રમશઃ સાધના કરતાં કરતાં સાધક બ્રાહ્મણત્વની શ્રેણીમાં આવી જાય છે. આ સમયે મનનું શમન, ઇન્દ્રિયોનું દમન, એકધારું ચિંતન, સરલતા, અનુભવ, જ્ઞાન વગેરે લક્ષણ સાધકમાં સ્વાભાવિક રીતે પ્રગટે છે. આના જ અનુષ્ઠાનથી ક્રમશઃ તે બ્રહ્મમાં પ્રવેશે છે. આ સ્થિતિએ પહોંચતાં તો તે બ્રાહ્મણ પણ નથી રહેતો. એનાથી ઉપર ઊઠે છે.

વિદેહ રાજા જનકની સભામાં મહર્ષિ યાજ્ઞવલ્ક્યે ચાક્રાયણ ઉપસ્તિ, કહોલ, આરુણિ ઉદ્દાલક અને ગાર્ગીના પ્રશ્નોનું સમાધન કરતાં કહ્યું કે સંપૂર્ણપણે આત્મ-સાક્ષાત્કાર કરનાર જ બ્રાહ્મણ છે. આ આત્મા જ લોક-પરલોક અને સમસ્ત પ્રાણીનું અંદરથી નિયમન કરે છે. સૂર્ય, ચંદ્રમા, પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ, તારાગણ, અંતરિક્ષ, આકાશ અને પ્રત્યેક ક્ષણ આ આત્માના જ શાસનમાં છે. તમારો આત્મા અંતર્યામી, અમૃત છે. આત્મા અક્ષર છે, તેનાથી ભિન્ન બધું જ નાશવંત છે. આ લોકમાં જે કોઈ 'અક્ષર'ને જાણ્યા વિના યજ્ઞયાગાદિ કરે છે, તપ કરે છે, હજારો વર્ષો સુધી હોમ કરે છે, તેનાં આ બધાં જ કર્મો નાશવાન છે. આ 'અક્ષર'ને જાણ્યા વગર કોઈ પણ આ લોકમાં મૃત્યુ પામે છે, તે દયનીય છે. કૃપણ છે અને જે આ 'અક્ષર'ને જાણી આ લોકમાં મૃત્યુ પામે છે તે બ્રાહ્મણ છે. (બૃહદારણ્યકોપનિષદ ૩/૪-૫-૭/૮)

અર્જુન ક્ષત્રિય શ્રેણીનો સાધક છે. શ્રીકૃષ્ણ કહે છે કે ક્ષત્રિય શ્રેણીના સાધક માટે યુદ્ધ સિવાય કલ્યાણકારી કોઈ અન્ય માર્ગ છે જ નહિ. પ્રશ્ન એ થાય કે ક્ષત્રિય છે ખરા ? લોકો ઘણું કરીને આનો અર્થ સમાજમાં જન્મથી પેદા થયેલો બ્રાહ્મણ, ક્ષત્રિય, શૂદ્ર એવો જ કરે છે. આને જ ચાર વર્ણો માની લીધા છે, પરંતુ એમ નથી. શ્રીકૃષ્ણે પોતે જ ક્ષત્રિય શું ? વર્ણ શું ? તે બતાવ્યું છે. અહીં એમણે માત્ર ક્ષત્રિયનું નામ લીધું અને આગળ અઢારમા અધ્યાય સુધી આ પ્રશ્નનું સમાધાન રજૂ કરતાં ખરેખર વર્ણ શું છે? અને એમાં પરિવર્તન કઈ રીતે થાય છે તે સમજાવ્યું છે.

શ્રી કૃષ્ણે કહ્યું કે — "**चातुर्वर्ण्यं मया सृष्टं**"- ચારે વર્ણોની રચના મેં જ કરી છે. તો શું એમણે માણસોના ભાગલા પાડ્યા ? શ્રી કૃષ્ણ કહે છે કે નહિ '**गुणकर्मविभागशः**' - ગુણોના માધ્યમથી કર્મોના ચાર ભાગમાં વિભાજિત કર્યાં. જોવાનું એ છે કે જેના ભાગલા પાડ્યા તે કર્મ શું છે ? ગુણ પરિવર્તનશીલ છે. સાધનાની ઉચિત પ્રક્રિયા દ્વારા- તામસીથી રાજસી અને રાજસીથી સાત્ત્વિક ગુણોમાં પ્રવેશ થતો જાય છે. છેવટે બ્રાહ્મણસ્વભાવ બની જાય છે. તે સમયે બ્રહ્મમાં પ્રવેશ કરાવનારી બધી જ યોગ્યતાઓ તે સાધકમાં આવતી હોય છે. વર્ણ સંબંધી પ્રશ્ન અહીંથી આરંભ પામી છેક અઢારમા અધ્યાયમાં જઈને પૂર્ણ થાય છે.

શ્રી કૃષ્ણની માન્યતા છે — "**श्रेयान्स्वधर्मो विगुणः परधर्मातत्स्वनुष्ठितात्**"- સ્વભાવથી ઉત્પન્ન આ ધર્મમાં પ્રવૃત્ત થવાની ક્ષમતા જે સ્તરની હોય, ભલે તે ગુણરહિત શૂદ્ર શ્રેણીની પણ હોય, તોપણ તે પરમ કલ્યાણ કરે છે, કારણ કે તમે ક્રમશઃ ત્યાંથી જ તમારો વિકાસ સાધો છો. તેના કરતાં આગળ વધેલાઓની નકલ કરીને સાધક નષ્ટ થઈ જાય છે. અર્જુન ક્ષત્રિય શ્રેણીનો સાધક હતો. માટે શ્રીકૃષ્ણ કહે છે કે, "હે અર્જુન, પોતાના સ્વભાવથી ઉત્પન્ન થયેલી તારી આ યુદ્ધમાં પ્રવૃત્ત થવાની ક્ષમતાને જોઈને પણ તું ભય પામવાને યોગ્ય નથી. આનાથી વધીને ક્ષત્રિય માટે બીજું કોઈ વધુ કલ્યાણકારી કાર્ય છે જ નહિ." આના ઉપર પ્રકાશ પાડતાં પુનઃ યોગેશ્વર કહે છે —

**यद्च्छया चोपपन्नं स्वर्गद्वारमपावृतम् ।**
**सुखिनः क्षत्रियाः पार्थ लभन्ते युद्धमीदृशम् ॥ ३२ ॥**

પાર્થિવ શરીરને જ રથ બનાવીને અચૂક લક્ષ્યવેધી અર્જુન ! અનાયાસ પ્રાપ્ત થયેલા સ્વર્ગનાં ઉઘાડાં દ્વાર સમાન આવા યુદ્ધને ભાગ્યશાળી ક્ષત્રિય જ પ્રાપ્ત કરે છે. ક્ષત્રિય શ્રેણીના સાધકમાં ત્રણે ગુણોને કાપવાની ક્ષમતા છે. તેના માટે સ્વર્ગનાં દ્વાર ઉઘાડાં છે, કારણ કે તે શ્રેણીમાં દૈવી સંપદ પૂર્ણપણે ઉપાર્જિત થયેલી હોય છે. સ્વરમાં વિચરવાની તેનામાં ક્ષમતા હોય છે. આ જ સ્વર્ગનું ઊઘડેલું દ્વાર છે. ભાગ્યશાળી ક્ષત્રિય ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનું આવું યુદ્ધ પામે છે, કારણ કે એનામાં જ આ સંઘર્ષની ક્ષમતા છે.

દુનિયામાં યુદ્ધો તો થતાં જ હોય છે. આખું વિશ્વ લડે છે, પ્રત્યેક જાતિ લડે છે, પરંતુ શાશ્વત વિજય તો જીત મેળવનારાઓને પણ નથી મળતો. આ તો અરસપરસનો બદલો છે. જે બીજાને જેટલું દબાવે છે, કાળાન્તરે એને પણ એટલું જ દબાવું પડે છે. આ તો કેવો વિજય જેમાં ઇન્દ્રિયોને શોષી લેનાર શોક જ હંમેશાં શેષ રહે ! અંતમાં શરીર પણ નષ્ટ થઈ જાય છે. વાસ્તવિક સંઘર્ષ તો ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનો છે. એમાં એકવાર વિજય થઈ ગયા પછી પ્રકૃતિનો સદા માટે નિરોધ અને પરમ પુરુષ પરમાત્માની પ્રાપ્તિ થઈ જાય છે. આ એવો વિજય છે, જેમાં પછી કદી હાર નથી.

**अथ चेत्त्वमिमं धर्म्यं संग्रामं न करिष्यसि ।**
**ततः स्वधर्मं कीर्तिं च हित्वा पापमवाप्स्यसि ॥ ३३ ॥**

અને જો તું આ 'ધર્મયુક્ત સંગ્રામ' અર્થાત્ શાશ્વત સનાતન પરમધર્મ પરમાત્મામાં પ્રવેશ અપાવનારું ધર્મયુદ્ધ નહીં કરે તો 'સ્વધર્મ' અર્થાત્ સ્વભાવગત્ સંઘર્ષ કરવાની ક્ષમતા, ક્રિયામાં પ્રવૃત્ત થવાની ક્ષમતાને ખોઈને પાપ અર્થાત્ આવાગમન અને અપકીર્તિને પામીશ. અપકીર્તિ ઉપર પ્રકાશ ફેંકતા કહે છે —

**अकीर्तिं चापि भूतानि कथयिष्यन्ति तेऽव्ययाम् ।**
**संभवितस्य चाकीर्तिर्मरणादतिरिच्यते ॥ ३४ ॥**

સૌ લોકો ઘણા કાળ સુધી તારી અપકીર્તિની વાતો કરશે. આજ પણ પદચ્યુત થવાવાળા સૌ મહાત્માઓમાં વિશ્વામિત્ર, પારાશર, નિમિ, શૃંગી વગેરેની ગણના થાય છે. ઘણા સાધકો પોતાના ધર્મ ઉપર વિચારે છે કે

લોકો આપણને શું કહેશે ? આવો ભાવ પણ સાધનામાં સહાયક હોય છે. આથી સાધનામાં લાગ્યા રહેવા માટે પ્રેરણા મળે છે. થોડે ઘણે અંશે આ ભાવ પણ સાથ આપે છે. સન્માનનીય પુરુષ માટે તો અપકીર્તિ મરણથી પણ વિશેષ હોય છે.

**भयाद्रणादुपरतं मंस्यन्ते त्वां महारथाः ।**
**येषां च त्वं बहुमतो भूत्वा यास्यसि लाघवम ॥ ३५ ॥**

જે મહારથીઓની નજરમાં તું આટલો આદરપાત્ર થઈ હવે તુચ્છતાને પામીશ, તે મહારથીઓ તને ભયના કારણે યુદ્ધથી નાસી ગયેલો માનશે. મહારથી કોણ ? આ માર્ગ પર મહાન પરિશ્રમથી આગળ વધનારો સાધક મહારથી છે. એ જ રીતે એટલા જ પરિશ્રમથી અવિદ્યા તરફ ખેંચનારા કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે પણ મહારથીઓ છે. જેઓ સાધક પ્રશંસનીય છે એવું તારું બહુમાન કરતાં હતાં તેમની નજરમાંથી પણ તું નીચે ઊતરી જઈશ. આટલું જ નહિ પરંતુ...

**अवायाच्यवादांश्च बहुत्विदिष्यन्ति तवाहिताः ।**
**निन्दन्तस्व सामर्थ्यं ततो दुःखतंर नु किम् ॥ ३६ ॥**

વેરી લોકો તારા પરાક્રમની નિંદા કરતાં ન કહેવાનાં વચનો પણ કહેશે. એક દોષ આવે છે, તો ચારે બાજુથી નિંદા અને બૂરાઈઓની ઝડી વરસે છે. ન કહેવા યોગ્ય વચનો પણ કહેવાય છે. આનાથી વધારે બીજું દુઃખ શું હોઈ શકે ? માટે —

**हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्षस्ये महीम् ।**
**तस्मादुत्तिष्ठ कौन्तेय युद्धाय कृतनिश्चयः ॥ ३७ ॥**

આ યુદ્ધમાં મૃત્યુ પામીશ તો સ્વર્ગ પ્રાપ્ત કરીશ, સ્વરમાં વિચરવાની ક્ષમતા રહેશે. શ્વાસની બહારની પ્રકૃતિમાં વિચરવાની ધારાઓ બંધ થશે. પરમદેવ પરમાત્મામાં પ્રવેશ અપાવનારી દૈવી સંપદ હૃદયમાં સંપૂર્ણ રીતે વહેવા લાગશે. અથવા આ સંઘર્ષમાં જીતવાથી ઉચ્ચમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત થશે. માટે હે અર્જુન, યુદ્ધ નિશ્ચય કરીને ઊભો થા.

ઘણું કરીને લોકો આ શ્લોકનો અર્થ એમ સમજે છે કે, આ યુદ્ધમાં મૃત્યુ પામીશ તો સ્વર્ગમાં જઈશ અને જીતીશ તો પૃથ્વી ભોગવીશ, પરંતુ તમને સ્મરણ હશે કે અર્જુન કહી ચૂક્યો છે, "ભગવન્, પૃથ્વી જ નહિ પરંતુ ત્રિલોકનું સામ્રાજ્ય અને દેવોનું સ્વામિત્વ અર્થાત્ ઇન્દ્રપદ પ્રાપ્ત થાય તોપણ ઇન્દ્રિયોને સૂકવી નાખનારા મારા આ શોકને દૂર કરી શકે એવો ઉપાય મને દેખાતો નથી. જો આ બધું મળવાનું હોય તોય હે ગોવિંદ, હું યુદ્ધ કદાપિ નહિ કરું." જો આટલા ઉપરથી પણ શ્રીકૃષ્ણ કહેત કે 'અર્જુન, લડ, જીતીશ તો પૃથ્વી ભોગવીશ, હારીશ તો સ્વર્ગનો નાગરિક બનીશ. તો શ્રીકૃષ્ણ તેને શું આપી દે છે ? અર્જુન તો આનાથી પણ આગળના સત્ય, શ્રેય (પરમ કલ્યાણ)ની' ઈચ્છાવાળો શિષ્ય હતો. તેને સદ્ગુરુદેવ શ્રીકૃષ્ણે કહ્યું કે ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞના આ સંઘર્ષમાં જો શરીરનો સમય પૂરો થઈ જાય અને લક્ષ સુધી પહોંચી ન શકાય, તો સ્વર્ગ પ્રાપ્ત કરીશ,અથવા સ્વરમાં વિચરણ કરવાની ક્ષમતા પ્રાપ્ત કરીશ. દૈવી સંપદ હૃદયમાં સ્થિર થશે અને આ શરીરના રહેતાં રહેતાં જ સંઘર્ષમાં સફળ થઈ જવાશે, તો **माहिम** -સૌથી મહાન બ્રહ્મના મહિમાને માણી શકીશ. મહામહિમ - સર્વોચ્ચ, ઉત્તમોત્તમ સ્થિતિ પ્રાપ્ત કરી લઈશ. જીતીશ તો સર્વસ્વ એટલે કે મહામહિત્વને પામીશ અને હારીશ તો દેવત્વ - બંને હાથમાં લાડુ રહેશે. લાભમાંય લાભ અને હાનીમાંય લાભ છે. વળી આ વિચાર પર ફરી ભાર મૂકતાં કહે છે-

**सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयो ।**
**ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि ॥ ३८ ॥**

આ રીતે સુખ-દુઃખ, લાભ-હાનિ, જય-પરાજયને સમાન સમજીને તું યુદ્ધ માટે તૈયાર થા. યુદ્ધ કરવાથી તું પાપ પ્રાપ્ત નહિ કરે. અર્થાત્ સુખમાં સર્વસ્વ અને હાનિમાં પણ દેવત્વ છે. વિજયમાં મહામહિમ સ્થિતિ અને પરાજયમાં દૈવી સંપદ પર અધિકાર છે. આ પ્રમાણે તું પોતાનાં લાભ-હાનિ સારી રીતે જાતે જ સમજીને યુદ્ધ માટે તૈયાર થા. લડવામાં જે બંને વસ્તુઓ છે. લડીશ તો પાપ અર્થાત્ આવાગમનને પ્રાપ્ત નહિ થાય. માટે તું યુદ્ધ માટે તૈયાર થા.

**एषा तेऽभिहिता सांख्ये बुद्धिर्योगे त्विमां शृणु।**
**बुद्ध्या युक्तो यया पार्थ कर्मबन्धं प्रहास्यसि ॥ ३९ ॥**

પાર્થ, આ બુદ્ધિ તારા માટે જ્ઞાનયોગના વિષયમાં કહેવાઈ છે. કઈ બુદ્ધિ ? આ જ કે તું યુદ્ધ કર. જ્ઞાનયોગમાં આટલું જ છે કે પોતાની હસ્તી જોઈને, લાભ-હાનિનો સારી રીતે વિચાર કરીને કે જીતીશું તો ઉત્તમોત્તમ સ્થિતિ અને હારીશું તો દેવત્વ, વિજયમાં સર્વસ્વ અને પરાજયમાં દેવત્વ - બંને બાજુએ લાભ છે. યુદ્ધ નહીં કરો તો આપણને સહુ કાયર કહેશે, ભયથી ભાગેલા માનશે, અપકીર્તિ થશે, આ રીતે પોતાના અસ્તિત્વને સામે મૂકી જાતે વિચાર કરી યુદ્ધમાં અગ્રેસર થવું એ જ જ્ઞાનયોગ છે.

લોકમાં ઘણું કરીને એવી ભ્રાન્તિ હોય છે કે જ્ઞાનમાર્ગમાં કર્મ (યુદ્ધ) નથી કરવું પડતું. તેઓ કહે છે કે જ્ઞાનમાર્ગમાં કર્મ નથી. હું તો 'શુદ્ધ છુ', 'બુદ્ધ છું', 'ચૈતન્ય છું, ' **'अहं ब्रह्मास्मि'**, 'ગુણ ગુણમાં જ વર્તે છે' - એવું માનીને હાથ જોડી બેસી રહે છે. યોગેશ્વર શ્રીકૃષ્ણ અનુસાર આ જ્ઞાનયોગ નથી. જ્ઞાનયોગમાં પણ તે જ કર્મો કરવાનાં હોય છે જે નિષ્કામ કર્મયોગમાં કરવામાં આવે છે. બંનેમાં ફક્ત બદ્ધિનો, દૃષ્ટિકોણનો તફાવત છે. જ્ઞાનમાર્ગી પોતાની સ્થિતિ સમજીને, પોતાના પર આધાર રાખીને કર્મ કરે છે, જ્યારે નિષ્કામ કર્મયોગી ઈષ્ટનો આશ્રિત બનીને કર્મ કરે છે. 'કરવું' બંને માર્ગોમાં છે અને તે કર્મ પણ એક જ છે. બંને માર્ગોમાં તે કરવામાં આવે છે. માત્ર કર્મ કરવાના બે દૃષ્ટિકોણ જુદા છે.

અર્જુન ! આ જ બુદ્ધિને તું કર્મયોગના વિષયમાં સંભાળ. એમાં જોડાયેલો તું કર્મોનાં બંધનોનો સારી રીતે નાશ કરી શકીશ. અહીં શ્રીકૃષ્ણે 'કર્મ'નો ઉલ્લેખ પહેલી જ વાર કર્યો, પરંતુ કર્મ શું છે એ તો બતાવ્યું જ નથી. હવે કર્મ શું છે તે કહેતાં પહેલાં તેની વિશેષતાઓ બતાવે છે.

**नेहाभिक्रमनाशोऽस्ति प्रत्यवायो न विद्यते।**
**स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ॥ ४० ॥**

આ નિષ્કામ કર્મયોગમાં આરંભનો અર્થાત્ બીજનો નાશ નથી થતો. (સીમિત ફલરૂપી દોષ નથી. માટે આ નિષ્કામ કર્મનું, આ કર્મથી સંપાદિત ધર્મનું થોડું પણ સાધન જન્મ-મૃત્યુરૂપી મહાન ભયથી ઉગારી લે

છે. તમે આ ધર્મને સમજો અને તેના પર બે ડગલાં ચાલીને જુઓ. સદ્‌ગૃસ્થ આશ્રમમાં રહીને પણ ચાલી શકે છે. સાધકો તો ચાલતા જ હોય છે.) બીજ પણ નાખી દે, તો અર્જુન, બીજનો નાશ થતો નથી. પ્રકૃતિમાં કોઈ જ ક્ષમતા નથી સત્યને નિર્મૂળ કરી દઈ શકે એવું કોઈ શસ્ત્ર નથી. પ્રકૃતિ કેવળ આવરણ નાખી શકે છે, કંઈક વિલંબ કરી શકે છે. પરંતુ સાધનના આરંભને મિટાવી દઈ શકતી નથી.

આગળ જતાં શ્રીકૃષ્ણે કહ્યું છે કે સૌ પાપીઓમાં પણ સૌથી મોટો પાપી કેમ ન હોય, જ્ઞાનરૂપી નૌકા દ્વારા નિઃશંક પાર થઈ જાય છે. બરાબર તે જ વાત અહીં કરે છે. અર્જુન, નિષ્કામ કર્મયોગનું બીજરોપણ માત્ર પણ કરી દે, તો તે બીજનો કદી નાસ થતો નથી. વિપરીત ફળરૂપી દોષ પણ આમાં હોતો નથી કે તમને સ્વર્ગ, રિદ્ધિ, સિદ્ધિ સુધી પહોંચાડીને છોડી દે. તમે આ સાધના ભલે છોડી દો, પરંતુ આ સાધના તમારો ઉદ્ધાર કરીને જ જંપશે. આ નિષ્કામ કર્મયોગનું થોડુંક સાધન પણ જન્મ-મૃત્યુના મહાન ભયથી ઉગારી લે છે. **'अनेक जन्मसंसिद्धिस्ततो याति परां गतिम्'** - કર્મનું આ બીજારોપણ અનેક જન્મો પછી પણ જ્યાં પરમધામ છે, પરમગતિ છે, ત્યાં લઈ જશે. આ જ ક્રમમાં આગળ કહે છે -

**व्यवसायात्मिका बुद्धिरेकेह कुरुनन्दन ।**
**बहुशाखा ह्यनन्ताश्च बुद्धयोऽव्यवसायिनाम् ॥ ४१ ॥**

અર્જુન, આ નિષ્કામ કર્મયોગમાં ક્રિયાત્મક બુદ્ધિ એક જ છે. ક્રિયા એક છે, અને પરિણામ પણ એક જ છે. આત્મિક સંપત્તિ જ સ્થિર સંપત્તિ છે. આ સંપત્તિ પ્રકૃતિનાં દ્વંદ્વમાં ધીમે ધીમે પ્રાપ્ત કરવાનો વ્યવસાય છે. આ વ્યવસાય અથવા નિશ્ચયાત્મક ક્રિયા પણ એક જ છે; તો પછી કેટલાક લોકો ઘણી ક્રિયાઓ બતાવે છે તેનું શું ? શું તેઓ ભજન નથી કરતા ? શ્રીકૃષ્ણ કહે છે - હા, તેઓ ભજન નથી કરતા. તે પુરુષોની બુદ્ધિ અનંત શાખાઓવાળી હોય છે, આથી અનંત ક્રિયાઓનો વિસ્તાર કરી લે છે.

**यामिमां पुष्पितां वाचं प्रवदन्त्यविपश्चितः ।**
**वेदवादरताः पार्थ नान्यदस्तीति वादिनः ॥ ४२ ॥**
**कामात्मानः स्वर्गपरा जन्मकर्मफलप्रदाम ।**
**क्रियाविशेषबहुलां भोगैश्वर्यगतिं प्रति ॥ ४३ ॥**

પાર્થ, તેઓ '**कामात्मानः**' - ઇચ્છાઓથી યુક્ત, '**वेदवादरताः**': - વેદનાં વાક્યમાં અનુરક્ત, '**स्वर्गपराः**' - સ્વર્ગને જ પરમ લક્ષ્ય માનનારા અને તેનાથી આગળ કશું છે જ નહિ એમ કહેનારા અવિવેકી લોકો જન્મ-મૃત્યુરૂપી ફળ આપનાર, ભોગ અને ઐશ્વર્યની પ્રાપ્તિ માટે ઘણી બધી ક્રિયાઓનો વિસ્તાર કરી લે છે અને બનાવટી શોભાયુક્ત વાણીમાં વ્યક્ત પણ કરે છે. અર્થાત્ અવિવેકીની બુદ્ધિ અનંત ભેદવાળી હોય છે. તે ફળ આપનારા વાક્યમાં અનુરક્ત રહે છે, વેદનાં વાક્યોને જ પ્રમાણ માને છે. સ્વર્ગને જ શ્રેષ્ઠ માને છે. તેમની બુદ્ધિ અનેક ભેદવાળી હોય છે તેથી અનંત ક્રિયાઓની રચના કરી લે છે. આવા લોકો નામ તો પરમતત્ત્વ પરમાત્માનું જ લે છે, પરંતુ તેની આડમાં અનંત ક્રિયાઓનો વિસ્તાર કરી લે છે. તો શું અનંત ક્રિયાઓ કર્મ નથી ? શ્રીકૃષ્ણ કહે છે કે - નહિ, અનંત ક્રિયાઓ કર્મ નથી. તો તે એક નિશ્ચિત ક્રિયા શું છે ? શ્રીકૃષ્ણ અહીં આ બતાવતા નથી. અહીં તો માત્ર આટલું જ કહે છે કે અવિવેકીઓની બુદ્ધિ અનંત શાખાવાળી હોય છે, તેથી તેઓ અનંત ક્રિયાઓનો વિસ્તાર કરી લે છે. તેઓ માત્ર વિસ્તાર જ નથી કરતા, પરંતુ અલંકારી પદ્ધતિથી તેને વ્યક્ત પણ કરે છે. તેનો પ્રભાવ કેવો હોય છે ?

**भोगैश्वर्यप्रसक्तानां तयापहृतचेतसाम् ।**
**व्यवसायात्मिका बुद्धिः समाधौ न विधीयते ॥ ४४ ॥**

તેમની વાણીની અસર જેના જેના ચિત્ત પર પડે છે, અર્જુન, તેઓ કંઈ મેળવતા તો નથી, પરંતુ તેમની બુદ્ધિ નષ્ટ થઈ જાય છે. તે વાણી દ્વારા હણાઈ ગયેલાં ચિત્તવાળાનાં અને ભોગ-ઐશ્વર્યની આસક્તિવાળાઓનાં અંતઃકરણમાં ક્રિયાત્મક બુદ્ધિ ટકતી નથી. ઇષ્ટમાં સમાધિસ્થ કરનારી નિશ્ચયાત્મક ક્રિયા એમનામાં રહેતી નથી.

આવા અવિવેકીઓની વાણી કોણ સાંભળે છે ? ભોગ અને ઐશ્વર્યમાં આસક્તિવાળા જ સાંભળે છે. અધિકારી સાંભળતો નથી. આવા પુરુષોમાં સમ અને આદિતત્ત્વમાં પ્રવેશ અપાવનારી નિશ્ચયાત્મક ક્રિયાવાળી બુદ્ધિ નથી હોતી.

પ્રશ્ન થાય છે કે **वेदवादरता** - વેદનાં વચનોમાં જેઓ અનુરક્ત છે શું તેઓ પણ ભૂલ કરે છે ? આ વિષે શ્રીકૃષ્ણ કહે છે -

**त्रैगुण्यविषया वेदा निस्त्रैगुण्यो भवार्जुन ।**
**निर्द्वन्द्वो नित्यसत्त्वस्थो निर्योगक्षेम आत्मवान् ॥ ४५ ॥**

અર્જુન, '**त्रैगुण्यविषया वेदाः**' - વેદ ત્રણ ગુણ સુધી જ પ્રકાશ આપે છે. એની આગળની સ્થિતિ તેઓ નથી જાણતા. માટે જ '**निस्त्रैगुण्यो भवार्जुन**' - અર્જુન, તું ત્રણે ગુણોથી ઉપર ઊઠ, અર્થાત્ વેદોના કાર્યક્ષેત્રથી આગળ વધ. કઈ રીતે વધી શકાય ? આ વિશે શ્રીકૃષ્ણ કહે છે - '**निर्द्वन्द्व**' - સુખ-દુઃખનાં દ્વંદ્વોથી રહિત, નિત્ય સત્ય વસ્તુમાં સ્થિત અને યોગક્ષેમને ન ઈચ્છતો આત્મપરાયણ બન. આ રીતે ઉપર ઊઠ. પ્રશ્ન થાય છે કે આપણે જ ઊઠીએ કે કોઈ વેદ કરતાં પણ ઉપર ઊઠ્યાં છે ખરાં ? શ્રી કૃષ્ણ કહે છે, 'જે કોઈ આગળ ઊઠે છે તે બ્રહ્મને જાણે છે અને જે બ્રહ્મને જાણે છે તે વિપ્ર છે.'

**यावानर्थ उदपाने सर्वतः संप्लुतोदके ।**
**तावान्सर्वेषु वेदेषु ब्राह्मणस्य विजानतः ॥ ४६ ॥**

ચોમેરથી પરિપૂર્ણ જળાશય પ્રાપ્ત થયા પછી મનુષ્યને નાના જળાશયની જેટલી જરૂરિયાત રહે છે, તે જ પ્રકારે બ્રહ્મને સારી રીતે જાણનારા બ્રાહ્મણોને પણ વેદોની એટલી જ જરૂર રહે છે. તાત્પર્ય એ કે જે વેદોથી ઉપર ઊઠે છે, તે બ્રહ્મને જાણે છે તે જ બ્રાહ્મણ છે. અર્થાત્ તું વેદોથી ઉપર ઊઠ અને બ્રાહ્મણ બન.

અર્જુન ક્ષત્રિય હતો. શ્રી કૃષ્ણ કહે છે કે, બ્રાહ્મણ બન. બ્રાહ્મણ ક્ષત્રિય વચ્ચે વર્ણ સ્વભાવની ક્ષમતાઓના નામ છે. તે કર્મપ્રધાન છે; નહિ કે જન્મથી નિર્ધારિત થનારી કોઈ રૂઢિ. જેને ગંગાની ધારા સુલભ છે, તેને ક્ષુદ્ર જળાશયોનો શો ખપ ? કોઈ તેમાં શૌચક્રિયા કરે છે, તો કોઈ પશુઓને નવડાવે છે. આથી બીજો કોઈ વિશેષ ઉપયોગ નથી. આ જ પ્રમાણે બ્રહ્મને સાક્ષાત્ પિછાણનારા તે વિપ્ર મહાપુરુષને, તે બ્રાહ્મણને વેદોથી એટલું જ પ્રયોજન શેષ રહી જાય છે. પ્રયોજન રહે છે જરૂર. વેદ રહે છે, કારણ કે પાછળ આવનારાઓ માટે તેનો ઉપયોગ છે. ત્યાંથી જ ચર્ચાનો આરંભ થશે. આ ઉપરાંત યોગેશ્વર શ્રીકૃષ્ણ 'કર્મ' કરતી વખતે રાખવાની સાવચેતીઓનું પ્રતિપાદન કરે છે.

**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।**
**मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्तवकर्मणि ॥ ४७ ॥**

કર્મ કરવામાં જ તારો અધિકાર છે; ફળમાં ક્યારેય નહિ. એવું સમજ કે ફળ છે જ નહિ. ફળની વાસનાવાળો પણ ન બન અને કર્મ કરવામાં તારી અશ્રદ્ધા પણ ન હજો.

અત્યાર સુધી યોગેશ્વર શ્રીકૃષ્ણે ૩૯મા શ્લોકમાં પહેલી જ વાર કર્મનો ઉલ્લેખ કર્યો. પરંતુ તે કર્મ શું છે અને તેને કઈ રીતે કરવું એ નથી બતાવ્યું. તે કર્મની વિશેષતાઓ ઉપર પ્રકાશ પાડે છે.

(૧) અર્જુન, આ કર્મ દ્વારા જ તું કર્મના બંધનોથી સારી રીતે છૂટી જઈશ.

(૨) અર્જુન, આમાં આરંભનો અર્થાત્ બીજનો નાશ નથી. શરૂઆત કરી દે, તો પ્રકૃતિ પાસે કોઈ ઉપાય નથી કે તેનો નાશ કરી શકે.

(૩) અર્જુન, એમાં સીમિત ફળરૂપી દોષ પણ નથી કે સ્વર્ગ, રિદ્ધિ-સિદ્ધિઓમાં ફસાવી દે.

(૪) અર્જુન, આ કર્મનું થોડુંક પણ સાધન-જન્મ મરણના ભયથી ઉદ્ધાર કરાવનારું હોય છે.

પરંતુ હજી સુધી એમણે કર્મ શું છે ? કઈ રીતે કરવામાં આવે ? એ વિષે કંઈ બતાવ્યું નથી. આ જ અધ્યાયના ૪૧માં શ્લોકમાં તેમણે બતાવ્યું છે કે

(૫) અર્જુન, આમાં નિશ્ચયાત્મક બુદ્ધિ એક જ છે. ક્રિયા એક જ છે, તો શું બહુ ક્રિયાવાળા ભજન નથી કરતા ? શ્રીકૃષ્ણ કહે છે — તેઓ કર્મ નથી કરતા. આનું કારણ બતાવતા કહે છે — અવિવેકીઓની બુદ્ધિ અનંત શાખાઓવાળી હોય છે. તેથી તેઓ અનંત ક્રિયાઓનો વિસ્તાર કરી લે છે. તેઓ બનાવટી શોભાયુક્ત વાણીમાં આ ક્રિયાઓને વ્યક્ત પણ કરે છે. એમની વાણીની અસર જેમના ચિત્ત પર પડે છે તેમની બુદ્ધિ પણ નષ્ટ થઈ જાય છે, માટે નિશ્ચયાત્મક ક્રિયા એક જ છે પણ હજી એ નથી બતાવ્યું કે ક્રિયા કઈ છે ?

સુડતાલીસમાં શ્લોકમાં તેમણે કહ્યું — અર્જુન, કર્મ કરવામાં જ તારો અધિકાર છે. ફળમાં નહિ. ફળની વાસનાવાળો ન બન અને કર્મ કરવામાં તારી અશ્રદ્ધા પણ ન હજો, અર્થાત્ નિરંતર કર્મ કરવા માટે તેમાં જ લીન થઈને કર્મ કર, પરંતુ તે કર્મ છે શું ? એ જણાવ્યું નથી. મોટા ભાગે આ જ શ્લોકને ટાંકીને લોકો કહે છે — કંઈ પણ કરો માત્ર ફળની ઇચ્છા ન કરો. થઈ ગયો નિષ્કામ કર્મયોગ. પરંતુ અત્યાર સુધી શ્રીકૃષ્ણે એ પણ બતાવ્યું જ નથી કે તે કર્મ કયું છે જે કરવામાં આવે. અહીં કેવળ કર્મની વિશેષતાઓ ઉપર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે કે કર્મ શું આપે છે અને કર્મ કરતી વખતે કઈ સાવચેતીઓ રાખવી જોઈએ ? પણ પ્રશ્ન તો યથાવત્ રહ્યો છે. એને શ્રી યોગેશ્વર આગળના અધ્યાય ત્રણ-ચારમાં સ્પષ્ટ કરશે.

ફરી પાછો આ વિષય પર ભાર મૂકે છે –

**योगस्थः कुरु कर्माणि संङ्ग त्यक्त्वा धनंजय ।**
**सिद्ध्यसिद्ध्योः समो भूत्वा समत्वं योग उच्यते ॥ ४८ ॥**

આસક્તિ અને સંગદોષને છોડીને સિદ્ધિ અને અસિદ્ધિમાં સમાન ભાવ રાખીને, યોગમાં સ્થિર રહીને કર્મ કર. કયું કર્મ ? નિષ્કામ કર્મ કર '**समत्वं योग उच्चयते ।**' આ સમત્વનો ભાવ જ યોગ કહેવાય છે. વિષમતા જેમાં ન હોય, એવા ભાવને સમત્વ કહેવાય છે. રિદ્ધિ- સિદ્ધિઓ વિષમ બનાવે છે. આસક્તિ આપણને વિષમ બનાવે છે. ફળની ઇચ્છા વિષમતા પેદા કરે છે, માટે ફળની વાસના ન હોય છતાં પણ કર્મ કરવામાં અશ્રદ્ધા પણ ન હોય. જોયેલી- સાંભળેલી બધી વસ્તુઓમાં આસક્તિનો ત્યાગ કરીને પ્રાપ્તિ અને અપ્રાપ્તિના વિષયમાં ન વિચારીને કેવળ યોગમાં સ્થિર રહીને કર્મ કર. યોગથી ચિત્ત ચલાયમાન ન હો.

યોગ એક પરાકાષ્ઠાની સ્થિતિ છે, અને એક આરંભની સ્થિતિ પણ હોય છે. પ્રારંભમાં પણ આપણી દૃષ્ટિ લક્ષ્ય પર જ રહેવી જોઈએ. માટે યોગ ઉપર દૃષ્ટિ રાખતાં કર્મનું આચરણ કરવું જોઈએ. સમત્વ ભાવ અર્થાત્ સિદ્ધિ અને અસિદ્ધિમાં સમભાવ જ યોગ કહેવાય છે.જેને સિદ્ધિ અને અસિદ્ધિ વિચલિત ન કરી શકે, વિષમતા જેમાં પેદા થતી નથી આવો ભાવ થવાથી સમત્વ યોગ

કહેવાય છે. તે ઈષ્ટથી સમત્વ અપાવે છે માટે તેને સમત્વ યોગ કહે છે. કામનાઓનો સર્વથા ત્યાગ છે, માટે જ આને નિષ્કામ કર્મયોગ કહેવાય છે. કર્મ કરવાનું છે માટે આને કર્મ યોગ કહે છે. પરમાત્મા સાથે મેળાપ કરાવે છે માટે આનું નામ યોગ અર્થાત્ મેળ છે.આમાં બૌદ્ધિક સ્તર પર ધ્યાન રાખવું પડે છે કે સિદ્ધિ અને અસિદ્ધિમાં સમભાવ રહે, આસક્તિ ન હો, ફળની વાસના આવવા ન પામે. તેથી જ આને નિષ્કામ કર્મયોગ, બુદ્ધિયોગ પણ કહે છે.

**दूरेण ह्यवरं कर्म बुद्धियोगाद्धनंजय ।**
**बुद्धौ शरणमन्विच्छ कृपणाः फलहेतवः ॥ ४९ ॥**

ધનંજય, '**अवरं कर्म**' - નિકૃષ્ટ કર્મ, વાસનાવાળું કર્મ, બુદ્ધિયોગથી અત્યંત દૂર છે. ફળની ઈચ્છાવાળો કૃપણ છે, તે આત્માની સાથે ઉદારતાથી નથી વર્તતો. માટે સમત્વ બુદ્ધિયોગનો આશ્રય ગ્રહણ કર. જેવી કામના હોય તેવું ફળ મળી પણ જાય, તો તેને ભોગવવા માટે શરીરને ધારણ કરવું પડે. આવગમન બન્યું તો કલ્યાણ કેવું ? સાધકે તો મોક્ષની પણ ઈચ્છા ન રાખવી જોઈએ, કારણ કે વાસનાઓથી મુક્ત થવું એ જ મોક્ષ છે. ફળની પ્રાપ્તિનું ચિંતન કરવાથી સાધકનો સમય વ્યર્થ નષ્ટ થઈ જાય છે. ફળ પ્રાપ્ત થતાં પણ તે તેજ જાળમાં ફસાઈ પડે છે. તેની સાધના સમાપ્ત થઈ જાય છે, આગળ તે ભજન શા માટે કરે ? ત્યાંથી તે રખડી પડે છે. માટે સમત્વ બુદ્ધિથી યોગનું આચરણ કરવું જોઈએ.

જ્ઞાનમાર્ગને પણ શ્રીકૃષ્ણે બુદ્ધિયોગ કહ્યો છે. "અર્જુન, આ બુદ્ધિ તારા માટે જ્ઞાનયોગના વિષયમાં કહેવાઈ છે" અને અહીં નિષ્કામ કર્મયોગને પણ બુદ્ધિયોગ કહેવામાં આવ્યો છે. વાસ્તવમાં બંનેમાં બુદ્ધિના દૃષ્ટિકોણનો જ તફાવત છે. તેમાં લાભ-હાનિની નોંધ રાખી તેને તપાસતાં રહેવું પડે છે. આમાં પણ બૌદ્ધિક સ્તર પર સમત્વ જાળવવું પડે છે. માટે જ આને સમત્વ બુદ્ધિયોગ કહેવામાં આવ્યો છે. માટે ધનંજય, તું બુદ્ધિયોગનો આશ્રય લે; કારણ કે ફળની વાસનાવાળા અત્યંત કૃપણ હોય છે.

**बुद्धियुकतो जहातीह उभे सुकृतदुष्कृते ।**
**तस्माद्योगाय युज्यस्व योगः कर्मसु कौशलम् ॥ ५० ॥**

સમત્વબુદ્ધિયુક્ત પુરુષ પાપ-પુણ્ય બંનેને આ લોકમાં જ ત્યાગી દે છે. તેનાથી લિપ્ત થતા નથી. માટે સમત્વ બુદ્ધિયોગ માટે પ્રયત્ન કર. **'योगः कर्मसु कौशलम्'** — સમત્વ બુદ્ધિ સાથે કરેલું કર્મનું આચરણ-કૌશલ જ 'યોગ' છે.

સંસારમાં કર્મો કરવાના બે દૃષ્ટિકોણ પ્રચલિત છે. લોકો કર્મ કરે છે, તો તેનું ફળ પણ અવશ્ય ઇચ્છે છે. અથવા ફળ ન મળે તો, કર્મ કરવા જ નથી માગતા, પરંતુ યોગેશ્વર શ્રીકૃષ્ણ આ કર્મોને બંધનકર્તા બતાવીને 'આરાધના'ને એકમાત્ર કર્મ માને છે. આ અધ્યાયમાં એમણે કર્મનું નામ જ લીધું. અધ્યાય ત્રણના નવમા શ્લોકમાં તેની પરિભાષા આપવામાં આવી અને ચોથા અધ્યાયમાં કર્મના સ્વરૂપ પર વિસ્તારથી પ્રકાશ પાડવામાં આવ્યો. પ્રસ્તુત શ્લોકમાં શ્રીકૃષ્ણે સાંસારિક પરંપરાથી હટીને કર્મ કરવાની કળા બતાવી છે કે કર્મ તો કરો, શ્રદ્ધાપૂર્વક કરો; પરંતુ ફળના અધિકારને સ્વેચ્છાથી છોડી દો. ફળ જશે ક્યાં ? આ જ કર્મ કરવાનું કૌશલ છે. નિષ્કામ સાધનાની સમગ્ર શક્તિ આ પ્રમાણે કર્મમાં લાગેલી રહે છે. શરીર આરાધના માટે તો છે; આમ છતાં જિજ્ઞાસા સ્વાભાવિક છે કે શું હંમેશાં કર્મ જ કરતા રહેવું કે તેનું કોઈ પરિણામ પણ આવશે ? આ જોઈએ -

**कर्मजं बुद्धियुक्ता हि फलं त्यक्तवा मनीषिणः ।**
**जन्मबन्धविनिर्मुक्ताः पदं गच्छन्त्यनामयम् ॥ ५१ ॥**

બુદ્ધિયોગથી યુક્ત જ્ઞાનીજનો કર્મોથી ઉત્પન્ન ફળને ત્યાગીને જન્મ અને મૃત્યુના બંધનથી છૂટી જાય છે. તે નિર્દોષ અમૃતમય પરમપદને પ્રાપ્ત કરે છે.

અર્જુનની દૃષ્ટિ ત્રિલોકના સામ્રાજ્ય તથા દેવતાઓના સ્વામિત્વ સુધી જ મર્યાદિત હતી. ત્યાં સુધી તો તે યુદ્ધમાં પ્રવૃત્ત થયો ન હતો. અહીં શ્રીકૃષ્ણ નવીન તથ્ય ઉદ્‌ઘાટિત કરે છે કે આસક્તિરહિત કર્મ દ્વારા અનામય પદ પ્રાપ્ત થાય છે. નિષ્કામ કર્મયોગ પરમપદ અપાવે છે, જ્યાં મૃત્યુનો પ્રવેશ નથી.

**यदा ते मोहकलिलं बुद्धिर्व्यतितरिष्यति ।**
**तदा गन्तासि निर्वेदं श्रोतव्यस्य श्रुतस्य च ॥ ५२ ॥**

જે કાળમાં તારી (પ્રત્યેક સાધકની) બુદ્ધિ મોહરૂપી કળણને સંપૂર્ણ રીતે પાર કરી લેશે, લેશમાત્ર પણ મોહ ન રહી જાય - ન પુત્રમાં, ન ધનમાં, ન પ્રતિષ્ઠામાં - આ બધાંની લાગણી જ્યારે છૂટી જશે, તે સમયે જે સાંભળવા યોગ્ય છે એને તું સાંભળી શકીશ અને સાંભળ્યા પ્રમાણે તું વૈરાગ્યને પ્રાપ્ત કરીશ, અર્થાત્ તેને આચરણમાં મૂકી શકીશ. અત્યારે તો જે સાંભળવા લાયક છે તેને ન તો તું સાંભળી શક્યો છે અને આચરણનો તો પ્રશ્ન જ ઊભો થતો નથી. આ જ યોગ્યતા ઉપર પુનઃ પ્રકાશ ફેંકે છે -

**श्रुतिविप्रतिपन्ना ते यदा स्थायस्यति निश्चला ।**
**समाधावचला बुद्धिस्तदा योगमवापस्यसि ॥ ५३ ॥**

અનેક પ્રકારના વેદ વાક્યોને સાંભળીને વિચલિત થયેલી તારી બુદ્ધિ જ્યારે પરમાત્મા સ્વરૂપમાં સમાધિસ્થ થઈને અચળ, સ્થિર થઈ જશે ત્યારે તું સમત્વયોગને પ્રાપ્ત થઈશ. પૂર્ણ સમસ્થિતિને પ્રાપ્ત કરીશ, જેને 'અનામય પરમપદ' કહે છે. આ જ એ યોગની પરાકાષ્ઠા છે અને આ જ અપ્રાપ્તની પ્રાપ્તિ છે. વેદોમાંથી માત્ર શિક્ષણ જ મળે છે. પરંતુ શ્રીકૃષ્ણ કહે છે '**श्रुतिविप्रतिपन्ना**' - શ્રુતિઓના અનેક સિદ્ધાંતોને સાંભળવાથી બુદ્ધિ વિચલિત થઈ જાય છે. સિદ્ધાંત તો ઘણાય સાંભળ્યા, પરંતુ જે સાંભળવા યોગ્ય છે એનાથી લોકો દૂર રહે છે.

આ વિચલિત બુદ્ધિ જે સમયે સમાધિમાં સ્થિર થઈ જશે ત્યારે તું યોગની પરાકાષ્ઠારૂપ અમૃતપદને પ્રાપ્ત કરીશ. જેઓ અનામય પરમપદમાં સ્થિર છે, જેમની બુદ્ધિ સમાધિમાં સ્થિર થયેલી છે એવા મહાપુરુષો કેવા હોય તે વિષે જાણવા અર્જુન ઉત્સુક હોય તે સ્વાભાવિક છે. તેણે પ્રશ્ન કર્યો :

**अर्जुन उवाच :**

**स्थितप्रज्ञस्य का भाषा समाधिस्थस्य केशव ।**
**स्थितधीः किं प्रभाषेत किमासीत व्रजेत किम् ॥ ५४॥**

**'समाधीयते चितम् यस्मिन स आत्मा एव समाधिः'** - જેમાં ચિત્તનું સમાધાન થાય તે આત્મા જ સમાધિ છે. અનાદિ તત્ત્વમાં જ જે સમત્વ પ્રાપ્ત કરી લે, તેને સમાધિસ્થ કહેવાય છે. અર્જુને પૂછ્યું - 'કેશવ, સમાધિસ્થ, સ્થિર બુદ્ધિવાળા મહાપુરુષનાં લક્ષણ કયાં ? આવા સ્થિતપ્રજ્ઞ પુરુષ કઈ રીતે બોલે ? તે કઈ રીતે બેસે ? તે કઈ રીતે ચાલે ? - આવા ચાર પ્રશ્નો અર્જુને પૂછ્યા.' આથી ભગવાન શ્રીકૃષ્ણે સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો બતાવતાં કહ્યું -

**श्री भगवानुवाच :**

**प्रजहाति यदा कामान्सर्वान्पार्थ मनोगतान् ।**
**आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥ ५५ ॥**

પાર્થ ! જ્યારે મનુષ્ય મનમાં રહેલી તમામ ઈચ્છાઓનો ત્યાગ કરી દે છે ત્યારે તે આત્માથી જ આત્મામાં સંતુષ્ટ થયેલો સ્થિર બુદ્ધિવાળો કહેવાય છે. ઈચ્છાઓનો ત્યાગ કરવાથી જ આત્માનું દિગ્દર્શન થાય છે. એવા આત્મારામ, આત્મતૃપ્ત મહાપુરુષ જ સ્થિતપજ્ઞ છે.

**दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।**
**वीतरागभयक्रोधः स्थितिधीर्मुनिरुच्यते ॥ ५६ ॥**

દૈહિક, દૈવિક તથા ભૌતિક દુઃખોમાં જેમનું મન ઉદ્વિગ્ન નથી થતું, સુખોની પ્રાપ્તિમાં જેની સ્પૃહા રહી નથી તથા જેના રાગ, ભય, ક્રોધ નષ્ટ થઈ ગયા છે, મનનશીલતાની ચરમસીમા પર પહોંચેલો મુનિ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. એનાં અન્ય લક્ષણ બતાવે છે.

**यः सर्वत्रानभिस्नेहस्तत्तत्पाप्राप्य शुभाशुभम् ।**
**नाभिनन्दति न द्वेष्टि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ५७ ॥**

જે પુરુષ સર્વત્ર સ્નેહરહિત થઈને શુભ કે અશુભને પ્રાપ્ત થવાથી ન તો પ્રસન્ન થાય છે, ન તો દ્વેષ કરે છે, તેની બુદ્ધિ સ્થિર છે. શુભ તે છે, જે પરમાત્માસ્વરૂપમાં જોડે છે. અશુભ તે છે, જે પ્રકૃતિ તરફ લઈ જાય છે, પરંતુ સ્થિતપ્રજ્ઞ પુરુષ અનુકૂળ પરિસ્થિતિઓથી ન તો પ્રસન્ન થાય છે, ન

તો પ્રતિકૂળ પરિસ્થિતિઓનો દ્વેષ કરે છે, કારણ કે પ્રાપ્ત થવા યોગ્ય વસ્તુ ન તો તેનાથી ભિન્ન છે અને ન તો પતિત કરવાવાળા વિકાર એના માટે છે, અર્થાત્ હવે સાધનથી તેને કોઈ પ્રયોજન નથી રહ્યું. આવી વ્યક્તિ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે.

**यदा संहरते चायं कूर्मोऽङ्गानीव सर्वशः ।**
**इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ५८ ॥**

જેમ કાચબો પોતાનાં અંગોને સમેટી લે છે, ઠીક તે જ પ્રકારે આ પુરુષ જ્યારે બધી બાજુથી પોતાનાં અંગોને સમેટી લે છે, ત્યારે તેની બુદ્ધિ સ્થિર થાય છે. ભયને જોતાં જ જેમ કાચબો પોતાનું માથું અને પગ સમેટી લે છે, ઠીક તે જ પ્રમાણે જે પુરુષ વિષયોમાં વિચરતી ઈન્દ્રિયોને બધી બાજુએથી સમેટીને હૃદયદેશમાં નિરોધ કરી લે છે, તે કાળમાં તે પુરુષની બુદ્ધિ સ્થિર હોય છે. પરંતુ આ એક દાખલો જ છે. ભયનો અણસાર દૂર થતાં જ કાચબો તો પોતાનાં અંગોને ફરીથી ફેલાવી દે છે. શું આ જ પ્રકારે સ્થિતપ્રજ્ઞ મહાપુરુષ પણ વિષયોમાં રસ લેવા લાગે છે ?

આ પર કહે છે —

**विषया विनिवर्तन्ते निराहारस्य देहिनः ।**
**रसवर्जं रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते ॥ ५९ ॥**

ઈન્દ્રિયો દ્વારા વિષયને ગ્રહણ ન કરનારા પુરુષોના વિષય તો નિવૃત્ત થઈ જાય છે. કારણ કે, તેઓ ગ્રહણ નથી કરતા, પરંતુ તેમનો રાગ નિવૃત્ત થતો નથી. આસક્તિ રહી જાય છે. સંપૂર્ણ ઈન્દ્રિયોને વિષયોથી સમેટી લેનારા નિષ્કામ કર્મીનો રાગ પણ "**परं दृष्ट्वा**" પરમતત્ત્વ પરમાત્માનો સાક્ષાત્કાર થતાં નિવૃત્ત થઈ જાય છે.

મહાપુરુષ કાચબાની જેમ પોતાની ઈન્દ્રિયોને વિષયોમાં નથી ફેલાવતો. એક વાર જ્યારે ઈન્દ્રિયોને સમેટી લીધી તો સંસ્કાર જ મટી જાય છે. ફરીથી તે નીકળતા નથી. નિષ્કામ કર્મયોગના આચરણ દ્વારા પરમાત્માના પ્રત્યક્ષ દર્શનની સાથે એ પુરુષનો વિષયો સાથે પણ રાગ

નિવૃત્ત થાય છે. લગભગ ચિંતન માર્ગમાં હઠ કરે છે. હઠથી ઈન્દ્રિયોને રોકીને તે વિષયોથી નિવૃત્ત થઈ જાય છે, પરંતુ મનમાં તેનું ચિંતન, રાગ બની રહે છે. આ આસક્તિ '**परं दृष्ट्वा**' - પરમાત્માનો સાક્ષાત્કાર થયા પછી જ નિવૃત્ત થાય છે, તેની પહેલાં નહિ.-

'પૂજ્ય મહારાજજી' આ સંબંધમાં પોતાની એક ઘટના બતાવતા હતા. ગૃહત્યાગ પહેલાં તેમને ત્રણ-ચાર વાર આકાશવાણી થઈ. અમે પૂછ્યું"મહારાજજી, આપને આકાશવાણી કેમ થઈ ? અમને તો નથી થતી." ત્યારે મહારાજજીએ કહ્યું - '**हो ई शंका मोहूके भई रही ।**' અર્થાત્ એવી શંકા મને પણ થઈ હતી. ત્યારે અનુભવ્યું કે હું સાત જન્મથી સતત સાધુ છું. ચાર જન્મ તો માત્ર સાધુનો વેશ ધારણ કરી, તિલક લગાવી, ક્યાંક ભભૂતિ ચોળી, ક્યાંક કમંડળ લઈને વિહાર કરી રહ્યો. યોગ-ક્રિયાની કોઈ જાણકારી ન હતી; પરંતુ છેલ્લા ત્રણ જન્મથી તો જેવો હોવો જોઈએ તેવો સારો સાધુ છું. મારામાં યોગક્રિયા જાગ્રત હતી. ગયા જન્મમાં પાર ઊતરી જાત. નિવૃત્તિ થવા માંડી હતી, પરંતુ બે ઇચ્છાઓ રહી ગઈ હતી. એક તો સ્ત્રી અને બીજુ ગાંજો. અંતર્મનમાં ઇચ્છાઓ હતી, પરંતુ બહારથી શરીર મેં દૃઢ રાખ્યું. મનમાં વાસના હતી, માટે જન્મ લેવો પડ્યો. જન્મ લેતાં જ ભગવાને થોડા સમયમાં બધું જ બતાવીને નિવૃત્તિ અપાવી દીધી, બે લપાટ આપી અને સાધુ બનાવી દીધો.

ઠીક આ જ વાત શ્રીકૃષ્ણ કહે છે કે ઈન્દ્રિયો દ્વારા વિષયોને ગ્રહણ નહિ કરનાર પુરુષના વિષયો તો નિવૃત્ત થઈ જાય છે, પરંતુ સાધના દ્વારા પરમપુરુષ પરમાત્માનો સાક્ષાત્કાર થયા પછી જ તે વિષયોનો રાગ નિવૃત્ત થઈ જાય છે, માટે જ્યાં સુધી સાક્ષાત્કાર ન થાય, 'કર્મ' કરવાનું છે.

**उर कुछ प्रथम वासना रही । प्रभुपद प्रीति सरित सो बही ।**
**( रामचरितमानस ५/ ४८/ ६ )**

ઈન્દ્રિયોને વિષયોથી સમેટી લેવાનું કામ ખૂબ કઠિન છે. આની ઉપર પ્રકાશ પાડતાં ભગવાન કહે છે -

**यततो ह्यपि कौन्तेय पुरुषस्य विपश्चितः ।**
**इन्द्रियाणि प्रमाथीनि हरन्ति प्रसभं मनः ॥ ६० ॥**

કૌન્તેય ! પ્રયત્ન કરનારા મેઘાવી પુરુષની ઈન્દ્રિયોને તેનું મન બળપૂર્વક હરી લે છે, વિચલિત કરી દે છે માટે -

**तानि सर्वाणि संयम्य युक्त आसीत मत्परः ।**
**वशे हि यस्येन्द्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ६१ ॥**

તે બધી જ ઈન્દ્રિયોને સંયમમાં રાખી, યોગથી યુક્ત અને સમર્પણની સાથે મારા આશ્રિત બનો, કારણ કે જે પુરુષની ઈન્દ્રિયો વશમાં હોય છે તેની જ બુદ્ધિ સ્થિર હોય છે. અહીં યોગેશ્વર શ્રીકૃષ્ણ સાધનાના નિષેધાત્મક અવયવોની સાથે તેના વિધેયાત્મક પક્ષ પર પણ ભાર મૂકે છે. માત્ર સંયમ અને નિષેધથી ઈન્દ્રિયો વશમાં નથી થતી. સમર્પણની સાથે ઈષ્ટ-ચિંતન અનિવાર્ય છે. ઈષ્ટ-ચિંતનના અભાવમાં વિષય-ચિંતન થશે, જેનાં માઠાં પરિણામ શ્રીકૃષ્ણના શબ્દોમાં જ જોઈએ-

**ध्यायतो विषयान्पुंसः सङ्गस्तेपूपजायते ।**
**सङ्गात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते ॥ ६२ ॥**

વિષયોનું ચિંતન કરનાર પુરુષની તે વિષયમાં આસક્તિ થઈ જાય છે. આસક્તિથી કામના ઉત્પન્ન થાય છે. કામના-પૂર્તિમાં અડચણ આવતાં ક્રોધ ઉત્પન્ન થાય છે. ક્રોધમાંથી શું જન્મે છે ?

**क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ।**
**स्मृतिभ्रंशादबुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥ ६३ ॥**

ક્રોધથી મૂઢતા અર્થાત્ અવિવેક ઉત્પન્ન થાય છે. નિત્ય-અનિત્ય વસ્તુનો વિચાર નથી રહેતો. અવિવેકથી સ્મરણશક્તિ - સ્મૃતિ નાશ પામે છે. (જેમ અર્જુનને થયું .'**भ्रमतीव च मे मनः**' અને ગીતાના સમાપનમાં કહ્યું - '**नष्टो मोहः स्मृतिर्लब्धा**' - 'શું કરું, શું ન કરું ?' એનો નિર્ણય નથી થઈ શકતો) સ્મૃતિ ભ્રમિત થવાથી યોગપરાયણ બુદ્ધિ નષ્ટ થઈ જાય છે; અને બુદ્ધિ નષ્ટ થતાં તે પુરુષ પોતાના શ્રેય-સાધનથી પતિત થઈ જાય છે.

અહીં શ્રીકૃષ્ણે ભારપૂર્વક જણાવ્યું કે વિષયોનું ચિંતન કરવું ન જોઈએ. સાધકે નામ, રૂપ, લીલા અને ધામમાં ક્યાંક લાગેલા રહેવું જોઈએ. ભજન શિથિલ થતાં મન વિષયો તરફ વહી જશે. વિષયોના ચિંતનથી આસક્તિ થઈ જાય છે. આસક્તિથી તે વિષયની કામના સાધકના અંતરમનમાં થવા લાગે છે. કામનાની પૂર્તિમાં અવરોધ આવતાં ક્રોધ, ક્રોધથી અવિવેક, અવિવેકથી સ્મૃતિભ્રંશ અને સ્મૃતિભ્રંશથી બુદ્ધિ નાશ થાય છે. નિષ્કામ કર્મયોગને બુદ્ધિયોગ કહ્યો છે; કારણ કે બુદ્ધિના સ્તરે અહીં વિચાર કરવામાં આવ્યો છે કે કામનાઓ આવવી ન જોઈએ, ફળ છે જ નહિ. કામનાઓ આવતાં જ બુદ્ધિયોગ નષ્ટ થઈ જાય છે. - '**साधन करिय विचारहीन मन शुद्ध नहिं तैसे**' (વિનયપત્રિકા, પદક્રમાંક ૧૧૫/૩) વિચાર જરૂરી છે. વિચારશૂન્ય પુરુષ શ્રેયસાધનથી પતિત થઈ જાય છે. સાધનક્રમ તૂટી જાય છે; સર્વથા નષ્ટ થતો નથી. ભોગ પછી સાધન જ્યાં અવરોધાયું હતું ત્યાંથી પુનઃ શરૂ થાય છે.

આ તો વિષયાભિમુખ સાધકની ગતિ છે. સ્વાધીન અંતઃકરણવાળો સાધક કઈ ગતિ પામે છે. આ વિષે શ્રીકૃષ્ણ કહે છે -

**रागद्वेषवियुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन् ।**
**आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति ॥ ६४ ॥**

આત્મા વિધિ પામેલો પ્રત્યક્ષદર્શી મહાપુરુષ રાગદ્વેષથી રહિત, પોતાને વશ કરેલી ઈન્દ્રિયો દ્વારા '**विषयान चरन**' - વિષયોમાં વિચરતો હોવા છતાં '**प्रसादमधिगच्छति**' - અંતઃકરણની નિર્મળતા પ્રાપ્ત કરે છે. તે પોતાની ભાવ દૃષ્ટિમાં રહે છે. મહાપુરુષ માટે વિધિ-નિષેધ રહી જતા નથી. તેના માટે કશું અશુભ નથી રહેતું જેનાથી તે બચે; અને એના માટે કશું શુભ પણ નથી રહેતું, જેની તે કામના કરે.

**प्रसादे सर्वदुःखानां हानिरस्योपजायते ।**
**प्रसन्नचेतसो ह्याशु बुद्धिः पर्यवतिष्ठते ॥ ६५ ॥**

ભગવાનનો પૂર્ણ કૃપા પ્રસાદ 'ભગવત્તા' પ્રાપ્ત થતાં એનાં બધાં દુઃખો નાશ પામે છે. '**दुखालयम् अशाश्वतम्**' સંસારનો અભાવ થઈ જાય છે, અને તે પ્રસન્નચિત્તવાળા પુરુષની બુદ્ધિ સત્વરે સરસ રીતે સ્થિર થઈ જાય છે. પરંતુ જે યોગયુક્ત નથી તેની દશા બતાવે છે.

**नास्तिबुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना ।**
**न चाभावयतः शान्तिरशान्तस्य कुतः सुखम् ॥ ६६ ॥**

યોગસાધન વિનાના પુરુષના અંતઃકરણમાં નિષ્કામ કર્મવાળી બુદ્ધિ હોતી નથી. આવા અયુક્તના અંતઃકરણમાં ભાવ પણ હોતા નથી. ભાવનારહિત પુરુષને શાંતિ કેવી? અને અશાંત પુરુષને સુખ કેવું ? યોગક્રિયા કરવાથી કંઈક દેખાવાથી જ ભાવ બને છે - '**जाने बिनु न होइ परतीति**' ભાવના વિના શાંતિ મળતી નથી. અને શાંતિ રહિત પુરુષને સુખ અથવા શાશ્વત, સનાતનની પ્રાપ્તિ થતી નથી.

**इन्द्रियाणां हि चरतां यन्मनोऽनुविधीयते ।**
**तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवाम्भसि ॥ ६७ ॥**

જળમાં નાવને પવન જેમ ખેંચી જઈને ગન્તવ્ય-જવાના સ્થળથી દૂર લઈ જાય છે, બરાબર તેવી જ રીતે વિષયોમાં વિચરતી ઇન્દ્રિયોમાં જે ઇન્દ્રિય સાથે મન હોય તે એક જ ઇન્દ્રિય તે અયુક્ત પુરુષની બુદ્ધિ હરી લે છે. તેથી યોગનું આચરણ અનિવાર્ય છે. ક્રિયાત્મક આચરણ પર શ્રીકૃષ્ણ ફરી ભાર મૂકે છે.

**तस्माद्यस्य महाबाहो निगृहीतानि सर्वशः ।**
**इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ६८ ॥**

માટે હે મહાબાહો, જે પુરુષની ઇન્દ્રિયો, ઇન્દ્રિયોના વિષયોથી સર્વથા વશમાં કરી લેવાઈ છે, તેની બુદ્ધિ સ્થિર છે. '**बाहु**' કાર્યક્ષેત્રનું પ્રતીક છે. ભગવાન'**महाबाहु**' અને '**आजानुबाहु**' કહેવાય છે. તે હાથ-પગ વગર જ સર્વત્ર કાર્ય કરે છે. એમાં જે પ્રવેશ મેળવે છે અથવા જે એની ભગવત્તા તરફ વળે છે, તે પણ મહાબાહુ છે. શ્રીકૃષ્ણ અને અર્જુન બંને મહાબાહુ કહેવાય છે.

**या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।**
**यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥ ६९ ॥**

સંપૂર્ણ ભૂત-પ્રાણીઓ માટે તે પરમાત્મા રાત્રી સમાન છે, કારણ કે ન તો તે જોઈ શકાય છે, ન તો તેનો વિચાર પણ કામ આપે છે, તેથી તે

રાત્રી સમાન છે. તે રાત્રીમાં, પરમાત્મામાં સંયમી પુરુષ સારી રીતે જોઈ શકે છે, ચાલે છે, જાગે છે, કારણ કે ત્યાં તેની પકડ છે. યોગી ઇન્દ્રિયોના સંયમ દ્વારા એમાં પ્રવેશ મેળવે છે. જે નાશવંત સાંસારિક સુખભોગ માટે બધાં જ પ્રાણી રાત-દહાડો પરિશ્રમ કરે છે, યોગી માટે તે જ રાત્રી છે.

**'रमा विलासु राम अनुरागी । तजत बमन जिमि जन बडभागी ।'**
**(रामचरितमानस २ /३२३ /८')**

જે યોગી પરમાર્થ-પથમાં નિરંતર સજાગ અને ભૌતિક એષણાઓથી હંમેશાં નિઃસ્પૃહ હોય છે, તે જ પેલા ઈષ્ટમાં પ્રવેશ પામે છે. તે રહે છે તો સંસારમાં, પરંતુ સંસારનો એના ઉપર કશો પ્રભાવ નથી પડતો. મહાપુરુષની આ રહેણીનું ચિત્રણ જોઈએ -

**आपूर्यमाणमचलप्रतिष्ठं समुद्रमापः प्रविशन्ति यद्वत् ।**
**तद्वत्कामा यं प्रविशन्ति सर्वे स शान्तिमाप्नोति न कामकामी ॥ ७० ॥**

જેમ ચારે બાજુથી પરિપૂર્ણ અચળ રહેલા સમુદ્રમાં નદીઓનાં પાણી પ્રવેશી તેને ચલાયમાન નથી કરતાં, બહુ વેગથી તેમાં સમાઈ જાય છે. ઠીક તે જ પ્રમાણે પરમાત્મામાં સ્થિત, સ્થિતપ્રજ્ઞ પુરુષમાં સંપૂર્ણ ભોગ વિકાર કર્યા વગર જ સમાઈ જાય છે. આવો પુરુષ પરમ શાંતિને પ્રાપ્ત કરે છે, નહિ કે ભોગોની ઇચ્છા કરનારો.

ભયંકર વેગથી વહેતી સહસ્ર નદીઓ પાકનો નાશ કરતી લોકોના જાનમાલને હણતી, નગરોને ડુબાડી દેતી, હાહાકાર મચાવતી બહુ જ વેગથી સમુદ્રમાં પડે છે, પરંતુ સમુદ્રને એક ઇંચ પણ ઉપર લાવી શકતી નથી. ન તો તેને ચલાયમાન કરી શકે છે, પરંતુ તેમાં જ સમાઈ જાય છે. ઠીક તે જ રીતે સ્થિતપ્રજ્ઞ મહાપુરુષ તરફ બધા જ ભોગો એટલા જ વેગથી આવે છે, પરંતુ એનામાં સમાઈ જાય છે. મહાપુરુષોમાં ન તો શુભ સંસ્કાર રેડી શકે છે, ન તો અશુભ. યોગીનાં કર્મ '**अशुक्ल**' અને '**अकृष्ण**' હોય છે. કારણ કે જે ચિત્ત પર સંસ્કાર પડે છે તેનો નિરોધ અને વિલીનીકરણ થઈ જાય છે. આની સાથે જ 'ભાગવતી' સ્થિતિ આવી ગઈ. હવે સંસ્કાર પડે તો પણ ક્યાં ? આ એક જ શ્લોકમાં શ્રીકૃષ્ણે અર્જુનના ઘણા પ્રશ્નોનું

સમાધાન કરી દીધું છે. તેની જિજ્ઞાસા હતી કે સ્થિતપ્રજ્ઞ મહાપુરુષનાં લક્ષણ શાં છે ? કઈ રીતે બોલે છે, કઈ રીતે બેસે છે, કઈ રીતે ચાલે છે? શ્રીકૃષ્ણે એક જ શબ્દમાં જવાબ આપ્યો કે તેઓ સમુદ્રવત્ હોય છે. તેમના માટે વિધિ-નિષેધ નથી હોતો કે આમ બેસો અને આમ ચાલો. તેઓ જ પરમ શાન્તિને પ્રાપ્ત કરે છે, કારણ કે તેઓ સંયમી છે. ભોગોની ઈચ્છાવાળા કદી શાન્તિ પામતા નથી. આના પર તે ફરી ભાર મૂકે છે.

**विहाय कामान्यः सर्वान्पुमांश्चरति निःस्पृहः ।**
**निर्ममो निरहंकारः स शान्तिमधिगच्छति ॥ ७१ ॥**

જે પુરુષ બધી ઈચ્છાઓને ત્યાગીને '(**निर्मम**)' હું અને મારું એ ભાવ છોડી અહંકાર અને સ્પૃહારહિત થઈને વર્તે છે તે જ પરમશાન્તિને પ્રાપ્ત કરે છે, એના પછી તેણે કંઈ પણ મેળવવાનું શેષ રહેતું નથી.

**एषा ब्राह्मी स्थितिः पार्थ नैनां प्राप्य विमुह्यति ।**
**स्थित्वास्यामन्तकालेऽपि ब्रह्मनिर्वाणमृच्छति ॥ ७२ ॥**

પાર્થ ! ઉપરોક્ત સ્થિતિ બ્રહ્મને પ્રાપ્ત થયેલ પુરુષની સ્થિતિ છે. સમુદ્રવત્ એ મહાપુરુષોમાં વિષયો નદીઓની જેમ સમાઈ જાય છે. તેઓ પૂર્ણ સંયમી અને પ્રત્યક્ષ રીતે પરમાત્મદર્શી છે, માત્ર '**अहं ब्रह्मास्मि**' વાંચી લેવાથી કે ગોખી લેવાથી આ સ્થિતિ નથી મળતી. સાધના કરીને જ આ બ્રહ્મની સ્થિતિને પામી શકાય છે. એવા મહાપુરુષો બ્રહ્મનિષ્ઠામાં સ્થિત રહેવાથી શરીરના અંતકાળમાં પણ બ્રહ્માનંદને જ પામે છે.

**निष्कर्ष :**

ઘણી વાર કેટલાક લોકો કહે છે કે બીજા અધ્યાયમાં ગીતા પૂરી થઈ ગઈ પરંતુ કેવળ કર્મનું નામ માત્ર લેવાથી જ જો કર્મ પૂરું થઈ જતું હોય તો ગીતાનું સમાપન માની શકાય છે. આ અધ્યાયમાં યોગેશ્વર શ્રીકૃષ્ણે આ જ બતાવ્યું છે કે "અર્જુન નિષ્કામ કર્મની બાબતમાં તું સાંભળ, એ જાણીને તું સંસારબંધનથી છૂટી જઈશ. કર્મ કરવામાં તારો અધિકાર છે, ફળમાં ક્યારેય નહિ. કર્મ કરવા તું તત્પર થઈ જા. આના પરિણામે તું '**परं दृष्ट्वा**' પરમપુરુષનું દર્શન કરીને સ્થિતપ્રજ્ઞ બનીશ, પરમ શાંતિ પામીશ ! પરંતુ કર્મ શું છે તે નથી બતાવ્યું."

આ ‘સાંખ્યયોગ’ નામનો અધ્યાય નથી. આ નામ શાસ્ત્રકારે આપેલું નથી, પરંતુ ટીકાકારોએ આપેલું છે. તે પોતાની બુદ્ધિ અનુસાર જ ગ્રહણ કરે છે. એમાં આશ્ચર્ય શું ?

આ અધ્યાયમાં કર્મની ગરિમા, કર્મ કરતાં રાખવાની સાવધાની અને સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો બતાવીને શ્રીકૃષ્ણે અર્જુનના મનમાં કર્મ પ્રત્યે ઉત્કંઠા જાગ્રત કરી છે. તેને કેટલાક પ્રશ્નો આપ્યા છે. આત્મા શાશ્વત છે, સનાતન છે. એને જાણીને તત્ત્વશીલ બનો. એને પ્રાપ્ત કરવાના બે સાધન છે - **‘ज्ञानयोग और निष्काम कर्मयोग’**

પોતાની શક્તિને સમજીને, હાનિ અને લાભનો સ્વયં નિર્ણય કરીને કર્મ આચરવું એ જ્ઞાનમાર્ગ છે. તથા ઈષ્ટના ભરોસે સમર્પણ કરીને તે જ કર્મમાં પ્રવૃત્ત થવું તે નિષ્કામ કર્મમાર્ગ અથવા ભક્તિમાર્ગ છે. ગોસ્વામી તુલસીદાસે આ બંનેનું ચિત્રણ આ પ્રમાણે કર્યું છે :

**‘मोरे प्रौढ तनय सम ग्यानी । बालक सुत सम दास अमानी ॥**
**जनहि मोर षल निज बल ताही । दुहुँ कहँ काम-क्रोध रिपु-आही॥**
**‘रामचरित मानस ३ /४२ /८-९’**

મને ભજનારા બે પ્રકારના લોકો છે. એક જ્ઞાનમાર્ગી, બીજો ભક્તિમાર્ગી. નિષ્કામ કર્મમાર્ગી અથવા ભક્તિમાર્ગી શરણાગત થઈને મારો આશ્રય લઈને ચાલે છે. જ્ઞાનયોગી પોતાની શક્તિ સામે રાખીને પોતાના હાનિ-લાભનો વિચાર કરીને પોતાના ભરોસે ચાલે છે. જોકે આ બંનેનો શત્રુ તો એક જ છે. જ્ઞાનમાર્ગીએ કામ, ક્રોધ વગેરે શત્રુઓ ઉપર વિજય મેળવવાનો છે અને નિષ્કામ કર્મયોગીએ પણ એમની સામે લડવાનું છે. કામનાઓનો ત્યાગ તો બંને કરે છે. અને બંને માર્ગોમાં કરાતું કામ પણ એક જ છે. આ કર્મના પરિણામરૂપે પરમશાંતિ પ્રાપ્ત થશે.

પરંતુ કર્મ શું છે એ બતાવ્યું નથી. હવે આપણી સમક્ષ પણ કર્મ એક પ્રશ્ન છે. અર્જુનના મનમાં પણ કર્મ અંગે જિજ્ઞાસા થઈ. ત્રીજા અધ્યાયના આરંભમાં જ તેણે કર્મ વિષે પ્રશ્ન રજૂ કર્યો તેથી —

**ॐ तत्सदिति श्रीमदभगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे 'कर्मजिज्ञासा' नाम द्वितीयोऽध्यायः ॥ २॥**

આ રીતે શ્રીમદ્ભગવદ્ગીતારૂપી ઉપનિષદ અર્થાત્ બ્રહ્મવિદ્યા તથા યોગશાસ્ત્રવિષયક શ્રીકૃષ્ણ-અર્જુન સંવાદમાં 'કર્મજિજ્ઞાસા' નામનો બીજો અધ્યાય પૂરો થાય છે.

**इति श्रीमत्परमहंस परमानन्दस्य शिष्य स्वामी श्री अडगडानन्दकृते श्रीमद भगवद्गीतायाः 'यथार्थ गीता' भाष्ये 'कर्मजिज्ञासा'नाम द्वितीयोऽध्यायः ॥ २ ॥**

આ રીતે શ્રીમત્પરમહંસ પરમાનન્દજીના શિષ્ય સ્વામી શ્રી અડગડાનંદકૃત શ્રીમદ્ભગવદ્ગીતાના ભાષ્ય 'યથાર્થ ગીતા'માં 'કર્મજિજ્ઞાસા' નામનો બીજો અધ્યાય પૂરો થાય છે.

**॥ हरि ॐ तत्सत् ॥**

ॐ

**श्री परमात्मने नमः**

# અધ્યાય ત્રીજો

અધ્યાય બીજામાં ભગવાન શ્રીકૃષ્ણે સમજાવ્યું કે આ બુદ્ધિ તારા માટે જ્ઞાનમાર્ગના વિષયમાં કહી. કઈ બુદ્ધિ ? એ જ કે તું યુદ્ધ કર. વિજયી બનીશ તો ઉત્તમોત્તમ સ્થાન પામીશ અને હારીશ તો દેવત્વ. વિજયમાં સર્વસ્વ છે અને પરાજયમાં દેવત્વ છે. કંઈક તો મળે જ છે. માટે આ દૃષ્ટિએ લાભ અને હાનિ બન્નેમાં કંઈક ને કંઈક મળે છે. કંઈ પણ ગુમાવવા જેવું નથી. વળી, કહ્યું કે હવે તું નિષ્કામ કર્મયોગના વિશે સાંભળ, તે વિચારથી તું કર્મના બંધનોથી સારી રીતે છૂટી જઈશ. પછી એની વિશેષતાઓ ઉપર ધ્યાન દોર્યું. કર્મ કરતી વખતે રાખવાની જરૂરી સાવધાની વિશે ભાર મૂક્યો કે ફળની વાસનાવાળા ન થવું. ઈચ્છાઓથી મુક્ત થઈને કર્મમાં પ્રવૃત્ત થા, અને કર્મ કરવામાં પણ તું શ્રદ્ધારહિત પણ થઈશ નહિ. આટલું કરવાથી તું કર્મનાં બંધનથી મુક્ત તો થઈશ; પરંતુ માર્ગમાં પોતાની સ્થિતિ દેખી શકીશ નહિ.

હવે અર્જુનને નિષ્કામ કર્મયોગની સરખામણીમાં જ્ઞાનમાર્ગ સરળ અને ફળદાયી દેખાવા લાગ્યો. તેણે પ્રશ્ન કર્યો : હે જનાર્દન ! નિષ્કામ કર્મની અપેક્ષાએ જ્ઞાનમાર્ગ આપની દૃષ્ટિએ ઉત્તમ છે, તો પછી મને ભયંકર કર્મમાં શા માટે પ્રવૃત્ત કરો છો ? પ્રશ્ન સ્વાભાવિક હતો. માની લઈએ કે એક જ સ્થળ પર પહોંચવાના બે માર્ગ હોય. જો તમારે ખરેખર

માર્ગ પર આગળ જવું છે તો તમે જરૂર પૂછશો કે આમાંથી કયો માર્ગ સુગમ છે ? જો એમ ન કરો તો તમે પથિક નથી. બરાબર આ જ રીતે અર્જુને પણ પ્રશ્ન કર્યો :

**अर्जुन उवाचः-**

**ज्यायसी चेत्कर्मणस्ते मता बुद्धिर्जनार्दन ।**
**तत्किं कर्माणि घोरे मां नियोजयसि केशव ॥ १ ॥**

લોકો પર દયા કરનારા હે જનાર્દન ! નિષ્કામ કર્મયોગની અપેક્ષાએ જ્ઞાનયોગ આપને ઉત્તમ લાગે છે. તો આપ મને ભયંકર નિષ્કામ કર્મયોગમાં શા માટે પ્રવૃત્ત કરો છો ? નિષ્કામ કર્મયોગમાં અર્જુનને ભયંકરતા દેખાઈ કારણ કે તેમાં કર્મ કરવામાં જ તારો અધિકાર છે, ફળમાં ક્યારેય નહિ. કર્મ કરવામાં અશ્રદ્ધા પણ ન હજો અને નિરંતર સમર્પણની ભાવના સાથે યોગ પર દૃષ્ટિ રાખીને કર્મ કર્યે જા.

જ્ઞાનમાર્ગમાં હારી જઈશ તો દેવત્વ મેળવીશ અને જીતીશ તો ઉત્તમોત્તમ સ્થિતિ પામીશ. પોતાનો લાભ-ગેરલાભ પોતે વિચારીને આગળ વધવાનું છે. આ રીતે અર્જુનને નિષ્કામ કર્મયોગની અપેક્ષાએ જ્ઞાનયોગ સરળ લાગ્યો. તેથી એણે કહ્યું -

**व्यामिश्रेणेव वाक्येन बुद्धिं मोहयसीव मे ।**
**तदेकं वद निश्चित्य येन श्रेयोऽहमाप्नुयाम् ॥२॥**

આપ આવાં મિશ્ર વચનોથી મારી બુદ્ધિને મોહિત કરો છો. આપ તો મારી બુદ્ધિનો મોહ દૂર કરવા માટે પ્રવૃત્ત છો. આથી આમાંથી એક નિશ્ચય કરીને મને કહો જેનાથી હું 'શ્રેય' - પરમકલ્યાણ રૂપ મોક્ષ મેળવી શકું. આ વિષે શ્રીકૃષ્ણે કહ્યું -

**श्री भगवानुवाचः-**

**लोकेऽस्मिन्द्विविधा निष्ठा पुरा प्रोक्ता मयानघ ।**
**ज्ञानयोगेन सांख्यानां कर्मयोगेन योगिनाम् ॥३॥**

હે નિષ્પાપ અર્જુન ! આ સંસારમાં સત્યની શોધના બે માર્ગ મારા દ્વારા પહેલાં કહેવામાં આવ્યા છે. પહેલાંનો અર્થ ક્યારેય સત્યયુગ અથવા ત્રેતાયુગમાં એવો નથી, પરંતુ હમણાં જ જેને બીજા અધ્યાયમાં કહ્યો છે. જ્ઞાનીઓ માટે જ્ઞાનમાર્ગ અને યોગીઓ માટે નિષ્કામ કર્મમાર્ગ બતાવ્યો છે. બંને માર્ગ અનુસાર કર્મ તો કરવું જ પડશે. 'કર્મ' અનિવાર્ય છે.

**न कर्मणामनारम्भान्नैष्कर्म्यं पुरुषोऽश्नुते ।**
**न च संन्यसनादेव सिद्धिं समधिगच्छति ॥४॥**

હે અર્જુન ! ન તો મનુષ્ય કર્મનો આરંભ ન કરીને નિષ્કર્મની અંતિમ સ્થતિને પ્રાપ્ત કરી શકે છે અને ન તો આરંભ કરેલી ક્રિયાનો ત્યાગ કરવા માત્રથી ભગવાનની પ્રાપ્તિરૂપી પરમસિદ્ધિને પ્રાપ્ત કરી શકે છે. હવે તને જ્ઞાનમાર્ગ યોગ્ય લાગે કે નિષ્કામ કર્મનો માર્ગ યોગ્ય લાગે (પરંતુ) બંનેમાં કર્મ તો કરવું જ પડશે.

મોટે ભાગે લોકો અહીં ભગવતપથનો ટૂંકો માર્ગ અને બચાવ શોધવા લાગે છે. "કર્મનો આરંભ જ ન કરવો - થઈ ગયા નિષ્કર્મી !" ક્યાંક આવો ભ્રમ ન રહી જાય એટલા માટે શ્રીકૃષ્ણ ભારપૂર્વક જણાવે છે કે કર્મનો આરંભ ન કરીને કોઈ પણ નિષ્કર્મી બની શકતું નથી. શુભ-અશુભ કર્મોનો જ્યાં અંત છે, એ પરમ નિષ્કર્મતાની તે સ્થિતિ પણ કર્મ કરીને જ મેળવી શકાય છે. એમ તો એ રીતે ઘણા બધા લોકો કહે છે "અમે તો જ્ઞાનમાર્ગી છીએ. જ્ઞાનમાર્ગમાં તો કર્મ છે જ નહિ." આવું માનીને કર્મનો ત્યાગ કરનારા જ્ઞાની નથી હોતા. આરંભેલી કોઈપણ ક્રિયા ત્યાગવા માત્રથી ભગવાનના સાક્ષાત્કાર રૂપી પરમ સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે નહિ; કારણ કે -

**न हि कश्चित्क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत् ।**
**कार्यते ह्यवशः कर्म सर्वः प्रकृतिजैर्गुणैः ॥५॥**

કોઈ પણ પુરુષ કોઈ પણ કાળે એક ક્ષણવાર પણ કર્મ કર્યા વગર રહી શકતો નથી; કારણ કે બધા જ લોકો પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા ગુણો દ્વારા વિવશ થઈને કર્મ કરે છે. પ્રકૃતિ અને તેના દ્વારા ઉત્પન્ન થયેલા ગુણો જ્યાં સુધી ટકે છે ત્યાં સુધી કોઈ પણ માણસ કર્મ કર્યા વગર રહી શકતો નથી.

અધ્યાય ચોથાના તેત્રીસમા શ્લોકમાં અને સાડત્રીસમાં શ્લોકમાં શ્રીકૃષ્ણ કહે છે કે - સર્વ કોઈ કર્મ જ્ઞાનમાં સમાપ્ત થઈ જાય છે. જ્ઞાનરૂપી અગ્નિ સંપૂર્ણ કર્મોને ભસ્મ કરી દે છે. અહીં શ્રીકૃષ્ણ કહે છે કે - કર્મ કર્યા વગર કોઈ રહી શકતું જ નથી. છેવટે તે મહાપુરુષ શું કહે છે? એનો આશય એ છે કે યજ્ઞ કરતાં કરતાં ત્રણ ગુણોથી પર થઈ જવાય ત્યારે મનનો વિલય થાય છે અને પ્રભુનો સાક્ષાત્કાર થતાં યજ્ઞનું ફળ આવતાં કર્મ શેષ થઈ જાય છે. એ નિર્ધારિત પ્રક્રિયા પૂર્ણ થયા વગર કર્મ મટતાં નથી; પ્રકૃતિ પીછો છોડતી નથી.

**कर्मेन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ।**
**इन्द्रियार्थान्विमूढात्मा मिथ्याचारः च उच्यते ॥६॥**

આટલું જાણ્યા પછી પણ મૂર્ખ લોકો પોતાની ઇન્દ્રિયોને હઠથી રોકી મનથી વિષયોનું સ્મરણ કરતા રહે છે. તે મિથ્યાચારી - આડંબર કરનારા છે. પાખંડી છે, નહિ કે જ્ઞાની ! એ સિદ્ધ છે કે શ્રીકૃષ્ણના સમયમાં પણ આવી જ રૂઢિઓ હતી. લોકો જે કરવા યોગ્ય હોય તે છોડી ઇન્દ્રિયોને હઠથી રોકીને બેસી જતા અને કહેતા કે 'હું જ્ઞાની છું', 'પૂર્ણ છું' પણ શ્રીકૃષ્ણ કહે છે કે તે ધૂર્ત છે. જ્ઞાનમાર્ગ સારો લાગે કે નિષ્કામ કર્મયોગ, બંને માર્ગમાં કર્મ તો કરવું જ પડશે.

**यस्त्विन्द्रियाणि मनसा नियम्यारभतेऽर्जुन ।**
**कर्मेन्द्रियैः कर्मयोगमसक्तः स विशिष्यते ॥७॥**

હે અર્જુન ! જે પુરુષ નથી ઇન્દ્રિયોને વશ કરીને - મનમાં પણ વાસનાઓનું સ્ફુરણ ન થાય, સંપૂર્ણ રીતે અનાસક્ત બનીને કર્મેન્દ્રિયથી કર્મયોગનું આચરણ કરે છે તે શ્રેષ્ઠ છે. ઠીક છે, સમજાઈ ગયું કે કર્મનું આચરણ કરવું; પરંતુ પ્રશ્ન એ છે કે કયું કર્મ કરવું ? તે વિશે કહે છે કે-

**नियतं कुरुकर्म त्वं कर्म ज्यायो ह्यकर्मणः ।**
**शरीरयात्रापि च ते न प्रसिद्धयेदकर्मणः ॥८॥**

હે અર્જુન ! તું ચોક્કસ નિર્ધારિત કરેલાં કર્મ કર. એટલે કે કર્મ તો ઘણાં છે. તેમાંથી કોઈ એક પસંદ કરેલું છે તે નિયત કર્મ કર. કોઈ પણ

કર્મ ન કરવા કરતાં કર્મ કરવું એ જ શ્રેષ્ઠ છે. એટલે કે તું કર્મ કરતો રહીશ, થોડો આગળ વધીશ એટલે આગળ દર્શાવ્યું છે તેમ સમજાઈ જશે કે કર્મ જન્મ-મરણના ભયથી ઉદ્ધાર કરી દેનાર છે; માટે તે શ્રેષ્ઠ છે. કર્મ નહીં કરે તો તારી શરીરયાત્રા પણ ચાલશે નહીં. શરીરયાત્રાનો લોકો અર્થ કરે છે 'શરીરનિર્વાહ'. કેવો શરીરનિર્વાહ ? શું તમે શરીર છો ? આ પુરુષ અનેક યુગોથી, જન્મજન્માંતરથી શરીરની યાત્રા કરતો ચાલ્યો આવે છે. જેમ કપડું જીર્ણ થયું તો બીજું, ત્રીજું ધારણ કર્યું. આ રીતે કીટ, પતંગિયાથી માંડી માનવ સુધી, બ્રહ્માથી લઈ સમગ્ર જગત પરિવર્તનશીલ છે. ઉપર નીચે અનેક યોનિઓમાં આ જીવ એકધારી શરીરોની યાત્રા કરતો રહ્યો છે. કર્મ કોઈ એવી વસ્તુ છે જે આ યાત્રાને સિદ્ધ કરી દે, પૂર્ણ કરી દે છે. માની લો, એક જન્મ લેવો પડે તો યાત્રા ચાલુ જ છે. હાલ તો પથિક ચાલી રહ્યો છે. તે બીજાં શરીરોની યાત્રા કરી રહ્યો છે. યાત્રા ત્યારે જ પૂરી થાય જ્યારે 'ગંતવ્ય' - લક્ષ્યસ્થળ આવી જાય. પરમાત્મામાં સ્થિતિ થાય પછી આ આત્માને શરીરની યાત્રા કરવી પડતી નથી. એટલે કે શરીર-ત્યાગ અને શરીર-ધારણ કરવાનો ક્રમ સમાપ્ત થઈ જાય છે. તેથી કર્મ કોઈ એવી વસ્તુ છે કે તેનાથી પુરુષને ફરી શરીર યાત્રા કરવી પડતી નથી.'**मोक्ष्यसेऽशुभात् ( ४/१६ )**' હે અર્જુન, આ કર્મ કરીને તું સંસારના બંધન - 'અશુભ'થી છૂટકારો મેળવીશ. કર્મ કોઈ એવી વસ્તુ છે કે જે સંસારના બંધનમાંથી મુક્તિ અપાવે છે.

હવે પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે તે નિર્ધારિત કર્મ કયું ? આ વિષે કહે છે —

**यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबन्धनः ।**
**तदर्थं कर्म कौन्तेय मुक्तसङ्गः समाचर ॥९॥**

હે અર્જુન ! યજ્ઞની પ્રક્રિયા જ કર્મ છે. સ્પષ્ટ છે કે કર્મ જ એક નિર્ધારિત પ્રક્રિયા છે. એ સિવાયનાં જે કર્મો થાય છે તે શું કર્મ નથી ? શ્રીકૃષ્ણ કહે છે 'ના, તે કર્મ નથી.' '**अन्यत्र लोकोऽयं कर्मबन्धनः**' -આ યજ્ઞની પ્રક્રિયા સિવાય દુનિયામાં જે કંઈ કરવામાં આવે છે, આખું જગત

રાત-દિવસ જેમાં ડૂબેલું રહે છે તે આ લોકનું એક બંધન છે; નહિ કે કર્મ છે. કર્મ તો **'मोक्ष्यसेऽशुभात्'** 'અશુભ' અર્થાત્ સંસારબંધનથી છુટકારો અપાવનારું છે. માત્ર યજ્ઞની પ્રક્રિયા જ કર્મ છે. જે કરવાથી યજ્ઞ પૂર્ણ થાય છે તે આચરણ કર્મ છે. આથી હે અર્જુન આ યજ્ઞની પૂર્તિને માટે સંગદોષથી અલગ રહીને સારી રીતે કર્મનું આચરણ કર. સંગદોષથી અલગ થયા વગર આ કર્મ થાય જ નહિ.

હવે સમજાઈ ગયું કે 'યજ્ઞની પ્રક્રિયા જ કર્મ છે.' પરંતુ અહીં ફરીથી એક નવો પ્રશ્ન જાગ્યો કે કરવા યોગ્ય યજ્ઞ કયો ? આ માટે શ્રીકૃષ્ણ પહેલાં યજ્ઞ વિશે બતાવ્યા વિના યજ્ઞ ક્યાંથી આવ્યો ? એ શું આપે છે ? પહેલાં એની બધી વિશેષતાઓ સમજાવી, અને છેક ચોથા અધ્યાયમાં જઈ સ્પષ્ટ કર્યું કે આ યજ્ઞ શું છે ? તે આપણે કરીએ અને તે કરવાથી આપણાથી 'કર્મ' થવા લાગે.યોગેશ્વર શ્રીકૃષ્ણની શૈલી સ્પષ્ટ છે કે જે વસ્તુનું ચિત્રણ કરવાનું હોય તે વસ્તુની વિશિષ્ટતાઓને તે પહેલાં આલેખે છે, જેમાથી પ્રથમ શ્રદ્ધા જાગ્રત થાય. પછી તે કર્મ કરતાં રાખવાની સાવધાનીઓ વિશે સમજણ આપે છે અને છેલ્લે મુખ્ય સિદ્ધાંત પ્રતિપાદિત કરે છે.

યાદ રાખો કે અહીં શ્રીકૃષ્ણે કર્મના બીજા અંગ ઉપર પ્રકાશ પાડ્યો કે કર્મ એક નિર્ધારિત ક્રિયા છે (રોજ-બ-રોજ) જે કંઈ કરવામાં આવે તે કર્મ નથી.

અધ્યાય બીજામાં પહેલી વાર કર્મ વિષે કહ્યું અને એની વિશેષતાઓ ઉપર ભાર મૂક્યો. એમાં ધ્યાનમાં લેવાની સાવધાનીઓ વિષે સમજણ આપી પરંતુ કર્મ શું છે ? એ ન બતાવ્યું. અહીં અધ્યાય ત્રણમાં બતાવ્યું કે કોઈ કર્મ કર્યા વગર રહી શકતું નથી. પ્રકૃતિને વશ થઈને માનવી કર્મ કરે છે. તે ઉપરાંત જે લોકો પોતાની ઈન્દ્રિયોને બળજબરીથી રોકીને કેવળ મનથી પણ વિષયોનું ચિંતન કરે છે તે દંભી છે, અર્થાત્ દંભનું આચરણ કરનારા છે માટે હે અર્જુન ! મનથી ઈન્દ્રિયોને સંયમમાં લઈને કર્મ કર. હજી પ્રશ્ન તો એવો ને એવો જ રહ્યો કે કયું કર્મ કરવું ? આ વિશે યોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું હે અર્જુન ! તું નિર્ધારિત કરેલું કર્મ કર.

હવે પ્રશ્ન એ થાય છે કે નિર્ધારિત કર્મ શું છે; જે આપણે કરીએ, ત્યારે બતાવ્યું કે યજ્ઞને કાર્યનું રૂપ આપવું તે જ કર્મ છે. હવે પ્રશ્ન થાય છે કે યજ્ઞ શું છે ? અહીં યજ્ઞની ઉત્પત્તિ, વિશેષતા બતાવીને જ શાંત થઈ જાય છે. આગળ ચોથા અધ્યાયમાં યજ્ઞનું સ્પષ્ટ ખીલેલું સ્વરૂપ જોવા મળશે તેનું આચરણ તે જ 'કર્મ' છે.

કર્મની આ પરિભાષા, ગીતાને સમજવાની ચાવી છે. યજ્ઞ ઉપરાંત દુનિયામાં લોકો કંઈ ને કંઈ કરતા જ રહે છે. કોઈ ખેતી કરે છે, તો કોઈ વેપાર. કોઈ સ્વામી હોય છે, તો કોઈ સેવક. કોઈ પોતાને બુદ્ધિજીવી કહે છે તો કોઈ પોતાને શ્રમજીવી કહે છે. કોઈ સમાજસેવાને કર્મ માને છે તો કોઈ દેશસેવાને. વળી, આ જ કર્મોમાં લોકો સકામ અને નિષ્કામ કર્મની ભૂમિકા બાંધીને બેઠા છે. પરંતુ શ્રીકૃષ્ણ કહે છે કે આ કર્મ નથી. **'अन्यत्र लोकोऽयं कर्मबन्धनः'** યજ્ઞની પ્રક્રિયા સિવાય જે કંઈ પણ કરવામાં આવે છે તે આ લોકનું બંધનકારી કર્મ છે, નહીં કે મોક્ષ અપાવનારું કર્મ ! ખરેખર 'યજ્ઞ'ની પ્રક્રિયા જ કર્મ છે. હવે યજ્ઞ વિશે કંઈ બતાવવાના બદલે પહેલાં, આ યજ્ઞ આવ્યો ક્યાંથી એ બતાવે છે.

**सहयज्ञाः प्रजाः सृष्टा पुरोवाच प्रजापतिः ।**
**अनेन प्रसविष्यध्वमेष वोऽस्त्विष्टकामधुक् ॥१०॥**

પ્રજાપતિ બ્રહ્માએ કલ્પની શરૂઆતમાં યજ્ઞ સહિત પ્રજાની રચના કરીને કહ્યું કે આ યજ્ઞ દ્વારા ઉન્નતિ પામશો. આ યજ્ઞ તમારા સૌ માટે **'इष्टकामधुक'** એટલે કે જેમાં અનિષ્ટ નથી, વિનાશરહિત ઈષ્ટસંબંધી ઈચ્છાઓને પૂર્ણ કરનારો છે.

યજ્ઞસહિત પ્રજાની રચના કોણે કરી ? પ્રજાપતિ બ્રહ્માએ. બ્રહ્મા કોણ? શું ચાર મોઢાં અને આઠ આંખોવાળા દેવતા જે લોકોમાં પ્રચલિત છે તે ? ના, શ્રીકૃષ્ણના મતે દેવતા નામની કોઈ અલગ સત્તા છે જ નહિ. તો પછી પ્રજાપતિ કોણ છે ? વાસ્તવમાં જેણે પ્રજાના મૂળ ઉદ્‌ગમ પરમાત્મામાં સ્થાન પ્રાપ્ત કરી લીધું છે, એ મહાપુરુષ પ્રજાપતિ છે. બુદ્ધિ જ બ્રહ્મા છે. **'अहंकार शिव बुद्धि अज, मन, राशि चित्त महान (रामचरितमानस)'** એવા સમયે બુદ્ધિ કેવળ યંત્ર હોય છે. એ પુરુષની વાણીમાં પરમાત્મા જ બોલતા હોય છે.

ભક્તિની સ્વાભાવિક પ્રક્રિયાનો આરંભ થતાં બુદ્ધિનું ઉત્તરોત્તર ઉત્થાન થાય છે. પ્રારંભમાં તે બુદ્ધિ બ્રહ્મવિદ્યા સાથે હોવાના કારણે '**ब्रह्मवित्त**' કહેવાય છે. ઉત્તરોત્તર વિકારો શાંત થતાં બ્રહ્મવિદ્યામાં શ્રેષ્ઠ હોવાથી એ '**ब्रह्मविद्वर**' કહેવાય છે. ઉત્થાન અને સૂક્ષ્મ થઈ જવાથી બુદ્ધિની અવસ્થા વિકાસ પામે છે. એ '**ब्रह्मविद्वरीयान**' કહેવાય છે. આ અવસ્થામાં બ્રહ્મવિદ્યા- બ્રહ્મવેત્તા પુરુષ અન્યને પણ ઉત્થાનના માર્ગે લઈ જવાનો અધિકાર પ્રાપ્ત કરે છે. બુદ્ધિની પરાકાષ્ઠા છે, '**ब्रह्मविद्वरिष्ट**' અર્થાત્ બ્રહ્મવિતની એ અવસ્થા કે જેમાં ઈષ્ટ પ્રગટતો હોય. આવી સ્થિતિવાળા મહાપુરુષ પ્રજાના મૂળ ઉદ્ગમનું કારણ પરમાત્મામાં પ્રવિષ્ટ અને સ્થિત રહે છે. આવા મહાપુરુષોની બુદ્ધિ માત્ર યંત્ર છે. એ જ પ્રજાપતિ કહેવાય છે. એ પ્રકૃતિના યુગ્મો – દ્વંદ્વોનું વિશ્લેષણ કરીને 'આરાધના ક્રિયા'ની રચના કરે છે. યજ્ઞને અનુરૂપ સંસ્કારો આપવા એ જ પ્રજાની રચના છે. આનાથી પહેલાં સમાજ ચેતનારહિત અવ્યવસ્થિત રહેતો હોય છે. સૃષ્ટિ અનાદિ છે. સંસ્કાર પહેલાંથી જ છે, પરંતુ તે અસ્તવ્યસ્ત અને વિકૃત છે. યજ્ઞને અનુરૂપ એનું સંસ્કરણ કરવું એ જ એની રચના અથવા સજાવટ છે.

એવા મહાપુરુષે કલ્પના આરંભમાં યજ્ઞસહિત પ્રજાની રચના કરી. કલ્પ નીરોગી બનાવે છે. વૈદ્ય કલ્પ કરે છે. કોઈ કાયાકલ્પ કરે છે. એ ક્ષણિક શરીરનો કલ્પ છે. વાસ્તવિક કલ્પ તો તે જ કે જ્યારે ભવરોગથી મુક્તિ મળી જાય. આરાધનાનો પ્રારંભ એ આ કલ્પની શરૂઆત છે. આરાધના પૂરી થઈ તો તમારો કલ્પ પૂરો થઈ ગયો.

આ પ્રમાણે પરમાત્મા સ્વરૂપસ્થ મહાપુરુષોએ ભજનના આરંભમાં યજ્ઞસહિત સંસ્કારોને સુસંગઠિત કરી કહ્યું કે આ યજ્ઞથી તમને બુદ્ધિ પ્રાપ્ત થાઓ. કેવી બુદ્ધિ? શું કાચા મકાનમાંથી પાકું મકાન બની જશે? આવક વધી જશે? નહિ. યજ્ઞ '**इष्टामधुक**' – ઈષ્ટને લગતી કામનાની પૂર્તિ કરશે. ઈષ્ટ છે એક પરમાત્મા. એ પરમાત્મા તો પરમાત્મા સંબંધી કામનાની પૂર્તિ કરાવનાર છે. સ્વાભાવિક પ્રશ્ન જાગે કે યજ્ઞ સીધો જ તે પરમાત્માની પ્રાપ્તિ કરાવશે કે ક્રમે ક્રમે કરીને.

**देवान्भावयतानेन ते देवा भावयन्तु वः ।**
**परस्परं भावयन्तः श्रेयः परमवाप्स्यथ ॥११॥**

આ યજ્ઞ દ્વારા દેવતાઓની ઉન્નતિ કરો; અર્થાત્ દેવી સંપત્તિની વૃદ્ધિ કરો. આ દેવતાઓ તમારી ઉન્નતિ કરશે. આ રીતે પરસ્પર વૃદ્ધિ કરીને પરમશ્રેય એટલે કે જેને પ્રાપ્ત કર્યા પછી કંઈ પણ પ્રાપ્ત કરવાનું બાકી ન રહે એવું પરમકલ્યાણ તમને પ્રાપ્ત થાઓ. જેમ જેમ આપણે યજ્ઞમાં પ્રવેશ કરીશું (આગળ યજ્ઞનો અર્થ કરવામાં આવશે; યજ્ઞ એટલે આરાધનાની વિધિ) તેમ તેમ હૃદયદેશમાં દૈવી સંપત્તિ પ્રાપ્ત થતી જશે. 'પરમદેવ' એક માત્ર પરમાત્મા છે. આ પરમદેવમાં પ્રવેશ અપાવી દે એવી જે સંપત્તિ છે, અંતઃકરણની જે સજાતીય પ્રવૃત્તિ છે, એને જ 'દૈવી સંપત્તિ' કહે છે. એ પરમદેવને પ્રગટાવે છે માટે 'દૈવી સંપત્તિ' કહેવાય છે. નહિ કે બાહ્ય સ્થૂળ દેવતા, પથ્થર-પાણી જેની લોકો કલ્પના કરે છે. યોગેશ્વર શ્રીકૃષ્ણના શબ્દોમાં એનું કોઈ અસ્તિત્વ નથી. આગળ કહે છે -

**इष्टान्भोगान्हि वो देवा दास्यन्ते यज्ञभाविताः ।**
**तैर्दत्तानप्रदायैभ्यो यो भुङ्क्ते स्तेन एव सः ॥१२॥**

યજ્ઞ દ્વારા પુષ્ટ થયેલ દેવતા (દૈવી સંપદ્) તમને '**इष्टान् भोगान् हि दास्यन्ते**' - ઈષ્ટ અર્થાત્ આરાધ્યને લગતા ભોગો આપશે; બીજું કંઈ નહી, '**तैः दत्तान्** ' - ફક્ત એ એક જ આપનારા છે. ઈષ્ટને મેળવવા માટેનો બીજો કોઈ વિકલ્પ નથી. આ દૈવી ગુણોની વૃદ્ધિ કર્યા સિવાય જે આ સ્થિતિને ભોગવે છે તે નક્કી ચોર છે. જ્યાં એણે કંઈ જ મેળવ્યું જ નથી તો તે ભોગવશે શું ? પરંતુ તે અવશ્ય કહે છે કે હું તો પૂર્ણ છું; તત્ત્વદર્શી છું. આવી બડાઈ હાંકનાર આ માર્ગમાં મુખ સંતાડનાર માત્ર છે. એ નક્કી ચોર છે; નહિ કે પ્રાપ્તિવાળો, પરંતુ પ્રાપ્ત કરનારો શું પ્રાપ્ત કરે છે ?

**यज्ञशिष्टाशिनः सन्तो मुच्यन्ते सर्वकिल्बिषैः ।**
**भुञ्जते ते त्वघं पापा ये पचन्त्यात्मकारणात् ॥१३॥**

યજ્ઞથી બચેલું ખાનારો સંતપુરુષ સર્વ પાપોથી મુક્ત થઈ જાય છે. દૈવી સંપત્તિની વૃદ્ધિ કરતાં કરતાં પ્રાપ્તિકાળ જ પૂર્તિકાળ બની જાય છે. જ્યારે યજ્ઞ પૂર્ણ થઈ ગયો ત્યારે શેષ રહી ગયેલ બ્રહ્મ જ અન્ન છે. આને જ શ્રીકૃષ્ણે બીજા શબ્દોમાં કહ્યું. '**यज्ञ शिष्टामृतभुजो यान्ति ब्रह्म सनातनम्**' - યજ્ઞ જેનું

સર્જન કરે છે, એ અશન-આહારનું સેવન કરનાર બ્રહ્મમાં પ્રવિષ્ટ થઈ જાય છે. અહીં તેઓ કહે છે કે, યજ્ઞમાંથી શેષ બચેલા અશન(બ્રહ્મ-અમૃત)નું સેવન કરનારો સર્વ પાપોથી છુટકારો મેળવે છે. સંતજનો તો મુક્ત થઈ જાય છે, પરંતુ પાપીઓ મોહના માધ્યમથી ઉત્પન્ન થયેલા શરીરને માટે ભોજન પકાવે છે. તેઓ પાપને ખાય છે. એમણે ભજન પણ કર્યું. આરાધનાને સમજ્યા, આગેવાન પણ બન્યા. પરંતુ બદલામાં એક મધુર ઈચ્છા ઉત્પન્ન થઈ ગઈ કે '**आत्मकारणात्**' - શરીરના માટે અને સંબંધોને લઈને કંઈક પ્રાપ્ત થાય. એને પ્રાપ્ત તો થઈ જશે. પરંતુ આટલો ભોગ આપ્યા પછી પણ એ પોતાની જાતને હતી ત્યાં ને ત્યાં જ ઊભેલી, જ્યાંથી તેણે ચાલવાની શરૂઆત કરી ત્યાં જ પામશે. આનાથી મોટી ભૂલ બીજી કઈ હોઈ શકે ? જ્યારે શરીર નાશવંત છે ત્યારે એના સુખ-ભોગ ક્યાં સુધી સાથ આપશે ? તેઓ આરાધના તો કરે છે, પરંતુ એના બદલામાં પાપ જ ભોગવે છે.

'**पलटि सुधा ते सठ विष लेहीं**' (**रामचरितमानस**)એ નષ્ટ તો નહીં થાય, પરંતુ તે આગળ નહિ વધે. એટલા માટે શ્રીકૃષ્ણ નિષ્કામ ભાવથી કર્મ (ભજન) કરવા પર ભાર મૂકે છે. અહીં સુધી શ્રીકૃષ્ણે સમજાવ્યું કે યજ્ઞ પરમશ્રેય કરનાર છે અને એની રચના મહાપુરુષો દ્વારા થાય છે. પરંતુ એ મહાપુરુષ પ્રજાની રચના કરવામાં કેમ પ્રવૃત્ત થાય છે ? - તે વિષે કહે છે -

**अन्नाद्भवन्ति भूतानि पर्जन्यादन्नसंभवः ।**
**यज्ञाद्भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः ॥१४॥**
**कर्म ब्रह्मोद्भवं विद्धि ब्रह्माक्षरसमुद्भवम् ।**
**तस्मात्सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम् ॥१५॥**

પ્રાણી માત્ર અન્નથી ઉત્પન્ન થાય છે. '**अन्नं ब्रह्म व्यजानात्**' અન્ન જ પરમાત્મા છે. આ બ્રહ્મ-અમૃતને લક્ષ બનાવીને જીવ યજ્ઞ કરવા તત્પર થાય છે. અન્નની ઉત્પત્તિ વૃષ્ટિથી થાય છે. વાદળોમાંથી થનાર વૃષ્ટિ નહિ, પરંતુ કૃપાવૃષ્ટિ ! પૂર્વે સંચિત કરેલાં યજ્ઞકર્મો જ કૃપાના રૂપમાં વરસી પડે છે. આજની આરાધના કાલે કૃપાના રૂપમાં મળશે. આથી જ વૃષ્ટિ યજ્ઞથી થાય છે. સ્વાહા સ્વાહા બોલવાથી અને તલ-જવ હોમવાથી જ

વૃષ્ટિ થતી હોત તો વિશ્વની ઘણી જ બધી ભૂમિ મરુભૂમિ વેરાન કેમ હોત ? હરિયાળી ફળદ્રુપ બની જાત. અહીં કૃપાવૃષ્ટિ યજ્ઞની દેણ છે. આ યજ્ઞ કર્મોથી જ ઉત્પન્ન થાય છે, અને કર્મથી જ યજ્ઞ પૂર્ણ થાય છે.

એ કર્મને વેદમાંથી ઉત્પન્ન થયેલો માનો. વેદ બ્રહ્મસ્થિત મહાપુરુષની વાણી છે. જે તત્ત્વવિદિત નથી, તેની પ્રત્યક્ષ અનુભૂતિનું નામ વેદ છે; નહિ કે થોડા શ્લોકનો સંગ્રહ. વેદ અવિનાશી પરમાત્માથી ઉત્પન્ન થયેલા જાણ. આ વેદ નીકળ્યા તો મહાત્માઓના મુખેથી પરંતુ જે મહાત્માઓ પરમાત્મા સાથે એકરૂપ થઈ ચૂકેલા છે એમના માધ્યમથી અવિનાશી પરમાત્મા જ બોલે છે; એટલા માટે વેદ અપૌરુષેય કહેવાય છે. મહાપુરુષ વેદોને ક્યાંથી પામી ગયા ? તો વેદ અવિનાશી પરમાત્માથી ઉત્પન્ન થયા. એ મહાપુરુષો એની સાથે તદ્રુપ છે. એ કેવળ યંત્ર છે, તેથી એમના દ્વારા તે જ બોલે છે; કારણ કે યજ્ઞ દ્વારા જ મનનાં નિરોધકાળમાં એ જાણી શકાય છે.  આથી સર્વવ્યાપી પરમ અક્ષર પરમાત્મા સર્વદા યજ્ઞમાં જ પ્રતિષ્ઠિત છે. યજ્ઞ એને પામવાનો એક માત્ર ઉપાય છે. આના ઉપર જ ભાર મૂકે છે -

**एवं प्रवर्तितं चक्रं नानुवर्तयतीह यः ।**
**अघायुरिन्द्रियारामो मोघं पार्थ स जीवति ॥१६॥**

હે પાર્થ ! જે પુરુષ આ લોકમાં મનુષ્યદેહ પ્રાપ્ત કરીને આ પ્રકારે ચલાવેલા, પ્રવર્તાવેલા સાધનચક્ર અનુસાર વર્તતા નથી અર્થાત્ દૈવી સંપત્તિનો ઉત્કર્ષ, દેવતાઓની વૃદ્ધિ અને પરસ્પર વૃદ્ધિ દ્વારા અક્ષયધામની પ્રાપ્તિ કરવી - આ ક્રમ પ્રમાણે વર્તતો નથી, પરંતુ ઈન્દ્રિયોનો આરામ ઈચ્છનારો છે તે પાપાયુ પુરુષ વ્યર્થ જ જીવી રહ્યો છે.

બંધુઓ ! યોગેશ્વર શ્રીકૃષ્ણે અધ્યાય બીજામાં કર્મનું નામ લીધું અને આ અધ્યાયમાં સમજાવ્યું કે નિયત કર્મનું આચરણ કર. યજ્ઞની પ્રક્રિયા જ કર્મ છે. એના સિવાય બીજું જે કંઈ કરવામાં આવે છે તે આ લોકનું બંધન છે. આથી સંગદોષથી દૂર રહીને, આ યજ્ઞની પૂર્તિ માટે કર્મનું આચરણ કર. એમણે યજ્ઞની વિશેષતાઓ વિશે પ્રકાશ પાડ્યો અને સમજાવ્યું કે યજ્ઞની ઉત્પત્તિ બ્રહ્માથી છે. પ્રજા અન્નને ઉદ્દેશ્ય બનાવીને આ યજ્ઞમાં પ્રવૃત્ત થાય છે. યજ્ઞ

કર્મથી અને કર્મ અપૌરુષેય વેદથી ઉત્પન્ન થયેલ છે. જોકે એમનામાં વેદમંત્રોના દ્રષ્ટા મહાપુરુષ જ હતા. એના પુરુષનું ઊર્ધ્વીકરણ થઈ ચૂક્યું હતું. તેની સાથે અવિનાશીપરમાત્મા જ શેષ બચ્યા હતા. તેથી વેદ પરમાત્મામાંથી ઉત્પન્ન થાય છે. સર્વવ્યાપી પરમાત્મા હંમેશાં યજ્ઞમાં પ્રતિષ્ઠિત છે. આ સાધનચક્ર અનુસાર જે વર્તતો નથી તે પાપાયુ પુરુષ ઇન્દ્રિયોના સુખની ઇચ્છાવાળો છે તે વ્યર્થ જ જીવે છે. અર્થાત્ યજ્ઞ એવી વિશિષ્ટ વિધિ છે, જેમાં ઇન્દ્રિયોને આરામ નથી, પરંતુ અક્ષય સુખ છે. ઇન્દ્રિયોના સંયમના સાથે એમાં સામેલ થવાનું વિધાન છે. ઇન્દ્રિયોના આરામની ઇચ્છાવાળા પાપાયુ છે. હજી સુધી શ્રીકૃષ્ણે યજ્ઞ શું છે તે બતાવ્યું નથી. પરંતુ શું યજ્ઞ કરતાં જ રહેશું કે એનો કદી અંત પણ હશે ? આ બાબતમાં યોગેશ્વર કહે છે -

**यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।**
**आत्मन्येव च संतुष्टस्तस्य कार्यं न विद्यते ॥१७॥**

પરંતુ જે મનુષ્ય આત્મામાં જ રત, આત્મતૃપ્ત અને આત્મામાં જ સંતુષ્ટ છે, તેને માટે કોઈ કર્તવ્ય શ્રેષ્ઠ રહેતું નથી. આ જ લક્ષ્ય હતું. જ્યારે અવ્યક્ત સનાતન, અવિનાશી, આત્મતત્ત્વ પ્રાપ્ત થઈ ગયું તો પછી આગળ શું શોધીએ ? આવા પુરુષ માટે ન તો કર્મની આવશ્યકતા રહે છે, ન તો આરાધનાની. આત્મા અને પરમાત્મા એકબીજાના પર્યાય છે. આનું જ ફરીથી ચિત્રણ કરે છે-

**नैव तस्य कृतेनार्थो नाकृतेनेह कश्चन ।**
**न चास्य सर्वभूतेषु कश्चिदर्थव्यपाश्रयः ॥१८॥**

આ સંસારમાં એ પુરુષ દ્વારા કાર્ય કરવાથી નથી કોઈ લાભ અને છોડી દેવાથી નથી કોઈ નુકસાન; જોકે પહેલાં તેની જરૂર હતી. તેનો કોઈ પ્રાણી સાથે કોઈ સ્વાર્થ સંબંધ નથી હોતો. આત્મા જ તો શાશ્વત, સનાતન, અવ્યક્ત, અપરિવર્તનશીલ અને અક્ષય છે. જ્યારે તેને તે મળી ગયો પછી તેમાં જ સંતુષ્ટ, તેમાં જ તૃપ્ત, તેમાં જ ઓતપ્રોત અને સ્થિત છે; આગળ કોઈ સત્તા જ નથી તો કોને શોધે ? શું મળશે ? તે પુરુષ માટે કર્મ છોડી દેવાથી કોઈ જ નુકસાન થવાનું નથી; કારણ કે વિકાર જ જેની

ઉપર અંકિત થાય છે, તે ચિત્ત જ બચતું નથી. સંપૂર્ણ ભૂતોમાં, બાહ્ય જગત અને આંતરિક સંકલ્પો વચ્ચે લેશમાત્ર અર્થ નથી રહેતો. સૌથી મોટો અર્થ હતો 'પરમાત્મા' ! જ્યારે તે જ ઉપલબ્ધ છે, તો બીજા સાથે તેની શી લેવાદેવા ?

**तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर ।**
**असक्तो ह्याचरन्कर्म परमाप्नोति पूरुषः ॥१९॥**

આ સ્થિતિને પ્રાપ્ત કરવા તું અનાસક્ત બનીને નિરન્તર '**कार्यं कर्म**' - જે કરવા યોગ્ય કર્મ છે, તે કર્મને સારી રીતે કર, કારણ કે અનાસક્ત પુરુષ કર્મના આચરણથી પરમાત્માને પ્રાપ્ત થાય છે. 'નિયત કર્મ,' 'કાર્ય-કર્મ' એક જ છે. કર્મની પ્રેરણા આપતાં તેઓ કહે છે -

**कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः ।**
**लोकसंग्रहमेवापि संपश्यन्कर्तुमर्हसि ॥२०॥**

જનક એટલે જનક રાજા નહિ; પરંતુ જન્મદાતાને જનક કહે છે. યોગ જ જનક છે. તમારા સ્વરૂપને જન્મ આપે છે, પ્રકટ કરે છે. યોગ વડે સંયુક્ત પ્રત્યેક મહાપુરુષ જનક છે. આવા યોગસંયુક્ત ઘણા બધા ઋષિઓ '**जनकादयः**' - જનક વગેરે જ્ઞાનાજન મહાપુરુષોએ પણ '**कर्मणा एव संसिद्धिम्**' -કર્મો દ્વારા જ પરમસિદ્ધિને પ્રાપ્ત કરી છે. પરમસિદ્ધિનો અર્થ પરમતત્ત્વ પરમાત્માની પ્રાપ્તિ. અગાઉ જનક વગેરે જેટલા પણ મહર્ષિઓ થઈ ગયા છે, તેઓ 'કાર્યં કર્મ' એટલે કે કરવા યોગ્ય કર્મ કે જે યજ્ઞની પ્રક્રિયા છે, તેવાં કર્મને કરીને '**संसिद्धिम्**' - પરમસિદ્ધિને પ્રાપ્ત થયેલા છે. પરંતુ પ્રાપ્તિ બાદ તેઓ પણ લોકસંગ્રહને નજર સમક્ષ રાખી કર્મ કરે છે. લોકહિત ચાહીને કર્મ કરે છે. માટે તું પણ પ્રાપ્તિ પછી, લોકનાયક બનવા માટે કાર્ય કરતા રહેવા યોગ્ય છે. શા માટે ?

હમણાં શ્રીકૃષ્ણે કહ્યું છે કે પ્રાપ્તિ પછી મહાપુરુષના કર્મ કરવાથી ન કોઈ લાભ થાય છે કે ન તો તે છોડી દેવાથી કોઈ હાનિ થાય છે; છતાં પણ લોકસંગ્રહ, લોકહિતની વ્યવસ્થા માટે તેઓ સારી પેઠે નિયત કર્મનું આચરણ કરતા રહે છે.

**यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।**
**स यत्प्रमाणं कुरूते लोकस्तदनुवर्तते ।।२१।।**

શ્રેષ્ઠ પુરુષ જે જે આચરણ કરે છે, અન્ય લોકો તે પ્રમાણે કરે છે.તે મહાપુરુષ જે કંઈ પણ પ્રમાણ કરી દે છે સંસાર તેને અનુસરે છે.

પહેલાં શ્રીકૃષ્ણે સ્વરૂપમાં સ્થિત, આત્મતૃપ્ત મહાપુરુષની રહેણી કરણી પર પ્રકાશ પાડ્યો કે તેના માટે કર્મ કરવાથી ન કોઈ લાભ છે અને ન કરવાથી કોઈ હાનિ થાય છે; તો પણ જનકાદિ સારી રીતે કર્મ કરતા રહ્યા હતા. અહીં શ્રીકૃષ્ણ પણ ધીમેથી પોતાના તે મહાપુરુષો સાથે સરખાવતાં કહે છે કે હું પણ એક મહાપુરુષ છું.

**न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किंचन ।**
**नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि ।।२२।।**

હે પાર્થ ! મારે ત્રણેય લોકમાં કોઈ કર્તવ્ય નથી. આગળ કહેતો આવ્યો છું કે તે મહાપુરુષને સમસ્ત ભૂતોમાં કોઈ કર્તવ્ય નથી. અહીં કહે છે કે - ત્રણેય લોકમાં મારું કોઈ પણ કર્તવ્ય બાકી નથી તથા કંઈ પણ પ્રાપ્ત કરવા યોગ્ય વસ્તુ અપ્રાપ્ત પણ નથી, છતાં પણ હું સારી પેઠે કર્મ આચરું છું. કેમ ?

**यदि ह्यहं न वर्तेयं जातु कर्मण्यतन्द्रितः ।**
**मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः ।।२३।।**

કારણ કે જો હું સાવધાન રહીને કર્મનો અમલ ન કરું તો લોકો મારા વર્તન પ્રમાણે વર્તવા લાગશે. તો શું આપનું અનુકરણ પણ ખરાબ છે ? શ્રીકૃષ્ણ કહે છે કે "હા !"

**उत्सीदेयुरिमे लोका न कुर्यां कर्म चेदहम् ।**
**संकरस्य च कर्ता स्यामुपहन्यामिमाः प्रजाः ।।२४।।**

જો હું સાવધાન થઈને કર્મ ન કરું તો આ બધા જ ભ્રષ્ટ થઈ જશે અને હું '**संकरस्य**' - વર્ણસંકરને કરનારો બનું તથા આ બધી જ પ્રજાઓનું હનન કરનારો એટલે કે મારનારો બનું. સ્વરૂપમાં સ્થિત મહાપુરુષ સતર્ક

થઈને જો આરાધના કર્મને વળગી ન રહે, તો સમાજ તેની નકલ કરીને ભ્રષ્ટ થઈ જશે. મહાપુરુષે તો આરાધના પૂર્ણ કરી નૈષ્કર્મ્યની સ્થિતિને મેળવી છે. તેઓ ન કરે તો તેમના માટે કોઈ નુકસાન નથી, પરંતુ સમાજે તો હજી આરાધનાનો આરંભ જ નથી કર્યો. પાછળથી આવનારાઓના માર્ગદર્શન માટે જ મહાપુરુષો કર્મ કરે છે. હું પણ કરું છું અર્થાત્ શ્રીકૃષ્ણ એક મહાપુરુષ હતા, નહિ કે વૈકુંઠથી આવેલા કોઈ વિશેષ ભગવાન. એમણે કહ્યું કે મહાપુરુષો લોકસંગ્રહને માટે કાર્ય કરે છે, હું પણ કરું છું. જો ન કરું તો લોકોનું પતન થઈ જાય, સૌ લોકો કર્મ છોડી દેશે.

મન ખૂબ જ ચંચળ છે. તેને બધું જ જોઈએ છે, કેવળ ભજન નથી જોઈતું. જો સ્વરૂપસ્થ મહાપુરુષ કર્મ ન કરે, તો તેની દેખાદેખીથી તેને અનુસરનારા પણ તરત જ કર્મ છોડી દેશે. એમને બહાનું મળી જાય કે આ ભજન નથી કરતા, પાન ખાય છે. અત્તર લગાડે છે, સામાન્ય વાતો કરે છે, છતાં પણ મહાપુરુષ કહેવાય છે. આવો વિચાર કરીને તેઓ પણ આરાધનાથી હટી જાય છે, પતિત થઈ જાય છે. શ્રીકૃષ્ણ કહે છે કે જો હું કર્મ ન કરું તો સૌ ભ્રષ્ટ થઈ જાય અને હું 'વર્ણસંકર'નો કર્તા બનું.

સ્ત્રીઓ દૂષિત થતાં 'વર્ણસંકર' થયાનું જોવા-સાંભળવા મળે છે. અર્જુન પણ આ જ ભયથી વ્યાકુળ હતો કે સ્ત્રીઓ દૂષિત બનશે, તો વર્ણસંકર પેદા થશે; પરંતુ શ્રીકૃષ્ણ કહે છે - જો હું સાવધાન રહીને આરાધનામાં રત ન રહું તો વર્ણસંકરનો કર્તા બનું. વસ્તુતઃ આત્માનો શુદ્ધ વર્ણ છે - પરમાત્મા. પોતાના શાશ્વત સ્વરૂપના માર્ગથી ચલિત થઈ જવું એ જ વર્ણસંકરતા છે. જો સ્વરૂપસ્થ મહાપુરુષ ક્રિયાનું આચરણ નથી કરતો તો લોકો તેના અનુકરણમાં ક્રિયારહિત બની જશે, આત્માના માર્ગેથી ચલિત થઈ જશે, વર્ણસંકર થઈ જશે, તેઓ પ્રકૃતિમાં ખોવાઈ જશે.

સ્ત્રીઓનું સતીત્વ અને જાતિની શુદ્ધતા એક સામાજિક વ્યવસ્થા છે, અધિકારોનો પ્રશ્ન છે. સમાજ માટે તેની ઉપયોગિતા પણ છે, પરંતુ માતા-પિતાની ભૂલોનો સંતાનની સાધના પર કોઈ પણ પ્રભાવ નથી પડતો.'**आपन करनी पार उतरनी ।**' હનુમાન, વ્યાસ, નારદ, વશિષ્ઠ,

શુકદેવ, કબીર, ઈસુ વગેરે મહાન પુરુષો થઈ ગયા, જેમને સામાજિક કુલીનતા સાથે કોઈ સંપર્ક જ નથી. આત્મા પોતાના પૂર્વજન્મના ગુણધર્મને લઈને આવે છે. શ્રીકૃષ્ણ કહે છે **'मनः षष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति।'** - મનસહિત ઈન્દ્રિયો વડે જે કાર્ય આ જન્મમાં થાય છે, તેમના સંસ્કારથી જીવાત્મા જૂના શરીરને ત્યાગીને નૂતન શરીરમાં પ્રવેશ કરે છે. આમાં જન્મદાતાઓને શો સંબંધ ? તેમના વિકાસમાં કોઈ તફાવત નથી પડ્યો. માટે સ્ત્રીઓના દૂષિત થવાથી વર્ણસંકર નથી થતો. સ્ત્રીઓના દૂષિત થવાને અને વર્ણસંકરતાને કોઈ સંબંધ નથી. શુદ્ધ સ્વરૂપ તરફ અગ્રેસર ન થતાં પ્રકૃતિમાં વિખેરાઈ જવું એ જ વર્ણસંકર છે.

જો મહાપુરુષ સાવધાન થઈને ક્રિયા (નિયત કર્મ)નો અમલ કરી લોકો દ્વારા ક્રિયા ન કરાવે તો તે પેલી બધી જ પ્રજાઓનું હનન કરનારો, મારનારો બને. સાધનાકર્મમાં ચાલીને તે મૂળ અવિનાશીની પ્રાપ્તિ કરવી એ જ જીવન છે અને પ્રકૃતિમાં વિખેરાઈ જવું, ભટકી જવું તે મૃત્યુ છે; પરંતુ જે મહાપુરુષ આ બધી પ્રજાને ક્રિયા માર્ગે નથી ચલાવતા; સમગ્ર પ્રજાને વિખેરાઈ જતી રોકી સારા માર્ગે નથી વાળતા, તેઓ સમગ્ર પ્રજાનું હનન કરનારા એટલે કે હત્યારા છે, હિંસક છે અને ક્રમશઃ જે પોતે ચાલતાં ચાલતાં પોતાની સાથે ચલાવતો રહે છે, તે શુદ્ધ અહિંસા છે. ગીતા પ્રમાણે શરીરનું નિધન નશ્વર કલેવરોનું નિધન, માત્ર પરિવર્તન જ છે, હિંસા નહિ.

**सक्ताः कर्मण्यविद्वांसो यथा कुर्वन्ति भारत।**
**कुर्याद्विद्वांस्तथासक्तश्चिकीर्षुर्लोकसंग्रहम् ॥२५॥**

હે ભારત ! કર્મમાં આસક્ત થઈને અજ્ઞાનીજનો જે પ્રમાણે કર્મ કરે છે. તેવી જ રીતે અનાસક્ત વિદ્વાન, પૂર્ણ જ્ઞાતા પણ લોકહૃદયમાં પ્રેરણા અને કલ્યાણ-સંગ્રહની કામના કરતો કર્મ કરે. યજ્ઞની વિધિ જાણતા અને કરતા હોવા છતાં આપણે અજ્ઞાની છીએ. જ્ઞાનનો અર્થ છે - પ્રત્યક્ષ જ્ઞાન. જ્યાં સુધી લેશમાત્ર પણ આપણે અલગ છીએ, આરાધ્ય અલગ છે, ત્યાં સુધી અજ્ઞાનતા વિદ્યમાન છે. જ્યાં સુધી અજ્ઞાનતા છે ત્યાં સુધી કર્મમાં આસક્તિ રહે છે. અજ્ઞાની જેટલી આસક્તિથી આરાધના કરે છે, તે જ

રીતે અનાસક્ત પણ. જેને કર્મ સાથે કોઈ પ્રયોજન નથી તેને આસક્તિ કેમ થાય ? એવા પૂર્મ જ્ઞાતા મહાપુરુષ પણ લોકહિત માટે કર્મ કરે, દૈવી સંપદનો ઉત્કર્ષ કરે, જેથી સમાજ તે માર્ગે ચાલી શકે.

**न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसङ्गिनाम् ।**
**जोषयेत्सर्वकर्माणि विद्वान्युक्तः समाचरन् ॥२६॥**

જ્ઞાની પુરુષોએ કર્મોમાં આસક્તિવાળા અજ્ઞાનીઓની બુદ્ધિમાં ભ્રમ પેદા કરવો ન જોઈએ અર્થાત્ સ્વરૂપસ્થ મહાપુરુષ ધ્યાન આપે કે તેમના કોઈ આચરણથી તેમને અનુસરનારાઓના મનમાં કર્મ પ્રત્યે અશ્રદ્ધા ઉત્પન્ન ન થઈ જાય. પરમાત્મતત્ત્વથી સંયુક્ત મહાપુરુષ પણ પોતે સારી રીતે નિયત કર્મ કરતા રહી અન્ય લોકોને કર્મ કરાવે.

આ જ કારણ હતું કે 'પૂજ્ય મહારાજ' વૃદ્ધાવસ્થામાં પણ રાતના એક કે બે વાગ્યે ઊઠીને બેસી જતા અને ઉધરસ ખાતા. ત્રણ વાગે બોલવા લાગતા, "ઊઠો ! માટીનાં પૂતળાંઓ ! " સૌ ઊઠીને ચિંતનમાં લાગી જાય, તો પોતે થોડું સૂઈ જાય. થોડી વાર પછી ઊઠીને બેસી જાય અને કહે - "તમે લોકો વિચારતા હશો કે મહારાજ સૂઈ ગયા છે, પરંતુ હું સૂતો નથી, શ્વાસમાં લાગેલો છું. વૃદ્ધાવસ્થાનું શરીર છે, બેસવામાં કષ્ટ થાય છે, તેથી હું પડ્યો રહું છું, પરંતુ તમારેં તો સ્થિર અને સીધા બેસીને ચિંતનમાં લાગી જવાનું છે. જ્યાં સુધી તેલની ધારાની જેમ શ્વાસની દોરી ન લાગી જાય, ક્રમ ન તૂટે, અન્ય સંકલ્પ વચમાં વ્યવધાન ઉત્પન્ન ન કરી શકે, ત્યાં સુધી સતત લાગી રહેવું એ સાધકનો ધર્મ છે. મારો શ્વાસ તો વાંસની જેમ સ્થિર છે. આ જ કારણ છે કે અનુયાયીઓ દ્વારા કરાવવા માટે તે મહાપુરુષ સારી રીતે કર્મનું આચરણ કરે છે. "**जिस गुन को सिखावै, उसे करके दिखावै**"

આ રીતે સ્વરૂપસ્થ મહાપુરુષે પણ પોતે કર્મ કરતા રહી સાધકોને પણ આરાધનામાં લગાડવા જોઈએ. સાધક પણ આરાધનામાં પરોવાય; પરંતુ તે ભલે જ્ઞાનયોગી હોય અથવા સમર્પણ ભાવવાળા નિષ્કામ કર્મયોગી હોય, સાધકમાં સાધનાનો અહંકાર ન આવવો જોઈએ, કર્મ કોની દ્વારા થાય છે, તે થવામાં કયું કારણ છે ? આના પરથી શ્રીકૃષ્ણ પ્રકાશ પાડે છે

**प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ।**
**अहंकारविमूढात्मा कर्ताहमिति मन्यते ॥२७॥**

આરંભથી પૂર્તિ પર્યંત સંપૂર્ણ કર્મ પ્રકૃતિના ગુણો દ્વારા કરવામાં આવે છે. છતાં પણ અહંકારથી વિશેષ મૂઢ પુરુષ 'હું કર્તા છું' - એવું માની લે છે. આવું કેમ માની લેવાય કે આરાધના પ્રકૃતિના ગુણો દ્વારા થાય છે ? આવું કોણે જોયું ? આના પરથી કહે છે -

**तत्त्ववित्तु महाबाहो गुणकर्मविभागयोः ।**
**गुणा गुणेषु वर्तन्ते इति मत्वा न सज्जते ॥२८॥**

હે મહાબાહો ! ગુણ અને કર્મના વિભાગને '**तत्त्ववित्त**' પરમતત્ત્વ પરમાત્માને જાણનારા મહાપુરુષોએ જોયા અને સંપૂર્ણ ગુણ, ગુણોમાં જ વર્તી રહ્યા છે આવું માનીને તે ગુણ અને કર્મોના કર્તાપણામાં આસક્ત થતા નથી.

અહીં તત્ત્વનો અર્થ પરમતત્ત્વ પરમાત્મા છે; નહિ કે પાંચ કે પચ્ચીસ તત્ત્વ જેની લોકો ગણતરી કરે છે. યોગેશ્વર શ્રીકૃષ્ણના શબ્દોમાં તત્ત્વ એકમાત્ર પરમાત્મા છે, બીજું કોઈ તત્ત્વ છે જ નહિ. ગુણોને પાર કરીને પરમતત્ત્વ પરમાત્મામાં સ્થિત મહાપુરુષ ગુણ પ્રમાણે કર્મોના વિભાજન જોઈ શકે છે. તામસી ગુણ હશે, તો તેનું કાર્ય આલસ્ય, નિદ્રા, પ્રમાદ હશે. કાર્યમાં પ્રવૃત્ત ન થવાનો સ્વભાવ. રાજસી ગુણ હશે તો આરાધનામાંથી પાછો ન પડવાનો સ્વભાવ, શૌર્ય, સ્વામીભાવથી કર્મ થશે અને સાત્ત્વિક ગુણ કાર્યરત થવાથી ધ્યાન, સમાધિ, અનુભવી ઉપલબ્ધિ, ધારાવાહિક ચિન્તન, સ્વભાવમાં સરળતા હશે. ગુણ પરિવર્તનશીલ છે. પ્રત્યક્ષદર્શી જ્ઞાની જ જોઈ શકે છે કે ગુણોને અનુરૂપ કર્મોનો ઉત્કર્ષ, અપકર્ષ થાય છે. ગુણ પોતાનાં કાર્યો કરાવી લે છે, અર્થાત્ ગુણ ગુણમાં જ વર્તે છે. આવું સમજીને તે પ્રત્યક્ષ દ્દષ્ટા કર્મમાં આસક્ત થતો નથી, પરંતુ જે ગુણોનો પાર પામ્યો નથી, જે હજી રસ્તામાં છે, એને તો કર્મમાં આસક્ત રહેવાનું છે. માટે -

**प्रकृतेर्गुणसंमूढाः सज्जन्ते गुणकर्मसु ।**
**तानकृत्स्नविदो मन्दान्कृत्स्नविन्न विचालयेत् ॥२९॥**

પ્રકૃતિના ગુણોથી મોહિત થયેલા પુરુષ ગુણ અને કર્મમાં ક્રમશઃ નિર્મળ ગુણો તરફ ઉન્નતિને જોઈને એમાં આસક્ત થાય છે. તેને સારી રીતે નહિ સમજનારા '**मन्दान्** ' - શિથિલ પ્રયત્નોવાળાઓને આ સારી રીતે જાણનારો જ્ઞાની ચલાયમાન ન કરે. તેમને હતોત્સાહ ન કરે, પરંતુ પ્રોત્સાહન આપે; કારણ કે કર્મ કરીને જ તેમણે પરમ નૈષ્કર્મ્યની સ્થિતિને પામવાનું છે. પોતાની શક્તિ અને સ્થિતિ આકલન કરીને કર્મમાં પ્રવૃત્ત થનારા જ્ઞાનમાર્ગી સાધકોએ કર્મોને ગુણોની દેન હોવાનું માનવું જોઈએ. પોતાને કર્તા માનીને અહંકારી ન બની જાય, નિર્મળ ગુણોને પ્રાપ્ત કરીને પણ તેમાં આસક્ત ન બને, પરંતુ નિષ્કામ કર્મયોગીએ કર્મ અને ગુણોના વિશ્લેષણમાં સમય આપવાની કોઈ જરૂર નથી એને તો બસ સમર્પણ સાથે કર્મ કરતા રહેવાનું છે. કયો ગુણ આવે છે ને જાય છે એ જોવાની જવાબદારી ઈષ્ટની બની જાય છે. ગુણોનું પરિવર્તન અને ક્રમે ક્રમે ઉત્થાન એ પણ ઈષ્ટની દેન છે એમ તે માને છે અને કર્મ થાય તે પણ એની જ દેન છે એમ તે માને છે. માટે કર્તાપણાનો અહંકાર અથવા ગુણોમાં આસક્તિ થવાની સમસ્યા તેને માટે નથી રહેતી, પરંતુ તે કર્મમાં સતત વ્યસ્ત રહે છે. આ વિશે તેમજ તેની સાથે સાથે યુદ્ધનું સ્વરૂપ બતાવતાં શ્રીકૃષ્ણ કહે છે -

**मयि सर्वाणि कर्माणि संन्यस्याध्यात्मचेतसा ।**
**निराशीर्निर्ममो भूत्वा युध्यस्व विगतज्वरः ॥३०॥**

માટે હે અર્જુન ! તું '**अध्यात्मचेतसा**' - અંતરાત્મામાં ચિત્તનો નિરોધ કરીને, ધ્યાનસ્થ થઈને સંપૂર્ણ કર્મોને મારામાં અર્પણ કરીને આશારહિત, મમતારહિત અને સંતાપરહિત થઈને યુદ્ધ કર. જ્યારે ચિત્ત ધ્યાનમાં સ્થિત છે, લેશમાત્ર પણ ક્યાંય આશા નથી, કર્મમાં મમત્વ નથી, અસફળતાનો સંતાપ નથી, તો તે પુરુષ કયું યુદ્ધ કરશે ? જ્યારે ચારે બાજુથી ચિત્ત સમેટાઈને હૃદય-દેશમાં નિરુદ્ધ થતું જાય છે, ત્યારે તે લડે છે શા માટે ?

કોની જોડે લડે અને ત્યાં છે કોણ ? હકીકતમાં જ્યારે તમે ધ્યાનમાં પ્રવેશ કરશો ત્યારે યુદ્ધનું સાચું સ્વરૂપ પ્રગટ થાય છે; તો કામ-ક્રોધ, રાગ-દ્વેશ, આશા-તૃષ્ણા વગેરે વિકારોનો સમૂહ, વિજાતીય પ્રવૃત્તિઓ જે '**कुरु**' કહેવાય છે, તે સંસારમાં પ્રવૃત્તિઓ આવતી જ રહે છે. અડચણના સ્વરૂપે ભયંકર આક્રમણ કરે છે. બસ આનો પાર પામવો એ જ યુદ્ધ છે. આનો નાશ કરતાં અંતરઆત્મામાં સમેટાતા જવું, ધ્યાનસ્થ થતાં જવું એ જ યથાર્થ યુદ્ધ છે. આના પર ફરી ભાર મૂકે છે -

**ये मे मतमिदं नित्यमनुतिष्ठन्ति मानवाः ।**
**श्रद्धावन्तोऽनसूयन्तो मुच्यन्ते तेऽपि कर्मभिः ॥३१॥**

અર્જુન ! જે કોઈ મનુષ્ય દોષ દૃષ્ટિથી રહિત થઈને શ્રદ્ધાભાવ સમર્પણથી સંયુક્ત થઈ, સદા મારા મત પ્રમાણે વર્તે છે કે 'યુદ્ધ કર' તે પુરુષ પણ સંપૂર્ણ કર્મોથી છૂટી જાય છે. યોગેશ્વરનું આ આશ્વાસન કોઈ હિન્દુ, મુસલમાન અથવા ખ્રિસ્તી માટે નથી, પરંતુ માનવ માત્ર માટે છે. તેમનો મત છે કે યુદ્ધ કર ! એથી એવું પ્રતીત થાય છે કે આ ઉપદેશ યુદ્ધ કરનારાઓ માટે હતો. અર્જુનની સામે તો સદ્ભાગ્યે વિશ્વ યુદ્ધની સંરચના હતી. તમારી સામે તો કોઈ યુદ્ધ જ નથી. તમે ગીતા પાછળ કેમ પડ્યા છો, કારણ કે કર્મોથી મુક્તિનો ઉપાય તો યુદ્ધ કરનારાઓ માટે છે, પરંતુ આવું કંઈ નથી. હકીકતમાં આ અંતર્દેશની લડાઈ છે. ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનો, વિદ્યા અને અવિદ્યાનો, ધર્મક્ષેત્ર અને કુરુક્ષેત્રનો સંઘર્ષ છે. તમે જેમ જેમ ધ્યાનમાં ચિત્તનો નિરોધ કરશો, વિજાતીય પ્રવૃત્તિ અડચણના રૂપમાં પ્રત્યક્ષ થાય છે, ભયંકર આક્રમણ કરે છે. એનું શમન કરતાં કરતાં ચિત્તનો નિરોધ કરતાં જવું એ જ યુદ્ધ છે. જે દોષ દૃષ્ટિથી રહિત થઈને શ્રદ્ધા સાથે આ યુદ્ધમાં જોડાય છે તે કર્મોના બંધનથી, આવાગમનથી, સારી રીતે છુટકારો મેળવી લે છે, જે આ યુદ્ધમાં પ્રવૃત્ત થતો નથી, તેની કઈ ગતિ થાય છે ? આ વિશે કહે છે -

**ये त्वेतदभ्यसूयन्तो नानुतिष्ठन्ति मे मतम् ।**
**सर्वज्ञानविमूढांस्तान्विद्धि नष्टानचेतसः ॥३२॥**

જે દોષ દૃષ્ટિવાળા'**अचेतस**' - મોહનિશામાં અચેત થયેલા લોકો મારા મત પ્રમાણે નથી વર્તતા અર્થાત્ ધ્યાનસ્થ થઈને આશા,મમતા, સંતાપ રહિત થઈને સમર્પણની સાથે યુદ્ધ નથી કરતા, '**सर्वज्ञानविमूढान**' - જ્ઞાનમાર્ગમાં સર્વથા મોહિત એ લોકોને તું કલ્યાણથી ભ્રષ્ટ થયેલા જ જાણ. જ્યારે આ જ સાચું છે તો લોકો કરતા કેમ નથી ? આ વિશે કહે છે -

**सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि ।**
**प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति ॥३३॥**

સઘળાં પ્રાણી પોતાની પ્રકૃતિને જ પામે છે પોતાના સ્વભાવથી પરવશ થઈને કર્મમાં ભાગ લે છે. પ્રત્યક્ષદર્શી જ્ઞાની પોતાની પ્રકૃતિ મુજબ ચેષ્ટા કરે છે. પ્રાણી પોતાના કર્મો પ્રમાણે વર્તે છે અને જ્ઞાની પોતાના સ્વરૂપમાં. જે પ્રમાણે જેની પ્રકૃતિનું દબાણ હોય તે રીતે તે કાર્ય કરે છે. આ સ્વંયસિદ્ધ છે. આમાં કોઈ શું નિરાકરણ કરી શકે ? આ જ કારણ છે કે સૌ લોકો મારા મત પ્રમાણે કર્મમાં પ્રવૃત્ત નથી થઈ શકતાં. તેઓ આશા, મમતા, સંતાપનો, બીજા શબ્દોમાં રાગદ્વેષનો ત્યાગ નથી કરી શકતા. તેનાથી કર્મનું સાચું આચરણ નથી થતું. આને વધુ સ્પષ્ટ કરે છે અને બીજું કારણ બતાવે છે -

**इन्द्रियस्येन्द्रियस्यार्थे रागद्वेषौ व्यवस्थितौ ।**
**तयोर्न वशमागच्छेत्तौ ह्यस्यं परिपन्थिनौ ॥३४॥**

ઈન્દ્રિય અને ઈન્દ્રિયોના ભોગોમાં રાગ અને દ્વેષ રહેલા છે. આ બંનેને વશ થવું જોઈએ નહિ કારણ કે આ કલ્યાણ માર્ગમાં કર્મથી ચલિત કરનારી પ્રણાલીમાં આ રાગ અને દ્વેષ ભયંકર શત્રુઓ છે, આરાધનાનું અપહરણ કરી લે છે. જ્યારે શત્રુઓ અંદર છે તા બહાર કોઈ બીજા કોઈની જોડે કેમ લડે ? શત્રુ તો ઈન્દ્રિય અને ભોગોના સંસર્ગમાં છે, અંતઃકરણમાં છે. માટે આ યુદ્ધ પણ અંતઃકરણનું યુદ્ધ છે; કારણ કે શરીર જ ક્ષેત્ર છે, આમાં સજાતીય, વિજાતીય બંને પ્રવૃત્તિઓ, વિદ્યા અને અવિદ્યા રહે છે, જે માયાના બે અંગો છે. આ પ્રવૃત્તિનો પાર પામવો, સજાતીય પ્રવૃત્તિઓને સાધીને એ વિજાતીયનો અંત લાવવો એ જ યુદ્ધ છે. વિજાતીય સમાપ્ત થતાં જ સજાતીયનો ઉપયોગ સમાપ્ત થઈ જાય છે. સ્વરૂપનો સ્પર્શ કરીને સજાતીયનું પણ તેના અંતરાલમાં વિલિન થઈ જવું, આ રીતે પ્રકૃતિનો પાર પામવો તે યુદ્ધ છે, આ ધ્યાનમાં જ સંભવી શકે.

રાગદ્વેષના શમનમાં સમય લાગે છે. માટે ઘણા સાધક ક્રિયાને છોડીને અચાનક મહાપુરુષોની નકલ કરવા લાગે છે. શ્રીકૃષ્ણ આનાથી સાવધાન કરે છે -

**श्रेयान्स्वधर्मो विगणः परधर्मात्स्वनुष्ठितात् ।**
**स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥३५॥**

એક સાધક દસ વર્ષથી સાધનામાં લાગેલો છે, અને બીજો આજે જ સાધનામાં પ્રવેશ કરી રહ્યો છે. બંનેની ક્ષમતા સરખી સરખી નહિ હોય. પ્રારંભિક સાધક જો તેની નકલ કરશે તો નષ્ટ થઈ જશે. આ પર શ્રી કૃષ્ણ કહે છે કે,

સારી રીતે આચરણ કરેલા બીજાના ધર્મ કરતાં ગુણરહિત હોય તો પણ પોતાનો ધર્મ અધિક ઉત્તમ છે. સ્વભાવથી ઉત્તમ કર્મમાં પ્રવૃત્ત થવાની ક્ષમતા સ્વધર્મ છે. પોતાની ક્ષમતા મુજબ કર્મમાં પ્રવૃત્ત થવાથી સાધક કોઈક દિવસે પાર ઊતરી જાય છે. માટે સ્વધર્માચરણમાં મરવું જ પરમ કલ્યાણકારી હોય છે. જ્યાંથી સાધન છૂટશે, શરીર મળતાં ફરી ત્યાંથી જ પ્રારંભ થશે. આત્મા તો અમર છે. (શરીર) વસ્ત્ર બદલવાથી તમારી બુદ્ધિ તો બદલાઈ નથી જતી. પોતાનાથી જેઓ આગળ છે તેમના જેવો સ્વાંગ સજવાથી સાધક ભયને પામશે. ભય પ્રકૃતિમાં હોય છે, પરમાત્મામાં નહિ. પ્રકૃતિનું આવરણ હજી વધુ ગાઢ થઈ જશે.

આ ભગવત્માર્ગમાં નકલનું બાહુલ્ય છે. 'પૂજ્ય મહારાજજી'ને એકવાર આકાશવાણી થઈ હતી કે 'અનસુઈયા' જઈને રહે; તો તેઓ જમ્મુથી ચિત્રકૂટ આવ્યા અને અનસુઈયાના ઘોર જંગલમાં નિવાસ કરવા લાગ્યા. ઘણા મહાત્માઓ ત્યાંથી આવજા કરતા હતા. એકે જોયું કે પરમહંસજી દિગંબર નિવાસ કરે છે. તેમનું સન્માન છે કે તરત જ તેમણે કૌપીન ફેંકી દીધું. દંડ-કમંડળ એક અન્ય મહાત્માને આપી દીધું અને દિગંબર થઈ ગયા. થોડા સમય પછી તેઓ આવ્યા તો જોયું પરમહંસજી લોકો સાથે વાતો પણ કરે છે, ગાળો પણ દે છે. મહારાજજીને આદેશ પણ અપાયેલો કે ભક્તોના કલ્યાણ અર્થે ભક્તોને ખખડાવે. આ માર્ગના પ્રવાસીઓનું ધ્યાન રાખે. મહારાજજીની નકલ કરીને તે મહાત્મા ગાળો પણ ભાંડવા લાગ્યા, પરંતુ સામેથી લોકો વિરોધ પણ કરવા લાગ્યા, ત્યાં કોઈ બોલતું નથી. અહીં તો સામા થાય છે.

બેએક વર્ષ પછી પાછા ફર્યા તો જોયું, પરમહંસજી ગાદી પર બિરાજેલા છે, લોકો પંખો નાખી રહ્યા છે, ચામર ઢોળી રહ્યા છે. તેમણે જંગલના જ એક ખંડેરમાં તખ્ત મગાવ્યો, ગાદી બિછાવી, બે માણસોને ચામર ઢોળવાનું કામ સોંપ્યું દરેક સોમવારે મેદની જમાવવા લાગ્યા કે છોકરો જોઈએ તો પચાસ રૂપિયા અને છોકરી જોઈએ તો પચ્ચીસ રૂપિયા. પરંતુ **'उघरे अन्त न होई निबाहू'** એક મહિનામાં જ બે ટકાના થઈ

ચાલ્યા. આ ભગવન્માર્ગમાં નકલ સાથ નથી આપતી. સાધકે સ્વ-ધર્મનો જ અમલ કરવો જોઈએ.

સ્વધર્મ શું છે ? બીજા અધ્યાયમાં શ્રીકૃષ્ણે સ્વધર્મનો ઉલ્લેખ કરી કહ્યું હતું કે સ્વધર્મનો વિચાર કરીને પણ તારે યુદ્ધ કરવું જોઈએ. ક્ષત્રિય માટે આના સિવાય કોઈ વધુ કલ્યાણકારી માર્ગ નથી. સ્વધર્મમાં અર્જુન ક્ષત્રિય જ છે. સંકેત કરવામાં આવ્યો કે અર્જુન ! જે બ્રાહ્મણ છે, વેદોનો ઉપદેશ તેના માટે ક્ષુદ્ર જલાશય સમાન છે, તું વેદોથી ઉપર ઊઠ અને બ્રાહ્મણ બન અર્થાત્ સ્વધર્મમાં પરિવર્તન સંભવ છે. ત્યાં વળી ફરી કહ્યું કે રાગદ્વેષને વશ ન થા, એને કાપ, સ્વધર્મ શ્રેયસ્કર છે. આનો એ આશય નથી કે અર્જુન કોઈ બ્રાહ્મણની નકલ કરીને એના જેવો વેષ પહેરી લે !

એક જ કર્મપંથને મહાપુરુષે ચાર શ્રેણીઓમાં વિભાજિત કર્યો - નિકૃષ્ટ, મધ્યમ, ઉત્તમ, અતિ ઉત્તમ. આ શ્રેણીના સાધકોને ક્રમશઃ શુદ્ર, વૈશ્ય, ક્ષત્રિય અને બ્રાહ્મણ એવા નામ આપ્યા. ક્ષુદ્ર જેવી ક્ષમતા વડે કર્મનો આરંભ થાય છે, અને સાધનાક્રમથી એ જ માણસ બ્રાહ્મણ બની જાય છે. આનાથી પણ આગળ જ્યારે તે પરમાત્મામાં પ્રવેશ મેળવી લે છે ત્યારે — **'न ब्राह्मणो न क्षत्रियः न वैश्यो न शुद्र चिदानन्दरूप शिवः केवलोऽहम्'** તે વર્ણથી ઉપર જાય છે. શ્રીકૃષ્ણ પણ આ જ કહે છે : **'चातुर्वर्ण्यं मया सृष्टं'** — ચાર વર્ણોની રચના મેં કરી. તો શું જન્મના આધારે મનુષ્યોના ભાગલા પાડ્યા ? ના. **'गुणकर्मविभागशः'** — ગુણના આધારે કર્મને વહેંચ્યું. કયું કર્મ ? શું સાંસારિક કર્મ ? શ્રીકૃષ્ણ કહે છે, નહિ નિયત કર્મ ! નિયત કર્મ શું છે ? તે છે યજ્ઞની પ્રક્રિયા, જેમાં હોય છે, શ્વાસનો પ્રશ્વાસમાં હવન, પ્રશ્વાસનો શ્વાસમાં હવન, ઈન્દ્રિયસંયમનો શુદ્ધ અર્થ છે યોગસાધના કે આરાધના. આરાધ્ય દેવ સુધી પહોંચવાવાળી વિધિવિશેષ જ આરાધના છે. એ જ આરાધના કર્મને ચાર શ્રેણીઓમાં વિભાજિત કરવામાં આવ્યું છે. જેવી ક્ષમતાવાળો પુરુષ હોય, એણે તે જ શ્રેણીથી આરંભ કરવો જોઈએ, આ જ સૌના પોતપોતાના સ્વધર્મ છે. જો તે પુરોગામીઓની નકલ કરશે તો તેને ભય લાગશે. સર્વથા નષ્ટ તો નહિ થઈ

જાય. કારણ કે આમાં બીજનો નાશ નથી થતો. હા, તે પ્રકૃતિના દબાણથી ભયાક્રાન્ત, દીન-હીન અવશ્ય થઈ જશે. શિશુવયનો વિદ્યાર્થી સ્નાતકની કક્ષામાં બેસવા લાગે તો શું તે સ્નાતક થઈ જવાનો ? તે પ્રારંભિક વર્ણમાળાથી જ વંચિત થઈ જવાનો. અર્જુન પ્રશ્ન કરે છે કે — માણસ પોતાના સ્વધર્મનું આચરણ કેમ નથી કરી શકતો ?

**अर्जुन उवाच :**

**अथ केन प्रयुक्तोऽयं पापं चरति पुरुषः ।**
**अनिच्छन्नपि वार्ष्णेय बलादिव नियोजितः ।।३६।।**

હે શ્રીકૃષ્ણ ! પછીથી આ પુરુષ જાણે બળજબરીથી ઘસડાતો હોય તેમ કોનો પ્રેર્યો પાપનું આચરણ કરે છે ? આપના મત અનુસાર કેમ નથી ચાલી શકતો ? આ વિશે યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે —

**श्री भगवानुवाच**

**काम एष क्रोध एष रजोगुणसमुद्भवः ।**
**महाशनो महापाप्मा विद्धयेनमिह वैरिणम् ।।३७।।**

અર્જુન ! રજોગુણથી ઉત્પન્ન આ કામ અને આ ક્રોધ અગ્નિની જેમ ભોગ ભોગવવાથી ક્યારેય પણ તૃપ્ત ન થનારા મોટા પાપી છે. કામ, ક્રોધ, રાગ-દ્વેષના જ પૂરક છે, હમણાં મેં જેની ચર્ચા કરી હતી, આ વિષયમાં તું એને જ શત્રુ જાણ. હવે એમનો પ્રભાવ બતાવે છે —

**धूमेनाव्रियते वह्निर्यथाऽऽदर्शो मलेन च ।**
**यथोल्बेनावृतो गर्भस्तथा तेनेदमावृतम् ।।३८।।**

જેમ ધુમાડાથી અગ્નિ અને મેલથી દર્પણ ઢંકાઈ જાય છે, જેમ ઓરથી ગર્ભ ઢંકાયેલો રહે છે, ઠીક તે જ પ્રકારે કામ-ક્રોધ વગેરે વિકારોથી આ જ્ઞાન પરાણે ઢંકાયેલું છે. લીલું લાકડું સળગાવવાથી ધુમાડો જ થાય. અગ્નિ હોવા છતાં તે જ્વાળાનું સ્વરૂપ પકડતો નથી. મેલથી ઢંકાયેલા દર્પણ પર જે પ્રમાણે પ્રતિબિંબ સ્પષ્ટ નથી થતું. ઓરના કારણે જેમ ગર્ભ ઢંકાયેલો રહે છે, તે જ પ્રમાણે આ વિકારો હોવાથી પરમાત્માનું જ્ઞાન થતું નથી.

**आवृतं ज्ञानमेतेन ज्ञानिनो नित्यवैरिणा ।**
**कामरूपेण कौन्तेय दुष्पूरेणानलेन च ।।३९।।**

હે કૌન્તેય ! અગ્નિની જેમ ભોગોથી કદી તૃપ્ત ન થનાર અને જ્ઞાનીઓના હંમેશના વેરી, આ કામથી જ્ઞાન ઢંકાયેલું છે. અત્યારે તો શ્રીકૃષ્ણે કામ અને ક્રોધને બે શત્રુઓ કહ્યા. આ શ્લોકમાં તે માત્ર એક જ

શત્રુ — કામનું જ નામ લે છે. હકીકતમાં કામમાં ક્રોધનો અંતર્ભાવ છે. કાર્ય પૂરું થવાથી ક્રોધ સમાપ્ત થઈ જાય છે; પરંતુ કામના સમાપ્ત થતી નથી. કામનાપૂર્તિમાં વ્યવધાન આવતાં જ ક્રોધ પુનઃ ઊભરાય છે. કામના અન્તરાલમાં ક્રોધ પણ સમાવિષ્ટ છે. આ શત્રુનો નિવાસ ક્યાં છે ? આને ક્યાં શોધીએ ? નિવાસ જાણી લેવાથી આને સમૂળગો નષ્ટ કરવામાં સગવડ રહેશે. આ વિશે શ્રીકૃષ્ણ કહે છે —

**इन्द्रियाणि मनो बुद्धिरस्याधिष्ठानमुच्यते ।**
**एतैर्विमोहयत्येष ज्ञानमावृत्य देहिनम् ॥४०॥**

ઇન્દ્રિય, મન અને બુદ્ધિ આનાં નિવાસસ્થાન કહેવાય છે. આ કામ મન, બુદ્ધિ અને ઇન્દ્રિયો દ્વારા જ જ્ઞાનને આચ્છાદિત કરી જીવાત્માને મોહમાં નાખે છે.

**तस्मात्त्वमिन्द्रियाण्यादौ नियम्य भरतर्षभ ।**
**पाप्मानं प्रजहि ह्येनं ज्ञानविज्ञाननाशनम् ॥४१॥**

માટે હે અર્જુન ! તું પહેલાં ઇન્દ્રિયોને '**नियम्य**' સંયત કર. કારણ કે શત્રુ તો તેની અંદર જ સંતાયેલો છે. તે તમારા શરીરની અંદર છે. બહાર શોધવાથી તે ક્યાંય નહિ મળે. આ હૃદયપ્રદેશની, અંતર્જગતની લડત છે. ઇન્દ્રિયોને વશમાં કરીને જ્ઞાન અને વિજ્ઞાનનો નાશ કરનારા આ પાપી કામને જ માર. કામ સીધી રીતે પકડમાં નહિ આવે. માટે વિકારોના નિવાસસ્થાન પર જ ઘેરાવ કરો, ઇન્દ્રિયોને જ સંયત કરો.

પરંતુ ઇન્દ્રિય અને મનને સંયત કરવા ખૂબ મુશ્કેલ છે. શું આપણે આ કરી શકીશું ? આ વિશે શ્રીકૃષ્ણ તમારા સામર્થ્યને દર્શાવતાં પ્રોત્સાહિત કરે છે —

**इन्द्रियाणि पराण्याहुरिन्द्रियेभ्यः परं मनः ।**
**मनसस्तु परा बुद्धिर्यो बुद्धेः परतस्तु सः ॥४२॥**

અર્જુન ! આ શરીરથી તું ઇન્દ્રિયોને પર અર્થાત્ સૂક્ષ્મ અને બળવાન જાણ. ઇન્દ્રિયોથી ઉપર મન છે. મન તેનાથી પણ બળવાન છે. મનથી ઉપર બુદ્ધિ છે અને બુદ્ધિથી પણ સાવ ઉપર જે છે એ તારો આત્મા છે. તે જ તું છે. માટે ઇન્દ્રિયો, મન અને બુદ્ધિનો નિરોધ કરવા તું સક્ષમ છે.

**एवं बुद्धेः परं बुद्ध्वा संस्तभ्यात्मानमात्मना ।**
**जहि शत्रुं महाबाहो कामरूपं दुरासदम् ॥४३॥**

આ રીતે બુદ્ધિથી ભિન્ન અર્થાત્ સૂક્ષ્મ અને બળવાન પોતાના આત્માને જાણીને, આત્મબળને સમજીને, બુદ્ધિ દ્વારા પોતાના મનને વશમાં કરી અર્જુન ! આ કામરૂપી દુર્જય શત્રુને માર ! પોતાની શક્તિને સમજીને દુર્જય શત્રુને તું માર ! કામ એક દુર્જય શત્રુ છે. ઇન્દ્રિયો દ્વારા એ આત્માને મોહિત કરે છે, તો પોતાની શક્તિને સમજીને, આત્માને બળવાન સમજીને કામરૂપી શત્રુને માર. કહેવાની જરૂર નથી કે આ શત્રુ આન્તરિક છે અને યુદ્ધ પણ અંતર્દેશમાં જ છે.

**નિષ્કર્ષ :**

મોટા ભાગના ગીતાપ્રેમી વ્યાખ્યાનકારોએ આ અધ્યાયને '**कर्मयोग**' નામ આપ્યું છે. તેમણે કર્મના મહત્ત્વનું પ્રતિપાદન કરી તેમાં કર્મ વિશે જિજ્ઞાસા જાગ્રત કરી અને —

આ અધ્યાયમાં તેમણે કર્મને પરિભાષિત કર્યું કે યજ્ઞની પ્રક્રિયા જ કર્મ છે. નક્કી છે કે યજ્ઞ કોઈ નિર્ધારિત દિશા છે. તેના સિવાય કોઈ પણ ક્રિયા કરીએ તો તે આ લોકોનું બંધન છે. શ્રીકૃષ્ણ જેને કહે છે — તે કર્મ '**मोक्ष्यसेऽशुभात्**' સંસારબંધનથી છુટકારો દેવડાવનાર કર્મ છે.

શ્રી કૃષ્ણે યજ્ઞની ઉત્પત્તિ બતાવી. તે શું આપે છે ? તેની વિશેષતાઓનું વર્ણન કર્યું. યજ્ઞ કરવા ઉપર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે આ યજ્ઞની પ્રક્રિયા જ કર્મ છે. જેઓ તેમ નથી કરતા તેઓ પાપી, આરામની ઇચ્છાવાળા વ્યર્થ જીવન જીવે છે. અગાઉના મહર્ષિઓ પણ તે કરીને જ પરમ નૈષ્કર્મ્ય સિદ્ધિને પામ્યા છે.તે આત્મતૃપ્ત છે. તેમના માટે કર્મની આવશ્યકતા નથી છતાં પણ પાછળવાળાઓના માર્ગદર્શન માટે તેઓ યોગ્ય પ્રકારે કર્મમાં લાગ્યા રહે છે. આ મહાપુરુષો સાથે શ્રી કૃષ્ણે પોતાની સરખામણી કરી કે મારે પણ હવે કર્મ કરવાનું કોઈ પ્રયોજન નથી, પરંતુ હું પણ પાછળ વાળાઓના હિત માટે જ કર્મમાં રચ્યો રહું છું. શ્રી કૃષ્ણે પોતાનો સ્પષ્ટ પરિચય આપ્યો કે તે પણ એક યોગી હતા.

તેમણે કર્મમાં પ્રવૃત્ત સાધકોને ચલાયમાન નહિ કરવાનું કહ્યું, કેમ કે કર્મ કરીને જ તે સાધકે સ્થિતિ પ્રાપ્ત કરવાની છે. જો નહિ કરે તો તે નષ્ટ થઈ

જશે. આ કર્મ માટે ધ્યાનસ્થ થઈ યુદ્ધ કરવાનું છે. આંખ બંધ હોય, ઈન્દ્રિયોના નિરોધથી કર્મનો નિરોધ થાય તો યુદ્ધ કેવું ? તે સમયે કામ, ક્રોધ, રાગ-દ્વેષ બાધક બને છે. આ વિજાતીય પ્રવૃત્તિઓનો પાર પામવો તે જ યુદ્ધ છે. આસુરી સંપત્તિ, કુરુક્ષેત્ર, વિજાતીય પ્રવૃત્તિને ધીરે ધીરે કાપતા જઈ ધ્યાનસ્થ થતા જવું તે જ યુદ્ધ છે. હકીકતમાં ધ્યાનમાં જ યુદ્ધ છે. આ જ આ અધ્યાયનો સારાંશ છે, જેમાં કર્મ ન બતાવ્યું, ન યજ્ઞ. જો યજ્ઞ સમજાઈ જાય તો કર્મ સમજમાં આવશે. હજી તો કર્મને સમજાવવામાં જ આવ્યું નથી.

આ અધ્યાયમાં ફક્ત સ્થિતપ્રજ્ઞ મહાપુરુષના પ્રશિક્ષણાત્મક ભાગ પર ભાર મૂકવામાં આવ્યો છે. આ તો ગુરુજનો માટે ફક્ત નિર્દેશ છે. તેઓ (કર્મ) ન કરે તોપણ તેમને કાંઈ ક્ષતિ નથી અને તેમ નહિ કરવામાં તેમને પોતાનો કોઈ લાભ પણ નથી, પરંતુ જે સાધકોને પરમ ગતિ હજુ સાધ્ય કરવાની ઝંખના છે, તેમના માટે કશું વિશેષ કહ્યું નથી તો આ '**कर्मयोग**' કેવી રીતે છે ? કર્મનું સ્વરૂપ પણ સ્પષ્ટ નથી કે જે કરી શકાય કેમ કે — યજ્ઞની પ્રક્રિયા જ કર્મ છે, હજી સુધી તેમણે ફક્ત એટલું જ બતાવ્યું છે. યજ્ઞ તો બતાવ્યો નથી ! કર્મનું સ્વરૂપ પણ સ્પષ્ટ ક્યાં છે ? હા, યજ્ઞનું યથાર્થ ચિત્રણ ગીતામાં અહીં જ મળે છે.

સંપૂર્ણ ગીતા પર નજર નાખીએ તો બીજા અધ્યાયમાં કહ્યું છે કે શરીર નાશવાન છે. તેથી યુદ્ધ કર. ગીતામાં યુદ્ધ માટે આ જ મુખ્ય કારણ બતાવ્યું છે. આગળ જ્ઞાનયોગના સંદર્ભમાં ક્ષત્રિયોને માટે યુદ્ધ જ કલ્યાણનું એકમાત્ર સાધન બતાવ્યું છે અને કહ્યું કે આ બુદ્ધિ તારા માટે જ્ઞાનયોગના વિષયમાં કહી છે. કઈ બુદ્ધિ ? એ જ કે હાર અને જીત બંને દૃષ્ટિમાં લાભ છે તેવું સમજીને યુદ્ધ કર. પછી ચોથા અધ્યાયમાં કહ્યું છે કે યોગમાં સ્થિત રહીને હૃદયમાં રહેલા પોતાના આ સંશયને જ્ઞાનરૂપી તલવારથી કાપી નાખ. તે તલવાર યોગમાં છે. અધ્યાય પાંચથી દસ સુધી યુદ્ધ વિશે ચર્ચા સુધ્ધાં કરી નથી. અગિયારમા અધ્યાયમાં ફક્ત એટલું કહ્યું કે, આ શત્રુઓ મારા દ્વારા મારી નખાયેલ છે. તું નિમિત્ત બનીને માત્ર ઊભો રહે. યશને પ્રાપ્ત કર. તે તારા માર્યા સિવાય પણ મારેલા છે. પ્રેરક થઈ જશે. તું આ મડદાંઓને જ માર.

પંદરમા અધ્યાયમાં સંસાર સુદ્રઢ મૂળવાળા પીપળાના વૃક્ષ જેવો કહ્યો છે, જેને અસંગતતારૂપી શસ્ત્ર દ્વારા કાપીને પરમ પદને શોધવાનો નિર્દેશ મળ્યો. આગળના અધ્યાયમાં યુદ્ધનો ઉલ્લેખ નથી. હા, અધ્યાય સોળમાં અસુરોનું ચિત્રણ અવશ્ય છે, જે નરકગામી છે.

ત્રીજા અધ્યાયમાં યુદ્ધનું વિશદ ચિત્રણ છે. શ્લોક ૩૦થી શ્લોક ૪૩ સુધી યુદ્ધનું સ્વરૂપ, તેની અનિવાર્યતા, યુદ્ધ ન કરવાવાળાનો વિનાશ, યુદ્ધમાં મરી જનાર શત્રુઓનાં નામ, તેમને મારવા માટે પોતાની શક્તિનું આહ્‌વાન અને તેમને કાપીને ફેંકી દેવા ઉપર ભાર મૂક્યો છે. આ અધ્યયમાં શત્રુ અને શત્રુનું આંતરિક સ્વરૂપ સ્પષ્ટ છે. જેના વિનાશની પ્રેરણા આપવામાં આવી છે. તેથી -

**ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे 'शत्रुविनाशप्रेरणा' नाम तृतियोऽध्याय ॥ ३ ॥**

આ પ્રમાણે શ્રીમદ્‌ભગવદ્‌ગીતારૂપી ઉપનિષદ તથા બ્રહ્મવિદ્યા તથા યોગશાસ્ત્રવિષયક શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદમાં 'શત્રુ-વિનાશ-પ્રેરણા' નામનો ત્રીજો અધ્યાય પૂર્ણ થાય છે.

**इति श्रीमत्परमहंस परमानन्दस्य शिष्य श्री स्वामी अडगडानन्दकृते श्रीमद् भगवद्गीतायाः 'यथार्थ गीता' भाष्ये 'शत्रुविनाशप्रेरणा' नाम तृतीयोऽध्यायः ॥३॥'**

આ રીતે શ્રીમત્પરમહંસ પરમાનન્દજીના શિષ્ય સ્વામી શ્રી અડગડાનંદકૃત શ્રીમદ્‌ ભગવદ્‌ગીતાના ભાષ્ય 'યથાર્થ ગીતા'માં 'શત્રુ વિનાશ પ્રેરણા' નામનો ત્રીજો અધ્યાય પૂરો થાય છે.

**॥ हरि ॐ तत्सत् ॥**

ॐ

**श्री परमात्मने नमः**

# અધ્યાય ચોથો

ત્રીજા અધ્યાયમાં યોગેશ્વર શ્રીકૃષ્ણે આશ્વાસન આપેલું કે દોષદષ્ટિથી રહિત થઈ, જે કોઈ માનવ શ્રદ્ધાયુક્ત બની મારા મતાનુસાર ચાલશે તે કર્મોના બંધનોથી સારી રીતે છૂટી શકશે. કર્મબંધનથી મુક્તિ અપાવવાની ક્ષમતા યોગ (જ્ઞાનયોગ અથવા કર્મયોગ બંને)માં છે. યોગમાં જ યુદ્ધ-સંચાર નિહિત છે. પ્રસ્તુત અધ્યાયમાં તેઓ આ યોગના પ્રણેતા કોણ છે ? આનો ક્રમિક વિકાસ કઈ રીતે થાય છે ? તે બતાવે છે.

**श्री भगवानुवाचः**

**इमं विवस्वते योगं प्रोक्तवानहमव्ययम् ।**
**विवस्वान्मनवे प्राह मनुरिक्ष्वाकवेऽब्रवीत् ।।१।।**

અર્જુન ! મેં આ અવિનાશી યોગ કલ્પની શરૂઆતમાં જ વિવસ્વાન (સૂર્ય)ને કહ્યો. વિવસ્વાને મનુને અને મનુએ ઈક્ષ્વાકુને કહ્યો. કોણે કહ્યું ? "મેં" શ્રીકૃષ્ણ કોણ હતા ? એક યોગી. તત્ત્વસ્થિત મહાપુરુષ જ આ અવિનાશી યોગ, જે કલ્પના આરંભમાં અર્થાત્ ભજનના આરંભમાં વિવસ્વાન અર્થાત્ જે વિવશ હોય એવાં પ્રાણીઓને કહે છે, શ્વાસમાં સંચાર કરી દે છે. અહીં સૂર્ય એક પ્રતીક છે, કારણ કે શ્વાસમાં જ તે પરમ પ્રકાશ સ્વરૂપ છે અને ત્યાં જ તેને પામવાનું વિધાન છે. વાસ્તવિક પ્રકાશદાતા (સૂર્ય) તે જ છે.

આ યોગ અવિનાશી છે. શ્રીકૃષ્ણે કહ્યું હતું કે, આમાં આરંભનો નાશ થતો નથી. આ યોગનો આરંભ કરી દઈએ તો તે પૂર્ણત્વ અપાવીને જ શાંત થાય છે. કાયાનો કલ્પ ઔષધિઓ દ્વારા થાય છે, પરંતુ આત્માનો કલ્પ ભજનથી થાય છે. ભજનનો આરંભ જ આત્મકલ્પની શરૂઆત છે. આ સાધનભજન પણ કોઈ મહાપુરુષની જ દેન છે. મોહ-નિશામાં અચેત આદિમ માનવ, જેનામાં ભજનના કોઈ સંસ્કાર નથી, યોગ વિશે જેણે ક્યારેય કંઈ વિચાર્યું નથી, એવો માનવ કોઈ મહાપુરુષને જુએ છે, તો તેમના દર્શન માત્રથી તેમની વાણીથી, તૂટી-ફૂટી સેવા અને સાંનિધ્યથી યોગના સંસ્કાર એનામાં સંચારિત થઈ જાય છે. ગોસ્વામી તુલસીદાસ કહે છે એમ

**'जे चितये प्रभु जिन्ह प्रभु हेरे**
**ते सब भये परम पद जोगू । (रामचरितमानस)'**

યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે કે આ યોગ મેં આરંભમાં સૂર્યને કહ્યો **'चक्षोः सूर्यो अजायतः'** - મહાપુરુષની દૃષ્ટિ પડવા માત્રથી યોગના સંસ્કાર શ્વાસમાં પ્રસારિત થઈ જાય છે. સ્વવશ પરમેશ્વરનો નિવાસ સૌના હૃદયમાં છે. સુરા — શ્વાસના નિરોધથી જ તેની પ્રાપ્તિનું વિધાન છે. સુરામાં સંસ્કારોનું સર્જન એ જ સૂર્ય પ્રતિ કહેવું છે. સમય આવતાં આ સંસ્કાર મનમાં સ્ફુરિત થશે. આ જ યોગ સૂર્યે મનુને કહ્યો છે. મનમાં સ્ફુરિત થવાથી તે મહાપુરુષના વાક્ય પ્રત્યે ઈચ્છા જાગ્રત થશે. જો મનમાં કોઈ વાત હોય તો, તેને પામવાની ઈચ્છા અવશ્ય થશે. આ જ મનુનું ઈક્ષ્વાકુને કહેવું છે. લાલસા જાગશે કે તે નિયત કર્મ કરીએ, તે કર્મ અવિનાશી છે, કર્મ-બંધનથી મોક્ષ અપાવે છે. આમ જ છે તો નિયત કર્મ કરીએ અને આમ થતાં જ આરાધના ગતિ પકડી લેશે. ગતિ પકડતાં આ યોગ ક્યાં પહોંચાડે છે તે વિશે કહે છે —

**एवं परम्पराप्राप्तमिमं राजर्षयो विदुः ।**
**स कालेनेह महत्ता योगो नष्टः परंतप ॥२॥**

આ રીતે કોઈ મહાપુરુષ દ્વારા સંસ્કારરહિત પુરુષોના શ્વાસમાં, શ્વાસમાંથી મનમાં, મનમાંથી ઈચ્છામાં અને ઈચ્છા તીવ્ર બની ક્રિયાત્મક આચરણમાં પરિણમે છે. આમ આ યોગ ક્રમશઃ ઉત્થાન કરતાં કરતાં રાજર્ષિ શ્રેણી સુધી

પહોંચી જાય છે. એ અવસ્થામાં પહોંચતા તે જાણમાં આવે છે. આ સ્તરના સાધકમાં રિદ્ધિઓ- સિદ્ધિઓના સંચાર થાય છે. તે યોગ આ મહત્ત્વપૂર્ણ કાળમાં લોક (શરીર)માં લગભગ નષ્ટ થઈ જાય છે. આ સીમા-રેખાને કઈ રીતે પાર કરી શકાય ? શું આ વિશેષ સ્થળ પર પહોંચીને સૌ નષ્ટ થઈ જાય છે ? શ્રીકૃષ્ણ કહે છે, 'ના. જે મારો આશ્રિત છે, મારો પ્રિય ભક્ત છે, અનન્ય સખા છે, તે નષ્ટ થતો નથી.'

**स एवायं मया तेऽद्य योगः प्रोक्तः पुरातनः ।**
**भक्तोऽसि मे सखा चेति रहस्यं ह्येतदुत्तमम् ॥३॥**

તે જ પુરાતન યોગનું હવે મેં તારા માટે વર્ણન કર્યું છે; કારણ કે તું મારો ભક્ત અને સખા છે અને આ યોગ ઉત્તમ રહસ્યપૂર્ણ છે. અર્જુન ક્ષત્રિય શ્રેણીનો સાધક હતો. રાજર્ષિ અવસ્થાવાળો હતો. જ્યાં રિદ્ધિસિદ્ધિઓના પથારામાં સાધક નષ્ટ થઈ જાય છે. આ કાળમાં પણ યોગ કલ્યાણકારક જ છે, પરંતુ સાધક ત્યાં પહોંચતા ઘણું કરીને લથડી પડે છે. એવો અવિનાશી અને રહસ્યમય યોગ શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યો, કારણ કે અર્જુન નષ્ટ થવાની અવસ્થામાં જ હતો. શા માટે કહ્યો ? કારણ કે, 'તું મારો ભક્ત છે,અનન્ય ભાવથી મારો આશ્રિત છે, પ્રિય છે, સખા છે.'

અધ્યાયના આરંભમાં ભગવાને કહ્યું, ''આ અવિનાશી યોગને યુગની શરુઆતમાં મેં જ સૂર્યને કહ્યો હતો. મનુને સૂર્ય દ્વારા આ ગીતા પ્રાપ્ત થઈ. મનુએ આ ગીતાને પોતાની સ્મૃતિમાં યાદ રાખી. મનુ દ્વારા જ આ સ્મૃતિ ઈક્ષ્વાકુને મળી જેને રાજર્ષિઓએ જાણી; પરંતુ આ મહત્ત્વપૂર્ણ કાળ બાદ આ યોગ નષ્ટ પામ્યો હતો.'' આ જ પુરાતન સ્મૃતિ-જ્ઞાનને ભગવાને અર્જુનને કહ્યો. સારાંશ એ છે કે મનુને જે જ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી એ આ ગીતા જ છે. મનુને આ વારસામાં મળ્યું છે. આના સિવાય કઈ સ્મૃતિને એ ધારણ કરત ? ગીતા-જ્ઞાનના શ્રવણ પછી અઢારમા અધ્યાયના અંતમાં અર્જુને, કહ્યું, 'મને સ્મૃતિ પ્રાપ્ત થઈ છે, જેવી મનુને પ્રાપ્ત થઈ હતી.' અસ્તુ. આ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા જ વિશુદ્ધ મનુસ્મૃતિ છે !

જે પરમાત્માની આપણને ઝંખના છે તે (સદ્‌ગુરુ) પરમાત્મા આત્માથી અભિન્ન થઈને જ્યારે નિર્દેશ આપવા લાગે ત્યારે જ વાસ્તવિક ભજનનો આરંભ થાય છે. અહીં પ્રેરકની અવસ્થામાં પરમાત્મા અને સદ્‌ગુરુ

એકબીજાના પર્યાય છે. જે સ્તર ઉપર આપણે ઊભા છીએ તે જ સ્તર પર પ્રભુ પોતે જ હૃદયમાં ઊતરી, રોકટોક કરવા લાગે, લથડિયાં ખાતાં આપણને સંભાળી લે, ત્યારે મન વશ થઈ શકે છે. **'मन बस होइ तबहि, जब प्रेरक प्रभु बरजे ।'** જ્યાં સુધી ઈષ્ટદેવ રથી બનીને, આત્માથી અભિન્ન થઈને પ્રેરકના રૂપે પાસે ઊભા નથી રહેતા ત્યાં સુધી આ પથમાં સાચો પ્રવેશ જ થતો નથી. તે સાધક પ્રત્યાશી અવશ્ય છે, પણ એની પાસે ભજન ક્યાં છે ?

'પૂજ્ય ગુરુદેવ ભગવાન' ઘણી વાર કહેતા 'અરેરે ! હું તો કેટલીયે વાર નષ્ટ થતાં થતાં બચી ગયો. ભગવાને જ બચાવી લીધો. ભગવાને આવું સમજાવ્યું, આવું કહ્યું.' અમે પૂછ્યું : 'મહારાજજી ! શું ભગવાન પણ બોલે છે ? વાતચીત કરે છે ?' તેઓ બોલ્યા : 'હા, હા, ભગવાન એ રીતે બોલે છે, જેમ હું અને તમે બોલીએ છીએ. કલાકો સુધી બોલે છે, ક્રમ પણ ન તૂટે.' અમે ઉદાસ થઈ ગયા અને આશ્ચર્ય પણ થયું કે ભગવાન કઈ રીતે બોલતા હશે ? આ તો નવી વાત થઈ. થોડી વાર પછી મહારાજજી બોલ્યા, 'કેમ ગભરાય છે ? તારી જોડે પણ બોલશે.' એમનું કથન અક્ષરશઃ સત્ય હતું અને આ સખ્ય ભાવ છે. સખાની જેમ તેઓ નિરાકરણ કરતા રહે ત્યારે જ આ નષ્ટ થનારી સ્થિતિથી સાધક પાર થઈ શકે છે.

અત્યાર સુધી યોગેશ્વર શ્રીકૃષ્ણે કોઈ મહાપુરુષ દ્વારા યોગનો આરંભ, તેમાં આવનારી અડચણો, તેને પાર કરવાના રસ્તા બતાવ્યા. આ વિશે અર્જુને પૂછ્યું :

**अपरं भवतो जन्म परं जन्म विवस्वतः**
**कथमेतद्विजानीयां त्वमादौ प्रोक्तवानिति ।।४।।**

ભગવાન ! આપનો જન્મ તો '**अपरम्**' અત્યારે થયો છે અને મારી અંદર સુરાનો સંચાર બહુ જ જૂનો છે. તો હું કઈ રીતે માની લઉં કે આ યોગને ભજનની શરૂઆતમાં આપે જ કહ્યો હતો ? આ વિશે યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું :

**बहूनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन ।**
**तान्यहं वेद सर्वाणि न त्वं वेत्थ परंतप ।।५।।**

અર્જુન ! મારા અને તારા અનેક જન્મો થઈ ગયા છે. હે પરંતપ ! તું એ બધાને નથી જાણતો, પરંતુ હું જાણું છું. સાધક નથી જાણતો, સ્વરૂપસ્થ મહાપુરુષ જાણે છે. અવ્યક્તની સ્થિતિવાળો જાણે છે શું આપ બધાંની જેમ પેદા થાઓ છો ? શ્રીકૃષ્ણ કહે છે : 'નહિ સ્વરૂપની પ્રાપ્તિથી શરીરપ્રાપ્તિથી ભિન્ન છે. મારો જન્મ આ આંખો વડે જોઈ શકાતો નથી. હું અજન્મા, અવ્યક્ત, શાશ્વત હોવા છતાં પણ શરીર ધારણ કરનારો છું.'

**'अवधू जीवत में कर आशा ।**
**मुए मुक्ति गुरु कहे स्वार्थी, झूठा दे विश्वासा ॥'**

શરીરના હોવા છતાં પણ તે પરમતત્ત્વમાં પ્રવેશ પામી શકાય છે. લેશમાત્રની ઊણપ હોય તો જન્મ લેવો પડે છે. અત્યાર સુધી અર્જુન શ્રીકૃષ્ણને પોતાની જેમ જ દેહધારી સમજતો હતો. તે અંતરંગ પ્રશ્ન પૂછે છે : 'શું આપનો જન્મ એ રીતે જ છે. જેમ બધાનો હોય છે ? શું આપ પણ સૌ શરીરની જેમ પેદા થાઓ છો ?' શ્રીકૃષ્ણ કહે છે,

**अजोऽपि सन्नव्ययात्मा भूतनामीश्वरोऽपि सन् ।**
**प्रकृतिं स्वामधिष्ठाय संभवाम्यात्म्मायया ॥६॥**

'હું વિનાશરહિત પુનર્જન્મરહિત અને સમસ્ત પ્રાણીઓના પ્રાણમાં સંચારિત હોવા છતાં, પોતાની પ્રકૃતિને આધીન કરી આત્મમાયા વડે પ્રગટ થાઉં છું.' એક માયા અવિદ્યા છે, જે પ્રકૃતિમાં વિશ્વાસ અપાવે છે, નીચ અને અધમ યોનિઓનું કારણ બને છે. બીજી માયા છે — આત્મમાયા, જે આત્મામાં પ્રવેશ અપાવે છે, સ્વરૂપના જન્મનું કારણ બને છે. આને યોગમાયા પણ કહે છે, જેનાથી આપણે અલગ છીએ. તે શાશ્વત સ્વરૂપ સાથે જોડે છે મિલન કરાવે છે. તે આત્મિક પ્રક્રિયા દ્વારા હું પોતાની ત્રિગુણમયી પ્રકૃતિને અધીન કરીને પ્રગટ થાઉં છું.

ઘણીવાર લોકો એમ કહે છે ભગવાનનો અવતાર થશે, તો દર્શન કરીશું. શ્રીકૃષ્ણ એમ કહે છે કે, એવું કંઈ નથી થતું કે બીજો જોઈ શકે. સ્વરૂપનો જન્મ પિંડરૂપમાં નથી હોતો. શ્રીકૃષ્ણ કહે છે — યોગસાધના દ્વારા આત્મમાયા દ્વારા પોતાની ત્રિગુણમયી પ્રકૃતિને સ્વવશ કરીને હું ક્રમશઃ પ્રગટ થાઉં છું; પરંતુ કઈ પરિસ્થિતિઓમાં ?

**यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।**
**अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥७॥**

હે અર્જુન ! જ્યારે જ્યારે પરમધર્મ પરમાત્મા માટે હૃદય ગ્લાનિથી ભરાઈ જાય છે, જ્યારે અધર્મના અતિરેકનો પાર પમાતો નથી ત્યારે હું અવતાર લઉં છું. આવી જ ગ્લાનિ મનુને થઈ હતી.

**'हृदय बहुत दुःख लाग जनम गयउ हरि भगति बिनु**
**( रामचरितमानस )**

જ્યારે તમારું હૃદય અનુરાગથી ભરાઈ જાય, એ શાશ્વત ધર્મ માટે **'गदगद गिरा नयन बह नीरा'**ની સ્થિતિ આવી જાય, ત્યારે પ્રયત્ન કરવા છતાં પણ અનુરાગી અધર્મને પાર નથી કરી શકતો. આવી પરિસ્થિતિમાં હું પોતાના સ્વરૂપની રચના કરું છું. અર્થાત્ ભગવાનનો આવિર્ભાવ માત્ર અનુરાગી માટે છે.

**'सो केवल भगतन हित लागी ।'॥ ( रामचरितमानस १ /१२ /५ )**

આ અવતાર કોઈ ભાગ્યશાળી સાધકના અંતરાલમાં થાય છે. આપ પ્રકટ થઈને શું કરો છો ?

**परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।**
**धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥८॥**

અર્જુન ! **'साधूनां परित्राणाय'** - પરમ સાધ્ય એકમાત્ર પરમાત્મા જ છે, જેને સાધવાથી કોઈ પણ સાધના બાકી રહી જતી નથી. તે સાધ્યમાં પ્રવેશ અપાવનાર વિવેક, વૈરાગ્ય, શમ, દમ વગેરે દૈવી સંપદને નિર્વિઘ્ન પ્રવાહિત કરવા માટે તથા **'दुष्कृताम्'** જેનાથી દૂષિત કાર્ય આકાર લે છે, તે કામ-ક્રોધ, રાગ-દ્વેષ વગેરે વિજાતીય પ્રવૃત્તિઓને જડમૂળથી નષ્ટ કરવા માટે તથા ધર્મને સારી પેઠે સ્થિર કરવા માટે હું દરેક યુગમાં પ્રગટ થાઉં છું.

યુગનો અર્થ સતયુગ, ત્રેતા કે દ્વાપર યુગ એ નથી; યુગધર્મોનો ઉતાર ચઢાવ મનુષ્યના સ્વભાવ પર છે, યુગધર્મ હંમેશાં રહે છે. રામચરિત માનસમાં સંકેત છે કે,

**'नित जुग धर्म होहिं सब केरे ।**
**हृदय राम माया के प्रेरे ( ७-१०-१ रामचरित मानस )'**

યુગધર્મ બધાંના હૃદયમાં હંમેશાં પ્રવર્તે છે. અવિદ્યાથી નહિ, પરંતુ વિદ્યાથી, રામમાયાની પ્રેરણાથી હૃદયમાં હોય છે. જેને પ્રસ્તુત શ્લોકમાં આત્મ-માયા કહી છે, તે જ રામમાયા છે. હૃદયમાં રામની સ્થિતિ અપાવનારી, રામથી પ્રેરિત છે તે વિદ્યા કઈ રીતે સમજી શકાય કે હવે કયો યુગ કાર્યરત છે ? તો **'सुद्ध सत्त्व समता विग्याना । कृत प्रभाव प्रसन्न् मन जाना ।' ( मानस ७-१०३-२ )** જ્યારે હૃદયમાં શુદ્ધ સત્ત્વ ગુણ જ કાર્યરત હોય, રાજસ્ તથા તામસ બંને ગુણો શાંત થઈ જાય. વિષમતાઓ સમાપ્ત થઈ ગઈ હોય, જેનો કોઈ દ્વેષ ન હોય, વિજ્ઞાન હોય અર્થાત્ ઈષ્ટ પાસેથી નિર્દેશન લેવા અને તેના ઉપર ટકવાની ક્ષમતા હોય, મનમાં પ્રસન્નતાનો પૂર્ણ સંચાર હોય, જ્યારે આવી યોગ્યતા આવી જાય ત્યારે સતયુગમાં પ્રવેશ મળી ગયો. આ જ રીતે અન્ય બે યુગોનું વર્ણન પણ કર્યું અને અંતમાં —

**'तामस बहुत रजोगुण थोरा । कलि प्रभाव विरोध चहुँ ओरा ।'**

તામસ ગુણ ભરપૂર હોય, કંઈક રાજસી ગુણ પણ તેમાં હોય, ચારે બાજુ વેર અને વિરોધ હોય, તો એવી વ્યક્તિ કળિયુગની છે. જ્યારે તામસી ગુણ કાર્ય કરે છે ત્યારે મનુષ્યમાં આળસ, નિદ્રા, પ્રમાદ વધી જાય છે. તે કર્તવ્ય જાણતો હોવા છતાં તેમાં પ્રવૃત્ત થઈ શકતો નથી. નિષિદ્ધ કર્મ જાણતો હોવાં છતાં તેમાંથી નિવૃત્તિ નથી મળતી. આ રીતે યુગધર્મોના ઉતાર-ચઢાવ મનુષ્યની આંતરિક યોગ્યતા પર આધારિત હોય છે. કોઈ આ યોગ્યતાઓને ચાર યુગ કહે છે. તો કોઈ આને જ ચાર વર્ણના નામ આપે છે. તો કોઈ આને જ અતિ ઉત્તમ, મધ્યમ અને નિકૃષ્ટ ચાર શ્રેણીના સાધક કહીને નવાજે છે. પ્રત્યેક યુગમાં ઈષ્ટ સાથ આપે છે. હા, ઉચ્ચ શ્રેણીમાં ભરપૂર અનુકૂળતા માલૂમ પડે છે. નિમ્ન યુગમાં સહયોગ ક્ષીણ થયેલો જણાય છે.

સંક્ષેપમાં શ્રીકૃષ્ણ કહે છે કે સાધ્ય વસ્તુ અપાવનારા વિવેક, વૈરાગ્ય વગેરેને નિર્વિઘ્ન પ્રવાહિત કરવા માટે તથા દૂષણનાં કારક કામ-ક્રોધ,રાગ-દ્વેષ  વગેરેનો પૂર્ણ વિનાશ કરવા માટે, પરમધર્મ પરમાત્મામાં સ્થિર થવા

માટે હું યુગે યુગમાં અર્થાત્ દરેક પરિસ્થિતિ, દરેક શ્રેણીમાં પ્રકટ થાઉં છું. માત્ર શરત એટલી કે ગ્લાનિ ઉત્પન્ન થયેલી હોય ! જ્યાં સુધી ઇષ્ટ દેવ સમર્થન ન આપે ત્યાં સુધી તમે સમજી જ નહિ શકો કે વિકારોનો વિનાશ થયો અથવા હજુ કેટલા બાકી છે ? પ્રવેશથી પરાકાષ્ઠા પર્યંત ઇષ્ટ દરેક શ્રેણીમાં દરેક યોગ્યતાની સાથે રહે છે. તેનું પ્રાકટ્ય અનુરાગીના હૃદયમાં હોય છે. ભગવાન પ્રગટ હોય ત્યારે તો સૌ કોઈ એમનાં દર્શન કરતાં હશે ? શ્રીકૃષ્ણ કહે છે : 'નહિ' —

**जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः ।**
**त्यक्त्वा देह पुनर्जन्म नैति मामेति सोऽर्जुन ॥९॥**

અર્જુન ! મારો તે જન્મ અર્થાત્ ગ્લાનિ સાથે સ્વરૂપની રચના તથા મારું કર્મ અર્થાત્ દુષ્કૃત્યોનાં કારણોનો વિનાશ, સાધ્ય વસ્તુને અપાવનારી ક્ષમતાઓનો નિર્દોષ સંચાર, ધર્મની સ્થિરતા આ કર્મ અને જન્મ દિવ્ય અર્થાત્ અલૌકિક છે, લૌકિક નથી. આ ચર્મચક્ષુઓ વડે જોઈ શકાતા નથી. મન-બુદ્ધિથી તેને માપી શકાતા નથી તે આટલાં ગૂઢ છે, તો તેમને જુએ છે કોણ ? કેવળ '**यो वेत्ति तत्त्वतः**'- કેવળ તત્ત્વદર્શી જ મારા આ જન્મ અને કર્મને જોઈ શકે છે. અને મારો સાક્ષાત્કાર કરીને તે આ પુનર્જન્મને પ્રાપ્ત થતો નથી પરંતુ મને પ્રાપ્ત થાય છે.

તત્ત્વદર્શી જ ભગવાનના જન્મ અને કાર્યને જોઈ શકે છે, તો પછી લોકો લાખોની સંખ્યામાં ભીડ જમાવીને કેમ ઊભા છે કે ક્યાંક અવતાર થશે, તો દર્શન કરીશું ? શું તમે તત્ત્વદર્શી છો ? મહાત્માના વેશમાં આજ પણ ઘણા લોકો અનેક રીતે, ખાસ કરીને મહાત્માના વેશની આડ લઈને પ્રચાર કરતા ફરે છે કે પોતે અવતાર છે અથવા એમના દલાલ એવો પ્રચાર કરે છે. લોકો ઘેટાંની જેમ અવતારને જોવા ઊમટી પડે છે, પરંતુ શ્રીકૃષ્ણ કહે છે કે કેવળ તત્ત્વદર્શી જ મને જોઈ શકે છે. હવે તત્ત્વદર્શી કોને કહેવાય ?

બીજા અધ્યાયમાં સત્-અસતનો નિર્ણય આપતાં યોગેશ્વર શ્રીકૃષ્ણે બતાવ્યું હતું કે, હે અર્જુન ! અસત્ વસ્તુનું અસ્તિત્વ નથી અને સત્‌નો ત્રણે કાળમાં અભાવ નથી. તો શું તમે એવું કહો છો ? એમણે કહ્યું નહિ, તત્ત્વદર્શીઓએ આને જોયું. ન તો કોઈ ભાષાવિદે જોયું કે ન તો કોઈ

સમૃદ્ધિશાળી વ્યક્તિએ જોયું. અહીં પુનઃ ભારપૂર્વક કહે છે કે, 'મારો આવિર્ભાવ તો થાય છે, પરંતુ તે કેવળ તત્ત્વદર્શી જ જોઈ શકે છે.' તત્ત્વદર્શી એક પ્રશ્ન છે. એવું કંઈ નથી કે પાંચ તત્ત્વો છે, પચીસ તત્ત્વો છે. આની ગણતરી શીખી લીધી એટલે બની ગયા તત્ત્વદર્શી. શ્રીકૃષ્ણે અગાઉ બતાવેલું છે કે આત્મા જ પરમતત્ત્વ છે. આત્મા પરમ સાથે જોડાઈને પરમાત્મા થઈ જાય છે. આત્મ-સાક્ષાત્કાર કરવાવાળા જ આ આવિર્ભાવને સમજી શકે છે. સિદ્ધ છે કે અવતાર કોઈ વિરહી, અનુરાગીના હૃદયમાં જ થાય છે. આરંભમાં તે તેને સમજી નથી શકતો કે આપણને કોણ સંકેત આપે છે ? કોણ માર્ગદર્શન કરે છે ? પરંતુ પરમતત્ત્વ પરમાત્માના દર્શન થતાં જ તે જોઈ શકે છે, સમજી શકે છે અને પછી શરીરને ત્યાગીને પુનર્જન્મ પામતો નથી.

શ્રીકૃષ્ણે કહ્યું કે, 'મારો જન્મ દિવ્ય છે, એને જોનાર મને પ્રાપ્ત થાય છે' તો લોકોએ તેની મૂર્તિ બનાવી દીધી, પૂજા કરવા લાગ્યા, આકાશમાં ક્યાંક એના નિવાસની કલ્પના કરી લીધી. એવું કંઈ નથી. તે મહાપુરુષોનો આશય માત્ર એટલો જ હતો કે જો તમે નિર્ધારિત કર્મ કરો તો તમને લાગશે કે તમેય દિવ્ય છો. તમે જે થઈ શકો છો, તે હું થઈ ગયો છું. હું તમારી સંભાવના છું, તમારું ભવિષ્ય છું. જે દિવસે તમે મારી અંદર આવી પૂર્ણતાને પ્રાપ્ત કરી લેશો, તે દિવસે તમે પણ જે શ્રીકૃષ્ણ છે તે જ બની જશો. જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ છે, તે જ તમારું પણ થઈ શકે. અવતાર ક્યાંય બહાર થતો નથી, હા, જો પ્રેમભક્તિભર્યું હૃદય હોય, તો તમારી અંદર પણ અવતારની અનુભૂતિ સંભવ છે. તે તમને પ્રોત્સાહિત કરે છે કે ઘણાં લોકો આ માર્ગ પર ચાલીને મારા સ્વરૂપને પામ્યા છે.

**वीतरागभयक्रोध मन्मया मामुपाश्रिताः ।**
**बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः ॥१०॥**

રાગ અને વિરાગ બંનેથી પર એવા વીતરાગ તથા એ જ રીતે ભય-અભય, ક્રોધ-અક્રોધ બંનેથી પર, અનન્ય ભાવથી અર્થાત્ અહંકારરહિત મારે શરણે આવેલા, ઘણા લોકો જ્ઞાન-તપથી પવિત્ર થઈને મારા સ્વરૂપને પામી ગયા છે. હવે એવું બનવા લાગ્યું છે, એવી વાત નથી. હંમેશાં આવું

થતું રહ્યું છે. ઘણા પુરુષો આ જ રીતે મારા સ્વરૂપને પામી ગયા છે. કઈ રીતે ? જેનાં જેનાં હૃદય અધર્મની વૃદ્ધિને જોઈને પરમાત્મા માટે ગ્લાનિથી ભરાઈ ગયાં છે, એ સ્થિતિમાં હું પોતાના સ્વરૂપને રચું છું તે મારા સ્વરૂપને પ્રાપ્ત કરે છે. અહીં આ પ્રશ્ન પૂરો થઈ ગયો. હવે તે યોગ્યતાના આધારે ભજવાવાળાઓની શ્રેણીઓનું વિભાજન કરે છે.

**ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ।**
**मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः ॥११॥**

પાર્થ ! જે મને જેટલી તલ્લીનતાથી ભજે છે, હું પણ તેને એ જ રીતે ભજું છું. તે જ પ્રમાણમાં હું સહયોગ આપું છું. સાધકની શ્રદ્ધા જ કૃપા બનીને તેને મળે છે. આ રહસ્યને જાણીને સુજ્ઞજન સંપૂર્ણ ભાવથી મારા માર્ગ પ્રમાણે જ વર્તે છે. જેમ હું વર્તું છું. જે મને પ્રિય છે, એવું આચરણ તે કરે છે હું જે કરાવવા માગું છું તે જ કરે છે.

ભગવાન કઈ રીતે ભજે છે ? તે રથી બનીને ખડા થઈ જાય છે, સાથે ચાલવા લાગે છે. આ જ એમનું ભજવાનું છે. જેના વડે દૂષિત પેદા થાય છે, તેનો વિનાશ કરવા ખડા થઈ જાય છે. સત્યમાં પ્રવેશ આપનારા સદ્‌ગુણોની રક્ષા કરવા તે આવી ઊભા રહે છે. જ્યાં સુધી ઈષ્ટદેવ હૃદયથી સંપૂર્ણપણે રથી ન બને અને દરેક ડગલે સાવધાન ન કરે ત્યાં સુધી કોઈ ગમે તેવો ભજનાનન્દી કેમ ન હોય, લાખ આંખો બંધ કરે તો પણ તે આ પ્રકૃતિના દ્વંદ્વથી પાર થઈ શકે નહિ. તે કઈ રીતે સમજશે કે તે કેટલે પહોંચ્યો છે ? કેટલું બાકી છે ? ઈષ્ટ જ આત્માથી અભિન્ન થઈને સાથે ઊભા રહી જાય છે, અને તેનું માર્ગદર્શન કરે છે કે તમે અહીં છો. તમે અહીં આમ કરો, તેમ કરો. આ પ્રકૃતિની ખાઈને પાર કરતાં કરતાં આટલે આવ્યા છો. ધીમે ધીમે આગળ વધતા સ્વરૂપમાં પ્રવેશ અપાવી દેશે. ભજન તો સાધકે જ કરવું પડે, પરન્તુ તેના દ્વારા આ માર્ગમાં જે પંથ કપાય તે ઈષ્ટની કૃપા છે. આવું જાણીને બધા મનુષ્ય સર્વ ભાવે મને અનુસરે છે. તેઓ કેવી રીતે વર્તે છે ?

**काङ्क्षन्तः कर्मणां सिद्धिं यजन्त ईह देवताः ।**
**क्षिप्रं हि मानुषे लोके सिद्धिर्भवति कर्मजा ॥१२॥**

'આ મનુષ્ય શરીરમાં કર્મોની સિદ્ધિ ઇચ્છતા તે લોકો દેવતાઓની પૂજા કરે છે. કયું કર્મ ?' શ્રીકૃષ્ણે કહ્યું 'અર્જુન, તું નિયત કર્મ કર.' નિયત કર્મ શું છે યજ્ઞની પ્રક્રિયા જ કર્મ છે. યજ્ઞ શું છે ? સાધનાની વિધિ-વિશેષ, જેમાં શ્વાસ-પ્રશ્વાસનો હવન, ઇન્દ્રિયોના બહિર્મુખ પ્રવાહને સંયમાગ્નિમાં હવન કરવામાં આવે છે, જેનું પરિણામ છે પરમાત્મા. કર્મનો શુદ્ધ અર્થ છે આરાધના, જેનું સ્વરૂપ આ અધ્યાયમાં આગળ મળશે. આ આરાધનાનું પરિણામ શું છે ?'**संसिद्धिम**'— પરમસિદ્ધિ પરમાત્મા '**यान्ति ब्रह्मं सनातनं**' — શાશ્વત બ્રહ્મમાં પ્રવેશ. પરમ નૈષ્કર્મ્યની સ્થિતિ. શ્રીકૃષ્ણ કહે છે — મારા પ્રમાણે વર્તન કરનારા લોકો આ મનુષ્ય લોકમાં કર્મનું પરિણામ, પરમ નૈષ્કર્મ્ય સિદ્ધિ માટે દેવતાઓને પૂજે છે. અર્થાત્ દૈવી સંપદને બળવાન બનાવે છે.

ત્રીજા અધ્યાયમાં બતાવ્યું છે કે — આ યજ્ઞ દ્વારા તમે દેવતાઓની વૃદ્ધિ કરો. દૈવી સંપદને બળવાન બનાવો. જેમ જેમ હૃદય-દેશમાં તે દૈવી સંપદ ઉન્નત થશે તેમ તેમ તમારી ઉન્નતિ થશે. આ રીતે પરસ્પર ઉન્નતિ કરતાં પરમ શ્રેયને પ્રાપ્ત થઈ જાઓ. અંત સુધી ઉન્નતિ કરતા જવાની આ અંતઃક્રિયા છે. આની ઉપર ભાર મૂકતાં શ્રીકૃષ્ણ કહે છે કે, મને અનુકૂળ વર્તન કરનારા લોકો આ મનુષ્ય શરીરમાં સિદ્ધિની ઇચ્છા રાખી દૈવી સંપદને બળવાન બનાવે છે, જેનાથી નૈષ્કર્મ્ય સિદ્ધિ જલ્દી થાય છે તે અસફળ નથી થતાં. સફળ જ થાય છે. જલદીનું તાત્પર્ય ? શું કર્મમાં પ્રવૃત્ત થતાં જ તત્ક્ષણ આ પરમ સિદ્ધિ મળી જાય છે ? શ્રી કૃષ્ણ કહે છે કે નહિ. આ સોપાન ઉપર ક્રમશઃ ચડવાનું વિધાન છે. કોઈ છલાંગ લગાવીને ભાવાતીત ધ્યાન જેવો ચમત્કાર નથી થતો. આ વિષે જોઈએ —

**चातुर्वर्ण्यँ मया सृष्टं गुणकर्मविभागशः ।**
**तस्य कर्तारमपि मां विद्धयकर्तारमव्ययम् ॥१३॥**

અર્જુન ! '**चातुर्वर्ण्यं मया सृष्टं**' - ચાર વર્ણોની રચના મેં કરી, તો શું મનુષ્યોને ચાર ભાગોમાં વહેંચી દીધા ? શ્રીકૃષ્ણ કહે છે — નહિ, '**गुणकर्मविभागशः**' - ગુણોના માધ્યમથી કર્મને ચાર વિભાગોમાં વહેંચ્યા છે. ગુણ એક આધાર છે, માપદંડ છે. તામસી ગુણ હશે, તો આળસ, નિદ્રા, પ્રમાદ, કર્મમાં પ્રવૃત્ત ન થવાનો સ્વભાવ જાણતા હોવા છતાં પણ અકર્તવ્યથી

નિવૃત્ત નહીં થઈ શકવાની લાચારી રહેવાની. આવી અવસ્થામાં સાધનાનો આરંભ કઈ રીતે કરાય ? બે કલાક તમે આરાધાનમાં બેસો છો આ કર્મ માટે પ્રયત્નશીલ થવા ઇચ્છો છો, પરંતુ દસ મિનિટ પણ પોતાના પક્ષમાં નથી રહી શકતા. શરીર અવશ્ય બેસે છે; પરન્તુ જે મનને બેસવું જોઈએ તે તો હવા જોડે વાતો કરે છે. કુતર્કોનું જાળું ગૂંથી રહ્યું છે. તરંગ ઉપર તરંગ છવાયેલા છે, તો તમે કેમ બેઠા છો ? સમય કેમ બગાડો છો ? એ વખતે કેવળ '**परिचर्यात्मकं कर्म शुद्रस्यापि स्वभावजम्**' - જે મહાપુરુષ અવ્યક્તની સ્થિતિવાળા છે, અવિનાશી તત્ત્વોમાં સ્થિત છે. તેમની તથા આ માર્ગ પર અગ્રેસર પોતાનાથી ઉન્નત લોકોની સેવામાં લાગી જાઓ. આનાથી દૂષિત સંસ્કારનું શમન થઈ જશે. સાધનામાં પ્રવેશ અપાવનારા સંસ્કારો સબળ થતા જશે.

ક્રમશઃ તામસી ગુણ ઓછો થતાં રાજસી ગુણોની પ્રધાનતા તથા સાત્ત્વિક ગુણના સ્વલ્પ સંચારની સાથે સાધકની ક્ષમતા વૈશ્ય શ્રેણીની થઈ જાય છે. એ સમયે તે જ સાધક ઇન્દ્રિયસંયમ, આત્મિક સંપત્તિનો સંગ્રહ સ્વાભાવિક રીતે કરવા લાગશે. કર્મ કરતાં કરતાં, એ જ સાધકમાં સાત્ત્વિક ગુણોનો વધારો થઈ જશે. રાજસી ગુણો ઓછા થઈ જશે. તામસી ગુણ શાન્ત થશે. તે સમયે તે જ સાધક ક્ષત્રિય શ્રેણીમાં પ્રવેશ પામશે. શૌર્ય, કર્મમાં પ્રવૃત્ત રહેવાની ક્ષમતા, પાછળ ન હટવાનો સ્વભાવ, બધા જ ભાવો ઉપર સ્વામિત્વ. પ્રકૃતિના ત્રણે ગુણોને કાપવાની ક્ષમતા તેના સ્વભાવમાં આવી જશે. તે કર્મ વધારે સૂક્ષ્મ થતાં માત્ર સાત્ત્વિક ગુણ કાર્યરત રહી જતાં મનનું શમન, ઇન્દ્રિયોનું દમન, એકાગ્રતા, સરળતા, ધ્યાન, સમાધિ, ઈશ્વરીય નિર્દેશ, આસ્તિકતા વગેરે બ્રહ્મમાં પ્રવેશ અપાવનારી સ્વાભાવિક ક્ષમતાની સાથે તે સાધક બ્રાહ્મણ શ્રેણીનો કહેવાય છે. આ બ્રાહ્મણ શ્રેણીના કર્મની નિમ્નતમ મર્યાદા છે જ્યારે તે સાધક બ્રહ્મમાં સ્થિર થઈ જાય છે, તે અંતિમ મર્યાદામાં તે પોતે ના તો બ્રાહ્મણ રહે છે, ન ક્ષત્રિય, ન વૈશ્ય, ન શૂદ્ર, પરંતુ અન્ય લોકોના માર્ગદર્શન માટે તે બ્રાહ્મણ છે. કર્મ એક જ છે — નિયત કર્મ, આરાધના. અવસ્થા ભેદથી આ જ કર્મ ઊંચા નીચા ચાર સોપાનોમાં વહેંચી દીધાં. કોણે વહેંચ્યાં ? કોઈ યોગેશ્વરે વહેંચી દીધા, અવ્યક્ત સ્થિતિવાળા મહાપુરુષે વહેંચ્યા. તેના કર્તા મને અવિનાશીને અકર્તા જ જાણ.

**न मां कर्माणि लिम्पन्ति न मे कर्मफले स्पृहा ।**
**इति मा योऽभिजानाति कर्मभिर्न स बध्यते ॥१४॥**

કારણ કે કર્મના ફળમાં મારી સ્પૃહા નથી. કર્મોનું ફળ શું છે ? શ્રીકૃષ્ણે પાછળથી બતાવ્યું હતું કે યજ્ઞ જેનાથી પૂર્ણ થાય છે તે ક્રિયાનું નામ કર્મ છે અને પૂર્તિકાળમાં યજ્ઞ જેની રચના કરે છે, તે જ્ઞાનામૃતનું પાન કરનારા શાશ્વત, સનાતન બ્રહ્મમાં પ્રવેશ પામે છે. કર્મનું પરિણામ છે — પરમાત્મા. તે પરમાત્માની ઈચ્છા પણ હવે મને નથી કારણ કે તે મારાથી ભિન્ન નથી. હું અવ્યક્ત સ્વરૂપ છું. તેની જ સ્થિતિવાળો છું માટે આ કાર્ય ઉપર સ્નેહ રાખું એવી હવે આગળ કોઈ સત્તા જ નથી, માટે કર્મ મને લિંપાયમાન નથી કરતાં અને આ સ્થિતિએ જે કોઈ પણ મને જાણે છે અર્થાત્ જે કર્મોના પરિણામરૂપ 'પરમાત્માને' પ્રાપ્ત કરી લે છે, તેને કર્મ નથી બાંધતા, જેવા શ્રીકૃષ્ણ, તેવા જ એ સ્તરથી જાણનારો મહાપુરુષ

**एवं ज्ञात्वा कृतं कर्म पूर्वैरपि मुमुक्षुभिः ।**
**कुरु कर्मैव तस्मात्त्वं पूर्वैः पूर्वतरं कृतम् ॥१५॥**

અર્જુન ! મોક્ષની ઈચ્છા રાખનારા પુરુષો દ્વારા અગાઉ પણ આમ જ જાણીને કર્મો કરાયા હતાં. શું જાણીને ? આ જ કે જ્યારે કર્મોના પરિણામરૂપ પરમાત્મા ભિન્ન ન રહી જાય. કર્મોના પરિણામરૂપ પરમાત્માની સ્પૃહા ન રહે ત્યારે તે પુરુષને કર્મ બાંધતાં નથી. શ્રીકૃષ્ણ આ જ સ્થિતિવાળા છે. તેથી તેઓ કર્મથી લિંપાયમાન થતા નથી અને આ જ સ્તરેથી જો આપણે જાણીશું તો આપણને કર્મ બાંધશે નહિ. શ્રીકૃષ્ણની જેમ બરાબર તે જ કક્ષાએથી જે કોઈ પણ જાણી લેશે, તે પુરુષ પણ કર્મબંધનથી મુક્ત થઈ જશે. હવે શ્રીકૃષ્ણ 'ભગવાન્', 'મહાત્મા', 'અવ્યક્ત', 'યોગેશ્વર' અથવા 'મહાયોગેશ્વર' જે કંઈ પણ હોય, તે સ્વરૂપ બધા માટે છે. આ સમજીને જ અગાઉના મુમુક્ષુ પુરુષોએ, મોક્ષની ઈચ્છાવાળા પુરુષોએ કર્મ પર કદમ માંડ્યાં છે. માટે અર્જુન ! તું પણ પૂર્વજો દ્વારા હંમેશા કરાયેલાં આ જ કર્મ કર કલ્યાણનો આ જ એકમાત્ર માર્ગ છે.

અત્યાર સુધી યોગેશ્વર શ્રીકૃષ્ણે કર્મ કરવા ઉપર ભાર મૂક્યો, પરંતુ એ સ્પષ્ટ કર્યું નથી કે, કર્મ શું છે ? બીજા અધ્યાયમાં કર્મનું માત્ર નામ

લીધું કે હવે આને તું નિષ્કામ કર્મના વિષયમાં સાંભળ. તેની વિશેષતાઓનું વર્ણન કર્યું કે, આ જન્મમરણના મહાન ભયથી રક્ષા કરે છે. કર્મ કરતી વખતે રાખવાની સાવચેતીનું વર્ણન કર્યું છે. પરંતુ તે બતાવ્યું નથી કે કર્મ શું છે ? ત્રીજા અધ્યાયમાં તેમણે કહ્યું કે, જ્ઞાનમાર્ગ સારો લાગે કે નિષ્કામ કર્મયોગ સારો લાગે, પરંતુ કર્મ તો કરવાં જ પડશે. કર્મોને ત્યાગવાથી ન તો કોઈ જ્ઞાની થઈ જાય અને કર્મોનો આરંભ ન કરવાથી ન તો કોઈ નિષ્કર્મી બની જાય. હઠવશ જે નથી કરતા તે દંભી છે. માટે મનથી ઈન્દ્રિયોને વશ કરીને કર્મ કર. કયું કર્મ કરે ? તો કહ્યું 'નિયત કર્મ કર.' આ નિર્ધારિત કર્મ છે શું ? તેઓ બોલ્યા, 'યજ્ઞની પ્રક્રિયા જ નિયત કર્મ છે એક નવો પ્રશ્ન આવ્યો કે યજ્ઞ શું છે ? જે કરવાથી કર્મ થયું કહેવાય ? ત્યાં પણ યજ્ઞની ઉત્પત્તિ બતાવવામાં આવી, તેની વિશેષતાઓનું વર્ણન કર્યું, પરંતુ જેના વડે કર્મને સમજી શકાય તે યજ્ઞ નથી બતાવાયો. અત્યાર સુધી સ્પષ્ટ નથી થયું કે કર્મ શું છે ? હવે કહે છે કે અર્જુન ! કર્મ શું છે ? અકર્મ શું છે ? આ વિષયમાં મોટા મોટા વિદ્વાનો પણ મોહિત થાય છે, એને સારી રીતે સમજી લેવું જોઈએ.'

**किं कर्म किमकर्मेति कवयोऽप्यत्र मोहिताः ।**
**तत्ते कर्म प्रवक्ष्यामि यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ॥१६॥**

કર્મ શું છે અને અકર્મ શું છે ? આ વિષયમાં બુદ્ધિમાન પુરુષો પણ મોહિત થાય છે. માટે હું તને તે કર્મ સારી રીતે કહીશ, જેને જાણીને '**अशुभात् मोक्ष्यसे**' - અશુભ અર્થાત્ સંસારબંધનથી સારી રીતે છૂટી જઈશ. કર્મ કોઈ એવી વસ્તુ છે જે સંસાર બંધનથી મુક્તિ અપાવે છે. આ જ કર્મને જાણવા ઉપર શ્રી કૃષ્ણ વળી ભાર મૂકે છે —

**कर्मणो ह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः ।**
**अकर्मणश्च बोद्धव्यं गहना कर्मणो गतिः ॥१७॥**

કર્મનું સ્વરૂપ પણ જાણવું જોઈએ, અકર્મના સ્વરૂપને સમજવું જોઈએ અને વિકર્મ અર્થાત્ વિકલ્પશૂન્ય વિશેષ કર્મ, જે આપ્ત પુરુષો દ્વારા થાય છે, એને પણ જાણવું જોઈએ; કારણ કે કર્મની ગતિ ગહન છે કેટલાક લોકોએ વિકર્મનો અર્થ 'નિષિદ્ધ કર્મ', 'મનપૂર્વક કરેલાં કર્મો' વગેરે કર્યો છે.

વાસ્તવમાં અહીં 'વિ' ઉપસર્ગ વિશિષ્ટતા દર્શાવે છે. પ્રાપ્તિ પછી મહાપુરુષોનાં કર્મ વિકલ્પશૂન્ય હોય છે. આત્મસ્થિત, આત્મતૃપ્ત આત્મકામ, મહાપુરુષોને કર્મ ન કરવાથી ન તો કોઈ લાભ છે, ન છોડવાથી કોઈ હાનિ છે છતાંય તે પાછળ આવનારા લોકોના હિત માટે કર્મ કરે છે. આવાં કર્મો વિકલ્પશૂન્ય છે, વિશુદ્ધ છે અને આ કર્મને જ વિકર્મ કહેવાય છે.

ઉદાહરણાર્થ ગીતામાં જ્યાં પણ કોઈ કાર્યમાં 'વિ' ઉપસર્ગ જોડાયેલો છે તે વિશેષતાનો દ્યોતક છે, નિકૃષ્ટતાનો નહીં જેમ કે '(**योगयुक्तो विशुद्धात्मा विजितात्मा जितेन्द्रिय ।( ५-७ )**' — જે યોગથી યુક્ત છે તે વિશેષ રૂપથી શુદ્ધ આત્માવાળો, વિશેષરૂપથી જીતેલા અંતઃકરણવાળો વગેરે વિશેષતાનો જ દ્યોતક છે. આ જ રીતે ગીતામાં સ્થળે સ્થળે 'વિ'નો પ્રયોગ કરવામાં આવ્યો છે, જે વિશેષ પૂર્ણતાનો દ્યોતક છે, આ જ રીતે 'વિકર્મ' પણ વિશિષ્ટ કર્મનું દ્યોતક છે, જેની પ્રાપ્તિ પછી મહાપુરુષ દ્વારા જે શુભાશુભ સંસ્કાર ઊભા કરતું નથી.

અત્યારે તમે વિકર્મ જોયું. કર્મ અને અકર્મ રહ્યાં. જેને હવે પછીના શ્લોકમાં સમજવાનો પ્રયાસ કરીએ. જો અહીં કર્મ-અકર્મના વિભાજન ન સમજી શક્યા તો ક્યારેય સમજી શકીશું નહીં.

**कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः ।**
**स बुद्धिमान्मनुष्येषु स युक्तः कृत्स्नकर्मकृत् ॥१८॥**

જે પુરુષ કર્મમાં અકર્મને જુએ, કર્મનો અર્થ આરાધના અર્થાત્ આરાધના કરે અને એ પણ સમજે કે કરવાવાળો હું નથી, પરંતુ ગુણોની અવસ્થા જ ચિન્તનમાં આપણને નિયુક્ત કરે છે, "હું ઇષ્ટ દ્વારા સંચાલિત છું"- એવું જુએ અને જ્યારે આ રીતે અકર્મ જોવાની ક્ષમતા આવી જાય અને ધારાવાહિક રૂપથી કર્મ થતા રહે, ત્યારે સમજવું જોઈએ કે કર્મ ઉચિત દિશામાં થઈ રહ્યા છે. તે જ પુરુષ મનુષ્યોમાં બુદ્ધિમાન છે, મનુષ્યોમાં યોગી છે, યોગથી યુક્ત બુદ્ધિવાળો છે અને સંપૂર્ણ કર્મોનો કર્તા છે. તેના દ્વારા કર્મ કરવામાં લેશમાત્ર પણ ત્રુટિ રહી જતી નથી.

સારાંશ એ છે કે આરાધના જ કર્મ છે. તે કર્મને કરીએ અને કરતી વખતે અકર્મને જોઈએ કે — હું તો યંત્રમાત્ર છું, કરાવાવાળો ઇષ્ટ છે અને હું ગુણોથી ઉત્પન્ન અવસ્થા પ્રમાણે જ પ્રયત્ન કરી શકું છું, જ્યારે

અકર્મની આ ક્ષમતા આવી જાય અને ધારાવાહિક કર્મો થતા રહે, ત્યારે જ પરમ કલ્યાણની સ્થિતિ અપાવનારાં કર્મ થઈ જાય છે. 'પૂજ્ય મહારાજજી' કહેતા હતા કે, "જ્યાં સુધી ઈષ્ટ રથી બની ને, રોકટોક ન કરવા લાગે ત્યાં સુધી ઉચિત માત્રામાં સાધનની શરૂઆત જ નથી થતી." આની પહેલાં જે કાંઈ કરવામાં આવે છે, કર્મના પ્રવેશના પ્રયાસથી અધિક કંઈ જ નથી. હળનો બધો ભાર બળદની કાંધ ઉપર જ હોય છે, છતાં પણ ખેતરની વાવણી એ હળ ચલાવનારની દેન છે. ઠીક તે જ રીતે સાધનાનો બધો ભાર સાધક ઉપર જ રહે છે, પરંતુ વાસ્તવિક સાધક તો ઈષ્ટ છે. જે એની પાછળ લાગેલો છે, જે તેનું માર્ગદર્શન કરે છે. જ્યાં સુધી ઈષ્ટ નિર્ણય ન આપે ત્યાં સુધી તમે સમજી નહિ શકો કે આપણાથી થયું છે શું ? આપણે પ્રકૃતિમાં ભટકી રહ્યા છીએ કે પરમાત્મામાં ? આ રીતે ઈષ્ટના નિર્દેશનમાં જે સાધક આત્મિક માર્ગ પર ચાલવા તત્પર છે, પોતાને અકર્તા સમજીને એકધારું કર્મ કરે છે, તે જ બુદ્ધિમાન છે, તેનું જ્ઞાન યથાર્થ છે, તે જ યોગી છે. જિજ્ઞાસા સ્વાભાવિક છે કે કર્મ કરતાં જ રહીશું કે ક્યારેય કર્મોથી છુટકારો પણ મળશે ? આ વિષે યોગેશ્વર કહે છે —

શ્રી કૃષ્ણના કહેવા અનુસાર જે કાંઈ કરવામાં આવે છે તે કર્મ નથી. કર્મ એક નિર્ધારિત કરેલી ક્રિયા છે, '**नियतं कुरु कर्म त्वं**' - અર્જુન ! તું નિર્ધારિત કર્મ કર. નિર્ધારિત કર્મ છે શું? ત્યારે બતાવ્યું '**यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबंधन,**' યજ્ઞને કાર્યરૂપ આપવું એ જ કર્મ છે. તો આના સિવાય જે કાંઈ કરવામાં આવે છે તે શું કર્મ નથી ? શ્રી કૃષ્ણ કહે છે — '**अन्यत्र लोकोऽयं कर्मबंधनः**' - આ યજ્ઞને કાર્યરૂપ આપ્યા સિવાય જે કાંઈ કરવામાં આવે, તે આ લોકનું બંધન છે, નહિ કે કર્મ ! '**तदर्थं कर्म ।**' અર્જુન ! તે યજ્ઞની પૂર્તિ માટે સારી રીતે આચરણ કર અને જ્યારે યજ્ઞનું સ્વરૂપ બતાવ્યું તો તે શુદ્ધ રૂપથી આરાધનાની એક વિધિ-વિશેષ છે, જે તે આરાધ્ય દેવ સુધી પહોંચાડીને તેમાં લીન કરી દે છે.

આ યજ્ઞમાં ઇન્દ્રિયોનું દમન, મનનું શમન, દૈવી સંપત્તિનું ઉપાર્જન વગેરે દર્શાવતા અંતમાં કહ્યું — ઘણા યોગી પાન અને અપાનની ગતિનો નિરોધ કરીને પ્રાણાયામપરાયણ થઈ જાય છે. જ્યાં ન અંદરથી સંકલ્પ ઊઠે છે, ન બાહ્ય વાતાવરણના સંકલ્પ મનમાં પ્રવેશ પામે છે. આવી સ્થિતિમાં

ચિત્તનો સર્વથા નિરોધ અને નિરુદ્ધ ચિત્તના પણ વિલયકાળમાં તે પુરુષ **'यान्ति ब्रह्म सनातनम्'** — શાશ્વત, સનાતન બ્રહ્મમાં પ્રવેશ મેળવે છે. આ બધું યજ્ઞ છે. જેને કાર્યરૂપ આપવાનું નામ કર્મ છે માટે કર્મનો શુદ્ધ અર્થ આરાધના.

કર્મનો અર્થ છે 'ભજન', કર્મનો અર્થ છે યોગસાધનાને સારી રીતે સંપાદિત કરવી. એનું વિશદ વર્ણન આ અધ્યાયમાં આગળ આવે છે. અહીં કર્મ અને કર્મનું માત્ર વિભાજન કરવામાં આવ્યું જેથી કર્મ કરતી વખતે તેને ઉચિત દિશા આપી શકાય અને તેની પર ચાલી શકાય.

**यस्य सर्वे समारम्भाः कामसंकल्पवर्जिताः ।**
**ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पण्डितं बुधाः ॥१९॥**

અર્જુન ! **'यस्य सर्वे समारंभाः'** - જે પુરુષ દ્વારા સંપૂર્ણતાથી પ્રારંભ કરાયેલી ક્રિયા (જેને પાછલા શ્લોકમાં કહ્યું કે- અકર્મ જોવાની ક્ષમતા આવી જવાથી કર્મમાં પ્રવૃત્ત રહેવાવાળો પુરુષ સંપૂર્ણ કર્મોનો કરનારો છે. કરવામાં લેશમાત્ર પણ ત્રુટિ નથી.) **'कामसंकल्पवर्जिता'** - ક્રમશઃ ઉત્થાન થતાં એટલી સૂક્ષ્મ બની ગઈ કે વાસના અને મનના સંકલ્પ- વિકલ્પથી ઉપર ઊઠી ગઈ. (કામના અને સંકલ્પોનો નિરોધ થવો એ મનની વિજેતાવસ્થા છે માટે કર્મ કોઈ એવી વસ્તુ છે જે આ મનને કામના અને સંક્લ્પ વિકલ્પથી ઉપર લઈ જાય છે.) તે સમયે '**(ज्ञानाग्निदग्धकर्माणं)**' અંતિમ સંકલ્પ પણ શાંત થવાની સાથે જેને આપણે જાણતા નથી, જેને જાણવા માટે આપણે ઈચ્છુક હતા, તે પરમાત્માનો પ્રત્યક્ષ પરિચય થઈ જાય છે. ક્રિયાત્મક માર્ગે ચાલીને પરમાત્માનો પ્રત્યક્ષ પરિચય થવો એનું નામ જ 'જ્ઞાન' છે. એ જ્ઞાનની સાથે **'दग्धं कर्माणं'** કર્મ સદાને માટે દગ્ધ થઈ જાય છે. પામવું હતું તે પામી લીધું. આગળ કોઈ સત્તા નથી, જેની શોધ કરીએ તેથી કર્મ કરીને શોધે પણ કોને ? તે જ્ઞાન સાથે કર્મની જરૂરિયાત સમાપ્ત થઈ જાય છે. આવી સ્થિતિવાળાને બોધ સ્વરૂપ મહાપુરુષોએ 'પંડિત' કહીને નવાજ્યા છે. તેમનું જ્ઞાન સંપૂર્ણ છે. આવી સ્થિતિવાળા મહાપુરુષ શું કરતા હોય ? કઈ રીતે રહેતા હોય ? તેમની રહેણીકરણી પર પ્રકાશ પાડે છે —

**त्यक्त्वा कर्मफलासङ्गं नित्यतृप्तो निराश्रयः ।**
**कर्मण्यभिप्रवृत्तोऽपि नैव किंचित्करोति सः ॥२०॥**

અર્જુન ! તે પુરુષ સાંસારિક આશ્રયથી રહિત થઈને નિત્યવસ્તુ પરમાત્મામાં જ તૃપ્ત રહીને, કર્મોનાં ફળ, પરમાત્માની આસક્તિને પણ ત્યાગીને (કારણ કે પરમાત્મા પણ હવે તેનાથી ભિન્ન નથી.) કર્મમાં સારી રીતે લાગેલો રહેતો હોવા છતાં કંઈ કરતો નથી.

**निराशीर्यतचित्तात्मा त्यक्तसर्वपरिग्रहः ।**
**शारीरं केवलं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥२१॥**

જેણે અંતઃકરણ અને શરીરને જીતી લીધું છે, ભોગની સંપૂર્ણ સામગ્રીનો જેણે ત્યાગ કર્યો છે, આવા આશારહિત પુરુષનું શરીર માત્ર કર્મ કરતું દેખાય છે. હકીકતમાં તે કશુંય કરતો નથી—, માટે પાપને નથી પામતો. તે પૂર્ણત્વને પામ્યો છે, માટે તેને આવાગમન રહેતું નથી.

**यदृच्छालाभसंतुष्टो द्वन्द्वातीतो विमत्सरः ।**
**समः सिद्धावासिद्धौ च कृत्वापि न निबध्यते ॥२२॥**

પોતાની મેળે જે કાંઈ પ્રાપ્ત થાય તેમાં જ સંતોષ પામનારો, સુખ-દુઃખ, રાગ-દ્વેષ અને હર્ષ-શોકાદિ દ્વંદ્વોથી પર. '**विमत्सर**' ઈર્ષ્યારહિત તથા સિદ્ધિ અને અસિદ્ધિમાં સમભાવવાળો પુરુષ કર્મો કરીને પણ બંધાતો નથી સિદ્ધિ અર્થાત્ જેને પામવાનું હતું, તે હવે અલગ નથી અને તે કદી અલગ પણ નથી થવાનો, માટે અસિદ્ધિનો પણ ભય નથી, આ રીતે સિદ્ધિ અને અસિદ્ધિમાં સમભાવવાળો પુરુષ કર્મ કરીનેય નથી બંધાતો. તે કયું કર્મ કરે છે ? તે જ નિયત કર્મ, યજ્ઞની પ્રક્રિયા આનું જ પુનરાવર્તન કરતાં કહે છે —

**गतसङ्गस्य मुक्तस्य ज्ञानावस्थितचेतसः ।**
**यज्ञायाचरतः कर्म समग्रं प्रविलीयते ॥२३॥**

અર્જુન ! '**यज्ञायाचरत कर्म**'- યજ્ઞનું આચરણ જ કર્મ છે, અને સાક્ષાત્કારનું નામ જ જ્ઞાન છે. આ યજ્ઞનું આચરણ કરીને સાક્ષાત્કારની સાથે જ્ઞાનમાં સ્થિત, સંગદોષ અને આસક્તિથી રહિત મુક્ત પુરુષના સંપૂર્ણ કર્મ સારી રીતે વિલીન થઈ જાય છે. તે કર્મ કોઈ પરિણામ ઉત્પન્ન

નથી કરી શકતા. કારણ કે કર્મોનાં ફળ એવા પરમાત્મા તેનાથી ભિન્ન નથી રહી ગયા. હવે ફળમાં કયાં ફળ લાગશે ? આ માટે તે મુક્ત પુરુષોને પોતાને માટે કર્મ કરવાની જરૂરિયાત સમાપ્ત થઈ જાય છે. છતાં પણ લોકસંગ્રહ માટે તેઓ કર્મ કરે જ છે અને કરતાં છતાં પણ તેઓ કર્મોથી લિપ્ત થતા નથી. તેઓ કર્મ તો કરે જ છે, છતાં લિપ્ત કેમ નથી થતાં ? આ વિશે કહે છે —

**ब्रह्मार्पणं ब्रह्म हविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।**
**ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्मकर्मसमाधिना ॥२४॥**

આવા મુક્ત પુરુષનું સમર્પણ બ્રહ્મ છે, હવિ બ્રહ્મ છે, અગ્નિ પણ બ્રહ્મ જ છે. અર્થાત્ બ્રહ્મરૂપ અગ્નિમાં બ્રહ્મરૂપી કર્તા દ્વારા જે હવન કરવામાં આવે છે તે પણ બ્રહ્મ છે. '**ब्रह्मकर्म समाधिना**'- જેનાં કર્મ બ્રહ્મને સ્પર્શ કરીને સમાધિસ્થ થઈ ગયાં, તેમાં વિલય થઈ ગયાં, એવા મહાપુરુષ માટે જે પ્રાપ્ત થવા યોગ્ય છે, તે પણ બ્રહ્મ જ છે, તે કરતો-કારવતો કશું નથી, માત્ર લોકસંગ્રહ માટે કર્મોમાં વર્તે છે.

આ તો પ્રાપ્તિવાળા મહાપુરુષના લક્ષણ છે, પરંતુ કર્મમાં પ્રવેશ લેનાર પ્રારંભિક સાધક કયો યજ્ઞ કરે છે ?

પાછલા અધ્યાયોમાં શ્રીકૃષ્ણે કહ્યું હતું : અર્જુન ! કર્મ કર. કયું કર્મ? તેમણે બતાવ્યું. નિયત કર્મ, નિર્ધારિત કરેલા કર્મને કર. નિર્ધારિત કર્મ કયું છે ? તો '**यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबन्धनः**' ( ३-९ )) — અર્જુન! યજ્ઞની પ્રક્રિયા જ કર્મ છે. આ યજ્ઞ સિવાય બીજે જે કાંઈ કરવામાં આવે તે આ લોકનું બંધન જ છે, નહિ કે કર્મ. કર્મ તો સંસારબંધનથી મોક્ષ અપાવે છે. માટે '**तदर्थं कर्म कौन्तेय मुक्तसङ्ग समाचर**' — તે યજ્ઞની પૂર્તિ માટે સંગદોષથી અલગ રહીને સારી રીતે યજ્ઞનું આચરણ કર. અહીં એક નવીન પ્રશ્ન યોગેશ્વરે ઉદ્‌ઘાટીત કર્યો કે, તે યજ્ઞ શું છે, જેને કરીએ અને કર્મ અમારાથી પાર પડે ? તેમણે યજ્ઞની વિશેષતાઓ પર ભાર મૂક્યો અને જણાવ્યું કે યજ્ઞ ક્યાંથી આવ્યો ? યજ્ઞ શું આપે છે ? તેની વિશેષતાઓનું ચિત્રણ કર્યું, પરંતુ હજુ સુધી એ નથી બતાવ્યું કે યજ્ઞ શું છે?

હવે અહીં એ યજ્ઞને સ્પષ્ટ કરે છે —

**दैवमेवापरे यज्ञं योगिनः पर्युपासते ।**
**ब्रह्माग्रावपरे यज्ञं यज्ञेनैवोपजुह्वति ॥२५॥**

આગળના શ્લોકમાં યોગેશ્વર શ્રીકૃષ્ણે પરમાત્મ-સ્થિત મહાપુરુષના યજ્ઞનું નિરૂપણ કર્યું હતું. પરંતુ બીજા યોગી જે અત્યારે એ તત્ત્વમાં સ્થિર નથી થયા, ક્રિયામાં પ્રવેશ કરવાના છે, તે પ્રારંભ ક્યાંથી કરે ? આ વિશે કહે છે કે બીજા યોગી લોકો '**दैवम यज्ञम्**'- અર્થાત્ દૈવી સંપદને પોતાના હૃદયમાં બળવતી બનાવે છે. બ્રહ્માનો નિર્દેશ હતો કે આ યજ્ઞ દ્વારા તમે લોકો દેવતાઓની ઉન્નતિ કરીને પરમશ્રેયને પ્રાપ્ત કરો. દૈવી સંપદને હૃદય દેશમાં બળવાન બનાવવી એ પ્રારંભિક શ્રેણીના યોગીઓનો યજ્ઞ છે.

આ દૈવી સંપદ અધ્યાય ૧૬ના આરંભના ત્રણ શ્લોકોમાં વર્ણવેલી છે. તે છે તે સૌમાં માત્ર મહત્ત્વપૂર્ણ કર્તવ્ય સમજીને એને જાગ્રત કરવામાં આવે, તેમાં જ લાગી રહેવામાં આવે, આનો જ સંકેત કરતાં યોગેશ્વરે કહ્યું, 'અર્જુન ! તું મારો શોક ન કર, કારણ કે તું દેવી સંપદને પામેલો છે, તું મારામાં નિવાસ કરીશ, મારા જ — શાશ્વત સ્વરૂપને પ્રાપ્ત કરીશ, કારણ કે આ દૈવી સંપદ પરમ કલ્યાણ માટે જ છે અને આનાથી વિપરીત આસુરી સંપદ નીચ અને અધમ યોનિઓનું કારણ છે. આ જ આસુરી સંપદનું હવન થવા લાગે છે, માટે આ યજ્ઞ છે અને અહીંથી જ યજ્ઞનો પ્રારંભ થાય છે.'

બીજા યોગી '**ब्रह्माग्नौ**'- પરબ્રહ્મ પરમાત્મારૂપ અગ્નિમાં યજ્ઞ દ્વારા જ યજ્ઞનું અનુઠાન કરે છે. શ્રીકૃષ્ણે આગળ બતાવ્યું કે આ શરીરમાં 'અધિયજ્ઞ' હું છું. યજ્ઞોની અધિષ્ઠાતા અર્થાત્ યજ્ઞ જેમાં વિલય થાય છે, તે પુરુષ હું છું. શ્રી કૃષ્ણ એક યોગી હતા. સદ્ગુરુ હતા આ રીતે બીજા યોગીએ બ્રહ્મરૂપી અગ્નિમાં યજ્ઞ અર્થાત્ યજ્ઞસ્વરૂપને ઉદ્દેશીને યજ્ઞનું અનુષ્ઠાન કરે છે, સારાંશ એ છે કે સદ્ગુરુના સ્વરૂપનું ધ્યાન કરે છે.

**श्रोत्रादीनीन्द्रियाण्यन्ये संयमाग्निषु जुह्वति ।**
**शब्दादीन्विषयानन्य इन्द्रियाणिषु जुह्वति ॥२६॥**

અન્ય યોગીજન ક્ષોત્રાદિક (શ્રોત, નેત્ર, ત્વચા, જીભ, નાસિકા) બધી જ ઇન્દ્રિયોને સંયમરૂપી અગ્નિમાં હવન કરે છે, અર્થાત્ ઇન્દ્રિયોને વિષયોથી સમેટીને સંયત કરી લે છે. અહીં જ્વાળાઓ સળગતી નથી.

અગ્નિમાં નાખવાની દરેક વસ્તુ જેમ ભસ્મીભૂત થઈ જાય છે તે જ પ્રકારે સંયમ એક અગ્નિ છે, જે ઇન્દ્રિયોના સંપૂર્ણ બહિર્મુખી પ્રવાહને દગ્ધ કરી દે છે. બીજા યોગી લોકો શબ્દાદિક (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ) વિષયોને ઇન્દ્રિયરૂપી અગ્નિમાં હવન કરી દે છે અર્થાત્ તેમનો આશય બદલીને સાધનાપરક બનાવી દે છે.

સાધકે સંસારમાં રહીને જ ભજન કરવું પડે છે. સાંસારિક લોકોના સારા-નરસા શબ્દો તેને અથડાય છે. વિષયોત્તેજક શબ્દોને સાંભળતાં જ સાધક તેમના આશયને યોગ, વૈરાગ્યસહાયક, વૈરાગ્યોત્તેજક ભાવોને બદલીને ઇન્દ્રિયરૂપી અગ્નિમાં હવન કરી દે છે. જેમ કે અર્જુન એકવાર પોતાના ચિંતનમાં હતો. અકસ્માત તેના કર્ણપ્રદેશમાં સંગીત લહરીનો ઝણકાર થયો. તેણે માથું ઊંચકીને જોયું, તો ઉર્વશી ઊભી હતી, જે એક નૃત્યાંગના હતી. સૌ એના રૂપ પર વારી જઈને મુગ્ધ થઈ ઝૂમી ઊઠ્યા હતા, પરંતુ અર્જુને તેને સ્નેહપૂર્ણ દૃષ્ટિથી માતા સમાન જોઈ. તે શબ્દરૂપે આવેલો આકાર વિલીન થઈ ગયા, ઇન્દ્રિયોના અન્તરાલમાં જ સમાઈ ગયા.

અહીં જ ઇન્દ્રિયો અગ્નિ છે. અગ્નિમાં હોમેલી વસ્તુ જેમ ભસ્મીભૂત થઈ જાય છે તે જ રીતે ઉદ્દેશ- ભાવ બદલીને ઇષ્ટને અનુકૂળ ઢાળી દેવાથી વિષયોત્તેજક રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ પણ ભસ્મ થઈ જાય છે, સાધક ઉપર કોઈ ખરાબ અસર પાડી શકતા નથી. સાધક તે શબ્દોમાં રુચિ નથી લેતો, તેને ગ્રહણ નથી કરતો.

આ શ્લોકમાં **'अपरे'**, **'अन्ये'** શબ્દો એક જ સાધકની ઊંચી નીચી અવસ્થાઓ છે. એક જ યજ્ઞકર્તાનો ઊંચો નીચો સ્તર છે, નહિ કે **'अपरे'**, **'अपरे'** કહેવાથી કોઈ અલગ- અલગ યજ્ઞ.

**सर्वाणीन्द्रियकर्माणि प्राणकर्माणि चापरे ।**
**आत्मसंयमयोगाग्नौ जुह्वति ज्ञानदीपिते ॥२७॥**

અત્યાર સુધી યોગેશ્વરે જે યજ્ઞની ચર્ચા કરી તેમાં ક્રમશઃ દૈવી સંપદની કમાણી કરવામાં આવે છે, ઇન્દ્રિયોની સંપૂર્ણ ચેષ્ટાઓને સંયત કરવામાં આવે છે. બળપૂર્વક વિષયોત્તેજક શબ્દાદિ સાધક સામે આવતા તેમનો આશય- ભાવ બદલીને તેમાંથી બચી શકાય છે. આથી ઉન્નત અવસ્થા

થવાથી બીજા યોગીજન સંપૂર્ણ ઇન્દ્રિયોની ચેષ્ટાઓ તથા પ્રાણના વ્યાપારને સાક્ષાત્કાર સહિત જ્ઞાનથી પ્રકાશિત પરમાત્મ-સ્થિતિરૂપી યોગાગ્નિમાં હવન કરે છે. જ્યારે સંયમની પકડ આત્મા સાથે તદ્રુપ થઈ જાય છે, પ્રાણ અને ઇન્દ્રિયોનો વ્યાપાર પણ શાંત થઈ જાય છે, તે સમયે વિષયોને ઉત્તેજિત કરનારી અને ઇષ્ટમાં પ્રવૃત્તિ કરાવનારી બંને ધારાઓ આત્મસાત્ થઈ જાય છે. પરમાત્મામાં મળી જાય છે. યજ્ઞનું પરિણામ આવે છે. આ છે યજ્ઞની પરાકાષ્ઠા જે આત્માને પામવો હતો તેમાં જ સ્થિરતા આવી ગઈ તો બાકી શું રહ્યું ? યોગેશ્વર શ્રીકૃષ્ણઃ પુન યજ્ઞને વધુ સારી રીતે સમજાવે છે —

**द्रव्ययज्ञास्तपोयज्ञा योगयज्ञास्तथाऽपरे ।**
**स्वाध्यायज्ञानयज्ञाश्च यतयः संशितव्रताः ॥२८॥**

અનેક લોકો દ્રવ્ય યજ્ઞ કરે છે અર્થાત્ આત્મપથમાં, મહાપુરુષોની સેવામાં પત્ર-પુષ્પ અર્પણ કરે છે. તે સમર્પણની સાથે મહાપુરુષોની સેવામાં દ્રવ્ય વાપરે છે. શ્રી કૃષ્ણ આગળ જતાં કહે છે, ભક્તિભાવથી પત્ર-પુષ્પ, ફૂલ-ફળ જે કાંઈ મને આપે છે, તેને હું આરોગું છું અને તેનું પરમ કલ્યાણ કરું છું. આ પણ યજ્ઞ જ છે. દરેક આત્માની સેવા કરવી, માર્ગ ભૂલેલાને આત્મપથ પર લાવવો દ્રવ્ય યજ્ઞ છે, કારણ કે પ્રાકૃતિક સંસ્કારોને બાળવાને તે સમર્થ છે.

આ રીતે કેટલાક પુરુષ '**तपोयज्ञा**' સ્વધર્મપાલનમાં ઇન્દ્રિયોને તપાવે છે. અર્થાત્ સ્વભાવથી ઉત્પન્ન ક્ષમતા મુજબ યજ્ઞની નિમ્ન અને ઉન્નત અવસ્થાઓ વચ્ચે તપે છે. આ માર્ગની અલ્પ જાણકારી હોવાથી પહેલી શ્રેણીનો સાધક શૂદ્ર પરિચર્યા દ્વારા વૈશ્ય દૈવી સંપદના સંગ્રહ દ્વારા ક્ષત્રિય, કામક્રોધાદિના ઉન્મૂલન દ્વારા અને બ્રાહ્મણ, બ્રહ્મમાં પ્રવેશની યોગ્યતાના સ્તરથી ઇન્દ્રિયોને તપાવે છે. તે સૌને એક સરખો પરિશ્રમ કરવો પડે છે. હકીકતમાં યજ્ઞ એક જ છે. અવસ્થા મુજબ ઊંચીનીચી શ્રેણીઓ પસાર થતી જાય છે.

પૂજ્ય મહારાજજી કહેતા કે "મનસહિત ઇન્દ્રિયોને અને શરીરને લક્ષ્યને અનુરૂપ તપાવવું એ જ તપ છે. મન-ઇન્દ્રિયો લક્ષથી દૂર ભાગશે, એમને સમેટીને ત્યાં જ લગાવો."

અનેક પુરુષ યોગ-યજ્ઞનું આચરણ કરે છે. પ્રકૃતિમાં ભટકતા આત્માનું પ્રકૃતિથી પર એવા આત્મા સાથેના મિલનનું નામ જ યોગ છે. યોગની પરિભાષા અધ્યાય ૬/૨૩માં જોવા યોગ્ય છે. સામાન્ય રીતે બે વસ્તુઓના મિલનને યોગ કહેવાય છે. કાગળ જોડે કલમ ભળી જાય, થાળી અને મેજ મળે તો શું યોગ થયો કહેવાય ? ના, આ તો પંચભૂતોથી બનેલા પદાર્થ છે, તે એક જ છે, બે ક્યાં છે ? બે તો પ્રકૃતિ અને પુરુષ છે. પ્રકૃતિમાં સ્થિત આત્મા પોતાના જ શાશ્વત રૂપ પરમાત્મામાં પ્રવેશ પામે છે, તો પ્રકૃતિ પુરુષમાં વિલીન થઈ જાય છે. આ જ યોગ છે. માટે અનેક પુરુષ આ મિલનમાં સહાયક એવા શમ, દમ, વગેરે નિયમોનું સારી પેઠે આચરણ કરે છે. યોગ-યજ્ઞ કરનારા તથા અહિંસાદિ તીક્ષ્ણ વ્રતોથી જોડાયેલા પ્રયત્નશીલ પુરુષ '**स्वाध्यायज्ञानयज्ञाश्च**'- પોતાનું જ અધ્યયન, સ્વરૂપનું અધ્યયન કરનારા જ્ઞાનયજ્ઞના કર્તા છે. અહીં યોગના અંગો (યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ)નો અહિંસાદિ ઉગ્ર વ્રતોથી નિર્દેશ કરવામાં આવ્યો છે. ઘણા લોકો સ્વાધ્યાય કરે છે - પુસ્તકનું વાચન તો સ્વાધ્યાયનો પ્રથમ સ્તર માત્ર છે. વિશુદ્ધ સ્વાધ્યાય છે — સ્વયંનું અધ્યયન, એનાથી સ્વ-સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. એનું પરિણામ છે જ્ઞાન અર્થાત્ સાક્ષાત્કાર.

યજ્ઞના આગળના પગલા બતાવે છે —

**अपाने जुह्वति प्राणं प्राणापानं तथापरे ।**
**प्राणापानगती रुद्ध्वा प्राणायामपरायणाः ॥२९॥**

ઘણા યોગી અપાનવાયુમાં પ્રાણવાયુનું હવન કરે છે અને એ જ રીતે પ્રાણવાયુમાં અપાનવાયુનું હવન કરે છે. આનાથી સૂક્ષ્મ અવસ્થતા થતાં યોગીજન પ્રાણ અને અપાન બંનેની ગતિ રોકીને પ્રાણાયામ- પરાયણ થાય છે.

જેને શ્રીકૃષ્ણ પ્રાણ-અપાન કહે છે, એને જ મહાત્મા બુદ્ધ 'અનાપાન' કહે છે. આને તેમણે શ્વાસ-ઉચ્છ્વાસ પણ કહેલ છે. જે શ્વાસ તમે અંદર લો છો તે પ્રાણ, અને જે શ્વાસને તમે બહાર કાઢો છો તે અપાન છે. યોગીઓની અનુભૂતિ છે કે તમે શ્વાસની સાથે બાહ્ય વાયુમંડળના સંકલ્પ પણ ગ્રહણ કરો છો અને પ્રશ્વાસમાં આ જ રીતે આંતરિક સારાનરસા

ચિંતનની લહર ફેંકતા રહો છો. બાહ્ય કોઈ સંકલ્પને ગ્રહણ ન કરવો તે પ્રાણનો હવન છે, તથા અંદરના સંકલ્પને ઊઠવા જ ન દેવો એ અપાનનો હવન છે. ન અંદરથી કોઈ સંકલ્પની સ્ફુરણા થાય અને ન બહારની દુનિયામાં ચાલી રહેલું ચિંતન અંદર કોઈ ક્ષોભ ઉત્પન્ન કરી શકે. આ રીતે પ્રાણ અને અપાન બંનેની ગતિ સમ થઈ જવાથી પ્રાણોનો યામ અર્થાત્ નિરોધ થઈ જાય છે. આ જ પ્રાણાયામ છે અને આ મનની વિજિતાવસ્થા છે. પ્રાણનું રોકાવું કે મનનું રોકાવું એક જ વાત છે.

પ્રત્યેક મહાપુરુષે આ પ્રકરણ લીધું છે. વેદોમાં આનો ઉલ્લેખ છે. **चत्वारि वाक् पारमिता पदानि ( ऋग्वेद १-१६४-४५, अथर्ववेद ६-१०-२७ )** આને જ 'પૂજ્ય મહારાજજી' વારંવાર કહેતા 'અરે, એક નામને ચાર શ્રેણીમાં જપી શકાય છે. 'વૈખરી', 'મધ્યમા', 'પશ્યન્તી' અને 'પરા' વૈખરી એને કહે છે જે બોલીને વ્યક્ત થાય. નામનું એ રીતે ઉચ્ચારણ થાય કે તમે સાંભળો અને બહાર કોઈ બેઠું હોય એને પણ સંભળાય. મધ્યમા અર્થાત્ સ્વરમાં જપ, જેને માત્ર તમે સાંભળો, બાજુમાં બેઠેલી કોઈ વ્યક્તિને ઉચ્ચારણ ન સંભળાય આ ઉચ્ચાર કંઠમાંથી થાય છે. ધીરે ધીરે નામની ધૂન બની જાય છે, દોર બંધાઈ જાય. સાધના વધારે સૂક્ષ્મ થતાં '**पश्यन्ती**' અર્થાત્ નામ દેખાવની અવસ્થા આવી જાય છે. પછી નામ જપાતું નથી. નામ શ્વાસ સાથે જ એકરૂપ થઈ જાય છે. મનને દ્રષ્ટા બનાવીને ખડું કરી દો પછી માત્ર જોતા જ રહેવાનું કે શ્વાસ શું કહે છે ? શ્વાસ આવે છે ક્યારે ? બહાર નીકળે છે ક્યારે ? કહે છે શું ?" મહાપુરુષોનું કહેવું છે કે, આ શ્વાસ નામ સિવાય કશું જ કહે જ નહિ. સાધક નામનો જપ નથી કરતો, કેવળ તેમાંથી ઊઠનારી ધૂનને સાંભળે છે. શ્વાસને માત્ર જોતો રહે છે, માટે આને 'પશ્યન્તિ' કહે છે.

'પશ્યન્તિ'માં મનને દ્રષ્ટાના રૂપમાં ખડું કરવું પડે છે, પરંતુ સાધન એથીય વધુ ઉન્નત થતાં સાંભળવું પણ નથી પડતું. એક વાર સુરતા સંધાઈ જાય પછી સ્વતઃ સંભળાવા લાગશે '**जपे न जपावे अपने से आवे ।**' - ન સ્વયં જપો, ન મનને સાંભળવા માટે બાધ્ય કરો, જપ ચાલતો જ રહે, આનું નામ છે અજપા. એવું નથી કે જપનો પ્રારંભ જ ન કરો અને થઈ ગયા 'અજપા'. કોઈ જપનો પ્રારંભ જ ન કરે તો અજપા નામની કોઈ વસ્તુ તેની પાસે હોય જ

નહિ. અજપાનો અર્થ છે આપણે ન જપીએ, પરંતુ જપ આપણો સાથ ન છોડે. એકવાર સુરતા સંધાઈ જાય તો જપ પ્રવાહિત થઈ જાય અને સતત ચાલતો જ રહે. આવા સ્વાભાવિક જપનું નામ છે 'અજપા' અને આ જ છે 'પરા વાણીનો જપ' આ પ્રકૃતિથી પર એ તત્ત્વ પરમાત્મામાં પ્રવેશ અપાવે છે. આનાથી આગળ વાણીમાં કોઈ પરિવર્તન નથી. પરમનું દિગ્દર્શન કરાવી તેમાં જ વિલીન થઈ જાય છે. આથી આને 'પરા' કહેવાય છે.

પ્રસ્તુત શ્લોકમાં યોગેશ્વર શ્રીકૃષ્ણે કેવળ શ્વાસ પર ધ્યાન રાખવાનું કહ્યું જ્યારે તે આગળ જતાં પોતે જ 'ઓમ્'ના જપ ઉપર ભાર મૂકે છે. ગૌતમ બુદ્ધ પણ અનાપાન સતીમાં શ્વાસ-પ્રશ્વાસની જ ચર્ચા કરે છે. છેવટે તે મહાપુરુષ શું કહેવા માગે છે ? વસ્તુતઃ પ્રારંભમાં વૈખરી, તેનાથી મધ્યમા અને તેનાથી પણ ઉન્નત થવાથી જપની '**पश्यन्ति**' અવસ્થામાં શ્વાસ પકડમાં આવે છે. તે સમયે જપ તો શ્વાસમાં એકરૂપ થયેલો મળશે. તો પછી શેનો જપ કરવો ? પછી તો કેવળ શ્વાસને જોવાનું જ રહ્યું. માટે જ પ્રાણ અપાન માત્ર જ કહ્યું — ''નામ જપો''— એવું નથી કહ્યું. કારણ કે કહેવાની જરૂર નથી. જો કહે છે તો, ગુમરાહ થઈને નીચેની શ્રેણીમાં ચક્કર કાપતો રહેશે. મહાત્મા બુદ્ધ 'ગુરુદેવ ભગવાન' તથા પ્રત્યેક મહાપુરુષ જે આ માર્ગ પરથી પસાર થયા છે, સૌ એક જ વાત કહે છે, વૈખરી અને મધ્યમા, નામ-જપમાં પ્રવેશમાત્ર છે. 'પશ્યન્તી'થી જ નામમાં પ્રવેશ મળે છે. 'પરા'માં નામ ધારાવાહી થઈ જાય છે, જેનાથી જપ સાથ છોડતો નથી.

મન શ્વાસ સાથે જોડાયેલ છે, જ્યારે દૃષ્ટિ શ્વાસ ઉપર છે, શ્વાસમાં નામ ઢળી ગયું છે, અંદરથી ન તો કોઈ સંકલ્પનું ઉત્થાન છે, અને ન તો બાહ્ય વાયુ-મંડળના સંકલ્પ અંદર પ્રવેશ પામે છે. આ જ મન ઉપર વિજયની અવસ્થા છે. આની સાથે જ યજ્ઞનું પરિણામ બહાર આવે છે.

**अपरे नियताहाराः प्राणान्प्राणेषु जुह्वति ।**
**सर्वेऽप्येते यज्ञविदो यज्ञक्षपितकल्मषाः ॥३०॥**

બીજા નિયમિત આહાર કરનારા પ્રાણનો પ્રાણમાં જ હોમ કરે છે. 'પૂજ્ય મહારાજજી' ઘણી વાર કહેતા કે, 'યોગીનો આહાર દૃઢ, આસન દૃઢ અને નિદ્રા પણ દૃઢ હોવી જોઈએ.' આહાર-વિહાર પર નિયંત્રણ અતિ

આવશ્યક છે. એવા અનેક યોગી પ્રાણને પ્રાણમાં હવન કરી નાખે છે, શ્વાસ લેવા પર જ ધ્યાન કેન્દ્રિત કરે છે, પ્રશ્વાસ પર ધ્યાન નથી આપતા. શ્વાસ આવ્યો તો સાંભળ્યું 'ઓમ્', ફરી શ્વાસ આવ્યો તો 'ઓમ્' સાંભળતા જ રહ્યા. આ રીતે યજ્ઞ દ્વારા નષ્ટ પાપવાળા આ બધા પુરુષો યજ્ઞના જાણકાર છે. આ બધી નિર્દિષ્ટ વિધિઓમાંથી તેઓ ગમે ત્યાંથી કરે છે તો તે બધા જ યજ્ઞના જ્ઞાતા છે. હવે યજ્ઞનું પરિણામ બતાવે છે —

**यज्ञशिष्टामृतभुजो यान्ति ब्रह्म सनातनम्**
**नायं लोकोऽस्त्ययज्ञस्य कुतोऽन्यः कुरुसत्तम ॥३१॥**

કુરુશ્રેષ્ઠ અર્જુન ! '**यज्ञशिष्टामृतभुजः**' - યજ્ઞ જેને સર્જે છે, જે અવશેષ રહે છે, તે છે અમૃત ! તેની પ્રત્યક્ષ જાણકારી તે જ જ્ઞાન છે. તે જ્ઞાનામૃતને ભોગવનારા તેમજ પ્રાપ્ત કરનારા યોગીજન '**यान्ति ब्रह्म सनातन**' - શાશ્વત સનાતન પરબ્રહ્મને પ્રાપ્ત થાય છે. યજ્ઞ કોઈ એવી વસ્તુ છે, જે પૂર્ણ થતાં જ સનાતન પરબ્રહ્મમાં પ્રવેશ અપાવે છે. યજ્ઞ ન કરીએ તો શો વાંધો છે ? શ્રીકૃષ્ણ કહે છે કે યજ્ઞરહિત પુરુષને પુનઃમનુષ્ય લોક અર્થાત્ માનવ શરીર પણ સુલભ થતું નથી, પછી તો અન્ય લોક તો તેને સુખદાયી કઈ રીતે થાય ? તેના માટે પશુ-પક્ષીની યોનિઓ સુરક્ષિત છે, એથી વિશેષ કશું જ નહિ, માટે યજ્ઞ કરવો તે મનુષ્ય માત્ર માટે ખૂબ જરૂરી છે.

**एवं बहुविधा यज्ञा वितता ब्रह्मणो मुखे ।**
**कर्मजान्विद्धि तान्सर्वानेवं ज्ञात्वा विमोक्ष्यसे ॥३२॥**

આ રીતે ઉપર્યુક્ત અનેક પ્રકારના યજ્ઞ વેદની વાણીમાં દર્શાવ્યા છે, બ્રહ્મના મુખેથી જ કહેવાયા છે. પ્રાપ્તિ પછી મહાપુરુષોના શરીરને પરબ્રહ્મ ધારણ કરી લે છે. બ્રહ્મથી અભિન્ન અવસ્થાવાળા તે મહાત્માઓની બુદ્ધિ માત્ર યંત્ર જ હોય છે. એમના દ્વારા તે બ્રહ્મ જ બોલે છે. તેમની વાણીમાં આ યજ્ઞોનો વિસ્તાર કરવામાં આવ્યો છે.

આ બધા યજ્ઞોને તું '**कर्मजानविद्ध**' - કર્મથી પેદા થયેલા જાણ. આ પહેલાં પણ કહેવાયેલું છે કે '**यज्ञः कर्मसमुद्भवः ( ३-१४ )**' - એમને એ રીતે ક્રિયાત્મક જાણી લેવાથી (હમણાં જ બતાવ્યું હતું કે યજ્ઞ કરીને જેમના

પાપ નષ્ટ થઈ ગયાં છે, તેઓ યજ્ઞના યથાર્થ જ્ઞાતા છે.) અર્જુન ! 'તું' '**विमोक्ष्यसे**' સંસારબંધનથી પૂર્ણ રીતે છૂટી જઈશ. યોગેશ્વરે કર્મને સ્પષ્ટ કરી દીધું. તે ક્રિયા કર્મ છે જેના વડે ઉપર્યુક્ત યજ્ઞ પૂર્ણ થાય છે.

હવે જો દૈવી સંપદની કમાણી, સદ્‌ગુરુનું ધ્યાન, ઇન્દ્રિયોનો સંયમ, શ્વાસનો પ્રશ્વાસમાં હવન, પ્રશ્વાસનો શ્વાસમાં હવન, પ્રાણ- અપાનની ગતિનો નિરોધ ખેતી કરવાથી, વેપાર- નોકરી કે રાજનીતિ કરવાથી થતો હોય, તો તમે કરો. યજ્ઞ તો એવી ક્રિયા છે જે સમાપ્ત થતાં જ પરબ્રહ્મમાં પ્રવેશ અપાવી દે છે. બાહ્ય કોઈ પણ કાર્ય વડે તમને તત્ક્ષણ બ્રહ્મમાં પ્રવેશ મળી જતો હોય તો કરો.

હકીકતમાં આ સૌ યજ્ઞ-ચિન્તનની અન્તઃક્રિયાઓ છે, આરાધનાનું ચિત્રણ છે. તેનાથી આરાધ્યદેવ વિદિત થાય છે. યજ્ઞ તે આરાધ્યદેવ સુધીનું અંતર કાપવાની નિર્ધારિત પ્રક્રિયા વિશેષ છે. આ યજ્ઞ શ્વાસ-પ્રશ્વાસ, પ્રાણાયામ વગેરે જે ક્રિયાથી સંપન્ન થાય છે, તે કાર્યપ્રણાલીનું નામ કર્મ છે. 'કર્મ'નો શુદ્ધ અર્થ છે, 'આરાધના', 'ચિંતન'.

ઘણી વાર લોકો કહે છે કે સંસારમાં કંઈ પણ કરવામાં આવે તે બની ગયું કર્મ. કામનારહિત થઈને કંઈ પણ કરતા રહો તો તે થઈ ગયો નિષ્કામ કર્મયોગ. કોઈ કહે છે કે અધિક લાભ માટે વિદેશી વસ્ત્ર વેચો છો, તો તમે સકામી છો. દેશ-સેવા માટે સ્વદેશી વેચો, તો તે થયો નિષ્કામ કર્મયોગ. નિષ્ઠાપૂર્વક નોકરી કરવામાં આવે, લાભ-હાનિની ચિંતાથી મુક્ત થઈને વેપાર કરવામાં આવે, તો થઈ ગયો નિષ્કામ કર્મયોગ! જય-પરાજયની ભાવનાથી મુક્ત થઈને યુદ્ધ કરો. ચૂંટણી લડો તો શું થઈ ગયા નિષ્કર્મી ? મરશો તો મુક્તિ મળી જશે ? હકીકતમાં આવું કશું જ નથી. યોગેશ્વર શ્રીકૃષ્ણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, આ નિષ્કામ કર્મમાં નિર્ધારિત ક્રિયા એક જ છે '**व्यवसायात्मिका बुद्धिरेकेह कुरुनन्दन ।**' અર્જુન ! તું નિર્ધારિત કર્મ કર. યજ્ઞની પ્રક્રિયા જ કર્મ છે, યજ્ઞ શું છે ? શ્વાસ-પ્રશ્વાસનો હવન, ઇન્દ્રિયોનો સંયમ, યજ્ઞસ્વરૂપ મહાપુરુષનું ધ્યાન, પ્રાણાયામ- પ્રાણોનો નિરોધ.

આ જ મનની વિજેતાવસ્થા છે. જગત મનનો જ પ્રસાર છે. શ્રીકૃષ્ણના જ શબ્દોમાં '(**इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः (५-१९)**'

જેનું મન સમત્વમાં સ્થિત છે એ પુરુષો દ્વારા ચરાચર જગત અહીં જ જીતી લેવાયું. મનનું સમત્વ અને જગતને જીતવું એ બંનેનો શો સંબંધ? જો જગતને જીતી જ લીધું છે તો અટક્યું છે ક્યાં ? ત્યારે કહે છે તે બ્રહ્મ નિર્દોષ અને સમ છે. આ બાજુ મન પણ નિર્દોષ અને સમત્વની સ્થિતિવાળું થઈ ગયું. તેથી તે બ્રહ્મમાં સ્થિત થઈ જાય છે.

સારાંશ એ કે મનનો પ્રસાર જ જગત છે. ચરાચર જગત જ હવનસામગ્રીના રૂપમાં છે. મનનો સર્વથા નિરોધ થતાં જ જગતનો નિરોધ થઈ જાય છે. મનના નિરોધ સાથે જ યજ્ઞનું પરિણામ આવે છે. યજ્ઞ જેનું સર્જન કરે છે, તે જ્ઞાનામૃતનું પાન કરનાર પુરુષ સનાતન બ્રહ્મમાં પ્રવિષ્ટ થઈ જાય છે. આ બધા યજ્ઞો, બ્રહ્મસ્થિત મહાપુરુષોની વાણી દ્વારા કહેવાયેલા છે. એવું નથી કે અલગ અલગ સંપ્રદાયોના સાધક અલગ અલગ પ્રકારના યજ્ઞ કરે છે, પરંતુ બધા એક જ સાધકની ઊંચીનીચી અવસ્થાઓ છે.

આ યજ્ઞો જેના વડે થવા લાગે તે ક્રિયાનું નામ કર્મ છે. આખી ગીતામાં એક પણ શ્લોક એવો નથી, જે સાંસારિક કાર્યોનું સમર્થન કરતો હોય.

ઘણું કરીને લોકો યજ્ઞનું નામ પડતાં જ બહાર યજ્ઞવેદી બનાવી જવ-તલ લઈને 'સ્વાહા' બોલતાં બોલતાં હવનનો પ્રારંભ કરી દે છે. આ તો એક વંચના છે. દ્રવ્ય-યજ્ઞ કંઈક બીજું જ છે. એ વિશે શ્રીકૃષ્ણે ઘણી વાર કહ્યું છે, પરંતુ પશુ-બલિ, વસ્તુ હોમવા વગેરે સાથે તેને કોઈ સંબંધ નથી.

**श्रेयान्द्रव्यमयाद्यज्ञाज्ज्ञानयज्ञः परंतप ।**
**सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते ॥३३॥**

અર્જુન ! સાંસારિક દ્રવ્યોથી સિદ્ધ થનારા યજ્ઞ કરતાં જ્ઞાનયજ્ઞ (જેનું પરિણામ જ્ઞાન (સાક્ષાત્કાર) છે, યજ્ઞ જેનું સર્જન કરે છે તે અમૃતતત્ત્વને જાણવાનું નામ જ્ઞાન છે. એવો યજ્ઞ) શ્રેયસ્કર છે. પરમ કલ્યાણકારી છે. હે પાર્થ !બધાં કર્મો જ્ઞાનમાં પૂરાં થઈ જાય છે. '**परिसमाप्यते**'- સારી રીતે સમાહિત થઈ જાય છે. જ્ઞાન, યજ્ઞની પરાકાષ્ઠા છે. એ પછી કર્મ કરવાથી ન તો કોઈ લાભ છે અને છોડી દેવાથી એ મહાપુરુષને ન તો કોઈ નુકસાન છે.

આ રીતે ભૌતિક દ્રવ્યોથી થનારા યજ્ઞ પણ યજ્ઞ છે, પરંતુ એ યજ્ઞની તુલનામાં જેનું પરિણામ સાક્ષાત્કાર છે, તે જ્ઞાન-યજ્ઞની અપેક્ષા ખૂબ ઓછી છે. તમે કરોડોનો હવન કરો, સેંકડો યજ્ઞવેદી બનાવો, સન્માર્ગે દ્રવ્ય ખર્ચ કરો, સાધુ-સંતો મહાપુરુષોની સેવામાં દ્રવ્ય વાપરો, પરંતુ તે જ્ઞાનયજ્ઞની અપેક્ષાએ અલ્પ છે. વાસ્તવમાં શ્રીકૃષ્ણે હમણાં જ બતાવી દીધું છે તેમ યજ્ઞ-શ્વાસ પ્રશ્વાસનો છે, ઈન્દ્રિયના સંયમનો છે, મનના નિરોધનો છે. આ યજ્ઞને પ્રાપ્ત ક્યાંથી કરી શકાય ? તેનો વિધિ ક્યાં શીખવા મળે ? મંદિરો, મસ્જિદો, દેવળોમાંથી મળશે કે પુસ્તકોમાંથી ? તીર્થયાત્રાઓમાંથી મળશે કે સ્નાન કરવાથી ? શ્રીકૃષ્ણ કહે છે — ના, તેનો તો એક જ સ્રોત છે, 'તત્ત્વસ્થિત મહાપુરુષ' જેમ કે —

**तद्विद्धि प्रणिपातेन परिप्रश्ने सेवया ।**
**उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ॥३४॥**

માટે અર્જુન ! તું તત્ત્વદર્શી મહાપુરુષ પાસે જઈને સારી પેઠે પ્રણત બનીને (દંડવત્ પ્રણામ કરીને, અહંકાર ત્યાગીને, શરણે જઈને) સારી રીતે સેવા કરીને નિષ્કપટ ભાવથી પ્રશ્ન કરીને તું આ જ્ઞાનને જાણ. તે તત્ત્વને જાણનારા જ્ઞાનીજનો તને તે જ્ઞાનનો ઉપદેશ કરશે, સાધનાપથ ઉપર ચલાવશે. સમર્પિત ભાવથી સેવા કરવાથી જ આ જ્ઞાનને શીખવાની ક્ષમતા આવે છે. તત્ત્વદર્શી મહાપુરુષ પરમ તત્ત્વ પરમાત્માનું પ્રત્યક્ષ દિગ્દર્શન કરનારા છે. તે યજ્ઞના વિધિ-વિશેષના જ્ઞાતા છે અને તે જ તમને પણ શીખવશે. જો અન્ય યજ્ઞ હોત, તો જ્ઞાની તત્ત્વદર્શીની શી આવશ્યકતા હતી ?

અર્જુન સ્વયં ભગવાનની સામે જ તો ઊભો હતો. ભગવાન તેને તત્ત્વદર્શી પાસે કેમ મોકલે છે ? હકીકતમાં શ્રીકૃષ્ણ એક યોગી હતા તેમનો આશય એ છે કે આજે તો અનુરાગી અર્જુન મારી સમક્ષ ઉપસ્થિત છે. ભવિષ્યમાં અનુરાગીઓને ક્યાંય ભ્રમ ન થઈ જાય કે શ્રીકૃષ્ણ તો ચાલ્યા ગયા, હવે કોને શરણે જઈએ ? માટે એમણે સ્પષ્ટ કર્યું કે તત્ત્વદર્શી પાસે જાઓ. તે જ્ઞાનીજન તને ઉપદેશ આપશે. અને —

**यज्ज्ञात्वा न पुनर्मोहमेवं यास्यसि पाण्डव ।**
**येन भूतान्यशेषेण द्रक्ष्यस्यात्मन्यथो मयि ॥३५॥**

તે જ્ઞાનને તેમના દ્વારા સારી રીતે સમજીને તું ફરી પાછો મોહને પ્રાપ્ત થઈશ નહિ. એમણે આપેલા જ્ઞાનથી, તે પ્રમાણે ચાલતાં તું પોતાના આત્મામાં જ સંપૂર્ણ ભૂતોને જોઈશ. અર્થાત્ બધાં જ પ્રાણીઓમાં આ જ આત્માને વ્યાપેલો જોઈશ. જ્યારે સર્વત્ર એક જ આત્મા વ્યાપેલો છે તે જોવાની ક્ષમતા આવી જશે. પછી તું મારામાં પ્રવેશ કરીશ. માટે એ પરમાત્માને પામવાનું સાધન 'તત્ત્વસ્થિત મહાપુરુષ' દ્વારા જ છે. જ્ઞાનની બાબતમાં અને શાશ્વત સત્યની બાબતમાં શ્રીકૃષ્ણ પ્રમાણે કોઈ તત્ત્વદર્શીને જ પૂછવાનું વિધાન છે.

**अपि चेदसि पापेभ्यः सर्वेभ्य पापकृत्तमः ।**
**सर्वं ज्ञानप्लवेनैव वृजिनं संतरिष्यसि ॥३६॥**

જો તું સર્વ પાપીઓ કરતાં પણ વધુ પાપ કરનારો હોય તોપણ જ્ઞાનરૂપી નૌકા દ્વારા બધા જ પાપોને નિઃસંદેહ સારી રીતે તરી જઈશ એનો આશય તમે એવો ન કરતા કે વધુમાં વધુ પાપ કરીને પણ ક્યારેક તરી જવાય. શ્રીકૃષ્ણનો આશય માત્ર આ જ છે કે ક્યાંક તમે ભ્રમમાં ન રહો કે 'અમે તો પાપી છીએ', 'અમે પાર નહી ઊતરીએ'— એવો કોઈ અર્થ કાઢી ન બેસો માટે શ્રીકૃષ્ણ પ્રોત્સાહન અને આશ્વાસન આપે છે કે બધા પાપીઓનાં પાપોના સમૂહ કરતાં પણ અધિક પાપ કરનારો હો તો પણ તત્ત્વદર્શીઓ પાસેથી મળેલી જ્ઞાનરૂપી નૌકા દ્વારા તું નિઃસંદેહ સંપૂર્ણ પાપોથી સારી રીતે ઊગરી જઈશ. કેવી રીતે ?

**यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात्कुरुतेऽर्जुन ।**
**ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ॥३७॥**

અર્જુન ! જે રીતે પ્રજ્વલિત અગ્નિ ઈંધણને ભસ્મ કરી દે છે, ઠીક તે જ રીતે જ્ઞાનરૂપી અગ્નિ સર્વ કર્મોને ભસ્મ કરી દે છે. જ્યાં યજ્ઞમાં પ્રવેશ મળે એવી આ જ્ઞાનની પ્રવેશિકા નથી, પરંતુ આ જ્ઞાન અર્થાત્ સાક્ષાત્કારની પરાકાષ્ઠાનું ચિત્રણ છે. એમાં પ્રથમ વિજાતીય કર્મ ભસ્મ થાય છે અને પછી પ્રાપ્તિની સાથે ચિંતન કર્મ પણ એમાં વિલય થઈ જાય છે. જે પામવાનું હતું તે તો પામી લીધું. હવે આગળ ચિંતન કરી કોને શોધીએ ? આવા સાક્ષાત્કારી જ્ઞાની સંપૂર્ણ શુભાશુભ કર્મોનો અંત લાવી દેશે. તે સાક્ષાત્કાર ક્યાં થશે ? આ વિશે કહે છે —

**न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।**
**तत्स्वयं योगसंसिद्धः कालेनात्मनि विन्दति ॥३८॥**

આ સંસારમાં જ્ઞાન સમાન પવિત્ર નિઃસંદેહ અન્ય કંઈ જ નથી. તે જ્ઞાન (સાક્ષાત્કાર)નો તું પોતે (બીજો નહિ) યોગની પરિપક્વ અવસ્થામાં (આરંભમાં નહિ) પોતાના આત્માની અંતર્ગત, હૃદયદેશમાં જ અનુભવ કરીશ, બહાર નહિ. આ જ્ઞાન માટે કોઈ યોગ્યતા અપેક્ષિત છે ? યોગેશ્વરના જ શબ્દોમાં -

**श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।**
**ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति ॥३९॥**

શ્રદ્ધાવાન, તત્પર તથા સંયતેન્દ્રિય પુરુષ જ પ્રાપ્ત કરી શકે છે. ભાવપૂર્વક જિજ્ઞાસા નથી તો તત્ત્વદર્શીને શરણે જવાથી પણ જ્ઞાનની પ્રાપ્તિ નહિ થાય. કેવળ શ્રદ્ધા જ પર્યાપ્ત નથી. શ્રદ્ધાવાન શિથિલ પ્રયત્નવાળો પણ હોઈ શકે. માટે મહાપુરુષ દ્વારા નિર્દિષ્ટ માર્ગે તત્પરતાથી અગ્રેસર થવાની લગની પણ આવશ્યક છે. આની સાથે સંપૂર્ણ ઈન્દ્રિયોમાં સંયમ અનિવાર્ય છે. જે વાસનાઓથી વિરક્ત નથી, તેના માટે સાક્ષાત્કાર (જ્ઞાનની પ્રાપ્તિ) કઠિન છે. કેવળ શ્રદ્ધાવાન, આચરણરત સંયતેન્દ્રિય પુરુષ જ જ્ઞાન પ્રાપ્ત કરે છે. જ્ઞાન પ્રાપ્ત કરીને તે તરત જ પરમશાંતિ મેળવે છે. તેના પછી કંઈ પણ પામવાનું બાકી રહેતું નથી; આ જ અંતિમ શાંતિ છે. પછી તે ક્યારેય અશાંત થતો નથી. અને જ્યાં શ્રદ્ધા નથી ત્યાં —

**अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति ।**
**नायं लोकोऽस्ति न परो न सुखं संशयात्मनः ॥४०॥**

યજ્ઞની વિધિ-વિશેષથી અનભિજ્ઞ એવો અજ્ઞાની, શ્રદ્ધારહિત તથા સંશયયુક્ત પુરુષ આ પરમાર્થપથથી ભ્રષ્ટ થઈ જાય છે. એમાંય સંશયયુક્ત પુરુષ માટે ન તો સુખ છે, ન તો પુનઃ મનુષ્યશરીર છે. એના માટે તો પરમાત્મા પણ નથી. માટે 'તત્ત્વદર્શી મહાપુરુષો'ની પાસ જઈને આ માર્ગના સંશયનું નિવારણ કરી લેવું જોઈએ અન્યથા તેઓ તે વસ્તુનો પરિચય કદી પામી શકશે નહિ. તો કોણ પામી શકે છે ?

**योगसंन्यस्तकर्माणं ज्ञानसंछिन्नसंशयम् ।**
**आत्मवन्तं न कर्माणि निबध्नन्ति धनंजय ॥४१॥**

જેમનાં કર્મ, યોગ દ્વારા ભગવાનમાં સમાહિત થઈ ચૂક્યાં છે, જેનો સંપૂર્ણ સંશય પરમાત્માના પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા નષ્ટ થઈ ગયો છે. પરમાત્મા સાથે જોડાયેલા એવા પુરુષને કર્મ નથી બાંધતાં. યોગ દ્વારા જ કર્મનું શમન થશે. જ્ઞાનથી જ સંશય નષ્ટ થશે. માટે શ્રી કૃષ્ણ કહે છે —

**तस्मादज्ञानसंभूतं हृत्सथं ज्ञानासिनात्मनः ।**
**छित्त्वैनं संशयं योगमातिष्ठोत्तिष्ठ भारत ॥४२॥**

ભરતવંશી અર્જુન ! તું યોગમાં સ્થિર થા અને અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા હૃદયમાં રહેલા પોતાના આ સંશયને જ્ઞાનરૂપી તલવારથી કાપ. યુદ્ધ માટે ઊભો થા. જ્યારે સાક્ષાત્કારમાં બાધક સંશયરૂપી શત્રુ મનની અંદર હોય, ત્યારે બહાર કોઈ કોઈની જોડે શા માટે લડે ? વસ્તુતઃ તમે જ્યારે ચિંતનમાર્ગ પર ચાલતા થાઓ ત્યારે સંશયથી ઉત્પન્ન બાહ્ય પ્રવૃત્તિઓ અડચણના રૂપે થાય તે સ્વાભાવિક છે. તે શત્રુના રૂપે ભયંકર આક્રમણ કરે છે. સંયમની સાથે યજ્ઞના વિધિવિશેષનું આચરણ કરતાં આ વિકારોથી પાર પામવું એ જ યુદ્ધ છે. એનું પરિણામ પરમ શાંતિ છે. આ જ અંતિમ વિજય છે જેની પાછળ કદી હાર હોતી નથી.

**નિષ્કર્ષ :**

આ અધ્યાયના આરંભમાં યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું આ યોગ મેં આરંભમાં સૂર્યને કહ્યો. સૂર્યે મનુને અને મનુએ ઇક્ષ્વાકુને કહ્યો. પછી રાજર્ષિઓએ જાણ્યો. મેં અથવા અવ્યક્ત સ્થિતિવાળાએ કહ્યો. મહાપુરુષ પણ અવ્યક્ત સ્થિતિવાળા જ છે. શરીર તો તેમના રહેવાના મકાન જેવું જ છે. આવા મહાપુરુષની વાણીમાં પરમાત્મા જ પ્રવાહિત થાય છે. આવા કોઈ મહાપુરુષ દ્વારા યોગ સૂર્ય દ્વારા સંચારિત હોય છે. તે પરમ પ્રકાશરૂપનો પ્રસાર સુરાના અન્તરાલમાં હોય છે. માટે સુરામાં સંચિત હોવાથી સમય થતાં જ તે મનમાં સંકલ્પ બનીને આવી જાય છે. એની મહત્તા સમજવાથી મનમાં તે વાક્ય પ્રત્યે ઇચ્છા જાગ્રત થાય છે અને યોગ કાર્યનું રૂપ લઈ લે છે. ક્રમશઃ ઉત્થાન કરતાં આ યોગ રિદ્ધિ-સિદ્ધિઓની રાજર્ષિત્વ શ્રેણી સુધી પહોંચ્યા પછી નષ્ટ થવાની સ્થિતિ સુધી જઈ પહોંચે છે; પરંતુ જે પ્રિય ભક્ત છે, અનન્ય સખા છે, તેને મહાપુરુષ જ સંભાળી લે છે.

અર્જુન તમારો જન્મ તો હાલમાં થયો છે એવો શ્રીકૃષ્ણને પ્રશ્ન કરવાથી  યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું કે, અવ્યક્ત, અવિનાશી, અજન્મા અને સંપૂર્ણ ભૂતોમાં પ્રવાહિત થવા છતાં પણ આત્મા- માયા, યોગપ્રક્રિયા દ્વારા પોતાની ત્રિગુણમયી પ્રકૃતિને વશમાં કરીને હું પ્રકટ થાઉં છું. પ્રકટ થઈને કરો છો શું ? સાધ્ય વસ્તુઓને પરિત્રાણ આપવા તથા જેના વડે દોષ ઉત્પન્ન થાય છે, તેનો વિનાશ કરવા માટે પરમધર્મ પરમાત્માને સ્થિર કરવા માટે હું આરંભથી પૂર્તિપર્યંત પેદા થાઉં છું. મારો તે જન્મ અને કર્મ દિવ્ય છે. અને કેવળ તત્ત્વદર્શી જ જાણી શકે છે. ભગવાનનો આવિર્ભાવ તો કળિયુગની અવસ્થાથી થઈ જાય છે. જો સાચી લગની હોય તો; પરંતુ આરંભિક સાધક સમજી શકતો નથી કે આ ભગવાન બોલી રહ્યા છે કે માત્ર સંકેત મળે છે. આકાશમાંથી કોણ બોલે છે ? ‘મહારાજજી’ બતાવતા હતા કે જ્યારે ભગવાન કૃપા કરે છે ત્યારે આત્મા રથી બની જાય છે. તે થાંભલામાંથી, વૃક્ષમાંથી, પાંદડાંઓમાંથી શૂન્યમાંથી, દરેક સ્થાનથી બોલે છે અને સંભાળે છે. ઉત્થાન થતાં થતાં જ્યારે પરમતત્ત્વ પરમાત્મા વિદિત થઈ જાય, ત્યારે સ્પર્શ થતાંની સાથે જ તે સ્પષ્ટ સમજી જાય છે. માટે હે અર્જુન ! મારા એ સ્વરૂપને તત્ત્વદર્શીઓએ જોયું અને મને જાણીને તે તત્ક્ષણ મારામાં પ્રવિષ્ટ થઈ જાય છે; જ્યાંથી ફરીથી આવાગમન થતું નથી.

આ રીતે તેમણે ભગવાનના આવિર્ભાવનો વિધિ બતાવ્યો કે તેઓ કોઈ અનુરાગીના હૃદયની અંદર હોય છે, બહાર કદાપિ નહિ. શ્રીકૃષ્ણે બતાવ્યું કે મને કર્મ બાંધતાં નથી અને આ સ્તર પરથી જે માને છે તેને પણ કર્મ બાંધતાં નથી. આ જ સમજીને મુમુક્ષુ પુરુષોએ કર્મનો આરંભ કર્યો હતો કે, એ સ્તરે જાણીશું તો જેમ શ્રીકૃષ્ણ એ જ રીતે એ જ સ્તરેથી જાણનારા તે પુરુષ અને જાણી લેવાથી તેવો જ મુમુક્ષુ અર્જુન ! આ ઉપલબ્ધિ નિશ્ચિત છે. જો યજ્ઞ કરવામાં આવે. યજ્ઞનું સ્વરૂપ બતાવ્યું, યજ્ઞનું પરિણામ પરમતત્ત્વ, પરમશાન્તિ બતાવ્યું. આ જ્ઞાન ક્યાંથી મળે ? આ માટે કોઈ તત્ત્વદર્શીની પાસે જવાનું અને શી રીતે વર્તવું તે કહ્યું જેથી તે મહાપુરુષ અનુકૂળ થઈ શકે.

યોગેશ્વરે સ્પષ્ટ કહ્યું કે તે જ્ઞાન તું સ્વયં આચરણ કરીને પામીશ, બીજાના આચરણથી તને નહિ મળે. તે પણ યોગની સિદ્ધિના કાળમાં પ્રાપ્ત થશે, પ્રારંભમાં નહિ. તે જ્ઞાન (સાક્ષાત્કાર) હૃદયદેશમાં થશે બહાર નહિ, શ્રદ્ધાળુ તત્પર અને સંયતેન્દ્રિય અને સંશયરહિત પુરુષ જ આને પ્રાપ્ત કરે છે. માટે હૃદયમાં સ્થિત પોતાના સંશયને  વૈરાગ્યની તલવારથી કાપ ! આ હૃદયદેશની લડાઈ છે. બાહ્ય યુદ્ધથી ગીતોક્ત યુદ્ધનું કોઈ પ્રયોજન નથી.

આ અધ્યાયમાં યોગેશ્વર શ્રીકૃષ્ણે મુખ્યરૂપથી યજ્ઞનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું અને કહ્યું કે યજ્ઞ જેનાથી પૂરો થાય છે. તેને કરવાનું (કાર્ય પ્રણાલી)નું નામ કર્મ છે. કર્મને આ અધ્યાયમાં સારી રીતે સ્પષ્ટ કર્યું.

**ॐ तत्सिदी श्रीमद्भगवद्गीतासुपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे 'यज्ञकर्म स्पष्टीकरण' नामं चतुर्थोऽध्याय ॥ ४ ॥**

આ રીતે શ્રીમદ્ભગવદ્ગીતારૂપી ઉપનિષદ અને બ્રહ્મવિદ્યા તથા યોગશાસ્ત્ર વિષયક શ્રીકૃષ્ણ અને અર્જુન સંવાદમાં 'યજ્ઞકર્મ- સ્પષ્ટીકરણ' નામનો ચોથો અધ્યાય પૂર્ણ થાય છે.

**इति श्रीमत्परमहंस परमानन्दस्य शिष्य स्वामी श्री अडगडानन्दकृते श्रीमद्भगवद् गीतायाः 'यथार्थ गीता' भाष्ये 'यज्ञकर्म स्पष्टीकरण' नाम चतुर्थोऽध्यायः॥४॥**

આ રીતે શ્રીમત્પરમહંસ પરમાનન્દજીના શિષ્ય સ્વામી શ્રી અડગડાનન્દકૃત શ્રીમદભગવદ્ગીતાના ભાષ્ય 'યથાર્થ ગીતા'માં 'યજ્ઞકર્મ સ્પષ્ટીકરણ' નામનો ચોથો અધ્યાય પૂરો થાય છે.

**॥ हरिः ॐ तत्सत् ॥**

ॐ

**श्री परमात्मने नमः**

# અધ્યાય પાંચમો

ત્રીજા અધ્યાયમાં અર્જુને પ્રશ્ન કર્યો હતો કે, "હે ભગવંત ! આપ જ્ઞાનયોગને શ્રેષ્ઠ માનો છો તો મને ભયંકર કર્મોમાં શા માટે જોડો છો ?" અર્જુનને કર્મયોગની તુલનામાં જ્ઞાનયોગ સરળ લાગતો હતો, કેમ કે જ્ઞાનયોગમાં હાર મળે તોપણ દેવત્વ અને વિજય મળે તોપણ 'મહામહિમ સ્થિતિ'ની પ્રાપ્તિ એમ બંને સ્થિતિમાં લાભ જ દેખાતો હતો. પરંતુ અત્યાર સુધીમાં અર્જુનને એ વાતની ઠીક ઠીક પ્રતીતિ થઈ ચૂકી હતી કે બંને માર્ગોમાં કર્મ તો કરવું જ પડે. (યોગેશ્વરે એને શંકા મુક્ત થઈને 'તત્ત્વદર્શી મહાપુરુષ'નો આશ્રય લેવાની પણ પ્રેરણા આપી, કેમ કે સાચી સમજણ માટે તે એક જ ઉચિત સ્થાન છે.) આથી બંને માર્ગોમાંથી એકની પસંદગી કરતાં પહેલાં એણે નિવેદન કર્યું કે

**अर्जुन उवाच**

**संन्यासं कर्मणां कृष्ण पुनर्योगं च शंससि ।**
**यच्छ्रेय एतयोरेकं तन्मे ब्रूहि सुनिश्चितम् ॥१॥**

હે શ્રી કૃષ્ણ, આપ ક્યારેક સંન્યાસના માધ્યમ દ્વારા કર્મ કરવા અને ક્યારેક નિષ્કામ દૃષ્ટિથી કરવાના કર્મની પ્રશંસા કરો છો, આ બંનેમાંથી આપે જે એક અંગે નિર્ણય કર્યો હોય, જે પરમ કલ્યાણકારી હોય તે મને જણાવો, કોઈ જગ્યાએ જવા માટે તમને બે માર્ગ બતાવવામાં આવે તો

તમે કોઈ એક સગવડભર્યા માર્ગ અંગે જરૂરી પૂછશો. અગર એ અંગે ન પૂછો તો એનો અર્થ એમ થાય કે તમે જવા ઉત્સુક નથી. આ બાબતમાં શ્રીકૃષ્ણે કહ્યું –

**श्री भगवानुवाच**
**संन्यासः कर्मयोगेश्च निःश्रेयसकरावुभौ ।**
**तयोस्तु कर्मसंन्यासात्कर्मयोगो विशिष्यते ॥२॥**

અર્જુન ! સંન્યાસના માધ્યમ દ્વારા કરવાનું કર્મ અર્થાત્ આ માર્ગમાંથી કરવાનું કર્મ અને 'કર્મયોગ' – નિષ્કામ ભાવનાથી કરવાનું કર્મ – આ બંનેથી પરમશ્રેય પ્રાપ્ત થાય છે. પરંતુ આ બંને માર્ગોમાં – સંન્યાસ અથવા જ્ઞાનદૃષ્ટિથી કરાતા કર્મની અપેક્ષાએ નિષ્કામ કર્મયોગ શ્રેષ્ઠ છે. પ્રશ્ન સ્વાભાવિકપણે થાય કે તે માર્ગ શ્રેષ્ઠ કેમ ?

**ज्ञेयः स नित्यसंन्यासी यो न द्वेष्टि न काङ्क्षति ।**
**निर्द्वन्द्वो हि महाबाहो सुखं बन्धात्प्रमुच्यते ॥३॥**

મહાબાહુ, અર્જુન ! જે કોઈનો દ્વેષ કરતો નથી, કશાની આકાંક્ષા રાખતો નથી, તેને હંમેશાં સંન્યાસી જ સમજવો ઉચિત છે. તેણે પછી ભલે જ્ઞાનમાર્ગ લીધો હોય કે નિષ્કામ માર્ગ અપનાવ્યો હોય. રાગદ્વેષ વગેરે દ્વંદ્વોથી રહિત તે પુરુષ સુખપૂર્વક ભવનાં બંધનમાંથી મુક્તિ મેળવે છે.

**सांख्ययोगौ पृथग्बालाः प्रवदन्ति न पण्डिताः ।**
**एकमप्यास्थितः सम्यगुभयोर्विन्दते फलम् ॥४॥**

આ માર્ગ અંગેની જેની સમજ હજુ ખૂબ અલ્પ છે, તે લોકો જ નિષ્કામ કર્મયોગ તથા જ્ઞાનયોગ બંને અલગ અલગ હોવાનું જણાવે છે. કેમકે બંનેમાંથી એકમાં પણ સારી રીતે સ્થિત પુરુષ બન્નેના ફલસ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત કરે છે. બંનેનું ફળ એક જ છે, એટલા માટે બંને એક સમાન છે.

**यत्सांख्यैः प्राप्यते थानं तद्योगैरपि गम्यते ।**
**एकं सांख्यं च योगं च यः पश्यति च पश्यति ॥५॥**

સાંખ્યની દૃષ્ટિ મુજબ કર્મ કરનારા જ્યાં પહોંચે છે ત્યાં જ નિષ્કામ વૃત્તિથી કર્મ કરનારા પણ પહોંચે છે. એટલા માટે જે બંનેને ફળની દૃષ્ટિએ

એક તરીકે જુએ છે, તે જ યથાર્થ જ્ઞાનવાળો છે. બંને એક જ સ્થાન પર પહોંચે છે. તો નિષ્કામ કર્મયોગ વિશિષ્ટ શા માટે ?

શ્રીકૃષ્ણ જણાવે છે –

**संन्यासस्तु महाबाहो दुःखमाप्तुमयोगतः ।**
**योगयुक्तो मुनिर्ब्रह्म नचिरेणाधिगच्छति ।।६।।**

અર્જુન ! નિષ્કામ કર્મયોગનું આચરણ કર્યા વિના 'સંન્યાસ' અર્થાત્ સર્વસ્વનો ન્યાસ પ્રાપ્ત કરવો દુઃખજનક છે. યોગયુક્ત આચરણ ન કરવામાં આવે તો પરમાત્માની પ્રાપ્તિ અસંભવ છે. આથી જ ભગવત્સ્વરૂપનું મનન કરનાર મુનિ, જેમની મનસહિત ઇન્દ્રિયો મૌન છે તે નિષ્કામ કર્મયોગનું આચરણ કરીને પરબ્રહ્મ પરમાત્માને ત્વરિત પ્રાપ્ત કરી લે છે.

આના પરથી સ્પષ્ટ થાય છે કે નિષ્કામ કર્મયોગનું જ આચરણ કરવું પડશે. કેમકે બંને ક્રિયાઓ એક જ છે. તે યજ્ઞની ક્રિયા છે અને તેનો શુદ્ધ અર્થ છે 'આરાધના'. આ બંને માર્ગોમાં દેખાતું અંતર કેવળ કર્તાના દૃષ્ટિકોણનું છે. એક પોતાની શક્તિ સમજીને આ કર્મમાં પ્રવૃત્ત થાય છે. અને બીજો નિષ્કામ કર્મયોગી ઇષ્ટ પર આધાર રાખી આમાં પ્રવૃત્ત થાય છે. ઉદાહરણ તરીકે, એક ખાનગી ટ્યૂશન દ્વારા શીખે છે, બીજો નિયુક્ત છે. બંનેનો પાઠ્યક્રમ સરખો છે. પરીક્ષા એક છે. પરીક્ષક-નિરીક્ષક બંને એક છે. બરાબર એ જ પ્રમાણે બંનેના સદ્‌ગુરુ તત્ત્વદર્શી છે અને ડિગ્રી પણ એક જ છે, પરંતુ બંનેનો ભણવાનો દૃષ્ટિકોણ ભિન્ન છે. અલબત્ત, સંસ્થાગત છાત્રોને સુવિધા વિશેષ રહે છે.

પછી શ્રીકૃષ્ણે જણાવ્યું કે, કામ અને ક્રોધ દુર્જય શત્રુ છે. અર્જુન ! એને તું માર. અર્જુનને લાગ્યું કે આ તો ખૂબ કપરું છે, પરંતુ શ્રીકૃષ્ણે કહ્યું, "નહિ, શરીરથી પર ઇન્દ્રિયો છે. ઇન્દ્રિયોથી પર મન છે. મનથી પર બુદ્ધિ છે અને બુદ્ધિથી પર તમારું સ્વરૂપ છે. તમારે ત્યાંથી પ્રેરિત થવાનું છે. આ રીતે પોતાની હસ્તી સમજીને, પોતાની શક્તિને નજર સમક્ષ રાખીને, સ્વાવલંબી બનીને કર્મમાં પ્રવૃત્ત થવું તે જ 'જ્ઞાનયોગ' છે. શ્રીકૃષ્ણે કહ્યું હતું, ચિત્તને ધ્યાનસ્થ બનાવીને કર્મો મારામાં સમર્પિત કરીને

આશા-મમતા અને સંતાપરહિત થઈને યુદ્ધ કર. સમર્પણની ભાવના સાથે ઈષ્ટતત્ત્વ પર શ્રદ્ધા રાખીને કર્મમાં પ્રવૃત્ત થવું તે નિષ્કામ કર્મયોગ છે. બંનેની ક્રિયા એક છે અને પરિણામ પણ એક છે.

આના પર ભાર મૂકીને શ્રીકૃષ્ણે અહીં કહ્યું છે કે, યોગનું આચરણ કર્યા વિના સંન્યાસ અર્થાત્ શુભાશુભ કર્મોનો અંત આણવો અશક્ય છે. શ્રીકૃષ્ણના કહેવા પ્રમાણે એવો કોઈ યોગ નથી કે જેમાં હાથ પર હાથ રાખીને બેઠાં બેઠાં કહો કે 'હું પરમાત્મા છું, શુદ્ધ છું, બુદ્ધ છું, મારા માટે ન તો કર્મ છે, ન બંધન. હું સારું-ખરાબ કાંઈ પણ કરતો દેખાઉં પણ છું, પરંતુ ઈન્દ્રિયો તો પોતાના અર્થોમાં પ્રવૃત્ત રહે છે.' આવું પાખંડ શ્રીકૃષ્ણના શબ્દોમાં કદાપિ નથી. સાક્ષાત્ યોગેશ્વર પણ પોતાના અનન્ય સખા, અર્જુનને પણ કર્મ વિના તો આ સ્થિતિ ન જ આપી શક્યા. તેઓ આવું કરી શક્યા હોત તો ગીતાની આવશ્યકતા જ નહોતી. કર્મ તો કરવું જ પડે. કર્મ કરીને જ સંન્યાસીની સ્થિતિ પ્રાપ્ત કરી શકાય અને યોગયુક્ત પુરુષને સત્વરે પરમાત્મા પ્રાપ્ત થઈ જાય છે. યોગયુક્ત પુરુષનાં લક્ષણો કયાં છે ? આ બાબતમાં કહે છે –

**योगयुक्तो विशुद्धात्मा विजितामा जितेन्द्रियः ।**
**सर्वभूतात्मभूतात्मा कुर्वन्नपि न लिप्यते ॥७॥**

'**विजितात्मा** '– જેનું શરીર વિશેષ રૂપથી જીતવામાં આવ્યું છે, '**जितेन्द्रियः**' – જેની ઈન્દ્રિયો જીતવામાં આવી છે અને **विशुद्रात्मा** – જેનું અંતઃકરણ વિશેષ રૂપથી શુદ્ધ છે એવો પુરુષ. '**सर्वभूतात्मभूतात्मा**' – સંપૂર્ણ ભૂત-પ્રાણીઓના મૂળ સ્રોત પરમાત્મા સાથે એકાત્મરૂપી યોગથી જોડાયેલ છે. તે કર્મ કરે છે, પરંતુ તેનાથી લેપાતો નથી. તો કર્મ શા માટે કરે છે ? પાછળ રહેનાર વ્યક્તિઓમાં પરમ કલ્યાણકારી બીજનો સંગ્રહ કરવા માટે, લેપાતો કેમ નથી ? કેમકે સમગ્ર પ્રાણીજગતના મૂળ ઉદ્‌ગમ એવા પરમતત્ત્વ પરમાત્મામાં તે સ્થિત થઈ ગયો છે. હવે આગળ કશું રહેતું નથી કે જેની તે શોધ કરે. પાછળ રહેલી વસ્તુઓ ક્ષુદ્ર લાગે છે તો હવે આસક્તિ શેમાં રાખે ? આથી કર્મ તેની આસપાસ વીંટાતાં નથી. આ યોગનિષ્ઠની પરાકાષ્ઠાનું ચિત્રણ છે. વળી, યોગનિષ્ઠ પુરુષની રહેણી સ્પષ્ટ કરે છે કે તે કાર્ય કરવા છતાં તેનાથી લિપ્ત કેમ થતો નથી ?

**नैव किंचित्करोमीति युक्तो मन्येत तत्त्ववित् ।**
**पश्यञ्शृण्वन्स्पृशञ्जिघ्रन्नश्नन्गच्छन्स्वपञ्श्वसन् ॥८॥**
**प्रलपन्विसृजन्गृह्णन्नुन्मिषन्निमिषन्नपि ।**
**इन्द्रियाणीन्द्रियार्थेषु वर्तन्त इति धारयन् ॥९॥**

પરમતત્ત્વ પરમાત્માને સાક્ષાત્કારસહિત જાણનાર યોગયુક્ત પુરુષની મનઃસ્થિતિ અર્થાત્ અનુભૂતિ છે કે 'હું કંઈ પણ કરતો નથી' આ એની કલ્પના નથી, પરંતુ આ સ્થિતિ એણે કર્મ કરીને પ્રાપ્ત કરી છે. જેમ **'युक्तो मन्येत'** - હવે પરમતત્ત્વની પ્રાપ્તિ બાદ તે સર્વ કાંઈ સાંભળતો, સ્પર્શ કરતો, સૂંઘતો, ભોજન કરતો, ગમન કરતો, સૂઈ જતો, શ્વાસ લેતો, ત્યાગ કરતો, ગ્રહણ કરતો, આંખો ખોલતો અને મીંચતો એમ તમામ કાર્યો કરતો હોવા છતાં પણ ઈન્દ્રિયો પોતાનાં કાર્યો કરે છે એવી ધારણા ધરાવે છે. પરમાત્માથી વધારે સારું કંઈ છે નહિં અને એનામાં તે સ્થિર હોય તો એનાથી વધીને બીજા ક્યાં સુખની કામનાથી તે કોઈનો સ્પર્શ વગેરે કરશે? જો કોઈ શ્રેષ્ઠ વસ્તુ સામે હોત તો આસક્તિ જરૂર રહેત, પરંતુ પ્રાપ્તિ પછી હવે એનાથી આગળ ક્યાં જાય ?પાછળ ત્યાગ પણ શેનો કરે ? આનાથી યોગયુક્ત પુરુષ લિપ્ત નથી થતો. આ વાત એક ઉદાહરણ લઈને રજૂ કરી છે –

**ब्रह्मण्याधाय कर्माणि सङ्गंत्यक्त्वा करोति यः ।**
**लिप्यते न स पापेन पद्मपत्रमिवाम्भसा ॥१०**

કમળ કાદવમાં ખીલે છે. એનાં પાન પાણી પર તરે છે. પવનની લહેરો રાતદિવસ તેની ઉપરથી પસાર થાય છે. પરંતુ તમે કમળપત્ર જોશો તો તે કોરાં જ દેખાશે. પાણીનું એક પણ બુંદ એના પર ઠરશે નહિ. કીચડ અને પાણીમાં રહેવા છતાં પણ કશું એને સ્પર્શતું નથી. એ જ રીતે જે પુરુષ તમામ કર્મો પરમાત્મામાં વિલીન કરીને (સાક્ષાત્કારની સાથે જ કર્મો વિલીન થાય છે, એના પહેલાં નહિ) આસક્તિનો ત્યાગ કરીને (હવે આગળ કોઈ વસ્તુ નથી, આથી આસક્તિ નથી રહેતી, એટલે આસક્તિ ત્યાગીને) કર્મ કરે છે. તે પણ આ રીતે કર્મ કરવાથી લેપાતો નથી તો પછી

તે કર્મ શા માટે કરે છે ? તે કર્મ કરે છે તમે સૌ લોકો માટે, સમાજના કલ્યાણ માટે, પાછળ રહેનારના માર્ગદર્શન માટે. આના પર ભાર દઈને જણાવે છે કે —

**कायेन मनसा बुद्धया केवलैरिन्द्रियैरपि ।**
**योगिनः कर्म कुर्वन्ति सङ्गं त्यक्त्वात्मशुद्धये ॥११॥**

યોગી પુરુષો ઇન્દ્રિય, મન, બુદ્ધિ અને શરીર દ્વારા આસક્તિ છોડીને આત્મશુદ્ધિ માટે કર્મ કરે છે. કર્મ બ્રહ્મમાં વિલીન થઈ જાય છે પછી પણ શું આત્મા અશુદ્ધ રહે છે ?ના, તે તો '**सर्वभूतात्मभूतात्मा**' થઈ ચૂક્યા છે. બધાં પ્રાણીઓમાં એ પોતાના આત્માનો પ્રસાર જુવે છે. આ તમામ આત્માઓની શુદ્ધિ માટે, તમારા સૌના માર્ગદર્શન માટે તે કર્મમાં પ્રવૃત્ત રહે છે. શરીર, મન, બુદ્ધિ તથા કેવળ ઇન્દ્રિયોથી તે કર્મ કરે છે. સ્વરૂપથી તે કાંઈ પણ કરતો નથી, તે સ્થિર છે. બહારથી કાર્ય કરતો દેખાય છે. પરંતુ અંદરથી એનામાં અસીમ શાંતિ છે, રસ્સી તો બળી ગઈ છે, માત્ર આકાર બાકી રહ્યો છે. જેનાથી કંઈ બાંધી શકાય નહિ.

**युक्तः कर्मफलं त्यक्त्वा शान्तिमाप्नोति नैष्ठिकीम् ।**
**अयुक्तः कामकारेण फले सक्तो निबध्यते ॥१२॥**

'યોગયુક્ત' એટલે કે યોગના પરિણામને પ્રાપ્ત કરેલ પુરુષ, સર્વ પ્રાણીઓના આત્માના મૂળ સ્રોત પરમાત્મામાં સ્થિત છે, એવા યોગી કર્મફળને ત્યાગીને (કર્મનું ફળ એના માટે પરમાત્માથી ભિન્ન નથી. તેથી હવે કર્મફળનો ત્યાગ કરીને) **नैष्ठिकीम् शान्तिम् आप्नोति** શાંતિની અંતિમ અવસ્થાએ પહોંચે છે, જેનાથી આગળ કોઈ શાંતિ બાકી નથી, જેના પછી તે કદી પણ અશાંત થતો નથી. પરંતુ અયુક્ત પુરુષ, જે યોગનાં પરિણામ પામ્યો નથી તે હજુ રસ્તા વચ્ચે છે. આવો પુરુષ ફળની આસક્તિ રાખે છે. (પરમાત્મા ફળ હોઈ એમાં એની આસક્તિ આવશ્યક છે. આથી ફળમાં આસક્ત હોવા છતાં) **कामकारेण निबध्यते** તે કામના કરીને બંધનયુક્ત બને છે. અર્થાત્ પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી કામના જાગ્રત રહે છે.

આથી સાધકે પ્રાપ્તિ સુધી સાવધાન રહેવું જોઈએ. મહારાજજી હંમેશ કહેતા કે, ‘હાં, આપણે સહેજ પણ અલગ રહીએ અને ભગવાન અલગ છે, તો માયા કામયાબ થઈ શકે છે.’ કાલે પ્રાપ્તિ થવાની હોય, પરંતુ આજે તો તે અજ્ઞાની છે. આથી પ્રાપ્તિ થાય ત્યાં સુધી સાધકે સાવધાન રહેવું જોઈએ. આગળ જોઈએ.

**सर्वकर्माणि मनसा संन्यस्यास्ते सुखं वशी ।**
**नवद्वारे पुरे देही नैव कुर्वन्न कारयन् ॥१३॥**

જે સંપૂર્ણપણે સ્વવશી છે, જે શરીર, મન, બુદ્ધિ અને પ્રકૃતિથી પર આત્મામાં સ્થિત છે. આવો જિતેન્દ્રિય નિગ્રહી પુરુષ નિઃશંકપણે કશું કરતો નથી કે કશું કરાવતો નથી. પાછળ રહેનારાઓ પાસે કરાવવાથી પણ એની આંતરિક શાંતિને સ્પર્શ થતો નથી. આવો સ્વરૂપસ્થ પુરુષ, શબ્દાદિ વિષયોની પ્રાપ્તિ કરાવનાર નવ દ્વાર (બે કાન, બે આંખ, બે નાકનાં છિદ્ર, એક મુખ, ઉપસ્થ અને ગુદા)યુક્ત શરીરરૂપી નગરમાં તમામ કર્મોનો મનથી ત્યાગ કરીને સ્વરૂપાનંદમાં સ્થિર રહે છે તે યથાર્થપણે કાંઈ કરતો નથી, કાંઈ કરાવતો નથી.

આ જ વાત શ્રીકૃષ્ણ ફરીથી બીજા શબ્દોમાં કહે છે કે, તે પ્રભુ, ન કરે છે, ન કરાવે છે. સદ્ગુરુ ભગવાન, ઈષ્ટ, સ્વરૂપસ્થ મહાપુરુષ, યુક્ત વગેરે શબ્દો એકબીજાના પર્યાય છે. અલગપણે ભગવાન કાંઈ કરવા આવતા નથી. તે જ્યારે પણ કરે છે ત્યારે આ સ્વરૂપસ્થ પરમતત્ત્વના માધ્યમ દ્વારા જ કરે કરાવે છે. મહાપુરુષ માટે શરીર કેવળ મકાન છે. આથી પરમાત્માનું કરવું અને મહાપુરુષનું કરવું બંને એક જ વાત છે, કેમ કે તે પરમાત્મા એમના દ્વારા કરે છે. વાસ્તવમાં તે પુરુષ કરવા છતાં કાંઈ કરતો નથી. આ અંગે પછીનો શ્લોક જુઓ –

**न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ।**
**न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते ॥१४॥**

તે પરમાત્મા પ્રાણીમાત્રના કર્તાપણાનો, કર્મોનો અને કર્મફળોનો સંયોગ ગોઠવતો નથી, પરંતુ સ્વભાવમાં સ્થિત પ્રકૃતિના દબાણ અનુસાર જ તમામ કાર્ય કરે છે. સાત્ત્વિક, રાજસી અથવા તામસી જેવી જેની પ્રકૃતિ

હોય તે પ્રમાણે તે સ્તરથી તે પ્રવૃત્તિ કરે છે. પ્રકૃતિ તો લાંબી-પહોળી છે. તમારો સ્વભાવ જેટલો વિકૃત અથવા વિકસિત હોય તેટલો જ તે પર તેનો પ્રભાવ પડશે.

ઘણી વાર લોકો કહે છે કે કરવા-કરાવવાવાળા તો ભગવાન છે. અમે તો યંત્ર છીએ. અમારી પાસે તે સારું કરાવે કે ખરાબ કરાવે. કિંતુ યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે કે તે પ્રભુ કશું જાતે કરતા નથી, કે કરાવતા નથી અને ન તો જગાડીને બેસાડે છે. લોકો પોતાની સ્વભાવગત પ્રકૃતિ અનુસાર જાતે કાર્ય કરે છે. તે પોતે આદતની મજબૂર થઈને કરે છે. ભગવાન કાંઈ કરતા નથી. તો લોકો શા માટે કહે છે કે ભગવાન કરે છે? આ અંગે યોગેશ્વર બતાવે છે –

**नादत्ते कास्यचित्पापं न चैव सुकृतं विभुः ।**
**अज्ञानेनावृत्तं ज्ञानं तेन मुह्यन्ति जन्तवः ॥१५॥**

હમણાં જેમને પ્રભુ કહ્યા એમને જ અહીં ‘વિભુ’ કહેવામાં આવ્યા છે. કેમકે તે સંપૂર્ણ વૈભવયુક્ત છે. પ્રભુતા અર્થાત્ વૈભવથી યુક્ત પરમાત્મા ન કોઈના પાપ-કર્મને અને ન કોઈના પુણ્ય-કર્મને ગ્રહણ કરે છે. તો પછી લોકો એમ શા માટે કહે છે ? એટલા માટે કે અજ્ઞાનથી જ્ઞાન ઢંકાયેલું છે. એને હજુ સાક્ષાત્કાર સહિત જ્ઞાન પ્રાપ્ત થયું નથી.  તે હજુ જંતુ છે. મોહવશ તે કાંઈ પણ કહી શકે. જ્ઞાનથી શું થાય ? આને સ્પષ્ટ કરે છે –

**ज्ञानेन तु तदज्ञानं येषां नाशितमात्मनः ।**
**तेषामादित्यवज्ज्ञानं प्रकाशयति तत्परम् ॥१६॥**

જેના અંતઃકરણનું તે અજ્ઞાન (જેણે જ્ઞાનને ઢાંકી રાખ્યું હતું) આત્મસાક્ષાત્કાર દ્વારા નષ્ટ થાય છે અને આ રીતે જેણે જ્ઞાન પ્રાપ્ત કરી દીધું છે, તેનું તે જ્ઞાન, સૂર્યની જેમ પરમતત્ત્વ પરમાત્માને પ્રકાશિત કરે છે. શું પરમાત્મા અંધકારનું નામ છે ? ના, તે તો **‘स्वयं प्रकाश रूप दिन राती’** – સ્વયં પ્રકાશરૂપ છે. તે પ્રકાશરૂપ હોવા છતાં આપણા ઉપભોગ માટે તો નથી, તે દેખી શકાતા તો નથી ? જ્ઞાનથી અજ્ઞાનનું આવરણ હટી

જાય છે ત્યારે એનું તે જ્ઞાન સૂર્ય સમાન પરમાત્માને પોતાનામાં પ્રવાહિત કરી લે છે. પછી એ પુરુષ માટે ક્યાંય અંધકાર રહેતો નથી. એ જ્ઞાનનું સ્વરૂપ શું છે ?

**तद्बुद्धयस्तदात्मानस्तन्निष्ठास्तत्परायणाः ।**
**गच्छन्त्यपुनरावृत्तिं ज्ञाननिर्धूतकल्मषाः ॥१७॥**

તે પરમતત્ત્વ પરમાત્માને અનુરૂપ બુદ્ધિ હોય, તત્ત્વને અનુરૂપ પ્રવાહિત મન હોય, પરમતત્ત્વ પરમાત્મામાં એકાત્મભાવરૂપી એની રહેણી હોય અને એમાં જ લીન હોય એનું નામ જ્ઞાન છે. જ્ઞાન એ કોઈ બકવાસ કે મિથ્યા ચર્ચા નથી. આ જ્ઞાનથી પાપમુક્ત બનેલો પુરુષ પરમગતિને પ્રાપ્ત કરે છે. જ્યાં પછી ફરી જન્મ લેવાનો રહેતો નથી. પરમગતિને પ્રાપ્ત કરનાર સંપૂર્ણ જાણકારી ધરાવનાર પુરુષ જ પંડિત તરીકે ઓળખાય છે.

**विद्याविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि ।**
**शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः ॥१८॥**

જ્ઞાન દ્વારા જેમનાં પાપ શમી ગયાં છે, જેણે '**अपुनरावर्ती परमगति**' પ્રાપ્ત કરી છે. એવા જ્ઞાનીજન વિનયી બ્રાહ્મણ તથા ચાંડાલમાં, ગાય અને કૂતરામાં તથા હાથીમાં સમાન દૃષ્ટિ રાખે છે. એની દૃષ્ટિ વિદ્યા-વિનયયુક્ત બ્રાહ્મણમાં કોઈ ખાસ વિશેષતા કે ચાંડાલમાં કોઈ હીનતા જોતી નથી. એને માટે ગાય ન તો ધર્મ છે અને કૂતરો ન તો અધર્મ છે અને હાથી કોઈ વિશાળતાનું પ્રતીક નથી. આવા પંડિત, જ્ઞાનીજન સમદર્શી અને સમવર્તી હોય છે. એમની દૃષ્ટિ ચામડી પર રહેતી નથી, પરંતુ આત્મા પર રહે છે. આમાં તફાવત એટલો છે કે વિદ્યા-વિનયસંપન્ન સ્વરૂપની નજીક છે. અને બાકીના થોડાક પાછળ છે. કોઈ એક મંજિલ આગળ છે, તો કોઈ પાછળના પડાવમાં છે. શરીર તો વસ્ત્ર છે. એની દૃષ્ટિ વસ્ત્રને મહત્ત્વ નથી આપતી, પરંતુ છતાં એના હૃદયમાં સ્થિત આત્મા પર એની દૃષ્ટિ રહે છે. આથી તે કોઈ ભેદભાવ રાખતો નથી.

શ્રીકૃષ્ણે પૂરતી ગો-સેવા કરી હતી. એમણે ગાય માટે ગૌરવપૂર્ણ શબ્દો કહેવા જોઈતા હતા, પરંતુ એમણે એવું કશું કહ્યું નહિ. શ્રીકૃષ્ણે

ગાયને ધર્મમાં કોઈ સ્થાન આપ્યું ન હતું. એમણે તો એટલું જ માન્યું કે બીજા જીવાત્માઓની જેમ એનામાં પણ આત્મા છે. ગાયનું આર્થિક મહત્ત્વ જે કંઈ હોય તે ખરું, પરંતુ એનું ધાર્મિક મહત્ત્વ અવિવેકઓની દેન છે. શ્રીકૃષ્ણે પાછળથી બતાવ્યું કે અવિવેકીઓની બુદ્ધિ અનંત શાખાઓવાળી હોય છે. આથી તે અનંત ક્રિયાઓનો વિસ્તાર કરી લે છે. બનાવટી પણ અલંકૃત સારી વાણીમાં તે એ બધું વ્યક્ત કરે છે. એની વાણીની છાપ જેના મન પર પડે તે વ્યક્તિની બુદ્ધિ પણ નષ્ટ થઈ જાય છે. તે કશું મેળવતા નથી, પરંતુ નષ્ટ થઈ જાય છે. જ્યારે નિષ્કામ કર્મયોગમાં, અર્જુન ! નિર્ધારિત ક્રિયા એક જ છે – યજ્ઞની પ્રક્રિયા 'આરાધના' ! ગાય, કૂતરો, હાથી, પીપળો, નદી વગેરેનું મહત્ત્વ આ અનંત શાખાઓ ધરાવનારાની ભેટ છે. આ બધી વસ્તુઓનું કોઈ ધાર્મિક મહત્ત્વ આ અનંત શાખાઓ ધરાવનારાની ભેટ છે. આ બધી વસ્તુઓનું કોઈ ધાર્મિક મહત્ત્વ હોત તો શ્રીકૃષ્ણે એની વાત જરૂર કરી હોત. હા, પ્રારંભિક કાળમાં મંદિર-મસ્જિદ વગેરે પૂજાનાં સ્થળો અવશ્ય હોય છે, ત્યાં પ્રેરણાદાયક સામૂહિક ઉપદેશ અપાય છે. એની ઉપયોગિતા પણ છે. તે ધર્મોપદેશ કેન્દ્ર છે.

પ્રસ્તુત શ્લોકમાં બે પંડિતોની ચર્ચા છે. એક પંડિત પૂર્ણ જ્ઞાની છે. બીજો પંડિત વિદ્યા-વિનયસંપન્ન છે. આમાં દ્વૈત (બેપણું) કેવી રીતે ? હકીકતમાં તો પ્રત્યેક શ્રેણીની બે સીમા હોય છે. એક અધિકતમ સીમા, પરાકાષ્ઠા અને બીજી પ્રવેશિકા અથવા નિમ્નતમ સીમા, ઉદાહરણ માટે ભક્તિ જ્યાંથી શરૂ થાય. વિવેક વૈરાગ્ય અને લગનની સાથે જ્યારે આરાધના કરવામાં આવે ત્યારે તેને ભક્તિની નિમ્નતમ સીમા કહી શકાય. ભક્તિનું પરિણામ મળવાની સ્થિતિ ઉત્પન્ન થાય ત્યારે તે અધિકતમ સીમા બને છે. આ જ રીતે બ્રાહ્મણ શ્રેણી છે. બ્રહ્મમાં પ્રવેશ મેળવવાની ક્ષમતા આવે ત્યારે તે સમયે વિદ્યા હોય છે. વિનય હોય છે. મનનું શમન, ઇંદ્રિયોનું દમન, અનુભવી સૂત્રપાતનો સંચાર, ધારાવાહી ચિંતન, ધ્યાન અને સમાધિ વગેરે બ્રહ્મમાં પ્રવેશ અપાવનાર તમામ યોગ્યતા અંતરાલમાં સ્વાભાવિક રીતે કાર્યરત રહે છે. આ બ્રાહ્મણત્વની નિમ્નતમ સીમા છે. વ્યક્તિનો ક્રમશઃ ઉત્કર્ષ થતાં થતાં તે બ્રહ્મનું દર્શન કરીને એમાં વિલીન

થઈ જાય ત્યારે તે ઉચ્ચતમ સીમાએ પહોંચે છે. જેને જાણવાનું હતું. જાણી લીધું તે પૂર્ણજ્ઞાતા છે.

અપુનરાવૃત્તિવાળા આવા મહાપુરુષને વિદ્યા-વિનયસંપન્ન બ્રાહ્મણ, ચાંડાલ કૂતરો, હાથી ગાય તમામ પર સમાન દૃષ્ટિ હોય છે. કારણ કે એની દૃષ્ટિ હૃદયસ્થિત આત્મસ્વરૂપ પર પડે છે. આવા મહાપુરુષો પરમગતિમાં શું અને કેવી રીતે મળે છે ? એના પર પ્રકાશ નાખતાં શ્રીકૃષ્ણે દર્શાવ્યું છે –

**इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः ।**
**निर्दोषं हि समं ब्रह्म तस्माद्ब्रह्मणि ते स्थिताः ॥१९॥**

તે પુરુષો જીવનકાળ દરમિયાન જ સંપૂર્ણ સંસારને જીતી લે છે. જેઓનું મન સમત્વમાં સ્થિત છે. મનના સમત્વને સંસાર જીતવા સાથે શો સંબંધ ? સંસાર મટી જાય છે. તો પછી પુરુષ ક્યાં રહ્યો ? શ્રીકૃષ્ણ કહે છે "**निर्दोषं हि समं ब्रह्म**" તે બ્રહ્મ નિર્દોષ અને સમ છે. અહીં એનું મન પણ નિર્દોષ અને સમ સ્થિતિવાળું થઈ ગયું. '**तस्मात् ब्रह्मणि ते स्थिताः**' એટલા માટે તે બ્રહ્મમાં સ્થિત થઈ જાય છે. આનું જ નામ છે અપુનરાવર્તનીય પરમગતિ. આ ક્યારે મળે છે ? જ્યારે સંસારરૂપી શત્રુ પર વિજય થાય ત્યારે આ પરમગતિ પ્રાપ્ત થાય છે. સંસાર ક્યારે જિતાય છે ? જ્યારે મન પર નિયંત્રણ સ્થાપિત થાય, સમત્વમાં પ્રવેશ થાય. (કેમ કે મનનો પ્રસાર એ જ જગત) ત્યારે સંસાર પર જીત મળે છે. જ્યારે તે બ્રહ્મમાં સ્થિત થાય છે ત્યારે બ્રહ્મવિદ્નાં શું લક્ષણ હોય છે ? એની જીવનરીતિ સ્પષ્ટ કરતાં કહે છે -

**न प्रहृष्येत्प्रियं प्राप्य नोद्विजेत्प्राप्य चाप्रियम् ।**
**स्थिरबुद्धिरसंमूढो ब्रह्मविद्ब्रह्मणि स्थितः ॥२०॥**

એને કોઈ પ્રિય-અપ્રિય હોતું નથી. આથી જ જેને લોકો પ્રિય સમજે છે તેને મેળવીને તે હર્ષ પામતો નથી અને જેને લોકો અપ્રિય સમજે છે

(જેમ ધર્માવલંબી ચિહ્ન લગાડે છે) એને મેળવીને તે ઉદ્વેગ પામતો નથી. આવો સ્થિરબુદ્ધિ '**असंमूढ**' - સંશયરહિત, '**ब्रह्मवित**' - બ્રહ્મ સાથે સંયુક્ત બ્રહ્મવેત્તા, '**ब्रह्मणि स्थितः**' પરાત્પર બ્રહ્મમાં સદૈવ સ્થિત છે.

**बाह्यस्पर्शेष्वसक्तात्मा विन्दत्यात्मनी यत्सुखम् ।**
**स ब्रह्मयोगयुक्तात्मा सुखमक्षयमश्नुते ॥२१॥**

બાહ્ય સંસારી વિષયભાગોમાં અનાસક્ત પુરુષ અંતરાત્મામાં સ્થિત જે સુખ છે તેને પામે છે. તે પુરુષ '**ब्रह्मयोगयुक्तात्मा**' - પરબ્રહ્મ પરમાત્માની સાથેના મિલનથી યુક્ત આત્માવાળો છે. આથી જ તે અક્ષય આનંદનો અનુભવ કરે છે. જે આનંદનો કદાપિ ક્ષય થતો નથી તે આનંદનો ઉપભોગ કોણ કરી શકે છે ? જે બાહ્ય વિષયભોગમાં અનાસક્ત હોય તે, તો શું ભોગ બાધક છે ? ભગવાન શ્રીકૃષ્ણ કહે છે -

**ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते ।**
**आद्यन्तवन्तः कौन्तेय न तेषु रमते बुधः ॥२२॥**

કેવળ ચામડી જ નહી, પરંતુ તમામ ઈન્દ્રિયો સ્પર્શ કરે છે. 'જોવું' એ આંખનો સ્પર્શ છે, સાંભળવું.- કાનનો સ્પર્શ છે. આ રીતે ઈન્દ્રિયો અને વિષયોના સંયોગથી ઉત્પન્ન થનાર તમામ ભોગ ભોગવવામાં તો સુખદ જણાય છે. પરંતુ નિઃશંકપણે તે તમામ '**दुःखयोनयः**' દુઃખદ યોનિઓનું જ કારણ છે. આ ભોગ જ યોનિઓનું કારણ છે. ઉપરાંત આ ભોગ ઉત્પન્ન થાય છે અને નાશ પણ પામી જાય છે. કેમ કે તે નશ્વર છે. આથી હે કૌન્તેય, વિવેકી પુરુષ એમાં ફસાતો નથી.ઈન્દ્રિયોના આ સ્પર્શમાં છે શું ? કામ અને ક્રોધ, રાગ અને દ્વેષ તે વિષે શ્રીકૃષ્ણ કહે છે.

**शक्नोतीहैव यः सोढुं प्राक्शरीरविमोक्षणात् ।**
**कामक्रोधोद्भवं वेगं स युक्तः स सुखी नरः ॥२३॥**

આથી જે મનુષ્ય શરીર નાશ પામે તે પહેલાં કામ અને ક્રોધથી ઉત્પન્ન આવેગ સહન કરવા (તેને મિટાવી દેવા) સમર્થ બને છે તે જ નર (રમણ ન કરનાર) છે. તે જ આ લોકમાં યોગયુક્ત છે અને તે જ સુખી છે. જેની

પાછળ દુઃખ નથી તેવા સુખમાં અર્થાત્ પરમાત્મામાં તે સ્થિર ચિત્તવાળો છે. જીવનકાળ દરમિયાન જ તેને પ્રાપ્ત કરવાનું વિધાન છે. મર્યા પછી નહિ. સંત કબીરે આ અંગે સ્પષ્ટ કહ્યું છે, **'अबधू जीवतमें कर आशा ।'** - તો શું મુક્તિ મર્યા પછી થતી નથી ? તેઓ કહે છે : **'मुए मुक्ति गुरुं कहे स्वार्थी, जूठा दे विश्वासा ।'** આ જ યોગેશ્વર શ્રીકૃષ્ણનું કથન છે કે શરીર હયાત હોય ત્યારે, મરણ પૂર્વે જે કામક્રોધના આવેગનો નાશ કરવામાં સક્ષમ બને છે તે પુરુષ આ લોકમાં યોગી છે, તે જ સુખી છે, કામ, ક્રોધ, બાહ્યસ્પર્શ જ શત્રુ છે. એને જ તમે જીતી લો. આ પુરુષનાં લક્ષણ ફરી બતાવે છે –

**योऽन्तः सुखोऽन्तरारामस्तथान्तर्ज्योतिरेव यः।**
**स योगी ब्रह्मनिर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति ॥२४॥**

જે વ્યક્તિ અન્તરાત્મામાં સુખવાળો **'अन्तरारामः'** - અન્તરાત્મામાં આરામવાળો તથા અન્તરાત્મામાં જ પ્રકાશવાળો (સાક્ષાત્કારવાળો) છે તે જ યોગી **'ब्रह्मभूत'** બ્રહ્મની સાથે એક થઈને **'ब्रह्मनिर्वाणम्'** વાણીથી પર શાશ્વત બ્રહ્મને પ્રાપ્ત કરે છે. અર્થાત્ પ્રથમ વિકારો કામ-ક્રોધનો અંત, ત્યાર બાદ દર્શન, અને પછી પ્રવેશ. આગળ જોઈએ -

**लभन्ते ब्रह्मनिर्वाणमृषयः क्षीणकल्मषाः ।**
**छिन्नद्वैद्या यतात्मानः सर्वभूतहिते रताः ॥२५॥**

પરમાત્માનો સાક્ષાત્કાર થતાં જેમનું પાપ નષ્ટ થઈ ગયું છે. જેમની દુવિધા - ડામાડોળપણું દૂર થઈ ગયું છે, જે પ્રાણીમાત્રના હિતનાં કામોમાં પ્રવૃત્ત છે (પરમતત્ત્વની પ્રાપ્તિ કરનાર જ આમ કરી શકે. જે પોતે જ ખાડામાં પડ્યો છે તે બીજાને શું બહાર કાઢે ? આથી કરુણા મહાપુરુષનો સ્વાભાવિક ગુણ બને છે) તે **'यतात्मन'** - જિતેન્દ્રિય બ્રહ્મવિદ પુરુષ શાન્ત પરબ્રહ્મને મેળવે છે. આ મહાપુરુષની સ્થિતિ પર પ્રકાશ નાખતાં કહે છે-

**कामक्रोधवियुक्तानां यतीनां यतचेतसाम् ।**
**अभितो ब्रह्मनिर्वाणं वर्तते विदितात्मनाम् ॥२६॥**

કામક્રોધરહિત, જિતેન્દ્રિય, પરમાત્માનો સાક્ષાત્કાર કરેલ જ્ઞાની પુરુષને બધી જગ્યાએથી શાંત પરબ્રહ્મ જ પ્રાપ્ત છે. યોગેશ્વર શ્રીકૃષ્ણ વારંવાર એ પુરુષની રહેણી પર ભાર મૂકે છે જેનાથી પ્રેરણા મળે, પ્રશ્ન લગભગ પૂરો થયો. હવે આ વાત પર ફરીથી ભાર મૂકીને કહે છે કે આ સ્થિતિ પ્રાપ્ત કરવા માટેનું આવશ્યક અંગ છે. શ્વાસ-પ્રશ્વાસનું ચિંતન. યજ્ઞની ક્રિયામાં પ્રાણનો અપાનમાં હવન, અપાનનો પ્રાણમાં હવન, પ્રાણ-અપાન બંનેની ગતિનો નિરોધ એમણે બતાવ્યો હતો. એને જ સમજાવી રહ્યા છે -

**स्पर्शान्कृत्वा बहिर्बाह्यांश्चक्षुश्चैवान्तरे भ्रुवोः ।**
**प्राणापानौ समौ कृत्वा नासाभ्यन्तरचारिणौ ॥२७॥**
**यतेन्द्रियमनोबुद्धिर्मुनिर्मोक्षपरायणः ।**
**विगतेच्छाभयक्रोधो यः सदा मुक्त एव सः ॥२८॥**

અર્જુન, બહારના વિષયો, દશ્યોનું ચિંતન ન કરતાં, એનો ત્યાગ કરીને નેત્રોની દૃષ્ટિને ભ્રૂકુટિની વચ્ચે સ્થિર કરવી. '**भ्रुवोः अन्तरे**' આનો અર્થ એ નથી કે આંખોની વચ્ચે કે ભ્રમરોની વચ્ચે ક્યાંક દેખવાની ભાવનાથી દૃષ્ટિ સ્થિર કરવી. ભ્રૂકુટિની વચ્ચેનો સ્પષ્ટ અર્થ એ છે કે સીધા બેસવાથી દૃષ્ટિ ભ્રૂકુટિની બરાબર વચ્ચેથી સીધેસીધી આગળ પડે. ડાબી-જમણી બાજુ આમ-તેમ ક્યાંય ન જુએ. નાકની દાંડીએ સીધી નજર રાખીને (ક્યાંક નાક જ ન જોવા લાગે) નાસિકામાં ફરતા પ્રાણ અને અપાન વાયુને સમ કરવા, અર્થાત્ દૃષ્ટિને ત્યાં સ્થિર કરવી. ધ્યાનને શ્વાસમાં પ્રવૃત્ત કરો કે શ્વાસ ક્યારે અંદર ગયો ? કેટલો રોકાયો ? લગભગ અડધી સેકંડ શ્વાસ રોકાય છે. પ્રયાસ કરીને ન રોકો, ક્યારે શ્વાસ બહાર નીકળ્યો ? કેટલી વાર સુધી બહાર રહ્યો ? આ અંગે કહેવાની જરૂર નથી કે શ્વાસમાં નામધ્વનિ સંભળાવા લાગશે. આમ શ્વાસ-પ્રશ્વાસ પર ધ્યાન કેન્દ્રિત થઈ જશે તો પછી ધીરે ધીરે શ્વાસ અચલ, સ્થિર થઈ જશે, સમ થઈ જશે. અંદર સંકલ્પ ઊઠશે નહિ અને બહારનો સંકલ્પ અંદર ટકરાઈ શકશે નહિ. બહારના ભોગોની ઈચ્છા તો બહાર જ ત્યાગી દીધી હતી. - તેલની ધારાની જેમ. તેલની ધારા પાણીની જેમ ટપ-ટપ નહિ પડે, જ્યાં સુધી પડશે ત્યાં સુધી ધારામાં જ પડશે. આ પ્રમાણે પ્રાણ અને અપાનની ગતિ

એકદમ સમ - સ્થિર કરીને ઇન્દ્રિયો, મન અને બુદ્ધિને જેમણે જીતી લીધાં છે, ઇચ્છા, ભય અને ક્રોધથી મુક્ત, ચિંતનની ચરમ સીમા પર પહોંચેલા મોક્ષપરાયણ મુનિ સદા 'મુક્ત' જ છે. મુક્ત થઈને ક્યાં જાય છે ? શું મેળવે છે ? આ વિષે કહે છે કે –

**भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरम् ।**
**सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शान्तिमृच्छति ॥२९॥**

આ મુક્ત પુરુષ, મને યજ્ઞ અને તપોના ભોગવનારા સર્વલોકના ઈશ્વરોના પણ ઈશ્વર સર્વ પ્રાણીઓના સ્વાર્થરહિત હિતૈષી - એમ સાક્ષાત્ જાણીને શાંતિ મેળવે છે. શ્રીકૃષ્ણ કહે છે કે એ પુરુષના શ્વાસ-પ્રશ્વાસનો, યજ્ઞ અને તપનો ભોક્તા હું છું. યજ્ઞ અને તપ અંતમાં જેનામાં વિલય પામે છે, તે હું છું. તે મને પ્રાપ્ત થાય છે.

યજ્ઞના અંતે જેનું નામ શાંતિ છે તે મારું જ સ્વરૂપ છે. તે મુક્ત પરમ પુરુષ મને જાણે છે. અને જાણતાં જ મને પ્રાપ્ત કરી લે છે. એનું નામ શાંતિ છે. જેમ હું ઈશ્વરનો ઈશ્વર છું તે જ રીતે તે પણ છે.

**નિષ્કર્ષ :**

આ અધ્યાયની શરૂઆતમાં અર્જુને પ્રશ્ન પૂછ્યો હતો કે ક્યારેક આપ નિષ્કામ કર્મયોગની પ્રશંસા કરો છો અને ક્યારેક સંન્યાસમાર્ગથી કર્મ કરવાની પ્રશંસા કરો છો. આથી આ બેમાંથી આપે જે નિશ્ચિત કરેલ હોય, પરમ કલ્યાણકારી હોય એ એક વિષે કહો. શ્રીકૃષ્ણે જણાવ્યું, "અર્જુન, પરમ કલ્યાણ તો આ બંનેમાં રહેલું છે. બંને દ્વારા યજ્ઞની નિર્ધારિત ક્રિયા જ કરવામાં આવે છે. પરંતુ નિષ્કામ કર્મયોગ વિશિષ્ટ છે. એના વિના સંન્યાસ (શુભાશુભ કર્મોનો અંત) થતો નથી. સંન્યાસ એ માર્ગ નથી - એ તો મંજિલનું નામ છે. યોગયુક્ત પુરુષ જ સંન્યાસી છે. યોગયુક્તનાં લક્ષણો બતાવ્યાં કે તે જ પ્રભુ છે. તે કશું કરતો નથી, કરાવતો નથી. પરંતુ સ્વભાવમાં પ્રકૃતિનાં દબાણને અનુરૂપ લોકો વ્યસ્ત રહે છે. જે મને સાક્ષાત્ જાણી લે છે તે જ જ્ઞાતા છે, તે જ પંડિત છે. યજ્ઞના પરિણામમાં લોકો મને જાણે છે. શ્વાસ-પ્રશ્વાસનો જપ અને યજ્ઞ-તપ જેમાં વિલીન થાય છે, તે હું જ છું. યજ્ઞના ફલસ્વરૂપ મને જાણીને જેઓ શાંતિ પ્રાપ્ત કરે છે, તે પણ હું

જ છું.'' અર્થાત્ શ્રીકૃષ્ણ જેવું, મહાપુરુષ જેવું સ્વરૂપ એ પ્રાપ્તિ કરનારાઓને પણ મળે છે. તે પણ ઈશ્વરોનો ઈશ્વર, આત્માનો પણ આત્મસ્વરૂપમય થઈ જાય છે. એ પરમાત્માની સાથે એકીસ્વરૂપ પ્રાપ્ત કરી લે છે. (એક થવામાં ભલેને ગમે તેટલા જન્મ લાગે) આ અધ્યાયમાં સ્પષ્ટ કર્યું છે કે યજ્ઞ-તપનો ભોક્તા મહાપુરુષોની અંદર રહેનારી શક્તિ, મહેશ્વર છે આથી –

**ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे 'यज्ञभोक्ता महापुरुषस्थ महेश्वरः' नाम पञ्चमोध्यायः ॥५॥**

આ રીતે શ્રીમદ્ભગવદ્ગીતારૂપી ઉપનિષદ અર્થાત્ બ્રહ્મવિદ્યા તથા યોગશાસ્ત્રવિષયક શ્રીકૃષ્ણ અને અર્જુન વચ્ચેના સંવાદમાં 'યજ્ઞભોક્તા મહાપુરૂષસ્થ મહેશ્વર' નામનો પાંચમો અધ્યાય પૂરો થાય છે.

**इति श्रीमत्परमहंस परमानन्दस्य शिष्य स्वामी श्री अडगडानन्दकृते श्रीमद्भगवद्गीतायाः 'यथार्थ गीता' भाष्ये 'यज्ञभोक्ता महापुरुषस्थ महेश्वरः' नाम पञ्चमोऽध्यायः॥५॥**

આ રીતે શ્રીમત્પરમહંસ પરમાન્દજીના શિષ્ય સ્વામી શ્રી અડગડાનંદકૃત શ્રીમદ્ભગવદ્ગીતાના ભાષ્ય 'યથાર્થ ગીતા'માં 'યજ્ઞભોક્તા મહાપુરુષસ્થ મહેશ્વર' નામનો પાંચમો અધ્યાય પૂરો થાય છે.

**॥ हरिः ॐ तत्सत् ॥**

ॐ

**श्री परमात्मने नमः**

# અધ્યાય છટ્ઠો

સંસારમાં ધર્મના નામે રીતરિવાજ, પૂજાવિધિઓ, સંપ્રદાયો વધતાં કુરિવાજોનો નાશ કરવા, એક ઈશ્વરની સ્થાપના અર્થાત્ એની પ્રાપ્તિની પ્રક્રિયા પ્રવર્તિત કરવા કોઈ મહાપુરુષનો જન્મ થાય છે. ક્રિયા-કર્મ છોડીને બેસી જવું અને પોતાને જ્ઞાની કહેવડાવવું એવી પ્રથા શ્રીકૃષ્ણના સમયમાં અત્યંત વ્યાપક હતી. આથી જ અધ્યાયની શરૂઆતમાં જ યોગેશ્વર શ્રીકૃષ્ણે આ પ્રશ્ન ચોથી વાર પોતે જ ઉઠાવ્યો કે જ્ઞાનયોગ તથા નિષ્કામ કર્મયોગ બંને અનુસાર કર્મ તો કરવું જ પડશે.

બીજા અધ્યાયમાં એમણે કહ્યું, ‘અર્જુન, ક્ષત્રિય માટે યુદ્ધથી વધુ કલ્યાણકારી અન્ય કોઈ માર્ગ નથી. આ યુદ્ધમાં હારશો તોપણ દેવત્વ મળશે અને જીતશો તો મહામહિમ - ઉત્તમોત્તમ સ્થિતિ પ્રાપ્ત થશે. આવું સમજીને તું યુદ્ધ કર.’ ‘અર્જુન, આ બુદ્ધિ તારા માટે જ્ઞાનયોગના વિષયમાં કહેવામાં આવી હતી. કઈ બુદ્ધિ ? યુદ્ધ કરવાની. જ્ઞાનયોગ એવી પ્રક્રિયા નથી જેમાં હાથ પર હાથ રાખી બેસી રહેવાનું હોય. જ્ઞાનયોગમાં પોતાના લાભ-ગેરલાભનો સ્વયં નિશ્ચય કરીને પોતાની શક્તિ સમજી કર્મમાં પ્રવૃત્ત થવાનું છે. જોકે પ્રેરક ‘મહાપુરુષ’ જ છે. જ્ઞાનયોગમાં યુદ્ધ કરવું અનિવાર્ય છે.’

ત્રીજા અધ્યાયમાં અર્જુને પ્રશ્ન કર્યો હતો કે ‘ભગવાન, નિષ્કામ કર્મયોગની અપેક્ષાએ જ્ઞાનને આપ શ્રેષ્ઠ માનો છો, તો મને આ ઘોર કર્મોમાં શા માટે પ્રયુક્ત કરો છો ?’ અર્જુનને નિષ્કામ કર્મયોગ કઠિન

લાગતો હતો. આથી યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું કે બન્ને નિષ્ઠા મેં જ કહી છે, પરંતુ કોઈ પણ પથ અનુસાર કર્મને ત્યાગીને ચાલવાનું વિધાન નથી. કર્મનો આરંભ ન કરવાથી કોઈ પરમ નૈષ્કર્મની સિદ્ધિ પ્રાપ્ત થતી નથી અને આરંભ ન કરેલી ક્રિયાનો ત્યાગ કરવાથી કોઈ પરમસિદ્ધિ પ્રાપ્ત થતી નથી. બંને માર્ગોમાં 'નિયતકર્મ-યજ્ઞની પ્રક્રિયા તો કરવી જ પડે છે.'

હવે અર્જુને સારી રીતે સમજી લીધું કે જ્ઞાનમાર્ગ સારો લાગે કે નિષ્કામ કર્મયોગ, બંનેમાં કર્મ તો કરવાનું જ છે. છતાં પાંચમા અધ્યાયમાં એણે પ્રશ્ન કર્યો કે ફળની દૃષ્ટિએ બેમાં કોણ શ્રેષ્ઠ છે ? કોણ વધુ સુવિધાજનક છે ? શ્રીકૃષ્ણે કહ્યું, 'અર્જુન, બંને પરમશ્રેય આપનાર છે. બંને એક જ સ્થાન પર પહોંચાડે છે. આમ છતાં સાંખ્યની અપેક્ષાએ નિષ્કામ કર્મયોગ શ્રેષ્ઠ છે. કેમકે નિષ્કામ કર્મ કર્યા વિના કોઈ સંન્યાસી બની શકતું નથી. બંનેમાં કર્મ એક છે. આમ સ્પષ્ટ છે કે તે નિર્ધારિત કર્મ કર્યા વિના કોઈ સંન્યાસી બની શકતું નથી અને ન કોઈ યોગી પણ બની શકે છે. કેવળ માર્ગ પર ચાલનાર પથિકોની બે દૃષ્ટિ છે, જે અંગે પાછળ બતાવ્યું છે.'

**श्री भगवानुवाच**
**अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः ।**
**स संन्यासी च योगी च न निरग्निर्न चाक्रियः ॥१॥**

શ્રીકૃષ્ણ મહારાજ બોલ્યા - 'અર્જુન, જે મનુષ્ય કર્મનાં ફળોની આશા રાખ્યા વિના અર્થાત્ કર્મ કરતી વખતે કોઈ પણ પ્રકારની કામના રાખ્યા વિના '**कार्यम् कर्म**' કરવા યોગ્ય પ્રક્રિયાવિશેષ કરે છે, તે સંન્યાસી છે, તે યોગી પણ છે. પણ જે યજ્ઞકર્મ  કે બીજાં કર્મોનો ત્યાગ કરે છે તે સંન્યાસી કે યોગી નથી.' ક્રિયાઓ તો ઘણી બધી છે. એમાં '**कार्यम् कर्म**' કરવા યોગ્ય '**नियत कर्म**' - નિર્ધારિત કરેલી કોઈ પ્રક્રિયા-વિશેષ છે તે 'યજ્ઞપ્રક્રિયા' છે,. જેનો શુદ્ધ અર્થ છે 'આરાધના'. જે આરાધ્ય દેવમાં પ્રવેશ અપાવનાર વિધિ-વિશેષ છે. એને કાર્યરૂપ આપવું તે કર્મ છે. જે મનુષ્ય આ કરે છે તે સંન્યાસી છે, તે જ યોગી છે. કેવળ અગ્નિને ત્યાગનાર કહે છે કે '**હું અગ્નિને અડતો નથી**' અથવા તો કર્મનો ત્યાગ કરનાર કહે કે, '**મારા માટે કર્મ છે જ નહિ, હું તો આત્મજ્ઞાની છું**' અને

આમ કહીને કર્મનો આરંભ જ ન કરે, કરવા યોગ્ય ક્રિયા-વિશેષ ન કરે તો તે ન તો સંન્યાસી છે, ન યોગી છે. આ વિશે વધુ જોઈએ

**यं संन्यासमिति प्राहुर्योगं तं विद्धि पाण्डव ।**
**न ह्यसंन्यस्तसंकल्पो योगी भवति कश्चन ॥२॥**

હે અર્જુન, જેને વિદ્વાનો સંન્યાસ કહે છે તેને જ તું યોગ જાણ કેમકે સંકલ્પોનો ત્યાગ કર્યા વિના કોઈ મનુષ્ય યોગી બની શકતો નથી અર્થાત્ કામનાઓનો ત્યાગ બંને માર્ગોના પથિકો માટે આવશ્યક છે. આમ હોય તો વાત સરળ બની જાય. કહી દે કે અમે સંકલ્પ કરતા નથી અને થઈ જાય યોગી - સંન્યાસી શ્રીકૃષ્ણ કહે છે કે એવું કદાપિ થાય નહિ.

**आरुरुक्षोर्मुनेर्योगं कर्म कारणमुच्यते ।**
**योगारूढस्य तस्यैव शमः कारणमुच्यते ॥३॥**

યોગ સાધવા માગતા મનનશીલ પુરુષ માટે યોગની પ્રાપ્તિમાં કર્મ કરવું એ જ સાધન છે અને યોગનું અનુષ્ઠાન કરતાં કરતાં જ્યારે તે પરિણામ આપવાની સ્થિતિમાં આવી જાય ત્યારે તે યોગસાધનામાં '**शमः कारणम् उच्यते**' સંપૂર્ણ સંકલ્પોનો અભાવ કારણ છે. એના પહેલાં સંકલ્પ કેડો નહિ છોડે અને -

**यदा हि नेन्द्रियार्थेषु न कर्मस्वनुषज्जते ।**
**सर्वसंकल्पसंन्यासी योगारूढस्तदोच्यते ॥४॥**

મનુષ્ય જ્યારે ન તો ઇન્દ્રિયોના ભાગોમાં આસક્ત થાય છે, કે ન કર્મોમાં પણ આસક્ત થાય છે. (યોગની પરાકાષ્ઠાએ પહોંચી જતાં આગળ કર્મ કરીને કોને શોધે ? આથી નિયત કર્મ આરાધનાની આવશ્યકતા રહેતી નથી. આથી તે કર્મોમાં પણ આસક્ત રહેતો નથી.) એ કાળમાં '**सर्वसंकल्प संन्यासी**' સર્વ સંકલ્પોનો અભાવ છે. તે જ સંન્યાસ છે. તે જ યોગરૂઢતા છે. માર્ગમાં સંન્યાસ નામની કોઈ વસ્તુ નથી. આ યોગરૂઢતાનો લાભ શો છે ?

**उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत् ।**
**आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः ॥५॥**

અર્જુન ! મનુષ્યે પોતાના આત્મા વડે જ આત્માનો ઉદ્ધાર કરવો જોઈએ. પોતાના આત્માની અધોગતિ ન કરવી. કેમકે આત્મા જ આત્માનો બંધુ છે અને આત્મા જ આત્માનો શત્રુ છે. તે ક્યારે શત્રુ બને છે અને તે

ક્યારે મિત્ર બને છે ? તે બાબત કહ્યું છે -

**बन्धुरात्मात्मनस्तस्य येनात्मैवात्मना जितः ।**
**अनात्मनस्तु शत्रुत्वे वर्तेतात्मैव शत्रुवत् ॥६॥**

જે જીવાત્મા દ્વારા મન અને ઈન્દ્રિયોસહિત શરીર પર વિજય પ્રાપ્ત કરાયો છે એના માટે એનો આત્મા જ મિત્ર છે, અને જેણે મન અને ઈન્દ્રિયોસહિત શરીર જીત્યું નથી એના માટે તે પોતે શત્રુતા રાખી વર્તે છે.

આ બે શ્લોકમાં શ્રીકૃષ્ણ એક જ વાત કહે છે કે પોતાના થકી જ પોતાના આત્માનો ઉદ્ધાર કરવો. એને અધોગતિમાં ન પહોંચાડવો કેમકે આત્મા જ મિત્ર છે. આ સૃષ્ટિમાં ન કોઈ બીજું શત્રુ છે કે ન કોઈ મિત્ર, કેવી રીતે ? જેના દ્વારા મનસહિત ઈન્દ્રિયો જિતાયેલી છે એના માટે એનો આત્મા મિત્ર બનીને મિત્રતાપૂર્વક વર્તે છે. પરમકલ્યાણ કરનારો છે અને જેના દ્વારા માનસહિત ઈન્દ્રિયો જીતવામાં આવી નથી એના માટે એનો આત્મા શત્રુ બનીને શત્રુની જેમ વર્તે છે. નીચ યોનિઓ અને યાતનાઓ તરફ લઈ જાય છે. ઘણી વાર લોકો કહે છે, ‘હું આત્મા છું.’ ગીતામાં લખ્યું છે, ‘એને ન શસ્ત્રો કાપી શકે છે, ન અગ્નિ બાળી શકે છે, ન વાયુ સૂકવી શકે છે, આ નિત્ય છે. અમૃતસ્વરૂપ છે, ન બદલાય છે, શાશ્વત છે અને તે આત્મા મારામાં છે જ.’ તે ગીતાની આ પંક્તિઓ પર ધ્યાન આપતા નથી કે આત્મા અધોગતિમાં પણ જાય છે. આત્માનો ઉદ્ધાર પણ થાય છે, તેને માટે ‘**कार्यम् कर्म**’ કરવા યોગ્ય કર્મ-પ્રક્રિયા બતાવવામાં આવેલ છે. હવે અનુકૂળ આત્માનાં લક્ષણો જોઈએ -

**जितात्मनः प्रशान्तस्य परमात्मा समाहितः ।**
**शीतोष्णसुखदुःखेषु तथा मानापमानयोः ॥७॥**

ટાઢ-તડકો, સુખ-દુઃખ તેમજ માન-અપમાનમાં જેના અંતઃકરણની વૃત્તિઓ શાંત છે, એવા સ્વાધીન આત્માવાળા પુરુષમાં પરમાત્મા સદાય સ્થિત છે. પરમાત્મા એનાથી કદી અલગ થતો નથી. ‘**जितात्मा**’ અર્થાત્ જેણે મનસહિત ઈન્દ્રિયો જીતી લીધી છે તેની વૃત્તિ પરમશાંતિમાં પ્રવાહિત થઈ છે. (આ જ આત્માના ઉદ્ધારની અવસ્થા છે.) આગળ સમજાવે છે

**ज्ञानविज्ञानतृप्तात्मा कूटस्थो विजितेन्द्रियः ।**
**युक्त इत्युच्यते योगी समलोष्टाश्मकाञ्चनः ॥८॥**

જેનું અંતઃકરણ જ્ઞાન-વિજ્ઞાનથી તૃપ્ત છે, જેની સ્થિતિ અચળ, સ્થિર અને વિકારરહિત છે, જેણે ઇન્દ્રિયોને વિશેષ રૂપથી જીતી લીધી છે, જેની દૃષ્ટિમાં માટી, પથ્થર અને સુવર્ણ એકસરખાં છે - એવો યોગી '**युक्त**' કહેવાય છે. '**युक्त**'નો અર્થ યોગ સાથે જોડાયેલો એવો થાય છે. આ યોગની પરાકાષ્ઠા છે. યોગેશ્વરે પાંચમાં અધ્યાયમાં સાતમા શ્લોકથી બારમા શ્લોક સુધી આનું વર્ણન કર્યું છે. પરમતત્ત્વ પરમાત્માનો સાક્ષાત્કાર અને એની સાથે થનારી જાણકારી જ્ઞાન છે. ઈષ્ટ તત્ત્વથી એક ઈંચનું પણ છેટું હોય, જાણવાની ઈચ્છા હજી બાકી હોય ત્યાં સુધી તે અજ્ઞાની છે. તે પ્રેરક કેવી રીતે સર્વવ્યાપક છે ? કેવી પ્રેરણા આપે છે ? કેવી રીતે અનેક આત્માઓને એકસાથે માર્ગ ચીંધે છે ? કેવી રીતે તે ભૂત-ભવિષ્ય અને વર્તમાનને જ્ઞાતા છે ? આ પ્રેરક ઈષ્ટની કાર્ય-પ્રણાલીનું જ્ઞાન જ 'વિજ્ઞાન' છે. જે ક્ષણથી હૃદયમાં ઈષ્ટનો આવિર્ભાવ થાય છે. તે ક્ષણથી તે નિર્દેશ કરવા માંડે છે. પરંતુ પ્રારંભમાં સાધક સમજી શકતો નથી. પરાકાષ્ઠા કાળમાં જ યોગી એની આંતરિક કાર્યપ્રણાલીને પૂર્ણપણે સમજી શકે છે. આ સમજણ જ વિજ્ઞાન છે. યોગારૂઢ અથવા યુક્તપુરુષનું અંતઃકરણ જ્ઞાન-વિજ્ઞાનથી તૃપ્ત રહે છે. આ રીતે યોગયુક્ત પુરુષની સ્થિતિનું નિરૂપણ કરતાં યોગેશ્વર શ્રીકૃષ્ણ ફરી કહે છે -

**सुहृन्मित्रार्युदासीनमध्यस्थद्वेष्यबन्धुषु ।**
**साधुष्वपि च पापेषु समबुद्धिर्विशिष्यते ॥९॥**

પ્રાપ્તિ બાદ મહાપુરુષ સમદર્શી અને સમવર્તી થાય છે. આગળના શ્લોકમાં એમણે દર્શાવેલું કે જે પૂર્ણજ્ઞાતા કે પંડિત છે તે વિદ્યા-વિનયસંપન્ન બ્રાહ્મણમાં, ચાંડાલમાં, ગાય-કૂતરા-હાથીમાં સમાન દૃષ્ટિવાળો થાય છે. એનો પૂરક આ શ્લોક છે. તે હૃદયથી મદદ કરનાર સહૃદયી, મિત્ર, વેરી, ઉદાસીન, દ્વેષી, બંધુ, ધર્માત્મા તથા પાપીઓમાં સમાન દૃષ્ટિ રાખનાર યોગયુક્ત પુરુષ અતિ શ્રેષ્ઠ છે. તે એમનાં કાર્યો પર દૃષ્ટિ નાખતો નથી. પરંતુ એમની અંદર રહેલા આત્માના સંચાર પર જ એની દૃષ્ટિ પડે છે. આ બધાંમાં એને માત્ર એટલો જ ફરક દેખાય છે કે કોઈ નીચેના પગથિયે ઊભો છે, કોઈ નિર્મળતાની સમીપ, પરંતુ તે ક્ષમતા તો બધામાં છે. અહીં યોગયુક્તનાં લક્ષણ ફરીથી દર્શાવ્યાં છે.

કોઈ મનુષ્ય યોગયુક્ત કેવી રીતે બને છે ? તે યજ્ઞ કેવી રીતે કરે છે? યજ્ઞસ્થળી કેવી હોય ? આસન કેવું હોય ? તે સમયે કેમ બેસવું ? કર્તાએ

પાળવાના નિયમ, આહાર-વિહાર, સૂવા જાગવાનો સંયમ તથા કર્મ અંગે કેવી ક્રિયા કરાય ? આ બધા મુદ્દાઓ પર યોગેશ્વર શ્રીકૃષ્ણે આગળના પાંચ શ્લોકમાં પ્રકાશ નાખ્યો છે. જેથી તમે પણ તે યજ્ઞ કરી શકો.

ત્રીજા અધ્યાયમાં શ્રીકૃષ્ણે યજ્ઞનું નામ લીધું અને દર્શાવ્યું કે યજ્ઞની પ્રક્રિયા જ નિયત કર્મ છે. ચોથા અધ્યાયમાં યજ્ઞનું સ્વરૂપ વિસ્તારથી દર્શાવ્યું છે. એમાં પ્રાણનો અપાનમાં હવન, અપાનનો પ્રાણમાં હવન, પ્રાણ અપાનની ગતિ રોકીને મનનો નિરોધ વગેરે કરવામાં આવે છે. આ બધું મળી યજ્ઞનો શુદ્ધ અર્થ થાય છે આરાધના તથા આરાધ્ય દેવ સુધીનું અંતર કાપવાની પ્રક્રિયા. આ બધા અંગે પાંચમા અધ્યાયમાં સમજાવ્યું છે, પરંતુ એને માટે આસન, ભૂમિ, કરવાની વિધિ વગેરેનું વર્ણન બાકી હતું, એ બધા અંગે શ્રીકૃષ્ણે અહીં દર્શાવ્યું છે.

**योगी युञ्जीत सततमात्मानं रहसि स्थितः ।**
**एकाकी यतचित्तात्मा निराशीरपरिग्रहः ॥१०॥**

યોગીએ ચિત્તને સ્થિર કરી, મન, ઇન્દ્રિયો અને શરીરને વશમાં રાખી વાસના અને પરિગ્રહરહિત બની એકાંત સ્થાનમાં એકલા રહીને ચિત્તને (આત્માની ઉપલબ્ધિ કરાવનાર) યોગક્રિયામાં જોડવું, એના માટે સ્થાન કેવું હોય ? આસન કેવું હોય ?

**शुचौ देशे प्रतिष्ठाय स्थिरमानसमात्मनः ।**
**नात्युच्छ्रितं नातिनीचम् चैलाजिनकुशोत्तरम् ॥११॥**

તેણે પવિત્ર સ્થાનમાં, બહુ ઊંચું નહિ તેમ બહુ નીચું નહિ એવું દર્ભ, મૃગચર્મ અને વસ્ત્રનો (રેશમી ઊનનું અથવા તખ્ત), એક પર એક પાથરીને પોતાના માટે આસન બનાવી એકાગ્ર ચિત્તે યોગ સાધવો, શુદ્ધ-પવિત્ર ભૂમિનું તાત્પર્ય એને વાળી-ઝૂડી સાફ રાખવાનું છે. જમીન પર કંઈક પાથરવું જોઈએ. તે મૃગચર્મ હોય કે ચટાઈ હોય અથવા કોઈ પણ વસ્ત્ર, તખ્ત, જે કંઈ મળી શકે તે વસ્તુ બિછાવી શકાય, આસન હાલક-ડોલક ન હોવું જોઈએ. એ જમીનથી બહુ ઊંચું અને બહુ નીચું પણ ન હોવું જોઈએ. પૂજ્ય મહારાજજી લગભગ પાંચ ઇંચ ઊંચા આસન પર બેસતા હતા. એક વાર ભાવિકોએ એક ફૂટ ઊંચા આરસનું એક સિંહાસન મગાવ્યું. મહારાજજી એક દિવસ તો એના પર બેઠા પણ પછી કહ્યું, 'નહિ બહુ ઊંચું છે, સાધુએ બહુ ઊંચે ન બેસવું જોઈએ. તેનાથી અભિમાન આવે

છે. બહુ નીચે પણ ન બેસવું કેમ કે તેનાથી હીનતા આવે છે. પોતાના પ્રત્યે ઘૃણા થાય છે.' બસ, એને ઉપડાવી દીધું અને જંગલમાં એક બગીચો હતો ત્યાં રખાવ્યું. ત્યાં ન તો મહારાજજી જતા હતા અને હજી પણ કોઈ જતું નથી. આ એ મહાપુરુષનું ક્રિયાત્મક શિક્ષણ હતું, આ રીતે સાધક માટે બહુ ઊંચું આસન ન હોવું જોઈએ, નહિ તો ભજનપૂર્તિ બાદમાં થશે. પહેલાં અહંકાર ચઢી બેસશે. એ પછી -

**तत्रैकाग्रे मनः कृत्वा यतचित्तेन्द्रियक्रियः ।**
**उपविश्यासने युञ्ज्याद्योगमात्मविशुद्धये ॥१२॥**

આ આસન પર બેસીને (બેસીને ધ્યાન કરવાનું જ વિધાન છે) મનને એકાગ્ર બનાવીને ચિત્ત તથા ઇન્દ્રિયોથી ક્રિયાઓ વશમાં રાખી અંતઃકરણની શુદ્ધિ માટે યોગાભ્યાસ કરવો. હવે બેસવાની રીત બતાવે છે.

**समं कायशीरोग्रीवं धारयन्नचलं स्थिरः ।**
**संप्रेक्ष्य नासिकाग्रं स्वं दिशश्चानवलोकयन् ॥१३॥**

વળી, તેણે શરીર, ગરદન અને મસ્તક સીધી રેખામાં અચલ રાખીને, (જેમ કોઈ થાંભલો ખડો કરી દીધો હોય તેમ) આ રીતે સીધા, દૃઢ બનીને બેસી જવું અને પોતાના નાકમાં અગ્રભાગ પર નજર રાખીને (નાકના ટેરવાને જોતા રહેવાનો નિર્દેશ નથી. પરંતુ સીધા બેસવાથી નાકની સામે જ્યાં દૃષ્ટિ પડે ત્યાં દૃષ્ટિ રાખવી. જમણી-ડાબી બાજુ જોતાં રહેવાની ચંચળતા ન રહે) બીજી દિશાઓમાં ન જોતાં સ્થિર બેસવું.

**प्रशान्तात्मा विगतभीर्ब्रह्मचारिव्रते स्थितः ।**
**मनः संयम्य मच्चित्तो युक्त आसीत मत्परः ॥१४॥**

બ્રહ્મચર્ય વ્રતમાં દૃઢ બનીને (સામાન્યપણે લોકો માને છે કે જનનેન્દ્રિયનો સંયમ બ્રહ્મચર્ય છે, પરંતુ મહાપુરુષોનો અનુભવ છે કે મનથી વિષયોનું ચિંતન કરતાં, આંખોથી એવું દૃશ્ય જોતાં, ત્વચાથી સ્પર્શ કરતાં, કાનથી વિષયોત્તેજક શબ્દો સાંભળતાં જનનેન્દ્રિયનો સંયમ શક્ય નથી. બ્રહ્મચારીનો ખરો અર્થ છે '**ब्रह्म आचरति स ब्रह्मचारी**' બ્રહ્મનું આચરણ છે નિયત કર્મ, યજ્ઞની પ્રક્રિયા જે કરનાર '**यान्ति ब्रह्म सनातनम्**' - સનાતન બ્રહ્મમાં પ્રવેશ મેળવે છે, આમ કરતી વખતે '**स्पर्शान्कृत्वा बहिर्बाह्यान्**'

બહારનો સ્પર્શ , મન અને તમામ ઇન્દ્રિયોનો સ્પર્શ બહાર જ ત્યાગીને ચિત્તને બ્રહ્મચિંતનમાં, શ્વાસ-પ્રશ્વાસમાં, ધ્યાનમાં સ્થિર કરવું. મન બ્રહ્મમાં લીન હોય તો બહારનું સ્મરણ કોણ કરે ? બાહ્ય સ્મરણ થતું રહે તો પછી મન ક્યાં લાગ્યું ? વિકાર શરીરમાં નહિ, પરંતુ મનના તરંગોમાં રહે છે. મન બ્રહ્મમાં લીન હોય તો કેવળ જનનેન્દ્રિયસંયમ જ નહિ, પરંતુ સર્વેન્દ્રિયસંયમ પણ સહજ બની જાય છે. આથી બ્રહ્મના આચરણમાં સ્થિર રહીને, ભયરહિત તથા પૂર્ણ શાંતિથી, મનને સંયમમાં રાખીને, મારામાં લીન ચિત્તવાળો થઈ મારામાં પરાયણ થઈને, સ્થિર બેસવું, આમ કરવાનું પરિણામ શું હશે ?)

**युञ्जन्नेवं सदात्मानं योगी नियतमानसः ।**
**शान्तिं निर्वाणपरमां मत्संस्थामधिगच्छति ॥१५॥**

આ રીતે, પોતે પોતાને નિરંતર તે જ ચિંતનમાં જોડીને, સંયત મનવાળો યોગી મારામાં સ્થિતિ પામવારૂપી પરાકાષ્ઠારૂપ શાન્તિ પ્રાપ્ત કરે છે. આથી હંમેશાં પોતે કર્મમાં પ્રવૃત્ત રહેવું, અહીં આ પ્રશ્ન લગભગ પૂરો થયો. પછીના બે શ્લોકમાં દર્શાવ્યું છે કે પરમાનંદરૂપ શાંતિ માટે શારીરિક સંયમ, યુક્ત આહાર અને વિહાર પણ આવશ્યક છે

**नात्यश्नतस्तु योगोऽस्ति न चैकान्तमनश्नतः ।**
**न चातिस्वप्रशीलस्य जाग्रतो नैव चार्जुन ॥१६॥**

અર્જુન ! આ યોગ ન તો અતિ ખાનારાને પ્રાપ્ત થાય છે, તેમ ન તો બિલકુલ ન ખાનારને પ્રાપ્ત થાય છે. તેમ જ ન તો અતિ ઊંઘનારને કે ન તો અતિ ઉજાગરા કરનારને પણ પ્રાપ્ત થાય છે. તો કોને સિદ્ધ થાય છે ?

**युक्ताहारविहारस्य यक्तचेष्टस्य कर्मसु ।**
**युक्तस्वप्रावबोधस्य योगो भवति दुःखहा ॥१७॥**

દુઃખોનો નાશ કરનાર આ યોગ ઉચિત આહાર, સમુચિત કર્મ અને સમતોલ નિદ્રાજાગરણ કરનારને જ પૂર્ણતયા પ્રાપ્ત થાય છે. અધિક ભોજનથી આળસ, નિદ્રા અને પ્રમાદ ઘેરી લેશે ત્યારે સાધના થઈ શકશે નહિ. ભોજનનો ત્યાગ કરવાથી ઇન્દ્રિયો ક્ષીણ થઈ જશે. અચલ-સ્થિર બેસવાની ક્ષમતા રહેશે નહીં. પૂજ્ય મહારાજજી કહે છે કે ભૂખ હોય

એનાથી દોઢ બે રોટલી ઓછી ખાવી. વિહાર અર્થાત્ સાધનને અનુકૂળ વિચરણ, કંઈક પરિશ્રમ પણ કરતા રહેવું જોઈએ. કોઈ કાર્ય શોધી લેવું જોઈએ. અન્યથા લોહીનું પરિભ્રમણ શિથિલ પડી જશે. (રોગ ઘેરી લેશે. આયુષ્ય આહાર અને ઊંઘવું-જાગવું અભ્યાસથી વધે-ઘટે છે. મહારાજજી કહેતા, યોગીએ ચાર કલાક સૂવું અને બાકી સતત ધ્યાનમાં લાગેલા રહેવું. હઠપૂર્વક જાગરણ કરનાર જલદી પાગલ થઈ જાય છે. કર્મમાં ઉચિત ચેષ્ટા પણ હોય અર્થાત્ કર્મઆરાધનાને અનુરૂપ નિરંતર પ્રયત્નશીલ રહેવું. બાહ્ય વિષયોનું સ્મરણ કર્યા વિના હંમેશાં ધ્યાનમાં સ્થિર રહેનારનો જ યોગ સિદ્ધ થાય છે. તેમ જ-

**यदा विनियतं चित्तमात्मन्येवावतिष्ठते ।**
**निःस्पृहः सर्वकामेभ्यो युक्तइत्युच्यते तदा ॥१८॥**

આ રીતે યોગાભ્યાસથી નિયંત્રિત ચિત્ત જે સમયે પરમાત્મામાં યોગ્ય રીતે સ્થિર થઈ જાય છે, વિલીન જેવું થઈ જાય છે, એ સમયે તમામ કામનાઓ રહિત પુરુષ યોગમુક્ત કહેવાય છે. વિશેષરૂપથી સ્થિરચિત્ત પુરુષનાં લક્ષણો ક્યાં છે?

**यथा दीपो निवातस्थो नेङ्गते सोपमा स्मृता ।**
**योगिनो यतचित्तस्य युज्जतो योगमात्मनः ॥१९॥**

વાયુરહિત સ્થળમાં રાખેલો દીવો ચલાયમાન થતો નથી, તેની જ્યોત સીધી ઉપર જાય છે, એમાં કંપન હોતું નથી, પરમાત્માના ધ્યાનમાં સ્થિરચિત્ત થયેલા યોગીને આ જ ઉપમા અપાઈ છે. દીપક તો ઉદાહરણ છે. આજકાલ દીપકનું પ્રચલન શિથિલ થઈ રહ્યું છે. અગરબત્તી સળગાવવાથી પવન ફૂંકાતો ન હોય તો, એની ધૂમ્રસેર સીધી ઉપર જાય છે. જેણે ચિત્તને જીતી લીધું છે એવા યોગીનું આ એક ઉદાહરણ માત્ર છે. ચિત્ત ભલે હમણાં જિતાઈ ગયું હોય, નિયંત્રિત થયું હોય, પરંતુ હજી ચિત્ત છે. જ્યારે નિરુદ્ધ ચિત્તનો પણ વિલય થઈ જાય છે ત્યારે કઈ વિભૂતિ પ્રાપ્ત થાય છે ? જોઈએ -

**यत्रोपरमते चित्तं निरूद्धं योगसेवया ।**
**यत्र चैवात्मनात्मानं पश्यन्नात्मनि तुष्यति ॥२०॥**

જે સ્થિતિમાં યોગના અભ્યાસથી (અભ્યાસ વિના ક્યારેય મન નિરુદ્ધ થતું નથી. આથી યોગાભ્યાસથી) વશ થયેલું ચિત્ત ઉપરામ બને છે. વિલીન થઈ જાય છે, મટી જાય છે એ સ્થિતિમાં '**आत्मना**' પોતાના આત્મા દ્વારા '**आत्मानम्**' પરમાત્માને જોઈને '**आत्मनि एव**' પોતાના આત્મામાં જ સંતોષ અનુભવે છે. કેમકે પ્રાપ્તિકાળમાં તો પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. પરંતુ બીજી જ ક્ષણે તે પોતાના જ આત્માને શાશ્વત ઈશ્વરીય વિભૂતિઓમાં ઓતપ્રોત થયેલો જુએ છે. બ્રહ્મ, અજર, અમર, શાશ્વત, અવ્યક્ત અને અમૃતસ્વરૂપ છે. સાથોસાથ અચિન્ત્ય પણ છે. જ્યાં સુધી ચિત્ત અને ચિત્તની લહર છે ત્યાં સુધી તે આપના ઉપભોગ માટે નથી. ચિત્ત નિયંત્રિત થાય અને તે વિલય પામે તે કાળમાં જ પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. અને દર્શન થવાથી બરાબર પછીની બીજી જ ક્ષણે પોતાના આત્માને તે જ ઈશ્વરીય ગુણધર્મોથી યુક્ત પામે છે. આથી જ તેને પોતાના આત્મામાં સંતોષ મળે છે, આ એનું સ્વરૂપ છે. એની પરાકાષ્ઠા છે. એને જ પૂરક બીજો શ્લોક જોઈએ.

**सुखमात्यन्तिकं यत्तद्बुद्धिग्राह्यमतीन्द्रियम् ।**
**वेत्ति यत्र न चैवायं स्थितश्चलति तत्त्वतः ॥२१॥**

ઈન્દ્રિયોથી અતીત અને કેવળ શુદ્ધ થયેલી સૂક્ષ્મ બુદ્ધિ દ્વારા ગ્રહણ કરવા યોગ્ય જે અનંત આનંદ છે તેનો જે અવસ્થામાં અનુભવ કરે છે અને જે અવસ્થામાં સ્થિર થયેલો યોગી ભગવત્સ્વરૂપને તત્ત્વથી જાણીને ચલિત થતો નથી તે સદૈવ એમાં પ્રતિષ્ઠિત રહે છે. તથા

**यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः ।**
**यस्मिन्स्थितो न दुःखेन गुरुणापि विचाल्यते ॥२२॥**

પરમેશ્વરની પ્રાપ્તિરૂપ લાભ મેળવ્યા પછી. પરાકાષ્ઠાની શાન્તિ મેળવ્યા બાદ તે બીજા કોઈ લાભને તેનાથી અધિક માનતો નથી અને જેમાં સ્થિર થયેલો યોગી ભારે દુઃખથી પણ ડગી જતો નથી, દુઃખનું એને ભાન પણ થતું નથી. કેમ કે દુઃખનું ભાન કરાવનાર ચિત્ત તો વિલીન થઈ ગયું છે. આ પ્રકારે

**तं विद्याद् दुःखसंयोगवियोगं योगसंज्ञितम् ।**
**स निश्चयेन योक्तव्यो योगोऽनिर्विण्णचेतसा ॥२३॥**

જે સંસારના સંયોગ-વિયોગથી રહિત છે એનું નામ યોગ છે. જે આત્યંતિક સુખ છે એની પ્રાપ્તિનું નામ યોગ છે. એને પરમતત્ત્વ પરમાત્મા કહેવામાં આવે છે. એની સાથેનું મિલન એ જ યોગ છે. યોગ ઊભડક નહિ એવા સ્થિર ચિત્તથી નિશ્ચયપૂર્વક કરવો એ કર્તવ્ય છે. ધૈર્યપૂર્વક એમાં લાગી રહેનાર મનુષ્ય જ યોગમાં સફળ થાય છે.

**संकल्पप्रभावान्कामांसत्यकत्ववा सर्वानशेषतः ।**
**मनसैवेन्द्रियग्रामं विनियम्य समन्ततः ॥२४॥**

આથી મનુષ્યે વાસના અને આસક્તિસહિત સંકલ્પથી ઉત્પન્ન સંપૂર્ણ કામનાઓનો સર્વથા ત્યાગ કરીને, મન દ્વારા સર્વ ઈન્દ્રિયોને સારી રીતે વશ કરીને

**शनैः शनैरुपरमेद्धुद्ध या धृतिगृहीतया ।**
**आत्मसंस्थं मनः कृत्वा न किंचिदपि चिन्तयेत् ॥२५॥**

ધીમે ધીમે અભ્યાસ કરીને ઉપરામતા મેળવે. ચિત્ત વશમાં લે અને ક્રમશઃ વિલય થઈ જાય. પછી તે ધૈર્યયુક્ત બુદ્ધિ દ્વારા મનને પરમાત્મામાં સ્થિર કરીને બીજા કશાનો વિચાર ન કરે. નિરંતર મન લગાવીને પામવાનું વિધાન છે. પરંતુ આરંભમાં મન લાગતું નથી. આ વિશે યોગેશ્વર કહે છે

**यतो यतो निश्चरति मनश्चञ्चलमस्थिरम् ।**
**ततस्ततो नियम्यौतदात्मन्ययेव वशं नयेत् ॥२६॥**

ચંચળ અને અસ્થિર મન જે જે કારણોથી સાંસારિક પદાર્થોમાં ભમે છે, તે તે કારણોથી તેને રોકીને વારંવાર અંતરાત્મામાં જ સ્થિર કર. ઘણી વાર લોકો એમ કહેતા હોય છે કે મન જ્યાં જતું હોય ત્યાં જવા દો. તે પ્રકૃતિમાં તો જવાનું છે, અને પ્રકૃતિ પણ તે બ્રહ્મનો અન્તર્ગત ભાગ છે. પ્રકૃતિમાં ફરવું એ બ્રહ્મની બહાર નથી. પરંતુ શ્રીૃષ્ણના મતાનુસાર આ ખોટું છે. ગીતામાં આ માન્યતાઓને સહેજ પણ સ્થાન નથી. શ્રીકૃષ્ણનું કથન છે કે મન જ્યાં જ્યાં જાય, જે માધ્યમ દ્વારા જાય તે માધ્યમથી રોકીને પરમાત્મામાં જોડાવું, મનનો નિરોધ સંભવિત છે. આ નિરોધનું પરિણામ શું આવશે ?

**प्रशान्तमनसं ह्येनं योगिनं सुखमुत्तमम् ।**
**उपैति शान्तरजसं ब्रह्मभूतमकल्मषम् ॥२७॥**

જેનું મન પૂર્ણતયા શાંત બન્યું છે અને જે પાપથી મુક્ત છે, જેનો રજોગુણ શાંત થયો છે, એવો બ્રહ્મમય બનેલો, પાપરહિત યોગી ઉત્તમ આનંદ પ્રાપ્ત કરે છે. એનાથી બીજું કોઈ ઉત્તમ સુખ નથી. આના પર ફરીથી ભાર મૂકતાં જણાવે છે

**युञ्जनैवं सदात्मानं योगी विगतकल्मषः ।**
**सुखेन ब्रह्मसंस्पर्शमत्यन्तं सुखमश्नुते ॥२८॥**

આ રીતે આત્મા સાથે હંમેશાં તલ્લીન બનેલો, પાપરહિત યોગી બ્રહ્મપ્રાપ્તિના અનંત આનંદની અનુભૂતિ કરે છે તે **'ब्रह्मसंस्पर्श'** અર્થાત્ બ્રહ્મના સ્પર્શ અને પ્રવેશની સાથે આનંદનો અનુભવ કરે છે. આથી ભજન અનિવાર્ય છે. આગળ કહે છે

**सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।**
**ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥२९॥**

યોગયુક્ત આત્માવાળો મનુષ્ય બધામાં સમભાવ રાખનારો હોઈ પોતાના આત્માને તમામ પ્રાણીઓમાં વ્યાપેલો જુએ છે અને ભૂતમાત્રને પોતાનામાં જુએ છે. આ પ્રમાણે જોવાથી લાભ શો ?

**यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति ।**
**तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति ॥३०॥**

જે મનુષ્ય તમામ પ્રાણીઓમાં મને-પરમાત્માને જુએ છે અને તમામ પ્રાણીઓને મારામાં પરમાત્મામાં જુએ છે તેમને માટે હું અદૃશ્ય નથી, અને તે મારા માટે અદૃશ્ય નથી. આ તો પ્રેરકનું પરસ્પર મિલન છે. સાખ્ય ભાવ છે. સામીપ્યમુક્તિ છે.

**सर्वभूतस्थितं यो मां भजत्येकत्वमास्थितः ।**
**सर्वथा वर्तमानोऽपि स योगी मयि वर्तते ॥३१॥**

જે મનુષ્ય અનેકતાથી પર ઉપર્યુક્ત એકાન્ત ભાવથી મને - પરમાત્માને ભજે છે તે યોગી તમામ પ્રકારનાં કાર્યો કરતો હોવા છતાં મારામાં સ્થિર રહે છે. કેમકે મને છોડીને એની પાસે કશું બચ્યું જ નથી. એનું સર્વ કાંઈ ખતમ થઈ ગયું છે. આથી તે ઊઠતાં-બેસતાં, જે કાંઈ કરે છે, તે મારા સંકલ્પથી જ કરે છે.

**आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ।**
**सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ॥३२॥**

હે અર્જુન ! જે યોગી સૌને પોતાના સમાન ગણીને પ્રાણીમાત્રને સમદૃષ્ટિથી જુએ છે, પોતાના જેવા જ જુએ છે. સુખ અને દુઃખ પણ સૌમાં સમાન જુએ છે (જેનો ભેદભાવ સમાપ્ત થઈ ગયો છે.) તેવો યોગી પરમશ્રેષ્ઠ મનાય છે. પ્રશ્ન પૂરો થયો. આ અંગે અર્જુને પ્રશ્ન કર્યો.

**अर्जुन उवाच**

**योऽयं योगस्त्वया प्रोक्तः साम्येन मधुसूदन ।**
**एतस्याहं न पश्यामि चञ्चलत्वास्थितिं स्थिराम् ॥३३॥**

હે મધુસૂદન ! આપ જે સમત્ત્વયોગ મને બતાવી રહ્યા છો એમાં, મનની ચંચળતાના કારણે લાંબો સમય સ્થિર રહી શકું એવી સ્થિતિમાં હું નથી.

**चञ्चलं हि मनः कृष्ण प्रमाथि बलवद्दृढम् ।**
**तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम् ॥३४॥**

હે કૃષ્ણ ! આ મન બહુ ચંચળ છે, તે વિહ્વળ કરનારું છે. હઠીલું છે તથા બળવાન છે. આથી એને વશ કરવાનું વાયુની જેમ હું ઘણું દુષ્કર માનું છું, તોફાની હવા અને મનને રોકવું એ બંને એકસમાન છે. આ અંગે શ્રીકૃષ્ણ કહે છે.

**श्री भगवानुवाच**

**असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम् ।**
**अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते ॥३५॥**

મહાબાહુ અર્જુન ! બેશક મન ચંચળ છે, ઘણી મુસીબતે તે વશ થાય છે. પરંતુ હે કૌન્તેય, અભ્યાસ અને વૈરાગ્ય વડે તે વશ કરી શકાય છે. જ્યાં ચિત્તને લગાડવાનું હોય ત્યાં તેને સ્થિર કરીને વારંવાર પ્રયત્ન કરવો તે અભ્યાસ છે. તથા જોયેલી અને સાંભળેલી વિષય-વસ્તુઓમાં (સંસાર અથવા સ્વર્ગ વગેરે ભોગોમાં) રાગ અર્થાત્ લગાવનો ત્યાગ એ વૈરાગ્ય છે. શ્રીકૃષ્ણ કહે છે કે મનને વશ કરવું કઠિન છે, પરંતુ અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા એને વશ કરી શકાય છે.

**असंयतात्मना योगो दुष्प्राय इति मे मतिः ।**
**वश्यात्मना तु यतता शक्योऽवाप्तुमुपायतः ॥३६॥**

અર્જુન ! મન પોતાને વશ નહિ કરનારને યોગ પ્રાપ્ત થવો ખૂબ જ કઠણ છે, પરંતુ પોતાને વશ કરનારા પ્રયત્નશીલ પુરુષ માટે યોગ સહજ છે. મારો પોતાનો આવો મત છે. તું એને જેટલું કઠિન માની બેઠો છે એટલું તે કઠિન નથી. આથી આ કામ કઠિન છે એમ માનીને તે છોડી દઈશ નહિ. પ્રયત્નપૂર્વક લાગીને યોગને પ્રાપ્ત કર, કારણ કે મન વશ કરો તો જ યોગ પ્રાપ્ત કરવાનું શક્ય બને છે. આ અંગે

**अर्जुन उवाच**

**अयतिः श्रद्धयोपेतो योगाच्चलितमानसः ।**
**अप्राप्य योगसंसिद्धिं कां गतिं कृष्ण गच्छति ॥३७॥**

યોગ કરતાં કરતાં કોઈ મનુષ્યનું મન ચલાયમાન થઈ જાય તોપણ યોગમાર્ગમાં એને શ્રદ્ધા તો હોય, તે પ્રસંગ એવો મનુષ્ય ભગવત્‌સિદ્ધિ પ્રાપ્ત ન થતાં કઈ ગતિ પ્રાપ્ત કરે છે.

**कच्चिन्नोभयविभ्रष्टश्छिन्नाभ्रमिव नश्यति ।**
**अप्रतिष्ठो महाबाहो विमूढो ब्रह्मणः पथि ॥३८॥**

મહાબાહુ કૃષ્ણ ! ભગવત્પ્રાપ્તિના માર્ગેથી ચલિત થયેલો મોહિત પુરુષ વિખેરાઈ ગયેલાં વાદળોની માફક બંને બાજુએથી નષ્ટભ્રષ્ટ તો થતો નથી ને ? નાની શી વાદળી આકાશમાં છવાય તો તે, ન તો વરસી શકે છે, અને ન તો પાછી મેઘમાં મળી જઈ શકે છે. એ જ રીતે શિથિલ પ્રયત્નવાળો, થોડા સમય સુધી સાધના કરી અટકી જનારો નાશ તો નથી પામતોને ? તે ન તો પોતાનામાં પ્રવેશ કરી શક્યો કે ન તો ભોગ ભોગવી શક્યો. એની કઈ ગતિ થાય છે ?

**एतन्मे संशयं कृष्णं छेत्तुमर्हस्यशेषतः**
**त्ववदन्यः संशयस्यास्य छेत्ता न ह्युपपद्यते ॥३९॥**

હે શ્રીકૃષ્ણ ! મારા આ સંશયને સંપૂર્ણતયા દૂર કરવાને આપ જ સમર્થ છો. આ સંશયને દૂર કરવા આપના સિવાય બીજો કોઈ પણ મળે તે સંભવ નથી. આ વિષે યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું -

**श्री भगवानुवाच**
**पार्थ नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते ।**
**न हि कल्याणकृत्कश्चिद्दुर्गतिं तात गच्छति ॥४०॥**

પાર્થિવ શરીરને રથ બનાવીને લક્ષ્ય તરફ આગળ વધારનાર હે અર્જુન આવા પુરુષનો ન તો આ લોકમાં કે ન પરલોકમાં નાશ થાય છે. કારણ કે હે તાત, તે પરમકલ્યાણકારી નિયત કર્મ કરનારની કદી દુર્ગતિ થતી નથી. એનું શું થાય છે ?

**प्राप्य पुण्यकृतां लोकानुषित्वा शाश्वतीः समाः ।**
**शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते ॥४१॥**

મન ચલાયમાન થવાથી યોગભ્રષ્ટ થયેલો તે પુરુષ પુણ્યશાળીઓના લોકમાં વાસના ભોગવીને (જે વાસનાઓના કારણે તે યોગભ્રષ્ટ થયો હતો, ભગવાન એને ખૂબ સંક્ષેપમાં બધું બતાવી સંભળાવી દે છે, એને ભોગવીને) તે '**शुचीनां श्रीमतां**' શુદ્ધ આચરણવાળા શ્રીમાનને ઘેર જન્મ લે છે. (જે શુદ્ધ આચરણવાળો છે, તે જ શ્રીમાન છે.)

**अथवा योगिनामेव कुले भवति धीमताम् ।**
**एतद्धि दुर्लभतरं लोके जन्म यदीदृशम् ॥४२॥**

અથવા ત્યાં જન્મ ન થાય તો પણ તે સ્થિર બુદ્ધિવાળા યોગીના કુળમાં જન્મ લે છે. શ્રીમાનોનાં ઘરમાં પવિત્ર સંસ્કાર બચપણથી જ મળવા માંડે છે, પરંતુ ત્યાં જન્મ ન થાય તો યોગીઓના કુળમાં (ઘરમાં નહિ) શિષ્યપરંપરામાં પ્રવેશ મેળવે છે. કબીર, તુલસી, રઈદાસ, વાલ્મીકિ વગેરેને શુદ્ધ આચરણવાળા શ્રીમાનોનાં ઘરમાં નહિ પરંતુ યોગીઓના કુળમાં પ્રવેશ મળ્યો. સદ્‌ગુરુના કુળના સંસ્કારોમાં પરિવર્તન એ પણ એક જન્મ છે અને એવો જન્મ મેળવવો સંસારમાં અતિ દુર્લભ છે. યોગીઓને ત્યાં જન્મે એનો અર્થ એમના શરીરથી પુત્રરૂપે અવતીર્ણ થવું એ નથી. ગૃહત્યાગ પહેલાં પેદા થયેલા પુત્ર મોહવશ મહાપુરુષને ભલે પિતા માન્યા કરે, પરંતુ મહાપુરુષ માટે તો ઘરવાળાના નામે કોઈ હોતું નથી. જે શિષ્ય એમની મર્યાદાઓનું અનુષ્ઠાન કરે છે. એનું મહત્ત્વ પુત્રોથી કેટલાયગણું અધિક મનાય છે. તે જ એમના સાચા પુત્રો છે.

જે યોગના સંસ્કારોવાળો ન હોય એને મહાપુરુષ અપનાવતા નથી. પૂજ્ય મહારાજજી જો સાધુ બનાવતા હોત તો હજારો વિરક્ત એમના શિષ્ય થયા હોત, પરંતુ એમણે કેટલાયને ભાડું આપીને, કોઈને ઘેર સમાચાર મોકલીને, પત્ર મોકલીને, સમજાવીને બધાને એમના ઘેર પાછા મોકલી દીધા. ઘણા લોકો હઠ કરવા લાગ્યા તો એમને અપશુકન થયા. હૃદયની અંદરથી જ લાગે કે આનામાં સાધુ બનવાનું એક પણ લક્ષણ નથી એને રાખવામાં કોઈ ભલાઈ નથી. એ કદી સફળ થઈ શકે નહિ. બે-ત્રણ જણાએ નિરાશ થઈને પહાડ પરથી ઝંપલાવી પોતાનો જાન આપી દીધો, પરંતુ મહારાજજીએ એમને પોતાને ત્યાં ન રાખ્યા, પછી આ અંગે ખબર મળતાં તે બોલ્યા, ''**जानत रहेउं कि बडा विकल है लेकिन इ सोचते कि सचहूं के मरि जाई तो रखी लेते । एक ठो पतितै रहत, अउर का होत**'' મમત્વ એમનામાં પણ વિકટ હતું, છતાં ન રાખ્યા. છ-સાત વ્યક્તિઓ જેમના માટે આદેશ થયો હતો કે 'આજ એક યોગભ્રષ્ટ આવી રહ્યો છે, જન્મજન્માંતરથી ભટકતો ભટકતો આવી રહ્યો છે. આ નામ અને રૂપવાળો કોઈ આવવાનો છે. એને રાખો, બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરો, એને આગળ વધારો.' કેવળ એમને જ રાખ્યા, આજ પણ એમાંથી એક મહાપુરુષ ધારાકુંડીમાં છે. એક અનુસૂઈયામાં છે. બે-ત્રણ અન્યત્ર પણ છે. એમને સદ્‌ગુરુના કુળમાં પ્રવેશ મળ્યો. આવા મહાપુરુષ મેળવવા અતિ દુર્લભ છે.

**तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम् ।**
**यतते च ततो भयः संसिद्धौ कुरुनन्दन ॥४३॥**

ત્યાં તે પુરુષ પહેલાં શરીરમાં સાધન કરેલ બુદ્ધિનો સંયોગ અર્થાત્ પૂર્વજન્મના બુદ્ધિ-સંસ્કાર અનાયાસ જ પ્રાપ્ત થઈ જાય છે. હે કુરુનંદન, એના પ્રભાવથી ફરી '**संसिद्धौ**' ભગવત્પ્રાપ્તિરૂપી પરમસિદ્ધિ મેળવવા પ્રયત્ન કરવા લાગે છે.

**पूर्वाभ्यासेन तेनैव ह्रियते ह्यवशोऽपि सः ।**
**जिज्ञासुरपि योगस्य शब्दब्रह्मातिवर्तते ॥४४॥**

શ્રીમાનોના ઘરમાં વિષયોને વશ રહેવા છતાં પૂર્વજન્મના સંસ્કારને કારણે મોક્ષમાર્ગ તરફ આકર્ષિત થઈ જાય છે અને યોગમાં શિથિલ પ્રયત્નવાળો તે જિજ્ઞાસુ પણ વાણીના વિષયને પાર કરીને નિર્વાણપદને પામે છે. એની પ્રાપ્તિની આ જ પદ્ધતિ છે. કોઈ એક જન્મમાં સિદ્ધિ મેળવતો પણ નથી.

**प्रयत्नाद्यतमानस्तु योगी संशुद्धकिल्बिषः ।**
**अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् ॥४५॥**

વળી પ્રયત્નોમાં વળગી રહેલો યોગી અનેક જન્મે સિદ્ધિ મેળવી પરમગતિને પામે છે. પ્રયત્નપૂર્વક અભ્યાસ કરનાર યોગી તમામ પાપોમાંથી મુક્ત બનીને પરમગતિને પ્રાપ્ત કરે છે. પ્રાપ્તિનો આ જ ક્રમ છે. પહેલાં શિથિલ પ્રયત્નથી યોગનો આરંભ થાય છે, મન ચલિત થતાં બીજો જન્મ લે છે. સદ્ગુરુના કુળમાં પ્રવેશે છે અને અનેક જન્મો સુધી પ્રયત્ન કરીને ત્યાં પહોંચી જાય છે જેનું નામ પરમગતિ, પરમધામ છે. શ્રીકૃષ્ણે કહ્યું હતું કે આ યોગમાં બીજનો નાશ થતો નથી. તમે બે કદમ પણ ચાલી લેશો તો એ સાધનાનો કદી નાશ નહિ થાય. દરેક પરિસ્થિતિમાં રહેતો પુરુષ આમ કરી શકે છે. કારણ કે પરિસ્થિતિઓથી ઘેરાયેલાં પુરુષ થોડીક સાધના તો કરી જ શકે. કેમકે વિશેષ સમય તો એની પાસે નથી. તમે કાળા હો કે ગોરા હો, ક્યાંયનાં પણ હો ગીતા સર્વ માટે છે. તમારા માટે પણ છે. શરત માત્ર એટલી જ કે તમે મનુષ્ય હોવા જોઈએ. ઉત્કટ પ્રયત્ન કરનાર ગમે તે હોય પણ શિથિલ પ્રયત્ન કરનાર તો ગૃહસ્થ જ હોય છે. ગીતા ગૃહસ્થ-વિરક્ત, શિક્ષિત-અશિક્ષિત, સર્વસાધારણ મનુષ્યમાત્ર માટે છે, કોઈ ‘સાધુ’ નામના વિચિત્ર પ્રાણી માટે જ નહિ. અંતમાં યોગેશ્વર શ્રીકૃષ્ણ નિર્ણય આપે છે -

**तपस्विभ्योऽधिको योगी ज्ञानिभ्योऽपि मतोऽधिकः ।**
**कर्मिभ्यश्चाधिको योगी तस्माद्योगी भवार्जुन ॥४६॥**

તપસ્વી કરતાં, યોગી શ્રેષ્ઠ છે, જ્ઞાનીઓથી પણ શ્રેષ્ઠ માન્યો છે. કર્મ કરનારા કર્મી કરતાં પણ યોગી શ્રેષ્ઠ છે. તેથી હે અર્જુન, તું યોગી બન.

**તપસ્વી :**

તપસ્વી મનસહિત ઈન્દ્રિયોને આ યોગમાં ઢાળવા માટે તપાવે છે, હજુ યોગ એનામાં ઢળ્યો નથી.

**કર્મી – કર્મ કરનાર :**

કર્મી આ નિયત કર્મને જાણીને એનામાં પ્રવૃત્ત થાય છે. તે ન તો પોતાની શક્તિ સમજીને પ્રવૃત્ત છે, ન તો સમર્પણ કરીને પ્રવૃત્ત છે. માત્ર કર્મ કરે છે.

**જ્ઞાની**

જ્ઞાનમાર્ગી નિયત કર્મ, વિશેષ કરીને યજ્ઞની પ્રક્રિયાને સારી રીતે સમજીને પોતાની શક્તિ અનુસાર એમાં પ્રવૃત્ત થાય છે. એના લાભ-ગેરલાભની જવાબદારી એની છે. એના પર દૃષ્ટિ રાખીને ચાલે છે.

**યોગી**

નિષ્કામ કર્મયોગી, ઈષ્ટ પર ભરોસો રાખીને પૂરા સમર્પણભાવથી નિયત કર્મ યોગસાધનામાં પ્રવૃત્ત થાય છે. એના યોગક્ષેમની જવાબદારી ભગવાન તથા યોગેશ્વર ઉપાડે છે. પતનના સંજોગો સર્જાતા હોવા છતાં એને પતનનો ભય નથી, કેમકે જે પરમતત્ત્વને તે ચાહે છે તે જ એને સંભાળવાની જવાબદારી પણ લે છે.

તપસ્વી હજુ યોગ કરવામાં પ્રયત્નશીલ છે. કર્મી કેવળ કર્મ જાણીને કર્મ કરે છે. તેનું પતન પણ થઈ શકે છે, કેમકે આ બંનેમાં નથી સમર્પણ કે નથી પોતાના લાભ-ગેરલાભ જોવાની ક્ષમતા, પરંતુ જ્ઞાની યોગની પરિસ્થિતિ જાણે છે, પોતાની શક્તિને પિછાણે છે. પોતાની જવાબદારી પોતાના પર છે, અને નિષ્કામ કર્મયોગી તો પોતાની જવાબદારી ઈષ્ટને સોંપીને બેઠો છે અને ઈષ્ટ તે સંભાળે છે. પરમકલ્યાણને માર્ગે આ બંને બરાબર ચાલે છે. પરંતુ જેનો ભાર ઈષ્ટ સંભાળે છે, તે આ બધામાં શ્રેષ્ઠ છે, કેમકે પ્રભુએ એને અપનાવી લીધો છે. એનાં હાનિ-લાભ પરમાત્મા જુએ છે. એટલા માટે યોગી શ્રેષ્ઠ છે. આથી હે અર્જુન ! તું યોગી બન. સમર્પણ સાથે યોગનું આચરણ કર.

યોગી શ્રેષ્ઠ છે, પરંતુ જે અંતરાત્માથી લાગી ગયો છે તે એનાથી પણ સર્વશ્રેષ્ઠ છે, આ અંગે કહે છે.

**योगिनामपि सर्वेषां मद्गतेनान्तरात्मना ।**
**श्रद्धावान्भजते यो मां स मे युक्ततमो मतः ॥४७॥**

સંપૂર્ણ નિષ્કામ કર્મયોગીઓમાં પણ જે મને શ્રદ્ધાપૂર્વક અંતઃકરણથી અન્તર્ચિન્તનથી નિરંતર ભજે છે, તે યોગીને મેં પરમશ્રેષ્ઠ યોગી તરીકે માન્યો છે. ભજન એ દેખાડાની કે પ્રદર્શનની વસ્તુ નથી. એનાથી સમાજ ભલે અનુકૂળ હોય પણ પ્રભુ પ્રતિકૂળ બની જાય છે, ભજન અત્યંત ગોપનીય છે અને ભજન હંમેશાં અંતઃકરણથી થાય છે. એનો ઉતાર-ચઢાવ અંતઃકરણ ઉપર છે.

**નિષ્કર્ષ :**

આ અધ્યાયના પ્રારંભમાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું કે ફળની ઈચ્છા વિના જે '**कार्यम् कर्म**' અર્થાત્ કરવા યોગ્ય કર્મ યા પ્રક્રિયા કરે છે, તે સંન્યાસી છે અને એ જ કર્મ કરનારો યોગી પણ છે. કેવળ ક્રિયાઓ અને અગ્નિનો ત્યાગ કરનાર યોગી કે સંન્યાસી હોતો નથી. સંકલ્પોનો ત્યાગ કર્યા વિના કોઈ પુરુષ સંન્યાસી કે યોગી બની શકતો નથી. અમે સંકલ્પ કરતા નથી એવું કહી દેવા માત્રથી સંકલ્પ કેડો છોડતો નથી. યોગમાં આરૂઢ થવાની ઈચ્છાવાળી વ્યક્તિએ કર્મ કરવું જોઈએ અને કાર્ય કરતાં કરતાં યોગરૂઢ થવું જોઈએ. એમ થતાં તમામ સંકલ્પો દૂર થઈ જશે. સર્વ સંકલ્પોનો અભાવ એ જ સંન્યાસ છે.

યોગેશ્વરે ફરીથી જણાવ્યું છે કે આત્માનું અધઃપતન પણ થાય છે અને એનો ઉદ્ધાર પણ થાય છે. જે મનુષ્યે મનસહિત ઈન્દ્રિયો પર વિજય મેળવ્યો છે એનો આત્મા એના માટે મિત્ર બનીને મૈત્રીપૂર્ણ વ્યવહાર કરે છે તથા તેનું પરમ કલ્યાણ થાય છે. જેમણે ઈન્દ્રિયોને જીતી નથી એને માટે એનો આત્મા શત્રુ બનીને શત્રુતાપૂર્ણ વ્યવહાર કરે છે. યાતનાઓનું કારણ બને છે. આથી મનુષ્યે પોતાના આત્માને અધોગતિમાં ન પહોંચાડવો, પોતાના દ્વારા પોતાના આત્માનો ઉદ્ધાર કરવો.

એમણે પરમપદની પ્રાપ્તિવાળા યોગીઓની રહેણી બતાવી - 'યજ્ઞસ્થળ' બેસવાનું આસન તથા બેસવાની રીત અંગે કહ્યું કે સ્થાન એકાંત અને સ્વચ્છ હોવું જોઈએ, વસ્ત્ર મૃગચર્મ અથવા કુશની ચટાઈ એમાંથી કોઈ પણ એકનું આસન બનાવવું. કર્મને અનુરૂપ ચેષ્ટાયુક્ત ભોજન-વિહાર, સૂવા-જાગવા પર સંયમ રાખવા સૂચવ્યું. યોગીના નિરુદ્ધ ચિત્ત માટે તેમણે પવનરહિત સ્થળ પર રાખેલા દીપકની, કંપાયમાન ન થતી જ્યોતની ઉપમા આપી. એ જ રીતે જ્યારે નિરુદ્ધ ચિત્તનો વિલય થઈ જાય છે ત્યારે યોગની પરાકાષ્ઠા આવી જાય છે, અનંત આનંદ પ્રાપ્ત થાય છે. સંસારના સંયોગ-વિયોગથી મુક્ત અનંત સુખનું નામ મોક્ષ છે. યોગનો અર્થ છે પરમેશ્વર સાથે મિલન - જે યોગી એમાં પ્રવેશ મેળવે છે તે તમામ પ્રાણીમાત્રમાં સમત્વભાવથી જુએ છે. જેમ પોતાનો આત્મા તેમ બધાના આત્માને જુએ છે. તે પરમ પરાકાષ્ઠાની શાંતિ મેળવે છે. આથી યોગ આવશ્યક છે. મન જ્યાં

જ્યાં ભટકવા માંડે ત્યાં ત્યાંથી તેને પાછું લાવીને વારંવાર એને વશ કરવું જોઈએ. શ્રીકૃષ્ણે સ્વીકાર્યું છે કે મનને વશમાં લેવું ખૂબ કપરું છે, પરંતુ વશમાં આવે છે ખરું. તે અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા કાબૂમાં આવે છે. શિથિલ પ્રયત્ન કરનાર મનુષ્ય પણ અનેક જન્મોના સંસ્કાર દ્વારા ત્યાં પહોંચી જાય છે, જેનું નામ છે - પરમગતિ અથવા પરમધામ, તપસ્વી, જ્ઞાનમાર્ગી તથા કર્મ કરનાર કર્મી કરતાં યોગી શ્રેષ્ઠ છે.

આથી હે અર્જુન ! તું યોગી બન, સમર્પણભાવથી અંતર્મનથી યોગનું આચરણ કર. આ અધ્યાયમાં યોગેશ્વર શ્રીકૃષ્ણે, મુખ્યત્વે યોગની પ્રાપ્તિ માટે અભ્યાસ પર ભાર મૂક્યો છે. આથી

**ॐ तत्सदितिश्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुन संवादे 'अभ्यासयोगो' नामं षष्ठोऽध्यायः ॥६॥**

આ રીતે શ્રીમદ્ ભગવદ્ગીતારૂપી ઉપનિષદ અર્થાત્ બ્રહ્મવિદ્યા તથા યોગશાસ્ત્રવિષયક શ્રીકૃષ્ણ-અર્જુનસંવાદમાં 'અભ્યાસયોગ' નામનો છઠ્ઠો અધ્યાય પૂરો થાય છે.

**इति श्रीमत्परमहंस परमानन्दस्य शिष्य स्वामी श्री अडगडानन्दकृते श्रीमदभगवद्गीतायाः 'यथार्थ गीता' भाष्ये 'अभ्यासयोगो' नाम षष्ठोऽध्यायः ॥६॥**

આ રીતે શ્રીમત્પરમહંસ પરમાન્દજીના શિષ્ય સ્વામી શ્રી અડગડાનંદકૃત શ્રીમદ્ભગવદ્ગીતાના ભાષ્ય 'યથાર્થ ગીતા'માં 'અભ્યાસયોગ' નામનો છઠ્ઠો અધ્યાય પૂરો થાય છે.

**॥ हरिः ॐ तत्सत् ॥**

ॐ

**श्री परमात्मने नमः**

# અધ્યાય સાતમો

આગલા અધ્યાયોમાં ગીતાના મુખ્ય મુખ્ય, લગભગ તમામ પ્રશ્નો પૂરા થઈ ગયા છે. નિષ્કામ કર્મયોગ, જ્ઞાનયોગ, કર્મ અને યજ્ઞનું સ્વરૂપ અને એનો વિધિ, યોગનું વાસ્તવિક સ્વરૂપ અને એનું પરિણામ તથા અવતાર, વર્ણસંકર, સનાતન આત્મ-સ્થિત મહાપુરુષને માટે પણ લોકહિતાર્થે કર્મ કરવા પર ભાર, યુદ્ધ વગેરે પર વિશદ ચર્ચા કરવામાં આવી. આગલા અધ્યાયોમાં યોગેશ્વર શ્રીકૃષ્ણે એની સાથે સંકળાયેલા અનેક પૂરક પ્રશ્નો પણ લીધા. એનું સમાધાન તથા અનુષ્ઠાન આરાધનામાં સહાયક પુરવાર થશે.

છઠ્ઠા અધ્યાયના અંતિમ શ્લોકમાં યોગેશ્વરે એવું કહીને પોતે પ્રશ્નનું બીજારોપણ કર્યું કે, જે યોગી 'મદ્‌ગતેનાન્તરાત્મના' - મારામાં અંતઃકરણથી સ્થિત છે, એને હું શ્રેષ્ઠ યોગી માનું છું. પરમાત્મામાં સારી સ્થિતિ કઈ ? ઘણા યોગીઓ પરમાત્માને મેળવે છે, પરંતુ ત્યાં પણ કોઈક કમી એમને ખટકે છે. લેશમાત્ર કસર ન રહેવી જોઈએ, આવી અવસ્થા ક્યારે આવે? સંપૂર્ણતાથી પરમાત્માની જાણકારી ક્યારે આવે ? ક્યારે આ જાણકારી થાય છે ? આ અંગે યોગેશ્વર કહે છે -

**श्री भगवानुवाच**

**मय्यासक्तमनाः पार्थ योगं युञ्जन्मदाश्रयः ।**
**असंशयं समग्रं मां यथा ज्ञास्यसि तच्छृणु ॥१॥**

હે પાર્થ ! મારામાં આસક્તિ રાખીને, બાહ્ય નહિ, પરંતુ **मदाश्रयाः** અર્થાત્ મારામાં મન પરોવીને યોગની સાધના કરતાં કરતાં, તું મને કેવી રીતે સંપૂર્ણતઃ જાણીશ તે સાંભળ. આને જાણ્યા પછી સહેજ પણ સંશય નહિ રહે. વિભૂતિઓની આ સમગ્ર જાણકારી પર ભાર મૂકતા કહ્યું કે-

**ज्ञानं तेऽहं सविज्ञानमिदं वक्ष्याम्यशेषतः ।**
**यज्ज्ञात्वा नेह भूयोऽन्यज्ज्ञातव्यमवशिष्यते ॥२॥**

હું તારા માટે આ વિજ્ઞાન સહિત જ્ઞાન સંપૂર્ણપણે કહીશ. પૂર્તિકાળમાં યજ્ઞ જેની સૃષ્ટિ કરે છે તે અમૃતત્ત્વની પ્રાપ્તિની સાથે મળનારી જાણકારીનું નામ જ્ઞાન છે. પરમતત્ત્વ પરમાત્માની પ્રત્યક્ષ જાણકારીનું નામ જ્ઞાન છે. મહાપુરુષને એકીસાથે સર્વત્ર કાર્ય કરવાની ક્ષમતા મળે છે તે વિજ્ઞાન છે. ભગવાન બધાના હૃદયમાં એકસાથે કેવી રીતે કામ કરે છે? કેવી રીતે ઊઠે-બેસે છે ? પ્રકૃતિના કેન્દ્રમાંથી મુક્તિ મેળવીને સ્વરૂપ સુધીનું અંતર કેવી રીતે પાર કરી લે છે ? એની આ કાર્યપ્રણાલીનું નામ વિજ્ઞાન છે. આ વિજ્ઞાનસહિતના જ્ઞાનનું હું સંપૂર્ણતયા વર્ણન કરીશ. તેને જાણીને (કેવળ સાંભળીને નહિ) સંસારમાં બીજું કશું જાણવા જેવું રહેતું નથી. માનનારની સંખ્યા ખૂબ ઓછી છે -

**मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये ।**
**यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः ॥३॥**

હજારો માણસોમાં કોઈક મનુષ્ય જ મારી પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે અને આ પ્રયત્ન કરનાર યોગીઓમાં પણ કોઈ વિરલ પુરુષ જ તેને તત્ત્વથી (સાક્ષાત્કાર) સાથે જાણે છે. હવે સમગ્ર તત્ત્વ ક્યાં છે ? એક સ્થાન પર પિંડરૂપે છે અથવા સર્વત્ર વ્યાપ્ત છે ? આ અંગે યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું છે.

**भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च ।**
**अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥४॥**

અર્જુન ! ભૂમિ, જળ, અગ્નિ, વાયુ અને આકાશ તથા મન, બુદ્ધિ અને અહંકાર એ આઠ પ્રકારના ભેદવાળી મારી પ્રકૃતિ છે. આ અષ્ટધા મૂળ પ્રકૃતિ છે.

**अपरेयमितस्त्वन्यां प्रकृतिं विद्धि मे पराम् ।**
**जीवभूतां महाबाहो ययेदं धार्यते जगत् ॥५॥**

**इयम्** અર્થાત્ આ આઠ પ્રકારવાળી મારી અપરા પ્રકૃતિ છે. અર્થાત્ જડ પ્રકૃતિ છે. મહાબાહુ અર્જુન, આનાથી બીજીને જીવરૂપ પરા અર્થાત્ ચેતના પ્રકૃતિ જાણ, જેનાથી સંપૂર્ણ જગત ધારણ કરવામાં આવ્યું છે, તે જીવાત્મા છે. જીવાત્મા પણ પ્રકૃતિના સંબંધમાં રહેવાને કારણે પ્રકૃતિ જ છે.

**एतद्योनीनि भूतानि सर्वाणीत्युपधारय ।**
**अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा ॥६॥**

અર્જુન, એવું સમજ કે સંપૂર્ણભૂત **एतद्योनीनि** આ મહા-પ્રકૃતિઓથી, પરા અને અપરા પ્રકૃતિઓથી જ ઉત્પન્ન થનારાં છે. આ બંને એકમાત્ર યોનિ છે. હું સંપૂર્ણ જગતની ઉત્પત્તિ તથા પ્રલયરૂપ છું, અર્થાત્ મૂળ કારણ છું, જગતની ઉત્પત્તિ મારાથી અને (પ્રલય) વિલય પણ મારામાં છે. જ્યાં સુધી પ્રકૃતિ વિદ્યમાન છે, ત્યાં સુધી હું એની ઉત્પત્તિ છું અને જ્યારે કોઈ મહાપુરુષ પ્રકૃતિનો પાર પામી લે છે ત્યારે હું મહાપ્રલય પણ છું, તે અનુભવાય છે.

સૃષ્ટિની ઉત્પત્તિ અને પ્રલયના પ્રશ્નને માનવસમાજે કુતૂહલથી જોયો છે. વિશ્વનાં અનેક શાસ્ત્રોમાં એને કોઈ ને કોઈ રીતે સમજવાનો પ્રયત્ન ચાલતો રહ્યો છે. કોઈ કહે છે પ્રલયમાં સંસાર ડૂબી જાય છે તો કોઈના મત અનુસાર સૂર્ય એટલો નીચો ઊતરી આવે છે કે સૃષ્ટિ સળગી જાય છે. કોઈ એને કયામત કહે છે એ દિવસે બધાનો ફેંસલો સંભળાવવામાં આવશે. કોઈ નિત્ય પ્રલય, નૈમિત્તિક પ્રલયની ગણના કરવામાં વ્યસ્ત છે. પરંતુ યોગેશ્વર શ્રીકૃષ્ણના કહેવા પ્રમાણે પ્રકૃતિ અનાદિ છે. પરિવર્તનશીલ છે, પરંતુ એનો કદી નાશ થયો નથી.

ભારતીય ધર્મગ્રંથ પ્રમાણે મનુએ પ્રલય જોયો હતો. એમની સાથે અગિયાર ઋષિઓએ મત્સ્યના સીંગમાં નાવ બાંધીને હિમાલયના એક ઊંચા શિખર પર પહોંચીને આશ્રય લીધો હતો. લીલાકાર શ્રીકૃષ્ણના

ઉપદેશો અર્થાત્ જીવન સાથે સંબંધિત એના સમકાલીન શાસ્ત્ર ભાગવત્માં મૃકંડુ મુનિના પુત્ર માર્કંડેય મુનિએ પ્રલયનો આંખે દેખ્યો અહેવાલ પ્રસ્તુત કર્યો છે, તે હિમાલયની ઉત્તરમાં પુષ્પભદ્રા નદીને કિનારે રહેતા હતા.

ભાગવતના બારમા સ્કંધના આઠમા અને નવમા અધ્યાય પ્રમાણે શૌનક આદિ ઋષિઓને સૂતજીને પૂછેલું કે માર્કંડેયજીએ મહાપ્રલયમાં વડના પત્તા પર ભગવાન બાલમુકુન્દનાં દર્શન કર્યાં હતાં. પરંતુ એ તો અમારા વંશના જ હતા. અમારાથી થોડા સમય પૂર્વે થયા હતા. એમના જન્મ પછી ન કોઈ પ્રલય થયો હતો, ન કોઈ સૃષ્ટિ ડૂબી હતી. બધું યથાવત્ છે, ત્યારે એમણે કયો પ્રલય જોયો ?

સૂતજીએ બતાવ્યું કે પ્રાર્થનાથી પ્રસન્ન થઈને માર્કંડેયને નર-નારાયણે દર્શન આપ્યાં. માર્કંડેયે કહ્યું કે હું આપની આ માયાનો સ્વીકાર કરું છું. એક દિવસ મુનિ જ્યારે પોતાના આશ્રમમાં ભગવાનના ધ્યાનમાં લીન થઈને બેઠા હતા ત્યારે એમણે જોયું કે ચારે બાજુથી સમુદ્ર છલકાઈને એમના ઉપર આવી રહ્યો છે. એમાં મગરો છલાંગો મારી રહ્યા હતા. એની ઝપટમાં ઋષિ માર્કંડેય પણ આવી ગયા. તે બચવા માટે આમતેમ ભાગી રહ્યા હતા. આકાશ, સૂર્ય, પૃથ્વી, ચન્દ્રમા, સ્વર્ગ, જ્યોતિષ-મંડલ બધાં એ સમુદ્રમાં ડૂબી ગયાં. એટલામાં માર્કંડેયજીએ એક વૃક્ષ અને એના પાંદડા પર એક બાળક બેઠેલું જોયું. એકી શ્વાસે માર્કંડેય પણ એ શિશુના ઉદરમાં જતા રહ્યા. ત્યાં એમણે પોતાનો આશ્રમ, સૂર્યમંડળ સહિત તમામ સૃષ્ટિ જીવિત જોઈ અને તરત જ એકીશ્વાસે શિશુના પેટની બહાર આવી ગયા. આંખો ખોલી તો માર્કંડેયે જોયું કે પોતે પોતાના જ આશ્રમમાં પોતાના આસન પર બેઠા હતા.

સ્પષ્ટ છે કે કરોડો વર્ષના ભજન બાદ એ મુનિએ ઈશ્વરીય દૃશ્ય પોતાના હૃદયમાં જોયું, અનુભવમાં જોયું કે બહાર તો બધું જ્યાં ને ત્યાં સ્થિત હતું. આમ પ્રલય એ યોગીના હૃદયમાં ઈશ્વરને મળવાની અનુભૂતિ છે. ભજનના પૂર્તિકાળમાં યોગીના હૃદયમાં સંસારનો પ્રવાહ મટીને અવ્યક્ત પરમાત્મા શેષ રહે છે. આ પ્રલય છે. બહાર પ્રલય હોતો નથી. મહાપ્રલય, શરીર રહેવાથી અદ્વૈત અનિર્વચનીય સ્થિતિ છે. આ ક્રિયાત્મક છે. કેવળ બુદ્ધિથી નિર્ણય લેનારા ભ્રમનું સર્જન કરે છે. એ પછી હું હોઉં કે તમે હો.

આગળ જોઈએ -

**मत्तः परतरं नान्यत्किंचिदस्ति धनंजय ।**
**मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ।।७।।**

ધનંજય, મારા સિવાય બીજી એક પણ વસ્તુ અસ્તિત્વમાં નથી. સૂત્રમાં પરોવાયેલ મણિઓની જેમ આ સંપૂર્ણ જગત મારામાં ગૂંથાયેલું છે. આમ છે તો ખરું પરંતુ તે કેવી રીતે જાણીએ ? આ અધ્યાયના પ્રથમ શ્લોક મુજબ અનન્ય આસક્તિ(ભક્તિ)થી મારામાં પરાયણ થઈને યોગમાં એ જ રૂપમાં જોડાઈ જવું એના વિના બીજો માર્ગ નથી. યોગમાં જોડાવું આવશ્યક છે.

**रसोऽहमप्सु कौन्तेय प्रभास्मि शशिसूर्ययोः ।**
**प्रणवः सर्ववेदेषु शब्दः खे पौरुषं नृषु ।।८।।**

કૌન્તેય ! જળમાં હું જ રસ છું, ચન્દ્ર અને સૂર્યમાં હું પ્રકાશ છું. બધા વેદોમાં હું ૐકાર છું. (ઓ + અહમ્ + કાર) - સ્વયંનો આકાર છું. આકાશમાં શબ્દ અને પુરુષોમાં પુરુષતત્ત્વ છું. તથા હું –

**पुण्यो गन्धः पृथिव्यां च तेजश्चास्मि विभावसौ ।**
**जीवनं सर्वभूतेषुं तपश्चास्मि तपस्विषु ।।९।।**

પૃથ્વીમાં પવિત્ર ગંધ અને અગ્નિમાં તેજ હું છું. સંપૂર્ણ જીવોમાં એનું જીવન હું છું અને તપસ્વીઓમાં એમનું તપ હું છું –

**बीजं मां सर्वभूतानां विद्धि पार्थ सनातनम् ।**
**बुद्धिर्बुद्धिमतामस्मि तेजस्तेजस्विनामहम् ।।१०।।**

પાર્થ ! તું જાણ કે તમામ પ્રાણીઓનું સનાતન કારણ અર્થાત્ બીજ હું જ છું. હું બુદ્ધિમાનોની બુદ્ધિ અને તેજસ્વીઓનું તેજ છું. આ ક્રમમાં યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે

**बलं बलवतां चाहं कामरागविवर्जितम् ।**
**धर्माविरुद्धो भूतेषु कामोऽस्मि भरतर्षभ ।।११।।**

હે ભરતશ્રેષ્ઠ અર્જુન ! હું બળવાનોમાં કામના અને આસક્તિરહિત બળ છું. સંસારમાં બધા જ તો બળવાન બને છે. કોઈ દંડ-બેઠક કરે છે, કોઈ પરમાણુ એકઠા કરે છે. પરંતુ શ્રીકૃષ્ણ કહે છે કે કામ અને રાગથી

પર જે બળ છે, તે બળ હું છું, તે જ વાસ્તવિક બળ છે. સર્વ પ્રાણીઓની ધર્મને અનુરૂપ કામના હું છું, પરબ્રહ્મ પરમાત્મા જ એકમાત્ર ધર્મ છે. એનો વિરોધ ન કરનારી કામના પણ હું જ છું. આગળ પણ શ્રીકૃષ્ણે કહ્યું કે અર્જુન ! મારી પ્રાપ્તિ માટેની ઈચ્છા કર. બધી કામના છોડી દેવા યોગ્ય છે. પરંતુ પરમાત્માને મેળવવાની કામના આવશ્યક છે. અન્યથા તમે સાધના કર્મમાં પ્રવૃત્ત થઈ શકશો નહિ. આવી કામના પણ મારી જ આપેલી છે.

**ये चैव सात्त्विका भावा राजसास्तामसाश्च ये ।**
**मत्त एवेति तान्विद्धि न त्वहं तेषु ते मयि ॥१२॥**

વળી જે સત્ત્વગુણથી ઉત્પન્ન થનારા ભાવ છે, જે રજોગુણથી અને તમોગુણથી ઉત્પન્ન થનારા ભાવ છે તે સૌ મારાથી જ ઉત્પન્ન થયેલા છે એમ સમજ. પરંતુ વાસ્તવમાં તે સૌમાં હું અને તે મારામાં નથી, કેમકે ન તો હું એમાં ખોવાયો છું, ન તેઓ મારામાં પ્રવેશ મેળવી શકે છે. આનું કારણ એ છે કે મને કર્મની સ્પૃહા નથી. હું નિર્લેપ છું. મારે એમનામાં કાંઈ મેળવવાનું નથી. આથી તે મારામાં પ્રવેશ કરી શકતા નથી. આવું હોવા છતાં પણ -

જેમ આત્માની ઉપસ્થિતિથી જ શરીરને ભૂખ-તરસ લાગે છે. આત્માને તો અન્નજળની કોઈ આવશ્યકતા નથી, એ જ રીતે પ્રકૃતિ પરમાત્માની હાજરીમાં જ પોતાનું કાર્ય કરી શકે છે. પરંતુ પરમાત્મા એનાં ગુણ અને કાર્યોથી નિર્લેપ રહે છે.

**त्रिभिर्गुणमयैर्भावैरेभिः सर्वमिदं जगत् ।**
**मोहितं नाभिजानाति मामेभ्यः परमव्ययम् ॥१३॥**

સાત્ત્વિક, રજસ અને તામસ આ ત્રણે ગુણોના કાર્યરૂપ ભાવોથી સમગ્ર જગત મોહિત થઈ રહ્યું છે. આથી લોકો આ ત્રણે ગુણોથી પર મને અવિનાશી તત્ત્વને સારી રીતે નથી જાણતા. હું ત્રણે ગુણથી પર છું. અર્થાત્ આ ત્રણ ગુણોનું અંશમાત્ર આવરણ પણ હોય છે ત્યાં સુધી કોઈ મને જાણી શકતું નથી. એણે હજી ચાલવાનું છે, તે પથિક છે, અને—

**दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।**
**मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥१४॥**

મારી આ ત્રિગુણાત્મક અદ્‌ભુત માયા દુસ્તર છે – તરવી દોહ્યલી છે, પરંતુ જે મનુષ્ય મને નિરંતર ભજે છે તે આ માયાનો પાર પામી શકે છે. આ માયા છે તો દૈવી પરંતુ તેથી અગરબત્તી સળગાવી એની પૂજા કરવા બેસી જવું નહિ, એનાથી પાર જવાનું છે –

**न मां दुष्कृतिनो मूढाः प्रपद्यन्ते नराधमाः ।**
**माययापहृतज्ञाना आसुरं भावमाश्रिताः ॥१५॥**

જે મને નિરંતર ભજે છે તે મને જાણે છે, છતાં લોકો મને ભજતા નથી. માયાએ જેમના જ્ઞાનને હરી લીધું છે. જે આસુરી સ્વભાવવાળા છે. મનુષ્યોમાં અધમ છે, કામક્રોધાદિ દુષ્કૃત્યો કરનારા મૂઢ લોકો છે તે મને ભજતા નથી. તો કોણ ભજે છે ?

**चतुर्विधा भजन्ते मां जनाः सुकृतिनोऽर्जुन ।**
**आर्त्तो जिज्ञासुरर्थार्थीज्ञानी च भरतर्षभ ॥१६॥**

હે ભરતશ્રેષ્ઠ અર્જુન ! **सुकृतिनः** ઉત્તમ અર્થાત્ નિયત કર્મ (જેના પરિણામે શ્રેયની પ્રાપ્તિ થાય તે) કરનારા, **अर्थार्थी** અર્થાત્ સકામ **आर्त** અર્થાત્ દુઃખમાંથી છુટકારો ઇચ્છનારા **जिज्ञासु** અર્થાત્ પ્રત્યક્ષરૂપે જાણવાની ઇચ્છાવાળા અને **ज्ञानी** અર્થાત્ જે પ્રવેશની સ્થિતિમાં છે તે આ ચારે પ્રકારના ભક્તો મને ભજે છે.

‘**अर्थ**’ એ વસ્તુ છે જેનાથી આપણા શરીર અથવા સંબંધોની પૂર્તિ થાય. તેથી અર્થ, કામનાઓ બધું પહેલાં તો ભગવાન દ્વારા પૂર્ણ થાય છે. શ્રીકૃષ્ણ કહે છે કે હું જ પૂર્ણ કરું છું, પરંતુ આટલો જ વાસ્તવિક અર્થ નથી. આત્મિક સંપત્તિ જ સ્થિર સંપત્તિ છે – આ જ અર્થ છે.

સાંસારિક અર્થની પૂર્તિ કરતાં કરતાં ભગવાન વાસ્તવિક અર્થ આત્મિક સંપત્તિ તરફ આગળ વધારે છે, કારણ કે તે જાણે છે કે આટલા માત્રથી મારો ભક્ત સુખી થશે નહિ. તેથી તે તેને આત્મિક સંપત્તિ આપવા લાગે છે. **लोक लाहु परलोक निबाहू** – આ લોકમાં લાભ અને

પરલોકમાં નિર્વાહ એ બંને ભગવાનની વસ્તુ છે. ભગવાન પોતાના ભક્તને ખાલી રાખતા નથી.

'આર્ત' એટલે જે દુઃખી હોય — જિજ્ઞાસુ — સમગ્રપણે જાણવાની ઈચ્છાવાળા, જિજ્ઞાસુ મને ભજે છે. સાધનાની પરિપક્વ અવસ્થામાં દિગ્દર્શન (પ્રત્યક્ષ દર્શન)ની અવસ્થાવાળા જ્ઞાની પણ મને ભજે છે. આમ ચાર પ્રકારના ભક્ત મને ભજે છે જેમાં 'જ્ઞાની' શ્રેષ્ઠ છે અર્થાત્ જ્ઞાની પણ ભક્ત જ છે. આ સૌમાં પણ —

**तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते ।**
**प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः ॥१७॥**

અર્જુન ! આમાં પણ હંમેશાં મારામાં એકાત્મભાવથી સ્થિત, અનન્ય ભક્તિવાળો જ્ઞાની વિશિષ્ટ છે, કારણ કે સાક્ષાત્કાર સહિત જાણનારા જ્ઞાનીને હું અત્યંત પ્રિય છું અને તે જ્ઞાની પણ મને અતિપ્રિય છે. એ જ્ઞાની મારું જ સ્વરૂપ છે.

**उदाराः सर्व एवैते ज्ञानी त्वात्मैव मे मतम् ।**
**आस्थितः स हि युक्तात्मा मामेवानुत्तमां गतिम् ॥१८॥**

આમ ચારેય પ્રકારના મારા ભક્તો ઉદાર છે. (કઈ ઉદારતા કરી ? શું તમારી ભક્તિ કરવાથી ભગવાનને કંઈ મળી જાય છે ? ભગવાનમાં શું કોઈ કમી છે ? જે તમે પૂરી કરી દીધી ? ના, હકીકતમાં તો જે પોતાના આત્માને અધોગતિમાં ન નાખે, તેના ઉદ્ધાર માટે તત્પર થાય તે જ ઉદાર છે. આ રીતે આ સૌ ઉદાર છે.) પરંતુ જ્ઞાની તો સાક્ષાત્ મારું સ્વરૂપ જ છે એવી મારી માન્યતા છે. કેમકે સ્થિર બુદ્ધિવાળો તે જ્ઞાની ભક્ત સર્વોત્તમ ગતિસ્વરૂપ મારામાં જ સ્થિત છે. અર્થાત્ હું તે છું, તે મારામાં છે, મારામાં અને તેનામાં કોઈ અંતર નથી. આ વાત ફરી ભારપૂર્વક કહે છે—

**बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते ।**
**वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥१९॥**

અનેક જન્મો સુધી અભ્યાસ કરતાં કરતાં છેલ્લા જન્મમાં સાક્ષાત્કાર થતાં આ બધું વિશ્વ વાસુદેવ જ છે. એમ જાણી મારું ભજન કરનારો મહાત્મા મળવો ઘણો દુર્લભ છે. તે કોઈ વાસુદેવની પ્રતિમા ઘડાવતો નથી, પરંતુ પોતાની અંદર જ પરમેશ્વરને પામે છે. આવા જ્ઞાની મહાત્માને

શ્રીકૃષ્ણ તત્ત્વદર્શી પણ કહે છે. આવા મહાપુરુષોથી બહાર સમાજમાં કલ્યાણ થવાનો સંભવ છે. આ રીતે પ્રત્યક્ષ તત્ત્વદર્શી મહાપુરુષ શ્રીકૃષ્ણના શબ્દોમાં અતિ દુર્લભ છે.

જ્યારે શ્રેય અને પ્રેય (મુક્તિ અને ભોગ) બંને ભગવાનને જઈ મળે છે ત્યારે સૌએ એકમાત્ર ભગવાનની જ ભક્તિ કરવી જોઈએ. છતાં લોકો મને ભજતા નથી. શા માટે ? શ્રીકૃષ્ણના જ શબ્દોમાં –

**कामैस्तैस्तैर्हृतज्ञानाः प्रपद्यन्तेऽन्यदेवताः ।**
**तं तं नियममास्थाय प्रकृत्या नियताः स्वया ॥२०॥**

'તે તત્ત્વદર્શી મહાત્મા અથવા પરમાત્મા જ સર્વ કાંઈ છે.'– લોકો આવું સમજી શકતા નથી. કેમકે ભોગોની કામના લોકોના વિવેકને હરી લે છે. આથી પોતાની પ્રકૃતિ અર્થાત્ જન્મ-જન્માંતરોથી પ્રાપ્ત સંસ્કારોથી પ્રેરાઈને તે, પરમાત્મામાંથી અલગ અન્ય દેવતાઓનું અને એમના પ્રચલિત નિયમોનું શરણ લે છે. અહીં અન્ય દેવતાઓની વાત પહેલી વાર કરવામાં આવી છે.

**यो यो यां यां तनुं भक्तः श्रद्धयार्चितुमिच्छति ।**
**तस्य तस्याचलां श्रद्धां तामेव विदधाम्यहम् ॥२१॥**

જે જે સકામી ભક્તો જે જે દેવતાઓને શ્રદ્ધાથી પૂજવા ઇચ્છે છે, હું એ જ દેવતા પ્રત્યેની એમની શ્રદ્ધાને દૃઢ કરું છું, કેમકે દેવતા નામની કોઈ વસ્તુ હોત તો તે દેવતા જ શ્રદ્ધાને સ્થિર કરત–

**स तया श्रद्धया युक्तस्तस्याराधनमीहते ।**
**लभते च ततः कामान्मयैव विहितान्हि तान् ॥२२॥**

તે પુરુષ તે શ્રદ્ધાપૂર્વક તે દેવતાઓના સ્વરૂપની પૂજા કરવા તત્પર થાય છે અને એ દેવતાના માધ્યમથી મારા દ્વારા રચિત એ ઈચ્છિત ભોગોને નિઃશંક પ્રાપ્ત કરે છે. ભોગ કોણ આપે છે ? હું જ આપું છું. ભોગ એમની જ શ્રદ્ધાનું પરિણામ છે, એ કોઈ દેવતાએ આપેલી ભેટ નથી. પરંતુ તેને ફળ તો પ્રાપ્ત થાય છે, તો પછી એમાં ખોટું શું છે ? આ અંગે કહે છે –

**अन्तवत्तु फलं तेषां तद्भवत्यल्पमेधसाम् ।**
**देवान्देवयजो यान्ति मद्भक्ता यान्ति मामपि ॥२३॥**

પરંતુ આ અલ્પબુદ્ધિવાળાઓને મળતું આ ફળ નાશવંત છે. ભોગવતાં ભોગવતાં આ ફળ નષ્ટ થઈ જાય છે. આથી નાશવંત છે. દેવતાઓને પૂજનારા દેવતાઓને પ્રાપ્ત થાય છે. અર્થાત્ દેવતા પણ નાશવંત છે. દેવતાઓથી માંડી સમગ્ર જગત પરિવર્તનશીલ અને મર્ત્ય છે. મારો ભક્ત મને જ પ્રાપ્ત થાય છે, જે અવ્યક્ત છે. **नैष्ठिकीम् परमशांति** મેળવે છે.

ત્રીજા અધ્યાયમાં યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું છે કે, આ યજ્ઞ દ્વારા તમે લોકો દેવતાઓ અર્થાત્ દૈવી સંપત્તિની ઉન્નતિ કરો છો. જેમ જેમ દૈવી સંપત્તિની ઉન્નતિ થશે તે જ તમારી ઉન્નતિ છે. ક્રમશઃ ઉન્નતિ કરતાં કરતાં પરમ શ્રેયને પ્રાપ્ત કરો. અહીં આ દેવતાઓ એવી દૈવી સંપત્તિનો સમૂહ છે, જેનાથી પરમદેવ પરમાત્માનું દેવત્વ પ્રાપ્ત થાય છે. દૈવી સંપત્તિ મોક્ષ માટે છે. એનાં ચોવીસ લક્ષણોનું વર્ણન સોળમા અધ્યાયમાં કરવામાં આવ્યું છે.

'દેવતા' એટલે હૃદયના અંતર્ગત ભાગમાં પરમદેવ પરમાત્માના દેવત્વને પ્રાપ્ત કરાવનાર સદ્‌ગુણો. આમ તો આ હતી અંદરની વસ્તુ. પરંતુ કાલાન્તરે લોકોએ ભીતરની – અંદરની વસ્તુને બહાર જોવાનું શરૂ કર્યું. મૂર્તિઓ ઘડી, કર્મકાંડ વિધિઓ રચી દીધી અને વાસ્તવિકતાથી દૂર જઈને ઊભા. શ્રીકૃષ્ણે આ ભ્રાન્તિનું નિરાકરણ ઉપર્યુક્ત ચાર શ્લોકોમાં કર્યું. ગીતામાં પહેલી વાર 'અન્ય દેવતાઓ'નું નામ લઈને લોકોને કહ્યું કે દેવતા હોતા જ નથી લોકોની શ્રદ્ધા જ્યાં ઝૂકે છે ત્યાં હું જ ઊભો રહીને એમની શ્રદ્ધાને પુષ્ટ કરું છું. હું ત્યાં ફળ આપું છું, પરંતુ તે ફળ નાશવંત છે. ફળ નાશ પામે છે. દેવતા નાશ પામે છે અને દેવતાઓને પૂજનાર પણ નાશ પામે છે. જેમનો વિવેક નષ્ટ થઈ ગયો છે. તે મૂઢબુદ્ધિ જ અન્ય દેવતાઓને પૂજે છે. શ્રીકૃષ્ણ તો એટલે સુધી કહે છે કે અન્ય દેવતાઓને પૂજવાનું વિધાન જ અયુક્તિસંગત છે. (આગળ જોઈશું ૯-૨૩)

**अव्यक्तं व्यक्तिमापन्नं मन्यन्ते मामबुद्धयः ।**
**परं भावमजानन्तो ममाव्ययमनुत्तमम् ॥२४॥**

દેવતા નામની કોઈ વસ્તુ જ નથી અને દેવતાઓના નામ પર જે ફળ મળે છે તે પણ નાશવંત છે, છતાં પણ બધા લોકો મારું ભજન કરતા નથી, કેમકે (આગળના શ્લોકમાં આવી ગયું કે કામનાઓએ જેમનું જ્ઞાન હરી લીધું છે તે) તે બુદ્ધિહીન પુરુષો મારા સર્વોત્તમ, અવિનાશી અને પરમ પ્રભાવને સરખી રીતે જાણતા નથી. એટલા માટે તે મને અવ્યક્ત પુરુષને વ્યક્તિભાવ પ્રાપ્ત થયેલો માને છે — મનુષ્ય માને છે. અર્થાત્ શ્રીકૃષ્ણ પણ મનુષ્ય શરીરધારી યોગી હતા, યોગેશ્વર હતા. જે સ્વયં યોગી હોય અને અન્યને પણ યોગ પ્રદાન કરવાની જેનામાં ક્ષમતા હોય એને યોગેશ્વર કહેવામાં આવે છે. સાધનાના સાચા માર્ગને પકડીને ક્રમશઃ ઉન્નતિ સાધતાં સાધતાં મહાપુરુષ પણ એ જ પરમભાવને પ્રાપ્ત કરે છે. શરીરધારી હોવા છતાં તે એ અવ્યક્ત સ્વરૂપમાં સ્થિર થઈ જાય છે. છતાં પણ કામનાઓથી મંદબુદ્ધિના લોકો એને સાધારણ વ્યક્તિ જ માને છે. તેઓ વિચારે છે કે પોતાની જેમ જ આવા લોકો પણ પેદા થાય છે. તો તેઓ ભગવાન કેવી રીતે બની શકે ? એ બિચારાઓનો દોષ પણ શો છે? નજર નાખીએ તો શરીર જ દેખાય છે. તેઓ મહાપુરુષોના વાસ્તવિક સ્વરૂપને કેમ દેખી શકતા નથી ? આ અંગે યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું કે—

**नाहं प्रकाशः सर्वस्य योगमायासमावृत्तः ।**
**मूढोऽयं नाभिजानाति लोको मामजमवन्ययम् ।।२५।।**

સામાન્ય મનુષ્યો માટે માયા એક પડદો છે, જેનાથી પરમાત્મા સંપૂર્ણતયા ઢંકાયેલો છે. યોગ-સાધના સમજીને તે એમાં પ્રવૃત્ત થાય છે. ત્યાર બાદ યોગ-માયા અર્થાત્ યોગ-ક્રિયા પણ એક આવરણ જ છે. યોગનું અનુષ્ઠાન કરતાં કરતાં એની પરાકાષ્ઠા યોગારૂઢતા આવી ગયા પછી તે છુપાયેલો પરમાત્મા વિદિત થાય છે. યોગેશ્વર કહે છે કે હું મારી યોગ-માયાથી ઢંકાયેલો છું. માત્ર યોગની પરિપક્વ અવસ્થાવાળો જ મને યથાર્થપણે જોઈ શકે છે. હું બધાને પ્રત્યક્ષ નથી. આથી આ અજ્ઞાની પુરુષ મને, જન્મરહિત (જેને હવે જન્મ લેવાનો નથી) અવિનાશી (જેનો જન્મ થતો નથી.) અવ્યક્ત સ્વરૂપ (જેને પુનઃ વ્યક્ત થવાનું નથી.)ને જાણતા નથી. અર્જુન પણ શ્રીકૃષ્ણને પોતાની જેમ જ મનુષ્ય માને છે. આગળ

એણે જોયું તો અર્જુન ગદ્ગદ થઈ ગયો, વિનંતી કરવા લાગ્યો. વસ્તુતઃ અવ્યક્ત સ્થિતિ મહાપુરુષને ઓળખવામાં આપણે લોકો મહદંશે અંધ જ રહીએ છીએ. આગળ કહે છે –

**वेदाहं समतीतानि वर्तमानानि चार्जुन ।**
**भविष्याणि च भूतानि मां तु वेद न कश्चन ॥२६॥**

અર્જુન ! હું અતીત, વર્તમાન અને ભવિષ્યમાં થનાર પ્રાણીમાત્રને જાણું છું. પરંતુ મને કોઈ જાણતું નથી કેમ જાણતા નથી ?

**इच्छाद्वेषसमुत्थेन द्वन्द्वमोहेन भारत ।**
**सर्वभूतानि संमोहं सर्गे यान्ति परंतप ॥२७॥**

ભરતવંશી અર્જુન ! ઇચ્છા અને દ્વેષ અર્થાત્ રાગદ્વેષાદિ દ્વંદ્વના મોહથી સંસારનાં સર્વ પ્રાણી અત્યંત મોહ પ્રાપ્ત કરે છે, એટલા માટે મને જાણી શકતાં નથી, તો શું કોઈ જાણી શકશે નહિ ? યોગેશ્વર કહે છે –

**येषां त्वन्तगतं पापं जनानां पुण्यकर्मणाम् ।**
**ते द्वन्द्वमोहनिर्मुक्ता भजन्ते मां दृढव्रताः ॥२८॥**

પરંતુ, પુણ્ય કર્મો કરનાર (જે સંસૃતિનો અંત કરનાર છે, જેને **कार्यम् कर्म –** કર્મ કરો, નિયત કર્મ, યજ્ઞની પ્રક્રિયા કહીને વારંવાર સમજાવ્યું છે તે કર્મને) જે ભક્તોનાં પાપ નાશ પામ્યાં છે, તે રાગદ્વેષાદિ દ્વન્દ્વના મોહથી સારી રીતે મુક્ત થઈને વ્રતમાં દૃઢ રહીને મને ભજે છે. શા માટે ભજે છે ?

**जरामरणमोक्षाय मामाश्रित्य यतन्ति ये ।**
**ते ब्रह्म तद्विदुः कृत्स्नमध्यात्मं कर्म चाखिलम् ॥२९॥**

જે મારા શરણમાં આવીને જરામરણથી મુક્તિ પામવા પ્રયત્ન કરે છે તે મનુષ્ય આ બ્રહ્મને, સંપૂર્ણ અધ્યાત્મને અને સંપૂર્ણ કર્મને જાણે છે અને આ ક્રમમાં -

**साधिभूताधिदैवं मां साधियज्ञं च ये विदुः ।**
**प्रयाणकालेऽपि च मां ते विदुर्युक्तचेतसः ॥३०॥**

જેઓ અધિભૂત, અધિદૈવ અને અધિયજ્ઞ સહિત મને ઓળખે છે એવા સમત્વ પામેલા લોકો મરણ સમયે પણ મને જ જાણે છે. મારામાં સ્થિર થાય છે અને હંમેશાં મને પ્રાપ્ત કરે છે. છવ્વીસમા અને સત્તાવીસમા શ્લોકમાં એમણે કહ્યું કે મને કોઈ જાણતું નથી, કેમકે તેઓ મોહગ્રસ્ત છે. પરંતુ જેઓ આ મોહમાંથી છૂટવાનો પ્રયત્ન કરે છે. તે (૧) સંપૂર્ણ બ્રહ્મ, (૨) સંપૂર્ણ અધ્યાત્મ, (૩) સંપૂર્ણ કર્મ, (૪) સંપૂર્ણ અધિભૂત, (૫) સંપૂર્ણ અધિદૈવ, (૬) સંપૂર્ણ અધિયજ્ઞ સહિત મને જાણે છે અર્થાત્ એ બધાનું પરિણામ હું (સદ્ગુરુ) છું. તેઓ જ મને જાણે છે, એવું નથી કે કોઈ જ જાણતા નથી.

**નિષ્કર્ષ :**

સાતમા અધ્યાયમાં યોગેશ્વર શ્રીકૃષ્ણે દર્શાવ્યું કે અનન્ય ભાવથી જે મારામાં સમર્પિત થાય છે, મારા આશ્રિત થઈને યોગમાં જોડાય છે તે સમગ્ર રૂપથી મને જાણે છે. મને જાણવાનો હજારોમાંથી કોઈ એક વિરલો પ્રયત્ન કરે છે અને પ્રયત્નો કરનારાઓમાંથી પણ કોઈક વિરલો જ મને પ્રાપ્ત કરે છે. તે મને પિંડસ્વરૂપમાં એકદેશીય નહિ, પરંતુ સર્વત્ર વ્યાપેલો જાણે છે. આઠ ભેદવાળી મારી પ્રકૃતિ છે. આ બંનેના સંયોગથી આખું જગત ઊભું છે. મારા દ્વારા જ તેજ અને બળ છે. રાગ અને કામથી રહિત બળ તથા ધર્માનુકૂળ કામના પણ હું જ છું. બધી કામનાઓ ત્યાગવા યોગ્ય છે. પરંતુ મારી પ્રાપ્તિ માટે કામના કર. આવી ઇચ્છા ઉત્પન્ન થાય તે પણ મારી કૃપા છે. કેવળ પરમાત્માને પામવાની કામના જ 'ધર્માનુકૂલ કામના' છે.

શ્રીકૃષ્ણે બતાવ્યું છે કે 'હું ત્રિગુણાતીત છું. પરમનો સ્પર્શ કરીને પરમભાવમાં સ્થિર થયો છું. પરંતુ ભોગાસક્ત મૂઢ માણસ સીધેસીધો મને ભજવાને બદલે અન્ય દેવતાઓની ઉપાસના કરે છે. અલબત્ત, ત્યાં દેવતા નામે અન્ય કંઈ નથી. પથ્થર પાણી વૃક્ષ જેની પણ પૂજા કરવાનું તે ઇચ્છે છે, તેની શ્રદ્ધાને હું પુષ્ટ કરું છું. પડદા પાછળ રહીને ફળ પણ હું જ આપું છું. કેમકે અન્ય કોઈ દેવતા છે જ નહિ, કોઈ દેવતાની પાસે કોઈ ભોગ નથી. લોકો મને સાધારણ વ્યક્તિ સમજીને ભજતા નથી. કેમકે હું યોગપ્રક્રિયાથી ઢંકાયેલો છું. અનુષ્ઠાન કરતાં કરતાં યોગમાયાનું આવરણ

પાર કરનાર જ મને શરીરધારીને પણ અવ્યક્ત રૂપમાં જ જાણે છે. અન્ય સ્થિતિમાં નહિ.'

મારા ભક્તો ચાર પ્રકારના છે — અર્થાર્થી, આર્ત, જિજ્ઞાસુ અને જ્ઞાની. જન્મ-જન્માન્તરના ચિંતન બાદ, અંતિમ જન્મમાં પ્રાપ્તિવાળો જ્ઞાની મારું જ સ્વરૂપ છે. અર્થાત્ અનેક જન્મોના ચિંતનથી એણે ભગવત-સ્વરૂપને પ્રાપ્ત કરી લીધું છે. રાગ-દ્વેષના મોહથી આક્રાન્ત મનુષ્ય મને જાણી શકતો નહિ, પરંતુ રાગદ્વેષથી રહિત થઈને જે નિયત કર્મ (જેને સંક્ષિપ્તમાં આરાધના કહી શકીએ.)નું ચિંતન કરતા રહીને જન્મમરણથી છૂટવા માટે પ્રયત્નશીલછે તે પુરુષ સંપૂર્ણરૂપે મને જાણી લે છે. તે સંપૂર્ણ બ્રહ્મને, સંપૂર્ણ અધ્યાત્મને, સંપૂર્ણ અધિદેવને, સંપૂર્ણ કર્મને, સંપૂર્ણ યજ્ઞ સહિત મને જાણે છે. તે મારામાં પ્રવેશ કરે છે અને અંતકાળમાં પણ મને જ જાણે છે. અર્થાત્ પછી ક્યારેય તેને વિસ્મૃતિ થતી નથી.

આ અધ્યાયમાં પરમાત્માની સમગ્ર જાણકારીનું વિવેચન છે. તેથી

**ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे 'समग्र बोधः' नाम सप्तमोऽध्यायः ॥७॥**

આ રીતે શ્રીમદ્ ભગવદ્ગતારૂપી ઉપનિષદ અર્થાત્ બ્રહ્મવિદ્યા તથા યોગશાસ્ત્રવિષયક શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદમાં 'સમગ્ર બોધ' નામનો સાતમો અધ્યાય પૂરો થાય છે.

**इति श्रीमत्परमहंस परमानन्दस्य शिष्य स्वामी श्री अडगडानन्दकृते श्रीमद्भगवत्गीतायाः 'यथार्थ गीता' भाष्ये 'समग्र बोधः' नाम सप्तमोऽध्यायः ॥७॥**

આ રીતે શ્રીમત્પરમહંસ પરમાનન્દજીના શિષ્ય સ્વામી શ્રી અડગડાનન્દકૃત શ્રીમદ્ભગવદ્ગીતાના ભાષ્ય 'યથાર્થ ગીતા'માં 'સમગ્ર જાણકારી' નામનો સાતમો અધ્યાય પૂરો થાય છે.

**॥ हरिः ॐ तत्सत् ॥**

ॐ

**श्री परमात्मने नमः**

# અધ્યાય આઠમો

સાતમા અધ્યાયના અંતે યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું કે પુણ્યકર્મ (નિત્યર્મ આરાધના)કરનારો યોગી, બધાં જ પાપોથી મુક્ત થઈને એ વ્યાપ્ત બ્રહ્મને જાણે છે. એટલે કે કર્મ કોઈ એવી વસ્તુ છે જે વ્યાપ્ત બ્રહ્મનું જ્ઞાન કરાવે છે. એ કર્મ કરનારો વ્યાપ્ત બ્રહ્મને, સંપૂર્ણ કર્મને, સંપૂર્ણ અધ્યાત્મને, સંપૂર્ણ અધિદેવ, અધિભૂત અને અધિયજ્ઞ સહિત મને જાણે છે. આથી કર્મ કોઈ એવી વસ્તુ છે જે આ બધાનો પરિચય કરાવે છે. તેઓ અંતકાળમાં પણ મને જ જાણે છે. તેઓનું જ્ઞાન ક્યારેય વિસ્મૃત થતું નથી.

આ અંગે અર્જુને આ અધ્યાયની શરૂઆતમાં એ જ શબ્દોનું પુનરાવર્તન કરતાં પ્રશ્ન કર્યો -

**अर्जुन उवाच**

**किं तद्ब्रह्म किमध्यात्मं किं कर्म पुरुषोत्तम ।**
**अधिभूतं च किं प्रोक्तमधिदैवं किमुच्यते ॥१॥**

હે પુરુષોત્તમ ! એ બ્રહ્મ શું છે ? અધ્યાત્મ શું છે ? કર્મ શું છે ? અધિભૂત તથા અધિદૈવ કોને કહેવામાં આવે છે ?

**अधियज्ञः कथं कोऽत्र देहेस्मिन्मधुसूदन ।**
**प्रयाणकाले च कथं ज्ञेयोऽसि नियतात्मभिः ॥२॥**

હે મધુસૂદન ! અહીં અધિયજ્ઞ કોણ છે અને એ આ શરીરમાં કેવી રીતે છે ? એ નિશ્ચિત છે કે અધિયજ્ઞ એટલે યજ્ઞનો અધિષ્ઠાતા કોઈ એવો પુરુષ છે, જે મનુષ્યશરીરના આધારવાળો છે. સમાહિત ચિત્તવાળા પુરુષો અંતસમયે આપને કેવી રીતે જાણી શકે છે ? આ સાતેય પ્રશ્નોના ક્રમવાર ઉત્તર આપવા માટે યોગેશ્વર શ્રીકૃષ્ણ બોલ્યા –

**श्री भगवानउवाच -**

**अक्षरं ब्रह्म परमं स्वभावोऽध्यात्ममुच्यते ।**
**भूतभावोद्भवकरो विसर्गं कर्मसंज्ञितः ॥३॥**

''**अक्षरं ब्रह्म परमं**'' જે અક્ષય છે, જેનો ક્ષય નથી થતો એ જ પરમબ્રહ્મ ''**स्वभावः अध्यात्मम् उच्यते**'' સ્વયં પોતાનામાં સ્થિર ભાવ જ, અધ્યાત્મ એટલે કે આત્માનું આધિપત્ય છે. આના પહેલાં બધા માયાના આધિપત્યમાં રહે છે, પરંતુ જ્યારે 'સ્વ-ભાવ' એટલે કે સ્વરૂપમાં સ્થિર ભાવ (સ્વયંમાં સ્થિરભાવ) ભળે છે એમાં આત્માનું જ આધિપત્ય પ્રવાહિત થઈ જાય છે. આ જ અધ્યાત્મ છે, અધ્યાત્મની પરાકાષ્ઠા છે, **भूतभावोद्भवकरः** – ભૂતોનો એ ભાવ જે કંઈક ને કંઈક ઉદ્ભવ કરે છે, એટલે કે પ્રાણીઓના એ સંકલ્પ જે સારા અથવા ખરાબ સંસ્કારોની સંરચના કરે છે, એમનો વિસર્ગ એટલે કે વિસર્જન, એમનો નાશ થવો એ જ કર્મની પરાકાષ્ઠા છે. આ જ સંપૂર્ણ કર્મ છે, જેના માટે યોગેશ્વરે કહ્યું – 'એ સંપૂર્ણ કર્મને જાણે છે.' ત્યાં કર્મ પૂર્ણ છે. આગળ જવાની આવશ્યકતા નથી (નિયત કર્મ). આવી સ્થિતિમાં જ્યારે મનુષ્યના એ ભાવ કે જે કોઈ ને કોઈ રચના કરે છે, સારા કે ખરાબ સંસ્કાર ગ્રહણ કરે છે, બનાવે છે, એ બધા જ્યારે સંપૂર્ણ શાંત થઈ જાય એ જ કર્મની સંપૂર્ણતા છે. આનાથી આગળ કર્મ કરવાની જરૂર રહેતી નથી. આમ, કર્મ એ કોઈ એવી વસ્તુ છે, જે મનુષ્યના સંપૂર્ણસંકલ્પોને, જેનાથી કોઈ ને કોઈ સંસ્કાર બને છે. એનું શમન, નાશ કરે છે. કર્મનો અર્થ (આરાધના) ચિંતન, જે યજ્ઞમાં છે.

**अधिभूतं क्षरो भावः पुरुषश्चाधिदैवतम् ।**
**अधियज्ञोऽहमेवात्र देहे देहभृतां वर ॥४॥**

જ્યાં સુધી અક્ષય ભાવ પ્રાપ્ત થતો નથી ત્યાં સુધી સંપૂર્ણ ક્ષર ભાર 'અધિભૂત' એટલે કે ભૂતોના આધારરૂપ છે. એ જ મનુષ્યની ઉત્પત્તિનું

કારણ છે : **पुरुषः च अधिदैवतम्** – અને પ્રકૃતિથી પર જે પરમ પુરુષ છે, એ જ અધિદૈવ એટલે કે સંપૂર્ણ દેવો(દૈવી સંપદ)નો અધિષ્ઠાતા છે. દૈવી સંપદ તે પરમદેવમાં જ વિલય પામે છે. હે દેહધારીઓમાં શ્રેષ્ઠ અર્જુન! આ મનુષ્ય-શરીરમાં હું જ 'અધિયજ્ઞ' અર્થાત્ યજ્ઞોમાનો અધિષ્ઠાતા છું. આમ આ શરીરમાં અવ્યક્ત સ્વરૂપમાં સ્થિત મહાપુરુષ જ અધિયજ્ઞ છે. યોગેશ્વર શ્રીકૃષ્ણ એક યોગી હતા. તેઓ સંપૂર્ણ યજ્ઞોના ભોક્તા છે. અંતે યજ્ઞ એમાં પ્રવેશ પામી જાય છે. તે જ પરમસ્વરૂપ પ્રાપ્ત થાય છે, આ પ્રમાણે અર્જુનના છ પ્રશ્નોનું સમાધાન થયું, હવે છેલ્લો પ્રશ્ન કે ક્યારેય વિસ્મૃત નથી થતા તે આપ અંતકાળમાં કેવી રીતે જાણી શકાઓ છો ? યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે –

**अन्तकाले च मामेव स्मरन्मुक्त्वा कलेवरम् ।**
**यः प्रयाति स मद्भावं याति नास्त्यत्र संशयः ॥५॥**

યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે કે જે પુરુષ અંતકાળે એટલે કે મનના નિગ્રહ અને વિલયકાળમાં મારું જ સ્મરણ કરતો શરીરના સંબંધ છોડી અલગ થઈ જાય છે, તે **મદ્ભાવ** સાક્ષાત્ મારા સ્વરૂપને જ પામે છે, એમાં સંશય નથી.

શરીરનો નાશ થવો એ શુદ્ધ અંતકાળ નથી. મર્યા પછી પણ શરીરોનો ક્રમ પાછળ લાગેલો રહે છે. સંચિત સંસ્કારોનો સ્તર સમાપ્ત થઈ ગયા બાદ તરત જ મનનો નિગ્રહ થઈ જાય છે અને એ મન પણ જ્યારે વિલીન થઈ જાય તો ત્યાં જ અંતકાળ છે, એ પછી દેહ ધારણ કરવો પડતો નથી. આ ક્રિયાત્મક છે, માત્ર કહેવાથી, વાર્તાક્રમથી નહિ સમજાય. જ્યાં સુધી વસ્ત્રોની જેમ શરીરનું પરિવર્તન થઈ રહ્યું હોય ત્યાં સુધી શરીરોનો અંત ક્યાં થાય ? મનનો નિગ્રહ અને નિરુદ્ધ મનના વિલયકાળમાં જીવતે જીવત શરીરના સંબંધોનો વિચ્છેદ થઈ જાય છે. જો મર્યા પછી જ આ સ્થિતિ મળતી હોત તો, શ્રીકૃષ્ણ પણ પૂર્ણ ન હોત. એમણે કહ્યું કે અનેક જન્મોના અભ્યાસથી પ્રાપ્તિવાળો જ્ઞાની સાક્ષાત્ મારું સ્વરૂપ છે. હું તે છું અને તે મારામાં છે. તેનામાં અને મારામાં લેશમાત્ર પણ

અંતર નથી, આ જીવતે જીવત પ્રાપ્તિ છે. ફરી ક્યારેય શરીર ન મળે, તે જ શરીરનો અંત છે.

આ તો ખરેખર શરીરના અંતનું ચિત્રણ થયું જેના પછી જન્મ લેવો પડતો નથી. શરીરનો બીજો અંત મૃત્યુ છે, જે લોક-પ્રચલિત છે, પરંતુ મૃત્યુ પછી ફરી જન્મ લેવો પડે છે –

**यं यं वाऽपि स्मरन्भावं त्यजत्यन्ते कलेवरम् ।**
**तं तमेवैति कौन्तेय सदा तद्भावभावितः ॥६॥**

કૌન્તેય ! મૃત્યુ સમયે મનુષ્ય જે કોઈ ભાવનું સ્મરણ કરતાં કરતાં શરીરનો ત્યાગ કરે છે, તે તેને જ પામે છે. ત્યારે તો આ બહુ સસ્તો સોદો છે. આજીવન મોજ કરી, મરવા પડીશું ત્યારે ભગવાનનું સ્મરણ કરી લઈશું. પરંતુ શ્રીકૃષ્ણ કહે છે, આમ નથી થતું. **सदा तद्‌भावभावितः** એ જ ભાવનું સ્મરણ કરી શકે છે, જેનું જીવનભર રટણ કર્યું હોય. જીવનભર જેનો અભ્યાસ પડ્યો હોય તેનો જ વિચાર અનિચ્છાએ પણ આવી જાય છે. આ સિવાયનું બીજું બનતું નથી. આમ –

**तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युध्य च ।**
**मय्यर्पितमनोबुद्धिर्मामेवैष्यस्यसंशयम् ॥७॥**

આથી અર્જુન ! તું હર પળ મારું સ્મરણ કર અને યુદ્ધ કર. મારામાં અર્પિત મન અને બુદ્ધિવાળો તું નિઃસંદેહ મને જ પામીશ. સતત સ્મરણ અને યુદ્ધ એકસાથે કેવી રીતે શક્ય છે ? એવું બની શકે કે સતત સ્મરણ અને યુદ્ધનું આ જ સ્વરૂપ હોય કે, 'જય કન્હૈયાલાલ કી' 'જય ભગવાન કી' કહેતા રહીએ અને બાણ ચલાવતા રહીએ, પરંતુ સ્મરણના સ્વરૂપને આગલા શ્લોકમાં સ્પષ્ટ કરતાં યોગેશ્વર કહે છે –

**अभ्यासयोगयुक्तेन चेतसा नान्यगामिना ।**
**परमं पुरुषं दिव्यं याति पार्थानुचिन्तयन् ॥८॥**

હે પાર્થ ! એ સ્મરણ માટે યોગના અભ્યાસથી યુક્ત થઈ (મારું સ્મરણ અને યોગનો અભ્યાસ એકબીજાના પર્યાય છે.) મારા સિવાય અન્ય ક્યાંય ન જનારા મનથી સતત સ્મરણ કરનારો, પરમપ્રકાશસ્વરૂપ

દિવ્યપુરુષ અર્થાત્ પરમાત્માને પામે છે. માની લઈએ કે આ પેન્સિલ ભગવાન છે, તો એના સિવાય બીજી કોઈ પણ વસ્તુ યાદ આવવી જોઈએ નહિ. એની આજુબાજુ તમને ચોપડી દેખાય કે અન્ય કંઈ પણ તો તમારું સ્મરણ ખંડિત થઈ ગયું. સ્મરણ જ્યારે આટલું સૂક્ષ્મ – તીવ્ર હોય કે ઇષ્ટ સિવાય બીજી કોઈ વસ્તુની યાદ જ ન આવે, મનમાં તરંગો પણ ન ઊઠે, તો સ્મરણ અને યુદ્ધ બન્ને એકસાથે કેવી રીતે બની શકે ? વસ્તુતઃ જ્યારે તમે મનને બધી બાજુએથી સમેટીને પોતાના એક આરાધ્ય દેવના સ્મરણમાં પ્રવૃત્ત થશો, તો એ વખતે દુન્યવી પ્રવૃત્તિઓ – કામ, ક્રોધ, રાગ-દ્વેષ વિઘ્નના રૂપમાં સામે ઊભેલી જ છે. તમે સ્મરણ કરશો પરંતુ તે તમારી અંદર ઉદ્વેગ પેદા કરશે, તમારા મનને સ્મરણમાંથી ચલિત કરવા ચાહશે. આ બધી બાહ્ય પ્રવૃત્તિઓમાંથી પાર પડવું એ જ યુદ્ધ છે. સતત સ્મરણ દ્વારા જ એનો અંત આવી શકે છે. એટલા માટે સતત સ્મરણની સાથે જ યુદ્ધ શક્ય છે. ગીતાનો એક પણ શ્લોક બાહ્ય માર-કાટનું સમર્થન નથી કરતો. સ્મરણ કોનું કરવું ? એ વિશે કહે છે–

**कविं पुराणमनुशासितारमणोरणीयांसमनुस्मरेद्य : ।**
**सर्वस्य धातारमचिन्त्यरूपमादित्यवर्णं तमसः परस्तात् ॥९॥**

એ યુદ્ધની સાથે એ પુરુષ સર્વજ્ઞ, અનાદિ સર્વનો નિયન્તા સૂક્ષ્મથી પણ વધુ સૂક્ષ્મ, સર્વનું ધારણ-પોષણ કરનાર, પરંતુ અચિંત્ય (જ્યાં સુધી મન અને મનના તરંગો છે, ત્યાં સુધી તે દેખાતા નથી. મનના નિગ્રહ અને વિલયકાળમાં જ તે જણાય છે.) નિત્ય પ્રકાશસ્વરૂપ અને અજ્ઞાન, મોહથી પર – એ પરમાત્માનું સ્મરણ કરે છે. આગળ કહ્યું – મારું ચિંતન કરે છે. અહીં કહે છે પરમાત્માનું – આમ, એ પરમાત્માનું સ્મરણ(ધ્યાન)નું માધ્યમ તત્ત્વસ્થિત મહાપુરુષ છે એ જ ક્રમમાં –

**प्रयाणकाले मनसाऽचलेन भक्त्या युक्तो योगबलेन चैव ।**
**भ्रुवोर्मध्ये प्राणमावेश्य सम्यक् स तं परं पुरुषमुपैति दिव्यम् ॥१०॥**

જે સતત એ પરમાત્માનું સ્મરણ કરે છે તે ભક્તિયુક્ત પુરુષ **प्रयाणकाले** મનની વિલીન અવસ્થા કાળમાં યોગબળથી અર્થાત્ એ નિયત

કર્મના આચરણ દ્વારા, ભ્રૂકુટિની મધ્યમાં પ્રાણને સારી રીતે સ્થિર કરી (પ્રાણ-અપાનને સારી રીતે સમ કરીને, ન અંદરથી ઉદ્વેગ ઉત્પન્ન થાય, ન બાહ્ય સંકલ્પવાળું હોય, સત્-રજ-તમ સારી રીતે શાંત હોય, ધ્યાન ઈષ્ટમાં જ સ્થિર હોય, એ સમયે) એ અચળ મન એટલે કે સ્થિર બુદ્ધિવાળા પુરુષ એ દિવ્ય પુરુષ પરમાત્માને પામે છે. સતત યાદ રાખવાનું કે એ એક પરમાત્માની પ્રાપ્તિનું વિધાન યોગ છે. એના માટે નિયત ક્રિયાનું આચરણ જ યોગ-ક્રિયા છે, જેનું સવિસ્તર વર્ણન યોગેશ્વરે ચોથા અને છઠ્ઠા અધ્યાયમાં કરી દીધું છે. હમણાં એમણે કહ્યું, 'નિરંતર મારું જ સ્મરણ કરો.' કેવી રીતે કરવું ? તો આવી યોગ-ધારણામાં સ્થિર રહી કરવાનું છે. આમ કરનારો દિવ્ય પુરુષ(પરમાત્મા)ને પ્રાપ્ત કરે છે, જે ક્યારેય ભૂલતો નથી. અહીં તમે અંત સમયે કેવી રીતે યાદ આવો છો ? એ પ્રશ્નનું નિરાકરણ થયું. પામવાયોગ્ય પદનું ચિત્રાણ જુઓ, જે ગીતામાં દરેક સ્થળે આવ્યું છે –

**यदक्षरं वेदविदो वदन्ति विशन्ति यद्यतयो वीतरागाः ।**
**यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति तत्ते पदं संग्रहेण प्रवक्ष्ये ॥११॥**

'**वेदविद**' અર્થાત્ અવિદિત તત્ત્વને પ્રત્યક્ષ જાણનારા લોકો જે પરમપદને **अक्षरम्** – અક્ષય કહે છે. વિરક્ત મહાત્મા જેમાં પ્રવેશ માટે પ્રયત્નશીલ રહે છે, જે પરમપદને ઈચ્છનારા બ્રહ્મચર્યનું પાલન કરે છે (બ્રહ્મચર્યનો અર્થ માત્ર જનનેન્દ્રિયનો જ નિગ્રહ નહિ, પણ **ब्रह्म आचरति स ब्रह्मचारी** – બાહ્ય સંબંધોને મનમાંથી ત્યાગી, બ્રહ્મનું નિરંતર ચિંતન-સ્મરણ એ જ બ્રહ્મચર્ય છે, જે બ્રહ્મનું દર્શન કરાવી, એમાં જ સ્થાન અપાવી શાંત થઈ જાય છે. આ આચરણથી ઈન્દ્રિય-સંયમ જ નહિ, બલ્કે સકલ ઈન્દ્રિયો સંયમશીલ બની જાય છે. આ રીતે જ બ્રહ્મચર્યનું પાલન કરે છે.) જે હૃદયમાં રાખવા યોગ્ય છે, ધારણ કરવા યોગ્ય છે. એ પદને હું તારા માટે કહીશ, એ પદ શું છે ? કેવી રીતે પ્રાપ્ત કરી શકાય છે ? એ વિશે યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે –

**सर्वाद्धाराणि संयम्य मनो हृदि निरुध्य च ।**
**मूर्ध्न्याधायात्मनः प्राणमास्थितो योगधारणाम् ॥१२॥**

બધી ઈન્દ્રિયોના દરવાજાઓને રોકીને એટલે કે સર્વ ઈન્દ્રિયોનો સંયમ કરીને, વાસનાઓથી અલગ રહીને મનને હૃદયમાં સ્થાપીને (ધ્યાન

હૃદયમાં જ ધરી શકાય છે, બહાર નહિ, પૂજા બહાર થતી નથી.) પ્રાણ એટલે કે અંતઃકરણનાં કાર્યોનો મસ્તકમાં જ નિગ્રહ કરીને, યોગ-ધારણામાં સ્થિત થઈ (યોગને ધારણ કરી રાખવાનો છે, બીજો કોઈ માર્ગ નથી) આ પ્રમાણે સ્થિર થઈ –

**ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ।**
**यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् ॥१३॥**

જે પુરુષ '**ओम इति**' ૐ એટલું જ, જે અક્ષય બ્રહ્મનો પરિચય કરાવનાર છે, તેનો જપ અને મારું સ્મરણ કરતાં કરતાં દેહનો ત્યાગ કરી જાય છે, તે પુરુષ ઉત્તમ ગતિને પામે છે. શ્રીકૃષ્ણ યોગેશ્વર પરમતત્ત્વમાં સ્થિત મહાપુરુષ હતા, સદ્‌ગુરુ હતા. યોગેશ્વર શ્રીકૃષ્ણે બતાવ્યું કે **ओऽम्** તે અક્ષય બ્રહ્મનો પરિચય કરાવનાર છે, તું એનો જપ કર અને મારું ધ્યાન ધર. પ્રાપ્તિના દરેક મહાપુરુષનું નામ એ જ હોય છે. જેને એ પ્રાપ્ત છે, જેમાં એનો વિલય છે. એટલા માટે નામ ૐનું બતાવ્યું અને રૂપ પોતાનું. યોગેશ્વરે **कृष्ण कृष्ण** જપવાનો નિર્દેશ નથી કર્યો. સમય જતાં ભાવુકોએ એમનું નામ પણ જપવાનું ચાલુ કરી દીધું અને તેઓ પોતાની શ્રદ્ધા મુજબ ફળ પણ મેળવે છે, જેમ કે મનુષ્યની શ્રદ્ધા જ્યાં સ્થિર થઈ જાય છે, ત્યાં હું જ એની શ્રદ્ધાને વધારું છું અને હું જ ફળની ક્રિયા કરું છું.

ભગવાન શિવે 'રામ' શબ્દ જપવા પર ભાર મૂક્યો. **रमन्ते योगिनः यस्मिन् स राम, रा और म के बीचमें कबीरा रहा लुकाय** 'રા' અને 'મ' આ બે અક્ષરોની વચ્ચે કબીર પોતાના મનને રોકવામાં સક્ષમ બની ગયા.

શ્રીકૃષ્ણ 'ઓમ' પર ભાર મૂકે છે. **ओऽहं स ओम्** એટલે કે એ સત્તા મારી અંદર જ છે. ક્યાંય બહાર શોધવા ન લાગીએ. ઓમ જ પરમ સત્તાનો પરિચય કરાવી શાંત થઈ જાય છે. હકીકતમાં એ પ્રભુનાં અનંત નામ છે, પરંતુ જપ કરવા માટે એક જ નામ સાર્થક છે, જે નાનું હોય. શ્વાસમાં ભળી જાય અને એક પરમાત્માનો જ બોધ કરાવતું હોય. આનાથી ભિન્ન અનેક દેવી-દેવતાઓની અવિવેકપૂર્ણ કલ્પનામાં અટવાઈ પડીને લક્ષ્ય પરથી ધ્યાન હટાવી ન દો.

પૂજ્ય મહારાજજી કહેતા રહેતા કે 'મારું રૂપ જુઓ અને શ્રદ્ધાનુસાર કોઈ પણ બે કે અઢી અક્ષરનું નામ 'ૐ', 'રામ', 'શિવ'માંથી કોઈ એક લો. એનું સ્મરણ કરો અને એના જ અર્થસ્વરૂપ, ઈષ્ટના સ્વરૂપનું ધ્યાન કરો.' ધ્યાન સદ્‌ગુરુનું જ ધરી શકાય છે. તમે રામ, કૃષ્ણ અથવા **वीतरागविषयं वा चित्तम्** વિરક્ત મહાત્માઓ અથવા **यथाभिमतद्यानाद्वा** (પાતંજલ યોગ, ૧-૩૭, ૩૯) કોઈનું પણ સ્વરૂપ પકડો. તેઓ અનુભવમાં તમને મળશે અને તમારા સમકાલીન કોઈ સદ્‌ગુરુ તરફ વાળશે. એમના માર્ગદર્શનથી તમે ધીમે ધીમે પ્રકૃતિના ક્ષેત્રથી પાર થતા જશો. હું પણ શરૂઆતમાં એક દેવતા(કૃષ્ણનું વિરાટ રૂપ)ના ચિત્રનું ધ્યાન ધરતો હતો પરંતુ પૂજ્ય મહારાજજીના અનુભવી પ્રવેશની સાથે તે શાંત થઈ ગયું.

પ્રારંભિક સાધક નામ તો જપે છે, પરંતુ મહાપુરુષના સ્વરૂપનું ધ્યાન ધરતાં ખચકાય છે. તેઓ પોતે કેળવેલી માન્યતાઓનો પૂર્વગ્રહ છોડી શકતા નથી. તેઓ કોઈ બીજા દેવનું ધ્યાન ધરે છે, જેનો યોગેશ્વર શ્રીકૃષ્ણે નિષેધ કર્યો છે, એટલે, સંપૂર્ણ સમર્પણભાવ સાથે કોઈ અનુભવી મહાપુરુષનું શરણુ લો. પુણ્ય-પુરુષાર્થ સબળ બનતાં જ કુતર્કોનો નાશ થશે અને યોગ્ય ક્રિયામાં પ્રવેશ મળી જશે. યોગેશ્વર શ્રીકૃષ્ણના મતાનુસાર આ પ્રકારે ૐનો જપ અને પરમાત્માસ્વરૂપ સદ્‌ગુરુના સ્વરૂપનું નિરંતર સ્મરણ કરવાથી મનનો નિગ્રહ અને વિલય થઈ જાય છે અને એ જ ક્ષણે શરીરના સંબંધમાંથી મુક્તિ મળે છે. કેવળ મરવાથી શરીર પીછો છોડતું નથી.

**अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः ।**
**तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः ॥१४॥**

''મારા સિવાય, અન્ય કોઈ ચિત્તમાં છે જ નહિ'' — તે અન્ય કોઈનું સ્મરણ ન કરતાં એટલે કે અનન્ય ભાવથી સ્થિર થઈ, જે નિરંતર મારું સ્મરણ કરે છે. તે સર્વદા મારાથી યુક્ત પુરુષને હું સુલભ છું. આપ સુલભ થવાથી શું મળશે ?

**मामुपेत्य पुनर्जन्म दुःखालयमशाश्वतम् ।**
**नाप्नुवन्ति महात्मानः संसिद्धिं परमां गताः ॥१५॥**

મને પ્રાપ્ત કરવાથી તેઓને દુઃખોના સ્થાનસ્વરૂપ ક્ષણભંગુર પુનર્જન્મ નથી મળતો, પરંતુ પરમસિદ્ધિને પ્રાપ્ત કરે છે, એટલે મને પ્રાપ્ત થવું અથવા પરમસિદ્ધિની પ્રાપ્તિ થવી એક જ વાત છે. માત્ર ભગવાન જ એવા છે, જેમને પામીને તે પુરુષનો પુનર્જન્મ થતો નથી. તો પછી પુનર્જન્મની સીમા ક્યાં સુધી છે ?

**आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन ।**
**मामुपेत्य तु कौन्तेय पुनर्जन्म न विद्यते ॥१६॥**

હે અર્જુન ! બ્રહ્માથી લઈને કીટ-પતંગિયાં જેવાં સૌ લોક પુનરાવર્તી છે, જન્મવા અને મરવા તથા ફરી ફરી એ જ ક્રમમાં ફરનારા છે. પરંતુ હે કૌન્તેય ! મને પ્રાપ્ત કરીને તે પુરુષનો પુનર્જન્મ થતો નથી.

ધર્મગ્રંથોમાં લોક-પરલોકની કલ્પનાઓ તો ઈશ્વર-પથની વિભૂતિઓનો બોધ કરાવવા માટેનો આંતરિક અનુભવ કે રૂપક માત્ર છે. આકાશમાં ન કોઈ એવો ખાડો છે જ્યાં કીડા કરડતા હોય, અને ન કોઈ એવો મહેલ છે કે જે સ્વર્ગ કહેવાતું હોય, દૈવી કર્મો સાથે જોડાયેલો પુરુષ દેવતા અને આસુરી કર્મોથી બંધાયેલો મનુષ્ય અસુર છે. શ્રીકૃષ્ણના જ સગા કંસ રાક્ષસ અને બાણાસુર દૈત્ય હતા. દેવ, માનવ અને કીટક યોનિ જ જુદા જુદા લોક છે. શ્રીકૃષ્ણના કહેવા મુજબ આ જીવાત્મા મનસહિત પાંચે ઇન્દ્રિયોને લઈને જન્મ-જન્માંતરના સંસ્કારોને અનુરૂપ નવું શરીર ધારણ કરી લે છે.

અમર કહેવાતા દેવો પણ મરણધર્મા છે **क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति** આનાથી મોટી ક્ષતિ કઈ હોઈ શકે ? એ દેવ-શરીર પણ શું કામનું જેમાં સંચિત પુણ્યનો પણ નાશ થઈ જાય ? દેવલોક, પશુલોક, કીટ-પતંગાદિ લોક, ભોગલોક માત્ર છે. કેવળ મનુષ્ય જ કર્મોનો રચયિતા છે, જેના થકી તે એ પરમધામ સુધીની સ્થિતિને પામી શકે છે, જ્યાંથી પુનરાવર્તન નથી થતું, અર્થાત્ યોગ્ય કર્મનું આચરણ કરી મનુષ્ય દેવતા બની જાય, બ્રહ્માનું સ્થાન મેળવી લે, પરંતુ એ પુનર્જન્મમાંથી ત્યાં સુધી નથી બચી શકતો, જ્યાં સુધી મનનો નિરોધ અને વિલયની સાથોસાથ પરમાત્માનો સાક્ષાત્કાર કરી એ પરમભાવમાં સ્થિર થઈ ન જાય, ઉદાહરણ તરીકે ઉપનિષદ પણ આ જ સત્યનું અનુમોદન કરે છે—

**यदा सर्वे प्रमुच्यन्ते कामा येऽस्य हृदि स्थिताः ।**
**अथ मर्त्योऽमृतो भवत्यत्र ब्रह्म समश्नुते ।।कठोः ( २-३-१४ )**

જ્યારે હૃદયમાં રહેલી તમામ ઈચ્છાઓ સંપૂર્ણ નાશ પામે છે, ત્યારે મરણધર્મા મનુષ્ય અમર થઈ જાય છે, અને તે જ આ સંસારમાં આ મનુષ્યશરીરમાં પરબ્રહ્મનો સારી રીતે સાક્ષાત્ અનુભવ કરી શકે છે.

અહીં એ પ્રશ્ન ઊઠે છે કે શું બ્રહ્મા પર મરણધર્મા છે ? ત્રીજા અધ્યાયમાં તો યોગેશ્વર શ્રીકૃષ્ણે પ્રજાપિતા બ્રહ્માના પ્રસંગમાં કહ્યું હતું કે પ્રાપ્તિ થઈ ગયા બાદ બુદ્ધિ તો માત્ર એક યંત્ર છે. એના દ્વારા પરમાત્મા જ વ્યક્ત થાય છે. આવા મહાપુરુષો દ્વારા જ યજ્ઞની રચના થઈ છે, અને અહીં કહે છે કે બ્રહ્માની સ્થિતિ પ્રાપ્ત કરનારા પણ પુનરાવર્તી છે ? યોગેશ્વર શ્રીકૃષ્ણ કહેવા શું માગે છે ?

વસ્તુતઃ જે મહાપુરુષો દ્વારા પરમાત્મા જ વ્યક્ત થાય છે એ મહાપુરુષોની બુદ્ધિ પણ બ્રહ્મા નથી, પરંતુ લોકોને ઉપદેશ આપવાને કારણે, કલ્યાણની શરૂઆત કરવાના કારણે બ્રહ્મા કહેવાય છે. સ્વયંમાં પણ બ્રહ્મા નથી, એમની પાસે પોતાની બુદ્ધિ રહેતી જ નથી, પરંતુ એના પહેલાં સાધનાકાળમાં બુદ્ધિ જ બ્રહ્મા છે. **अहंकार शिव, बुद्धि अज, मन शशि, चित्त महान** છે.

સાધારણ મનુષ્યની બુદ્ધિ બ્રહ્મા નથી ? બુદ્ધિ જ્યારે ઈષ્ટમાં પ્રવેશ કરવા માંડે છે ત્યારથી બ્રહ્માની રચના થવા માંડે છે. પંડિતોએ તેનાં ચાર સોપાન કહ્યાં છે. આગળ ત્રીજા અધ્યાયમાં જોઈ ગયા છીએ. તેને ફરી પણ યાદ કરી શકીએ છીએ **ब्रह्मवित्, ब्रह्मविद्वर ब्रह्मविद्वरीयान्, ब्रह्मविद्वरिष्ट** — બ્રહ્મવિત્ એ બુદ્ધિ છે જે બ્રહ્મવિદ્યાથી જોડાય. બ્રહ્મવિદ્વર એ છે જેને બ્રહ્મવિદ્યામાં શ્રેષ્ઠતા પ્રાપ્ત થયેલી હોય. બ્રહ્મવિદ્વરિયાન્ એ બુદ્ધિ છે, જેનાથી તે બ્રહ્મવિદ્યામાં નિપુણ જ નહિ બલ્કે એનો નિયંત્રક, સંચાલક બની જાય છે. બ્રહ્મવિદ્વરિષ્ટ બુદ્ધિનો તે અંતિમ છેડો છે જેનાથી ઈષ્ટ પ્રવાહિત છે. અહીં સુધી જ બુદ્ધિનું અસ્તિત્વ છે, કારણ કે પ્રવાહિત થનાર ઈષ્ટ અહીં ક્યાંક અલગ છે અને ગ્રહણકર્તા બુદ્ધિ પણ અલગ છે. હજી તે પ્રકૃતિની મર્યાદામાં છે. આવી શ્રેષ્ઠ અવસ્થાવાળો પુરુષ પણ પુનર્જન્મની

મર્યાદામાં છે. હવે સ્વયં પ્રકાશસ્વરૂપમાં જ્યારે બુદ્ધિ (બ્રહ્મા) રહે છે, જાગ્રત છે તો સંપૂર્ણ ભૂત (ચિંતનનો પ્રવાહ) જાગ્રત છે અને જ્યારે મોહમાં રહે છે ત્યારે નિશ્ચેતન છે. આને જ પ્રકાશ અને અંધકાર, રાત અને દિવસ કહેવામાં આવે છે. હવે જોઈએ –

બ્રહ્મા એટલે કે બ્રહ્મવિદ્વેત્તાની એ પંક્તિ, જેમાં ઈષ્ટ પ્રવાહિત છે. એને પ્રાપ્ત કરનાર સર્વોત્કૃષ્ટ બુદ્ધિમાં પણ વિદ્યા (જે સ્વયં પ્રકાશસ્વરૂપ છે, એમાં ભળે છે.)નો દિવસ અને મોહની રાત્રિ, પ્રકાશ અને અંધકારનો ક્રમ ચાલુ જ રહે છે. અહીં સુધી સાધકમાં માયા સફળ રહે છે. પ્રકાશકાળમાં અચેત પ્રાણી સચેત બની જાય છે. એને ધ્યેય દેખાવા માંડે છે. બુદ્ધિના અંતરાલમાં અવિદ્યાની રાત્રિનાં પ્રવેશકાળમાં બધાં જ પ્રાણી અચેત બની જાય છે. બુદ્ધિ નિર્ણય લઈ શકતી નથી. સ્વરૂપ તરફ આગળ વધવાનું બંધ થઈ જાય છે. આ જ બ્રહ્માનો દિવસ અને આ જ બ્રહ્માની રાત્રિ છે. દિવસના પ્રકાશમાં બુદ્ધિની હજારો પ્રવૃત્તિઓમાં ઈશ્વરીય પ્રકાશ છવાઈ જાય છે અને મોહની રાત્રિમાં એ જ હજારો પ્રવૃત્તિઓમાં અચેતાવસ્થાનો અંધકાર છવાઈ જાય છે.

શુભ અને અશુભ, વિદ્યા અને અવિદ્યા આ બંને પ્રવૃત્તિઓ સંપૂર્ણ શાંત થઈ જાય ત્યારે એટલે કે અચેત અને સચેત, રાત્રિમાં વિલીન અને દિવસમાં ઉત્પન્ન બંને પ્રકારનાં ભૂતો (સંકલ્પપ્રવાહ)નો નાશ થઈ જવાથી એ અવ્યક્ત બુદ્ધિથી પણ પર શાશ્વત, અવ્યક્ત ભાવ પ્રાપ્ત થાય છે. તે ફરી ક્યારેય નાશ પામતો નથી. ભૂતોની અચેત અને સચેત બંને પરિસ્થિતિઓ મટી જાય ત્યારે જ એ સનાતન ભાવ પ્રાપ્ત થાય છે.

બુદ્ધિની ઉપર્યુક્ત ચાર અવસ્થાઓ પ્રાપ્ત કરનારો પુરુષ જ મહાપુરુષ છે. એના અંતરાલમાં બુદ્ધિ નથી, બુદ્ધિ પરમાત્માના યંત્ર જેવી બની ગઈ છે. પરંતુ લોકોને તે ઉપદેશ આપે છે. નિશ્ચયપૂર્વક પ્રેરણા આપે છે. એથી એનામાં બુદ્ધિ પ્રતીત થાય છે. પરંતુ તે બુદ્ધિના સ્તરથી પર છે. એ પરમ અવ્યક્ત ભાવમાં જ સ્થિત છે.

એનો પુનર્જન્મ નથી થતો, પરંતુ એ અવ્યક્ત પરિસ્થિતિની પહેલાં જ્યાં સુધી એની પાસે સ્વબુદ્ધિ છે, જ્યાં સુધી એ બ્રહ્મા છે, ત્યાં સુધી તે બ્રહ્મા છે, તે પુનર્જન્મની સીમામાં જ છે. આ તથ્યો પર પ્રકાશ ફેંકતા યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે –

**सहस्त्रयुगपर्यन्तमहर्यद्ब्रह्मणो विदुः ।**
**रात्रिं युगसहस्त्रान्तां तेऽहोरात्रिविदो जनाः ॥१७॥**

જેઓ, એક હજાર ચતુર્યુગોની બ્રહ્માની રાત્રિ અને એક હજાર ચતુર્યુગોના એમના દિવસને સ્વયં જાણે છે. તે પુરુષ સમયના તત્ત્વને યથાર્થ જાણે છે.

પ્રસ્તુત શ્લોકમાં દિવસ અને રાત, વિદ્યા અને અવિદ્યાનાં રૂપક છે. બ્રહ્મવિદ્યાથી સંયુક્ત બુદ્ધિ, બ્રહ્માની પ્રવેશિકા તથા બ્રહ્મવિદ્વરિષ્ટ બુદ્ધિ બ્રહ્માની પરાકાષ્ઠા છે. વિદ્યાથી સંયુક્ત બુદ્ધિ જ બ્રહ્માનો દિવસ છે. જ્યારે વિદ્યા કાર્યરત હોય છે તે સમયે યોગી સ્વરૂપ તરફ અભિમુખ હોય છે. અંતઃકરણની હજારો પ્રવૃત્તિઓમાં ઈશ્વરીય પ્રકાશનો સંચાર થઈ જાય છે. એ જ રીતે અવિદ્યાની રાત્રિ આવતાં અંતઃકરણની હજારો પ્રવૃત્તિઓમાં માયાનું દ્વંદ્વ પ્રવાહિત થાય છે. પ્રકાશ અને અંધકારની અહીં સુધી સીમા છે. એના પછી ન તો અવિદ્યા રહે છે અને ન તો વિદ્યા રહી જાય છે. તે પરમતત્ત્વ, પરમાત્મા વિદિત થઈ જાય છે. જે આ તત્ત્વને ખૂબ સારી રીતે જાણે છે એ યોગીજનો કાળના તત્ત્વને જાણનારા હોય છે કે અવિદ્યાની રાત્રિ ક્યારે થાય છે ? વિદ્યાનો દિવસ ક્યારે આવે છે ? કાળનો પ્રભાવ ક્યાં સુધી છે અથવા કાળ ક્યાં સુધી પીછો કરે છે ?

પ્રારંભિક મનીષી અંતઃકરણને ચિત્ત અથવા ક્યારેક ક્યારેક માત્ર બુદ્ધિ કહીને સંબોધતા હતા ? કાળાંતરે અંતઃકરણને મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારની ચાર મુખ્ય વૃત્તિઓમાં વહેંચવામાં આવ્યું, જોકે અંતઃકરણની પ્રવૃત્તિઓ અનંત છે. બુદ્ધિના શૂન્યાવકાશમાં પણ અવિદ્યાની રાત્રિ હોય છે અને એ જ બુદ્ધિમાં વિદ્યાનો દિવસ પણ હોય છે. આ જ બ્રહ્માની રાત્રિ અને દિવસ છે. જગતરૂપી રાત્રિમાં બધા જ જીવ અચેત પડ્યા છે. પ્રકૃતિમાં વિચરતી એમની બુદ્ધિ એ પ્રકાશસ્વરૂપને જોઈ શકતી નથી, પરંતુ યોગનું આચરણ કરનારા યોગી એનાથી જાગ્રત થઈ એ સ્વરૂપની તરફ આગળ વધે છે, જેમ કે ગોસ્વામી તુલસીદાસે રામચરિતમાનસમાં લખ્યું છે કે –

**कबहुं दिवस महँ निबिडतम्, कबहुंक प्रकट पतंग ।**
**बिनसई उपजइ ग्यान जिमि पाइ कुसंग-सुसंग ॥४॥ १५ ख**

વિદ્યાથી સંયુક્ત બુદ્ધિ પણ કુસંગથી અવિદ્યામાં ફસાય છે, પરંતુ સત્સંગ પ્રાપ્ત થતાં જ્ઞાનનો સંચાર એ જ બુદ્ધિમાં થઈ જાય છે. આ ચઢ-ઉતાર પૂર્ણાવસ્થા સુધી ચાલુ રહે છે. સમાપ્તિ પછી ના બુદ્ધિ છે, ના બ્રહ્મા, ના રાત્રિ, ના દિવસ. આ જ બ્રહ્માના દિવસ-રાત્રિનાં રૂપક છે. હજારો વરસોની લાંબી રાત્રિ પણ નથી અને હજારો ચતુર્યુગોનો દિવસ પણ નથી. તેમજ ક્યાંય કોઈ ચતુર્મુખી બ્રહ્મા પણ નથી. બુદ્ધિની ઉપર્યુક્ત ચાર ક્રમિક અવસ્થાઓ જ બ્રહ્માનાં ચાર મુખ અને અંતઃકરણની ચાર મુખ્ય પ્રવૃત્તિઓ તે જ તેના ચતુર્યુગ છે. રાત અને દિવસ આ પ્રવૃત્તિઓમાં જ થાય છે. જે પુરુષ એના રહસ્યને તત્ત્વથી જાણે છે તે યોગીજનો કાળના રહસ્યને જાણે છે કે સમય ક્યાં સુધી પીછો કરે છે અને ક્યો પુરુષ કાળથી પણ પર થઈ જાય છે ? રાત અને દિવસ, અજ્ઞાન અને જ્ઞાનમાં થવાવાળા કાર્યને સ્પષ્ટ કરતાં યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે –

**अव्यक्ताद्व्यक्तयः सर्वाः प्रभवन्त्यहरागमे ।**
**रात्र्यागमे प्रलीयन्ते तत्रैवाव्यक्तसंज्ञके ॥१८॥**

બ્રહ્માના દિવસની શરૂઆતમાં એટલે કે જ્ઞાન(દૈવી સંપત્તિ)ના પ્રારંભે બધાં જ પ્રાણી અવ્યક્ત બુદ્ધિમાં જાગ્રત થઈ જાય છે અને રાત્રિની શરૂઆતમાં એ જ અવ્યક્ત, અદશ્ય બુદ્ધિમાં જાગૃતિનું સૂક્ષ્મ તત્ત્વ અચેતન બની જાય છે. અજ્ઞાનની રાત્રિમાં તે પ્રાણીઓ પરમ સ્વરૂપને સ્પષ્ટ જોઈ શકતાં નથી, પરંતુ તેનું અસ્તિત્વ તો રહે જ છે. જાગ્રત હોવાનું અને અચેતન હોવાનું માધ્યમ તે બુદ્ધિ છે, જે સર્વમાં અવ્યક્ત રહે છે, દૃષ્ટિગોચર થતી નથી.

**भूतग्रामः स एवायं भूत्वा भूत्वा प्रलीयते ।**
**रात्र्यागमेऽवशः पार्थ प्रभवत्यहरागमे ॥१९॥**

હે પાર્થ ! બધાં જ પ્રાણીઓ આ રીતે જાગ્રત થઈને પ્રકૃતિથી વિવશ થઈ અજ્ઞાનરૂપી રાત્રિના આવવાથી અચેતન બની જાય છે. તેઓ એ નથી જાણતાં કે પોતાનું લક્ષ્ય શું છે ? દિવસની શરૂઆતમાં તેઓ ફરીથી જાગ્રત થઈ જાય છે. જ્યાં સુધી બુદ્ધિ છે ત્યાં સુધી એના અંતરાલમાં વિદ્યા અને અવિદ્યાનો ક્રમ ચાલતો જ રહેશે, ત્યાં સુધી તે માત્ર સાધક જ છે, મહાપુરુષ નહિ.

**परस्तस्मात्तु भावोऽन्योऽव्यक्तोऽव्यक्तात्सनातनः ।**
**यः स सर्वेषु भूतेषु नश्यत्सु न विनश्यति ॥२०॥**

એક તો બ્રહ્મા એટલે કે બુદ્ધિ અવ્યક્ત છે. ઇન્દ્રિયોથી જોઈ શકાતી નથી અને એનાથી પર સનાતન અવ્યક્ત ભાવ છે. જે ભૂતોનો નાશ થવા છતાં પણ નાશ પામતો નથી. એટલે કે વિદ્યામાં સચેત અને અવિદ્યામાં અચેત, દિવસે ઉત્પન્ન અને રાત્રિમાં વિલીન ભાવવાળા અવ્યક્ત બ્રહ્માનો પણ લય થવા છતાં જે નષ્ટ થતો નથી એ સનાતન અવ્યક્ત ભાવ મળે છે. બુદ્ધિમાં રહેનારા આ બંને ચઢાવ-ઉતાર જ્યારે શાંત થઈ જાય છે, ત્યારે સનાતન અવ્યક્ત ભાવ મળે છે. તે જ મારું પરમધામ છે. જ્યારે સનાતન અવ્યક્ત ભાવ પ્રાપ્ત થાય છે ત્યારે બુદ્ધિ પણ એ ભાવમાં રંગાઈ જાય છે, એ ભાવને ધારણ કરી લે છે. એટલે એ બુદ્ધિ પોતે તો નાશ પામે છે અને તેના સ્થાને સનાતન અવ્યક્ત ભાવ જ શેષ રહી જાય છે.

**अव्यक्तोऽक्षर इत्युक्तस्तमाहुः परमां गतिम् ।**
**यं प्राप्य न निवर्तन्ते तद्धाम परमं मम ॥२१॥**

એ સનાતન અવ્યક્ત ભાવને અક્ષર અર્થાત્ અવિનાશી કહેવામાં આવે છે. એને જ પરમગતિ કહેવામાં આવે છે. તે જ મારું પરમધામ છે, જે મેળવીને મનુષ્ય ક્યારેય પાછો આવતો નથી. એનો પુનર્જન્મ થતો નથી. આ સનાતન અવ્યક્ત ભાવની પ્રાપ્તિનું વિધાન બતાવતાં કહ્યું કે :

**पुरुषः स परः पार्थ भक्त्या लभ्यस्त्वनन्यया ।**
**यस्यान्तः स्थानि भूतानि येन सर्वमिदं ततम् ॥२२॥**

હે પાર્થ ! જે પરમાત્માની અંદર સંપૂર્ણ ભૂતો છે, જેનાથી સંપૂર્ણ જગત વ્યાપ્ત છે, સનાતન અવ્યક્ત ભાવવાળો એ પરમપુરુષ અનન્ય ભક્તિથી પ્રાપ્ત થવા યોગ્ય છે. અનન્ય ભક્તિનો અર્થ એ છે કે પરમાત્મા સિવાય અન્ય કોઈનું સ્મરણ ન કરતાં, તેની (પરમાત્મા) સાથે જ જોડાઈ જવું, અનન્ય ભાવથી જોડાયેલા પુરુષ પણ ક્યાં સુધી પુનર્જન્મની સીમામાં છે અને પુનર્જન્મના ફેરામાંથી તેઓ ક્યારે મુક્ત થાય છે ? એ વિશે યોગેશ્વર કહે છે –

**यत्र काले त्वनावृत्तिमावृत्तिं चैव योगिनः ।**
**प्रयाता यान्ति तं कालं वक्ष्याति भरतर्षभ ॥२३॥**

હે અર્જુન ! જે કાળમાં શરીર ત્યાગીને ગયેલા યોગીજન પુનર્જન્મ પામતા નથી અને જે કાળમાં શરીર ત્યાગવા છતાં પણ પુનર્જન્મ પામે છે, તે કાળનું હું હવે વર્ણન કરું છું.

**अग्निर्ज्योतिरहः शुक्लः षण्मासा उत्तरायणम् ।**
**तत्र प्रयाता गच्छन्ति ब्रह्म ब्रह्मविदो जनाः ॥२४॥**

શરીરસંબંધનો ત્યાગ કરતી વખતે જેની સમક્ષ પ્રજ્વલિત જ્યોતિર્મય અગ્નિ સળગી રહ્યો હોય, દિવસનો પ્રકાશ ફેલાઈ રહ્યો હોય, સૂર્ય ચમકી રહ્યો હોય, શુક્લ પક્ષનો ચંદ્ર વધી રહ્યો હોય, ઉત્તરાયણનું નિર્મળ અને સુંદર આકાશ હોય, એ કાળે પ્રયાણ કરવાવાળા બ્રહ્મવેત્તા યોગીજન બ્રહ્મને પામે છે.

અગ્નિ બ્રહ્મતેજનું પ્રતીક છે. દિવસ જ્ઞાનનો પ્રકાશ છે. શુક્લ પક્ષ નિર્મળતાનું દ્યોતક છે. વિવેક, વૈરાગ્ય, શમ, દમ, તેજ અને બુદ્ધિનાં છ ઐશ્વર્ય જ છ માસ છે. ઊર્ધ્વરેતા સ્થિતિ જ ઉત્તરાયણ છે. પ્રકૃતિથી સર્વથા પર આવી અવસ્થામાં મૃત્યુ પામનાર બ્રહ્મવેત્તા યોગીજન બ્રહ્મને પામે છે, તેનો પુનર્જન્મ થતો નથી. પરંતુ અનન્ય ચિત્તથી જોડાયેલ યોગીજન જો આ લોકને પ્રાપ્ત કરી ન શકે, જેમની સાધના હજુ પૂર્ણ નથી એમનું શું થાય છે ? આ બાબતે કહે છે –

**धूमो रात्रिस्तथा कृष्णः षण्मासा दक्षिणायनम् ।**
**तत्र चान्द्रमसं ज्योतिर्योगी प्राप्य निवर्तते ॥२५॥**

જેના પ્રયાણકાળમાં ધુમાડો ફેલાઈ રહ્યો હોય, યોગાગ્નિ હોય (અગ્નિ એટલે યજ્ઞ પ્રક્રિયામાં જોવા મળતો અગ્નિ) પરંતુ ધુમાડાથી ઢંકાયેલી અજ્ઞાનની રાત્રિ હોય, અંધારું હોય, કૃષ્ણ પક્ષનો ચંદ્ર ક્ષીણ થઈ રહ્યો હોય, ગાઢ અંધકાર વ્યાપેલ હોય, ષડ્વિકારો (કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર)થી યુક્ત દક્ષિણાયન એટલે કે બહિર્મુખ હોય (જે

પરમાત્માના પ્રવેશથી હજુ બહાર છે) એ યોગીને પુનર્જન્મ લેવો પડે છે. તો શું શરીરની સાથે એ યોગીની સાધના પણ નાશ પામે છે ? એ વિશે યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે –

**शुक्लकृष्णे गती ह्येते जगतः शाश्वते मते ।**
**एकया यात्यनावृत्तिमन्ययावर्तते पुनः ॥२६॥**

ઉપર્યુક્ત શુક્લ અને કૃષ્ણ બંને પ્રકારની ગતિ જગતમાં શાશ્વત છે એટલે કે સાધનાનો વિનાશ ક્યારેય થતો નથી. એક (શુક્લ) અવસ્થામાં પ્રયાણ કરવાવાળો પાછા ન આવવાની પરમગતિને પ્રાપ્ત કરે છે અને બીજી અવસ્થામાં જેમાં ક્ષીણ પ્રકાશ અને હજુ અંધકાર છે, એવી અવસ્થામાં ગયેલ પાછો ફરે છે, ફરી જન્મ લે છે. જ્યાં સુધી પૂર્ણ પ્રકાશ નથી મળતો, ત્યાં સુધી એણે ભજન કરવાનું છે. પ્રશ્ન પૂરો થયો. હવે તેના સાધન ઉપર ફરી ભાર મૂકતાં કહ્યું કે –

**नैते सृती पार्थ जानन्योगी मुह्यति कश्चन ।**
**तस्मात्सर्वेषु कालेषु योगयुक्तो भवार्जुन ॥२७॥**

હે પાર્થ ! આ પ્રમાણે આ માર્ગોને જાણીને કોઈ પણ યોગી મોહિત થતો નથી. એ જાણે છે કે પૂર્ણ પ્રકાશ મેળવી લેવાથી બ્રહ્મને પ્રાપ્ત થશે અને ક્ષીણ પ્રકાશ રહેવાથી પણ પુનર્જન્મમાં સાધનાનો નાશ થતો નથી. બંને ગતિ શાશ્વત છે. આથી હે અર્જુન ! તું દરેક કાળમાં યોગથી યુક્ત બન એટલે કે નિરંતર સાધના કર.

**वेदेषु यज्ञेषु तपःसु चैव दानेषु यत्पुण्यफलं प्रदिष्टम् ।**
**अत्येति तत्सर्वमिदं विदित्वा योगी परं स्थानमुपैति चाद्यम् ॥२८॥**

એને સાક્ષાત્કાર સહિત જાણીને (માનીને નહિ) યોગી, વેદ, યજ્ઞ, તપ અને દાનનાં પુણ્ય ફળોને નિઃસંદેહ ઓળંગી જાય છે અને સનાતન પરમપદને પામે છે. અવિદિત પરમાત્માની સાક્ષાત્ જાણકારીનું નામ વેદ છે. એ અવિદિતતત્ત્વ જ્યારે જાણી લીધું તો હવે કોણ કોને જાણે ? આથી વિદિત થયા પછી વેદોનું પ્રયોજન પણ સમાપ્ત થઈ જાય છે. કારણ કે જાણનારો જુદો નથી. યજ્ઞ અર્થાત્ આરાધનાની નિયત ક્રિયા જરૂરી હતી, પરંતુ જ્યારે

તે તત્ત્વ વિદિત થઈ ગયું તો કોના માટે ભજન કરવું ? મનસહિત ઇન્દ્રિયોને ધ્યેયને અનુરૂપ તપાવવું એ જ તપ છે. લક્ષ્ય પ્રાપ્ત થયા પછી કોના માટે તપ કરવું ? મન, વચન અને કર્મથી સર્વતોભાવે સમર્પણ તે દાન છે. આ બધાનું પુણ્યફળ છે — પરમાત્માની પ્રાપ્તિ ફળ પણ હવે અલગ નથી. તેથી હવે આ બધાની આવશ્યકતા રહી નથી. એ યોગી યજ્ઞ, તપ, દાન વગેરેના ફળને પણ પાર કરી જાય છે. એ પરમપદને પ્રાપ્ત કરે છે.

**નિષ્કર્ષ :**

આ અધ્યાયમાં પાંચ મુખ્ય બાબતો પર વિચાર કરવામાં આવ્યો છે, જેમાં સર્વપ્રથમ સાતમા અધ્યાયના અંતે યોગેશ્વર શ્રીકૃષ્ણ દ્વારા બીજારોપિત પ્રશ્નોને સ્પષ્ટ સમજાવવાના હેતુથી આ અધ્યાયની શરૂઆતમાં અર્જુને સાત પ્રશ્નો કર્યા કે ભગવાન ! જેને આપે બ્રહ્મ કહ્યો તે બ્રહ્મ શું છે ? તે અધ્યાત્મ શું છે ? તે સંપૂર્ણ કર્મ શું છે ? અધિદૈવ, અધિભૂત અને અધિયજ્ઞ શું છે અને અંતઃકાળે આપને કેવી રીતે જાણી શકાય કે ક્યારેય વિસ્મૃત થતા નથી ? યોગેશ્વર શ્રીકૃષ્ણે જણાવ્યું કે જેનો ક્યારેય વિનાશ નથી થતો, એ પરબ્રહ્મ છે. સ્વયંની પ્રાપ્તિવાળો પરમભાવ જ અધ્યાત્મ છે. જેનાથી જીવ માયાના આધિપત્યમાંથી નીકળીને આત્માના આધિપત્યમાં આવી જાય છે. એ અધ્યાત્મ છે અને ભૂતોનો ભાવ, જે શુભ અથવા અશુભ સંસ્કારોને ઉત્પન્ન કરે છે એ ભાવોનું શાંત થવું **विसर्ग** — નાશ પામવો એ જ કર્મની સંપૂર્ણતા છે. એની આગળ કર્મ કરવાની જરૂર રહેતી નથી. કર્મ તે એવી વસ્તુ છે, જે સંસ્કારોના ઉદ્‌ગમને જ મિટાવી દે છે.

આ પ્રમાણે ક્ષરભાવ અધિભૂત છે એટલે કે નાશવંત જ ભૂતોને ઉત્પન્ન કરવાનું માધ્યમ છે. એ જ ભૂતોનો અધિષ્ઠાતા છે. પરમપુરુષ જ અધિદેવ છે. તેમાંજ દૈવી સંપત્તિ વિલીન થાય છે. આ શરીરમાં અધિયજ્ઞ હું જ છું એટલે કે જેમાં યજ્ઞ વિલય પામે છે, તે હું છું, યજ્ઞનો અધિષ્ઠાતા છું. એ મારા સ્વરૂપને જ પામે છે. એટલે કે શ્રીકૃષ્ણ એક યોગી હતા. અધિયજ્ઞ

કોઈ એવો પુરુષ છે, જે આ શરીરમાં રહે છે. બહાર નહિ. છેલ્લો પ્રશ્ન હતો કે, અંત સમયે આપ કેવી રીતે જાણવામાં આવો છો ? એમણે જણાવ્યું કે જે મારું નિરંતર સ્મરણ કરે છે. મારા સિવાય અન્ય કોઈ વિષય વસ્તુનું ચિંતન કરતો નથી અને આમ કરતાં કરતાં શરીરના સંબંધનો ત્યાગ કરે છે. એ મારા સાક્ષાત સ્વરૂપને પ્રાપ્ત કરે છે. એને અંતમાં પણ એ જ મેળવી શકે છે. શરીરના મૃત્યુ સમયે આની પ્રાપ્તિ થાય એવું નથી. મરવા સમયે જ શ્રીકૃષ્ણ મળે તો શ્રીકૃષ્ણ પૂર્ણ ન હોત, અનેક જન્મોમાંથી પસાર થઈ પામવાવાળો જ્ઞાની એમનું સ્વરૂપ ન હોત. મનનો બધી જ રીતે નિગ્રહ અને તે નિરુદ્ધ મનનો પણ વિલય એ જ અંતકાળ છે. જ્યાં ફરી શરીરોની ઉત્પત્તિનું માધ્યમ શાંત થઈ જાય છે, એ સમયે એ પરમભાવમાં પ્રવેશી જાય છે. એનો પુનર્જન્મ થતો નથી.

આ પ્રાપ્તિ માટે તેમણે સ્મરણનો ઉલ્લેખ કરી જણાવ્યો કે હે અર્જુન સતત મારું સ્મરણ કર અને યુદ્ધ કર. બંને એકસાથે કેવી રીતે થશે ? કદાચ એવું થાય કે જય ગોપાલ, હે કૃષ્ણ બોલતા રહો, લાઠી પણ ચલાવતા રહો. સ્મરણનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું કે, યોગ ધારણામાં સ્થિર રહી, મારા સિવાય અન્ય બીજી કોઈ વસ્તુનું સ્મરણ ન કરતાં, સતત સ્મરણ કર, જ્યારે સ્મરણ આટલું સૂક્ષ્મ છે, તો યુદ્ધ કોણ કરશે ? માની લો, આ પુસ્તક ભગવાન છે. તો એની આજુબાજુની વસ્તુ, સામે બેઠેલા લોકો કે જોયેલી-સાંભળેલી અન્ય કોઈ વસ્તુ સંકલ્પમાં ન આવે, દેખાય નહિ, જો દેખાય તો સ્મરણ નથી, આવા સ્મરણમાં યુદ્ધ કેવું ? વસ્તુતઃ જ્યારે તમે આ પ્રકારે નિરંતર સ્મરણમાં પ્રવૃત્ત હશો, તો એ ક્ષણે યુદ્ધનું સાચું સ્વરૂપ જણાય છે. એ સમયે માયાવી પ્રવૃત્તિ બાધાના રૂપમાં સામે આવે છે. કામ, ક્રોધ, રાગ-દ્વેષ દુર્જય શત્રુ છે. આ શત્રુઓ સ્મરણ કરવા નહિ દે. તેમાંથી પાર પડવું એ જ યુદ્ધ છે. આ શત્રુઓનો નાશ થયા પછી જ વ્યક્તિ પરમગતિને પ્રાપ્ત કરે છે.

આ પરમગતિને પ્રાપ્ત કરવા માટે હે અર્જુન ! તું ઓમનો જપ કર અને મારું ધ્યાન ધર. એટલે કે શ્રીકૃષ્ણ એક યોગી હતા. નામ અને રૂપ જ ભક્તિની ચાવી છે.

યોગેશ્વર શ્રીકૃષ્ણે આ પ્રશ્નને પણ લીધો કે પુનર્જન્મ શું છે ? એમાં કોણ કોણ આવે છે ? એમણે જણાવ્યું કે બ્રહ્માથી લઈને જીવમાત્ર જગત પુનરાવર્તી છે અને આ બધાની સમાપ્તિ થયા પછી પણ મારો પરમ અવ્યક્ત ભાવ તથા એમાંની સ્થિતિ પૂર્ણ થતી નથી.

આ યોગમાં જોડાયેલ પુરુષની બે ગતિ છે, જે પૂર્ણ પ્રકાશને મેળવે છે. ષડૈશ્વર્ય સંપન્ન ઊર્ધ્વરેતા, જેમાં સહેજમાત્ર પણ કમી નથી, તે પરમગતિને પ્રાપ્ત કરે છે. જો એ યોગકર્તામાં લેશમાત્ર પણ કમી હોય, કૃષ્ણ પક્ષ જેવી કાલિમાનો સંચાર હોય, આવી અવસ્થામાં જ શરીરનો ત્યાગ કરવાવાળા યોગીને જન્મ લેવો પડે છે. એ સામાન્ય જીવની જેમ જન્મ-મરણના ચક્કરમાં નથી ફસાતો, બલ્કે જન્મ લઈને એની આગળની બાકી સાધના પૂરી કરે છે.

આ પ્રમાણે આગળના જન્મમાં એ સાધનાપંથને અનુસરીને પણ એ ત્યાં જ પહોંચી જાય છે જેનું નામ પરમધામ છે. પહેલાં પણ શ્રીકૃષ્ણ કહી ગયા છે કે ભજનનું થોડું પણ સાધન જન્મ-મરણના મહાન ભયમાંથી ઉગારી લે છે.

"**दोनों रास्ते शाश्वत है, अमिट है ।**" આ વાત સમજીને કોઈ પણ પુરુષ યોગમાંથી ચલિત નથી થતો. અર્જુન, તું યોગી બન. યોગી વેદ, તપ, યજ્ઞ અને દાનના પુણ્યફળને પણ ઓળંગીને પરમગતિને પામે છે.

આ અધ્યાયમાં ઘણી જગ્યાએ પરમગતિનો ઉલ્લેખ કર્યો છે, જેને અવ્યક્ત અને અક્ષર કહીને કહેવામાં આવી છે, જેનો ક્યારેય ક્ષય અથવા વિનાશ નથી થતો. આથી –

**ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णअर्जुनसंवादे 'अक्षर ब्रह्मयोगो' नाम अष्टमोऽध्यायः ॥८॥**

આ રીતે શ્રીમદ્ ભગવદ્ગીતારૂપી ઉપનિષદ એવા બ્રહ્મવિદ્યા તથા યોગશાસ્ત્રવિષયક શ્રીકૃષ્ણ-અર્જુનના સંવાદમાં ‘અક્ષર બ્રહ્મયોગ’ નામનો આઠમો અધ્યાય પૂર્ણ થાય છે.

**इति श्रीमत्परमहंस परमानन्दस्य शिष्य स्वामी श्री अडगडानन्दकृते श्रीमद्भगवद्गीतायाः ‘यथार्थ गीता’ भाष्ये ‘अक्षर ब्रह्मयोगो’ नाम अष्टमोऽध्यायः ॥८॥**

આ પ્રમાણે શ્રીમત્પરમહંસ પરમાનન્દજીના શિષ્ય સ્વામી શ્રી અડગડાનંદજીકૃત શ્રીમદ્ભગવદ્ગીતાના ‘યથાર્થ ગીતા’ ભાષ્યના ‘અક્ષર બ્રહ્મયોગ’ નામનો આઠમો અધ્યાય પૂરો થાય છે.

**॥ हरिः ॐ तत्सत् ॥**

ॐ

**श्री परमात्मने नमः**

# અધ્યાય નવમો

છઠ્ઠા અધ્યાય સુધી યોગેશ્વર શ્રીકૃષ્ણે યોગ વિશે ક્રમબદ્ધ વિશ્લેષણ કર્યું. એનો શુદ્ધ અર્થ હતો, યજ્ઞની પ્રક્રિયા. યજ્ઞ એ તો પરમ તત્ત્વમાં પ્રવેશ કરાવી આપનાર આરાધનાની વિધિ-વિશેષનું ચિત્ર છે, એમાં આ ચરાચર જગત તે હવનસામગ્રીના રૂપમાં છે. મનનો નિગ્રહ અને નિગ્રહ થયેલ મનના વિલયકાળમાં પણ તે અમૃતતત્ત્વ તો સમજાઈ જ જાય છે. પૂર્તિકાળમાં યજ્ઞ જેનું સર્જન કરે છે, તેનું પાન કરનાર જ્ઞાની છે અને તે જ સનાતન બ્રહ્મને પામી શકે છે. તે મિલનનું નામ જ યોગ છે. આ યજ્ઞને ક્રિયાનું રૂપ આપવાથી તે કર્મ કહેવાય છે. સાતમા અધ્યાયમાં ભગવાને વર્ણવ્યું છે કે આ કર્મ કરનાર વ્યાપ્ત બ્રહ્મ, સંપૂર્ણ કર્મ, સંપૂર્ણ અધ્યાત્મ, સંપૂર્ણ અધિદૈવ, અધિભૂત અને અધિયજ્ઞ સહિત મને જાણે છે. આઠમા અધ્યાયમાં ભગવાને કહ્યું છે કે આ જ પરમગતિ છે, આ જ પરમધામ છે.

પ્રસ્તુત અધ્યાયમાં યોગેશ્વર શ્રીકૃષ્ણે યોગયુક્ત પુરુષનું ઐશ્વર્ય કેવું હોય છે તેની સ્વયં ચર્ચા કરી છે. સર્વવ્યાપી હોવા છતાં તેઓ કેવી રીતે નિર્લેપ છે ? કર્તા હોવા છતાં કેવી રીતે અકર્તા છે ? એવા પુરુષના

સ્વભાવ તેમજ પ્રભાવ પર પ્રકાશ પાડી, યોગને આચરણમાં મૂકતાં અવારનવાર દેવતાદિક વિઘ્નો વિશે જાગ્રત કરી તે પરમ પુરુષનું શરણ લેવા પર ભાર મૂક્યો.

**श्री भगवानुवाच**

**इदं तु ते गुह्यतमं प्रवक्ष्याम्यनसूयवे ।**
**ज्ञानं विज्ञानसहितं यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ॥१।**

યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું, 'હે અર્જુન ! અસૂયારહિત તારા માટે હું પરમ ગોપનીય, વિજ્ઞાનસહિત જ્ઞાન કહીશ અર્થાત્ પરમપદની પ્રાપ્તિ બાદ મહાપુરુષની રહેણી કેવી હોય તે સહિત તે મહાપુરુષ એકસાથે સર્વત્ર કેવી રીતે કર્મ કરે છે, તે કેવી રીતે જાગૃતિ પ્રદાન કરે છે તેમજ રથી બની આત્માની સાથે સદૈવ કેવી રીતે રહે છે ? – તે કહીશ. **यत् ज्ञात्वा** – જેને સાક્ષાત્ જાણીને તું દુઃખરૂપી સંસારથી મોક્ષ પામીશ. આ જ્ઞાન કેવું છે ? આના વિશે કહે છે –

**राजविद्या राजगुह्यं पवित्रमिदमुत्तमम् ।**
**प्रत्यक्षावगमं धर्म्यं सुसुखं कर्तुमव्ययम् ॥२॥**

વિજ્ઞાન સાથેનું આ જ્ઞાન બધી વિદ્યાઓનો રાજા છે. વિદ્યાનો અર્થ ભાષા-જ્ઞાન અથવા બોધ નથી. **विद्या हि का ब्रह्मगतिपदाया सा विद्या या विमुक्तये** વિદ્યા તેને કહે છે કે તેની પાસે જે આવે તેને ઉઠાવીને બ્રહ્મપથ પર ચલાવતાં ચલાવતાં મોક્ષ પ્રદાન કરે છે. જો માર્ગમાં રિદ્ધિ-સિદ્ધિ કે પ્રકૃતિમાં અટવાઈ ગયા તો એ વાત નક્કી છે કે અવિદ્યા સફળ થઈ ગઈ છે. તે વિદ્યા નથી. આ રાજવિદ્યા એવી છે કે જે નિશ્ચિત કલ્યાણ જ કરે છે. આ બધી ગોપનીય વિદ્યાઓનો રાજા છે. અવિદ્યા અને વિદ્યાનો ભેદ ખૂલ્યા પછી યોગયુક્તતા બાદ આનું મિલન થાય છે. આ અતિ પવિત્ર, ઉત્તમ અને પ્રત્યક્ષ અનુભવમાં આવે એવું છે. કર્મ કરો, ફળ મેળવો – આવું પ્રત્યક્ષ ફળ દેનાર છે. આ અંધશ્રદ્ધા નથી કે આ જન્મમાં સાધના કરો. ફળ કોઈ બીજા જન્મમાં મળશે. આ પરમધર્મ પરમાત્માથી જોડાયેલ છે. વિજ્ઞાન સહિતનું આ જ્ઞાન આચરવામાં સરળ અને અવિનાશી છે.

બીજા અધ્યાયમાં યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું છે કે હે અર્જુન, આ યોગમાં બીજનો નાશ થતો નથી. તેનું થોડું પણ આચરણ જન્મ-મરણના મહાન ભયથી ઉગારી લે છે. છઠ્ઠા અધ્યાયમાં અર્જુને પૂછ્યું કે ભગવાન, **યોગમાં ચલિત થયેલ સાધક નષ્ટ-ભ્રષ્ટ તો નથી થઈ જતો ને ?** શ્રીકૃષ્ણે કહ્યું કે હે અર્જુન, પહેલાં તો કર્મને સમજવું જરૂરી છે અને સમજ્યા પછી થોડું પણ સાધન હાથ લાગી જાય તો તેનો કોઈ જન્મમાં ક્યારેય વિનાશ થતો નથી, પરંતુ એ થોડા અભ્યાસના પ્રભાવથી દરેક જન્મમાં તે તેનું જ આચરણ કરે છે. અનેક જન્મોની સાધનાના પરિણામે તે ત્યાં પહોંચે છે જેનું નામ પરમગતિ અર્થાત્ પરમાત્મા છે. તે જ વિધાન શ્રીકૃષ્ણ અહીં પણ કરે છે કે – આ સાધન આચરવામાં ખૂબ જ સરળ અને અવિનાશી છે, પરંતુ આના માટે શ્રદ્ધા ખૂબ જ આવશ્યક છે.

**अश्रद्दधानाः पुरुषा धर्मस्यास्य परंतप**
**अप्राप्य मां निवर्तन्ते मृत्युसंसारवर्त्मनि ॥३॥**

હે પરંતપ અર્જુન ! આ ધર્મ ઉપર (જેનું થોડું પણ આચરણ કરનારનો વિનાશ થતો નથી.) શ્રદ્ધા નથી એવો શ્રદ્ધારહિત પુરુષ (એક જ ઈષ્ટમાં મન સ્થિર ન રાખનાર) મને નહિ પામતાં આ સંસારક્ષેત્રમાં ભ્રમણ કર્યા જ કરે છે. એટલે શ્રદ્ધા અનિવાર્ય છે. શું તમે સંસારથી પર છો ? આ વિશે કહે છે કે –

**मया ततमिदं सर्वं जगदव्यक्तमूर्तिना ।**
**मत्स्थानि सर्वभूतानि न चाहं तेष्ववस्थितः ॥४॥**

મારા અવ્યક્ત સ્વરૂપથી જ આ સર્વ જગત વ્યાપ્ત છે અર્થાત્ હું જે સ્વરૂપમાં સ્થિત છું તે સર્વત્ર વ્યાપત છે. દરેક પ્રાણી મારામાં છે, પણ હું તેઓમાં નથી, કારણ કે હું અવ્યક્ત સ્વરૂપમાં જ સ્થિત છું. મહાપુરુષ જે અવ્યક્ત સ્વરૂપમાં સ્થિત છે તે માધ્યમથી (શરીર છોડી તે અવ્યક્ત સ્તરથી જ) વાત કરે છે. આ જ ક્રમમાં આગળ કહે છે –

**न च मत्स्थानि भूतानि पश्य मे योगमैश्वरम् ।**
**भूतभृन्न च भूतस्थो ममात्मा भूतभावनः ॥५॥**

વાસ્તવમાં બધાં ભૂતો પણ મારામાં સ્થિત નથી, કારણ કે તે મરણધર્મા છે, પ્રકૃતિને આધીન છે, પરંતુ મારી યોગમાયાના ઐશ્વર્યને જો,

જીવોને ઉત્પન્ન કરનાર અને પોષણ કરનાર મારો આત્મા ભૂતોમાં સ્થિત નથી. હું આત્મસ્વરૂપ છું તેથી તે ભૂતોમાં હું સ્થિત નથી. આ જ યોગનો પ્રભાવ છે. આને સ્પષ્ટ કરતાં યોગેશ્વર શ્રીકૃષ્ણ દૃષ્ટાંત આપે છે–

**यथाकाशस्थितो नित्यं वायुः सर्वत्रगो महान् ।**
**तथा सर्वाणि भूतानि मत्स्थानीत्युपधारय ।।६।।**

જેમ આકાશમાં જ ઉત્પન્ન થનાર મહાન વાયુ સર્વદા આકાશમાં જ રહેતો હોવા છતાં તેને મલિન કરી શકતો નથી. બરાબર તેવી જ રીતે સર્વભૂતો મારામાં વ્યાપ્ત છે એમ જાણ. તેવી જ રીતે હું આકાશવત્ નિર્લેપ છું. તે મને મલિન કરી શકતાં નથી. પ્રશ્ન પૂરો થયો, આ જ યોગનો પ્રભાવ છે. હવે યોગી શું કરે છે ? ત્યારે કહે છે –

**सर्वभूतानि कौन्तेय प्रकृतिं यान्ति मामिकाम् ।**
**कल्पक्षये पुनस्तानि कल्पादौ विसृजाम्यहम् ।।७।।**

હે અર્જુન ! કલ્પના વિલયકાળમાં સર્વ ભૂત મારી પ્રકૃતિ અર્થાત્ મારા સ્વભાવને પામે છે અને કલ્પના આરંભમાં હું એમનું વારંવાર **विसृजामि** વિશેષ રૂપથી સર્જન કરું છું, તે હતા તો પહેલેથી જ, પરંતુ વિકૃત હતાં તેમની રચના કરું છું. સર્જન કરું છું. જે અચેતન છે તેને જાગ્રત કરું છું. કલ્પ માટે પ્રેરું છું. કલ્પનું તાત્પર્ય છે ઉત્થાનોન્મુખ - ઉત્થાન માટે તત્પર પરિવર્તન. આસુરી સંપત્તિમાંથી નીકળી પુરુષ જેમ જેમ દૈવી સંપત્તિમાં પ્રવેશ પામે છે, ત્યાંથી જ કલ્પનો આરંભ છે અને જ્યારે ઈશ્વરભાવને પામે છે ત્યાં કલ્પનો ક્ષય થાય છે. પોતાનું કર્મ પૂરું કરીને કલ્પ પણ વિલીન થઈ જાય છે. ભજનનો આરંભ તે કલ્પનો આરંભ છે અને ભજનની પરાકાષ્ઠા, જ્યાં લક્ષ્યની પ્રાપ્તિ થાય છે તે કલ્પનો અંત છે. જ્યારે આ પ્રત્યગાત્મા યોનિઓના કારણભૂત એવા રાગ-દ્વેષાદિથી મુક્તિ પામી પોતાના શાશ્વત સ્વરૂપમાં સ્થિર થઈ જાય – તેને જ શ્રીકૃષ્ણ કહે છે કે મારી પ્રકૃતિને એટલે કે મને પામે છે.

જે મહાપુરુષ પ્રકૃતિનો વિલય કરીને સ્વરૂપમાં પ્રવેશ પામે છે તેની પ્રકૃતિ કેવી હોય છે ? શું તેનામાં પ્રકૃતિ શેષ જ છે ? ના, ત્રીજા અધ્યાયના ૩૩મા શ્લોકમાં યોગેશ્વર શ્રીકૃષ્ણે કહી દીધું છે કે દરેક પ્રાણી

પોતાની પ્રકૃતિને પ્રાપ્ત થાય છે. તેના ઉપર પ્રકૃતિના ગુણોનો જેવો પ્રભાવ હોય છે તેવું તે કરે છે અને **ज्ञानवानपि** – પ્રત્યક્ષદર્શન પામનાર જ્ઞાતા, જ્ઞાની પુરુષ પણ પોતાની પ્રકૃતિ અનુસાર જ ચેષ્ટા કરે છે. તે બીજાઓના કલ્યાણ માટે કર્મ કરે છે. પૂર્ણ જ્ઞાની અને તત્ત્વમાં સ્થિત એવા મહાપુરુષોની રહેણીકરણી જ એની પ્રકૃતિ છે. તે પોતાના તે સ્વભાવ અનુસાર જ વર્તે છે. કલ્પના અંતમાં લોકો આ મહાપુરુષની રહેણીકરણીને જ પ્રાપ્ત થાય છે. મહાપુરુષના આ કર્તૃત્વ પર ફરી પ્રકાશ પાડતાં કહે છે –

**प्रकृतिं स्वामवष्टभ्य विसृजामि पुनः पुनः ।**
**भूतग्राममिमं कृत्स्नमवशं प्रकृतेर्वशात् ॥८॥**

પોતાની પ્રકૃતિ અર્થાત્ મહાપુરુષના આચરણનો સ્વીકાર કરીને **प्रकृतेर्वशात्** પોતપોતાના સ્વભાવમાં પ્રકૃતિના ગુણોથી પરવશ થયેલા આ સંપૂર્ણ ભૂત સમુદાયને હું વારંવાર **विसृजामि** વિશેષ સર્જન એટલે કે વિશેષ રૂપથી સર્જું છું. તેને મારા સ્વરૂપ તરફ આગળ વધવા માટે પ્રેરું છું. તો તો તમે આ કર્મથી બંધાયેલા છો ?

**न च मां तानि कर्माणि निबध्नन्ति धनंजय ।**
**उदासीनवदासीनमसक्तं तेषु कर्मसु ॥९॥**

ચોથા અધ્યાયના નવમા શ્લોકમાં યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું છે કે મહાપુરુષની કાર્યપ્રણાલી અલૌકિક છે. અધ્યાય ૯/૪માં વર્ણવ્યું છે કે હું અવ્યક્ત રૂપથી કર્મ કરું છું. અહીં પણ એમ જ કહે છે કે, હે ધનંજય, જે કર્મો હું અદૃશ્ય સ્વરૂપથી કરું છું એમાં મારી આસક્તિ નથી. ઉદાસીનની જેમ સ્થિત રહેનારા મારા પરમાત્મસ્વરૂપને તે કર્મો બાંધી શકતાં નથી, કારણ કે કર્મના પરિણામથી જે લક્ષ્ય સિદ્ધ થાય છે તેમાં હું સ્થિત છું માટે તે કરવા માટે હું વિવશ નથી.

આ તો સ્વભાવ સાથે જોડાયેલી પ્રકૃતિનાં કાર્યોનો પ્રશ્ન હતો. મહાપુરુષનું આચરણ હતું, તેમની રચના હતી. હવે મારા અધ્યાસથી માયા જે રચે છે તે શું છે ? તે પણ એક કલ્પ છે–

**मयाध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम् ।**
**हेतुनानेन कौन्तेय जगद्विपरिवर्तते ॥१०॥**

હે અર્જુન મારી અધ્યક્ષતામાં અર્થાત્ મારી ઉપસ્થિતિમાં સર્વવ્યાપક એવા મારા અધ્યાસથી આ માયા (ત્રિગુણમયી પ્રકૃતિ, અષ્ટધા મૂળ પ્રકૃતિ અને ચેતના બંને) ચરાચર સહિત આ જગતની રચના કરે છે. તે ક્ષુદ્ર કલ્પ છે. એ કારણે આ સંસાર આવાગમનના ચક્રમાં ફર્યા કરે છે. પ્રકૃતિનું આ કલ્પ ક્ષુદ્ર છે, એમાં કાળનું પરિવર્તન છે. મારા અધ્યાસથી પ્રકૃતિ જ કરે છે, હું નથી કરતો, પરંતુ સાતમા શ્લોકનો કલ્પ, આરાધનાનો સંચાર તેમજ પૂર્તિ પર્યંત માર્ગદર્શનવાળો કલ્પ તો મહાપુરુષ સ્વયં કરે છે. એક સ્થાન પર તે સ્વયં કર્તા છે કે જ્યાં તે વિશેષ રૂપે સર્જન કરે છે. અહીં કર્તા પ્રકૃતિ છે જે કેવળ મારા આભાસથી ક્ષણિક પરિવર્તન કરે છે, એમાં શરીરનું પરિવર્તન, કાળ પરિવર્તન, યુગ-પરિવર્તન વગેરે આવે છે. આટલો વ્યાપક પ્રભાવ હોવા છતાં મૂઢ લોકો મને નથી જાણતા. જેમ કે –

**अवजानन्ति मां  मूढा मानुषीं तनुमाश्रितम् ।**
**परं भावमजानन्तो मम भूतमहेश्वरम् ॥११॥**

સર્વ ભૂતોના મહાન ઈશ્વરરૂપ એવા મારા પરમભાવને ન જાણનારા મૂઢ લોકો, મને મનુષ્યશરીરના આધારવાળો અને તુચ્છ સમજે છે. સર્વ પ્રાણીઓના ઈશ્વરનો પણ જે મહાન ઈશ્વર છે, એવા તે પરમભાવમાં હું સ્થિત છું, પરંતુ મનુષ્ય શરીરધારી મૂર્ખ લોકો તેને જાણતા નથી. તેઓ મને મનુષ્ય કહીને સંબોધે છે. એમાં એમનો પણ શો દોષ ? જ્યારે તેઓ નજર કરે છે તો એમને મહાપુરુષનું શરીર જ જોવા મળે છે. આપ મહાન ઈશ્વરભાવમાં સ્થિત છો તે તેઓ કેવી રીતે જાણે ? તેઓ કેમ જોઈ શકતા નથી ? તે વિષે કહે છે –

**मोघाशा मोघकर्माणो मोघज्ञाना विचेतसः ।**
**राक्षसीमासुरीं चैव प्रकृतिं मोहिनीं श्रिताः ॥१२॥**

તેઓ વ્યર્થ આશા (જે ક્યારેય પૂર્ણ ન થાય એવી આશા) વ્યર્થ કર્મ (બંધનરૂપ કર્મ), વ્યર્થ જ્ઞાન (જે વસ્તુતઃ અજ્ઞાન છે) **विचेतसः** – વિશેષ રૂપથી અચેત થયેલું – અશુદ્ધ, રાક્ષસો અને અસુરો જેવા મોહિત થનારા

સ્વભાવને ધારણ કરનારા હોય છે. અર્થાત્ આસુરી સ્વભાવવાળા હોય છે. તેથી મનુષ્ય જ સમજે છે. અસુર અને રાક્ષસ એ મનનો એક સ્વભાવ છે. તે કોઈ જાતિ કે યોનિ નથી. આસુરી સ્વભાવવાળા મને જાણી શકતા નથી. પરંતુ મહાત્માજનો મને જાણે છે અને ભજે છે–

**महात्मानस्तु मां पार्थ दैवीं प्रकृतिमाश्रिताः ।**
**भजन्त्यनन्यमनसो ज्ञात्वा भूतादिमव्ययम् ॥१३॥**

હે પાર્થ ! પરંતુ દૈવી પ્રકૃતિ એટલે કે દૈવી સંપત્તિવાળા મહાપુરુષો મને સર્વ ભૂતોના મૂળ કારણ, અવ્યક્ત અને અવિનાશી જાણીને અનન્ય ભાવથી અર્થાત્ મનની ભીતરમાં પણ કોઈ અન્યને સ્થાન ન આપતાં કેવળ મારામાં જ શ્રદ્ધા રાખી નિરંતર મારું ભજન કરે છે. કેવી રીતે ભજે છે ? તે વિષે ભગવાન કહે છે –

**सततं कीर्तयन्तो मां यतन्तश्च दृढव्रताः ।**
**नमस्यन्तश्च मां भक्त्या नित्ययुक्ता उपासते ॥१४॥**

તે નિરંતર ચિંતનના વ્રતમાં અચળ રહીને મારા ગુણોનું ચિંતન કરે છે, મારી પ્રાપ્તિ માટે યત્ન કરે છે અને મને વારંવાર નમસ્કાર કરતા સદૈવ મારામાં જોડાયેલા રહી અનન્ય ભક્તિથી મારી ઉપાસના કરે છે. અવિરત ભજ્યા કરે છે. કઈ ઉપાસના કરે છે ? કેવું છે આ કીર્તિજ્ઞાન? કોઈ અન્ય ઉપાસના નહિ, પરંતુ તે જ યજ્ઞ જે વિસ્તારથી સમજાવવામાં આવ્યો છે. તે જ આરાધનાને યોગેશ્વર શ્રીકૃષ્ણ અહીં સંક્ષેપમાં ફરી સમજાવે છે –

**ज्ञानयज्ञेन चाप्यन्ये यजन्तो मामुपासते ।**
**एकत्वेन पृथक्त्वेन बहुधा विश्वतोमुखम् ॥१५॥**

એમાંના કોઈ તો મારું સર્વવ્યાપી વિરાટ પરમાત્માનું જ્ઞાનયજ્ઞ દ્વારા યજન કરે છે અર્થાત્ પોતાની લાભ-હાનિ અને શક્તિને સમજીને આ નિયત કર્મ એવા યજ્ઞમાં પ્રવૃત્ત થાય છે. તો કોઈ એકત્વ ભાવથી મારી ઉપાસના કરે છે કે મારે આમાં જ એક થઈ જવાનું છે અને અન્ય મારાથી સર્વ કંઈ અલગ રાખીને, મને સમર્પણ કરીને નિષ્કામ સેવા-ભાવથી મને ઉપાસે છે તથા વિવિધ પ્રકારે મને ઉપાસે છે, કારણ કે એક જ યજ્ઞના આ બધા ઊંચાનીચા સ્તર છે. યજ્ઞનો આરંભ સેવાથી થાય છે. પરંતુ તેનું

અનુષ્ઠાન કયા પ્રકારે થાય છે ? યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે કે – યજ્ઞ હું કરું છું, મહાપુરુષ જો રથી ન હોય તો યજ્ઞ પાર પડતો નથી, તેમનાં જ નિર્દેશનથી સાધક સમજી શકે છે કે હવે તે કઈ કક્ષાએ છે, ક્યાં સુધી પહોંચી શક્યો છે ? વસ્તુતઃ યજ્ઞકર્તા કોણ છે ? આ વિશે યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે –

**अहं क्रतुरहं यज्ञः स्वधाहमहमौषधम् ।**
**मन्त्रोऽहमहमेवाज्यमहमग्निरहं हुतम् ॥१६॥**

કર્તા હું છું. વાસ્તવમાં કર્તાની પાછળ પ્રેરક રૂપમાં સદૈવ સંચાલિત કરનાર તો ઈષ્ટ જ છે. કર્તા દ્વારા જે પાર પામે છે તે મારી દેન છે. યજ્ઞ હું છું. યજ્ઞ આરાધનાનો વિધિ-વિશેષ છે. પૂર્તિકાળમાં યજ્ઞ જેનું સર્જન કરે છે, તે અમૃતનું પાન કરવાવાળો પુરુષ સનાતન બ્રહ્મમાં પ્રવેશ પામે છે. તર્પણ હું છું એટલે કે ભૂતકાળના અનંત સંસ્કારોનો વિલય કરીને તેને તૃપ્ત કરવું તે મારી ભેટ છે. ભવરોગને મિટાવનાર ઔષધિ હું છું. મને પામીને લોકો આ રોગથી મુક્ત થઈ જાય છે. મંત્ર હું છું. શ્વાસના અંતરાલમાં મનનો નિરોધ મારી દેન છે. આ નિરોધ-ક્રિયામાં તીવ્રતા લાવનાર વસ્તુ આજ્ય (હવિ) પણ હું છું. અગ્નિ હું છું. મારા પ્રકાશમાં જ મનની બધી પ્રવૃત્તિઓ વિલીન થાય છે અને હવન અર્થાત્ સમર્પણ પણ હું જ છું.

અહીં યોગેશ્વર શ્રીકૃષ્ણ વારંવાર હું છું એમ કહે છે. આનો આશય માત્ર એટલો જ છે કે હું જ પ્રેરક રૂપમાં આત્માથી અભિન્ન બની ઊભો છું તથા નિરંતર નિર્ણય આપતો યોગક્રિયાને પૂર્ણ કરાવું છું. આનું જ નામ વિજ્ઞાન છે. પૂજ્ય મહારાજશ્રી કહેતા રહેતા કે, જ્યાં સુધી ઈષ્ટદેવ રથી બનીને શ્વાસ-પ્રશ્વાસ પર નિયંત્રણ ન કરવા લાગે, ત્યાં સુધી ભજનનો આરંભ જ થતો નથી. કોઈ લાખ વખત આંખ બંધ કરે, ભજન કરે, શરીરને તપ કરીને તપાવે, પરંતુ જ્યાં સુધી જે પરમાત્માની આપણને ચાહના છે તે, જે સ્તરે આપણે ઊભા છીએ ત્યાં ઊતરીને, આત્માથી અભિન્ન બની જાગ્રત નથી થતા, ત્યાં સુધી ભજનનું સ્વરૂપ યોગ્ય રીતે સમજી શકાતું નથી. તેથી મહારાજજી કહેતા કે, મારા સ્વરૂપને પકડો, હું બધું જ આપીશ. શ્રીકૃષ્ણ ભગવાન કહે છે – બધું મારા થકી થાય છે.

**पिताहमस्य जगतो माता धाता पितामहः ।**
**वेद्यं पवित्रमोंकार ऋक्साम यजुरेव च ॥१७॥**

હે અર્જુન ! હું જ આ સંપૂર્ણ જગતનો **धाता** અર્થાત્ ધારણ કરનારો, **पिता** અર્થાત્ પાલન કરનારો. **माता** અર્થાત્ ઉત્પન્ન કરનારો, **पितामह** અર્થાત્ મૂળ ઉદ્ગમ્ છું. જેમાં સર્વે પ્રવેશ પામે છે અને જાણવા યોગ્ય પવિત્ર ઓમકાર અર્થાત્ જે **अहम् आकारः इति ओमकारः** તે પરમાત્મા મારા સ્વરૂપમાં છે. **सोऽहं तत्त्वमसि** વગેરે એકબીજાનાં પર્યાય છે. આવું જાણવા યોગ્ય સ્વરૂપ હું જ છું. **ऋक्** અર્થાત્ સંપૂર્ણ પ્રાર્થના, **साम** અર્થાત્ સમત્ત્વ આપનારી પ્રક્રિયા, **यजु** અર્થાત્ યજનની વિધિવિશેષ પણ હું જ છું. યોગ-અનુષ્ઠાન ઉપરનાં ત્રણેય આવશ્યક અંગો મારાથી થાય છે.

**गतिर्भर्ता प्रभुः साक्षी निवासः शरणं सुहृत् ।**
**प्रभवः प्रलयः स्थानं निधानं बीजमव्ययम् ॥१८॥**

હે અર્જુન ! **गतिः** અર્થાત્ પ્રાપ્ત થવા યોગ્ય પરમગતિ,**भर्ता** ભરણપોષણ કરનાર, સર્વના સ્વામી **साक्षी** અર્થાત્ દૃષ્ટારૂપમાં સ્થિત સર્વેને જાણનાર, સહુનું નિવાસસ્થાન શરણ લેવા યોગ્ય, અકારણ પ્રેમી, મિત્ર, ઉત્પત્તિ અને પ્રલય એટલે કે શુભાશુભ સંસ્કારોનો વિલય તથા અવિનાશી કારણ હું છું. અર્થાત્ અંતે જેમાં પ્રવેશ મળે છે તે બધી વિભૂતિઓ હું જ છું.

**तपाम्यहमहं वर्षं निगृह्णामिम्युत्सृजामि च ।**
**अमृतं चैव मृत्युश्च सदसच्चाहमर्जुन ॥१९॥**

હું સૂર્યરૂપે તપું છું, વરસાદને આકર્ષિત કરું છું. મૃત્યુથી પર અમરત્વ તથા મૃત્યુ, સત્ અને અસત્ આ બધું જ હું છું. અર્થાત્ જે પરમ પ્રકાશ પ્રદાન કરે છે, તે સૂર્ય પણ હું છું. ક્યારેક ક્યારેક સાધક મને અસત્ પણ માની બેસે છે, તેઓ મૃત્યુને પ્રાપ્ત થાય છે. આ રીતે આગળ કહે છે –

**त्रैविद्या मां सोमपाः पूतपापा यज्ञरिष्ट्वा स्वर्गतिं प्रार्थयन्ते ।**
**ते पुण्यमासाद्य सुरेन्द्रलोकमश्नन्ति दिव्यान्दिवि देवभोगान् ॥२०॥**

આરાધના વિદ્યાનાં ત્રણ અંગો - ઋક્, સામ, યજુ અર્થાત્ પ્રાર્થના, સમત્વની પ્રક્રિયા અને યજનનું આચરણ કરનારા, સોમ એટલે કે ચંદ્રમાનો ક્ષીણ પ્રકાશ પામનારા, પાપથી મુક્ત બનીને પવિત્ર થયેલા પુરુષ તે જ

યજ્ઞની નિર્ધારિત પ્રક્રિયા દ્વારા મને ઇષ્ટરૂપે પૂજીને સ્વર્ગપ્રાપ્તિને માટે પ્રાર્થના કરે છે. આ અસત્‌ની કામના છે, જેનાથી તેઓને મૃત્યુની પ્રાપ્તિ થાય છે, તેઓનો પુનર્જન્મ થાય છે. જેવી રીતે પાછળના શ્લોકમાં યોગેશ્વરે કહ્યું તેમ. તેઓ મને જ પૂજે છે. તે પુરુષ પોતાના પુણ્યના ફળસ્વરૂપ ઇન્દ્રલોકને પામીને સ્વર્ગમાં દેવતાઓના દિવ્ય ભોગો ભોગવે છે, અર્થાત્ આ ભોગ પણ હું જ આપું છું.

**ते तं भुक्त्या स्वर्गलोकं विशालं क्षीणे पुण्ये मर्त्यलों विशन्ति ।**
**एवं त्रयीधर्ममनुप्रपन्ना गतागतं कामकामा लभन्ते ॥२१॥**

તેઓ તે વિશાળ સ્વર્ગને ભોગવીને પુણ્ય ક્ષીણ થાય ત્યારે મૃત્યુલોક એટલે કે જન્મ-મરણને પામે છે. આ પ્રકારે **त्रयीधर्मम्** – પ્રાર્થના, સમત્વ અને યજનની ત્રણે વિધિથી એક જ યજ્ઞનું અનુષ્ઠાન કરનાર મારે શરણે આવેલા હોવા છતાં કામનાવાળા પુરુષો – લોકો વારંવાર આવાગમન અર્થાત્ પુનર્જન્મને પામે છે. માટે કોઈ પણ પ્રકારની કામના ન કરવી જોઈએ. જે કામના નથી રાખતો તેને શું મળે છે ?

**अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।**
**तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥२२॥**

'અનન્ય ભાવ'થી મારામાં સ્થિત ભક્તજનો મારા પરમાત્મસ્વરૂપનું નિરંતર ચિંતન કરતા રહે છે, **पर्युपासते** સહેજ પણ ત્રુટિ ન રાખીને મને ઉપાસે છે, એવા નિત્ય એક ભાવે ભજનારા પુરુષોના યોગક્ષેમને હું જ ચલાવું છું એટલે કે તેમના યોગની રક્ષાની સંપૂર્ણ જવાબદારી હું મારા શિરે લઉં છું. આમ હોવા છતાં લોકો અન્ય દેવતાઓને ભજે છે –

**येऽप्यन्यदेवता भक्ता यजन्ते श्रद्धयान्विताः ।**
**तेऽपि मामेव कौन्तेय यजन्त्यविधिपूर्वकम् ॥२३॥**

હે કૌન્તેય ! જે ભક્ત શ્રદ્ધાપૂર્વક બીજા દેવતાઓને પૂજે છે, તેઓ પણ મને જ પૂજે છે, કારણ કે ત્યાં દેવતા નામની કોઈ વસ્તુ છે જ નહિ, પરંતુ તેમનું તે પૂજન અવિધિપૂર્વકનું હોય છે, મારી પ્રાપ્તિની વિધિથી રહિત હોય છે.

અહીં યોગેશ્વર શ્રીકૃષ્ણે ફરી વાર દેવતાઓના પ્રકરણને લીધું છે. સાતમા અધ્યાયમાં વીસથી ત્રેવીસમાં શ્લોક સુધી એમણે કહ્યું કે, અર્જુન !

કામનાઓ દ્વારા જેઓનું જ્ઞાન હરાયેલું છે તેવા મૂઢ બુદ્ધિવાળા પુરુષો અન્ય દેવતાઓની પૂજા કરે છે અને જેની પૂજા કરે છે તે દેવતા નામની કોઈ સક્ષમ સત્તા જ નથી. પરંતુ પીપળો, પથ્થર, ભૂત-ભૂવાની અથવા અન્યત્ર જ્યાં તેઓની શ્રદ્ધા ઝૂકી જાય છે, ત્યાં કોઈ દેવતા નથી. હું જ સર્વત્ર છું, તે સ્થાનો પર હું ઊભો રહી તેઓની દેવશ્રદ્ધાને તે સ્થાનો પર સ્થિર કરું છું. હું જ ફળનું વિધાન કરું છું, ફળ આપું છું. ફળ ચોક્કસ મળે જ છે, પરંતુ એમનું તે ફળ નાશવંત હોય છે. આજે છે, તો કાલે ભોગવાઈને નષ્ટ થઈ જવાનું, જ્યારે મારો ભક્ત નાશ પામતો નથી. માટે તે મૂઢબુદ્ધિ જેમનું જ્ઞાન હરાઈ ગયું છે તેવા લોકો અન્ય દેવતાઓનું પૂજન કરે છે.

પ્રસ્તુત નવમા અધ્યાયના ત્રેવીસથી પચીસમા શ્લોક સુધી યોગેશ્વર શ્રીકૃષ્ણ ફરી એકવાર કહે છે કે હે અર્જુન ! જે લોકો શ્રદ્ધાથી અન્ય દેવતાઓને પૂજે છે તેઓ મને જ પૂજે છે, પરંતુ અવિધિપૂર્વક પૂજે છે. અહીં દેવતા નામની સક્ષમ વસ્તુ નથી, તેની પ્રાપ્તિની વિધિ ખોટી છે. હવે પ્રશ્ન એ ઊઠે છે કે જ્યારે પણ અન્ય પ્રકારે આપને જ પૂજે છે અને ફળ પણ મળે છે તો દોષ શો છે ?

**अहं हि सर्वयज्ञानां भोक्ता च प्रभुरेव च ।**
**न तु मामभिजानन्ति तत्त्वेनातश्च्यवन्ति ते ॥२४॥**

સર્વ યજ્ઞનો ભોક્તા અર્થાત્ યજ્ઞ જેમાં વિલીન થાય છે, યજ્ઞના પરિણામથી જે મળે છે તે હું છું અને તેનો સ્વામી પણ હું છું, પરંતુ તેઓ તત્ત્વથી યથાર્થરૂપે નથી જાણતા. આથી **च्यवन्ति** – અધોગતિને પામે છે. એટલે કે તેઓ અન્ય દેવતાઓને જાણે છે અને જ્યાં સુધી તત્ત્વથી નથી જાણતા ત્યાં સુધી કામનાઓથી પણ અધોગતિ પામે છે. તેઓની ગતિ કેવી હોય છે ?

**यान्ति देवव्रता देवान् पितॄन्यान्ति पितृव्रताः ।**
**भूतानि यान्ति भूतेज्या यान्ति मद्याजिनोऽपि माम् ॥२५॥**

હે અર્જુન ! દેવતાઓને પૂજનારા દેવલોકને પામે છે. દેવતા કલ્પિત વસ્તુ હોવાથી તેઓ પોતાની કલ્પનાનુસાર જીવન વ્યતીત કરે છે. પિતૃઓને પૂજનારા પિતૃઓને પામે છે અર્થાત્ ભૂતકાળમાં ભમ્યા કરે છે. ભૂતોને

પૂજનારા ભૂતો હોય છે અને શરીર ધારણ કર્યા કરે છે. જ્યારે મારો ભક્ત મને જ પામે છે. તે મારું જ સાક્ષાત્ સ્વરૂપ હોય છે. તેની દુર્ગતિ થતી નથી. એટલું જ નહિ પરંતુ મારી પૂજાનું વિધાન પણ સરળ છે–

**पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।**
**तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥२६॥**

જે કોઈ ભક્ત પત્ર, પુષ્પ, ફળ કે જળ વગેરે ભક્તિપૂર્વક મને અર્પણ કરે છે ત્યાંથી જ ભક્તિનો પ્રારંભ થાય છે, મનથી પ્રયત્ન કરનારા તે ભક્તનું હું સર્વ સ્વીકારું છું. માટે –

**यत्कतरोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।**
**यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ॥२७॥**

હે અર્જુન ! તું જે કર્મ (યથાર્થ કર્મ) કરે છે, જે ખાય છે, જે હોમ કરે છે, સમર્પણ કરે છે, દાન આપે છે અને મનસહિત ઈન્દ્રિયોને મારા અનુરૂપ તપ કરે છે તે સર્વ મને અર્પણ કર અર્થાત્ મને સમર્પિત થઈને આ બધું કર. સમર્પણ કરવાથી યોગના ક્ષેત્રની જવાબદારી હું સંભાળી લઉં છું.

**शुभाशुभफलैरेवं मोक्ष्यसे कर्मबन्धनैः ।**
**संन्यासयोगयुक्तात्मा विमुक्तो मामुपैष्यसि ॥२८॥**

આ રીતે સર્વસ્વનો ન્યાસ-સંન્યાસ યોગથી યુક્ત થયેલો તું શુભાશુભ ફળ આપનાર કર્મોના બંધનથી મુક્ત થઈ મને પામીશ.

ઉપરના ત્રણ શ્લોકમાં યોગેશ્વર શ્રીકૃષ્ણે ક્રમબદ્ધ સાધન અને તેના પરિણામનું ક્રમવાર વર્ણન કર્યું છે. પહેલાં પત્ર-પુષ્પ, ફળ-જળનું પૂર્ણ શ્રદ્ધાથી તર્પણ, બીજું સમર્પિત થઈને કર્મનું આચરણ અને ત્રીજું પૂર્ણ સમર્પણ સાથે સર્વસ્વનો ત્યાગ. આનાથી કર્મ-બંધનોથી વિમુક્ત (વિશેષરૂપથી મુક્ત) થઈ જઈશ. મુક્તિથી શું મળશે ? કહ્યું કે મને પામીશ. અહીં મુક્તિ અને પ્રાપ્તિ એકબીજાના પૂરક છે. આપની પ્રાપ્તિ એ જ મુક્તિ છે. તો એનાથી શો લાભ ? ત્યારે કહે છે –

**समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः ।**
**ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ॥२९॥**

આ સૃષ્ટિમાં ન કોઈ મને પ્રિય છે અને ન મારો કોઈ અપ્રિય છે. પરંતુ જે મારો અનન્ય ભક્ત છે તે મારામાં છે અને હું તેનામાં છું. તે જ મારો એકમાત્ર પ્રિય છે. હું તેનામાં પરિપૂર્ણ થઈ રહું છું. મારામાં અને તેનામાં કોઈ અંતર રહેતું નથી, ત્યારે તો ખૂબ પુણ્યશાળી લોકો જ ભજન કરતા હશે ? ભજન કરવાનો અધિકાર કોને છે ? આ વિશે યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે—

**अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।**
**साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ॥३०॥**

કોઈ અત્યંત દુરાચારી હોવા છતાં અનન્ય ભાવથી અર્થાત્ (અન્ય ન) મારા સિવાય કોઈ અન્ય વસ્તુ કે દેવતાને ન ભજતાં, કેવળ મને જ નિરંતર ભજે છે, તે સાધુ માનવા યોગ્ય છે. હજુ તે સાધુ થયો નથી. પરંતુ તે સાધુ થશે તેમાં કોઈ સંદેહ નથી કારણ કે તે યથાર્થ નિશ્ચયથી લાગી ગયો છે. આથી તમે પણ ભજન કરી શકો છો કારણ કે તમે મનુષ્ય છો અને મનુષ્ય જ યોગ્ય નિશ્ચયવાળો છે. ગીતા પાપીજનોનો ઉદ્ધાર કરે છે અને તે પથિક—

**क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छति ।**
**कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ॥३१॥**

આ ભજનના પ્રતાપે તે દુરાચારી પણ શીઘ્ર ધર્માત્મા થઈ જાય છે. પરમધર્મ પરમાત્માથી જોડાઈ જાય છે તથા શાશ્વત પરમશાન્તિને પામે છે. હે કૌન્તેય ! તું નિશ્ચયપૂર્વક સત્ય જાણ કે મારો ભક્ત કદી નાશ પામતો નથી. કદાચ એક જન્મમાં પાર ન ઊતરે તો બીજા જન્મમાં પણ તે જ સાધન કરી શીઘ્ર જ પરમશાન્તિને પામે છે અને સદાચારી, દુરાચારી સહુને ભજન કરવાનો અધિકાર છે. એટલું જ નહિ પરંતુ—

**मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः ।**
**स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ॥३२॥**

હે પાર્થ ! સ્ત્રીઓ, વૈશ્યો, શૂદ્ર આદિ તથા જો કોઈ પાપયોનિવાળા પણ હોય તો તે સર્વે મારો આશ્રય કરીને પરમગતિને પામે છે. માટે આ

ગીતા મનુષ્યમાત્ર માટે છે. ચાહે કંઈ પણ કરતો, ગમે ત્યાં જન્મેલો હોય તોપણ તે મને પામે છે. સહુના માટે તે સમાન કલ્યાણકારી છે. ગીતા સાર્વભૌમ છે –

**पापयोनिः** અધ્યાય ૧૬/૭-૨૧ આસુરી વૃત્તિનાં લક્ષણો વર્ણવતાં ભગવાને જણાવ્યું છે કે જેઓ શાસ્ત્રવિધિનો ત્યાગ કરીને નામમાત્રના યજ્ઞ કરી દંભપૂર્વક જે યજન કરે છે તે અધમ પુરુષ છે. યજ્ઞ છે જ નહિ, ફક્ત નામમાત્ર હોય અને દંભથી યજન કરે છે તે ક્રુરકર્મી અને પાપાચારી (પાપયોનિ) છે. વૈશ્ય-શૂદ્ર ભગવત્પથની સીડીઓ છે. સ્ત્રીઓ પ્રત્યે ક્યારેક આદર અને ક્યારેક ઉપેક્ષાની ભાવના રહી છે. પરંતુ યોગપ્રક્રિયામાં સ્ત્રી અને પુરુષ બંનેને એકસરખો પ્રવેશ – અધિકાર છે.

**किं पुनर्ब्राह्मणाः पुण्या भक्ता राजर्षयस्तथा ।**
**अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व माम् ॥३३॥**

તો પછી બ્રાહ્મણો અને રાજર્ષિગણ જેવા ભક્તોનું તો કહેવું જ શું ? બ્રાહ્મણ એક અવસ્થા-વિશેષ છે. એમાં બ્રહ્મમાં પ્રવેશ અપાવનારી બધી યોગ્યતાઓ વિદ્યમાન છે. શાંતિ, આર્જવ અનુભવપૂર્ણ જ્ઞાન, ધ્યાન અને ઈષ્ટના આદેશ અનુસાર ચાલવાની જેનામાં ક્ષમતા છે, તે બ્રાહ્મણની અવસ્થા છે. રાજર્ષિ ક્ષત્રિયોમાં રિદ્ધિ-સિદ્ધિનો સંચાર, શૂરવીરતા, સ્વામીભાવ અને રણમાં પીછેહઠ ન કરવાનો સ્વભાવ હોય છે. યોગસ્તરે પહોંચેલા યોગીઓ તો પાર પહોંચે છે. એમના માટે તો શું કહેવું ? માટે હે અર્જુન, તું સુખરહિત ક્ષણભંગુર આ મનુષ્યશરીર પામીને મારું જ ભજન કર. આ નાશવંત શરીરના મમત્વ અને પોષણમાં સમય નષ્ટ ન કર.

યોગેશ્વર શ્રીકૃષ્ણે અહીં ચોથી વખત બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્રની ચર્ચા કરી. બીજા અધ્યાયમાં કહ્યું કે ક્ષત્રિય માટે યુદ્ધ કરતાં અધિક કલ્યાણકારી કોઈ રસ્તો નથી. ત્રીજા અધ્યાયમાં એમણે કહ્યું કે સ્વધર્મમાં મૃત્યુ વધુ શ્રેયસ્કર છે. ચોથા અધ્યાયમાં ભગવાને સંક્ષેપમાં જણાવ્યું કે ચાર વર્ણોની રચના મેં કરી છે. તો શું મનુષ્યને ચાર જ્ઞાતિઓમાં વહેંચી દીધા ? કહે છે, ના – **गुणकर्मविभागशः** – ગુણના આધારે કર્મને ચાર શ્રેણીમાં

રાખ્યા છે. શ્રીકૃષ્ણના કહેવા અનુસાર કર્મ જ એકમાત્ર યજ્ઞની પ્રક્રિયા છે. એટલે કે યજ્ઞ કરનારા ચાર પ્રકારના હોય છે. પ્રવેશકાળમાં આ યજ્ઞકર્તા શૂદ્ર છે, અલ્પજ્ઞ છે. કંઈક કરવાની ક્ષમતા આવે, આત્મિક સંપત્તિનો સંગ્રહ થયો તો તે જ યજ્ઞકર્તા વૈશ્ય બની ગયો. આનાથી આગળ વધીને પ્રકૃતિના ત્રણે ગુણોને ભેદવાની ક્ષમતા આવવાથી તે સાધક ક્ષત્રિય શ્રેણીનો થયો. જ્યારે આ જ સાધકના સ્વભાવમાં બ્રહ્મમાં પ્રવેશ અપાવવાની યોગ્યતા આવે છે ત્યારે તે જ બ્રાહ્મણ છે. વૈશ્ય અને શૂદ્રની સરખામણીમાં ક્ષત્રિય અને બ્રાહ્મણ હોય તેવા સાધકો પ્રાપ્તિની વધુ નજીક છે. શૂદ્ર અને વૈશ્ય પણ તે જ બ્રહ્મમાં પ્રવેશ પામી શાન્ત થશે. પરંતુ તેમનાથી આગળની અવસ્થાવાળાઓ માટે તો કહેવું જ શું ? તેમના માટે તો પરમપદની પ્રાપ્તિ નિશ્ચિત છે.

ગીતા જે ઉપનિષદોનો સાર સર્વસ્વ છે, તેમાં બ્રહ્મ-વિદુષી મહિલાઓનાં આખ્યાન પણ ભર્યા પડ્યાં છે. કહેવાતા ધર્મભીરું, રૂઢિવાદી, વેદાધ્યયનના અધિકાર-અનાધિકારની વ્યવસ્થા બાબતમાં માથાકૂટ કરતા રહ્યા, યોગેશ્વર શ્રીકૃષ્ણની સ્પષ્ટ ઉદ્ઘોષણા છે કે યજ્ઞાર્થ કર્મની નિર્ધારિત ક્રિયામાં સ્ત્રી-પુરુષ સહુને પ્રવેશ મળે છે. તેથી તેઓ ભજનની ધારણાને પ્રોત્સાહિત કરે છે.

**मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।**
**मामेवैष्यसि युक्त्वैवमात्मानं मत्परायणः ॥३४॥**

હે અર્જુન ! મારામાં જ મન સ્થિર કરનારો થા અને મારા સિવાય અન્ય ભાવ મનમાં આવવો ન જોઈએ. મારો અનન્ય ભક્ત થા. અવિરત મારા ચિંતનમાં લાગ્યો રહે. શ્રદ્ધા સહિત મારું જ નિરંતર પૂજન કર અને મને જ નમસ્કાર કર. આ પ્રકારે મને શરણે આવી, મારા એકત્વભાવમાં આત્મા સ્થિર કરી તું મને પ્રાપ્ત થા. અર્થાત્ તું મારી સાથે એકત્વ પ્રાપ્ત કરીશ.

**નિષ્કર્ષ :**

આ અધ્યાયના આરંભમાં શ્રીકૃષ્ણે કહ્યું : દોષરહિત ભક્ત અર્જુન ! તારા માટે વિજ્ઞાનસહિત આ જ્ઞાન હું કહીશ, એ જાણીને કંઈ શેષ

જાણવાનું બાકી રહેશે નહિ. આ જાણીને તું સંસારબંધનમાંથી છૂટી જઈશ. આ જ્ઞાન સર્વ વિદ્યાઓનો રાજા છે. પરમબ્રહ્મમાં પ્રવેશ કરાવે તે જ સાચી વિદ્યા છે અને આ જ્ઞાન તેનો પણ રાજા છે. અર્થાત્ નિશ્ચિત કલ્યાણ કરનારું છે. આ સંપૂર્ણ ગુપ્ત તત્ત્વોનો પણ રાજા છે, ગુપ્ત તત્ત્વને પણ પ્રત્યક્ષ કરાવી આપનારું છે. આ પ્રત્યક્ષ ફળ આપનાર, સાધન કરવામાં સરળ અને અવિનાશી છે, આનું થોડું સાધન કરનાર પાર ઊતરે છે. તેનો ક્યારેય નાશ થતો નથી અને વળી, આના પ્રભાવથી તે પરમશ્રેય સુધી પહોંચી જાય છે, પરંતુ આમાં એક શરત છે : શ્રદ્ધા વગરનો પુરુષ પરમગતિ પામતો નથી પણ સંસાર-ચક્રમાં ભટક્યા કરે છે.

યોગેશ્વર શ્રીકૃષ્ણે યોગના ઐશ્વર્ય પર પણ પ્રકાશ પાડ્યો છે. દુઃખના સંયોગનો વિયોગ એ જ યોગ છે. અર્થાત્ સંસારના-વિયોગથી સર્વથા પર છે, તેનું નામ યોગ છે. પરમતત્ત્વ પરમાત્માના મિલનનું નામ યોગ છે. પરમાત્માની પ્રાપ્તિ તે જ યોગની પરાકાષ્ઠા છે. જે આમાં પ્રવેશ પામી ચૂક્યો છે તેવા યોગીના પ્રભાવને જોઈ સર્વભૂતોના સ્વામી અને જીવધારી – શરીરધારીનું પોષણ કરવાવાળો હોવા છતાં પણ મારો આત્મા તે ભૂતોમાં સ્થિત નથી. હું આત્મસ્વરૂપમાં સ્થિત છું. હું તે છું. જેમ આકાશમાં ઉત્પન્ન થનાર અને સર્વત્ર વિચરનાર વાયુ આકાશમાં જ સ્થિત છે, પરંતુ તે તેને મલિન કરી શકતો નથી. આ રીતે સર્વ ભૂતો મારામાં રહેલાં છે, પરંતુ હું તેઓમાં લેપાયેલો નથી.

હે અર્જુન ! કલ્પના આરંભમાં હું ભૂતોને વિશેષ પ્રકારથી સર્જું છું, અને સૃષ્ટિના અંતમાં સર્વ ભૂતો મારી પ્રકૃતિને અર્થાત્ યોગારૂઢ મહાપુરુષની કરણીને, તેના અવ્યક્ત ભાવને પામે છે. યદ્યપિ મહાપુરુષ પ્રકૃતિથી પર છે, પરંતુ પ્રાપ્તિ થયા પછી સ્વભાવ અર્થાત્ સ્વયંમાં સ્થિત રહીને લોકસંગ્રહ, લોક-કલ્યાણ માટે જે કાર્ય કરે છે, તે પણ તેનું એક લક્ષણ છે. આ કાર્ય-કલાપને તે મહાપુરુષની પ્રકૃતિ કહીને સંબોધિત કરવામાં આવી છે.

હું એક રચયિતા, સર્જનહાર તો છું જ, જે ભૂતોના આરંભ, કલ્પ માટે પ્રેરિત કરું છું અને બીજી રચયિતા ત્રિગુણમયી પ્રકૃતિ છે, જે મારા અધ્યાસથી ચરાચર સહિત ભૂતોની રચના કરે છે. આ પણ એક કલ્પ છે, જેમાં શરીર-પરિવર્તન, સ્વભાવ-પરિવર્તન અને કાળ-પરિવર્તન નિહિત છે.

ગોસ્વામી તુલસીદાસજી પણ એમ જ કહે છે –

**एक दुष्ट अतिशय दुःख रुपा ।**
**जा बस जीव परा भवकूपा ॥ ( रामचरितमानस ३-१४-५ )**

વિદ્યા અને અવિદ્યા આ બે પ્રકૃતિના ભેદ છે. આમાં અવિદ્યા દુષ્ટ અને દુઃખરૂપ છે, જેનાથી વિવશ, પરવશ જીવ ભવ-સાગરમાં પડ્યો છે. જેનાથી પ્રેરાઈને જીવ કાળ, કર્મ, સ્વભાવ અને ગુણના પ્રભાવ હેઠળ રહે છે. બીજી છે – વિદ્યા માયા, જેને શ્રીકૃષ્ણ કહે છે કે હું સર્જું છું. ગોસ્વામીજીના મતાનુસાર પ્રભુ રચના કરે છે.

**एक रचइ जग गुन बस जाके ।**
**प्रभु प्रेरित नहि निज बल ताके ॥ ( ३-१४-६ )**

તે આ જગતની રચના કરે છે જેના આશ્રિત ગુણ છે. કલ્યાણકારી ગુણ એકમાત્ર ઈશ્વરમાં જ છે. પ્રકૃતિમાં તો ગુણ છે જ નહિ, તે તો નાશવંત છે, પરંતુ વિદ્યામાં પ્રભુ પ્રેરક બનીને કરે છે.

આ રીતે કલ્પનાના બે પ્રકાર છે. એક તો વસ્તુનું શરીર અને કાલનું પરિવર્તન તે કલ્પ છે, પરંતુ આ પરિવર્તન પ્રકૃતિ મારા આભાસથી જ કરે છે. પરંતુ આનાથી મહાન કલ્પ તો તે છે જે આત્માને નિર્મળ સ્વરૂપ પ્રદાન કરે છે અને તેનો શૃંગાર મહાપુરુષ કરે છે. તે જડ, અચેતન, ભૂતોને સજીવન સચેત કરે છે. ભજનનો આરંભ તે જ આ કલ્પનો આરંભ છે અને ભજનની પરાકાષ્ઠા જ કલ્પનો અંત છે. જ્યારે આ કલ્પ ભવરોગથી પૂર્ણ નીરોગી બનાવીને શાશ્વત બ્રહ્મમાં પ્રવેશ (સ્થિત) પમાડે છે, તે પ્રવેશકાળમાં યોગી મારી કરણી, ક્રિયા અને મારા સ્વરૂપને પ્રાપ્ત થાય છે. પ્રાપ્તિ થયા બાદ મહાપુરુષનું કર્મ તે જ તેની પ્રકૃતિ છે.

ધર્મગ્રંથોમાં કથા મળે છે કે ચાર યુગ વીત્યા પછી એક કલ્પ પૂર્ણ થાય છે, મહાપ્રલય થાય છે, પ્રાયઃ લોકો આને યથાર્થ રીતે સમજી શકતા નથી. યુગના બે અર્થ છે. સ્વ જુદો છે, અને આરાધ્ય જુદો છે. ત્યાં સુધી યુગધર્મ રહેશે. ગોસ્વામીજીએ રામચરિતમાનસના ઉત્તરકાંડમાં તેની ચર્ચા કરી છે. જ્યારે તામસી ગુણોનો પ્રભાવ હોય છે, રજોગુણ અલ્પમાત્રામાં હોય, ચારે તરફ વેર-વિરોધ હોય તેવી વ્યક્તિ કલિયુગીન છે, તે ભજન કરી શકતો નથી. પરંતુ સાધનની શરૂઆત થવાથી જ યુગ-પરિવર્તન થઈ જાય છે. રજોગુણ વધવા લાગે

છે, તમોગુણ ક્ષીણ થતો જાય છે, અને કંઈક અંશે સત્ત્વગુણ પણ સ્વભાવમાં આવી જાય છે, હર્ષ અને ભયની દ્વિધા રહ્યા કરે છે ત્યારે સાધક દ્વાપર યુગની અવસ્થામાં આવી જાય છે. ક્રમશઃ સત્ત્વગુણનું પ્રાબલ્ય થવાથી રજોગુણ સ્વલ્પ રહી જાય છે, આરાધના કર્મમાં રતિ, ભાવ થાય છે, આવા ત્રેતાયુગમાં ત્યાગની સ્થિતિવાળો સાધક અનેક યજ્ઞો કરે છે. **यज्ञानां जपयज्ञोऽस्मि** યજ્ઞ-શ્રેણીવાળા, જપ, જેનો ચઢાવ-ઉતાર શ્વાસ-પ્રશ્વાસ પર છે, તે કરવાની ક્ષમતા રહે છે. જ્યારે માત્ર સત્ત્વગુણ શેષ રહે, વિષમતા નિર્મૂળ થાય, સમતા આવી જાય. આવો કૃત યુગ અર્થાત્ કૃતાર્થ યુગ અથવા સતયુગનો પ્રભાવ છે. આ સમયે તમામ યોગીઓ વિજ્ઞાની હોય છે, ઈશ્વરને જાણનારા હોય છે, સ્વાભાવિક રીતે જ ધ્યાન પકડવાની તેમનામાં ક્ષમતા હોય છે.

વિવેકીજન યુગ-ધર્મોનો ચઢાવ-ઉતાર મનમાં સમજે છે. મનનો નિરોધ કરવા માટે તેઓ અધર્મનો પરિત્યાગ કરી ધર્મમાં પ્રવૃત્ત થઈ જાય છે અને નિરુદ્ધ મનનો પણ વિલય થઈ જવાથી યુગોની સાથોસાથ કલ્પનો પણ અંત આવી જાય છે. પૂર્ણતામાં પ્રવેશ અપાવીને કલ્પ પણ શાંત થઈ જાય છે. આ પ્રલય છે, જ્યારે પ્રકૃતિ પુરુષમાં વિલીન થઈ જાય છે. આના પછી મહાપુરુષનું જે કર્મ છે, તે જ તેની પ્રકૃતિ છે, તેનો સ્વભાવ છે.

યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે, હે અર્જુન ! મૂઢ લોકો મને નથી જાણતા. ઈશ્વરોના પણ ઈશ્વર એવા મને તેઓ તુચ્છ સમજીને સાધારણ મનુષ્ય જ માને છે. પ્રત્યેક મહાપુરુષની એ સમસ્યા રહી છે કે તત્કાલીન સમાજે તો તેની ઉપેક્ષા જ કરી છે. તેનો ખૂબ વિરોધ થયો છે. શ્રીકૃષ્ણ પણ આમા અપવાદ નથી. તેઓ કહે છે કે હું પરમભાવમાં સ્થિત છું, પરંતુ મારું શરીર પણ મનુષ્યનું જ છે. તેથી, મૂઢ લોકો મને તુચ્છ કહી મનુષ્ય જાણી સંબોધિત કરે છે. આવા લોકો વ્યર્થ આશાવાળા, વ્યર્થ કર્મવાળા, વ્યર્થ જ્ઞાનવાળા હોવાથી તેઓ કંઈ પણ કરે અને કહી દે કે અમે કામના નથી કરતા અને થઈ ગયા નિષ્કામ કર્મયોગી, તે આસુરી સ્વભાવવાળા મને પારખી કે જાણી શકતા નથી. પરંતુ દૈવી સંપત્તિવાળા લોકો અનન્ય ભાવથી મારું ધ્યાન કરે છે. મારા ગુણોનું નિરંતર ચિંતન કરે છે.

અનન્ય ઉપાસના અર્થાત્ યથાર્થ કર્મના બે જ માર્ગ છે. પહેલો છે જ્ઞાનયજ્ઞ અર્થાત્ સ્વમાં વિશ્વાસ અને પોતાની શક્તિને સમજીને તે નિત્ય કર્મમાં પ્રવૃત્ત થવું અને બીજી વિધિ સ્વામી-સેવક ભાવનાની છે, જેમાં

સદ્‌ગુણને સમર્પિત થઈ તે કર્મ કરવામાં આવે છે. આ બે દૃષ્ટિથી લોકો મને ઉપાસે છે, પરંતુ તેના દ્વારા જે પાર પામે છે તે યજ્ઞ, તે હવન, તે કર્તા, શ્રદ્ધા અને ઔષધિ જેનાથી ભવરોગની ચિકિત્સા થાય છે, તે હું જ છું. અંતે જે ગતિ પ્રાપ્ત થાય છે તે ગતિ પણ હું જ છું.

આ યજ્ઞને લોક **त्रैविद्या** પ્રાર્થના, યાજન અને સમત્વ દેવાવાળી વિધિઓથી સંપાદિત કરે છે, પરંતુ બદલામાં સ્વર્ગની કામના કરે છે તો તે સ્વર્ગ પણ હું આપું છું. તેના પ્રભાવથી ઇન્દ્રપદ પ્રાપ્ત કરી લે છે અને દીર્ઘકાળ સુધી તે ભોગવે છે. પરંતુ પુણ્ય ક્ષીણ થાય ત્યારે તેઓ પુનર્જન્મને પ્રાપ્ત કરે છે. તેની ક્રિયા સાચી હતી પરંતુ ભોગોની ઇચ્છા હોવાથી તેઓ પુનર્જન્મને પામે છે. આથી ભોગોની કામના ન કરવી. જે અનન્ય ભાવથી અર્થાત્ મારા સિવાય અન્ય કોઈ છે જ નહિ એવા ભાવથી જે નિરંતર મારું ચિંતન કરે છે અને લેશમાત્ર પણ ત્રુટિ રાખ્યા વગર જે મને ભજે છે તેવા લોકના યોગની સુરક્ષાનો ભાર હું મારે માથે લઈ લઉં છું.

આટલું હોવા છતાં પણ કેટલાક લોકો અન્ય દેવતાઓની પૂજા કરે છે. તેઓ મારી જ પૂજા કરે છે. પરંતુ મારી પ્રાપ્તિ માટેની તે વિધિ નથી. તે સંપૂર્ણ, સર્વ યજ્ઞોના ભોક્તાના રૂપમાં મને નથી જાણતા અર્થાત્ તેઓની પૂજાના પરિણામસ્વરૂપે હું નથી મળતો. આથી તેઓનું પતન થાય છે. તેઓ દેવતા, ભૂતો અથવા પિતૃઓના કલ્પિત રૂપમાં નિવાસ કરે છે, જ્યારે મારો ભક્ત સાક્ષાત્ મારામાં નિવાસ કરે છે, મારું જ સ્વરૂપ બની જાય છે.

યોગેશ્વર શ્રીકૃષ્ણે આ યથાર્થ કર્મને અત્યંત સરળ બતાવ્યું છે કે કોઈ ફળ-ફૂલ અથવા કંઈ પણ જો શ્રદ્ધાથી આપે છે તેનો હું સ્વીકાર કરું છું. આથી હે અર્જુન, તું જે આરાધના કરે છે તે મને સમર્પિત કર. જ્યારે સર્વસ્વનો ન્યાસ થઈ જશે ત્યારે યોગથી યુક્ત થયેલો એવો તું કર્મોના બંધનથી મુક્ત થઈશ અને આ મુક્તિ તે મારું જ સ્વરૂપ છે.

દુનિયાનાં સર્વ પ્રાણીઓ મારાં જ છે. કોઈ પણ પ્રાણીથી મને નથી પ્રેમ, નથી દ્વેષ. હું તટસ્થ છું. પરંતુ જે મારો અનન્ય ભક્ત છે હું તેનામાં છું, તે મારામાં છે. અત્યંત દુરાચારી, અધમાધમ પાપી પણ કેમ ના હોય છતાં પણ તે જો અનન્ય શ્રદ્ધાભક્તિથી મને ભજે છે તો તે સાધુ માનવા યોગ્ય છે. તેનો નિશ્ચય સ્થિર છે, તો તે તરત જ પરમતત્ત્વથી યુક્ત થઈ જાય છે અને શાશ્વત પરમશાંતિને પામે છે. અહીં શ્રીકૃષ્ણે સ્પષ્ટ કર્યું છે કે ધાર્મિક કોણ છે. સૃષ્ટિમાં

જન્મ લેનાર કોઈ પણ પ્રાણી અગર જો અનન્ય ભાવથી એક પરમાત્માને જ ભજે છે, તેનું ચિંતન કરે છે તો તે ત્વરિત જ ધાર્મિક બની જાય છે. આથી, ધાર્મિક તે જ છે જે એક પરમાત્માનું જ સ્મરણ કરે છે. અંતમાં આશ્વાસન આપે છે કે, હે અર્જુન, મારો ભક્ત કદી નાશ પામતો નથી. કોઈ શૂદ્ર હોય, કોઈ નીચ હોય, આદિવાસી હોય અથવા અનાદિવાસી હોય અથવા કોઈ પણ નામધારી હોય, પુરુષ કે સ્ત્રી હોય અથવા પાપયોનિ, તિર્યંક યોનિવાળા પણ જો હોય, પરંતુ મારું શરણ ગ્રહીને તે પરમશ્રેયને પામે છે. પછી તો તે બ્રહ્મમાં પ્રવેશ કરાવનાર અર્હતાઓથી યુક્ત છે તે બ્રાહ્મણ તથા જે રાજર્ષિત્વના સ્તરથી ભજવાવાળા છે, તેવા યોગીઓ માટે તો કહેવું જ શું ? તે તો પાર ઊતરી જાય છે, મુક્તિ પામે જ છે. આથી હે અર્જુન, નિરંતર મારામાં મનવાળો તું મને નમસ્કાર કર. આ રીતે મારે શરણે આવેલો તું મને જ પામીશ, જ્યાંથી ફરી પાછા આવવું પડતું નથી.

પ્રસ્તુત અધ્યાયમાં એ વિદ્યા પર ભાર મૂકવામાં આવ્યો છે જેને શ્રીકૃષ્ણ સ્વયં જાગ્રત કરે છે. આ રાજ-વિદ્યા છે અને તે એક વાર જો જાગ્રત થઈ ગઈ તો નિશ્ચિત કલ્યાણ કરે છે. આથી —

**ॐ तत्सदिति श्रीमद्भागवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे 'राजविद्या जागृति' नाम नवमोऽध्यायः ॥९॥**

આ રીતે શ્રીમદ્ભગવદ્ગીતારૂપી ઉપનિષદ અને બ્રહ્મવિદ્યા તથા યોગશાસ્ત્રરૂપ શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદમાં 'રાજવિદ્યા જાગૃતિ' નામનો નવમો અધ્યાય પૂર્ણ થાય છે.

**इति श्रीमत्परमहंस परमानन्दस्य शिष्य स्वामी श्री अडगडानन्दकृते श्रीमद्भगवद्गीतायाः 'यथार्थ गीता' भाष्ये 'राजविद्या जागृति' नाम नवमोऽध्यायः ॥९॥**

આ રીતે શ્રીમત્પરમહંસ પરમાનન્દજીના શિષ્ય સ્વામી શ્રી અડગડાનન્દકૃત શ્રીમદ્ભગવદ્ગીતાના ભાષ્ય 'યથાર્થ ગીતા'માં 'રાજવિદ્યા જાગૃતિ' નામનો નવમો અધ્યાય પૂર્ણ થાય છે.

**॥ हरिः ॐ तत्सत् ॥**

ॐ

**श्री परमात्मने नमः**

# અધ્યાય દસમો

આગલા અધ્યાયમાં યોગેશ્વર શ્રીકૃષ્ણે ગુપ્ત રાજવિદ્યાનું નિરૂપણ કર્યું જે ખરેખર કલ્યાણકારી છે. દસમા અધ્યાયમાં એમનું કહેવું છે કે મહાબાહુ અર્જુન ! મારા પરમ રહસ્યયુક્ત વચનને ધ્યાનથી સાંભળ. અહીં એને ફરી વાર કહેવાની શી જરૂર છે ? વસ્તુતઃ સાધકને એની પૂર્તિપર્યન્ત જોખમ રહે છે. જેમ જેમ તે એ સ્વરૂપમાં ઢળતો જાય છે, પ્રકૃતિના આવરણ સૂક્ષ્મ થતાં જાય છે, નવાંનવાં દશ્યો આવે છે. એની જાણકારી મહાપુરુષ જ આપતા રહે છે. તે એ જાણતો નથી. જો તેઓ માર્ગદર્શન આપવાનું બંધ કરી દે તો સાધક, સ્વરૂપની ઉપલબ્ધિથી વંચિત રહી જશે. જ્યાં સુધી તે એ સ્વરૂપથી દૂર છે, ત્યાં સુધી એ નક્કી છે કે પ્રકૃતિનું કોઈ ને કોઈ આવરણ આવતું રહે, લપસવાની, લથડવાની પણ સંભાવના રહે છે. અર્જુન શરણાગત શિષ્ય છે. એણે કહ્યું હતું કે **शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम्** – ભગવાન. હું આપનો શિષ્ય છું, આપના શરણમાં છું. મને સાંભળો. આમ એના હિતની ઈચ્છાથી યોગેશ્વર શ્રીકૃષ્ણ ફરી બોલ્યા–

**श्री भगवानउवाच**

**भूय एव महाबाहो शृणु मे परमं वचः**
**यत्तेऽहं प्रीयमाणाय वक्ष्यामि हितकाम्यया ॥१॥**

મહાબાહુ અર્જુન ! મારાં પરમ પ્રભાવયુક્ત વચનોને ફરી વાર સાંભળ, જે હું અતિશય પ્રેમ રાખનારા તારા હિતની ભાવનાથી કહું છું.

**न मे विदुः सुरगणाः प्रभवं न महर्षयः ।**
**अहमादिर्हि देवानां महर्षीणां च सर्वशः ॥२॥**

અર્જુન, મારી ઉત્પત્તિને ન તો દેવતાઓ જાણે છે, ન મહર્ષિઓ જાણે છે. શ્રીકૃષ્ણે કહ્યું હતું, **जन्म कर्म च मे दिव्यं** – મારો જન્મ અને કર્મ અલૌકિક છે, જે આ ચર્મચક્ષુઓથી જોઈ શકાતા નથી. એટલા માટે મારા એ પ્રાગટ્યને દેવ અને મહર્ષિના સ્તર સુધી પહોંચેલા લોકો પણ જાણતા નથી. હું બધા પ્રકારના દેવો અને મહર્ષિઓનું આદિ કારણ છું.

**यो मामजनमादिं च वेत्ति लोकमहेश्वरम् ।**
**असंमूढः स मर्त्येषु सर्वपापै प्रमुच्यते ॥३॥**

જે મને જન્મ-મૃત્યુથી રહિત, આદિ-અન્તથી રહિત, બધા જ લોકના મહાન ઈશ્વરને સાક્ષાત્કાર સહિત જાણી લે છે, એ પુરુષ મર્ત્ય મનુષ્યોમાં જ્ઞાની છે. આથી અજ, અનાદિ અને સર્વ લોકમહેશ્વરને સારી રીતે જણાવો એ જ જ્ઞાન છે અને એવું જાણનારો સંપૂર્ણ પાપોથી મુક્ત થઈ જાય છે, તેને પુનર્જન્મ ધારણ કરવો પડતો નથી. શ્રીકૃષ્ણ કહે છે કે આ પ્રાપ્તિ પણ મારી જ દેન છે.

**बुद्धिर्ज्ञानमसंमोहः क्षमा सत्यं दमः शमः ।**
**सुखं दुःखं भवोऽभावो भयं चाभयमेव च ॥४॥**

અર્જુન, નિશ્ચયાત્મક બુદ્ધિ, સાક્ષાત્કાર સહિત જાણકારી, લક્ષ્યમાં વિવેકપૂર્વક પ્રવૃત્તિ, ક્ષમા, શાશ્વત સત્ય, ઈન્દ્રિયોનું દમન, મનનું શમન, અંતઃકરણની પ્રસન્નતા, ચિંતન-માર્ગનાં કષ્ટો, પરમાત્માની જાગૃતિ સ્વરૂપની પ્રાપ્તિમાં સર્વસ્વનો વિલય, ઈષ્ટ પ્રત્યે આધિપત્યાત્મક ભય અને પ્રકૃતિથી નિર્ભયતા તથા–

**अहिंसा समता तुष्टिस्तपो दानं यशोऽयशः ।**
**भवन्ति भावा भूतानां मत्त एव पृथग्विधाः ॥५॥**

અહિંસા અર્થાત્ પોતાના આત્માને અધોગતિમાં ન પહોંચાડવાનું આચરણ, સમતા– જેમાં વિષમતા ન હોય, સંતોષ, મનસહિત ઈન્દ્રિયોને લક્ષ્યને અનુરૂપ તપાવવી, દાન એટલે કે સર્વસ્વનું સમર્પણ, ભગવદ્પથમાં માન-અપમાનની સહનશીલતા – આ રીતે પ્રાણીમાત્રના ઉપર્યુક્ત ભાવ મારા થકી જ થાય છે. આ બધા જ ભાવ દૈવી ચિંતનપદ્ધતિના લક્ષણ છે. એનો અભાવ જ 'અસુરી સંપત્તિ' છે.

**महर्षयः सप्त पूर्वे चत्वारो मनवस्तथा ।**
**मद्भावा मानसा जाता येषां लोक इमाः प्रजाः ॥६॥**

સપ્તર્ષિ એટલે કે યોગની સાત ક્રમિક ભૂમિકાઓ (શુભેચ્છા, સુવિચારણા, તનુમાનસા, સત્ત્વાપત્તિ, અસંસક્તિ, પદાર્થભાવના અને તુર્યગા) તથા એમને અનુરૂપ અંતઃકરણ ચતુષ્ટ્ય (મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર) એને અનુરૂપ મન જે મારામાં ભાવવાળું છે – એ બધા મારા જ સંકલ્પથી (મારી પ્રાપ્તિના સંકલ્પથી અને જે મારી પ્રેરણાથી જ થાય છે. બંને એકબીજાના પૂરક છે.) ઉત્પન્ન થાય છે. આ સંસારમાં આ (સંપૂર્ણ દૈવી સંપત્તિ) એમની જ પ્રજા છે. કારણ કે સાત ભૂમિકાઓના સંચારમાં દૈવી સંપત્તિ જ છે, અન્ય નહિ.

**एतां विभूतिं योगं च मम यो वेत्ति तत्त्वतः ।**
**सोऽविकम्पेन योगेन युज्यते नात्र संशयः ॥७॥**

જે પુરુષ યોગની અને મારી ઉપર્યુક્ત વિભૂતિઓને સાક્ષાત્કારની સાથે જાણે છે, તે સ્થિર ધ્યાન યોગ દ્વારા મારામાં એકરૂપ બને છે એમાં કોઈ શંકા નથી. જે પ્રમાણે પવન હોતો ન હોય તેવી જગ્યામાં દીવાની જ્યોત સીધી જતી હોય છે, એમાં કંપન નથી હોતું. યોગીના જિતાયેલા ચિત્તની આ પરિભાષા છે. પ્રસ્તુત શ્લોકમાં **अविकम्पेन** શબ્દ આ જ આશયની તરફ નિર્દેશ કરે છે.

**अहं सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्तते ।**
**इति मत्वा भजन्ते मां बुधा भावसमन्विताः ॥८॥**

સંપૂર્ણ જગતની ઉત્પત્તિનું કારણ હું છું. મારા થકી જ સંપૂર્ણ જગત કાર્યરત થાય છે એમ માનીને શ્રદ્ધા અને ભક્તિથી વિવેકજન મારું સતત

ભજન કરે છે. આનું તાત્પર્ય એ છે કે યોગી દ્વારા મારા અનુરૂપ જે પ્રવૃત્તિ થાય છે તે હું જ કરું છું. એ મારો જ પ્રસાદ છે. (તે કેવી રીતે આ વિષે પાછળ અનેક જગ્યાએ દર્શાવવામાં આવ્યું જ છે.) તેઓ સતત ભજન કેવી રીતે કરે છે ? એ અંગે કહે છે –

**मच्चिता मद्गतप्राणा बोधयन्तः परस्परम् ।**
**कथयन्तश्च मां नित्यं तुष्यन्ति च रमन्ति च ॥९॥**

બીજા કશામાં મન ન પરોવતાં, નિરંતર મારામાં જ ચિત્ત લગાડનારા, મારામાં જ પ્રાણ લગાડનારા હંમેશાં મારી પ્રક્રિયાઓનો બોધ કરે છે. મારાં ગુણ-ગાન ગાતાં ગાતાં સંતોષ પ્રાપ્ત કરે છે તથા નિરંતર મારામાં જ રમમાણ રહે છે.

**तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम् ।**
**ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते ॥१०॥**

સતત મારા ધ્યાનમાં લાગેલા તથા પ્રેમપૂર્વક મને ભજનારા એ ભક્તોને હું એ બુદ્ધિયોગ અર્થાત્ યોગમાં પ્રવેશવાની બુદ્ધિ આપું છું. તેનાથી તેઓ મને પ્રાપ્ત થાય છે. એટલે કે યોગની જાગૃતિ એ ઈશ્વરની દેન છે. એ અવ્યક્ત પુરુષ, મહાપુરુષ યોગમાં પ્રવેશ અપાવનારી બુદ્ધિ કેવી રીતે આપે છે ?

**तेषामेवानुकम्पार्थमहमज्ञानजं तमः ।**
**नाशयाम्यात्मभावस्थो ज्ञानदीपेन भास्वता ॥११॥**

એમના પર સંપૂર્ણ અનુગ્રહ કરવા માટે, હું એમના આત્માથી અભિન્ન રહીને, રથી બનીને અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા અંધકારને જ્ઞાનરૂપી દીપક પ્રગટાવી દૂર કરું છું. વસ્તુતઃ કોઈ સ્થિતપ્રજ્ઞ યોગી દ્વારા જ્યાં સુધી પરમાત્મા તમારા આત્મામાંથી જ જાગ્રત થઈને તે પળેપળ સંચાલન ન કરે, રોક-ટોક ન કરે અને પ્રકૃતિના દ્વંદ્વમાંથી બહાર કાઢીને સ્વયં આગળ ન આવે ત્યાં સુધી વાસ્તવમાં યથાર્થ ભજનનો આરંભ થતો નથી. આમ તો ભગવાન બધેથી બોલે છે, પણ શરૂઆતમાં તે સ્વરૂપસ્થ મહાપુરુષ દ્વારા

જ બોલે છે. આવો કોઈ મહાપુરુષ તમને પ્રાપ્ત ન હોય ત્યાં સુધી (પરમાત્મા) આપને સ્પષ્ટ જણાશે નહિ.

ઈષ્ટ, સદ્ગુરુ અથવા પરમાત્માનું રથી થવું આ સૌ એક જ વાત છે. સાધકનો આત્મા જાગ્રત થઈ ગયા પછી એનો નિર્દેશ ચાર પ્રકારે મળે છે. પહેલા સ્થૂળ - સુરાસંબંધી અનુભવ થાય છે. તમે ચિંતનમાં બેઠા છો. તમારું મન ક્યારે લાગશે ? કેટલી હદ સુધી લાગશે ? ક્યારે મન ભાગવા માગે છે અને ક્યારે ભાગી ગયું ? એ માટે દરેક મિનિટે-સેકંડે ઈશ્વર શરીર સ્પંદનથી સંકેત કરે છે. અંગોનું ફરકવું સ્થૂળ સુરા સંબંધી અનુભવ છે, જે એક ક્ષણમાં બે-ચાર જગ્યાએ એકીસાથે આવે છે અને તમારા વિકૃત થવા સાથે મિનિટે-મિનિટે આવવા લાગશે. આ સંકેત ત્યારે જ આવે છે, જ્યારે ઈષ્ટના સ્વરૂપને તમે અનન્ય ભાવથી પકડો, અન્યથા સાધારણ જીવોમાં સંસ્કારો અથડાતાં અંગોમાં સ્પંદન થતાં રહે છે, ઈષ્ટવાળા સ્પંદન સાથે એને કોઈ સંબંધ નથી.

બીજો અનુભવ સ્વપ્નસુરા-સંબંધી હોય છે. સાધારણ મનુષ્ય પોતાની વાસનાઓને લગતાં સ્વપ્ન જોતો હોય છે, પરંતુ તમે ઈષ્ટને પકડી લેશો તો આ સ્વપ્ન પણ નિર્દેશમાં પલટાઈ જાય છે. યોગી સ્વપ્ન નથી જોતો, પણ થઈ રહેલી ઘટના જુએ છે.

ઉપર્યુક્ત બંને અનુભવ પ્રારંભિક છે, કોઈ તત્ત્વસ્થિત મહાપુરુષના સાંનિધ્યથી મનમાં એમના પ્રતિ શ્રદ્ધા રાખવા માત્રથી, એમની આછી-પાતળી સેવાથી પણ આત્મા જાગ્રત થઈ જાય છે, પરંતુ આ બંનેથી પણ સૂક્ષ્મ બાકીના બે અનુભવ ક્રિયાત્મક છે, જેને ક્રિયાત્મક ચાલીને જ જોઈ શકાય છે.

ત્રીજો અનુભવ સુષુપ્તિ સુરા-સંબંધી છે. સંસારમાં સૌ સૂતેલાં તો છે. બધાં મોહ-રાત્રિમાં અચેત પડ્યાં છે. રાત-દિવસ જે કંઈ કરે છે તે તો સ્વપ્ન જ છે. અહીં સુષુપ્તિનો શુદ્ધ અર્થ એ છે કે જ્યારે પરમાત્મા સાથે ચિત્ત એવું લીન થઈ જાય કે સુરત (ખ્યાલ) એકદમ સ્થિર થઈ જાય. શરીર જાગતું રહે અને મન સુષુપ્ત થઈ જાય. આવી અવસ્થામાં, તે ઈષ્ટદેવ ફરી પોતાનો એક સંકેત આપશે. યોગની અવસ્થાને અનુરૂપ એક રૂપક દૃશ્ય દેખાય છે. તે

સાચી દિશા બતાવે છે. ભૂત-ભવિષ્યથી જણાવે છે. પૂજ્ય મહારાજજી કહેતા રહેતા કે, ડૉક્ટર જેવી રીતે બેભાન કરવાની દવા આપી યોગ્ય ઉપચાર કરી, પછી દર્દીને હોશમાં લાવે છે, એવી જ રીતે ભગવાન બતાવી દે છે.

ચોથો અને છેલ્લો અનુભવ સમસુરા સંબંધી છે. જેમાં તમે ધ્યાન લગાવ્યું હતું. એ પરમાત્માથી સમત્વ પ્રાપ્ત થઈ ગયું, તે પછી ઊઠતાં-બેસતાં, હરતાં-ફરતાં, સર્વત્ર એની અનુભૂતિ થવા માંડે છે. એ યોગી ત્રિકાળજ્ઞાની હોય છે. આ અનુભવ ત્રણેય કાળથી પર અવ્યક્ત સ્થિતિવાળા મહાપુરુષ આત્માથી જાગ્રત થઈને અજ્ઞાનથી ઉત્પન્ન અંધકારના જ્ઞાન-રૂપી દીપકથી નાશ કરે છે. આ વિષે અર્જુને પ્રશ્ન કર્યો -

**अर्जुन उवाच**

**परं ब्रह्म परं धाम पवित्रं परमं भवान् ।**
**पुरुषं शाश्वतं दिव्यमादिदेवमजं विभुम् ॥१२॥**
**आहुस्त्वामृषयः सर्वे देवर्षिर्नारदस्तथा ।**
**असितो देवलो व्यासः स्वयं चैव ब्रवीषि मे ॥१३॥**

ભગવાન, આપ પરબ્રહ્મ પરમધામ તથા પરમપવિત્ર છો કારણ કે આપને તમામ ઋષિગણ સનાતન, દિવ્ય પુરુષ, દેવના પણ આદિદેવ, અજન્મા અને સર્વવ્યાપી કહે છે. પરમપુરુષ પરમધામનો જ પર્યાય દિવ્ય પુરુષ, અજન્મા વગેરે છે. દેવર્ષિ નારદ, અસિત, દેવલ, વ્યાસ તથા સ્વયં આપ પણ મને એ જ કહો છો. અર્થાત્ પહેલાં ભૂતકાળના મહર્ષિ કહેતા, હવે વર્તમાનમાં જેમનો સંગ મળેલો છે તે કહે છે. નારદ, દેવલ, અસિત અને વ્યાસનું નામ લીધું. જે અર્જુનના સમકાલીન હતા. (અર્જુનને સત્પુરુષોનો સંગ પ્રાપ્ત હતો) આપ પણ એ જ કહો છો, તેથી—

**सर्वमेतदृतं मन्ये यन्मां वदसि केशव ।**
**न हि ते भगवन्व्यक्तिं विदुर्देवा न दानवाः ॥१४॥**

હે કેશવ ! આપ મારા માટે જે કંઈ કહી રહ્યા છો, તે બધું હું સત્ય માનું છું. આપના વ્યક્તિત્વને ન તો દેવતા જાણે છે, ન તો દાનવ પણ જાણે છે.

**स्वयमेवात्मनात्मानं वेत्थ त्वं पुरुषोत्तम ।**
**भूतभावन भूतेश देवदेव जगत्पते ॥१५॥**

હે ભૂતોને ઉત્પન્ન કરનારા, હે ભૂતોના ઈશ્વર, હે દેવાધિદેવ, હે જગતના સ્વામી, હે પુરુષોત્તમ, સ્વયં આપ જ આપને જાણો છો અથવા કોઈના આત્મામાં પ્રગટ થઈ આપ જણાવી દો છો, તે જ જાણે છે. આમ આ પણ ખરેખર તો આપના દ્વારા જ આપને જાણવાનું થયું, તેથી–

**वक्तुमर्हस्यशेषेण दिव्या ह्यात्मविभूतयः ।**
**याभिर्विभूतिभिर्लोकानिमांस्त्वं व्याप्य तिष्ठसि ॥१६॥**

આપ જ આપની એ દિવ્ય વિભૂતિઓને સંપૂર્ણપણે, સહેજ પણ બાકી ન રાખી કહેવા સક્ષમ છો. જે વિભૂતિઓ દ્વારા આપ આ બધા લોકોને વ્યાપીને સ્થિત છો.

**कथं विद्यामहं योगिंस्त्वां सदा परिचिन्तयन् ।**
**केषु केषु च भावेषु चिन्त्योऽसि भगवन्मया ॥१७॥**

હે યોગી ! (શ્રીકૃષ્ણ એક યોગી હતા) નિરંતર સ્મરણ કરતાં હું આપને કેવી રીતે જાણું અને હે ભગવાન, હું ક્યાં કયા ભાવ દ્વારા આપનું સ્મરણ કરું ?

**विस्तरेणात्मनो योगं विभूतिं च जनार्दन ।**
**भूयः कथय तृप्तिर्हि शृण्वतो नास्ति मेऽमृतम् ॥१८॥**

હે જનાર્દન ! આપની યોગશક્તિને અને યોગની વિભૂતિને ફરીવાર વિસ્તારપૂર્વક જણાવો. સંક્ષેપમાં તો આ અધ્યાયના આરંભમાં કહ્યું જ છે. ફરીવાર કહો, કારણ કે અમૃતતત્ત્વનું દર્શન કરાવનારાં આપનાં વચનો સાંભળતાં હું ધરાતો નથી. **रामचरित जे सुनत अघाहीं । रस विशेष जाना तिन्ह नाहीं । ( रामचरितमानस, ७-५२-१ )**

જ્યાં સુધી પરમતત્ત્વમાં પ્રવેશ નથી મળી જતો, ત્યાં સુધી એને અમૃતતત્ત્વને જાણવાની પિપાસા રહે છે. પ્રવેશ પહેલાં રસ્તામાં જ બહુ જાણી લીધું એવું વિચારીને કોઈ બેસી પડે તો એણે કશું નથી જાણ્યું. સ્પષ્ટ છે કે એના માર્ગમાં અવરોધ આવે તેમ છે. એટલા માટે સાધકે પ્રાપ્તિ

પર્યન્ત ઈષ્ટના માર્ગદર્શનને પકડી રાખવું જોઈએ અને એને આચરણમાં મૂકવું જોઈએ. અર્જુનની ઉક્ત જિજ્ઞાસા અંગે યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું–

**श्री भगवानुवाच**
**हन्त ते कथयिष्यामि दिव्या ह्यात्मविभूतयः ।**
**प्राधान्यतः कुरुश्रेष्ठ नास्त्यन्तो विस्तरस्य मे ।।१९।।**

કુરુશ્રેષ્ઠ અર્જુન ! હવે હું મારી દિવ્ય વિભૂતિઓ પૈકી મુખ્ય વિભૂતિઓ વિશે તને કહીશ. કારણ કે મારી વિભૂતિઓના વિસ્તારનો કોઈ અંત નથી.

**अहमात्मा गुडाकेश सर्वभूताशयस्थितः ।**
**अहमादिश्च मध्यं च भूतानामन्त एव च ।।२०।।**

અર્જુન, હું બધાં જ પ્રાણીઓના હૃદયમાં સ્થિત સૌનો આત્મા છું તથા તમામ પ્રાણીઓનો આદિ, મધ્ય અને અંત પણ હું જ છું. અર્થાત્ જન્મ-મૃત્યુ અને જીવન પણ હું જ છું.

**आदित्यानामहं विष्णुर्ज्योतिषां रविरंशुमान् ।**
**मरिचिर्मरुतामस्मि नक्षत्राणामहं शशी ।।२१।।**

હું અદિતિના બાર પુત્રોમાં વિષ્ણુ અને જ્યોતિઓમાં પ્રકાશમાન સૂર્ય છું. વાયુના ભેદોમાં હું મરીચિ નામનો વાયુ અને નક્ષત્રોમાં ચંદ્રમા છું.

**वेदानां सामवेदोऽस्मि देवनामस्मि वासवः ।**
**इन्द्रियाणां मनश्चास्मि भूतानामस्मि चेतना ।।२२।।**

વેદોમાં સામવેદ અર્થાત્ પૂર્ણ સમત્વ અપાવનાર ગીત છું, દેવોમાં એમનો અધિપતિ ઈન્દ્ર છું અને ઈન્દ્રિયોમાં હું મન છું. (કારણ કે) મનના નિગ્રહ દ્વારા જ મને જાણી શકાય છે તથા પ્રાણીઓમાં એમની ચેતના હું છું.

**रुद्राणां शंकरश्चास्मि वित्तेशो यक्षरक्षसाम् ।**
**वसूनां पावकश्चास्मि मेरुः शिखरिणामहम् ।।२३।।**

અગિયાર રુદ્રોમાં હું શંકર છું. **शंक + अर स शंकर** એટલે કે શંકાઓની ઉપરામ અવસ્થામાં હું છું. યક્ષ તથા રાક્ષસોમાં ધનનો સ્વામી કુબેર હું છું. આઠ વસુમાં હું અગ્નિ અને શિખરોવાળાઓમાં સુમેરુ અર્થાત્ શુભોનો મેળ હું છું. તે જ સર્વોચ્ચ શિખર છે, ન કે કોઈ પહાડો. ખરેખર તો આ બધા યોગ-સાધનાનાં પ્રતીક છે, યૌગિક શબ્દો છે.

**पुरोधसां च मुख्यं मां विद्धि पार्थ बृहस्पतिम् ।**
**सेनानीनामहं स्कन्दः सरसामस्मि सागरः ॥२४॥**

જેમનાથી દૈવી સંપત્તિનો સંચાર થાય છે એવા નગરની રક્ષા કરનારા પુરોહિતોમાં બૃહસ્પતિ મને જ સમજ અને હે પાર્થ ! સેનાપતિઓમાં હું સ્વામી કાર્તિકેય છું. કર્મનો ત્યાગ જ કાર્તિક છે, જેનાથી ચરાચરનો સંહાર, પ્રલય અને ઈષ્ટની પ્રાપ્તિ થાય છે, જળાશયોમાં સમુદ્ર હું છું.

**महर्षीणां भृगुरहं गिरामस्म्येकमक्षरम् ।**
**यज्ञानां उपयज्ञोऽस्मि स्थावराणां हिमालयः ॥२५॥**

મહર્ષિઓમાં હું ભૃગુ છું અને વાણીમાં એક અક્ષર ૐકાર છું. જે બ્રહ્મનો દ્યોતક છે. બધા પ્રકારના યજ્ઞોમાં હું જપ-યજ્ઞ છું. યજ્ઞ પરમમાં પ્રવેશ અપાવનાર આરાધનાથી વિધિવિશેષનું ચિત્રણ છે. તેનો સારાંશ છે - સ્વરૂપનું સ્મરણ અને નામનો જપ. બંને વાણીથી પર થઈ ગયા પછી નામ જ્યારે યજ્ઞની શ્રેણીમાં આવે છે ત્યાં વાણીથી તેનો જપ થઈ શકતો નથી. ન તો તે સ્મરણથી કે ન કંઠથી જપી શકાય છે, બલ્કે તે શ્વાસમાં જાગ્રત થઈ જાય છે. માત્ર સૂરતને શ્વાસની પાસે લગાડવાથી મનથી અવિરત ચાલવું ભારે પડે છે. યજ્ઞની શ્રેણીવાળા નામનો ચઢાવ-ઉતાર શ્વાસ પર નિર્ભર છે. એ ક્રિયાત્મક છે. સ્થિર રહેનારાઓ - સ્થાવરોમાં હું હિમાલય છું. શીતળ, સમ અને અચલ એકમાત્ર પરમાત્મા છે. જ્યારે પ્રલય થયો ત્યારે મનુ એ જ શિખરમાં બંધાઈ ગયો. અચલ, સમ અને શાંત બ્રહ્મનો પ્રલય નથી થતો. એ બ્રહ્મની પકડ હું છું.

**अश्वत्थः सर्ववृक्षाणां देवर्षीणां च नारदः ।**
**गन्धर्वाणां चित्ररथः सिद्धानां कपिलोः मुनिः ॥२६॥**

બધાં વૃક્ષોમાં હુ અશ્વત્થ છું. **अश्व** કાલ સુધી પણ જેની રહેવાની બાંયધરી નહોતી આપી શકાતી એવા **उर्ध्वमूलमधः शाखम् अश्वत्थ** ઉપર પરમાત્મા જેનું મૂળ છે, નીચે પ્રકૃતિ જેની શાખાઓ છે એવો સંસાર એક વૃક્ષ છે. એને પીપળાની સંજ્ઞા આપવામાં આવી છે — સામાન્ય પીપળાનું વૃક્ષ નહિ કે પૂજા કરવા માંડે. આ અંગે કહે છે કે તે હું છું અને દેવર્ષિઓમાં હું નારદ છું. **नाद रंध्रः स नारद** દૈવી સંપત્તિ એટલી સૂક્ષ્મ થઈ ગઈ કે સ્વરમાં ઊઠનારો ધ્વનિ (નાદ) પકડમાં આવી જાય, એવી જાગૃતિ હું છું, ગંધર્વોમાં ચિત્રરથ હું છું. અર્થાત્ ગાયન (ચિંતન) કરનારી પ્રવૃત્તિઓમાં જ્યારે સ્વરૂપ ચિત્રિત થવા માંડે, એ અવસ્થાવિશેષ હું છું. સિદ્ધોમાં હું કપિલ મુનિ છું, કાયા જ કપિલ છે. એમાં જ્યારે લગન લાગી જાય, એ ઈશ્વરીય સંસારની અવસ્થા હું છું.

**उच्चै श्रवसमश्वानां विद्धि माममृतोद्भवम् ।**
**एरावतं गजेन्द्राणां नराणां च नराधिपम् ।।२७।।**

ઘોડાઓમાં અમૃતમાંથી ઉત્પન્ન થયેલો ઉચ્ચૈ-શ્રવા નામનો ઘોડો હું છું. દુનિયામાં બધી વસ્તુ નાશવંત છે. આત્મા જ અજર-અમર, અમૃતસ્વરૂપ છે. આ અમૃત-સ્વરૂપથી જેનો સંચાર છે, એ ઘોડો હું છું. ઘોડો ગતિનું પ્રતીક છે. આત્મતત્ત્વને ગ્રહણ કરવામાં મન જ્યારે ઊર્ધ્વ ગતિ પકડે છે - અશ્વ જેવી - એવી ગતિ હું છું. હાથીઓમાં ઐરાવત નામનો હાથી હું છું. મનુષ્યોમાં રાજા મને જાણ. વસ્તુતઃ મહાપુરુષ જ રાજા છે, જેની પાસે કશાનો અભાવ નથી.

**आयुधानामहं वज्रं धेनूनाममस्मि कामधुक् ।**
**प्रजनश्चास्मि कन्दर्पः सर्पाणामस्मि वासुकिः ।।२८।।**

શસ્ત્રોમાં વજ્ર હું છું. ગાયોમાં કામધેનુ હું છું. કામધેનુ કોઈ એવી ગાય નથી, જે દૂધની જગ્યાએ મનપસંદ વાનગી પીરસતી હોય. ઋષિઓમાં વશિષ્ઠની પાસે કામધેનુ હતી. વસ્તુતઃ 'ગો' ઈન્દ્રિયોને કહેવામાં આવે છે. ઈન્દ્રિયો પરનું નિયંત્રણ ઈષ્ટને વશમાં રાખનારમાં જાણી શકાય છે. જેની ઈન્દ્રિય ઈશ્વરને અનુરૂપ સ્થિર થઈ જાય છે. એના

માટે એની ઈન્દ્રિયો કામધેનુ બની જાય છે. પછી તો **जो इच्छा करिहउ मन माहीं । हरि प्रसाद कछु दुर्लभ नाहीं । ( रामचरितमानस ७-११३-४ )**

એના માટે કશું જ દુર્લભ નથી રહેતું. પ્રજનન કરનારાઓમાં નવીન પરિસ્થિતિઓને પ્રગટ કરનારો હું છું. પ્રજનન - જેમાં એક તો પુત્ર બહાર પેદા કરવામાં આવે છે. જગતમાં રાતદિવસ પેદા જ થાય છે. ઉંદર-કીડીઓ રાત-દિવસ કરે છે એવું નહિ પરંતુ એક સ્થિતિમાંથી બીજી સ્થિતિ પેદા થવી એની વાત છે. આ રીતે વૃત્તિઓનું પરિવર્તન થાય છે. એ પરિવર્તિત સ્વરૂપ હું છું. સાપોમાં વાસુકિ હું છું.

**अनन्तश्चास्मि नागानां वरुणो यादसामहम् ।**
**पितॄणामर्यमा चास्मि यमः संयमतामहम् ॥२९॥**

નાગોમાં હું અનંત અર્થાત્ શેષનાગ છું. આમ જોઈએ તો આ કોઈ સર્પ નથી. ગીતાના સમકાલીન પુસ્તક શ્રીમદ્ ભાગવતમાં આના સ્વરૂપની ચર્ચા છે કે આ પૃથ્વીથી ત્રીસ હજાર યોજનથી દૂર એ પરમાત્માની વૈષ્ણવી શક્તિ છે, જેના માથા પર પૃથ્વી સરસવના દાણાની જેમ ભારરહિત ટકેલી છે. એ યુગમાં યોજનનું માપ જે ગણાતું હોય તે ખરું. તેમ છતાં એ ઠીક ઠીક દૂર છે. ખરેખર તો આ આકર્ષણ શક્તિનું નિરૂપણ છે. વૈજ્ઞાનિકો જેને ઈથર કહે છે. ગ્રહ-ઉપગ્રહ બધાં જ શક્તિના આધારે ટકી રહ્યાં છે. એ શૂન્યમાં ગ્રહોનો કોઈ ભાર પણ નથી. એ શક્તિએ સર્પની કુંડળીની જેમ બધા ગ્રહોને લપેટી લીધેલ છે. આ જ એ અનંત શક્તિ છે. જેનાથી પૃથ્વી ધારણ કરી શકાય છે. શ્રીકૃષ્ણ કહે છે- આવી ઈશ્વરીય શક્તિ હું છું. જળચરોમાં એમનો અધિપતિ વરુણ હું છું તથા પિતૃઓમાં અર્યમા હું છું. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ પાંચ યમ છે. એના પાલનમાં આવનારા વિકારોને દૂર કરવા તે 'અરઃ' છે. વિકારોના શમનથી પિતૃ અર્થાત્ ભૂત-સંસ્કાર તૃપ્ત થાય છે, નિવૃત્તિ પ્રદાન કરે છે. શાસન કરનારાઓમાં હું યમરાજ છું. અર્થાત્ ઉપર્યુક્ત યમોનો નિયામક છું.

**प्रह्लादश्चास्मि दैत्यानां कालः कलयतामहम् ।**
**मृगाणां च मृगेन्द्रोऽहं वैनतेयश्च पक्षिणाम् ॥३०॥**

હું દૈત્યોમાં પ્રહ્લાદ છું. (પર આહ્લાદ – બીજાના માટે આહ્લાદ.) પ્રેમ જ પ્રહ્લાદ છે, આસુરી સંપદ્માં રહીને ઈશ્વર માટે આકર્ષણ – વિકળતા શરૂ થાય છે, જેનાથી પરમપ્રભુનાં દર્શન થાય છે. આવો પ્રેમોલ્લાસ હું છું, ગણતરી કરનારાઓમાં હું સમય છું. એક, બે, ત્રણ, ચાર એવી ગણતરી કે ક્ષણ-ઘડી-દિવસ-પક્ષ-માસ વગેરે નહિ પણ ઈશ્વરના સ્મરણમાં જોડાયેલો સમય હું છું. ત્યાં સુધી કે **जागत में सुमिरन करे, सोवत में लव लाय** અવિરત ચિંતનમાં સમય હું છું. પશુઓમાં મૃગરાજ (યોગી પણ મૃ + ગ અર્થાત્ યોગીરૂપી જંગલમાં રહેનારો છે) તથા પક્ષીઓમાં ગરુડ હું છું. જ્ઞાન જ ગરુડ છે. જ્યારે ઈશ્વરીય અનુભૂતિ આવવા માંડે છે, ત્યારે આ મન પોતાના આરાધ્ય ભગવાનનું વાહન બની જાય છે અને જ્યારે આ મન શંકાથી ભરેલું હોય છે ત્યારે સર્પ હોય છે, ડંખ દેતું રહે છે. યોનિઓમાં ફેંકે છે, ગરુડ વિષ્ણુનું વાહન છે. જે સત્તા વિશ્વમાં અણુરૂપથી સંચારિત છે, જ્ઞાનથી જોડાયેલું મન એને પોતાનામાં ધારણ કરી લે છે. એનું વાહક બની જાય છે. શ્રીકૃષ્ણ કહે છે – ઈષ્ટને ધારણ કરનારું મન હું છું.

**पवनः पवतामस्मि रामः शस्त्रभृतामहम् ।**
**झषाणां मकरश्चास्मि स्त्रोतसामस्मि जाह्नवी ॥३१॥**

પવિત્ર કરનારાઓમાં હું વાયુ છું, શસ્ત્રધારકોમાં હું રામ છું. **रमन्ति योगिनः यस्मिन् स रामः** યોગી કોનામાં રમણ કરે છે ? અનુભવમાં. ઈશ્વર ઈષ્ટરૂપમાં જેનો નિર્દેશ કરે છે, તેમાં યોગી મગ્ન બને છે. આ જાગૃતિનું નામ રામ છે અને એ જાગૃતિ હું છું. માછલીઓમાં મગર તથા નદીઓમાં ગંગા હું છું. જ્ઞાન જ ગંગા છે.

**सर्गाणामादिरन्तश्च मध्यं चैवाहमर्जुन ।**
**अध्यात्मविद्या विद्यानां वादः प्रवदतामहम् ॥३२॥**

હે અર્જુન ! સૃષ્ટિના આદિ, અંત અને મધ્ય હું જ છું, વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યા હું છું. જે આત્માનું આધિપત્ય અપાવે, એ વિદ્યા હું છું. સંસારમાં મોટા ભાગનાં પ્રાણી મોહ-માયાના આધિપત્યમાં છે, રાગ-દ્વેષ, કાળ, કર્મ, સ્વભાવ અને ગુણોથી પ્રેરિત છે. એમના આધિપત્યમાંથી મુક્ત

કરીને આત્માના આધિપત્યમાં લઈ જનારી વિદ્યા હું છું. એને અધ્યાત્મવિદ્યા કહેવામાં આવે છે. પરસ્પર થનારા વિવાદમાં — બ્રહ્મ-ચર્ચામાં જે નિર્ણાયક છે, એવી વાર્તા હું છું. બાકીના નિર્ણય તો અનિર્ણીત હોય છે.

**अक्षराणामकारोऽस्मि द्वन्द्वः सामासिकस्य च ।**
**अहमेवाक्षयः कालो धाताऽहं विश्वतोमुखः ॥३३॥**

હું અક્ષરોમાં અકાર — ઓમકાર તથા સમાસોમાં દ્વંદ્વ નામનો સમાસ છું. અક્ષય કાળ હું છું. કાળ સદૈવ પરિવર્તનશીલ છે. પરંતુ તે સમય, જે અક્ષય, અજર-અમર પરમાત્મામાં પ્રવેશ અપાવે છે, એ અવસ્થા હું છું. વિરાટ-સ્વરૂપ અર્થાત્ સર્વત્ર વ્યાપ્ત, બધાનું ધારણ-પોષણ કરનારો પણ હું છું.

**मृत्यु सर्वहरश्चाहमुद्भवश्च भविष्यताम् ।**
**कीर्ति श्रीर्वाक्य नारीणां स्मृतिर्मेधा धृतिः क्षमा ॥३४॥**

હું બધાંનો નાશ કરનાર મૃત્યુ અને આગળ થનારાઓની ઉત્પત્તિનું કારણ છું. સ્ત્રીઓમાં હું યશ, શક્તિ, વાક્પટુતા, સ્મૃતિ, મેધા અર્થાત્ બુદ્ધિ, ધૈર્ય અને ક્ષમા છું.

યોગેશ્વર શ્રીકૃષ્ણના કહેવા અનુસાર "**द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।**" (અધ્યાય ૧૫, શ્લોક ૧૬) પુરુષના બે જ પ્રકાર છે. ક્ષર અને અક્ષર. તમામ પ્રાણીઓની ઉત્પત્તિ અને નાશવાળાં આ શરીર ક્ષર પુરુષ છે. તેને નર, માદા, પુરુષ અથવા કોઈ પણ નામથી દર્શાવાય, શ્રીકૃષ્ણના શબ્દોમાં પુરુષ જ છે. બીજો છે —અક્ષર પુરુષ જે કૂટસ્થ ચિત્તના સ્થિર કાળમાં જોવા મળે છે. અહીં પણ બુદ્ધિ વગેરે સ્ત્રીઓના જ ગુણો બતાવાયા છે. શું આ બધા સદ્ગુણોની આવશ્યકતા પુરુષો માટે નથી? કોણ એવો પુરુષ છે જે શ્રીમાન, કીર્તિવાન, વક્તા, સ્મરણશક્તિસંપન્ન, મેધાવી, ધૈર્યવાન અને ક્ષમાવાન બનવા નથી માગતો? બૌદ્ધિક સ્તર પર નબળા છોકરાઓમાં આ ગુણોનો વિકાસ કરવા માટે માતાપિતા ભણવા સિવાયની પણ વ્યવસ્થા કરે છે. અહીં કહે છે કે આ લક્ષણ માત્ર સ્ત્રીઓમાં જ જોવા મળે છે. આથી તમે વિચારી જુઓ કે સ્ત્રી કોણ છે ? વસ્તુતઃ તમારા હૃદયની પ્રવૃત્તિ જ નારી છે. એનામાં આ

ગુણોનો સંચાર થવો જોઈએ. આ ગુણોને અપનાવવા એ સ્ત્રીઓ અને પુરુષો તમામ માટે ઉપયોગી છે.

**बृहत्साम तथा साम्नां गायत्री छन्दसामहम् ।**
**मासानां मार्गशीर्षोऽहमृतूनां कुसुमाकरः ॥३५॥**

ગાવા યોગ્ય શ્રુતિઓમાં હું બૃહત્સામ અર્થાત્ બૃહત્થી યુક્ત, સમત્વ આપનારું ગાયન છું, અર્થાત્ આવી જાગૃતિ હું છું. છંદોમાં ગાયત્રી છંદ હું છું. ગાયત્રી કોઈ મંત્ર નથી, જેને વાંચવાથી મુક્તિ મળતી હોય. સિવાય કે એક સમર્પણાત્મક છંદ છે. ત્રણ વાર વિચલિત થયા બાદ ઋષિ વિશ્વામિત્રે પોતાને ઈષ્ટ પ્રતિ સમર્પિત કરતાં કહ્યું, **ॐ भूर्भूवः स्वः तत्सवितुर्वरेण्य भर्गो देवस्य धीमहि धियो यो नः प्रचोदयात्** અર્થાત્ **भू भूवः** અને **स्वः** ત્રણેય લોકમાં તત્ત્વરૂપથી ફેલાયેલા હે દેવ, આપ જ વરેણ્ય છો. અમને એવી બુદ્ધિ આપો, કે અમે એવો નિશ્ચય કરીએ કે અમને લક્ષ્યની પ્રાપ્તિ થાય. આ એક માત્ર પ્રાર્થના છે. સાધક પોતાની બુદ્ધિથી યથાર્થ નિર્ણય નથી લઈ શકતો કે ક્યાં સાચો છું અને ક્યાં ખોટો? એની આ સમર્પિત પ્રાર્થના હું છું, જેમાં ચોક્કસ કલ્યાણ છે કારણ કે તે મારો આશ્રિત બન્યો છે, મહિનાઓમાં શીર્ષસ્થ માર્ગ - ટોચનો માર્ગ હું છું અને સદાય હરિયાળી હોય, એવી ઋતુ, હૃદયની એવી અવસ્થા પણ હું છું.

**द्यूतं छलयतामस्मि तेजस्तेऽजस्विनामहम् ।**
**जयोऽस्मि व्यवसायोऽस्मि सत्त्वं सत्त्ववतामहम् ॥३६॥**

તેજસ્વી પુરુષોનું તેજ હું છું. જુગારમાં કપટ કરનારનું કપટ હું છું. ત્યારે તો સારું છે, જુગાર રમીએ, એમાં કળ-બળ, છળ કરીએ ત્યાં ભગવાન છે. નહિ, આવું કંઈ નથી. આ પ્રકૃતિ જ એક જુગાર છે. એ જ છેતરપિંડી છે. આ પ્રકૃતિના દ્વંદ્વમાંથી નીકળવા માટે દેખાડો છોડીને છુપાઈને ગુપ્ત રીતે ભજન કરવું પણ કપટ છે. આમ તો તે છલ નથી, પરંતુ બચાવ માટે આવશ્યક છે. જડભરતની જેમ, ઉન્મત્ત, આંધળા-બહેરા અને બોબડાની જેમ હૃદયથી જાણવા છતાં પણ બહારથી એવા રહે, જાણવા છતાં અજાણ હોય, સાંભળવા છતાં ન સાંભળે, જોવા છતાં પણ ન જુએ. છુપાઈને જ

ભજવાનું વિધાન છે, ત્યારે સાધક પ્રકૃતિ પુરુષના જુગારમાંથી પાર ઊતરે છે. જીતનારાઓનો વિજય હું છું અને વ્યવસાયીઓનો નિશ્ચય (જે અંગે બીજા અધ્યાયના એકતાળીસમાં શ્લોકમાં કહી ગયા છે. આ યોગમાં નિશ્ચયાત્મક ક્રિયા એક છે, બુદ્ધિ એક જ છે. દિશા એક જ છે એવી) ક્રિયાત્મક બુદ્ધિ હું છું, સાત્ત્વિક પુરુષોનું તેજ અને ઓજસ હુ જ છું.

**वृष्णीनां वासुदेवोऽस्मि पाण्डवानां धनंजयः ।**
**मुनीनामप्यहं व्यासः कवीनामुशना कविः ॥३७॥**

વૃષ્ણિ વંશમાં હું વાસુદેવ અર્થાત્ સર્વત્ર વાસ કરવાવાળો દેવ છું. પાંડવોમાં હું ધનંજય છું. પુણ્ય જ પાંડુ છે અને આત્માની સંપત્તિ જ સ્થિર સંપત્તિ છે. પુણ્યથી પ્રેરાઈને આત્મિક સંપત્તિ પ્રાપ્ત કરવાવાળો ધનંજય હું છું. મુનિઓમાં વ્યાસ હું છું. પરમતત્ત્વ વ્યક્ત કરવાની જેનામાં ક્ષમતા છે તે મુનિ હું છું. કવિઓમાં ઉશના અર્થાત્ તેમાં પ્રવેશ કરાવનાર કર્તવ્ય હું છું.

**दण्डो दमयतामस्मि नीतिरस्मि जिगीषताम् ।**
**मौनं चैवास्मि गुह्यानां ज्ञानं ज्ञानवतावमहम् ॥३८॥**

દમન કરનારાઓમાં દમનની શક્તિ હું છું. જીતની ઈચ્છા કરનારમાં નીતિ હું છું. ગુપ્ત રાખવાપાત્ર ભાવોમાં મૌન હું છું અને જ્ઞાનીઓમાં સાક્ષાત્કાર કરાવવાની જાણકારી – પૂર્ણ જ્ઞાન – હું છું.

**यच्चापि सर्वभूतानां बीजं तदहमर्जुन ।**
**न तदस्ति विना यत्स्यान्मया भूतं चराचरम् ॥३९॥**

હે અર્જુન, તમામ પ્રાણીઓની ઉત્પત્તિનું કારણ હું છું. કારણ કે મારાથી રહિત હોય એવું ચર કે અચર કોઈ પણ પ્રાણી નથી. હું સર્વવ્યાપ્ત છું. બધા મારા થકી જ છે.

**नान्तोऽस्ति मम दिव्यानां विभूतीनां परंतप ।**
**एष तूद्देशतः प्रोक्तो विभूतेर्विस्तरो मया ॥४०॥**

હે પરંતપ અર્જુન ! મારી દિવ્ય વિભૂતિઓનો અંત નથી. મારી વિભૂતિઓનો વિસ્તાર મેં સંક્ષેપમાં કહ્યો. વાસ્તવમાં તે અનંત છે.

આ અધ્યાયમાં અમુક વિભૂતિઓનું જ સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે કારણ કે આગલા અધ્યાયમાં અર્જુન આ સર્વને જોવા ચાહે છે. કારણ કે પ્રત્યક્ષ દર્શનથી જ વિભૂતિઓ સમજમાં આવે છે. વિચારધારા સમજવા માટે આનાથી થોડો અર્થ આપવામાં આવ્યો છે.

**यद्यद्विभूतिमत्सत्व श्रीमदूर्जितमेव वा ।**
**तत्तदेवगच्छ त्वं मम तेजोंऽशसंभवम् ॥४१॥**

જે જે ઐશ્વર્યયુક્ત, કાંતિયુક્ત અને શક્તિયુક્ત વસ્તુઓ છે તે તે વસ્તુને તું મારા તેજના એક અંશમાત્રમાંથી ઉત્પન્ન થયેલી જાણ.

**अथवा बहुनैतेन किं ज्ञातेन तवार्जुन :**
**विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् ॥४२॥**

અથવા હે અર્જુન, બહુ જાણવાનું પ્રયોજન શું છે ? હું એક અંશમાત્રથી આ સંપૂર્ણ જગતને ધારણ કરી રહ્યો છું.

ઉક્ત વિભૂતિઓના વર્ણનનું તાત્પર્ય એ નથી કે તમે કે અર્જુન આ બધી વસ્તુઓની પૂજા કરવા લાગો, પરંતુ શ્રીકૃષ્ણનો આશય કેવળ એટલો જ છે કે આ સર્વ તરફથી શ્રદ્ધા સમેટીને તે અવિનાશી પરમાત્મામાં લગાવે. આટલું કરવાથી જ તેનું કર્તવ્ય પૂર્ણ થઈ જાય છે.

**निष्कर्ष :**

આ અધ્યાયમાં શ્રીકૃષ્ણે કહ્યું : હે અર્જુન, હું તને ફરી વાર ઉપદેશ કરીશ, કારણ કે તું મને અતિશય પ્રિય છે. પહેલાં કહી ચૂક્યા છે છતાં ફરી કહેવા માગે છે, કારણ કે પૂર્તિ પર્યંત સદ્ગુરુને સાંભળવાની આવશ્યકતા રહે છે. મારી ઉત્પત્તિને દેવતાઓ કે મહર્ષિગણ જાણતા નથી કારણ કે હું તેઓનો પણ આદિકારણરૂપ છું, કારણ કે અવ્યક્ત સ્થિતિ પછીની સાર્વભૌમ અવસ્થાને તે જાણે છે જે જ્ઞાની થઈ ચૂક્યા છે. જે મને અજન્મા, અનાદિ અને સર્વલોકના મહાન ઈશ્વરના સાક્ષાત્કાર સહિત જાણે છે તે જ જ્ઞાની છે.

બુદ્ધિ, જ્ઞાન, અસંમૂઢતા, ઇન્દ્રિયોનું દમન, મનનું શમન, સંતોષ, તપ, દાન અને કીર્તિનો ભાવ અર્થાત્ દૈવી સંપત્તિનાં ઉક્ત લક્ષણો મારી દેણ છે.

સાત મહર્ષિઓ અર્થાત્ યોગની સાત ભૂમિકાઓ, તેનાથી પણ પહેલાં થનાર તેને અનુરૂપ અંતઃકરણ ચતુષ્ટય અને તેને અનુકૂળ મન જે સ્વયંભૂ છે, સ્વયં રચયિતા છે — આ બધાય જે મારામાં ભાવવાળા, લગન અને શ્રદ્ધાવાળા છે, આ સંસારમાં તમામ જેની પ્રજા છે તે સર્વે મારાથી જ ઉત્પન્ન થયેલા છે. અર્થાત્ સાધનાવાળી પ્રવૃત્તિઓ જ મારી પ્રજા છે. તેની ઉત્પત્તિ પોતાનાથી નહિ, ગુરુથી થાય છે. જે ઉપરથી મારી વિભૂતિઓને સાક્ષાત્ જાણી લે છે, તે નિઃશંક મારામાં એકાત્મભાવથી પ્રવેશ પામવા યોગ્ય છે.

હે અર્જુન ! સર્વની ઉત્પત્તિનું કારણ હું જ છું એવું જે શ્રદ્ધાથી જાણી લે છે તે અનન્ય ભાવથી મારું ચિંતન કરે છે, નિરંતર મારામાં મન, બુદ્ધિ અને પ્રાણોને લગાવનાર હોય છે, આપસમાં મારું ગુણ-ચિંતન અને મારામાં જ રમણ કરે છે. એવા નિરંતર મારાથી જોડાયેલા પુરુષોને હું યોગમાં પ્રવેશ કરાવનારી બુદ્ધિ પ્રદાન કરું છું. આ પણ મારી જ દેણ છે. કેવી રીતે બુદ્ધિયોગ આપે છે ? તો હે અર્જુન, **आत्मभावस्थ** તેના આત્મામાં જાગ્રત થઈને રહું છું અને તેના હૃદયમાં અજ્ઞાનથી ઉત્પન્ન થયેલ અહંકારને જ્ઞાનરૂપી દીપકથી નષ્ટ કરું છું.

અર્જુને પ્રશ્ન કર્યો કે હે ભગવાન આપ જ પરમ પવિત્ર, સનાતન, દિવ્ય, અનાદિ અને સર્વત્ર વ્યાપ્ત છો, એવું મહર્ષિઓ કહે છે તથા વર્તમાનમાં નારદ, દેવલ, વ્યાસ અને આપ પોતે પણ એમ જ કહો છો. એ સત્ય છે કે આપને દેવતાઓ કે દાનવો જાણતા નથી. આપ સ્વયં જેને જણાવો તે જ આપને જાણી શકે છે. આપની વિભૂતિઓ કહેવા માટે આપ જ સમર્થ છો. આથી હે જનાર્દન ! આપ, આપની વિભૂતિઓ વિસ્તારથી કહો, પૂર્તિપર્યન્ત ઈષ્ટ દ્વારા જ સાંભળવાની ઉત્કંઠા રહેવી જોઈએ. આગળ ઈષ્ટના અંતરાલમાં શું છે ? તેને સાધક શું જાણે ?

આ વિશે યોગેશ્વર શ્રીકૃષ્ણે એક એક કરીને પોતાની એક્યાશી વિભૂતિઓનાં લક્ષણ સંક્ષેપમાં જણાવ્યા — જેમાંથી કેટલીક તો યોગસાધનામાં પ્રવેશ કરવાની સાથે મળવાપાત્ર અંતરંગ વિભૂતિઓનું ચિત્રણ છે અને કેટલીક તો તેજ અને ઐશ્વર્યયુક્ત વસ્તુ છે, તે સર્વ મારા તેજના અંશમાત્રમાં સ્થિત છે. વાસ્તવમાં મારી વિભૂતિઓ અપાર છે. આમ કહીને યોગેશ્વરે આ અધ્યાય પૂરો કર્યો.

આ અધ્યાયમાં શ્રીકૃષ્ણે પોતાની વિભૂતિઓ અંગેની માત્ર બૌદ્ધિક જાણકારી જ આપી છે, જેથી અર્જુનની શ્રદ્ધા બધી બાજુથી સમેટાઈ જઈને એકમાં જ લાગી જાય, પરંતુ બંધુઓ, બધું જ સાંભળી લઈને અને વાળની ખાલ કાઢીને સમજી લીધા પછી પણ તેને જાણવાનું બાકી રહે છે. આ ક્રિયાત્મક પથ છે.

આખા અધ્યાયમાં યોગેશ્વરની વિભૂતિઓનું જ વર્ણન છે. આથી –

**ॐ तत्सदिति श्रीमद्भागवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे 'विभूति वर्णन' नाम दसमोऽध्याय: ।।१०।।**

આ રીતે શ્રીમદ્ભગવદ્ગીતારૂપી ઉપનિષદ અને બ્રહ્મવિદ્યા તથા યોગશાસ્ત્રરૂપ શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદમાં 'વિભૂતિ વર્ણન' નામનો દસમો અધ્યાય પૂર્ણ થાય છે.

**इति श्रीमत्परमहंस परमानन्दस्य शिष्य स्वामी श्री अडगडानन्दकृते श्रीमद्भगवद् गीताया: 'यथार्थगीता' भाष्ये 'विभूति वर्णन' नाम दसमोऽध्याय: ।।१०।।**

આ રીતે શ્રીમત્પરમહંસ પરમાનન્દજીના શિષ્ય સ્વામી શ્રીઅડગડાનન્દકૃત શ્રીમદ્ભગવદ્ગીતાના ભાષ્ય 'યથાર્થ ગીતા'માં 'વિભૂતિ વર્ણન' નામનો દસમો અધ્યાય પૂર્ણ થાય છે.

**।। हरि: ॐ तत्सत् ।।**

ॐ

**श्री परमात्मने नमः**

# અધ્યાય અગિયારમો

આગળના અધ્યાયમાં યોગેશ્વર શ્રીકૃષ્ણે પોતાની મુખ્ય મુખ્ય વિભૂતિઓનું સંક્ષેપમાં વિવરણ કર્યું. પરંતુ અર્જુનને લાગ્યું કે એણે વિસ્તારથી સાંભળી લીધું છે. એણે કહ્યું કે આપની વાણી સાંભળીને મારો તમામ મોહ નાશ પામ્યો છે. અજ્ઞાન દૂર થયું છે. આપે જે કહ્યું એનું પ્રત્યક્ષ દર્શન કરવા માગું છું. સાંભળવું અને જોવું એમાં પૂર્વ-પશ્ચિમ જેટલું અંતર છે. ચાલીને જોતા વસ્તુસ્થિતિ કાંઈક જુદી જ હોય છે. અર્જુને એ રૂપ જોયું અને કાંપવા લાગ્યો, ક્ષમા માગવા લાગ્યો. શું જ્ઞાની ભયભીત થાય ખરો ? એને કોઈ જિજ્ઞાસા બાકી રહે છે ખરી ? નહિ – બૌદ્ધિક સ્તરની જાણકારી હંમેશાં અસ્પષ્ટ રહે છે. હા, તેનાથી યથાર્થ જાણકારી માટે પ્રેરણા અવશ્ય મળે છે. આથી અર્જુને નિવેદન કર્યું –

**अर्जुन उवाच**

**मदनुग्रहाय परमं गुह्यमध्यात्मसंज्ञितम् ।**
**यत्त्वयोक्तं वचस्तेन मोहोऽयं विगतो मम ॥१॥**

ભગવાન ! મારા પર અનુગ્રહ કરવા માટે આપે ગુપ્ત અધ્યાત્મ રહસ્યમાં પ્રવેશ કરાવનાર ઉપદેશ મને આપ્યો. આનાથી મારું આ અજ્ઞાન દૂર થયું છે. હું જ્ઞાની થઈ ગયો.

**भावप्ययौ हि भूतानां श्रुतौ विस्तरशे मया ।**
**त्वत्तः कमलपत्राक्ष माहात्म्यमपि चाव्ययम् ॥२॥**

હે કમલ જેવાં નેત્રવાળા ! મેં આપની પાસેથી પ્રાણીઓની ઉત્પત્તિ અને પ્રલય વિશે વિસ્તારથી સાંભળ્યું છે અને આપનો અવિનાશી પ્રભાવ પણ સાંભળ્યો છે.

**एवमेतद्यथात्थ त्वमात्मानं परमेश्वर ।**
**द्रष्टुमिच्छामि ते रूपमैश्वरं पुरुषोत्तम ॥३॥**

હે પરમેશ્વર ! આપ પોતાને જે કહો છો તે પ્રમાણે જ, એમાં કોઈ શંકા નથી. પરંતુ મેં કેવળ એના વિશે સાંભળ્યું છે. હે પુરુષોત્તમ ! આ ઐશ્વર્યયુક્ત સ્વરૂપને હું પ્રત્યક્ષ જોવા ઇચ્છું છું.

**मन्यसे यदि तच्छक्यं मया द्रष्टुमिति प्रभो ।**
**योगेश्वर ततो मे त्वं दर्शयात्मानमव्ययम् ॥४॥**

હે પ્રભો ! હું એ રૂપનાં દર્શન કરી શકું એ શક્ય હોવાનું આપ માનતા હો તો હે યોગેશ્વર ! આપ આપના અવિનાશી સ્વરૂપનું મને દર્શન કરાવો. આના પર યોગેશ્વરે કોઈ પ્રતિવાદ ન કર્યો કેમ કે અગાઉ પણ અનેક સ્થાનો પર તે કહેતા રહ્યા છે કે તું મારો અનન્ય ભક્ત છે અને પ્રિય મિત્ર છે. આથી ઘણી પ્રસન્નતાપૂર્વક એમણે પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું.

**श्री भगवानुवाच**

**पश्य मे पार्थ रूपाणि शतशोऽथ सहस्त्रशः ।**
**नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि च ॥५॥**

હે પાર્થ ! મારાં સેંકડો તથા હજારો વિવિધ પ્રકારનાં, અનેક વર્ણ તથા આકૃતિવાળા દિવ્ય સ્વરૂપો તું જો.

**पश्यादित्यान्वसून्रुद्रानश्विनौ मरुतस्तथा ।**
**वहून्यदृष्टापूर्वाणि पश्याश्चर्याणि भारत ॥६॥**

હે ભારત ! અદિતિના બાર પુત્રો, આઠ વસુઓ, અગિયાર રુદ્ર બંને અશ્વિનીકુમાર અને ઓગણપચાસ મરુતગણોને જો તથા પહેલાં તેં કદી ન જોયાં હોય તેવાં અનેક આશ્ચર્યમય રૂપોને જો.

**इहैकस्थं जगत्कृत्स्न पश्याद्य सचराचरम् ।**
**मम देहे गुडाकेश यच्चान्यद्द्रष्टुमिच्छति ॥७॥**

અર્જુન ! હવે મારા આ શરીરમાં એક જ સ્થાન પર સ્થિત ચરાચર સહિત સંપૂર્ણ જગતને જો તથા અન્ય જે કાંઈ જોવા ઈચ્છતો હોય તે જો, આ રીતે ભગવાન ત્રણ શ્લોક સુધી સતત અનેક રૂપો બતાવતા ગયા, પરંતુ અર્જુનને કશું નજરે ન પડ્યું (તે તો આંખો ચોળતો જ રહ્યો.) આમ પોતાનું દર્શન કરાવતાં ભગવાન અચાનક અટકે છે અને કહે છે–

**न तु मां शक्यते द्रष्टुमनेनैव स्वचक्षुषां ।**
**दिव्यं ददामि ते चक्षुः पश्य मे योगमैश्वरम् ॥८॥**

અર્જુન ! તું તારી આંખોથી અર્થાત્ બૌદ્ધિક દષ્ટિથી મને જોઈ શકવા સમર્થ નથી. આથી હું તને દિવ્ય અર્થાત્ અલૌકિક દષ્ટિ આપું છું. જે દ્વારા તું મારા પ્રભાવ અને યોગશક્તિને જોઈ શકીશ.

આમ, શ્રીકૃષ્ણના અનુગ્રહથી અર્જુનને દિવ્ય દષ્ટિ પ્રાપ્ત થઈ અને એણે જોયું એ જ રીતે યોગેશ્વર વ્યાસની કૃપાથી તે જ દષ્ટિ સંજયને મળી હતી. જે કાંઈ અર્જુને જોયું, તે બધું જ સંજયે પણ જોયું અને એના પ્રભાવથી સ્વયંને કલ્યાણનો સહભાગી બનાવ્યો. એ સ્પષ્ટ છે કે શ્રીકૃષ્ણ એક યોગી છે.

**संजय उवाच**

**एवमुक्त्वा ततो राजन्महायोगेश्वरो हरिः ।**
**दर्शयामास पार्थाद परमं रूपमैश्वरम् ॥९॥**

સંજય બોલ્યો, હે રાજન મહાયોગેશ્વર ! હરિએ આ રીતે કહીને પછી પાર્થને પોતાનું પરમ ઐશ્વર્યયુક્ત દિવ્ય સ્વરૂપ બતાવ્યું, જે સ્વયં યોગી છે અને બીજાને પણ યોગ પ્રદાન કરવાની જેનામાં ક્ષમતા છે, જે યોગનો સ્વામી છે, તેને યોગેશ્વર કહે છે. આ રીતે સર્વસ્વનું હરણ કરનાર હરિ છે. જો માત્ર દુઃખોનું જ હરણ કરે અને સુખ ન આપે તો દુઃખ ફરી આવશે. સર્વ પાપોના નાશની સાથે સર્વસ્વનું હરણ કરીને પોતાનું સ્વરૂપ આપવા જે સમર્થ છે. તે હરિ છે. ભગવાને પાર્થને પોતાનું દિવ્ય સ્વરૂપ બતાવ્યું, પોતે સામે તો ઊભા જ હતા.

**अनेकवक्त्रनयनमनेकाद्भुतदर्शनम् ।**
**अनेकदिव्याभरणं दिव्यानेकोद्यतायुधम् ॥१०॥**

અનેક મુખ અને નેત્રવાળા, અનેક અદ્‌ભુત દર્શનવાળા, અનેક દિવ્ય આભૂષણોથી યુક્ત અને અનેક દિવ્ય શસ્ત્રોને હાથમાં ધારણ કરેલાં તથા—

**दिव्यमाल्याम्बरधरं दिव्यगन्धानुलेपनम् ।**
**सर्वाश्चर्यमयं देवमनन्तं विश्वतोमुखम् ॥११॥**

દિવ્ય માળા તથા વસ્ત્રો ધારણ કરેલા, દિવ્ય ગંધ તથા લેપ ધરાવતા, તમામ પ્રકારનાં આશ્ચર્યોયુક્ત, અસીમ વિરાટ સ્વરૂપ પરમદેવનો અર્જુને દિવ્ય દૃષ્ટિથી સાક્ષાત્કાર કર્યો.

**दिवि सूर्यसहस्रस्य भवेद्युगपदुत्थिता ।**
**यदि भाः सदृशी सा स्याद्भासस्तस्य महात्मनः ॥१२॥**

આગળ જેમ દર્શાવ્યું છે તે પ્રમાણે (અજ્ઞાનરૂપ ધૃતરાષ્ટ્ર, સંયમરૂપી સંજય) સંજયે કહ્યું — હે રાજન ! આકાશમાં એકસાથે હજારો સૂર્યોના ઊગવાથી જેટલો પ્રકાશ થાય તે પણ વિશ્વરૂપ મહાત્માના પ્રકાશની સમાન ભાગ્યે જ હશે. અહીં શ્રીકૃષ્ણ મહાત્મા છે, યોગેશ્વર છે.

**तत्रैकस्थं जगत्कृत्स्नं प्रविभक्तमनेकधा ।**
**अपश्यद् देवदेवस्य शरीरे पाण्डवस्तदा ॥१३॥**

પાંડુપુત્ર અર્જુને (પુણ્ય પાંડું છે. પુણ્ય અનુરાગને જન્મ આપે છે.) એ સમયે અનેક રીતે વિભક્ત સંપૂર્ણ જગતને એ પરમદેવના શરીરમાં એક જ જગ્યાએ સ્થિત થયેલું જોયું.

**ततः स विस्मयाविष्टो हृष्टरोमा धनंजयः ।**
**प्रण्य शिरसा देवं कृताञ्जलिरभाषत् ॥१४॥**

આ પછી આશ્ચર્યચકિત, હર્ષથી રોમાંચિત તે અર્જુને પરમાત્મા દેવને માથું નમાવી પ્રણામ કરી (પહેલાં પણ પ્રણામ કરતો હતો, પરંતુ પ્રભાવ જોઈને સાદર પ્રણામ કરે છે.) હાથ જોડીને બોલ્યો. અહીં અર્જુને અંતઃકરણથી નમન કર્યું અને કહ્યું —

**अर्जुन उवाच**

**पश्यामि देवांस्तव देव देहे सर्वांस्तथा भूतविशेषसंधान् ।**
**ब्रह्माणमीशं कमलासनस्थमृषींश्च सर्वानुरगांश्च दिव्यान् ॥१५॥**

હે દેવ ! આપના શરીરમાં હું તમામ દેવો તથા અનેક પ્રાણી-સમુદાયોને, કમલાસન પર બિરાજમાન બ્રહ્માજી, મહાદેવ, તમામ ઋષિઓ તથા દિવ્ય સર્પોને જોઉં છું. આ પ્રત્યક્ષ દર્શન હતું, કોરી કલ્પના ન હતી. પરંતુ આવું દર્શન શક્ય ત્યારે બને જ્યારે યોગેશ્વર પૂર્ણત્વ પ્રાપ્ત મહાપુરુષ હૃદયપૂર્વક દૃષ્ટિ આપે, આ સાધનાથી મળી શકે.

**अनेकबाहूदरवक्त्रनेत्रं पश्यामि त्वां सर्वतोऽनन्तरूपम् ।**
**नान्तं न मध्यं न पुनवस्तवादिं पश्यामि विश्वेश्वर विश्वरूप ॥१६॥**

વિશ્વસ્વામી ! હું આપને અનેક હાથ-પેટ-મુખ અને નેત્રોથી યુક્ત તથા બધી બાજુએ  અનંત રૂપવાળા જોઉં છું. હે વિશ્વરૂપ ! હું આપના આદિ, મધ્ય કે અંતને જોતો નથી. અર્થાત્ આપના આદિ, મધ્ય અને અંતનો નિર્ણય કરી શકતો નથી.

**किरीटिनं गदिनं चक्रिणं च तेजोराशिं सर्वतो दीप्तिमन्तम् ।**
**पश्यामि त्वां दुर्निरीक्ष्यं समन्ताद्दीप्तानलार्कद्युतिमप्रमेयम् ॥१७॥**

હું આપને મુકુટધારી, ગદાધારી, ચક્રધારી, તેજના પુંજ, બધી બાજુથી ઝળહળતા, જોઈ ન શકાય એવા, અમાપ અને પ્રગટાવેલા અગ્નિ અને સૂર્ય જેવા બધી દિશામાં પ્રકાશતા જોઉં છું. આ રીતે સંપૂર્ણ ઈન્દ્રિયોથી પૂર્ણતયા સમર્પિત થઈને શ્રીકૃષ્ણને આ રૂપમાં જોઈને અર્જુન એમની સ્તુતિ કરવા લાગ્યો.

**त्वमक्षरं परमं वेदितव्यं त्वमस्य विश्वस्य परं निधानम् ।**
**त्वमव्ययः शाश्वतधर्मगोप्ता सनातनस्त्वं पुरुषो मतो मे ॥१८॥**

ભગવાન ! હું માનું છું કે તમે જ જાણવાયોગ્ય પરમ અક્ષરબ્રહ્મ છો. તમે જ આ વિશ્વના સૌથી મોટા આધાર છો, તમે જ શાશ્વત ધર્મના અવિનાશી રક્ષક છો અને તમે જ સનાતન પુરુષ છો. આત્માનું સ્વરૂપ શું

છે ? તે શાશ્વત, સનાતન, અવ્યક્તરૂપ અવિનાશી છે. અહીં શ્રીકૃષ્ણનું સ્વરૂપ શું છે ? તે જ શાશ્વત, સનાતન, અવ્યક્ત અને અવિનાશી અર્થાત્ પ્રાપ્તિ બાદ મહાપુરુષ પણ એ જ આત્મભાવમાં સ્થિર રહે છે. આથી તો ભગવાન અને આત્મા એક જ લક્ષણવાળા છે.

**अनादिमध्यान्तमनन्तवीर्यमनन्तबाहुं शशिसूर्यनेत्रम् ।**
**पश्यामि त्वां दीप्तहुताशवक्त्रं स्वतेजसा विश्वमिदं तपन्तम् ॥१९॥**

હે પરમાત્મા ! હું તમને આદિ, મધ્ય અને અંત વિનાના, અનંત શક્તિવાળા, અનંત બાહુવાળા (અગાઉ હજારો હતા, હવે અનંત થઈ ગયા), સૂર્ય-ચંદ્રરૂપી આંખોવાળા, પ્રજ્વલિત અગ્નિ જેવા મુખવાળા અને પોતાના તેજથી જગતને તપાવી રહેલા જોઉં છું. (સૂર્ય-ચંદ્રરૂપી આંખોવાળા – તો તો ભગવાન કાણા થઈ ગયા કહેવાય – કેમકે એક આંખ ચંદ્રની જેમ ક્ષીણ પ્રકાશવાળી અને બીજી આંખ સૂર્યની જેમ તેજયુક્ત. પરંતુ આમ નથી. સૂર્ય સમાન પ્રકાશ આપનાર અને ચંદ્રમાની જેમ શીતળતા આપનાર ગુણો ભગવાનમાં છે. સૂર્ય-ચંદ્ર તો માત્ર પ્રતીક છે. અર્થાત્ ચંદ્રમા અને સૂર્યની દૃષ્ટિવાળા.)

**द्यावापृथिव्योरिदमन्तरं हि व्याप्तं त्वयैकेन दिशश्च सर्वाः ।**
**दृष्ट्वाद्भुतं रूपमुग्रं तवेदं लोकत्रयं प्रव्यथितं महात्मन् ॥२०॥**

હે મહાત્મન્ ! આકાશ અને પૃથ્વી વચ્ચેના સંપૂર્ણ અવકાશને તથા તમામ દિશાઓને તમે એકલાએ જ ભરી દીધો છે. તમારા આ ભયંકર અલૌકિક રૂપને જોઈને ત્રણેય લોક અકળાઈ ઊઠ્યા છે.

**अमी हि त्वां सुरसंघा विशन्ति केचिद्भिताः प्राञ्जलयो गृणन्ति ।**
**स्वस्तीत्युक्त्वा महर्षिसिद्धसंघाः स्तुवन्ति त्वां स्तुतिभिः पुष्कलाभि ॥२१॥**

વળી, આ દેવસમૂહ તમારામાં પ્રવેશ કરે છે. ભયભીત થયેલા કેટલાક લોકો હાથ જોડીને તમારું સ્તવન કરે છે. મહર્ષિઓ અને સિદ્ધોના સંઘો સૌનું કલ્યાણ હો એવાં સ્વસ્તિવચન બોલીને અનેક સ્તોત્રો વડે તમારું યશોગાન કરે છે.

**रुद्रादित्या वसवो ये च साध्या विश्वेऽश्विनौ मरुतश्चोष्मपाश्च ।**
**गन्धर्वयक्षासुरसिद्धसंधा वीक्षन्ते त्वां विस्मिताश्चैव सर्वे ॥२२॥**

વળી રુદ્રો, આદિત્યો, વસુઓ, સાધ્ય દેવગણો, અશ્વિનીકુમારો, મરુતો અને **'उष्मपाः'** એટલે કે ઈશ્વરીય ઉષ્મા ગ્રહણ કરનાર તથા પિતૃઓ, ગંધર્વો, યક્ષો, અસુરો અને સિદ્ધોના સંઘો એ બધાં જ વિસ્મય પામીને તમને જુએ છે. અર્થાત્ જોવા છતાં સમજી શકતા નથી. કેમકે એમની પાસે દૃષ્ટિ નથી. શ્રીકૃષ્ણે પાછળ જણાવ્યું છે કે આસુરી સ્વભાવવાળા મને તુચ્છ કહીને સંબોધે છે, સામાન્ય મનુષ્ય જેવો માને છે. જ્યારે હું તો પરમભાવ, પરમેશ્વરના રૂપમાં સ્થિત છું. આમ છતાં હું મનુષ્યશરીરનો આધાર છું. એનો વિસ્તાર છું. તેઓ મને આશ્ચર્યથી જોઈ રહ્યા છે. મતલબ કે તેઓ મને સમજી શકતા નથી, મને જોઈ શકતા નથી.

**रूपं महत्ते बहुवक्त्रनेत्रं महाबाहो बहुबाहूरुपादम् ।**
**बहूदरं बहुदंष्ट्राकरालं दृष्ट्वा लोकाः प्रव्यथितास्तथाहम् ॥२३॥**

મહાબાહો ! (શ્રીકૃષ્ણ મહાબાહુ છે અને અર્જુન પણ મહાબાહુ છે. પ્રકૃતિથી પર મહાન સત્તા જેનું કાર્યક્ષેત્ર છે, તે મહાબાહુ છે. શ્રીકૃષ્ણ મહાનતામાં પૂર્ણ છે. અધિકતમ સીમામાં છે. અર્જુન એની પ્રવેશિકામાં છે – માર્ગમાં છે. મંજિલ માર્ગનો બીજો છેડો તો છે.) મહાબાહુ યોગેશ્વર અનેક મુખ અને નેત્રોવાળું, અનેક હાથ, જાંઘ અને પગવાળું, અનેક પેટવાળું અને દાઢીને લીધે વિકરાળ લાગતું તમારું મહાન રૂપ જોઈને ત્રણે લોક અને હું વ્યાકુળ બન્યા છીએ. હવે અર્જુનને ભય લાગવા માંડ્યો છે કે શ્રીકૃષ્ણ આટલા મહાન છે.

**नभःस्पृशं दीप्तमनेकवर्णं व्यात्ताननं दीप्तविशालनेत्रम् ।**
**दृष्ट्वा हि त्वां प्रव्यथितान्तरात्मा धृतिं न विन्दामि शमं च विष्णो ॥२४॥**

વિશ્વમાં સર્વત્ર અણુરૂપથી વ્યાપ્ત હે વિષ્ણુ, તમને આકાશ સુધી પહોંચેલા, ઝળહળતા, રંગબેરંગી, ખુલ્લા મુખવાળા અને તેજસ્વી વિશાળ આંખોવાળા જોઈને મારું મન વ્યાકુળ બન્યું છે. એટલે હું ધીરજ અને મનના સમાધાનરૂપ શાંતિ ગુમાવી બેઠો છું.

**द्रंष्ट्राकरालानि च ते मुखानि दृष्टैव कालानलसन्निभानि ।**
**दिशो न जाने न लभे च शर्म प्रसीद देवेश जगन्निवास ॥२५॥**

હે દેવોના દેવ, હે જગતના આશ્રય, પ્રલયકાળના અગ્નિ જેવાં અનેક દાઢોથી ભયંકર લાગતાં તમારાં મુખ જોઈને હું દિશાઓનું ભાન ભૂલ્યો છું અને અશાંત બની ગયો છું. માટે તમે પ્રસન્ન થાઓ.

**अमी च त्वां धृतराष्ट्रस्य पुत्रा सर्वे सहैवावनिपालसङ्घैः ।**
**भीष्मो द्रोणः सूतपुत्रस्तथासौ सहास्मदीयैरपि योधमुख्यैः ॥२६॥**
**वक्त्राणि ते त्वरमाणा विशन्ति द्रंष्ट्राकरालानि भयानकानि ।**
**केचिद्विलग्ना द्दशनान्तरेषु संदृश्यन्ते चूर्णितैरुत्तमाङ्गै ॥२७॥**

રાજાઓના સંઘો સહિત ધૃતરાષ્ટ્રના બધા પુત્રો અને અમારા મુખ્ય યોદ્ધાઓ  સહિત ભીષ્મ, દ્રોણાચાર્ય તથા તે કર્ણ (જેનાથી અર્જુન ખૂબ ભયભીત હતો તે કર્ણ) પણ તમારાં વિકરાળ દાઢવાળાં ભયાનક મુખોમાં ઝડપથી પ્રવેશી રહ્યા છે અને તેમનામાંના ઘણા તો કચડાયેલાં માથાં સહિત આપના દાંતોની વચ્ચે ચોંટેલા દેખાય છે. તેઓ કેવા વેગથી પ્રવેશે છે ? હવે એનો વેગ જુએ –

**यथा नदीनां बहवोऽम्बुवेगाः समुद्रमेवाभिमुखा द्रवन्ति ।**
**तथा तवामी नरलोकवीरा विशन्ति वक्त्राण्यभिविज्वलन्ति ॥२८॥**

જેવી રીતે નદીઓના અનેક જળપ્રવાહો સમુદ્રની દિશામાં ધસતા હોય છે, તેવી જ રીતે આ બધા વીર પુરુષો તમારા ઝળહળતા મુખમાં પ્રવેશ કરે છે. અર્થાત્ તેઓ પોતે શૂરવીર તો છે જ, પરંતુ તમે સમુદ્રવત્  છો. તમારી સમક્ષ એમનું બળ અતિ કલ્પ છે. તે શા માટે અતિ અલ્પ છે. તે શા માટે અને કેવી રીતે પ્રવેશ કરે છે ? એના માટે ઉદાહરણ આપ્યું છે.

**यथा प्रदीप्तं ज्वलनं पतङ्गा विशन्ति नाशाय समृद्धवेगाः ।**
**तथैव नाशाय विशन्ति लौकास्तवापि वक्त्राणि समृद्धवेगाः ॥२९॥**

પતંગિયાં જેમ પોતાના વિનાશ માટે પ્રજવલિત અગ્નિમાં વેગપૂર્વક ધસી જાય છે, તે જ રીતે તમામ પ્રાણીઓ પોતાના વિનાશ માટે તમારા મુખમાં પૂરા વેગથી દાખલ થઈ રહ્યાં છે.

**लेलिह्यसे ग्रसमानः समन्ताल्लोकान्समग्रान्वदनैर्ज्वलद्भिः ।**
**तेजोभिरापूर्य जगत्समग्रं भासस्तवोग्राः प्रतपन्ति विष्णो ॥३०॥**

હે વિષ્ણુ ! તમે તમારાં પ્રજ્વલિત મુખો વડે ઘણા બધા લોકોને બધી બાજુથી ચાટી રહ્યા છો, એનો આસ્વાદ લઈ રહ્યા છો, હે વ્યાપનશીલ પરમાત્મા ! તમારો ઉગ્ર પ્રકાશ આખા જગતને તેજથી ભરી દઈને તપાવે છે. આનો અર્થ એ કે પ્રથમ આસુરી સંપદ પરમતત્ત્વમાં વિલીન થઈ જાય છે, ત્યાર બાદ દૈવી સંપદનું કોઈ પ્રયોજન રહેતું નથી. આથી તે પણ એ સ્વરૂપમાં વિલીન થઈ જાય છે. અર્જુને જોયું કે કૌરવ પક્ષ, તદનન્તર એના પોતાના પક્ષમાં યોદ્ધા શ્રીકૃષ્ણના મુખમાં વિલીન થઈ રહ્યા છે. એમણે પૂછ્યું –

**आख्याहि में को भवानुग्ररूपो नमोऽस्तु ते देववर प्रसीद ।**
**विज्ञातुमिच्छामि भवन्तमाद्यं न हि प्रजानामि तव प्रवृत्तिम् ॥३१॥**

હે દેવશ્રેષ્ઠ ! હું આપની પ્રવૃત્તિ અથવા ચેષ્ટાઓને સમજી શકતો નથી. આપના આદિ સ્વરૂપને હું જાણવા માગું છું. હું આપને નમસ્કાર કરું છું. આપ મારા પર પ્રસન્ન થાઓ અને ઉગ્રરૂપ આપ કોણ છો તે મને કહો. આથી યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું –

**श्री भगवानुवाच्**

**कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धो लोकान्समाहर्तुमिह प्रवृत्तः ।**
**ऋतेऽपि त्वां न भविष्यन्ति सर्वे येऽवस्थिताः प्रत्यनीकेषु योधाः ॥३२॥**

હું લોકોનો નાશ કરવા માટે વૃદ્ધિ પામેલો મહાકાળ છું. તેમનો નાશ કરવા માટે પ્રવૃત્ત થયો છું, તું નહિ લડે તોપણ સામેની સેનામાં ઊભેલા કોઈ યોદ્ધાઓ બચવાના નથી. આથી પ્રવૃત્ત થયો છું.

**तस्मात्त्वमुत्तिष्ठ यशो लभस्व जित्वा शत्रून्भूङ्क्षव राज्यं समृद्धम् ।**
**मयैवैते निहताः पूर्वमेव निमित्तमात्रं भव सव्यसाचिन् ॥३३॥**

માટે હે સવ્યસાચી અર્જુન ! તું ઊભો થા, શત્રુને જીતીને કીર્તિ મેળવ અને બધી જાતની સમૃદ્ધિથી ભરેલું રાજ્ય ભોગવ. એ બધા શૂરવીરોને મેં પહેલેથી જ હણેલા છે. તું માત્ર નિમિત્તરૂપ બન.

પ્રાયઃ શ્રીકૃષ્ણે સર્વત્ર કહ્યું છે કે પરમાત્મા કશું કરતો નથી, કરાવતો નથી. સંયોગને પણ જોડાતો નથી. મોહયુક્ત બુદ્ધિને કારણે લોકો કહે છે કે પરમાત્મા કરાવે છે, પરંતુ અહીં તો સ્વયં ઊભા થઈને કહે છે, અર્જુન ! કર્તા-હર્તા હું છું. મારાથી એ લોકો પહેલેથી જ હણાયેલા છે. માત્ર તું ઊભો થા, યુદ્ધ કર અને યશ પ્રાપ્ત કર. આવું એટલા માટે છે કે **सो केवल भगतहन्ह हित लागी ।** અર્જુન આ અવસ્થા પ્રાપ્ત કરી ચૂક્યો છે. ભગવાન સ્વયં ઊભા થઈ ગયા. અનુરાગ અર્જુન છે. ભગવાન અનુરાગી માટે સદા સાથે ઊભા છે. એના કર્તા બને છે, રથી બને છે.

ગીતામાં અહીં ત્રીજી વખત સામ્રાજ્યનું પ્રકરણ આવ્યું. પહેલાં અર્જુન લડવા ઇચ્છતો ન હતો. એણે કહ્યું કે, પૃથ્વીના ધન-ધાન્યથી સમૃદ્ધ નિષ્કંટક સામ્રાજ્ય તથા દેવતાઓનું સ્વામીપણું અથવા ત્રૈલોક્યના રાજ્યમાં પણ હું ઇન્દ્રિયોને શુષ્ક કરનાર મારા આ શોકને દૂર કરવાનો કોઈ ઉપાય જોતો નથી. તડપતા રહેવાનું હોય તો મારે એ જોઈતું નથી. યોગેશ્વરે કહ્યું, આ યુદ્ધમાં હારશે તો દેવત્વ પામીશ અને જીતશે તો મહામહિમ સ્થિતિ પ્રાપ્ત થશે. હવે અહીં કહે છે કે શત્રુઓ તો મારાથી હણાયેલા છે. તું નિમિત્ત બન. યશને પ્રાપ્ત કર અને સમૃદ્ધ રાજ્યને ભોગવ. ફરી એ જ વાત. જે વાતથી અર્જુન ચોંકી જાય છે. એમાં એનો શોક દૂર થતો નથી. શું શ્રીકૃષ્ણ ફરીથી એ રાજ્ય આપશે ? ના, વસ્તુતઃ વિકારોનો અંત આવતાં પરમાત્મસ્વરૂપની સ્થિતિ જ વાસ્તવિક સમૃદ્ધિ છે. જે સ્થિર, અચલ સંપત્તિ છે, જેનો ક્યારેય વિનાશ થતો નથી – તે રાજયોગનું પરિણામ છે.

**द्रोणं च भीष्मं च जयद्रथं च कर्णं तथान्यानपि योधवीरान् ।**
**मया हतांस्त्वं जहि मा व्यथिष्ठा युध्यस्व जेतासि रणे सपत्नान् ॥३४॥**

દ્રોણ, ભીષ્મ, જયદ્રથ, કર્ણ અને બીજા યોદ્ધાઓ એ બધાને મેં હણેલા જ છે. તેમને તું હણી નાખ. ભય ન સેવ, યુદ્ધમાં દુશ્મનોને તું જરૂર જીતીશ. આથી યુદ્ધ કર. અહીં પણ યોગેશ્વરે કહ્યું કે મારા દ્વારા હણાયેલા છે. આ મરેલાઓને તું માર. આમ સ્પષ્ટતા કરી છે કે હું કર્તા છું. જોકે પાંચમા અધ્યાયમાં તેઓ કહે છે – શુભ-અશુભ પ્રત્યેક કાર્યમાં

પાંચ માધ્યમ છે — અધિષ્ઠાન, કર્તા, કરણ, ચેષ્ટા અને દૈવ. જેઓ એમ કહે છે કે કૈવલ્યસ્વરૂપ પરમાત્મા કરે છે, તો તે અવિવેકી છે, તેમને યથાર્થની જાણ નથી અર્થાત્ ભગવાન કરતા નથી. આવો વિરોધાભાસ શા માટે ?

વસ્તુતઃ પ્રકૃતિ અને પરમાત્મા પુરુષની વચ્ચે એક સીમારેખા છે. — જ્યાં સુધી પ્રકૃતિના પરમાણુઓનો દબાવ રહે છે, ત્યાં સુધી માયા પ્રેરણા આપે છે, અને સાધક તેનાથી અળગો થઈ જાય છે ત્યારે ઈશ્વર, ઈષ્ટ અથવા સદ્‌ગુરુ (પ્રેરક સ્થાન પર સદ્‌ગુરુ, આત્મા, પરમાત્મા, ઈષ્ટ ભગવાન વગેરે પર્યાયવાચી શબ્દો છે. ગમે તે કહે, એ ભગવાન જ કહે છે.) હૃદયપૂર્વક રથી બને છે. આત્માથી જાગ્રત થઈને અનુરાગી સાધકનું સ્વયં પથ-સંચાલન કરવા લાગે છે.

'પૂજ્ય મહારાજજી' કહેતા હતા કે, 'જે પરમાત્માની ચાહ છે, જે તલ પર આપણે ઊભા છીએ, એ તલ પર સ્વયં ઊતરીને આત્માથી જાગ્રત ન કરે ત્યાં સુધી યોગ્ય રીતે સાધનાનો આરંભ થતો નથી. ત્યાર પછી જે સાધકને પ્રાપ્ત થાય છે તે એની દેન છે. સાધન તો નિમિત્તમાત્ર છે. તે તો એના સંકેત અને આદેશ અનુસાર ચાલે છે. સાધકનો વિજય એની દેન છે. આવા અનુરાગી માટે ઈશ્વર પોતાની દૃષ્ટિથી જુએ છે, દેખાડે છે અને પોતાના સ્વરૂપ સુધી પહોંચાડે છે.' આ જ શ્રીકૃષ્ણ કહે છે કે મારા દ્વારા મરાયેલા શત્રુઓને તું માર, ચોક્કસ તારો જ વિજય થશે. કેમકે હું તારી સાથે ઊભો છું.

**संजय उवाच**

**एतच्छ्रुत्वा वचनं केशवस्य कृताञ्जलिर्वेपमानः किरीटी ।**
**नमस्कृत्वा भूय एवाह कृष्णं सगद्गदं भीतभीतः प्रणम्य ॥३५॥**

સંજયે કહ્યું, '(જે કાંઈ અર્જુને જોયું, તે બધું જ સંજયે પણ જોયું. અજ્ઞાનથી આચ્છાદિત મન આંધળો ધૃતરાષ્ટ્ર છે. પરંતુ આવું મન પણ સંયમના માધ્યમથી સારી રીતે દેખી, સાંભળી, સમજી શકે છે.) કેશવનાં

ઉપર્યુક્ત વચનો સાંભળીને થરથર કાંપતા મુકુટધારી અર્જુને હાથ જોડીને બીતાં બીતાં ગદ્ગદ્ કંઠે ફરીથી આ પ્રમાણે કહ્યું –

**अर्जुन उवाच**

**स्थाने हृषीकेश तव प्रकीर्त्या जगत्प्रहृष्यत्यनुरज्यते च ।**
**रक्षांसि भीतानि दिशो द्रवन्ति सर्वे नमस्यन्ति च सिद्धसंघाः ॥३६॥**

હે અંતર્યામી હૃષીકેશ ! એ બધું યોગ્ય જ છે કે આપની કીર્તિથી લોક આનંદ પામે છે અને આપના પ્રત્યે પ્રેમ કેળવતા થાય છે. આપના મહિમાથી ભયભીત રાક્ષસો આમતેમ નાસભાગ કરે છે અને સિદ્ધોના તમામ સંઘો આપને નમસ્કાર કરે છે.

**कस्माच्च ते न नमेरन्महात्मन् गरीयसे ब्रह्मणोऽप्यादिकर्त्रे ।**
**अनन्त देवेश जगन्निवास त्वमक्षरं सदसत्तत्परं यत् ॥३७॥**

હે મહાત્મા ! બ્રહ્માના પણ આદિ સર્જનહાર અને સૌથી મોટા એવા આપને તેઓ શા માટે નમસ્કાર ન કરે ? આપ સત્, અસત્ અને તેનાથી પણ પર અક્ષર બ્રહ્મ - છો. અર્જુને અક્ષર સ્વરૂપનું પ્રત્યક્ષ દર્શન કર્યું હતું. બૌદ્ધિક સ્તર પર કલ્પના કરીને કે માની લેવામાત્રથી કોઈ આવી સ્થિતિ પ્રાપ્ત થતી નથી. અર્જુનનું પ્રત્યક્ષ દર્શન એની આંતરિક અનુભૂતિ છે. એણે સવિનય કહ્યું –

**त्वमादिदेवः पुरुषः पुराणस्त्वमस्य विश्वस्य परं निधानम् ।**
**वेत्तासि वेद्यं च परं च धाम त्वया ततं विश्वमनन्तरूप ॥३८॥**

આપ તો આદિદેવ અને સનાતન પુરુષ છો. આપ આ જગતના પરમ આશ્રય અને જાણવાવાળા છો, જાણવા યોગ્ય પણ છો. તથા આપ પરમધામ છો. હે અનંતસ્વરૂપ ! આપનાથી આ સંપૂર્ણ જગત વ્યાપ્ત છે. આપ સર્વત્ર છો.

**वायुर्यमोऽग्निर्वरुणः शशाङ्कः प्रजापतिस्त्वं प्रपितामहश्च ।**
**नमो नमस्तेऽस्तु सहस्रकृत्वः पुनश्च भूयोऽपि नमो नमस्ते ॥३९॥**

આપ જ વાયુ, યમ, અગ્નિ, વરુણ, ચંદ્ર, પ્રજાપતિ, બ્રહ્મા અને બ્રહ્માના પણ પિતા છો. આપને હજાર વાર નમસ્કાર હોજો. ફરીથી પણ નમસ્કાર હોજો. અતિશય શ્રદ્ધા અને ભક્તિને કારણે અર્જુન વારંવાર નમસ્કાર કરવા છતાં ધરાતો નથી. તે કહે છે –

**नमः पुरस्तादथ पृष्ठतस्ते नमोऽस्तु ते सर्वत एव सर्व ।**
**अनन्तवीर्यामितविक्रमस्त्वं सर्वं समाप्नोषि ततोऽसि सर्वः ॥४०॥**

હે અત્યંત સામર્થ્યશાળી ! આપને આગળ અને પાછળ નમસ્કાર હજો. હે સર્વાત્મન્ ! આપને બધી બાજુથી નમસ્કાર હજો. કેમકે આપ અત્યંત શક્તિશાળી છો, અપાર પરાક્રમવાળા છો. આપ સર્વને આવરી રહેલા હોવાથી સર્વસ્વરૂપ છો અને સર્વત્ર છો. આ રીતે વારંવાર નમસ્કાર કરીને ભયભીત અર્જુને પોતાની ભૂલોની ક્ષમાયાચના કરવી પડી.

**सखेति मत्वा प्रसभं यदुक्तं हे कृष्ण हे यादव हे सखेति ।**
**अजानता महिमानं तवेदं मया प्रमादात्प्रणयेन वापि ॥४१॥**

આપનો આ મહિમા ન જાણતાં, સખા માનીને મેં આપને 'હે કૃષ્ણ' 'હે યાદવ' 'હે સખા' એવું સંબોધન કરીને પ્રમાદથી કે પ્રેમથી અનુચિત વચન કહ્યાં હોય તથા –

**यच्चावहासार्थमसत्कृतोऽसि विहारशय्यासनभोजनेषु ।**
**एकोऽथवाप्यच्युत तत्समक्षं तत्क्षामये त्वामहमप्रमेयम् ॥४२॥**

હે અચ્યુત ! રમતાં, સૂતાં, બેસતાં કે ભોજન કરતાં એકાંતમાં કે ઘણા લોકોની વચ્ચે મેં વિનોદ ખાતર આપનું અપમાન કર્યું હોય તો તે માટે ક્ષમા કરવા હું આપને વીનવું છું, કેવી રીતે ક્ષમા કરે ?

**पितासि लोकस्य चराचरस्य त्वमस्य पूज्यश्च गुरुर्गरीयान् ।**
**न त्वत्समोऽस्त्यभ्यधिकः कुतोऽन्यो लोकत्रयेऽप्यप्रतिमप्रभाव ॥४३॥**

આપ આ ચરાચર જગતના પિતા છો, ગુરુથી પણ મોટા ગુરુ છો અને અત્યંત પૂજનીય છો. અપ્રતિમ પ્રભાવવાળા, આ ત્રણ લોકમાં આપના

સમાન બીજો કોઈ નથી, તો આપના કરતાં અધિક તો ક્યાંથી હોય? આપ સખા પણ નથી કેમકે સખા તો સમકક્ષ હોય.

**तस्मात्प्रणम्य प्रणिधाय कायं प्रसादये त्वामहमीशमीऽयम् ।**
**पितेव पुत्रस्य सखेव सख्युः प्रियः प्रियायार्हसि देव सोढुम् ॥४४॥**

આપ ચરાચરના પિતા છો આથી સાષ્ટાંગ નમસ્કાર કરીને હું આપને પૂજ્ય પરમાત્માને પ્રસન્ન થવા વિનંતી કરું છું. હે દેવ ! પિતા જેમ પુત્રના, મિત્ર જેમ મિત્રના અને પતિ જેમ પ્રિયાના અપરાધ સહન કરી લે છે તેમ આપ મારા અપરાધ સહન કરી લો. અપરાધ કયો છે ? મેં ક્યારેક હે યાદવ, હે સખા, હે કૃષ્ણ એમ કહ્યું હતું. સમાજની વચ્ચે કે એકાંતમાં પણ આવું કહ્યું હતું. જમતાં કે સૂતાં કહ્યું હતું. શું કૃષ્ણ કહેવું એ અપરાધ છે ? કાળા તો હતા જ, પછી ગોરા કેવી રીતે કહેવાય ? યાદવ કહેવું એ પણ અપરાધ ન હતો, કેમકે તે યાદવકુળમાં તો જન્મ્યા હતા. સખા કહેવામાં પણ કોઈ અપરાધ ન હતો, કેમકે સ્વયં કૃષ્ણ પોતાને અર્જુનનો મિત્ર માને છે. એ એક વખત શ્રીકૃષ્ણ કહેવા બદલ અર્જુન અનંતવાર ગદ્‌ગદીત થઈને, પગે પડીને ક્ષમાયાચના કરે છે તો જપ કોનો કરવો ? નામ કોનું લેવું ?

વસ્તુતઃ યોગેશ્વરે ચિંતનનું વિધાન બતાવ્યું છે એ જ પ્રમાણે સૌએ કરવું. એમણે પાછળથી કહ્યું કે **ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन् मामनुस्मरन्** અર્જુન ! 'ઓમ' બસ આટલો જ ઉચ્ચાર અક્ષય બ્રહ્મનો પરિચય આપે છે. એનો તું જપ કર અને મારું ધ્યાન ધર, કેમકે પરમભાવમાં પ્રવેશ મળ્યા બાદ એ મહાપુરુષનું પણ આજ નામ થશે, જે અવ્યક્ત તત્ત્વનો પરિચય આપે છે. પ્રભાવ જોઈને અર્જુનને લાગ્યું કે શ્રીકૃષ્ણ ન તો કાળા છે, ન ગોરા છે, ન સખા છે, ન યાદવ છે ! તે તો માત્ર અક્ષય બ્રહ્મસ્વરૂપ મહાત્મા છે.

સંપૂર્ણ ગીતામાં યોગેશ્વર શ્રીકૃષ્ણે સાતવાર - ઓમના ઉચ્ચારણ પર ભાર મૂક્યો. તમારે જપ કરવો હોય તો કૃષ્ણ-કૃષ્ણ ન બોલતાં ૐનો જપ કરવો. આમ પણ ભાવિક લોકો કોઈ ને કોઈ રસ્તો કાઢી જ લેતો હોય છે.

કોઈ ૐ જપવાના અધિકાર અને અનાધિકારની ચર્ચાથી ભયભીત છે, તો કોઈ મહાત્માઓની દુહાઈ દે છે. અથવા કોઈ કૃષ્ણ જ નહિ, એના પહેલાં રાધા અને ગોપીઓનાં નામ એમને જલદી ખુશ કરવાની લાલચમાં જપે છે. પુરુષ શ્રદ્ધામય છે. આથી એમનો આ રીતનો જપ માત્ર ભાવુકતા છે. તમે ખરેખર સાચા ભાવિક હો તો એમના આદેશનું પાલન કરો. તે અવ્યક્ત સ્વરૂપ હોવા છતાં આજ તમારી સામે નથી, પરંતુ એમની વાણી તમારી પાસે છે. એમની આજ્ઞાનું પાલન કરવું. અન્યથા તમે જ બતાવો કે ગીતામાં તમારું સ્થાન શું છે ? હા, એ બાબત નિશ્ચિત છે કે જેઓ અભ્યાસ કરે છે, સાંભળે છે, તે જ્ઞાન તથા યજ્ઞને જાણી લે છે. શુભ લોકને તે પ્રાપ્ત કરી લે છે **अध्येष्यते च य इमं श्रद्धावाननसूयश्च शृणुयादपि यो नरः** આથી અધ્યયન અવશ્ય કરવું.

પ્રાણ-અપાનનાં ચિંતનમાં ‘કૃષ્ણ’ નામનો ક્રમ પકડમાં આવતો નથી. ઘણા લોકો કોરી ભાવુકતાથી રાધે-રાધે કહેવા લાગે છે. આજકાલ અધિકારીઓ દ્વારા કામ ન કરાવી શકાય તો એનાં સગાં-સંબંધી, પ્રેમી યા પત્નીની લાગવગ લગાડીને કામ કઢાવી લેવાની પરંપરા ચાલે છે. લોકો વિચારતા હશે કે કદાચિત્ ભગવાનના ઘરમાં પણ આવું ચાલતું હશે. આથી ભાવિક લોકોએ પણ કૃષ્ણ-કૃષ્ણ કહેવું બંધ કરીને ‘રાધે-રાધે’ કહેવાનું શરૂ કર્યું. તેઓ કહે છે, રાધે રાધે ! શ્યામનો ભેટો કરાવી દે ! જે રાધા એક વાર વિખૂટી પડી ગઈ પછી ક્યારેય કૃષ્ણને ન મળી શકી, તે તમને કેવી રીતે શ્યામનો ભેટો કરાવશે ? આથી બીજા કોઈનું કહેવું ન માનીને શ્રીકૃષ્ણના આદેશને તમે અક્ષરશઃ માનો અને ૐનો જપ કરો. અલબત્ત એમ વિચારવું ઉચિત છે કે રાધા આપણો આદર્શ છે. એના જેટલી લગન આપણામાં પણ હોવી જોઈએ. પ્રાપ્તિની ઇચ્છા હોય તો રાધાની જેમ વિરહી બનવું.

આગળ પણ અર્જુને કૃષ્ણ કહ્યું. કૃષ્ણ એમનું પ્રચલિત નામ હતું. આવાં ઘણાં નામ હતાં. જેમકે, ગોપાલ, પરંતુ ઘણા સાધકો ગુરુ-ગુરુ અથવા ગુરુનું પ્રચલિત નામ ભાવુકતાથી જપવા માગે છે, પરંતુ પ્રાપ્તિ બાદ

પ્રત્યેક મહાપુરુષનું તે જ નામ છે, જે અવ્યક્ત સ્વરૂપમાં તે સ્થિત છે. ઘણા શિષ્યો પ્રશ્ન કરે છે - ગુરુદેવ ! ધ્યાન તમારું જ ધરીએ છીએ તો જૂનું ૐ નામ શા માટે જપીએ ? ગુરુ-ગુરુ અથવા કૃષ્ણ-કૃષ્ણ એમ કેમ ન જપીએ ? પરંતુ યોગેશ્વરે અહીં સ્પષ્ટતા કરી કે અવ્યક્ત સ્વરૂપમાં વિલય થતાંની સાથે મહાપુરુષનું પણ તે જ નામ થઈ જાય છે, જેમાં તે સ્થિત છે. કૃષ્ણ સંબોધન હતું, જપવાનું નામ નહિ.

અર્જુને શ્રીકૃષ્ણ પાસે પોતાના અપરાધોની ક્ષમાયાચના કરી. એમને સ્વાભાવિક રૂપમાં પ્રત્યક્ષ થવાની વિનંતી કરી. શ્રીકૃષ્ણ માની ગયા. તે સહજ થઈ ગયા. અર્થાત્ શ્રીકૃષ્ણે અર્જુનને ક્ષમા કરી દીધી. એણે નિવેદન કર્યું –

**अदृष्टपूर्वं हृषितोऽस्मि दृष्ट्वा भयेन च प्रव्यथितं मनो मे ।**
**तदेव मे दर्शय देव रूपं प्रसीद देवेश जगन्निवास ।।४५।।**

હજુ સુધી અર્જુનની સમક્ષ યોગેશ્વર વિશ્વરૂપમાં છે. આથી તે કહે છે કે અગાઉ મેં નહોતું જોયું એવું આપનું આશ્ચર્યમય રૂપ જોઈને આનંદિત થઈ રહ્યો છું. તથા મારું મન ભયથી વ્યાકુળ પણ બની રહ્યું છે. પ્રથમ તો મિત્ર સમજતો હતો, ધનુર્વિદ્યામાં કદાચ પોતાને વિશેષ કુશળ માનતો હતો, પરંતુ હવે પ્રભાવ જોઈને ભય લાગવા માંડ્યો છે. પાછલા અધ્યાયમાં પ્રભાવ સાંભળીને પોતાને જ્ઞાની માનતો હતો. જ્ઞાનીને શું ભય લાગે નહિ ? વસ્તુતઃ પ્રત્યક્ષ દર્શનનો પ્રભાવ વિલક્ષણ હોય છે. બધું જ સાંભળી અને માની લીધા બાદ પણ ચાલીને જાણવાનું બાકી જ રહે છે. તે કહે છે – પહેલાં ન જોયેલા આપના આ રૂપને જોઈને હું હર્ષિત થઈ રહ્યો છું. મારું મન ભયથી વ્યાકુળ પણ બની રહ્યું છે. આથી હે દેવ ! આપ પ્રસન્ન થાઓ, હે દેવેશ ! હે જગન્નિવાસ ! આપ આપનું પેલું રૂપ જ મને બતાવો. કયું રૂપ ?

**किरीटिनं गदिनं चक्रहस्तमिच्छामि त्वां द्रष्टुमहं तथैव ।**
**तेनैव रूपेण चतुर्भुजेन सहस्रबाहो भव विश्वमूर्ते ।।४६।।**

હું આપને પહેલાં જેવા જ અર્થાત્ માથા પર મુગટ ધારણ કરેલાં, હાથમાં ગદા અને ચક્ર લીધેલા હોય તેવા મૂળ સ્વરૂપે જોવા માગું છું. આથી હે વિશ્વરૂપ, હે સહસ્રબાહુ ! આપ આપના ચતુર્ભુજ સ્વરૂપમાં પ્રત્યક્ષ થાઓ. કેવું રૂપ જોવા માગે છે ? ચતુર્ભુજ રૂપ ! હવે જોઈએ કે ચતુર્ભુજ રૂપ શું છે ?

**श्री भगवानुवाच**

**मया प्रसन्नेन तवार्जुनेदं रूपं परं दर्शितमात्मयोगात् ।**
**तेजोमयं विश्वमनन्तमाद्यं यन्मे त्वदन्येन न दृष्टपूर्वम् ॥४७॥**

આ રીતે અર્જુનની પ્રાર્થના સાંભળીને શ્રીકૃષ્ણ બોલ્યા, 'અર્જુન, તારા પર પ્રસન્ન થઈને મારી યોગશક્તિ વડે મેં તને મારું તેજસ્વી, વિશ્વવ્યાપી, અનંત, શ્રેષ્ઠ અને આદિ સ્વરૂપ બતાવ્યું છે, જે તારા સિવાય આ પહેલાં બીજા કોઈએ જોયું નથી.

**न वेदयज्ञाध्ययनैर्न दानैर्न च क्रियाभिर्न तपोभिरुग्रैः ।**
**एवंरूपः शक्य अहं नृलोके द्रष्टुं त्वदन्येन कुरुप्रवीर ॥४८॥**

અર્જુન ! આ મારું વિશ્વરૂપ મનુષ્યલોકમાં વેદાભ્યાસ વડે, યજ્ઞ વડે, દાન વડે, બીજા અનુષ્ઠાનો વડે કે ઉગ્ર તપશ્ચર્યા વડે પણ તારા સિવાય બીજા કોઈથી જોઈ શકાય તેમ નથી. તો તો ગીતા તમારે માટે બેકાર છે. ભગવદ્દર્શનની યોગ્યતા અર્જુન સુધી જ સીમિત થઈ. અલબત્ત પાછળ બતાવવામાં આવ્યું છે કે અર્જુન ! રાગ, ભય અને ક્રોધરહિત અનન્ય મનથી મારે શરણે આવનાર ઘણા લોકો જ્ઞાનરૂપી તપથી પવિત્ર થઈને સાક્ષાત્ મારા સ્વરૂપને પ્રાપ્ત કરી ચૂક્યા છે. અહીં કહે છે — તારા સિવાય કોઈ જોઈ શક્યું નથી અને ભવિષ્યમાં કોઈ જોઈ શકશે નહિ. અર્જુન કોણ છે ? શું પિંડધારી છે ? કોઈ શરીરધારી છે ? ના - ખરેખર તો અર્જુન એટલે અનુરાગ. અનુરાગ વગરનો મનુષ્ય ન કદી જોઈ શક્યો છે, ન ભવિષ્યમાં કદી જોઈ શકશે. તમામ દિશાએથી મનને પાછું વાળીને એકમાત્ર ઈષ્ટમાં રાગ રાખવો એ જ અનુરાગ છે. અનુરાગીને માટે પ્રાપ્તિનું આ જ વિધાન છે.

**मा ते व्यथा मा च विमूढभावो रूपं धोरमीदृङ्ममेदम् ।**
**व्यपेतभीः प्रीतमानाः पुनस्त्वं तदेव मे रूपमिदं प्रपश्य ॥४९॥**

આ મારું વિકરાળ રૂપ જોઈને તને વ્યથા ન થાઓ કે તારામાં મૂઢતા ન આવો. ભયરહિત અને પ્રસન્નચિત્ત બનીને તું ફરીથી મારું આ પહેલું મૂળ સ્વરૂપ જો. સંજય બોલ્યો –

**संजय उवाच**

**इत्यर्जुनं वासुदेवस्तथोक्त्वा स्वकं रूपं दर्शयामास भूयः ।**
**आश्वासयामास च भीतमेनं भूत्वा पुनः सौम्यवपुर्महात्मा ॥५०॥**

ભગવાન વાસુદેવે અર્જુનને આ પ્રમાણે કહીને, તેને પોતાનું મૂળ સ્વરૂપ ફરીથી બતાવ્યું અને તે મહાત્માએ ફરીથી સૌમ્ય સ્વરૂપ ધારણ કરીને એ ભયભીત બનેલા અર્જુનને આશ્વાસન આપ્યું. અર્જુન બોલ્યો –

**अर्जुन उवाच**

**दृष्ट्वेदं मानुषं रूपं तव सौम्यं जनार्दन ।**
**इदानीमस्मि संवृत्तः सचेताः प्रकृतिं गतः ॥५१॥**

હે જનાર્દન ! આપનું આ સૌમ્ય મનુષ્યસ્વરૂપ જોઈને હું પ્રસન્ન થયો છું. મારી સ્વસ્થતા પાછી આવી છે. અર્જુને કહ્યું હતું કે, હે ભગવાન ! હવે આપ મને આપનું મૂળ ચતુર્ભુજ સ્વરૂપ બતાવો. યોગેશ્વરે એ સ્વરૂપે દર્શન આપ્યું. પરંતુ અર્જુને જ્યારે જોયું ત્યારે તે શું પામ્યો ? **मानुषंरूप** – મનુષ્યનું રૂપ જોયું. વસ્તુતઃ પ્રાપ્તિ પછી મહાપુરુષ ચતુર્ભુજ કે અનંતભુજ કહેવાય છે. બે બાહુવાળા મહાપુરુષ તો અનુરાગી સમક્ષ બેઠા જ છે. પરંતુ અન્યત્ર ક્યાંકથી કોઈ સ્મરણ કરે છે તો તે જ મહાપુરુષ એ સ્મરણકર્તાથી જાગ્રત (રથી) થઈને એમનું પણ માર્ગદર્શન કરે છે. ભુજા કાર્યનું પ્રતીક છે. તે અંદર પણ કાર્ય કરે છે. બહાર પણ કાર્ય કરે છે. તે ચતુર્ભુજ સ્વરૂપ છે. એમના હાથમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ ક્રમશઃ વાસ્તવિક લક્ષદોષ, સાધનચક્રનું પ્રવર્તન, ઈન્દ્રિયોનું દમન અને નિર્મળ-નિર્લેપ કાર્યક્ષમતાનું પ્રતીક માત્ર છે. આ જ કારણથી ચતુર્ભુજ રૂપમાં

યોગેશ્વરને જોયા છતાં પણ અર્જુનને તો એ મનુષ્યરૂપમાં જ દેખાયા. ચતુર્ભુજ મહાપુરુષોના શરીર અને સ્વરૂપથી કાર્ય કરવાની વિધિ-વિશેષનું નામ છે, એ કાંઈ ચાર હાથવાળા કોઈ કૃષ્ણ નથી.

**श्री भगवानुवाच**

**सुदुर्दर्शमिदं रूपं दृष्टवानसि यन्मम ।**
**देवा अप्यस्य रूपस्य नित्यं दर्शनाकाङ्क्षिणः ॥५२॥**

મહાત્મા શ્રીકૃષ્ણે કહ્યું, અર્જુન ! તેં જોયું તે મારું આ રૂપ જોવાનું અતિ દુર્લભ છે, કેમકે દેવતા પણ હંમેશ આ રૂપને જોવાની ઈચ્છા રાખે છે. વસ્તુતઃ તમામ લોકો સંતોને ઓળખી શકતા નથી. પૂજ્ય સત્સંગી મહારાજ અંતઃપ્રેરણાવાળા પૂર્ણ મહાપુરુષ હતા, પરંતુ લોકો એમને પાગલ સમજતા. કેટલાક પુણ્યાત્માઓને આકાશવાણી થઈ કે તે સદ્‌ગુરુ છે. માત્ર તેવા લોકોએ એમને હૃદયથી પકડ્યા, એમના સ્વરૂપને ઓળખ્યું અને પોતાની ગતિ પ્રાપ્ત કરી લીધી. શ્રીકૃષ્ણ આ જ કહે છે કે જેમના હૃદયમાં દૈવી સંપત્તિ જાગ્રત છે તે દેવતા સદૈવ આ રૂપના દર્શનની આકાંક્ષા રાખે છે. શું યજ્ઞ, દાન અથવા વેદાધ્યયનથી તમને જોઈ શકાય છે ? મહાત્મા કહે છે –

**नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।**
**शक्य एवंविद्यो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥५३॥**

તેં જોયેલા મારા સ્વરૂપનું દર્શન અતિ દુર્લભ છે. તેં કરેલું મારા વિશ્વરૂપનું દર્શન તો વેદ વડે, તપ વડે, દાન વડે કે યજ્ઞ વડે પણ થઈ શકે તેમ નથી. તો શું તમને જોવાનો કોઈ ઉપાય નથી ? મહાત્મા કહે છે કે એક ઉપાય છે –

**भक्त्या त्वनन्यया शक्य अहमेवंविद्योऽर्जुन ।**
**ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ॥५४॥**

પણ હે અર્જુન ! હે પરંતપ ! મારા સ્વરૂપનું ખરેખરું જ્ઞાન, તેનું દર્શન અને તેનો ખરેખરો અનુભવ તો માત્ર અનન્ય ભક્તિ વડે જ શક્ય

બને છે. અંતમાં જ્ઞાન પણ અનન્ય ભક્તિમાં પરિણત થાય છે. જેમ સાતમા અધ્યાયમાં દ્રષ્ટવ્ય છે. પછી એમણે કહ્યું કે તારા સિવાય કોઈ જોઈ શક્યું નથી અને કોઈ જોઈ શક્શે નહિ. જ્યારે અહીં કહ્યું કે અનન્ય ભક્તિથી મને જોઈ શકવા ઉપરાંત મને જાણીને મારામાં પ્રવેશ પણ મેળની શકાય છે. અર્થાત્ અર્જુન અનન્ય ભક્તનું નામ છે. એક અવસ્થાનું નામ છે. અનુરાગ જ અર્જુન છે. અંતમાં યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે–

**मत्कर्मकृन्मत्परमो मद्भक्तः सङ्गवर्जितः ॥**
**निर्वैरः सर्वभूतेषु यः स मामेति पाण्डव ॥५५॥**

હે અર્જુન ! જે પુરુષ મારે માટે નિર્દિષ્ટ કર્મ અર્થાત્ નિયત કર્મ – યથાર્થ કર્મ કરે છે. **मत्परमः** – મારે જ પરાયણ રહે છે. જે મારો અનન્ય ભક્ત છે. **संगवर्जितः** – આસક્તિથી કર્મ થઈ શકતું નથી. આથી સંગ-દોષ રહિત થઈને તમામ પ્રાણીમાત્ર પ્રત્યે વેરભાવરહિત છે તે મને પામે છે. તો શું અર્જુને યુદ્ધ કર્યું ? પ્રતિજ્ઞા કરીને એણે જયદ્રથ વગેરેને માર્યા ? **निर्वैरः सर्वभूतेषु** એમને મારતો હોત તો ભગવાનને જોઈ શકત નહિ. જ્યારે અર્જુને તો ભગવાનને જોયા છે. આના પરથી સિદ્ધ થાય છે કે ગીતામાં એક પણ શ્લોક એવો નથી કે જે બાહરી મારફાડ - કાપાકાપીનું સમર્થન કરતો હોય. જે નિર્દિષ્ટ કર્મ, યજ્ઞની પ્રક્રિયાનું આચમન કરશે, જે અનન્ય ભાવથી એના સિવાય બીજાનું સ્મરણ પણ નહિ કરે, જે આસક્તિરહિત રહે તેને પછી યુદ્ધ કેવું ? તમારી સાથે કોઈ હોય જ નહિ તો તમે યુદ્ધ કેવી રીતે અને કોની સાથે કરો ? પ્રાણીમાત્ર પ્રત્યે જે વેરભાવથી મુક્ત રહે છે, કોઈનેય સતાવવાની જેને કલ્પના પણ આવતી નથી. તે મને પામે છે. તો શું અર્જુને યુદ્ધ કર્યું ? કદાપિ નહિ.

વાસ્તવમાં આસક્તિથી મુક્ત બનીને અનન્ય ભાવથી ધ્યાન ધરો છો, નિર્ધારિત યજ્ઞની ક્રિયામાં પ્રવૃત્ત રહો છો ત્યારે સામા પક્ષે રાગ-દ્વેષ, કામ-ક્રોધ વગેરે દુર્જય શત્રુ રુકાવટરૂપે હાજર જ હોય છે. આ રુકાવટો પાર કરવી એ જ યુદ્ધ છે.

**નિષ્કર્ષ :**

આ અધ્યાયના આરંભમાં અર્જુને કહ્યું, 'ભગવાન ! આપની વિભૂતિઓ મેં વિસ્તારથી સાંભળી, તેનાથી મારો મોહ નાશ પામ્યો છે. અજ્ઞાનનું શમન થયું છે. પરંતુ જેમ આપે જણાવ્યું કે આપ સર્વત્ર વ્યાપ્ત છો, તો હું તે જોવા માગું છું. હું તે જોઈ શકવા સમર્થ હોઉં તો મને આપનું તે સ્વરૂપ કૃપા કરીને બતાવો. અર્જુન પ્રિય મિત્ર હતો. અનન્ય ભક્ત હતો. આથી, યોગેશ્વર શ્રીકૃષ્ણે કોઈ વિરોધ ન કર્યો. તરત પોતાનું તે વિરાટ સ્વરૂપ બતાવવા લાગ્યા. તેમણે કહ્યું કે, હવે મારી અંદર ઊભેલા સપ્તર્ષિઓ અને તેમની પણ પહેલાં થઈ ગયેલા ઋષિઓને જો, બ્રહ્મા અને વિષ્ણુને જો. સર્વત્ર વ્યાપેલું મારું તેજ જો. મારા શરીરના એક સ્થાન પર ઊભો રહીને તું ચરાચર સમગ્ર જગતને નિહાળ. પરંતુ અર્જુન તો આંખો ચોળતો જ રહી ગયો. આ રીતે યોગેશ્વર શ્રીકૃષ્ણ બે-ત્રણ શ્લોક સુધી સતત સ્વરૂપ દર્શાવતા ગયા. પરંતુ અર્જુનને તો કંઈ નજરે ન પડ્યું. તમામ વિભૂતિઓ તે સમયે પણ યોગેશ્વરમાં હતી. પરંતુ અર્જુનને તો સામાન્ય મનુષ્ય તરીકે જ દેખાતા હતા. આ રીતે બતાવતાં બતાવતાં શ્રીકૃષ્ણ અટકી જાય છે. અને કહે છે, હે અર્જુન, આ આંખોથી તું મને જોઈ શકીશ નહિ. તારી બુદ્ધિથી તું મને પારખી શકીશ નહિ. આથી, હું તને એવી દૃષ્ટિ આપું છું. જેની મદદથી તું મને જોઈ શકીશ. ભગવાન તો સામે જ ઊભા હતા. અર્જુને વિરાટ સ્વરૂપ જોયું અને આ સાક્ષાત્કાર થયા પછી તે પોતાની ક્ષુદ્ર ભૂલો બદલ શ્રીકૃષ્ણની ક્ષમા માગવા લાગ્યો. જોકે વાસ્તવમાં તે ભૂલો ન હતી. ઉદાહરણ તરીકે ભગવાન ! ક્યારેક હું આપને કૃષ્ણ, યાદવ તો ક્યારેક સખા કહેતો. આના માટે આપ મને ક્ષમા કરો. શ્રીકૃષ્ણે ક્ષમા આપી. કેમકે અર્જુનની પ્રાર્થના સાંભળીને તેઓ સૌમ્ય સ્વરૂપમાં આવી ગયા અને અર્જુનને ધીરજ બંધાવી.

વસ્તુતઃ કૃષ્ણ કહેવું એ કોઈ અપરાધ ન હતો. તે કાળા હતા એટલે ગોરા કેવી રીતે કહેવાય ? યદુવંશમાં જન્મ લીધો હતો. કૃષ્ણ પોતે જ

પોતાને અર્જુનનો મિત્ર માનતા હતા. વાસ્તવમાં પ્રત્યેક સાધક પહેલાં મહાપુરુષને આવો જ સમજે છે. કેટલાક એને રૂપ અને આકૃતિથી સંબોધિત કરે છે. કેટલાક એની વૃત્તિથી એને પોકારે છે. કેટલાક એને પોતાની સમકક્ષ માને છે. પરંતુ એના યથાર્થ સ્વરૂપને પામી શકતા નથી. એમના અચિન્ત્ય સ્વરૂપને અર્જુન સમજ્યો, આથી તેને જણાયું કે શ્રીકૃષ્ણ ન તો કાળા છે, ન તો ગોરા છે, ન કોઈ કુળના છે કે ન કોઈના સાથી છે ! એમની સમાન કોઈ છે જ નહિ તો સમકક્ષ કેવા ? આ તો અચિંત્ય સ્વરૂપ છે, જેને તે સ્વયં દેખાડે, તે એમને જોઈ શકે છે. આથી અર્જુને પોતાની પ્રારંભ કાળની ભૂલો માટે ક્ષમા માગી.

પ્રશ્ન એ થાય છે કે કૃષ્ણ કહેવું એક અપરાધ હોય તો એનો જપ કેવી રીતે કરવો ? યોગેશ્વર શ્રીકૃષ્ણે જપ કરવા પોતે જ આગ્રહ રાખ્યો છે. એમણે જે જપ-વિધિ બતાવી છે એ વિધિથી જ તમારે ચિંતન-સ્મરણ કરવું છે ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन ૐનો જપ, ૐ અક્ષય બ્રહ્મનો પર્યાય છે. ओ अहम् स ओम् – જે વ્યાપ્ત છે તે સત્તા મારામાં છુપાયેલી છે. ૐનો આશય આ જ છે. તમે જપ એનો કરો અને ધ્યાન મારું ધરો. રૂપ પોતાનું નામ ૐનું બતાવ્યું.

અર્જુને વિનંતી કરી કે ચતુર્ભુજ રૂપનાં દર્શન કરાવો. શ્રીકૃષ્ણે આથી સૌમ્ય સ્વરૂપ ધારણ કર્યું. અર્જુને કહ્યું, 'ભગવાન ! આપનું આ સૌમ્ય માનવ સ્વરૂપ જોઈને હવે હું સ્વસ્થ થયો. એણે માગ્યું ચતુર્ભુજ સ્વરૂપ, પરંતુ શ્રીકૃષ્ણે બતાવ્યું મનુષ્યસ્વરૂપ. વાસ્તવમાં શાશ્વતમાં પ્રવેશવાળો યોગી શરીરથી અહીં બેઠો છે. બહાર બે હાથોથી કામ કરે છે અને સાથોસાથ અંતરાત્માથી જાગ્રત થઈને જે કોઈ ભાવિક એનું સ્મરણ કરે છે, ત્યાં તે તેમના હૃદયમાં પ્રેરક થઈને કાર્ય કરે છે. હાથ એમના કાર્યના પ્રતીક છે. આ ચતુર્ભુજ છે. શ્રીકૃષ્ણે કહ્યું, 'અર્જુન, તારા સિવાય મારા આ સ્વરૂપને કોઈ જોઈ શક્યું નથી અને ભવિષ્યમાં કોઈ જોઈ શકશે નહિ તો

ગીતા આપણા માટે વ્યર્થ નીવડે પરંતુ એવું નથી. યોગેશ્વર કહે છે– એક ઉપાય છે. જે મારો અનન્ય ભક્ત છે, મારા સિવાય બીજા કોઈનું સ્મરણ કરતો નથી તે નિરંતર મારું જ ચિંતન કરનારો છે. તે અનન્ય ભક્તિથી મને પ્રત્યક્ષ જોઈ (જેમ તેં મને જોયો), તત્ત્વ રૂપે જાણીને મારામાં પ્રવેશ કરી શકે છે. અર્થાત્ અર્જુન અનન્ય ભક્ત હતો. ભક્તિનું પરિમાર્જિત રૂપ છે અનુરાગ, ઈષ્ટ માટેની લગન मिलहिं न रघुपति बिनु अनुरागा અનુરાગ વગરનો પુરુષ કશું પામી શકતો નથી અને કશું પામી શકશે નહીં. અનુરાગ વિના કોઈ ગમે તેટલા યોગ કરે, જપ કરે, તપ કરે કે દાન કરે પણ તેને ઈષ્ટની પ્રાપ્તિ થતી નથી. ઈષ્ટને અનુરૂપ રાગ અથવા અનન્ય ભક્તિ નિતાન્ત આવશ્યક છે.

અંતમાં શ્રીકૃષ્ણે કહ્યું, ‘અર્જુન ! મારા દ્વારા નિર્દિષ્ટ કર્મ કર. મારો અનન્ય ભક્ત બન. મારું શરણ સ્વીકાર. પરંતુ આસક્તિ છોડી દે. આસક્તિ સાથે કોઈ કર્મ થઈ શકતું નથી. આસક્તિ આ કર્મપ્રાપ્તિમાં બાધક બને છે. જે વેરભાવ રહિત છે, તે મને પ્રાપ્ત કરે છે. સંગ-દોષ ન હોય ત્યાં મને છોડીને બીજો કોઈ હોતો નથી. વૈરનો માનસિક સંકલ્પ પણ નથી હોતો તો યુદ્ધ કેવું ? બહારની દુનિયામાં લડાઈ-ઝઘડા થતાં રહે છે, પરંતુ વિજય જીતનારને પણ મળતો નથી. દુર્જય સંસારરૂપી શત્રુને અનાસક્તિરૂપી શસ્ત્રથી કાપીને પરમમાં પ્રવેશ મેળવવો એ વાસ્તવિક વિજય છે. જેના પછી હાર હોતી નથી.’

આ અધ્યાયમાં પહેલાં તો યોગેશ્વર શ્રીકૃષ્ણે અર્જુનને દૃષ્ટિ આપી. ત્યાર બાદ પોતાના વિશ્વરૂપનું દર્શન કરાવ્યું. આથી –

**ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे ‘विश्वरूपदर्शनयोगो’ नाम एकादशोऽध्यायः ॥११॥**

આ રીતે શ્રીમદ્‌ભગવદ્‌ગીતારૂપી ઉપનિષદ અર્થાત્ બ્રહ્મવિદ્યા તથા યોગશાસ્ત્રવિષયક શ્રીકૃષ્ણ-અર્જુનના સંવાદમાં 'વિશ્વરૂપદર્શનયોગ' નામનો અગિયારમો અધ્યાય પૂરો થાય છે.

**इति श्रीमत्परमहंस परमानन्दस्य शिष्य स्वामी श्री अडगडानन्दकृते श्रीमद्भगवद्‌गीतायाः 'यथार्थ गीता' भाष्ये 'विश्वरूप दर्शनयोगो' नाम एकादशोऽध्यायः ॥११॥**

આ રીતે શ્રીમત્પરમહંસ પરમાનન્દજીના શિષ્ય સ્વામી શ્રી અડગડાનંદકૃત શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના ભાષ્ય 'યથાર્થ ગીતા'માં 'વિશ્વરૂપદર્શનયોગ' નામનો અગિયારમો અધ્યાય પૂરો થાય છે.

**॥ हरिः ॐ तत्सत् ॥**

ॐ

**श्री परमात्मने नमः**

# અધ્યાય બારમો

અગિયારમા અધ્યાયના અંતમાં શ્રીકૃષ્ણે વારંવાર ભારપૂર્વક કહ્યું કે હે અર્જુન, મારું આ સ્વરૂપ જે તેં જોયું તે તારા સિવાય પહેલાં ન કોઈએ જોયું છે, ભવિષ્યમાં ન તો કોઈ એને જોઈ શકશે. મારું આ સ્વરૂપ તપ વડે, યજ્ઞ વડે કે દાન વડે જોવાનું શક્ય નથી, પરંતુ અનન્ય ભક્તિથી એટલે કે મારા સિવાય અન્ય ક્યાંય શ્રદ્ધા ન રાખનારને, નિરંતર વહેતી ધારા માફક મારા ચિંતન દ્વારા, તેં જે પ્રકારે મને જોયો તે રીતે પ્રત્યક્ષ જોવા માટે અને તત્ત્વથી સાક્ષાત્ જાણવા અને પ્રવેશ કરવા માટે પણ હું સુલભ છું. આથી હે અર્જુન, તું નિરંતર મારું ચિંતન કર અને મારો ભક્ત થા. અધ્યાયના અંતે તેમણે કહ્યું હતું કે હે અર્જુન, તું મારા દ્વારા જ નિર્ધારિત કરેલાં કર્મો કર. **मत्परमः** અને તે પણ મારા પરાયણ થઈને કર. અનન્ય ભક્તિ જ એનું માધ્યમ છે. આ અંગે અર્જુનનો પ્રશ્ન સ્વાભાવિક જ હતો કે જે અવ્યક્ત અક્ષરની ઉપાસના કરે છે અને જે સગુણ આપની ઉપાસના કરે છે, આ બેમાં શ્રેષ્ઠ કોણ છે ?

અહીં અર્જુને આ પ્રશ્ન ત્રીજી વાર ઉઠાવ્યો છે. અધ્યાય ત્રીજામાં તેણે પૂછ્યું હતું કે હે ભગવાન, નિષ્કામ કર્મયોગની સરખામણીમાં આપે જો સાંખ્યયોગને શ્રેષ્ઠ માન્યો છે તો આપ મને ઘોર કર્મમાં શા માટે જોડો છો?

ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું હતું. 'હે અર્જુન, ભલે નિષ્કામ કર્મમાર્ગ યોગ્ય લાગે કે ભલે જ્ઞાન-માર્ગ, બંને દૃષ્ટિએ કર્મ તો કરવું જ પડશે. આમ કરવા છતાં પણ જે ઈન્દ્રિયોને બળપૂર્વક રોકી મનથી વિષયોનું ચિંતન કરે છે તે દંભી છે, જ્ઞાની નહિ. આથી હે અર્જુન, તું કર્મ કર. કયું કર્મ કરીશ ? **नियतं कुरु कर्म त्वं** નિર્ધારિત કરેલાં કર્મો કર. નિર્ધારિત કરેલાં કર્મો ક્યાં છે ? ત્યારે કહ્યું કે, યજ્ઞની પ્રક્રિયા જ એકમાત્ર કર્મ છે. યજ્ઞની રીત બતાવી કે જે આરાધના-ચિંતનની વિધિ-વિશેષ અને પરમમાં પ્રવેશ અપાવનારી પ્રક્રિયા છે. જ્યારે નિષ્કામ કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગ બંનેમાંય કર્મ કરવાનું જ છે. યથાર્થ કર્મ કરવાનું છે, ક્રિયા એક જ છે, તો અંતર કેવું ? ભક્ત કર્મનું સમર્પણ કરીને, ઈષ્ટને આશ્રિત થઈને યથાર્થ કર્મમાં પ્રવૃત્ત થાય છે, તો બીજો સાંખ્યયોગી પોતાની શક્તિ સમજીને પોતાના ભરોસે તે જ કર્મમાં પ્રવૃત્ત થાય છે. પૂરો શ્રમ કરે છે.

પાંચમા અધ્યાયમાં અર્જુને ફરી પ્રશ્ન કર્યો : 'હે ભગવાન, આપ ક્યારેક સાંખ્યયોગના માધ્યમથી કર્મ કરવાની પ્રશંસા કરો છો તો ક્યારેક સમર્પણ માધ્યમથી નિષ્કામ કર્મયોગની પ્રશંસા કરો છો - તો આ બન્નેમાં શ્રેષ્ઠ શું છે ? અહીં સુધી અર્જુન સમજી ચૂકયા હતા કે બંને દૃષ્ટિએ કર્મ તો કરવું જ પડે છે, છતાં પણ એ બંનેમાંથી જે શ્રેષ્ઠ માર્ગ છે તેને તે અપનાવવા માગે છે. શ્રીકૃષ્ણે કહ્યું, 'હે અર્જુન, ઉક્ત બંને પ્રકારેથી કર્મ કરવાવાળાઓ મને જ પામે છે. પરંતુ સાંખ્ય માર્ગની સરખામણીમાં નિષ્કામ કર્મ-માર્ગ શ્રેષ્ઠ છે. નિષ્કામ કર્મયોગી બન્યા સિવાય ન કોઈ યોગી થઈ શકે છે, કે ન કોઈ જ્ઞાની.' સાંખ્યયોગ અઘરો છે, એનું આચરણ કરવું કઠિન છે.

અર્જુને અહીં ત્રીજી વખત પ્રશ્ન ઉઠાવ્યો કે, 'હે ભગવાન, અનન્ય ભક્તિથી આપને ભજનાર અને સાંખ્ય માર્ગથી અવ્યક્ત અક્ષર બ્રહ્મથી ઉપાસના કરનાર આ બેમાં કોણ શ્રેષ્ઠ છે ?

**अर्जुन उवाच**

**एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते ।**
**ये चाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमाः ॥१॥**

**'एवं'** અર્થાત્ આ પ્રકારે, કે જેનો વિધિ હમણાં જ બતાવ્યો છે, બરાબર તે જ પ્રમાણે અનન્ય ભક્તિથી આપનું શરણ લઈને નિરંતર આપમાં જોડાઈ રહી વિશેષ ભાવે આપને ઉપાસે છે અને બીજાઓ કે જે આપ પરમેશ્વરનું શરણ ન લેતાં સ્વતંત્ર રૂપથી પોતાનામાં વિશ્વાસ રાખી તે અક્ષય અને અવ્યક્ત સ્વરૂપની ઉપાસના કરે છે. જેમાં આપ પણ સ્થિત છો જ. આવા બે પ્રકારના ભક્તોમાં અધિક ઉત્તમ યોગવેત્તા કોણ છે ? આ વિશે યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું –

**श्री भगवानुवाच**

**मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते ।**
**श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मता : ॥२॥**

હે અર્જુન ! મારામાં મન એકાગ્ર કરીને, નિરંતર મારામાં જોડાયેલા જે ભક્તજનો પરમ તત્ત્વથી સંબંધ રાખનારી શ્રેષ્ઠ શ્રદ્ધાથી મને ભજે છે, તેમને હું યોગીઓમાં પણ અતિ ઉત્તમ યોગી માનું છું.

**ये त्वक्षरमनिर्देश्यमव्यक्तं पर्युपासते ।**
**सर्वत्रगमचिन्त्यं च कूटस्थमचलं ध्रुवम् ॥३॥**
**संनियम्येन्द्रियग्रामं सर्वत्र समबुद्धयः ।**
**ते प्राप्नुवन्ति मामेव सर्वभूतहिते रताः ॥४॥**

જે પુરુષ ઇન્દ્રિયોના સમુદાયને યોગ્ય રીતે સંયમમાં રાખી મન બુદ્ધિના ચિંતનથી અત્યંત પર, સર્વવ્યાપી, અકથનીય સ્વરૂપ, સદા એકરસ રહેનારા, નિત્ય, અચળ, અવ્યક્ત, આકારરહિત અને અવિનાશી બ્રહ્મની ઉપાસના કરે છે. સર્વ ભૂતોના હિતમાં લાગેલા અને સર્વમાં સમાન ભાવવાળા તેવા યોગીઓ મને જ પામે છે. બ્રહ્મનાં ઉપરોક્ત વિશેષણ મારાથી ભિન્ન નથી. પરંતુ –

**क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।**
**अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥५॥**

અવ્યક્ત પરમાત્મામાં આસક્ત થયેલા ચિત્તવાળા તે ભક્તોને સાધન કરતાં કષ્ટ થાય છે, કારણ કે દેહાભિમાનીઓને અવ્યક્તની પ્રાપ્તિ માટે દુઃખ સહેવું જ પડે છે. જ્યાં સુધી દેહભાન છે ત્યાં સુધી અવ્યક્તની પ્રાપ્તિ કઠિન છે.

યોગેશ્વર શ્રીકૃષ્ણ સદ્ગુરુ હતા. અવ્યક્ત પરમાત્મા તેઓમાં વ્યક્ત હતા. તેઓ કહે છે કે, મહાપુરુષનું શરણ ન ગ્રહીને જે સાધક પોતાની શક્તિ સમજી આગળ વધે છે કે હું અમુક અવસ્થામાં છું, આનાથી આગળ આ અવસ્થા પ્રાપ્ત કરીશ, હું મારા જ અવ્યક્ત શરીરને પામીશ તે મારું જ રૂપ છે, તે હું છું. આ પ્રકારે વિચારીને પ્રાપ્તિની પ્રતીક્ષા ન કરતાં પોતાના શરીરને જ **सोऽहं** કહેવા લાગે છે. આ માર્ગમાં આ જ મોટું વિઘ્ન છે. તે **दुःखालयम् अशाश्वतम्** માં જ ભટકી-કરીને ઊભો રહે છે, પરંતુ જે મારું શરણ ગ્રહણ કરીને ચાલે છે તે –

**ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः ।**
**अनन्येनैव योगेन मां ध्यायन्त उपासते ॥६॥**

જે મારા પરાયણ થઈ સંપૂર્ણ કર્મો અર્થાત્ આરાધના મને અર્પણ કરીને અનન્ય ભાવથી યોગ અર્થાત્ આરાધના-પૂજા થકી નિરંતર મારું ચિંતન કરતા મને ભજે છે –

**तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।**
**भवामि नचिरात्पार्थ मय्यावेशितचेतसाम् ॥७॥**

કેવળ મારામાં જ ચિત્ત રાખનારા તેવા ભક્તોનો હું મૃત્યુરૂપી સંસારથી ત્વરિત ઉદ્ધાર કરું છું. આ રીતે ચિત્ત લગાડવાની પ્રેરણા અને વિધિ પર યોગેશ્વર પ્રકાશ પાડે છે –

**मय्येव मन आधस्त्व मयि बुद्धिं निवेशय ।**
**निवसिष्यसि मय्येव अत उर्ध्वं न संशयः ॥८॥**

માટે, હે અર્જુન, તું મારામાં મન લગાવ, મારામાં જ બુદ્ધિ લગાવ, પછી તું મારામાં જ નિવાસ કરીશ, એમાં જરા પણ સંશય નથી, મન અને બુદ્ધિ પણ ન જોડી શકે, તો (અર્જુન પાછળ કહ્યું પણ છે કે મનને રોકવું તે વાયુની જેમ દુષ્કર સમજું છું.) આ વિશે યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે –

**अथ चित्तं समाधातुं न शक्नोषि मयि स्थिरम् ।**
**अभ्यासयोगेन ततो मामिच्छाप्तुं धनंजय ॥९॥**

અગર મારામાં મનને અચલ સ્થિર કરવા તું સમર્થ નથી તો હે અર્જુન, યોગના અભ્યાસ દ્વારા મને પ્રાપ્ત થવાની ઇચ્છા કર. (જ્યાં પણ

ચિત્ત જાય ત્યાંથી ખેંચી લાવીને તેને આરાધના, ચિંતનક્રિયામાં લગાડવાનું નામ અભ્યાસ છે.) અને આ પણ જો ન કરી શકે તો –

**अभ्यासेऽप्यसमर्थोऽसि मत्कर्मपरमो भव ।**
**मदर्थमपि कर्माणि कुर्वन्सिद्धिमवाप्स्यसि ॥१०॥**

અભ્યાસ કરવામાં પણ તું અસમર્થ છે, તો કેવળ મારા માટે કર્મ કર અર્થાત્ આરાધના કરવા માટે તત્પર થા. આ રીતે મારી પ્રાપ્તિ માટે કર્મો કર તો તું મારી પ્રાપ્તિરૂપી સિદ્ધિને જ પામીશ અર્થાત્ અભ્યાસ ન થઈ શકે તો પણ સાધનાપથ પર અડગ લાગ્યા રહો.

**अथैतदप्यशक्तोऽसि कर्तुं मद्योगमाश्रितः ।**
**सर्वकर्मफलत्यागं ततः कुरु यतात्मवान् ॥११॥**

આ કર્મ કરવામાં પણ તું જો અસમર્થ હોય તો સર્વ કર્મોના ફળનો ત્યાગ કર અર્થાત્ લાભ-હાનિની ચિંતા છોડી મારી ભક્તિનો આશ્રિત બની અર્થાત્ સમર્પણ સાથે આત્મવાન મહાપુરુષના શરણમાં જા. તેમનાથી પ્રેરાઈને કર્મ સ્વતઃ થવા લાગશે. સમર્પણની સાથે કર્મફળનું મહત્ત્વ બતાવતાં શ્રીકૃષ્ણ કહે છે –

**श्रेयो हि ज्ञानमभ्यासाज्ज्ञानाद्ध्यानं विशिष्यते ।**
**ध्यानात्कर्मफलत्यागस्त्यागाच्छान्तिरनन्तरम् ॥१२॥**

હે અર્જુન ! કેવળ ચિત્તને રોકી અભ્યાસથી જ્ઞાન-માર્ગ દ્વારા કર્મમાં પ્રવૃત્ત રહેવું શ્રેષ્ઠ છે. જ્ઞાનના માધ્યમથી કર્મને કાર્યનું રૂપ આપવા કરતાં ધ્યાન શ્રેષ્ઠ છે. કારણ કે ધ્યાનમાં ઈષ્ટ ભગવાન રહ્યા કરે છે. ધ્યાન કરતાં પણ સર્વ કર્મોના ફળનો ત્યાગ શ્રેષ્ઠ છે. કારણ કે ઈશ્વર પ્રત્યે સમર્પણની સાથોસાથ યોગ પર દૃષ્ટિ રાખીને કર્મફળનો ત્યાગ કરવાથી તેના યોગક્ષેમની જવાબદારી ઈશ્વરની થઈ જાય છે. માટે આ ત્યાગથી તે તત્કાળ જ પરમશાન્તિ પામે છે.

અહીં સુધી યોગેશ્વર શ્રીકૃષ્ણે વર્ણવ્યું કે અવ્યક્તની ઉપાસના કરનાર જ્ઞાનમાર્ગથી સમર્પણ કરીને કર્મ કરનાર નિષ્કામ કર્મયોગી શ્રેષ્ઠ છે.બંને એક જ કર્મ કરે છે. પરંતુ જ્ઞાનમાર્ગમાં વિઘ્ન વધારે છે. તેના લાભ-હાનિની જવાબદારી સ્વયં પર રહે છે, જ્યારે સમર્પિત ભક્તની

જવાબદારી મહાપુરુષો પર હોય છે. આથી કર્મ-ફળના ત્યાગ દ્વારા તે શીઘ્ર શાંતિ આપે છે. હવે શાન્તિ-પ્રાપ્ત પુરુષનાં લક્ષણ બતાવે છે –

**अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।**
**निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी ॥१३॥**

આ રીતે શાન્તિ પામેલો, જે પુરુષ સર્વ ભૂતોનો દ્વેષભાવ નથી કરતો સર્વનો પ્રેમી અને હેતુરહિત, દયાળુ છે અને જે મમતારહિત, અહંકારરહિત, સુખદુઃખમાં સમાન ભાવવાળો અને ક્ષમાવાન છે.

**संतुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ।**
**मय्यर्पितमनोबुद्धिर्यो मद्भक्तः स मे प्रियः ॥१४॥**

જે નિરંતર યોગીની પરાકાષ્ઠાથી યુક્ત છે, લાભ તથા હાનિમાં સંતુષ્ટ છે. મન તથા ઇન્દ્રિયો સહિત શરીરને વશમાં કરીને દઢ નિશ્ચયવાળો થયો છે, તે મારામાં અર્પિત મન-બુદ્ધિવાળો મારો ભક્ત મને પ્રિય છે.

**यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।**
**हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥१५॥**

જેનાથી કોઈ પણ જીવને ઉદ્વેગ થતો નથી અને જે પોતે પણ કોઈ જીવથી ઉદ્વિગ્ન થતો નથી, હર્ષ-સંતાપ ભય અને સમગ્ર વિક્ષોભોથી મુક્ત છે તે ભક્ત મને પ્રિય છે.

સાધકો માટે આ શ્લોક અત્યંત ઉપયોગી છે. તેમણે એવી રીતે રહેવું જોઈએ કે તેના દ્વારા કોઈના પણ મનને ઠેસ ન લાગે. આટલું તો સાધક કરી જ શકે, પરંતુ બીજા લોકો આ આચરણ નહિ આચરે. તે તો સંસારી છે જ તેઓ તો આગ ઓકશે, કંઈ પણ કહેશે પરંતુ સાધકના હૃદયમાં તો અનેક લોકો દ્વારા (અર્થાત્ તેઓએ પહોંચાડેલા આઘાતથી) ઊથલપાથલ ન થાય, તેની સુરતા ચિંતનમાં જ લાગી રહે. ક્રમ તૂટે નહિ. દા. ત. નિયમાનુસાર તમે રસ્તાની ડાબી બાજુ ચાલી રહ્યા છો, કોઈ દારૂ પીને સામેથી આવતો હોય ત્યારે તેનાથી બચવાની જવાબદારી તમારી પોતાની જ છે.

**अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः ।**

**सर्वारम्भपरित्यागी यो मद्भक्तः स मे प्रियः ॥१६॥**

જે પુરુષ આકાંક્ષાઓથી રહિત સર્વથા પવિત્ર છે. દક્ષ એટલે કે આરાધનાનો વિશેષજ્ઞ છે. (એમ નહિ કે ચોરી કરતો હોય તો તેમાં દક્ષ હોય.) શ્રીકૃષ્ણના મત અનુસાર કર્મ એક જ છે. નિયત કર્મ – આરાધના-ચિન્તન, તેમાં જે કુશળ છે, જે પક્ષ-વિપક્ષથી પર છે, દુઃખોથી મુક્ત છે, સર્વ આરંભોનો પરિત્યાગ કરનાર મારો ભક્ત મને પ્રિય છે. કરવા યોગ્ય કોઈ ક્રિયાનો આરંભ તેના માટે શેષ રહેતો નથી.

**यो न हृष्यति न द्वेष्टि न शोचति न काङ्क्षति ।**
**शुभाशुभपरित्यागी भक्तिमान्यः स मे प्रियः ॥१७॥**

જે ક્યારેય હર્ષ પામતો નથી, દ્વેષ કરતો નથી, શોક કરતો નથી કે કામના કરતો નથી. તેમજ શુભ અને અશુભ સંપૂર્ણ કર્મોના ફળનો ત્યાગી છે, જ્યાં કોઈ શુભ અલગ નથી, અશુભ શેષ રહેતું નથી તે ભક્તિની આ પરાકાષ્ઠાવાળો પુરુષ મને પ્રિય છે.

**समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः ।**
**शीतोष्णसुखदुःखेषु समः सङ्गविवर्जितः ॥१८॥**

જે પુરુષ શત્રુ અને મિત્રમાં, માન તથા અપમાનમાં સમાન બુદ્ધિવાળો છે, જેના અંતઃકરણની વૃત્તિઓ સર્વથા શાન્ત છે, જે શીત-ગરમી-સુખ-દુઃખોના દ્વન્દ્વમાં સમાન ભાવવાળો અને આસક્તિરહિત છે તથા –

**तुल्यनिन्दास्तुतिर्मौनी संतुष्टो येन केनचित् ।**
**अनिकेतः स्थिरमतिर्भक्तिमान्मे प्रियो नरः ॥१९॥**

જે નિંદા અને સ્તુતિને સમાન સમજે છે. મનનશીલતાની ચરમ સીમા પર પહોંચીને, જેની મન સહિતની ઇન્દ્રિયો શાંત થઈ ચૂકી છે તેમજ કોઈ પણ પ્રકારે થતા શરીરનિર્વાહમાં જે સદૈવ સંતુષ્ટ છે, જે પોતાના નિવાસસ્થાનમાં મમતાથી પર છે. તેવો ભક્તિની પરાકાષ્ઠા પર પહોંચેલો, સ્થિર બુદ્ધિવાળો પુરુષ મને પ્રિય છે.

**ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ।**
**श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः ॥२०॥**

જે મારા પરાયણ થઈ હાર્દિક શ્રદ્ધાવાળો પુરુષ ઉપરના ધર્મમય અમૃતનું યોગ્ય પ્રકારે સેવન કરે છે, તે ભક્ત મને અતિશય પ્રિય છે.

**નિષ્કર્ષ :**

આગલા અધ્યાયના અંતમાં યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું હતું, 'હે અર્જુન, તેં જે જોયું તે, તારા સિવાય ન કોઈ પામ્યું છે કે ન કોઈ પામી શકશે. પરંતુ અનન્ય ભક્તિ અથવા અનુરાગપૂર્વક જે ભજે છે તે આ રીતે મને જોઈ શકે છે, તત્ત્વ સહિત મને જાણી શકે છે અને મારામાં પ્રવેશ પણ પામી શકે છે. એટલે કે પરમાત્મા એવી સત્તા છે કે જેને પામી શકાય છે. આથી, હે અર્જુન, તું ભક્ત થા.

અર્જુને આ અધ્યાયમાં પ્રશ્ન કર્યો કે, હે ભગવાન ! અનન્ય ભાવથી જેઓ આપનું ચિંતન કરે છે અને બીજા જેઓ અક્ષર અવ્યક્તની ઉપાસના કરે છે, આ બંનેમાં ઉત્તમ યોગવેત્તા કોણ છે ? યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું કે બંને મને જ પામે છે, કારણ કે હું અવ્યક્ત સ્વરૂપ છું, પરંતુ જેઓ ઈન્દ્રિયોને વશમાં રાખીને, મનને બધી બાજુથી સમેટીને અવ્યક્ત પરમાત્મામાં આસક્ત છે, તેના માર્ગમાં કલેશ વિશેષ રહે છે. જ્યાં સુધી દેહનો અધ્યાસ છે. ત્યાં સુધી અવ્યક્ત સ્વરૂપની પ્રાપ્તિ દુઃખપૂર્ણ છે, કારણ કે અવ્યક્ત સ્વરૂપ તો ચિત્તના નિરોધ અને વિલયકાળમાં મળે છે. તે પહેલાં તેનું શરીર જ વચ્ચે બાધારૂપ બને છે. હું છું, હું છું., મારે મેળવવું છે કહેતો કહેતો પોતાના શરીરની તરફ જ વળી જાય છે. તેની ચલિત થવાની સંભાવના વધુ છે, આથી, હે અર્જુન, તું સર્વ કર્મો મને સમર્પિત કર, અનન્ય ભક્તિથી મારું ચિંતન કર. મારા પરાયણ જે ભક્તજનો સર્વ કર્મો મને અર્પણ કરીને માનવશરીરધારી એવા સગુણ યોગીના રૂપમાં મારા ધ્યાન દ્વારા નિરંતર ચિંતન કરે છે, તેનો હું આ સંસારસાગરથી ત્વરિત જ ઉદ્ધાર કરનારો બનું છું. આથી, ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે.

હે અર્જુન, મારામાં મન લગાવ, મન ન લાગે તો પણ તે લગાવવા માટે અભ્યાસ કર. જ્યાં પણ ચિત્ત જાય ત્યાંથી તેને ફરીથી ખેંચી લાવીને તેનો નિગ્રહ કર. આ કરવામાં પણ જો તું અસમર્થ છે તો તું કર્મ કર. કર્મ એક જ છે તે યજ્ઞાર્થ કર્મ. તું કાર્યમ્ કર્મ કર, અન્ય નહિ. એટલું જ કર. પાર પડે કે ન પડે. અગર આ પણ કરવામાં તું જો અસમર્થ છે, તો સ્થિતપ્રજ્ઞ, આત્મવાન, તત્ત્વજ્ઞ, મહાપુરુષને શરણે જઈ સંપૂર્ણ કર્મફળનો ત્યાગ કર. આવો ત્યાગ કરીને તું પરમશાન્તિને પામીશ.

ત્યાર પછી પરમ શાન્તિ પામેલા ભક્તના લક્ષણ વર્ણવતાં યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે કે, જે સર્વ ભૂતોમાં દ્વેષભાવથી રહિત છે. કરુણાયુકત તથા દયાળુ છે, મમતા અને અહંકારથી પર છે, તે ભક્ત મને પ્રિય છે, જે ધ્યાન-યોગમાં નિરંતર તત્પર અને આત્મવાન તથા આત્મસ્થિત છે, તે ભક્ત મને પ્રિય છે. જેનાથી કોઈને ઉદ્વેગ થતો નથી, અને કોઈનાથી તેને ખુદને ઉદ્વેગ થતો નથી, એવો ભક્ત મને પ્રિય છે. જે પવિત્ર છે, દક્ષ છે. વ્યથાઓથી ઉપરામ છે, સર્વ આરંભોને ત્યાગીને જે પાર પામી ચૂક્યો છે એવા ભક્ત મને પ્રિય છે. સર્વ કામનાઓને ત્યાગી અને શુભાશુભને જાણનાર મને પ્રિય છે. જે નિન્દા અને સ્તુતિમાં સમાન અને મૌન રહે છે, મનસહિતની જેની ઇન્દ્રિયો શાન્ત અને મૌન છે, જે કોઈ પણ પ્રકારના શરીર-નિર્વાહમાં સંતોષી અને રહેવાના સ્થાનમાં મમતારહિત છે, શરીરરક્ષણમાં જેને આસક્તિ નથી, એવા ભક્તિવાન અને સ્થિતપ્રજ્ઞ પુરુષ મને પ્રિય છે.

આ રીતે અગિયારમા શ્લોકથી ઓગણીસમા શ્લોક સુધી યોગેશ્વર શ્રીકૃષ્ણે શાન્તિ પામેલા યોગયુક્ત ભક્તની રહેણી પર પ્રકાશ પાડ્યો છે. સાધકો માટે તે પ્રાપ્ત કરવા યોગ્ય છે. અન્તે નિર્ણય આપતાં તેઓ કહે છે, હે અર્જુન, જે પુરુષ મારે પરાયણ થઈ અનન્ય શ્રદ્ધાથી ઉપર કહેલા ધર્મમય અમૃતનું નિષ્કામ ભાવથી સારી રીતે આચરણ કરે છે તે ભક્ત મને અતિશય પ્રિય છે. આથી સમર્પણની સાથે આ કર્મમાં પ્રવૃત્ત થવું શ્રેયસ્કર છે, કારણ કે તેનાં હાનિ-લાભની જવાબદારી તે ઇષ્ટદેવ, સદ્ગુરુ પોતાના ઉપર લઈ લે છે. અહીં શ્રીકૃષ્ણે સ્વરૂપસ્થ મહાપુરુષનાં લક્ષણ બતાવ્યાં અને એમના શરણમાં જવાનું કહ્યું. અંતમાં પોતાના શરણમાં આવવાની પ્રેરણા આપીને તે મહાપુરુષોની સમકક્ષ પોતાને ગણાવ્યા.

શ્રીકૃષ્ણ એક યોગી, મહાત્મા હતા.

આ અધ્યાયમાં ભક્તિને શ્રેષ્ઠ ગણાવી, તેથી આ અધ્યાયનું નામ ભક્તિયોગ યોગ્ય છે.

**ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे 'भक्तियोग' नाम द्वादशोऽध्यायः ॥१२॥**

આ રીતે શ્રીમદ્ ભગવદ્ગીતારૂપી ઉપનિષદ અને બ્રહ્મવિદ્યા તથા યોગશાસ્ત્રરૂપ શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદમાં 'ભક્તિયોગ' નામનો બારમો અધ્યાય પૂરો થાય છે.

**इति श्रीमत्परमहंस परमानन्दस्य शिष्य स्वामी श्री अडगडानन्दकृते श्रीमद्भगवद्गीतायाः 'यथार्थ गीता' भाष्ये 'भक्तियोग' नाम द्वादशोऽध्यायः ॥१२॥**

આ પ્રકારે શ્રીમત્પરમહંસ પરમાનન્દજીના શિષ્ય સ્વામી શ્રી અડગડાનન્દકૃત શ્રીમદ્ભગવદ્ગીતાના ભાષ્ય 'યથાર્થગીતા'માં 'ભક્તિયોગ' નામનો બારમો અધ્યાય પૂરો થાય છે.

**॥ हरिः ॐ तत्सत् ॥**

ॐ

**श्री परमात्मने नमः**

# અધ્યાય તેરમો

ગીતાના આરંભમાં ધૃતરાષ્ટ્રે પ્રશ્ન કર્યો હતો કે હે સંજય, ધર્મક્ષેત્ર તથા યુદ્ધક્ષેત્રમાં યુદ્ધની ઈચ્છાથી એકઠા થયેલા મારા અને પાંડુના પુત્રોએ શું કર્યું ? હજી સુધી તે ક્ષેત્ર ક્યાં છે ? તે બતાવવામાં આવ્યું નથી પરંતુ જે મહાપુરુષે જે ક્ષેત્રમાં યુદ્ધ બતાવ્યું તે પોતે તે ક્ષેત્રનો પ્રસ્તુત અધ્યાયમાં નિર્ણય આપે છે કે વાસ્તવમાં આ ક્ષેત્ર છે ક્યાં ?

**श्री भगवानुवाच**

**इदं शरीरं कौन्तेय क्षेत्रमित्यभिधीयते ।**
**इतद्यो वेत्ति तं प्राहुः क्षेत्रज्ञ इति तद्विदः ॥१॥**

કૌન્તેય, આ શરીર જ એક ક્ષેત્ર છે અને એને જે સારી રીતે જાણે છે તે ક્ષેત્રજ્ઞ છે. તે એમાં ફસાયો નથી, પરંતુ એનો સંચાલક છે. આવું તે તત્ત્વને જાણનારા મહાપુરુષોએ કહ્યું છે.

શરીર તો એક જ છે. એમાં ધર્મક્ષેત્ર અને કુરુક્ષેત્ર એવાં બે ક્ષેત્રો ક્યાંથી ? હકીકતમાં એક જ શરીરના અંતરાલમાં અંતઃકરણની બે પ્રવૃત્તિઓ પુરાતન છે. એક તો પરમધર્મ પરમાત્મામાં પ્રવેશ અપાવનાર પુણ્યમયી પ્રવૃત્તિ દૈવી સંપત્તિ છે અને બીજી આસુરી સંપત્તિ છે – એનું

દૂષિત દૃષ્ટિકોણથી ગઠન થયું છે; તે નશ્વર સંસારમાં વિશ્વાસ અપાવે છે. જ્યારે આસુરી સંપત્તિ વધી જાય છે ત્યારે આ શરીર કુરુક્ષેત્ર બની જાય છે અને આ જ શરીરના અંતરાલમાં જ્યારે દૈવી સંપત્તિ વધી જાય છે ત્યારે આ શરીર ધર્મક્ષેત્ર કહેવાય છે. આ ચઢાવ-ઉતાર એકધારો ચાલુ જ રહેતો હોય છે, પરંતુ તત્ત્વદર્શી મહાપુરુષના સાંનિધ્યમાં જ્યારે કોઈ અનન્ય ભક્તિ દ્વારા આરાધનામાં પ્રવૃત્ત થાય છે ત્યારે બંને પ્રવૃત્તિઓમાં નિર્ણાયક યુદ્ધનાં મંડાણ થઈ જાય છે. ક્રમશઃ દૈવી સંપત્તિની ઉન્નતિ અને આસુરી સંપત્તિનું શમન થઈ જાય છે. આસુરી સંપત્તિના સર્વથા શમન પછી દર્શન થવાની સાથે જ પરમના દિગ્દર્શનની અવસ્થા આવે છે. દર્શન થવાની સાથે જ દૈવી સંપત્તિની આવશ્યકતા સમાપ્ત થઈ જાય છે. તેથી તે પણ પરમાત્મામાં સ્વતઃ વિલય થઈ જાય છે. ભજનાર પુરુષ પરમાત્મામાં પ્રવેશ પામે છે. અગિયારમા અધ્યાયમાં અર્જુને જોયું કે કૌરવ પક્ષ ઉપરાંત પાંડવ પક્ષના યોદ્ધા પણ યોગેશ્વરમાં વિલીન થઈ રહ્યા છે. આ વિલય બાદ પુરુષનું જે સ્વરૂપ શેષ રહે છે, તે જ ક્ષેત્રજ્ઞ છે. આગળ જોઈએ –

**क्षेत्रज्ञं चापि मां विद्धि सर्वक्षेत्रेषु भारत ।**
**क्षेत्रक्षेत्रज्ञयोर्ज्ञानं यत्तज्ज्ञानं मतं मम ॥२॥**

હે અર્જુન તું બધાં ક્ષેત્રોમાં ક્ષેત્રજ્ઞ મને જ જાણ અર્થાત્ હું પણ ક્ષેત્રજ્ઞ છું. જેઓ ક્ષેત્રને જાણે છે તે ક્ષેત્રજ્ઞ છે. આવું એને સાક્ષાત્ જાણનાર મહાપુરુષ કહે છે અને શ્રીકૃષ્ણ કહે છે કે હું પણ ક્ષેત્રજ્ઞ છું અર્થાત્ શ્રીકૃષ્ણ પણ એક યોગેશ્વર જ હતા. ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ અર્થાત્ વિકાસરહિત પ્રકૃતિ અને પુરુષને તત્ત્વથી જાણવું એ જ જ્ઞાન છે. એવો મારો મત છે એટલે કે સાક્ષાત્કાર સહિત એની જાણકારીનું નામ જ્ઞાન છે. વ્યર્થ કોરી ચર્ચાનું નામ જ્ઞાન નથી.

**तत्क्षेत्रं यच्च यादृक्च यद्विकारि यतश्च यत् ।**
**स च यो यत्प्रभावश्च तत्समासेन मे श्रृणु ॥३॥**

તે ક્ષેત્ર જેવું છે, જે વિકારોવાળું છે તથા જે કારણે થયું છે અને તે ક્ષેત્રજ્ઞ પણ જે છે જ અને જે પ્રભાવવાળો છે તે બધું તું મારી પાસેથી

સંક્ષેપમાં સાંભળ. અર્થાત્ ક્ષેત્ર વિકારોવાળું છે, કોઈક કારણોથી તેવું થયું છે. જોકે ક્ષેત્રજ્ઞ કેવળ પ્રભાવશાળી છે. આ હું જ કહું છું એવું નથી. ઋષિઓ પણ કહે છે.

**ऋषिभिर्बहुधा गीतं छन्दोभिर्विविधैः पृथक् ।**
**ब्रह्मसूत्रपदैश्चैव हेतुमद्भिर्विनिश्चितैः ॥४॥**

આ ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું જ્ઞાન ઋષિઓએ અનેક પ્રકારે ગાયું છે તથા વિવિધ પ્રકારે વેદોના મંત્ર દ્વારા વિભાજિત કરીને પણ કહેવામાં આવ્યું છે. વળી વિશેષ રૂપે નિશ્ચિત કરેલા યુક્તિયુક્ત બ્રહ્મસૂત્રનાં વાક્યો દ્વારા પણ કહેવાયું છે. અર્થાત્ વેદાન્ત, મહર્ષિ અને બ્રહ્મસૂત્ર તથા હું બધાં એક જ વાત કહી રહ્યાં છીએ. જે આ બધાંએ કહ્યું છે તે જ શ્રીકૃષ્ણ કહે છે, શું શરીર (ક્ષેત્ર) જેટલું દેખાય છે એટલું જ છે ? એ અંગે કહે છે –

**महाभूतान्यहंकारो बुद्धिरव्यक्तमेव च ।**
**इन्द्रियाणि दशैकं च पञ्च चेन्द्रियगोचराः ॥५॥**

અર્જુન ! પાંચ મહાભૂત (પૃથ્વી, જલ, અગ્નિ, આકાશ, વાયુ) અહંકાર, બુદ્ધિ અને ચિત્ત (ચિત્તનું નામ ન લઈને એને અવ્યક્ત પરા પ્રકૃતિ કહેવાઈ છે. અર્થાત્ મૂળ પ્રકૃતિ પર પ્રકાશ નાખ્યો છે. એમાં પરા પ્રકૃતિ પણ સંમિલિત છે. ઉપર્યુક્ત આઠ અષ્ટધા મૂળ પ્રકૃતિ છે.) તથા દશ ઈન્દ્રિયો (આંખ, કાન, નાક, ત્વચા, જીભ, વાચા, હાથ, પગ,ઉપસ્થ તથા ગુદા) એક મન અને પાંચ ઈન્દ્રિયોના વિષય (રૂપ, રસ, ગંધ, શબ્દ અને સ્પર્શ) તથા –

**इच्छा द्वेषः सुखं दुःखं संघातश्चेतना धृतिः ।**
**एतत्क्षेत्रं समासेन सविकारमुदाहृतम् ॥६॥**

ઈચ્છા, દ્વેષ, સુખ-દુઃખ અને બધાનો સમૂહ, સ્થૂળ દેહનો આ પિંડ, ચેતના અને ધૈર્ય. આ રીતે ક્ષેત્ર વિકારો સહિત સંક્ષેપમાં કહેવામાં આવ્યું છે. સંક્ષેપમાં આ ક્ષેત્રનું સ્વરૂપ છે. એમાં વાવેલું બીજ સારાં અને ખરાબ સંસ્કારોના રૂપમાં ઊગે છે. શરીર જ ક્ષેત્ર છે. શરીરમાં માટી-મસાલો કઈ વસ્તુ છે ? આ પાંચ તત્ત્વ, દશ ઈન્દ્રિયો, એક મન વગેરે જેવાં લક્ષણ

ઉપર ગણાવ્યાં છે. આ બધાનો સામૂહિક સંઘાત પિંડ શરીર છે. જ્યાં સુધી વિકાર રહેશે ત્યાં સુધી આ પિંડ પણ વિદ્યમાન રહેશે. એટલા માટે આ વિકારોથી બનેલું છે. હવે આ ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ જોઈએ જે આ ક્ષેત્રમાં લિપ્ત નથી, પરંતુ એનાથી નિવૃત્ત છે.

**अमानित्वमदम्भित्वमहिंसा क्षान्तिरार्जवम् ।**
**आचार्योपासनं शौचं स्थैर्यमात्मविनिग्रहः ।।७।।**

હે અર્જુન ! માન-અપમાનનો અભાવ, દંભાચરણનો અભાવ, અહિંસા (અર્થાત્ પોતાના તથા બીજા કોઈના આત્માને કષ્ટ ન આપવું તે અહિંસા છે. અહિંસાનો અર્થ માત્ર આટલો નથી કે કીડીને પણ ન મારો. શ્રીકૃષ્ણે કહ્યું કે પોતાના આત્માને અધોગતિમાં ન પહોંચાડો. એને અધોગતિમાં પહોંચાડવો હિંસા છે અને એનું ઉત્થાન એ જ શુદ્ધ અહિંસા છે. આવા મનુષ્ય અન્ય આત્માઓના ઉત્થાન માટે પણ ઉન્મુખ રહે છે. હા, એનો આરંભ કોઈને ઠેસ ન પહોંચાડવાથી થાય છે. આ એનું એક અંગ-પ્રત્યંગ છે.) તેથી અહિંસા ક્ષમાભાવ, મન-વાણીની સરળતા, આચાર્યોપાસના અર્થાત્ શ્રદ્ધાભક્તિસહિત સદ્‌ગુરુની સેવા અને એમની ઉપાસના, પવિત્રતા અંતઃકરણની સ્થિરતા, મન અને ઈન્દ્રિયોસહિત શરીરનો નિગ્રહ અને –

**इन्द्रियार्थेषु वैराग्यमनहंकार एव च ।**
**जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम् ।।८।।**

આ લોક તથા પરલોકના દેખેલા-સાંભળેલા તમામ ભોગોમાં આસક્તિનો અભાવ, અહંકારનો અભાવ, જન્મ-મૃત્યુ, વૃદ્ધાવસ્થા, રોગ અને ભોગાદિમાં દુઃખ-દોષનું વારંવાર ચિંતન–

**असक्तिरनभिष्वङ्ग पुत्रदारगृहादिषु ।**
**नित्यं च समचित्तत्वमिष्टानिष्टोपपत्तिषु ।।९।।**

પુત્ર, સ્ત્રી ધન અને ગૃહાદિમાં આસક્તિનો અભાવ, પ્રિય તથા અપ્રિયની પ્રાપ્તિમાં ચિત્તનું સદૈવ સમ રહેવું.

**मयि चानन्ययोगेन भक्तिरव्यभिचारिणी ।**
**विविक्तदेशसेवित्वमरतिर्जदनसंसदि ।।१०।।**

મારામાં અનન્ય યોગ (શ્રીકૃષ્ણ એક યોગી હતા અર્થાત્ આવા કોઈ મહાપુરુષમાં) અર્થાત્ યોગથી અતિરિક્ત કશું યાદ ન રાખીને અવ્યભિચારિણી ભક્તિ (ઇષ્ટ સિવાય કોઈનું ચિંતન ન કરવું) એકાન્ત સ્થાનનું સેવન, મનુષ્યોના સમૂહમાં રહેવાની આસક્તિ ન હોવી તથા –

**अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञाणार्थदर्शनम् ।**
**एतज्ज्ञानमिति प्रोक्तमज्ञानं यदतोऽन्यथा ॥११॥**

આત્માના આધિપત્યના જ્ઞાનમાં એકરસ સ્થિતિ અને તત્ત્વજ્ઞાનના અર્થસ્વરૂપ પરમાત્માનો સાક્ષાત્કાર – આ બધું જ્ઞાન છે અને એનાથી જે વિપરીત હોય તે બધું અજ્ઞાન છે આવું કહેવાયું છે. તે પરમતત્ત્વ પરમાત્માના સાક્ષાત્કારની સાથે મળનારી જાણકારીનું નામ જ્ઞાન છે. (ચોથા અધ્યાયમાં એમણે કહ્યું કે યજ્ઞની પૂર્તિમાં જે શેષ રહે છે, એ જ્ઞાનામૃતનું પાન કરનાર સનાતન બ્રહ્મમાં પ્રવેશ મેળવે છે. આથી બ્રહ્મના સાક્ષાત્કારની સાથે મળનારી જાણકારી જ્ઞાન છે. અહીં પણ એ જ કહે છે કે તત્ત્વસ્વરૂપ પરમાત્માના સાક્ષાત્કારનું નામ જ્ઞાન છે.) આનાથી વિપરીત બધું અજ્ઞાન છે. માન-અપમાનનો અભાવ વગેરે ઉપર્યુક્ત લક્ષણો જ્ઞાનનાં પૂરક છે. આ પ્રશ્ન અહીં પૂરો થાય છે.

**ज्ञेयं यत्तत्प्रवक्ष्यामि यज्ज्ञात्वामृतमश्नुते ।**
**अनादिमत्परं ब्रह्म न सत्तन्नासदुच्यते ॥१२॥**

અર્જુન ! જે જાણવા યોગ્ય છે તથા જેને જાણીને મરણધર્મા મનુષ્ય અમૃતતત્ત્વ પ્રાપ્ત કરે છે. એ હું યોગ્ય પ્રકારે કહીશ. જેનો આદિ નથી તે પરમબ્રહ્મ ન તો સત્ કહેવામાં આવે છે, ન અસત્ કહેવામાં આવે છે. કેમકે જ્યાં સુધી તે અલગ છે ત્યાં સુધી તે સત્ છે. જ્યારે મનુષ્ય તેમાં સમાહિત થઈ જાય ત્યારે કોણ કોને કહે ? એક જ રહી જાય છે, અન્યનું ભાન હોતું નથી. આવી સ્થિતિમાં બ્રહ્મ ન સત્ છે ન અસત્ છે. પરંતુ જે સ્વયં સહજ છે તે જ છે –

**सर्वतः पाणिपादं तत्सर्वतोऽक्षिशिरोमुखम् ।**
**सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥१३॥**

તે બ્રહ્મ બધી બાજુથી હાથ-પગવાળો, બધી બાજુથી આંખ-માથું અને મુખવાળો તથા બધી બાજુથી કાનવાળો છે, કેમકે તે સંસારમાં બધાને વ્યાપીને ઊભો છે.

**सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जितम् ।**
**असक्तं सर्वभृच्चैव निर्गुणं गुणभोक्तृ च ॥१४॥**

તે તમામ ઈન્દ્રિયોના વિષયોને જાણનારો છે. આમ છતાં ઈન્દ્રિયોથી રહિત છે. તે આસક્તિરહિત, ગુણાતીત હોવા છતાં બધાંને ધારણ કરનારો અને પોષણ કરનારો છે. બધા ગુણોનો ભોક્તા છે. અર્થાત્ એક એક કરીને બધા ગુણોનો પોતાનામાં લય કરી લે છે. શ્રીકૃષ્ણે આગળ કહ્યું છે કે યજ્ઞ અને તપનો ભોગવનાર હું છું, અંતમાં બધા ગુણો મારામાં વિલીન થાય છે.

**बहिरन्तश्च भूतानामचरं चरमेव च ।**
**सूक्ष्मत्वात्तदविज्ञेयं दूरस्थं चान्तिके च तत् ॥१५॥**

તે બ્રહ્મ બધા જીવધારીઓની અંદર-બહાર પરિપૂર્ણ છે અને ચર-અચર રૂપે પણ તે જ છે. સૂક્ષ્મ હોવાથી દેખાતો નથી, અવિજ્ઞેય છે. મન-ઈન્દ્રિયોથી પર છે. તથા અત્યંત નજીક અને દૂર પણ તે જ છે.

**अविभक्तं च भूतेषु विभक्तमिव च स्थितम् ।**
**भूतभर्तृ च तज्ज्ञेयं ग्रसिष्णु प्रभविष्णु च ॥१६॥**

અવિભાજ્ય હોવા છતાં પણ તે ચરાચર સંપૂર્ણ ભૂતોમાં અલગ અલગ હોય એમ પ્રતીત થાય છે. જાણવા યોગ્ય તે પરમાત્મા તમામ પ્રાણીઓને ઉત્પન્ન કરનારો, પાલન-પોષણ કરનારો અને અંતમાં સંહાર કરનારો છે. અહીં બાહ્ય અને આંતરિક બંને ભાવો પ્રતિ સંકેત કર્યો છે. જેમ બહાર જન્મ અને ભીતરમાં જાગૃતિ, બહાર પાલન અને ભીતર યોગક્ષેમનો નિર્વાહ બહાર શરીરનું પરિવર્તન અને અંદર સર્વસ્વનો વિલય અર્થાત્ પ્રાણીમાત્રની ઉત્પત્તિનાં કારણોનો લય અને એ લયની સાથે જ પોતાના સ્વરૂપને પ્રાપ્ત થઈ જવું એ બધાં બ્રહ્મનાં લક્ષણો છે.

**ज्योतिषामपि तज्ज्योतिस्तमसः परमुच्यते ।**
**ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं हृदि सर्वस्य विष्ठितम् ॥१७॥**

તે જ્ઞેય બ્રહ્મ જ્યોતિઓમાં પણ જ્યોતિ છે. અંધકારથી પર કહેવાય છે. તે પૂર્ણ જ્ઞાનસ્વરૂપ છે. પૂર્ણ જ્ઞાતા છે. જાણવા યોગ્ય છે અને જ્ઞાન દ્વારા પ્રાપ્ત થનાર છે. સાક્ષાત્કારની સાથે મળનારી જાણકારીનું નામ જ્ઞાન છે. આવી જાણકારી દ્વારા જ બ્રહ્મની પ્રાપ્તિ સંભવિત છે. તે સૌનાં હૃદયમાં રહેલો છે એનું નિવાસસ્થાન હૃદય છે. બીજે શોધીશું તો ક્યાંય મળશે નહિ. તેથી હૃદયમાં ધ્યાન તથા યોગઆચરણ દ્વારા જ બ્રહ્મની પ્રાપ્તિનું વિધાન છે.

**इति क्षेत्रं तथा ज्ञानं ज्ञेयं चोक्तं समासतः ।**
**मद्भक्त एतद्विज्ञाय मद्भावायोपपद्यते ॥१८॥**

હે અર્જુન ! બસ, આટલું જ ક્ષેત્ર, જ્ઞાન તથા જાણવા યોગ્ય પરમાત્માના સ્વરૂપ વિષે સંક્ષેપમાં કહેવામાં આવ્યું છે. આ જાણી મારો ભક્ત મારા સાક્ષાત્ સ્વરૂપને પ્રાપ્ત કરે છે.

અત્યાર સુધી યોગેશ્વર શ્રીકૃષ્ણે જેને ક્ષેત્ર કહ્યું એને પ્રકૃતિ તથા જેને ક્ષેત્રજ્ઞ કહ્યો તેને હવે પુરુષ શબ્દથી સૂચિત કરે છે –

**प्रकृतिं पुरुषं चैव विद्ध्यनादी उभावपि ।**
**विकारांश्च गुणांश्चैव विद्धि प्रकृतिसंभवान् ॥१९॥**

આ પ્રકૃતિ અને પુરુષ બંનેને અનાદિ જાણ. એવા સંપૂર્ણ તમામ વિકાર તથા ત્રિગુણ પ્રકૃતિમાંથી જ ઉત્પન્ન થયેલા જાણ.

**कार्यकरणकर्तृत्वे हेतुः प्र तिरुच्यते ।**
**पुरुषः सुखदुःखानां भोक्तृत्वे हेतुरुच्यते ॥२०॥**

કાર્ય અને કરણ (જેના દ્વારા કાર્ય કરવામાં આવે છે. વિવેક, વૈરાગ્ય વગેરે તથા અશુભ કાર્ય કરવામાં ક્રોધ વગેરે કરણ બને છે.)ની ઉત્પત્તિમાં પ્રકૃતિ હેતુ છે એમ કહેવામાં આવે છે અને આ પુરુષ સુખ-દુઃખને ભોગવવામાં કારણ કહેવામાં આવે છે. પ્રશ્ન એ થાય છે કે તે શું ભોગવતો જ રહેશે કે એનાથી કદી છુટકારો પણ પામશે ? જ્યારે પ્રકૃતિ-પુરુષ બંને અનાદિ છે ત્યારે કોઈ એમનાથી છૂટે કેવી રીતે ? તે વિષે કહે છે –

**पुरुषः प्रकृतिस्थो हि भुङ्क्ते प्रकृतिजान्गुणान् ।**
**कारणं गुणसङ्गोऽस्य सदसद्योनिजन्मसु ॥२१॥**

પ્રકૃતિની વચ્ચે ઊભેલો પુરુષ પ્રકૃતિથી પેદા થયેલા ગુણોના કાર્યરૂપ પદાર્થોને ભોગવે છે અને આ ગુણોના સંગને કારણે જ જીવાત્મા સારી કે નરસી યોનિમાં જન્મ લે છે. આ કારણે અર્થાત્ પ્રકૃતિના ગુણોનો સંગ સમાપ્ત થતાં, જન્મ-મૃત્યુમાંથી મુક્તિ મળે છે. હવે એ પુરુષ વિશે પ્રકાશ પાડે છે કે તે કેવી રીતે કયા પ્રકારે પ્રકૃતિની વચ્ચે ઊભો છે ?

**उपद्रष्टानुमन्ता च भर्ता भोक्ता महेश्वरः ।**
**परमात्मेति चाप्युक्तो देहेऽस्मिन्पुरुषः परः ॥२२॥**

તે પુરુષ ઉપદ્રષ્ટા, હૃદયદેશમાં ખૂબ જ સમીપ, હાથ-પગ-મન જેટલાં તમારી નજીક છે તેથીય વધુ નજીક દ્રષ્ટાના રૂપમાં રહે છે. એના પ્રકાશમાં તમે સારું કરો કે ખરાબ કરો, એને કોઈ પ્રયોજન નથી. તે તો સાક્ષીરૂપે બેઠો છે. સાધનાનો યોગ્ય ક્રમ હાથમાં આવતાં પથિક થોડોક ઉપર ઊઠે છે. એની તરફ આગળ વધે છે. દ્રષ્ટા પુરુષનો ક્રમ બદલાઈ જાય છે. તે **अनुमंता** અર્થાત્ સંમતિ આપે છે. અનુભવ આપે છે. સાધના દ્વારા વધુ નજીક પહોંચીને તે પુરુષ **भर्ता** બનીને ભરણ-પોષણ કરે છે. જેમાં તમારા યોગ-ક્ષેમની પણ વ્યવસ્થા કરી દે છે. સાધના દ્વારા સૂક્ષ્મ બનીને ભોકતા પણ બની જાય છે. **भोक्तारं यज्ञ तपसां** યજ્ઞ, તપ જે કાંઈ થાય તે બધાંનો તે સ્વીકાર કરે છે અને જ્યારે એ બધું ગ્રહણ કરી લે છે ત્યારે એની પછીની અવસ્થામાં **महेश्वरः** - મહાન ઈશ્વરના રૂપમાં પરિણતિ થાય છે, તે પ્રકૃતિનો સ્વામી બની જાય છે. પરંતુ જ્યાં હજી પ્રકૃતિ જીવિત છે ત્યાં એનો માલિક છે. એનાથી પણ ઉન્નત અવસ્થામાં **परमात्मेति चाप्युक्तो** જ્યારે પરમતત્ત્વમાં મળી જાય છે ત્યારે પરમાત્મા કહેવાય છે. આ રીતે શરીરમાં રહેતો હોવા છતાં આ પુરુષ અર્થાત્ આત્મા પરમતત્ત્વ જ છે. સર્વથા પ્રકૃતિથી પર બને છે. ફરક એટલો જ છે કે આરંભમાં આ દૃષ્ટાના રૂપમાં હતો. ક્રમશઃ ઉત્થાન થતાં થતાં પરમનો સ્પર્શ પામીને પરમાત્માના રૂપમાં પરિણત થઈ જાય છે.

**य एवं वेत्ति पुरुषं प्रकृतिं च गुणैः सह ।**
**सर्वथा वर्तमानोऽपि न स भूयोऽभिजायते ॥२३॥**

આમ પુરુષને અને ગુણો સહિત પ્રકૃતિને તે મનુષ્ય સાક્ષાત્કારની સાથે જાણી લે છે. તે બધી રીતે કાર્યરત રહેતો હોવા છતાં ફરી જન્મ પામતો નથી અર્થાત્ એનો પુનર્જન્મ થતો નથી. આ જ મુક્તિ છે. અત્યાર સુધી યોગેશ્વર શ્રીકૃષ્ણે બ્રહ્મ અને પ્રકૃતિની પ્રત્યક્ષ જાણકારી તેમજ તેથી મળનારી પરમગતિ અર્થાત્ તેના પુનર્જન્મમાંથી મુક્તિની બાબતમાં પ્રકાશ પાડ્યો, હવે તે એવા યોગ પર ભાર મૂકે છે જેની પ્રક્રિયા આરાધના છે. કેમકે કર્મને કાર્યરૂપ આપ્યા વિના કોઈ પામતું નથી.

**ध्यानेनात्मनि पश्यन्ति केचिदात्मानमात्मना ।**
**अन्ये सांख्येन योगेन कर्मयोगेन चापरे ॥२४॥**

હે અર્જુન ! '**आत्मनाम्**' પરમાત્માને કેટલાક માણસો તો **आत्मना** - પોતાના અંતર્ચિંતન ધ્યાન દ્વારા **आत्मनि** હૃદયદેશમાં જુએ છે. કેટલાક સાંખ્યયોગ દ્વારા (અર્થાત્ પોતાની શક્તિને સમજીને તે કર્મમાં પ્રવૃત્ત બને છે.) અને બીજા ઘણા નિષ્કામ કર્મયોગ દ્વારા એને જુએ છે. સમર્પણ સાથે નિયત કર્મમાં પ્રવૃત્ત થાય છે. પ્રસ્તુત શ્લોકમાં મુખ્ય સાધન છે ધ્યાન. આ ધ્યાનમાં પ્રવૃત્ત થવા માટે સાંખ્યયોગ અને નિષ્કામ કર્મયોગ બે ધારાઓ છે.

**अन्ये त्वेवमजानन्तः श्रुत्वान्येभ्य उपासते ।**
**तेऽपि चातितरन्त्येव मृत्युं श्रुतिपरायणः ॥२५॥**

પરંતુ બીજા, જેમને સાધનાનું જ્ઞાન નથી, તે આ રીતે તત્ત્વને જાણતા ન હોઈ, **अन्येभ्यः** બીજા જે તત્ત્વને જાણનાર મહાપુરુષો છે એમની પાસેથી સાંભળીને ઉપાસના કરે છે. આમ, શ્રવણપરાયણ થયેલા લોકો પણ મૃત્યુરૂપી સંસાર-સાગર બેશક તરી જાય છે. આથી બીજો કોઈ માર્ગ હાથ ન લાગે તો સત્સંગ કરવો.

**यावत्संजायते किंचित्सत्त्वं स्थावरजङ्गमम् ।**
**क्षेत्रक्षेत्रज्ञसंयोगात्तद्विद्धि भरतर्षभ ॥२६॥**

હે અર્જુન ! સ્થાવર અને જંગમ જે કોઈ વસ્તુ પેદા થાય છે તે બધી ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના સંયોગથી ઉત્પન્ન થયેલી જાણ. પ્રાપ્તિ ક્યારે થાય છે? આ અંગે કહે છે –

**समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम् ।**
**विनश्यत्स्वविनश्यन्तं यः पश्यति स पश्यति ॥२७॥**

બધાં નાશવંત પ્રાણીઓમાં જે અવિનાશી પરમેશ્વરને સમાનપણે સ્થિત રહેલો જાણે છે તે જ સાચો જાણનાર છે. અર્થાત્ તે પ્રકૃતિ વિશેષ રૂપે નષ્ટ થાય ત્યારે જ તે પરમાત્મસ્વરૂપ છે, એનાથી પહેલાં નહિ. આ અંગે અધ્યાય આઠમાં કહ્યું છે કે '**भूत भावोद्भवकरो विसर्गं कर्मसंज्ञितः**' ભૂતોનો તે ભાવ, જે (સારો અથવા ખરાબ) કાંઈ પણ સંરચના કરે છે. એનું મટી જવું તે જ કર્મોની પરાકાષ્ઠા છે એ સમયે કર્મ પૂર્ણ છે. તેજ અહીં પણ કહ્યું છે કે જે ચરાચર ભૂતોને નષ્ટ થતાં અને પરમેશ્વરને એમાં સમભાવથી સ્થિત જુએ છે, તે જ યથાર્થ – સાચું જુએ છે.

**समं पश्यन्हि सर्वत्र समवस्थितमीश्वरम् ।**
**न हिनस्त्यानात्मानं ततो याति परां गतिम् ॥२८॥**

કેમકે તે પુરુષ સર્વત્ર સમભાવથી સ્થિત પરમાત્માને સમાન (જેવા છે તેવા જ સમાન) જોતો હોવાથી પોતાના થકી તે પોતાને નષ્ટ કરતો નથી. કેમકે જેવું હોય તેવું એણે જોયું છે. એથી તે પરમગતિ પ્રાપ્ત કરે છે. પ્રાપ્તિ કરનાર પુરુષનાં લક્ષણો દર્શાવે છે –

**प्रकृत्यैव च कर्माणि क्रियमाणानि सर्वशः ।**
**यः पश्यति तथात्मानमकर्तारं स पश्यति ॥२९॥**

જે પુરુષ સંપૂર્ણ કર્મો પ્રકૃતિ દ્વારા કરાય છે એમ જુએ છે, અર્થાત્ જ્યાં સુધી પ્રકૃતિ છે ત્યાં સુધી કર્મ થતાં જુએ છે તથા આત્માને અકર્તા તરીકે જુએ છે, તે જ સાચું જુએ છે.

**यदा भूतपृथग्भावमेकस्थमनुपश्यति ।**
**तत एव च विस्तारं ब्रह्म संपद्यते तदा ॥३०॥**

જે સમયે મનુષ્ય ભૂતોના ભિન્ન ભિન્ન ભાવોમાં એક પરમાત્માને એકસરખી રીતે સ્થિત જુએ છે અને એ પરમાત્મામાંથી જ બધાં ભૂતોનો વિસ્તાર થયેલો છે એમ જુએ છે તે સમયે તે બ્રહ્મને પામે છે. (જે ક્ષણે આ અવસ્થા આવી ગઈ તે જ ક્ષણે બ્રહ્મને પ્રાપ્ત કરી લે છે. આ લક્ષણ પણ સ્થિતપ્રજ્ઞ મહાપુરુષનું છે.)

**अनादित्वान्निर्गुणत्वात्परमात्मायमव्ययः ।**
**शरीरस्थोऽपि कौन्तेय न करोति न लिप्यते ॥३१॥**

હે કૌન્તેય, અનાદિ હોવાથી અને ગુણાતીત હોવાથી આ અવિનાશી પરમાત્મા શરીરમાં સ્થિત રહેવા છતાં પણ કશું કરતો નથી અને કશાથી લેપાતો નથી. કેવી રીતે ?

**यथा सर्वगतं सौक्ष्म्यादाकाशं नोपलिप्यते ।**
**सर्वत्रावस्थितो देहे तथात्मा नोपलिप्यते ॥३२॥**

જેમ સર્વત્ર વ્યાપેલું આકાશ સૂક્ષ્મ હોવાના કારણે કશાથી લેપાતું નથી તેમ દેહને વિષે સર્વત્ર વ્યાપીને રહેલો આત્મા ગુણાતીત હોવાને કારણે દેહના ગુણોથી લેપાતો નથી. આગળ કહે છે –

**यथा प्रकाशयत्येकः कृत्स्नं लाकमिमं रविः ।**
**क्षेत्रं क्षेत्री तथा कृत्स्नं प्रकाशयति भारत ॥३३॥**

અર્જુન ! એક જ સૂર્ય જેમ સંપૂર્ણ બ્રહ્માંડને પ્રકાશિત કરે છે, તેમ એક જ આત્મા સંપૂર્ણ ક્ષેત્રને પ્રકાશિત કરે છે. અંતમાં નિર્ણય આપે છે કે–

**क्षेत्रक्षेत्रज्ञयोरेवमन्तरं ज्ञानचक्षुषा ।**
**भूतप्रकृतिमोक्षं च ये विदुर्यान्ति ते परम् ॥३४॥**

આમ ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના ભેદને તથા વિકાર સહિત પ્રકૃતિમાંથી છૂટવાના ઉપાયને જે જ્ઞાનરૂપી નેત્ર દ્વારા જોઈ લે છે, તે મહાત્મા પરમબ્રહ્મ પરમાત્માને પ્રાપ્ત થાય છે. અર્થાત્ ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞને દેખવાની આંખ જ્ઞાન છે અને જ્ઞાન સાક્ષાત્કારનો જ પર્યાય છે.

**નિષ્કર્ષ :**

ગીતાના આરંભમાં ધર્મક્ષેત્ર અને કુરુક્ષેત્રના નામનો ઉલ્લેખ તો થયો, પરંતુ તે ક્ષેત્ર વાસ્તવમાં ક્યાં આવેલું છે ? એ સ્થળ બતાવવાનું બાકી હતું, જે અંગે સ્વયં શાસ્ત્રકારે આ અધ્યાયમાં સ્પષ્ટતા કરી કે, હે કૌન્તેય, આ શરીર જ એક ક્ષેત્ર છે. જે એને જાણે છે તે ક્ષેત્રજ્ઞ છે. તે એમાં ફસાયેલો નથી, પરંતુ નિર્લેપ છે. એનો સંચાલક છે. હે અર્જુન, તમામ ક્ષેત્રોમાં હું પણ ક્ષેત્રજ્ઞ છું. બીજા મહાપુરુષ સાથે પોતાની તુલના કરી. આથી સ્પષ્ટ થાય છે કે શ્રીકૃષ્ણ પણ એક યોગી હતા. કેમકે જે જાણે છે તે ક્ષેત્રજ્ઞ છે, એવું મહાપુરુષોએ કહ્યું છે. હું પણ ક્ષેત્રજ્ઞ છું અર્થાત્ અન્ય મહાપુરુષોની જેમ હું પણ છું.

એમણે ક્ષેત્ર જેવું છે, જે વિકારોવાળું છે, ક્ષેત્રજ્ઞ જે પ્રભાવવાળો છે, એના પર પ્રકાશ પાડ્યો. હું જ આમ કહું છું એમ નથી. મહર્ષિઓએ પણ આ જ કહ્યું છે. વેદના છંદોમાં પણ એને વિભાજિત કરીને દર્શાવાયું છે. બ્રહ્મસૂત્રમાં પણ આજ વાત કહી છે.

શરીર (જે ક્ષેત્ર છે) શું જેટલું દેખાય છે તેટલું જ છે ? શરીર હોવા છતાં જેમનો ખૂબ મોટો હાથ છે તે ગણાવતાં દર્શાવ્યું કે આઠ પ્રકારની — અષ્ટધા મૂળ પ્રકૃતિ, અવ્યક્ત પ્રકૃતિ, દશ ઈન્દ્રિયો અને મન, ઈન્દ્રિયોના પાંચ વિષય આશા, તૃષ્ણા અને વાસના — આ પ્રકારના વિકારોનું સામૂહિક મિશ્રણ એ જ શરીર છે. જ્યાં સુધી એ રહેશે ત્યાં સુધી શરીર કોઈ ને કોઈ રૂપમાં રહેશે. આ જ ક્ષેત્ર છે. એમાં વાવેલ સારાં-ખોટાં બીજ સંસ્કારો રૂપે ફલિત થાય છે. જે એનો પાર પામે છે તે ક્ષેત્રજ્ઞ છે. ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ દર્શાવતાં એમણે ઈશ્વરી ગુણધર્મો પર પ્રકાશ પાડ્યો છે અને કહ્યું છે કે ક્ષેત્રજ્ઞ આ ક્ષેત્રનો પ્રકાશક છે.

એમણે દર્શાવ્યું કે સાધનના પૂર્તિકાળમાં પરમતત્ત્વ પરમાત્માનું પ્રત્યક્ષ દર્શન જ જ્ઞાન છે. જ્ઞાનનો અર્થ છે સાક્ષાત્કાર. એ સિવાયનું બાકીનું બધું અજ્ઞાન છે. જાણવા યોગ્ય વસ્તુ પરાત્પર બ્રહ્મ છે. તે ન સત્ છે, ન અસત્

છે. આ બન્નેથી પર છે. એમને જાણવા માટે લોકો બહાર મૂર્તિ રાખીને નહિ, પણ હ્દયમાં ધ્યાન ધરે છે. ઘણા લોકો સાંખ્ય માધ્યમથી ધ્યાન કરે છે. શેષ નિષ્કામ કર્મયોગી, સમર્પણની સાથે એની પ્રાપ્તિ માટે એ નિર્ધારિત કર્મ-આરાધનાનું આચરણ કરે છે. જે એની વિધિ જાણતો નથી તે પણ તત્ત્વસ્થિત મહાપુરુષોનો ઉપદેશ સાંભળીને આચરણ કરે છે. તે પણ પરમ કલ્યાણને પ્રાપ્ત કરે છે. એટલે કાંઈ ન સમજાય તો એને જાણનાર મહાપુરુષોનો સત્સંગ આવશ્યક છે.

સ્થિતપ્રજ્ઞ મહાપુરુષનાં લક્ષણ બતાવતાં યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું કે જેમ આકાશ (સર્વત્ર સમાન રહીને પણ નિર્લેપ છે, જેમ સૂર્ય સર્વત્ર પ્રકાશ કરતો હોવા છતાં નિર્લેપ છે.) બરાબર તે જ પ્રકારે સ્થિતપ્રજ્ઞ પુરુષ, સર્વત્ર સમ ઈશ્વરને જેવો છે તેવો જ જોવાની ક્ષમતાવાળો પુરુષ, ક્ષેત્રથી અથવા પ્રકૃતિથી સર્વથા નિર્લેપ છે. અંતમાં એમણે નિર્ણય આપ્યો કે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞની જાણકારી જ્ઞાનરૂપી નેત્રોથી જ શક્ય છે. આગળ બતાવ્યું તેમ જ્ઞાન તે પરમાત્માના પ્રત્યક્ષ દર્શનની સાથે મળનારી જાણકારી છે. શાસ્ત્રો ખૂબ ગોખી ગોખી તેનો પાઠ કરવો તે જ્ઞાન નથી, પરંતુ તેનું અધ્યયન તથા મહાપુરુષો પાસેથી તે કર્મ સમજી, તે કર્મ પર ચાલીને, મનસહિત ઈન્દ્રિયોનો નિગ્રહ અને તે નિગ્રહના પણ વિલયકાળમાં પરમતત્ત્વને જોવાની સાથે જે અનુભૂતિ થાય છે તે અનુભૂતિનું નામ જ્ઞાન છે. ક્રિયા જરૂરી છે. આ અધ્યાયમાં મુખ્યત્વે ક્ષેત્રજ્ઞનું સવિસ્તર વર્ણન કર્યું. વસ્તુતઃ ક્ષેત્રનું સ્વરૂપ વ્યાપક છે. શરીર કહેવું તો સરલ છે પણ શરીરનો સંબંધ ક્યાં સુધી છે. તો સમગ્ર બ્રહ્માંડ મૂલ પ્રકૃતિનો વિસ્તાર છે. તેમાંથી તમારું જીવન ઉષ્માભર્યુ છે. તેના વિના તમે જીવી જ ન શકો. આ ભૂમંડળ, વિશ્વ, જગત, દેશ-પ્રદેશ અને તમારું આ દેખાતું શરીર તે પ્રકૃતિનો એક ટુકડો પણ નથી. આ પ્રકારે ક્ષેત્રનું જ આ અધ્યાયમાં વિસ્તારથી વર્ણન કર્યું છે, તેથી —

**ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे 'क्षेत्रक्षेत्रज्ञविभागयोग' नाम त्रयोदशोऽध्यायः ॥१३॥**

આ રીતે શ્રીમદ્‌ભગવદ્‌ગીતારૂપી ઉપનિષદ અને બ્રહ્મવિદ્યા તથા યોગશાસ્ત્રરૂપ શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદમાં 'ક્ષેત્રક્ષેત્રજ્ઞવિભાગયોગ' નામનો તેરમો અધ્યાય પૂરો થાય છે.

**इति श्रीमत्परमहंस परमानन्दस्य शिष्य स्वामी श्री अडगडानन्दकृते श्रीमद्‌भगवद्‌गीतायाः 'यथार्थ गीता' भाष्ये 'क्षेत्रक्षेत्रज्ञविभागयोग' नाम त्रयोदशोऽध्यायः ॥१३॥**

આ રીતે શ્રીમત્પરમહંસ પરમાનન્દજીના શિષ્ય સ્વામી શ્રી અડગડાનન્દકૃત શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના ભાષ્ય 'યથાર્થ ગીતા'માં 'ક્ષેત્રક્ષેત્રજ્ઞવિભાગયોગ' નામનો તેરમો અધ્યાય પૂરો થાય છે.

**॥ हरिः ॐ तत्सत् ॥**

ॐ

**श्री परमात्मने नमः**

# અધ્યાય ચૌદમો

આગલા અનેક અધ્યાયોમાં યોગેશ્વર શ્રીકૃષ્ણે જ્ઞાનનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું. અધ્યાય ૪-૧૯માં એમણે બતાવ્યું કે જે પુરુષ દ્વારા સંપૂર્ણપણે શરૂ કરાયેલ નિયત કર્મ ક્રમશઃ ઉત્થાન પામીને એટલું સૂક્ષ્મ થઈ ગયું કે કામના અને સંકલ્પ સંપૂર્ણતયા શમી ગયાં. એ સમયે તે જેને જાણવા માગે છે તેની પ્રત્યક્ષ અનુભૂતિ થઈ જાય છે. એ અનુભૂતિનું નામ જ્ઞાન છે. તેરમા અધ્યાયમાં જ્ઞાનની વ્યાખ્યા કરી. **'अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम्'** આત્મજ્ઞાનમાં એકરસ સ્થિતિ અને તત્ત્વના અર્થસ્વરૂપ પરમાત્માનું પ્રત્યક્ષ દર્શન તે જ્ઞાન છે. ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞના ભેદને જાણી લીધા બાદ જ જ્ઞાન છે. જ્ઞાન એટલે શાસ્ત્રાર્થ નહિ. શાસ્ત્રોને યાદ કરી લેવાં એ જ્ઞાન નથી. અભ્યાસથી જે તબક્કે તત્ત્વ સમજાઈ જાય છે તે અવસ્થા જ્ઞાન છે. પરમાત્માના સાક્ષાત્કારની સાથે થનારી અનુભૂતિનું નામ જ્ઞાન છે. એથી વિપરીત બધું અજ્ઞાન છે.

આ રીતે બધું બતાવી દીધા પછી પ્રસ્તુત ચૌદમા અધ્યાયમાં યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે, 'હે અર્જુન, આ જ્ઞાનમાં પણ પરમ ઉત્તમ જ્ઞાન વિષે હું તને ફરી કહીશ.' યોગેશ્વર એની પુનરાવૃત્તિ કરે છે. કેમકે **'शास्त्र सुचिन्तित पुनि पुनि देखिय ।'** જેના વિષે સારી રીતે ચિંતન કર્યું છે તે

શાસ્ત્ર પણ વારંવાર જોતા રહેવું જોઈએ. આટલું જ નહિ, પરંતુ તમે સાધનાપથ પર જેમ જેમ આગળ વધતા જાઓ, જેમ જેમ ઇષ્ટમાં પ્રવેશ પામતા જશો, તેમ તેમ બ્રહ્મની નવી નવી અનુભૂતિ થશે. આ જાણકારી સદ્‌ગુરુ મહાપુરુષ જ આપે છે. આથી શ્રીકૃષ્ણ કહે છે કે હવે હું ફરીથી કહીશ.

સૂરતી (સ્મૃતિ) એવો પટ છે જેના પર સંસ્કારો સદા અંકાતા રહે છે. પથિકની ઇષ્ટમાં પ્રવેશ અપાવનારી જાણકારી ધૂંધળી થાય તો તેના સ્મૃતિ-પટ પર પ્રકૃતિ અંકિત થવા માંડે છે. તે વિનાશનું કારણ બને છે. આથી સાધકે પૂર્તિ પર્યંત ઇષ્ટ સંબંધી જ્ઞાનનું પુનરાવર્તન કરતા રહેવું જોઈએ. આજે સ્મૃતિ ભલે જીવંત છે. પરંતુ આગળની અવસ્થાઓમાં પ્રવેશ મળતાંની સાથે આ અવસ્થા નહિ રહે. આથી પૂજ્ય મહારાજજી કહેતા કે બ્રહ્મવિદ્યાનું ચિંતન સદૈવ કરો. એક માળા રોજ ફેરવો. ચિંતનથી ફેરવેલી માળા બહારની માળા નથી.

**ब्रह्मविद्या का चिन्तन रोज करो, एक माला रोज घुमाओ ।**
**जो चिन्तन से घुमाई जाती है, बाहर की माला नहीं ॥**

આ તો સાધક માટે છે, પરંતુ જે વાસ્તવિક સદ્‌ગુરુ છે તે હંમેશાં પથિકની પાછળ લાગેલા રહે છે. અંદરથી તેના આત્માથી જાગ્રત થઈને તથા બહાર પોતાના ક્રિયા-કલાપોથી અભિનવ પરિસ્થિતિઓથી માહિતગાર કરાવતા રહે છે. યોગેશ્વર શ્રીકૃષ્ણ પણ મહાપુરુષ હતા. અર્જુન શિષ્યના સ્થાને છે. એણે શ્રીકૃષ્ણને પોતાની સંભાળ લેવાની પ્રાર્થના કરી હતી. આથી શ્રીકૃષ્ણે કહ્યું કે જ્ઞાનમાં પણ અતિ ઉત્તમ જ્ઞાન હું ફરીથી તારા માટે કહીશ.

**श्री भगवानुवाच**

**परं भूयः प्रवक्ष्यामि ज्ञानानां ज्ञानमुत्तमम् ।**
**यज्ज्ञात्वा मुनयः सर्वे परां सिद्धिमितो गताः ॥१॥**

બધાં જ્ઞાનોમાં પણ અતિ ઉત્તમ જ્ઞાન, પરમ જ્ઞાન હું ફરીથી તારા માટે કહીશ (જે હું આગળ કહી ગયો છું.) તે જાણીને બધા મુનિઓ આ સંસાર પાર કરીને ઊંચી સિદ્ધિને પામે છે. (તે પામ્યા પછી કંઈ પણ પામવાનું બાકી રહેતું નથી.)

**इदं ज्ञानमुपाश्रित्य मम साधर्म्यमागताः ।**
**सर्गेऽपि नोपजायन्ते प्रलये न व्यथन्ति च ॥२॥**

આ જ્ઞાનને **उपाश्रित्य** આ જ્ઞાનનો નિકટતાથી આશ્રય લઈને, કર્મ કરીને જેઓ મારા સ્વરૂપને પામ્યા છે તેવા લોકો સૃષ્ટિના ઉત્પત્તિકાળે ફરી જન્મતા નથી અને પ્રલયકાળે અર્થાત્ શરીરના અંત વેળાએ દુઃખ અનુભવતા નથી. કેમકે મહાપુરુષોના શરીરનો અંત તો જ્યારે તે સ્વરૂપને પ્રાપ્ત કરે છે ત્યારે જ આવી ગયો હોય છે. ત્યાર બાદ એમનું શરીર તો રહેવા માટેનું મકાન માત્ર રહે છે. લોકો જ્યાં જન્મ લે છે એ પુનર્જન્મનું સ્થાન ક્યાં ? આ અંગે શ્રીકૃષ્ણ કહે છે.

**मम योनिर्महद्ब्रह्म तस्मिन्गर्भं दधाम्यहम् ।**
**संभवः सर्वभूतानां ततो भवति भारत ॥३॥**

હે અર્જુન ! **महदब्रह्म** અર્થાત્ અષ્ટધા મૂળ પ્રકૃતિ સર્વ ભૂતોની યોનિ છે. તેમાં હું ચેતનરૂપી બીજ મૂકું છું. આ જડ-ચેતનના સંયોગથી તમામ પ્રાણીઓની ઉત્પત્તિ થાય છે.

**सर्वयोनिषु कौन्तेय मूर्तयः संभवन्ति याः ।**
**तासां ब्रह्म महद्योनिरहं बीजप्रदः पिता ॥४॥**

હે કૌન્તેય ! બધી યોનિઓમાં જે જે જીવો પેદા થાય છે તે સૌની **योनि** ઉત્પત્તિસ્થાન ગર્ભ ધારણ કરનારી માતા આઠ ભેદોવાળી મૂલ પ્રકૃતિ જ છે અને હું જ તેમાં બીજારોપણ કરનાર પિતા છું. અન્ય કોઈ નથી માતા કે નથી પિતા. જ્યાં સુધી જડ-ચેતનનો સંયોગ રહેશે ત્યાં સુધી જન્મ થતો રહેશે. કોઈ ને કોઈ નિમિત્ત તો બનતું રહેશે. ચેતન આત્મા, જડ પ્રકૃતિમાં શા માટે બંધાય છે ? એ અંગે કહે છે –

**सत्त्वं रजस्तम् इति गुणाः प्रकृतिसंभवाः ।**
**निबध्नन्ति महाबाहो देहे देहिनमव्ययम् ॥५॥**

હે મહાબાહો ! પ્રકૃતિથી ઉત્પન્ન થતા સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ નામના ત્રણ ગુણો અવિનાશી જીવાત્માને દેહમાં બાંધે છે. કઈ રીતે ?

**तत्र सत्त्वं निर्मलत्वात्प्रकाशकमनामयम् ।**
**सुखसङ्गेन बध्नाति ज्ञानसङ्गेन चानघ ॥६॥**

હે પાપરહિત અર્જુન ! એ ત્રણ ગુણોમાં પ્રકાશ કરનાર નિર્વિકાર સત્ત્વગુણ તો **निर्मलत्वात्** નિર્મળ અથવા શુદ્ધ હોવાથી સુખ અને જ્ઞાનની આસક્તિથી આત્માને દેહમાં બાંધે છે. સત્ત્વગુણ પણ બંધન જ છે. અંતર એટલું જ છે કે સુખ એક માત્ર પરમાત્મામાં જ છે અને જ્ઞાન સાક્ષાત્કારનું નામ છે. સત્ત્વગુણી પરમાત્માનો સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી બંધાયેલો રહે છે.

**रजो रागात्मकं विद्धि तृष्णासङ्गसमुद्भवम् ।**
**तन्निबध्नाति कौन्तेय कर्मसङ्गेन देहिनम् ॥७॥**

હે અર્જુન ! રાગનું જીવતુંજાગતું સ્વરૂપ રજોગુણ છે. એને તું **कर्मसंगेन** કામના અને આસક્તિથી ઉત્પન્ન થયેલો જાણ. તે જીવાત્માને કર્મ અને એના ફળની આસક્તિમાં બાંધે છે. તે કર્મમાં પ્રવૃત્ત કરે છે.

**तमस्त्वज्ञानजं विद्धि मोहनं सर्वदेहिनाम् ।**
**प्रमादालस्यनिद्राभिस्तन्निबध्नाति भारत ॥८॥**

હે ભારત ! બધા જીવોને મોહ પાડનાર તમોગુણને અજ્ઞાનમાંથી ઉત્પન્ન થયેલો જાણ. તે જીવાત્માને પ્રમાદ એટલે વ્યર્થ ચેષ્ટા, આળસ (કાલે કરીશું એવી વૃત્તિ) અને નિદ્રા વડે દેહમાં બાંધે છે. નિદ્રાનો અર્થ એવો નથી કે તમોગુણી વધારે ઊંઘે છે. શરીર સૂએ છે એવી વાત નથી. **या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी** જગત જ રાત્રિ છે. તમોગુણી વ્યક્તિ આ જગતરૂપી રાત્રિમાં દિન-રાત વ્યસ્ત રહે છે. પ્રકાશસ્વરૂપ પ્રતિ અચેત રહે છે. આ તમોગુણી નિદ્રા છે. જે એમાં ફસાયો છે તે સૂતો છે. હવે આ ત્રણ ગુણોના બંધનનું સામૂહિક સ્વરૂપ બતાવે છે :

**सत्त्वं सुखे संजयति रजः कर्मणि भारत ।**
**ज्ञानमावृत्य तु तमः प्रमादे संजयत्युत ॥९॥**

હે અર્જુન ! સત્ત્વગુણ સુખમાં લગાવે છે, શાશ્વત પરમસુખની ધારામાં જોડે છે. રજોગુણ કર્મમાં પ્રવૃત્ત કરે છે અને તમોગુણ જ્ઞાનને

આચ્છાદિત કરીને પ્રમાદમાં અર્થાત્ અંતઃકરણની વ્યર્થ ચેષ્ટાઓમાં લગાવે છે. જો ગુણ એક જ સ્થાન પર, એક જ હૃદયમાં છે, તો અલગ અલગ કેવી રીતે વિભક્ત થઈ જાય છે. આ અંગે યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે –

**रजस्तमश्चाभिभूय सत्वं भवति भारत ।**
**रजः सत्त्वं तमश्चैव तमः सत्त्वं रजस्तथा ॥१०॥**

હે અર્જુન ! રજોગુણ અને તમોગુણને દબાવીને સત્ત્વગુણ વૃદ્ધિ પામે છે. સત્ત્વગુણ અને તમોગુણને દબાવીને રજોગુણ વૃદ્ધિ પામે છે., તે જ પ્રમાણે રજોગુણ અને સત્ત્વગુણને દબાવી તમોગુણ વૃદ્ધિ પામે છે. કયો ગુણ કામ કરી રહ્યો છે તે કેવી રીતે ઓળખી શકાય ?

**सर्वद्वारेषु देहेऽस्मिन्प्रकाश उपजायते ।**
**ज्ञानं यदा तदा विद्याद्विवृद्धं सत्त्वमित्युत ॥११॥**

જ્યારે આ દેહમાં તથા અંતઃકરણ તથા બધી ઈન્દ્રિયોમાં ઈશ્વરીય પ્રકાશ અને જ્ઞાન ઉત્પન્ન થાય છે. ત્યારે સત્ત્વગુણની વિશેષ વૃદ્ધિ થઈ છે એમ જાણવું તથા –

**लोभः प्रवृत्तिरारम्भः कर्मणामशमः स्पृहा ।**
**रजस्येतानि जायन्ते विवृद्धे भरतवर्षभ ॥१२॥**

હે ભરતશ્રેષ્ઠ ! જ્યારે રજોગુણની વૃદ્ધિ થાય છે ત્યારે લોભ, પ્રવૃત્તિ, કર્મોનો આરંભ, અશાંતિ અર્થાત્ મનની ચંચળતા અને વિષયભોગોની લાલસા ઉત્પન્ન થાય છે, હવે તમોગુણની વૃદ્ધિમાં શું થાય છે ?

**अप्रकाशोऽप्रवृत्तिश्च प्रमादो मोह एव च ।**
**तमस्येतानि जायन्ते विवृद्धे कुरुनन्दन ॥१३॥**

હે અર્જુન ! તમોગુણની વૃદ્ધિ થાય છે ત્યારે **अप्रकाशः** (પ્રકાશ પરમાત્માનો દ્યોતક છે.) ઈશ્વરીય પ્રકાશ તરફ આગળ ન વધવાનો સ્વભાવ **कार्यम् कर्म** જે કરવા યોગ્ય કાર્યવિશેષ છે તે ન કરવાં, અંતઃકરણમાં વ્યર્થ ચેષ્ટાઓનો પ્રવાહ અને સંસારમાં મુગ્ધ કરનારી પ્રવૃત્તિઓ – આ બધું ઉત્પન્ન થાય છે. આ ગુણોની જાણકારીથી શો લાભ થાય છે ?

**यदा सत्त्वे प्रवृद्धे तु प्रलयं याति देहभृत् ।**
**तदोत्तमविदां लोकानमलान्प्रतिपद्यते ।।१४।।**

સત્ત્વગુણની વૃદ્ધિ થઈ હોય તે વેળાએ જીવાત્મા મૃત્યુ પામે, શરીર ત્યાગ કરે તો ઉત્તમ કર્મ કરનારા નિર્મળ દિવ્ય લોકને પામે છે.

**रजसि प्रलयं गत्वा कर्मसङ्गिषु जायते ।**
**तथा प्रलीनस्तमसि मूढयोनिषु जायते ।।१५।।**

રજોગુણની વૃદ્ધિ થઈ હોય ત્યારે મૃત્યુ પામે તો તે કર્મોની આસક્તિવાળા મનુષ્યોમાં જન્મે છે અને તમોગુણની વૃદ્ધિ થઈ હોય ત્યારે મૃત્યુ પામે તો તે મૂઢ યોનિઓમાં જન્મ પામે છે. જ્યાં કીટ-પતંગાદિ પર્યંતની યોનિઓ વિસ્તરેલી છે. તેથી ગુણોમાં પણ મનુષ્યે સાત્ત્વિક ગુણવાળા થવું જોઈએ. પ્રકૃતિની આ બેંક આપના અર્જિત ગુણો મૃત્યુ પછી પણ આપને પાછા સુરક્ષિત સોંપે છે. હવે એનું પરિણામ જોઈએ –

**कर्मणः सुकृतस्याहुः सात्त्वि  निर्मलं फलम् ।**
**रजसस्तु फलं दुःखमज्ञानं तमसः फलम् ।।१६।।**

સાત્ત્વિક કર્મનું ફળ સાત્ત્વિક અને નિર્મળ સુખ, જ્ઞાન તથા વૈરાગ્ય વગેરે હોય છે. રાજસી કર્મનું ફળ દુઃખ હોય છે અને તામસી કર્મનું ફળ અજ્ઞાન હોય છે.

**सत्त्वात्संजायते ज्ञानं रजसो लोभ एव च ।**
**प्रमादमोहौ तमसो भवतोऽज्ञानमेव च ।।१७।।**

સત્ત્વગુણથી જ્ઞાન ઉત્પન્ન થાય છે. (ઈશ્વરીય અનુભૂતિનું નામ જ્ઞાન છે.) ઈશ્વરીય અનુભૂતિનો પ્રવાહ વહે છે. રજોગુણથી નિઃસંદેહ લોભ ઉત્પન્ન થાય છે. તમોગુણથી પ્રમાદ, મોહ, આળસ (અજ્ઞાન) જ ઉત્પન્ન થાય છે. આ ઉત્પન્ન થઈને કઇ ગતિ આપે છે ?

**उर्ध्वं गच्छन्ति सत्त्वस्था मध्ये तिष्ठन्ति राजसाः ।**
**जधन्यगुणवृत्तिस्था अधो गच्छन्ति तामसाः ।।१८।।**

સત્ત્વગુણમાં સ્થિત મનુષ્ય **उर्ध्वमूल** ઊંચે પરમાત્મા તરફ વળે છે, નિર્મિત લોકમાં જાય છે. રજોગુણવાળો મનુષ્ય વચમાંના મનુષ્યલોકમાં જ

જન્મે છે, જેમની પાસે ન તો **सात्त्विकं** વિવેકવૈરાગ્ય હોય છે, ન તો તે કીટ-પતંગ જેવી અધમ યોનિમાં જાય છે. પરંતુ વારંવાર પુનર્જન્મ પ્રાપ્ત કરે છે. નિંદાપાત્ર તમોગુણવાળો તામસી પુરુષ **अधोगति** અર્થાત્ પશુ-પક્ષી, કીટ-પતંગ વગેરે અધમ યોનિ પ્રાપ્ત કરે છે, આ રીતે ત્રણેય પ્રકારના ગુણો કોઈ ને કોઈ રીતે યોનિનું કારણ છે. જે મનુષ્ય આ ગુણોને પાર કરી લે છે તે જન્મબંધનમાંથી છૂટી જાય છે અને મારા સ્વરૂપને પ્રાપ્ત કરે છે. આ વિષે કહે છે –

**नान्यं गुणेभ्यः कर्तारं यदा द्रष्टानुपश्यति ।**
**गुणेभ्यश्च परं वेत्ति मद्भावं सोऽधिगच्छति ॥१९॥**

જે કાળમાં દ્દષ્ટા આત્મા ત્રણ ગુણો સિવાય બીજો કોઈ કર્તા નથી જોતો અને આ ત્રણ ગુણોથી અત્યંત પર એવા પરમતત્ત્વને **वेत्ति** જાણી લે છે તે વેળા તે પુરુષ મારા સ્વરૂપને પ્રાપ્ત કરે છે. ગુણ જ ગુણોમાં વર્તે છે એ બૌદ્ધિક માન્યતા નથી. સાધના કરતાં કરતાં એક એવી અવસ્થા આવે છે કે જ્યાં આ પરમની અનુભૂતિ થાય છે. ગુણો સિવાય કોઈ કર્તા દેખાતો નથી. આ સમયે પુરુષ ત્રણ ગુણોથી પર થઈ જાય છે. આ કલ્પિત માન્યતા નથી. આ વિષે આગળ કહે છે –

**गुणानेतानतीत्य त्रीन्देही देहसमुद्भवान् ।**
**जन्ममृत्युजरादुःखैर्विमुक्तोऽमृतमश्नुते ॥२०॥**

પુરુષ આ સ્થૂળ દેહની ઉત્પત્તિના કારણરૂપ આ ત્રણેય ગુણોને પાર કરી જન્મ-મૃત્યુ અને વૃદ્ધાવસ્થા તથા સર્વ પ્રકારનાં દુઃખોમાંથી વિશેષ રૂપે મુક્ત થઈને અમૃતતત્વનું પાન કરે છે. આથી અર્જુને પ્રશ્ન કર્યો.

**अर्जुन उवाच**

**कैर्लिङ्गैस्त्रीन्गुणानेतानतीतो भवति प्रभो ।**
**किमाचारः कथं चैतांस्त्रीन्गुणानतिवर्तते ॥२१॥**

હે પ્રભુ ! આ ત્રણે ગુણોને તરી જનાર મનુષ્ય ક્યાં લક્ષણોવાળો હોય છે ? તેનું આચરણ કેવું હોય ? અને આ ત્રણ ગુણોને તે કેવી રીતે ઓળંગી જાય છે ?

**श्री भगवानुवाच**

**प्रकाशं च प्रवृत्तिं च मोहमेव च पाण्डव ।**
**न द्वेष्टि संप्रवृत्तानि न निवृत्तानि काङ्क्षति ।।२२।।**

અર્જુનના ઉપર્યુક્ત ત્રણે પ્રશ્નોના ઉત્તર આપતાં યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું, હે પાંડુપુત્ર, જે મનુષ્ય સત્ત્વગુણના કાર્યરૂપ ઈશ્વરીય પ્રકાશ, રજોગુણના કાર્યરૂપ પ્રવૃત્તિ અને તમોગુણના કાર્યરૂપ મોહને પ્રવૃત્ત થતાં ન તો ખરાબ સમજે છે અને તે શમી જતાં ન તો તેમની ઈચ્છા કરે છે. તથા—

**उदासीनवदासीनो गुणैर्यो न विचाल्यते ।**
**गुणा वर्तन्त इत्येव योऽवतिष्ठति नेङ्गते ।।२३।।**

ઉદાસીનની જેમ રહેતા તેને ગુણો વડે વિચલિત કરી શકાતો નથી. ગુણો જ ગુણોમાં વરતે છે એમ વસ્તુતઃ જાણીને તે સ્થિતિમાં સ્થિર રહે છે, અર્થાત્ ડગતો નથી, ત્યારે તે ગુણોને પાર કરી જાય છે.

**समदुःखसुखः स्वस्थः समलोष्टाश्मकाञ्चनः ।**
**तुल्यप्रियाप्रियो धीरस्तुल्यनिन्दात्मसंस्तुतिः ।।२४।।**

જે નિરંતર સ્વયંમાં અર્થાત્ આત્મભાવના સ્થિત છે, સુખદુઃમાં સમ છે, જે સ્વસ્થ છે, માટી પથ્થર અને સોનામાં જે સમાન ભાવવાળો છે, ધૈર્યવાન છે, જે પ્રિય અને અપ્રિયને સરખા ગણે છે, જે પોતાની નિંદા અને સ્તુતિમાં સમાન ભાવવાળો છે,

**मानापमानयोस्तुल्यस्तुल्यो मित्रारिपक्षयोः ।**
**सर्वारम्भपरित्यागी गुणातीतः स उच्यते ।।२५।।**

જે માન અને અપમાનને સરખાં માને છે, મિત્ર અને શત્રુ પક્ષમાં પણ સમાન છે અને જેણે કર્મોના બધા આરંભોને છોડી દીધા છે તે પુરુષ ગુણાતીત કહેવાય છે.

શ્લોક બાવીસથી પચ્ચીસ સુધી ગુણાતીત પુરુષનાં લક્ષણ અને આચાર દર્શાવ્યાં છે. ગુણાતીત વ્યક્તિ ચલાયમાન થતી નથી, ગુણોથી તેને વિચલિત કરી શકાતી નથી, તે સ્થિર રહે છે.

હવે ગુણોથી પર થવાનો વિધિ દર્શાવ્યો છે –

**मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते ।**
**स गुणान्समतीत्यैतान्ब्रह्मभूयाय कल्पते ॥२६॥**

જે પુરુષ અવ્યભિચારિણી ભક્તિ વડે અર્થાત્ ઈષ્ટદેવ સિવાયનાં તમામ સાંસારિક સ્મરણોથી સર્વથા મુક્ત થઈને યોગ દ્વારા અર્થાત્ નિયત કર્મ દ્વારા અને નિરંતર ભજે છે, તે આ ત્રણે ગુણોને સારી રીતે પાર કરીને પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરવાને લાયક બને છે. એનું નામ કલ્પ છે. બ્રહ્મની સાથે એકાત્મભાવ સાધવો એ જ વાસ્તવિક કલ્પ છે. અનન્ય ભાવથી નિયત કર્મનું આચરણ કર્યા વિના કોઈ ગુણોની પાર પહોંચી શકતું નથી. અંતમાં યોગેશ્વર નિર્ણય આપે છે કે –

**ब्रह्मणो हि प्रतिष्ठाहममृतस्याव्ययस्य च ।**
**शाश्वतस्य च धर्मस्य सुखस्यैकान्तिकस्य च ॥२७॥**

હે અર્જુન ! અવિનાશી બ્રહ્મનો (જેની સાથે તે કલ્પ કરે છે, જેમાં તે ગુણાતીત એકાત્મભાવથી પ્રવેશ કરે છે.) અમૃતનો, શાશ્વત ધર્મનો અને તે અખંડ એકરસ આનંદનો હું જ આશ્રય છું. અર્થાત્ પરમાત્મસ્થિત સદ્ગુરુ જ આ બધાનો આશ્રય છે. શ્રીકૃષ્ણ એક યોગેશ્વર હતા. તમને અવ્યક્ત, અવિનાશી બ્રહ્મ, શાશ્વત ધર્મ, અખંડ એકરસ આનંદની આવશ્યકતા હોય તો કોઈ તત્ત્વસ્થિત, અવ્યક્તસ્થિત મહાપુરુષનું શરણ લો. એના દ્વારા જ આ શક્ય બનશે.

**નિષ્કર્ષ :**

આ અધ્યાયના પ્રારંભમાં યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું કે, હે અર્જુન, જ્ઞાનોમાં પણ અતિ ઉત્તમ પરમ જ્ઞાન હું તને ફરીથી કહીશ. જે જાણીને મુનિજન ઉપાસના દ્વારા મારું સ્વરૂપ પ્રાપ્ત કરે છે. પછી તે સૃષ્ટિમાં જન્મ લેતો નથી. શરીરનું મૃત્યુ તો થવાનું જ છે. તે સમયે તે વ્યથિત થતો નથી. વાસ્તવમાં પરમાત્માની પ્રાપ્તિ થાય એ દિવસથી જ તે શરીરને છોડી દે છે. પ્રાપ્તિ તો જીવતાં જ થાય છે, પરંતુ શરીરનો અંત આવતાં તે દુઃખી થતો નથી.

પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા ત્રણ ગુણો - સત્ત્વ, રજસ અને તમસ્ જીવાત્માને શરીરમાં બાંધે છે. બે ગુણોને દબાવીને ત્રીજો ગુણ વૃદ્ધિ પામી શકે છે. ગુણ પરિવર્તનશીલ છે. પ્રકૃતિ અનાદિ છે, તે નાશ પામતી નથી. પરંતુ ગુણોનો પ્રભાવ દૂર કરી શકાય. ગુણ મન પર પ્રભાવ પાડે છે. સત્ત્વગુણની વૃદ્ધિ થાય છે ત્યારે ઈશ્વરીય પ્રકાશ અને બોધશક્તિ ઉત્પન્ન થાય છે. રજોગુણ રાગાત્મક છે. ત્યારે કર્મનો લોભ રહે છે, આસક્તિ રહે છે અને અંતઃકરણમાં તમોગુણ પેદા થતાં આળસ અને પ્રમાદ જન્મ લે છે, સત્ત્વની વૃદ્ધિ થાય ત્યારે જો મૃત્યુ થાય તો મનુષ્ય ઊર્ધ્વલોક-નિર્મળ લોકમાં પહોંચે છે. રજોગુણની વૃદ્ધિ વખતે મૃત્યુ થાય તો મનુષ્ય માનવયોનિમાં પાછો જન્મ લે છે અને તમોગુણની અવસ્થામાં મૃત્યુ થાય તો મનુષ્ય શરીર છોડીને પશુ-કીટ-પતંગાદિ અધમ યોનિ પ્રાપ્ત કરે છે. આથી લોકોએ ક્રમશઃ સાત્ત્વિક ગુણ પ્રતિ આગળ વધવું જોઈએ. વાસ્તવમાં ત્રણેય ગુણો કોઈ ને કોઈ યોનિના કારણરૂપ છે. ગુણ જ આત્માને શરીરમાં બાંધે છે. આથી ગુણોથી પાર પહોંચવું જોઈએ.

તેઓ જેનાથી મુક્ત થાય છે તેનું સ્વરૂપ દર્શાવતાં યોગેશ્વરે કહ્યું કે અષ્ટધા મૂલ પ્રકૃતિ તે ગર્ભને ધારણ કરનારી માતા છે અને હું જ બીજરૂપી પિતા છું. અન્ય કોઈ નથી માતા, નથી પિતા, જ્યાં સુધી આ ક્રમ રહેશે ત્યાં સુધી ચરાચર જગતમાં નિમિત્તરૂપે કોઈને કોઈ માતાપિતા બનતાં રહેશે. પરંતુ વાસ્તવમાં પ્રકૃતિ જ માતા છે અને હું જ પિતા છું.

— આ અંગે અર્જુને ત્રણ પ્રશ્નો રજૂ કર્યાં. ગુણાતીત પુરુષનાં લક્ષણો કયાં છે ? તેનું આચરણ કેવું છે અને કયા ઉપાયો દ્વારા મનુષ્ય આ ત્રણ ગુણોને ઓળંગી શકે છે. આથી શ્રીકૃષ્ણે આ રીતે ગુણાતીત પુરુષનાં લક્ષણ અને આચરણ દર્શાવ્યાં અને અંતમાં ગુણાતીત થવાના ઉપાય દર્શાવ્યા. જે પુરુષ અવ્યભિચારીણિ ભક્તિ અને યોગ દ્વારા નિરંતર મને ભજે છે. તે ત્રણ ગુણોની પાર પહોંચી જાય છે. બીજા કોઈનું ધ્યાન ન કરતાં નિરંતર ઈષ્ટનું ચિંતન કરવું એ અવ્યભિચારીણી ભક્તિ છે. જે સંસારના સંયોગ-વિયોગથી સર્વથા મુક્ત છે, એનું નામ યોગ છે. એને કાર્યરૂપ આપવાની પ્રણાલીનું નામ કર્મ છે. અવ્યભિચારિણી ભક્તિ દ્વારા નિયત કર્મના આચરણથી જ પુરુષ ત્રણ ગુણોથી પર થાય છે અને ગુણાતીત થઈને

બ્રહ્મની સાથે એકલીન બને છે અને એ રીતે સંપૂર્ણ કલ્પ પ્રાપ્ત કરવા યોગ્ય બને છે. ગુણ મન પર પ્રભાવ પાડે છે, પરંતુ એનો વિલય થતાં બ્રહ્મની સાથે એકીભાવ અનુભવાય છે. આ વાસ્તવિક કલ્પ છે આમ ભજન વિના કોઈ ગુણાતીત બની શકતું નથી.

અંતમાં શ્રીકૃષ્ણ નિર્ણય આપે છે કે આ ગુણાતીત પુરુષ જ બ્રહ્મમાં લીન થાય છે, બ્રહ્મનો, અમૃતત્ત્વનો, શાશ્વત ધર્મનો અને અખંડ એકરસ આનંદનો હું જ આશ્રય છું – અર્થાત્ મુખ્ય કર્તા છું. હવે શ્રીકૃષ્ણ તો ચાલ્યા ગયા. હવે તે આશ્રય પણ જતો રહ્યો, તો તો શંકા ઊભી થાય. આવો આશ્રય હવે ક્યાં મળશે. પરંતુ શ્રીકૃષ્ણે પોતાનો પરિચય આપ્યો છે, ઓળખાણ કરાવી છે. તેઓ એક યોગી હતા. સ્વરૂપસ્થ મહાત્મા હતા. અર્જુને કહેલું, હું તમારો શિષ્ય છું. હું તમારા શરણે આવ્યો છું મને સંભાળો. ઠેર ઠેર શ્રીકૃષ્ણે પોતાનો પરિચય આપ્યો છે. સ્થિતપ્રજ્ઞ મહાપુરુષનાં લક્ષણો પણ બતાવ્યાં અને પોતાની તુલના એમની સાથે કરી. આમ સ્પષ્ટ છે કે શ્રીકૃષ્ણ એક મહાત્મા યોગી હતા. તમારે અખંડ, એકરસ, આનંદ, શાશ્વત ધર્મ અથવા અમૃતતત્ત્વની આવશ્યકતા હોય તો તેની પ્રાપ્તિનું એકમાત્ર સ્થાન સદ્‌ગુરુ છે. માત્ર પુસ્તક વાંચીને એને કોઈ પામી શકશે નહિ. જ્યારે તે મહાપુરુષ આત્માથી અભિન્ન થઈને રથી બની જાય છે ત્યારે ધીમે ધીમે અનુરાગીને સંચાલિત કરીને એના સ્વરૂપ સુધી – જેમાં તે પોતે પ્રતિષ્ઠિત છે – પહોંચાડી દે છે, અને એ જ એક માત્ર માધ્યમ છે. આ રીતે યોગેશ્વર શ્રીકૃષ્ણે પોતાને સર્વના આશ્રયસ્થાન હોવાનું જણાવ્યું, આમ કહી ચૌદમો અધ્યાય સમાપ્ત કર્યો. આમ ગુણો અંગે વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું.

**ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायांयोगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे 'गुणत्रय-विभाग-योगो' नाम चतुर्दशोऽध्यायः ॥१४॥**

આ રીતે શ્રીમદ્‌ભગવદ્‌ગીતારૂપી ઉપનિષદ અર્થાત્ બ્રહ્મવિદ્યા તથા યોગશાસ્ત્રવિષયક શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદમાં 'ગુણત્રય-વિભાગયોગ' નામનો ચૌદમો અધ્યાય પૂરો થયો.

**इति श्रीमत्परमहंस परमानन्दस्य शिष्य स्वामी श्री अडगडानन्दकृते श्रीमद्भागवद्गीतायाः 'यथार्थ गीता' भाष्ये 'गुणत्रय-विभाग-योगो' नाम चतुर्दशोऽध्यायः ॥१४॥**

આ રીતે શ્રીમત્પરમહંસ પરમાનન્દજીના શિષ્ય સ્વામી શ્રી અડગડાનંદજીકૃત શ્રીમદ્ભગવદ્ગીતાના ભાષ્ય 'યથાર્થ ગીતા'માં 'ગુણત્રય-વિભાગ-યોગ' નામનો ચૌદમો અધ્યાય પૂરો થાય છે.

**॥ हरिः ॐ तत्सत् ॥**

ॐ

**श्री परमात्मने नमः**

# અધ્યાય પંદરમો

મહાપુરુષોએ સંસારને વિવિધ દૃષ્ટાંતોથી સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. કેટલાકે એને ભવાટવી કહ્યો છે, તો કેટલાકે સંસારસાગર કહ્યો છે. અવસ્થા-ભેદને કારણે એને ભવનદી અને ભવકૂપ પણ કહેવામાં આવે છે. ક્યારેક એની તુલના ગો-પદથી અર્થાત્ ઇન્દ્રિયોનો જેટલો વિસ્તાર છે એટલો જ સંસાર છે — એવી તુલના કરવામાં આવી અને અંતે એવી પણ અવસ્થા આવી કે **'नाम लेत भव सिंधु सुखाहीं'** ભવસિંધુ પણ સુકાઈ ગયો. શું સંસારમાં આવો સમુદ્ર છે ? યોગેશ્વર શ્રીકૃષ્ણે પણ સંસારને સમુદ્ર અને વૃક્ષની સંજ્ઞા આપી છે. અધ્યાય બારમાં એમણે કહ્યું — જે મારો અનન્ય ભક્ત છે, એમનો સંસાર-સમુદ્રથી જલદી ઉદ્ધાર કરવાવાળો છું. અહીં પ્રસ્તુત અધ્યાયમાં યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે કે સંસાર એક વૃક્ષ છે. એને કાપતાં રહીને યોગીજનો તે પરમપદને શોધે છે.

**उर्ध्वमूलमधःशाखमश्वत्थं प्राहुरव्ययम् ।**
**छन्दांसि यस्य पर्णानि यस्तं वेद स वेदवित् ॥१॥**

અર્જુન ! **'उर्ध्वमूल'** ઉપર પરમાત્મા જ જેનું મૂળ છે. **'अधःशाखम्'** નીચે પ્રકૃતિ જેની શાખા છે આવા સંસારરૂપી પીપળાના વૃક્ષને અવિનાશી કહેવામાં આવ્યું છે. (વૃક્ષ તો અ-શ્વઃ અર્થાત્ કાલ સુધી પણ રહેનારું નથી. ગમે ત્યારે તે કપાઈ જાય, પરંતુ તે અવિનાશી છે.) શ્રીકૃષ્ણના કહેવા

પ્રમાણે અવિનાશી બે વસ્તુ છે. એક સંસારરૂપી વૃક્ષ અવિનાશી છે અને બીજું એનાથી પર પરમતત્ત્વ અવિનાશી છે. વેદને આ અવિનાશી સંસાર-વૃક્ષનાં પાંદડાં કહેવામાં આવ્યાં છે. જે વ્યક્તિ આ સંસારરૂપી વૃક્ષને (જોતો હોવા છતાં) જાણી લે છે, તે વેદનો જ્ઞાતા છે.

પુસ્તકો વાંચનાર નહિ, પરંતુ આ સંસારવૃક્ષને ઓળખનારે – જાણનારે વેદને જાણ્યો છે એમ કહેવાય, પુસ્તક વાંચવામાં તો તે તરફ આગળ વધવાની માત્ર પ્રેરણા જ મળે છે. પાંદડાંને સ્થાને વેદની શી આવશ્યકતા ? વસ્તુતઃ પુરુષ ભટકતો ભટકતો જે અંતિમ કૂંપળ અર્થાત્ અંતિમ જન્મ પામે છે, ત્યાંથી જ વેદના તે છંદ (કલ્યાણ સર્જન કરનાર) પ્રેરણા આપે છે, ત્યાંથી જ એનો ઉપયોગ છે. ત્યાંથી ભટકવાનું બંધ થઈ જાય છે. તે સ્વરૂપ તરફ વળી જાય છે તથા

**अधश्चोर्ध्वं प्रसृतास्तस्य शाखा गुणप्रवृद्धा विषयप्रवालाः ।**
**अधश्च मूलान्यनुसंततानि कर्मानुबन्धीनि मनुष्यलोके ॥२॥**

આ સંસારરૂપી વૃક્ષની ત્રણે ગુણો દ્વારા વિકસેલી વિષય અને જીવરૂપી કૂંપળોવાળી શાખાઓ નીચે અને ઉપર સર્વત્ર ફેલાયેલી છે. નીચેની તરફ ડીકા પતંગિયાં સુધી અને ઉપર દેવભાવથી બ્રહ્માપર્યંત સર્વત્ર ફેલાયેલી છે. તથા માત્ર મનુષ્ય યોનિમાં કર્મો અનુસાર બાંધનારી છે. અન્ય તમામ યોનિ ભોગ ભોગવવા માટે છે. મનુષ્ય-યોનિ જ કર્મો અનુસાર બંધન તૈયાર કરે છે.

**न रूपमस्येह तथोपलभ्यते नान्तो न चादिर्न च संप्रतिष्ठा ।**
**अश्वत्थमेनं सुविरूढमूलमसङ्गशस्त्रेण दृढेन छित्वा ॥३॥**

પરંતુ આ સંસાર-વૃક્ષનું જે રૂપ કહેવામાં આવ્યું છે તેવું અહીં જોવા મળતું નથી કેમકે ન તો એનો આદિ છે, ન તો એનો અંત છે. અને ન તો એ સારી રીતે સ્થિત છે (કેમ કે તે પરિવર્તનશીલ છે.) તે સુદઢ મૂળવાળા સંસારરૂપી વૃક્ષને દઢ **'असंगशस्त्रेण'** અસંગ અર્થાત્ વૈરાગ્યરૂપી શસ્ત્ર દ્વારા કાપીને (સંસારરૂપી વૃક્ષને કાપવાનું છે. એવું નથી કે પીપળાના મૂળમાં પરમાત્મા વસે છે અને પીપળાના પાનમાં વેદ છે. તે વૃક્ષની આરતી કરવા લાગો એવું કાંઈ નથી.) પરમ તત્ત્વની પ્રાપ્તિ કરવાની છે.

આ સંસાર-વૃક્ષનું મૂળ તો સ્વયં પરમાત્મા બીજરૂપે પ્રસારિત છે. તો શું તે પણ કપાઈ જશે ? દઢ વૈરાગ્ય દ્વારા આ પ્રકૃતિનો સંબંધ કપાઈ જાય છે, આ જ સંબંધ કાપવાનો છે. પરંતુ કાપીને કરવાનું શું ?

**ततः पदं तत्परिमार्गितव्यं यस्मिन्गता न निवर्तन्ति भूयः ।**
**तमेव चाद्यं पुरुषं प्रपद्ये यतः प्रवृत्तिं प्रसृता पुराणी ॥४॥**

દઢ વૈરાગ્ય દ્વારા સંસારવૃક્ષને કાપવા ઉપરાંત પરમપદ પરમેશ્વરને સારી રીતે શોધવો જોઈએ. એમાં લીન થયેલો પુરુષ પાછો સંસારમાં આવતો નથી. અર્થાત્ તે પૂર્ણ નિવૃત્તિ પ્રાપ્ત કરી લે છે. પરંતુ એની ખોજ કેવી રીતે સંભવિત છે. યોગેશ્વર કહે છે, આને માટે સમર્પણ આવશ્યક છે. જે પરમેશ્વરથી પુરાતનસંસાર-વૃક્ષની પ્રવૃત્તિ વિસ્તરી, તે આદિપુરુષ પરમાત્માના હું શરણે છું. (એના શરણે ગયા વિના વૃક્ષ મટી જશે નહિ) હવે, શરણમાં ગયેલા વૈરાગ્યમાં સ્થિત વ્યક્તિ કેવી રીતે સમજે કે વૃક્ષ કપાઈ ગયું ? એની ઓળખ શી ? આ વિષે કહે છે —

**निर्मानमोहा जितसङ्गदोषा अध्यात्मनित्या विनिवृत्तकामाः ।**
**द्वन्द्वैर्विमुक्तां सुखदुःखसंज्ञैर्गच्छन्त्यमूढाः पदमव्ययं तत् ॥५॥**

ઉપર્યુક્ત સમર્પણની ભાવનાથી જે મનુષ્યનો મોહ અને માન વિરમી ગયાં છે. આસક્તિરૂપી સંગદોષ પર જેણે વિજય મેળવ્યો છે, **अध्यात्मनित्या** પરમાત્માના સ્વરૂપમાં જેમનો નિરંતર વાસ છે, જેમની કામનાઓ વિશેષરૂપે નિવૃત્ત થઈ ગઈ છે અને સુખ-દુઃખનાં દ્વંદ્વોથી વિમુક્ત થયેલા જ્ઞાનીજન તે અવિનાશી પરમપદને પ્રાપ્ત કરે છે. ત્યાં સુધી વૈરાગ્યની આવશ્યકતા રહે છે. જેને પામે છે તે પરમપદનું સ્વરૂપ કેવું છે ?

**न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः ।**
**यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ॥६॥**

તે પરમપદને સૂર્ય, ચંદ્ર કે અગ્નિ કોઈ પ્રકાશિત કરી શકાતું નથી. જે પરમ પદને પ્રાપ્ત કરીને મનુષ્ય સંસારમાં પાછો આવતો નથી તે જ મારું પરમધામ છે. અર્થાત્ એનો પુનર્જન્મ થતો નથી. આ પદની પ્રાપ્તિમાં બધાનો સરખો અધિકાર છે. આ અંગે કહે છે —

**ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।**
**मनःषष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति ॥७॥**

**'जीवलोके'** અર્થાત્ આ દેહમાં (શરીર જ લોક છે) આ જીવાત્મા મારો જ સનાતન અંશ છે અને તે જ આ ત્રિગુણામયી માયામાં સ્થિત મન સહિતની પાંચ ઈન્દ્રિયોને આકર્ષિત કરે છે. કેવી રીતે ?

**शरीरं यदवाप्नोति यच्चाप्युत्क्रामतीश्वरः ।**
**गृहीत्वैतानि संयाति वायुर्गन्धानीवाशयात् ।।८।।**

જે રીતે વાયુ, સ્થળ પરથી ગંધને ગ્રહણ કરી સાથે લઈને ફરે છે. તે જ રીતે દેહનો સ્વામી જીવાત્મા જે પહેલાં શરીરને ત્યાગે છે. એમાંથી મન અને પાંચ જ્ઞાનેન્દ્રિયોના કાર્યકલાપને ગ્રહણ કરીને (આકર્ષિત કરીને, સાથે લઈને) ફરી જે શરીર પ્રાપ્ત કરે છે તેમાં જાય છે. (આગલું શરીર નિશ્ચિત જ હોય તો લોટનો પિંડ બનાવીને કોને પહોંચાડો છો ? કોણ લે છે ? આથી શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું હતું કે આ અજ્ઞાન તને કેવી રીતે મળ્યું કે પિંડોદક ક્રિયા સમાપ્ત થઈ જશે.) ત્યાં જઈને શું કરે છે ? મન સાથેની છ ઇન્દ્રિયો કોણ છે ?

**श्रोत्रं चक्षुः स्पर्शनं च रसनं घ्राणमेव च ।**
**अधिष्ठाय मनश्चायं विषयानुपसेवते ।।९।।**

આ શરીરમાં રહેલો જીવાત્મા કાન, આંખ, ત્વચા, જીભ, નાક અને મનનો આશ્રય લઈને અર્થાત્ આ બધાને સહારે જ વિષયોનું સેવન કરે છે. પરંતુ આ બહાર દેખાતું નથી. બધા એને દેખી શકતા નથી. આ અંગે શ્રીકૃષ્ણ કહે છે –

**उत्क्रामन्तं स्थितं वापि भुञ्जानं वा गुणान्वितम् ।**
**विमूढा नानुपश्यन्ति पश्यन्ति ज्ञानचक्षुषः ।।१०।।**

શરીરને છોડીને જતા, શરીરમાં સ્થિત રહેતા, વિષયોને ભોગવતા તથા ત્રણે ગુણો સાથે જોડાયેલા જીવાત્મા અને તેની આ ક્રિયાઓને મૂઢ બુદ્ધિવાળો અજ્ઞાની જાણતો નથી. માત્ર જ્ઞાનરૂપી દૃષ્ટિવાળા વિવેકી જ એને જાણે છે. આ દૃષ્ટિ મળે કેવી રીતે ? આગળ જોઈએ –

**यतन्तो योगिनश्चैनं पश्यन्त्यात्मन्यवस्थितम् ।**
**यतन्तोऽप्यकृतात्मानो नैनं पश्यन्त्यचेतसः ।।११।।**

યોગીજનો ચિત્તને બધી બાજુથી સમેટી લઈને પ્રયત્ન કરતાં જ પોતાના હૃદયમાં આ આત્માને પ્રત્યક્ષપણે જુએ છે. પરંતુ અકૃતાર્થ આત્મવાળા અર્થાત્ અશુદ્ધ અંતઃકરણવાળા અજ્ઞાની લોકો પ્રયત્ન કરવા છતાં આત્માને જાણતા નથી. (કેમ કે એમનું અંતઃકરણ હજુ બાહ્ય.

પ્રવૃત્તિઓમાં વીખરાયેલું છે.) ચિત્તને બધી બાજુએથી અંદર સમેટી લઈને અંતરાત્મામાં પ્રયત્ન કરનાર ભાવિકજનો એને પામવા સમર્થ બને છે. તેથી અંતઃકરણથી સતત સુમિરન – સ્મરણ – આવશ્યક છે. હવે તે મહાપુરુષોના સ્વરૂપમાં જે વિભૂતિઓ જોવા મળે છે. (જે આગળ વર્ણવી પણ છે.) એ અંગે પ્રકાશ પાડે છે –

**यदादित्यगतं तेजो जगद्भासयतेऽखिलम् ।**
**यच्चन्द्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामकम् ॥१२॥**

સૂર્યમાં રહેલું જે તેજ સમગ્ર જગતને પ્રકાશિત કરે છે અને જે તેજ ચંદ્રમાં તથા અગ્નિમાં છે, તેને તું મારું તેજ જાણ. હવે એ મહાપુરુષ દ્વારા થતાં કાર્ય બતાવે છે.

**गामाविश्य च भूतानि धारयाम्यहमोजसा ।**
**पुष्णामि चौषधीः सर्वाः सोमो भूत्वा रसात्मकः ॥१३॥**

હું જ પૃથ્વીમાં પ્રવેશ કરીને મારી શક્તિ વડે સર્વ પ્રાણીઓને ધારણ કરું છું તથા ચંદ્રમાં રસસ્વરૂપ થઈને સર્વ વનસ્પતિઓને પોષણ આપું છું.

**अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः ।**
**प्राणापानसमायुक्तः पचाम्यन्नं चतुर्विधम् ॥१४॥**

હું જઠરાગ્નિ થઈ પ્રાણીઓના શરીરોમાં રહી પ્રાણ તથા અપાનવાયુથી યુક્ત થઈ ચાર પ્રકારના અન્ન પચાવું છું.

ચોથા અધ્યાયમાં સ્વયં યોગેશ્વરે ઈન્દ્રિયાગ્નિ, સંયમાગ્નિ, યોગાગ્નિ, પ્રાણ-અપાનાગ્નિ, બ્રહ્માગ્નિ વગેરે તેર-ચૌદ અગ્નિનો ઉલ્લેખ કર્યો છે, એ દરેકનું પરિણામ જ્ઞાન છે. જ્ઞાન જ અગ્નિ છે. શ્રીકૃષ્ણ કહે છે કે આવા અગ્નિસ્વરૂપ થઈને પ્રાણ તથા અપાનથી જોડાયેલી ચાર વિધિઓથી (જપ હંમેશાં શ્વાસ-પ્રશ્વાસથી થાય છે. એની ચાર વિધિ છે – વૈખરી, મધ્યમા, પશ્યન્તી તથા પરા – આ ચાર વિધિઓથી) તૈયાર થતા અન્નને હું પચાવું છું.

શ્રીકૃષ્ણના કહેવા પ્રમાણે બ્રહ્મ જ એકમાત્ર અન્ન છે, જેનાથી આત્મા સંપૂર્ણ તૃપ્ત થઈ જાય છે. ફરી કદી અતૃપ્ત થતો નથી. શરીરનાં પોષક

પ્રચલિત અન્નને યોગેશ્વરે આહારની સંજ્ઞા આપી છે. **युक्ताहार....** વાસ્તવિક અન્ન તો પરમાત્મા છે. વૈખરી, મધ્યમા, પશ્યન્તી તથા પરાની ચાર વિધિઓથી અન્ન પરિપક્વ થાય છે. આને જ અનેક મહાપુરુષોએ નામ, રૂપ લીલા અને ધામ તરીકે ઓળખાવ્યાં છે. પ્રથમ નામનો જપ થાય છે. ક્રમશઃ હૃદયમાં ઈષ્ટનું સ્વરૂપ પ્રગટવા લાગે છે. ત્યાર બાદ એની લીલાનો બોધ થાય છે કે ઈશ્વર કેવી રીતે કણ-કણમાં વ્યાપ્ત છે, કેવી રીતે તે સર્વત્ર કાર્ય કરે છે. આ રીતે હૃદય-દેશમાં ક્રિયાકલાપોનું દર્શન એ જ લીલા છે. (બહારની રામલીલા-રાસલીલા નહિ)— આ ઈશ્વરીય લીલાનો પ્રત્યક્ષ અનુભવ કરતાં જ્યારે મૂળ લીલાધારીનો સ્પર્શ મળે છે ત્યારે ધામની સ્થિતિ ઉત્પન્ન થાય છે. એને જાણીને સાધક એમાં પ્રતિષ્ઠિત થાય છે. એમાં પ્રતિષ્ઠિત થવું અને પરાવાણીની પરિપક્વ અવસ્થામાં બ્રહ્મનો સ્પર્શ મેળવીને એનામાં સ્થિત થવું બંને એકીસાથે થાય છે.

આ રીતે પ્રાણ અને અપાન અર્થાત્ શ્વાસ અને પ્રશ્વાસયુક્ત થઈને ચાર વિધિઓથી અર્થાત્ વૈખરી, મધ્યમા, પશ્યન્તી અને ક્રમશઃ ઉત્થાન થતાં પરાના પૂર્તિકાળમાં તે 'અન્ન' બ્રહ્મ પરિપક્વ થઈ જાય છે. બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. તે અન્ન પચી પણ જાય છે. અને પાત્ર પણ પરિપક્વ જ હોય છે.

**सर्वस्य चाहं हृदि संनिविष्टो मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च ।**
**वेदैश्च सवैरहमेव वेद्यो वेदान्तकृद्वेदविदेव चाहम् ॥१५॥**

હું સર્વ પ્રાણીઓના હૃદયમાં અંતર્યામીરૂપે રહેલો છું. મારે લીધે સ્વરૂપની સ્મૃતિ (સૂરતી-તત્ત્વ - પરમાત્મા ભુલાઈ ગયો છે તેનું સ્મરણ) થાય છે. (પ્રાપ્તિકાળનું ચિત્રણ છે) સ્મૃતિની સાથે જ જ્ઞાન (સાક્ષાત્કાર) અને **अपोहम्** અર્થાત્ બાધાઓ — વિઘ્નો —નું શમન મારા લીધે જ થાય છે. સર્વ વેદો દ્વારા જાણવા યોગ્ય હું જ છું. વેદાન્તના કર્તા અર્થાત્ **वेदस्य अन्तः स वेदान्त** (અલગ હતા એટલે તો જાણકારી મળી. જાણવાની સાથે જ એ સ્વરૂપમાં પ્રતિષ્ઠિત થઈ ગયા. તો પછી કોણ કોને જાણે ?) વેદની અંતિમ સ્થિતિનો કર્તા હું જ છું. **'वेदवित्'** વેદનો જાણકાર પણ હું જ છું.

અધ્યાયની શરૂઆતમાં એમણે કહેલું કે સંસાર વૃક્ષ છે. પરમાત્મારૂપી મૂળ ઉપર છે અને નીચે પ્રકૃતિરૂપી શાખાઓ છે. જે આ મૂળથી પ્રકૃતિનું વિભાજન કરીને જાણે છે, મૂળને જાણે છે તે વેદજ્ઞાતા છે. હું જ વેદજ્ઞ છું. એને જે જાણે તે મનુષ્ય સાથે શ્રીકૃષ્ણે પોતાની તુલના કરી કે તે વેદજ્ઞ છે. હું પણ વેદજ્ઞ છું. શ્રીકૃષ્ણ પણ એક તત્ત્વજ્ઞ મહાપુરુષ, યોગીઓના પણ પરમયોગી છે. અહીં એક પ્રશ્ન પૂરો થયો. હવે દર્શાવે છે કે સંસારમાં પુરુષનું સ્વરૂપ બે પ્રકારનું છે –

**द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।**
**क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ॥१६॥**

અર્જુન ! આ સંસારમાં '**क्षर**' નાશવંત, પરિવર્તનશીલ અને અક્ષર **अक्षर** અમર, અપરિવર્તનશીલ એમ બે પ્રકારના પુરુષ છે. એમાં પ્રાણીમાત્રનાં શરીર નાશવંત છે. પુરુષ ક્ષર છે અને કૂટસ્થ પુરુષ અવિનાશી કહેવાય છે. સાધન દ્વારા મનસહિત ઇન્દ્રિયોનો નિરોધ અર્થાત્ જેમનો ઇન્દ્રિયસમૂહ કૂટસ્થ છે, તે અક્ષર કહેવાય છે, પરંતુ આ પણ પુરુષની અવસ્થા-વિશેષ જ છે, આ બંનેથી પર એક અન્ય પુરુષ પણ છે–

**उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।**
**यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥१७॥**

આ બંને કરતાં અતિ ઉત્તમ પુરુષ તો અન્ય જ છે, જે ત્રણે લોકમાં પ્રવેશ કરીને તમામનું પાલણપોષણ કરે છે તે અવિનાશી, પરમાત્મા, ઈશ્વર છે. પરમાત્મા અવ્યક્ત, અવિનાશી, પુરુષોત્તમ વગેરે તેના પર્યાયવાચી શબ્દો છે. વાસ્તવમાં તે અન્ય જ છે. અર્થાત્ અનિર્વચનીય છે. આ ક્ષર-અક્ષરથી પર મહાપુરુષની અંતિમ અવસ્થા છે. જેને પરમાત્મા વગેરે શબ્દો દ્વારા સૂચવવામાં આવે છે, પરંતુ તે અન્ય છે અર્થાત્ અનિર્વચનીય છે. આ સ્થિતિમાં યોગેશ્વર શ્રીકૃષ્ણ પોતાનો પણ પરિચય આપે છે.

**यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।**
**अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥१८॥**

ઉપર્યુક્ત નાશવાન, પરિવર્તનશીલ ક્ષેત્રથી સર્વથા પર છું અને અક્ષર-અવિનાશી કૂટસ્થ પુરુષથી પણ ઉત્તમ છું. તેથી લોકોમાં અને વેદોમાં હું પુરુષોત્તમ નામથી પ્રસિદ્ધ છું.

**यो मामेवमसंमूढो जानाति पुरुषोत्तमम् ।**
**स सर्वविद्भजति मां सर्वभावेन भारत ॥१९॥**

હે ભારત ! જે મનુષ્ય મોહ વિનાનો થઈ મને આ પ્રમાણે પુરુષોત્તમ સાક્ષાત્ સ્વરૂપ જાણે છે, તે સર્વજ્ઞ હોઈ મને સર્વભાવથી ભજે છે. તે મારાથી અલગ નથી.

**इति गुह्यतमं शास्त्रमिदमुक्तं मयानध ।**
**एतद्बुध्वा बुद्धिमान्स्यात्कृतकृत्यश्च भारत ॥२०॥**

હે નિષ્પાપ અર્જુન ! આ રીતે આ અત્યંત ગુપ્ત (અધ્યાત્મ) શાસ્ત્ર મેં તને કહ્યું. આને જાણીને મનુષ્ય પૂર્વજ્ઞાતા તથા કૃતાર્થ થાય છે. અતઃ યોગેશ્વર શ્રીકૃષ્ણની આ વાણી સ્વયં એક પૂર્ણ શાસ્ત્ર છે.

શ્રીકૃષ્ણનું આ રહસ્ય અત્યંત ગુપ્ત હતું. એમણે આ શાસ્ત્ર માત્ર અર્જુન અને ઉદ્ધવને જ બતાવેલું. આ અધિકારી વ્યક્તિ માટે હતું – બધા માટે નહિ, પરંતુ જ્યારે આ રહસ્ય (શાસ્ત્ર) લખવામાં આવે, બધાની સામે પુસ્તક રહે ત્યારે એમ લાગે કે શ્રીકૃષ્ણે બધાને આ કહ્યું, પરંતુ વાસ્તવમાં અધિકૃત વ્યક્તિ માટે જ આ રહસ્ય છે. શ્રીકૃષ્ણનું આ સ્વરૂપ બધા માટે હતું પણ નહિ, કોઈ એને રાજા, કોઈ દૂત, તો કોઈ યાદવ માનતા હતા. પરંતુ અધિકારી અર્જુનથી એમણે કોઈ અંતર રાખ્યું ન હતું. તેણે જાણ્યું કે તે પરમસત્ય પુરુષોત્તમ છે. જો તેમણે અંતર રાખ્યું હોત તો એનું કલ્યાણ થયું જ ન હોત.

આવી વિશેષતા પ્રત્યેક મહાપુરુષમાં હોય છે. રામકૃષ્ણ પરમહંસ એક વખત ખૂબ પ્રસન્ન હતા. ભક્તોએ પૂછ્યું, આજ આપ ખૂબ ખુશ દેખાઓ છો. તો એમણે કહ્યું, "આજ હું તે પરમહંસ બની ગયો." એમના સમકાલીન કોઈ સારા મહાપુરુષ પરમહંસ હતા. એમની તરફ સંકેત કરવામાં આવ્યો. થોડીક વાર પછી મન, કર્મ, વચનથી વિરક્તિની

આશાથી પોતાની પાછળ લાગેલા સાધકોને કહ્યું, દેખો હવે તમે શંકા ન કરતા. હું તે જ રામ છું. જે ત્રેતાયુગમાં થઈ ગયા. હું એ જ કૃષ્ણ છું, જે દ્વાપરમાં થયા. હું એનો જ પવિત્ર આત્મા છું, તે જ સ્વરૂપ છું. અગર બ્રહ્મને પ્રાપ્ત કરવો હોય તો મને જુઓ.

બરાબર આ જ રીતે 'પૂજ્ય ગુરુ મહારાજે' પણ બધાની સમક્ષ કહ્યું, **हो हम भगवान् के दूत हैं । जे सचहूं का संत है, वह भगवान का दूत है । हमारे द्वारा ही उनका सन्देश मिलता है ।** અમે ભગવાનના દૂત છીએ. જે સાચા સંત છે તે ભગવાનના દૂત છે. અમારા દ્વારા જ એમનો સંદેશો મળે છે. ઈસુએ કહ્યું, હું ભગવાનનો પુત્ર છું. મારી પાસે આવો. - એટલા માટે કે ઈશ્વરના પુત્ર કહેવાશો. બધા પુત્ર થઈ શકે છે. અલબત્ત, એના સુધી પહોંચવા માટે, એની નજદીક જવા માટે સાધના કરવી જરૂરી છે. સાધના-માર્ગે ચાલીને જ ત્યાં પહોંચાય. મહમ્મદે કહ્યું, હું અલ્લાહનો રસૂલ છું. સંદેશવાહક છું. પૂજ્ય મહારાજજી બધાને એટલું જ કહેતા હતા, ન કોઈ વિચારનું ખંડન કે ન મંડન, પરંતુ જેઓ વિરક્ત થઈને એમની પાછળ લાગેલા તેમને કહેતા કે, "કેવળ મારા સ્વરૂપને જુઓ. તમારામાં પરમતત્ત્વને પામવાની ચાહના હોય તો મને જુઓ. શંકા ન કરો. ઘણાએ શંકા કરી." એ બધાને અનુભવ-દર્શન કરાવીને, ઠપકો આપીને, બાહ્ય વિચારોમાંથી હટાવીને યોગેશ્વર શ્રીકૃષ્ણ મતાનુસાર જેમાં (અધ્યાય ૨-૪૦-૪૩) અનંત પૂજા-વિધિઓ છે - પોતાના સ્વ-રૂપમાં સંલગ્ન કર્યા. તે આજની ઘડી સુધી મહાપુરુષના રૂપમાં સ્થિત છે. આ રીતે શ્રીકૃષ્ણની પોતાની સ્થિતિ ગુપ્ત તો હતી, પરંતુ પોતાના અનન્ય ભક્ત, પૂર્ણ અધિકારી, અનુરાગી અર્જુન પ્રતિ જ તેઓ દશ્યમાન થયા. દરેક ભક્ત માટે આ સંભવિત છે. મહાપુરુષ લાખો લોકોને આ માર્ગ પર લાવે છે.

**નિષ્કર્ષ :**

આ અધ્યાયના આરંભમાં યોગેશ્વર શ્રીકૃષ્ણે જણાવ્યું કે સંસાર એક વૃક્ષ છે. પીપળા જેવું વૃક્ષ છે. પીપળો તો એક ઉદાહરણ માત્ર છે. ઉપર એનું મૂળ પરમાત્મા છે. નીચે પ્રકૃતિ એની શાખાપ્રશાખા છે. જે આ વૃક્ષને મૂળ સહિત જાણી લે છે તે વેદોનો જ્ઞાતા છે. આ સંસારવૃક્ષની શાખાઓ ઉપર અને નીચે સર્વત્ર ફેલાયેલી છે અને મૂળ વગેરે એની જડની જાળ પણ ઉપર-નીચે સર્વત્ર ફેલાયેલી છે. કેમકે મૂળ તો ઈશ્વર છે તે જ બીજરૂપે પ્રત્યેક જીવ-હૃદયમાં નિવાસ કરે છે.

પૌરાણિક આખ્યાન છે કે એક વખત કમળ પર બિરાજમાન બ્રહ્માજીએ વિચાર કર્યો કે મારો ઉદ્‌ગમ શો છે ? જ્યાંથી તેમનું સર્જન થયું હતું તે કમળ-નાળમાં પ્રવેશી તેમણે ચાલવા માંડ્યું. સતત ચાલતા રહ્યા.પરંતુ પોતાનું મૂળ - ઉદ્‌ગમસ્થાન જોઈ શક્યા નહિ. ત્યારે હતાશ થઈને તે કમળના આસન પર બેસી ગયા. ચિત્તનો નિરોધ કરવામાં પ્રવૃત્ત થઈ ગયા. ધ્યાન દ્વારા એમણે પોતાનું મૂળ - ઉદ્‌ગમસ્થાન જોઈ લીધું. પરમતત્ત્વનો સાક્ષાત્કાર કર્યો, તેમની સ્તુતિ કરી. પરમસ્વરૂપ પાસેથી જ આદેશ મળ્યો કે, હું છું સર્વત્ર વ્યાપ્ત, પરંતુ મારી પ્રાપ્તિ કેવળ હૃદયમાં જ થાય છે. હૃદય-દેશમાં જે ધ્યાન ધરે છે તે જ મને પ્રાપ્ત થાય છે.

બ્રહ્મા એક પ્રતીક છે. યોગસાધનાની એક પરિપક્વ અવસ્થામાં આવી જાગૃતિની સ્થિતિ આવે છે. ઈશ્વર પ્રતિ ઉન્મુખ બ્રહ્મવિદ્યાથી યુક્ત બુદ્ધિ જ બ્રહ્મા છે. કમળ પાણીમાં રહેવા છતાં પણ નિર્મળ અને નિર્લેપ રહે છે. બુદ્ધિ આમ-તેમ ભટકે છે. ત્યાં સુધી સત્યની પ્રાપ્તિ થતી નથી પરંતુ બુદ્ધિ જેવી નિર્મળતાના આસન પર બેસે છે કે તરત મન સહિત ઈન્દ્રિયો સમેટાઈ જઈ હૃદયમાં સ્થિર થાય છે. આ વિલીનીકરણ અવસ્થામાં જ, પોતાના હૃદયમાં પરમાત્માની પ્રાપ્તિ થાય છે.

અહીં યોગેશ્વર શ્રીકૃષ્ણના કહેવા મુજબ સંસારવૃક્ષ છે. જેનું મૂળ અને શાખાઓ સર્વત્ર ફેલાયેલાં છે. **कर्मानुबन्धीनि मनुष्यलोके** કર્મો અનુસાર કેવળ મનુષ્ય-યોનિમાં બંધનો પેદા થાય છે, બાંધે છે. મનુષ્ય તેમાં બંધાતો જાય છે. અન્ય યોનિઓ તો કર્મો અનુસાર ભોગ ભોગવે છે. અંતે દૃઢ વૈરાગ્યરૂપી શસ્ત્ર દ્વારા આ સંસારરૂપી પીપળાના વૃક્ષને તું છેદીને પરમતત્ત્વની શોધ કર. આ પરમતત્ત્વની પ્રાપ્તિ થતાં મહર્ષિ પુનર્જન્મ પ્રાપ્ત કરતો નથી.

કેવી રીતે જાણી શકાય કે સંસારવૃક્ષ કપાઈ ગયું ? યોગેશ્વર કહે છે કે જે માન અને મોહથી સંપૂર્ણપણે મુક્ત છે, જેણે સંગદોષ જીતી લીધા છે, જેની કામના નિવૃત્ત થઈ ગઈ છે, જે દ્વંદ્વથી પર થઈ ગયો છે તે પુરુષ પરમતત્ત્વને પ્રાપ્ત કરે છે. આ પરમપદને ન સૂર્ય, ન ચંદ્રમા કે ન તો અગ્નિ પ્રકાશિત કરી શકે છે. તે સ્વયં પ્રકાશરૂપ છે. તેમાં ગયેલો મનુષ્ય ક્યારેય પાછો આવતો નથી. તે જ મારું પરમધામ છે તેને પ્રાપ્ત કરવાનો અધિકાર બધાનો છે, કેમકે જીવાત્મા મારો જ શુદ્ધ અંશ છે.

શરીરનો ત્યાગ કરતી વખતે જીવાત્મા મને તથા પાંચેય ઇન્દ્રિયોના કાર્ય-કલાપને સાથે લઈને જ નવા શરીરને ધારણ કરે છે. સંસ્કાર સાત્ત્વિક હોય તો તે સાત્ત્વિક કક્ષાએ પહોંચી જાય છે. રાજસી હોય તો મધ્યમ સ્થાન પર અને તામસી રહે તો અધમ યોનિમાં પહોંચે છે. ઇન્દ્રિયોના અધિષ્ઠાતા મનના માધ્યમથી વિષયોને જુએ છે અને ભોગવે છે. આ દેખીતું નથી. એ જોવા માટેની દૃષ્ટિ હોવી જોઈએ. આ દૃષ્ટિ એ જ જ્ઞાન છે, કંઈક યાદ કરી લેવું - ગોખી લેવું એ જ્ઞાન નથી. યોગીજન હૃદયમાં અંતર્મુખ થઈને એને જોઈ શકે છે. આમ જ્ઞાન સાધનાગમ્ય છે. અધ્યયનથી એના પ્રત્યે રુચિ પેદા થાય છે. સંશયયુક્ત અકૃતાત્મા લોક પ્રયત્ન કરવા છતાં એને પ્રાપ્ત કરી શકતા નથી.

અહીં પરમતત્ત્વની પ્રાપ્તિ અંગે વર્ણન કરાયું છે. શ્રીકૃષ્ણે કહ્યું કે સૂર્ય અને ચંદ્રમામાં રહેલો પ્રકાશ હું જ છું. અગ્નિમાં તેજ પણ હું જ છું. હું જ પ્રચંડ અગ્નિરૂપી ચાર વિધિઓથી પરિપક્વ અન્ન પચાવું છું. શ્રીકૃષ્ણના શબ્દોમાં **अन्नं ब्रह्म व्यजानात्** જે ઉપનિષદમાંથી શ્રીકૃષ્ણે ટાંક્યું છે તેનો પણ આ જ નિર્ણય છે. અન્ન એકમાત્ર બ્રહ્મ છે. જેને પ્રાપ્ત કરીને આત્મા તૃપ્ત થાય છે. વૈખરીથી પરા સુધી અન્ન પૂર્ણપણે પરિપક્વ થઈને પચી જાય છે. તે પાત્ર પણ ખોવાઈ જાય છે. આ અન્નને હું જ પચાવું છું. અર્થાત્ સદ્‌ગુરુ જ્યાં સુધી સારથિ ન બને ત્યાં સુધી પ્રાપ્તિ થતી નથી.

આ વાતને ભારપૂર્વક સમજાવતાં શ્રીકૃષ્ણ કહે છે કે પ્રાણીઓના અંતર્દેશમાં ઉપસ્થિત રહીને હું બધાને યાદ અપાવું છું. જે સ્વરૂપ ભુલાઈ ગયેલું તે હું યાદ કરાવું છું. સ્મૃતિની સાથોસાથ મળતું જ્ઞાન પણ હું જ છું. એમાં આવતી મુશ્કેલીઓનો ઉપાય પણ હું જ છું. હું જ જાણવા યોગ્ય છું. જાણ્યા બાદ જાણકારીનો અંતકર્તા પણ હું જ છું. કોણ કોને જાણે ? હું વેદજ્ઞ છું. અધ્યાયના પ્રારંભમાં કહેલું કે જે સંસારવૃક્ષને મૂળ સહિત જાણે છે તે વેદજ્ઞ છે, પરંતુ તેને કાપનારા જ જાણે છે. અહીં તેઓ કહે છે કે હું જ વેદજ્ઞ છું. વેદવિદોમાં પોતાની પણ ગણના કરે છે તેથી શ્રીકૃષ્ણ અહીં વેદવિત્ - પુરુષોત્તમ છે, એમને પ્રાપ્ત કરવાનો અધિકાર માનવમાત્રને છે.

અંતમાં એમણે કહ્યું કે લોકમાં ત્રણ પ્રકારના પુરુષ છે. પ્રાણીમાત્રનું શરીર નશ્વર છે. મનની કૂટસ્થ અવસ્થામાં આ જ પુરુષ અક્ષર છે. પરંતુ

છે દ્વંદ્વાત્મક અને એનાથી પણ પર જે પરમાત્મા, પરમેશ્વર, અવ્યક્ત અને અવિનાશી તરીકે ઓળખાય છે તે હકીકતમાં અન્ય પુરુષ છે. તે ક્ષર-અક્ષરથી પર એવી અવસ્થા છે. આ પરમ સ્થિતિ છે. આની સંગત કરતાં તે કહે છે કે ક્ષર-અક્ષરથી પર હું જ છું. આથી લોકો મને પુરુષોત્તમ કહે છે. આ રીતે ઉત્તમ પુરુષને જે જાણે છે તે જ્ઞાની, ભક્તજન હંમેશાં બધે મને જ ભજે છે. એની જાણકારીમાં અંતર નથી. અર્જુન, મેં આ અત્યંત ગુપ્ત રહસ્ય તને જણાવ્યું છે. પ્રાપ્તિ કરનાર મહાપુરુષ બધાની સમક્ષ આ વાત કરતા નથી. પરંતુ અધિકૃત વ્યક્તિથી તે દૂરતા રાખતા નથી. દૂરી રાખે તો તેને પામી કેવી રીતે શકે ?

આ અધ્યાયમાં આત્માની ત્રણ સ્થિતિનું ચિત્રણ ક્ષર-અક્ષર અને અતિ ઉત્તમ પુરુષના રૂપમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે. આગળના બીજા કોઈ અધ્યાયમાં તેમ કરવામાં આવ્યું નથી. તેથી –

**ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायांयोगशास्त्रे श्री कृष्णार्जुनसंवादे 'पुरुषोत्तम योगो' नाम पञ्चदशोऽध्यायः ॥१५॥**

આ રીતે શ્રીમદ્‌ભગવદ્‌ગીતારૂપી ઉપનિષદ અર્થાત્ બ્રહ્મવિદ્યા તથા યોગશાસ્ત્રવિષયક શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદમાં 'પુરુષોત્તમ યોગ' નામનો પંદરમો અધ્યાય પૂરો થયો.

**इति श्रीमत्परमहंस परमानन्दस्यशिष्य स्वामी श्री अडगडानन्दकृते श्रीमद्भागवद्गीतायाः 'यथार्थ गीता' भाष्ये 'पुरुषोत्तम योगो' नाम पञ्चदशोऽध्यायः ॥१५॥**

આ રીતે શ્રીમત્પરમહંસ પરમાનન્દજીના શિષ્ય સ્વામી શ્રી અડગડાનંદજીકૃત શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના ભાષ્ય 'યથાર્થ ગીતા'નો 'પુરુષોત્તમ યોગ' નામનો પંદરમો અધ્યાય પૂરો થાય છે.

**॥ हरिः ॐ तत्सत् ॥**

ॐ
**श्री परमात्मने नमः**

# અધ્યાય સોળમો

યોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણની પ્રશ્નો રજૂ કરવાની પોતાની એક આગવી શૈલી છે. પહેલાં તેઓ પ્રકરણની વિશિષ્ટતાઓનો ઉલ્લેખ કરે છે. તેથી પુરુષ તે તરફ આકર્ષાય, ત્યાર બાદ તેઓ તે પ્રકરણ રજૂ કરે છે. ઉદાહરણ તરીકે કર્મને લો. એમણે બીજા અધ્યાયમાં જ પ્રેરણા આપી કે અર્જુન કર્મ કર. ત્રીજા અધ્યાયમાં એણે નિર્ધારિત કર્મ કરવાનો ઉલ્લેખ કર્યો છે. નિર્ધારિત કર્મ શું છે ? તો કહ્યું કે યજ્ઞ કરવો એ જ કર્મ છે. પછી એમણે યજ્ઞનું સ્વરૂપ ન બતાવ્યું, પરંતુ પહેલાં યજ્ઞ આવ્યો ક્યાંથી અને તે શુ આપે છે તે જણાવ્યું. ચોથા અધ્યાયમાં તેર-ચૌદ વિધિઓથી યજ્ઞનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું, જે કરવું તે કર્મ છે. અહીં કર્મ સ્પષ્ટ થાય છે. એનો શુદ્ધ અર્થ છે યોગ, ચિંતન, આરાધના કે જે મન અને ઇન્દ્રિયોની ક્રિયાથી સંપૂર્ણ થાય છે.

આ રીતે જ એમણે નવમા અધ્યાયમાં દૈવી અને આસુરી સંપત્તિનો ઉલ્લેખ કર્યો. તેની વિશેષતાઓ ઉપર ભાર મૂકતાં કહ્યું. અર્જુન, આસુરી સ્વભાવવાળા મને તુચ્છ ગણીને પોકારે છે. હું પણ મનુષ્યશરીરના

આધારવાળો છું, કારણ કે મનુષ્યશરીરમાં જ મને આ સ્થિતિ પ્રાપ્ત થઈ છે, પરંતુ આસુરી સ્વભાવવાળા, મૂઢ લોકો મને ભજતા નથી, જ્યારે દૈવી સંપત્તિવાળા ભક્તજનો અનન્ય શ્રદ્ધાથી મારી ઉપાસના કરે છે. પરંતુ આ સંપત્તિઓનું સ્વરૂપ અને વર્ણન હજી સુધી બતાવ્યું નથી. હવે સોળમા અધ્યાયમાં યોગેશ્વર તેનું સ્વરૂપ સ્પષ્ટ કરી રહ્યા છે. એમાં પહેલાં દૈવી સંપત્તિના ગુણો બતાવ્યા છે.

**श्री भगवानुवाच**

**अभयं सत्त्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः ।**
**दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ॥१॥**

અભય - ભયનો સંપૂર્ણ અભાવ, અંતઃકરણની શુદ્ધિ, તત્ત્વજ્ઞાન માટે ધ્યાનમાં દૃઢ સ્થિતિ અથવા નિરંતર ચિંતન, સર્વસ્વનું સમર્પણ, ઈન્દ્રિયોનું સારી રીતે દમન, યજ્ઞનું આચરણ (જેવું સ્વયં શ્રીકૃષ્ણે ચોથા અધ્યાયમાં વર્ણવ્યું છે.) સંયમાગ્નિમાં હવન, ઈન્દ્રિયાગ્નિમાં હવન, પ્રાણ-અપાનમાં હવન અને અંતે જ્ઞાનાગ્નિમાં હવન, અર્થાત્ આરાધનાની પ્રક્રિયા કે જે કેવળ મન અને ઈન્દ્રિયોની અંતઃક્રિયાથી થાય છે. તલ, જવ, વેદી ઈત્યાદિ ચીજોથી થનાર યજ્ઞને ગીતાએ કહેલ યજ્ઞ સાથે કોઈ સંબંધ નથી. શ્રીકૃષ્ણે આવા કોઈ પણ કર્મકાંડને યજ્ઞ નથી માન્યો. સ્વાધ્યાય એટલે સ્વરૂપ તરફ અગ્રેસર કરાવનારું અધ્યયન, તપ અર્થાત્ મનસહિત ઈન્દ્રિયોને યોગ્ય રીતે વાળવી તથા **आर्जवम्** શરીર અને ઈન્દ્રિયો સહિત અંતઃકરણની સરળતા –

**अहिंसा सत्यमक्रोधस्त्यागः शान्तिरपैशुनम् ।**
**दया भूतेष्वलोलुप्त्वं मार्दवं ह्रीरचापलम् ॥२॥**

અહિંસા અર્થાત્ આત્માનો ઉદ્ધાર (આત્માને અધોગતિમાં લઈ જવો તે જ હિંસા છે. શ્રીકૃષ્ણ કહે છે – જો હું સાવધાન થઈને કર્મમાં પ્રવૃત્ત ન થાઉં તો આ સમગ્ર પ્રજાનો નાશ કરનારો તથા વર્ણશંકરનો કર્તા બનું. આત્માનો શુદ્ધ વર્ણ છે પરમાત્મા. એનું પ્રકૃતિમાં ભટકવું વર્ણસંકર છે,

આત્માની હિંસા છે અને આત્માનો ઉદ્ધાર જ અહિંસા છે.) સત્ય (સત્યનો અર્થ સાચું અને પ્રિય ભાષણ નથી. તમે કહો છો આ વસ્ત્ર મારું છે તો શું તમે સાચું બોલો છો ? આનાથી મોટું જૂઠ બીજું શું હોય ? જ્યારે શરીર તમારું નથી, નશ્વર છે તો તેને ઢાંકવાનું વસ્ત્ર તમારું ક્યાંથી હોઈ શકે ? વસ્તુતઃ સત્યનું સ્વરૂપ યોગેશ્વરે સ્વયં જણાવ્યું છે કે હે અર્જુન, સત્યનો ત્રણેય કાળમાં કોઈ અભાવ નથી. આ આત્મા જ સત્ય છે. આ જ પરમ સત્ય છે. આ સત્ય પર દૃષ્ટિ રાખવી) ક્રોધનો અભાવ, સર્વસ્વનું સમર્પણ, શુભાશુભ કર્મફળોનો ત્યાગ, મનની ચંચળતાનો સર્વથા અભાવ, લક્ષ્ય વિરુદ્ધ નિંદિત કાર્યો ન કરવાં, સૌ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ, ઇન્દ્રિયોના વિષયો સાથે સંયોગ થવા છતાં પણ તેમાં આસક્તિનો અભાવ, કોમળતા, પોતાના લક્ષ્યથી વિમુખ થવામાં લજ્જા, વ્યર્થ ચેષ્ટાઓનો અભાવ તથા –

**तेजः क्षमा धृतिः शौचमद्रोहो नातिमानिता ।**
**भवन्ति संपदं दैवीमभिजातस्य भारत ॥३॥**

તેજ (જે એકમાત્ર ઈશ્વરમાં જ છે, તેના તેજથી જે કાર્ય કરે છે. મહાત્મા બુદ્ધિની દૃષ્ટિ પડતાં જ અંગુલિમારના વિચારો બદલાઈ ગયા. આ તે તેજનું પરિણામ હતું, જેનાથી કલ્યાણનું સર્જન થાય છે, જે બુદ્ધમાં હતું.) ક્ષમા, ધૈર્ય, શુદ્ધિ, કોઈમાં શત્રુભાવ ન હોવો, અતિમાનિતા વધારે પડતા માનીપણાનો અભાવ આ બધાં તો હે અર્જુન ! દૈવી સંપત્તિવાળા પુરુષનાં લક્ષણો છે. આ પ્રકારે કુલ છવ્વીસ ગુણો બતાવ્યા. તે બધા તો કેવળ સાધનાની પૂર્ણ અવસ્થાવાળા પુરુષમાં જ સંભવી શકે અને અંશતઃ તમારામાં પણ તે ગુણો નિશ્ચિત રીતે છે જ તથા આસુરી સંપત્તિવાળામાં પણ આ ગુણ છે, પરંતુ તે અપ્રગટ જણાય છે, તેથી તો ઘોર પાપીને પણ કલ્યાણનો અધિકાર છે. હવે આસુરી સંપત્તિનાં મુખ્ય લક્ષણો વર્ણવે છે–

**दम्भो दर्पोऽभिमानश्च क्रोधः पारुष्यमेव च ।**
**अज्ञानं चाभिजातस्य पार्थ संपदमासुरीम् ॥४॥**

હે પાર્થ ! દંભ, દર્પ, ઘમંડ,અભિમાન, ક્રોધ, કઠોર વાણી અને અજ્ઞાન - આ બધાં આસુરી ગુણોવાળા પુરુષનાં લક્ષણ છે. બંને સંપત્તિઓનાં શાં કાર્ય છે ?

**दैवी संपद्विमोक्षाय निबन्धायासुरी मता ।**
**मा शुचः संपदं दैवीमभिजातोऽसि पाण्डव ॥५॥**

આ બંને પ્રકારની વૃત્તિઓમાંથી દૈવી સંપત્તિ તો **विमोक्षाय** મોક્ષ માટે છે અને આસુરી સંપત્તિ બંધનમાં નાખનારી છે. હે અર્જુન, તું શોક ના કર, કારણ કે તું દૈવી સંપત્તિને પામ્યો છે. તું મોક્ષને પ્રાપ્ત થઈશ અર્થાત્ મને પામીશ. આ વૃત્તિઓ ક્યાં રહે છે ?

**द्वौ भूतसर्गौ लोकेऽस्मिन् दैव आसुर एव च ।**
**दैवी विस्तरशः प्रोक्त आसुरं पार्थ मे श्रुणु ॥६॥**

હે અર્જુન ! આ લોકમાં પ્રાણીઓના સ્વભાવ બે પ્રકારના હોય છે. દેવો સમાન અને અસુરો સમાન. જ્યારે હૃદયમાં દૈવી સંપત્તિ સક્રિય હોય છે ત્યારે મનુષ્ય દેવ જ છે અને આસુરી સંપત્તિનું પ્રાબલ્ય હોય ત્યારે મનુષ્ય અસુર છે. સૃષ્ટિમાં આ બે જ જાતિ છે. દેવ અને અસુર. માનવી ચાહે આરબ દેશમાં પેદા થયો હોય, ચાહે ઑસ્ટ્રેલિયામાં. ગમે ત્યાં જન્મેલો માણસ બેશક આ બેમાંથી એક વૃત્તિવાળો તો હોય જ. અત્યાર સુધી દેવોનો સ્વભાવ વિસ્તારપૂર્વક વર્ણવ્યો હવે અસુરોનો સ્વભાવ તું મારી પાસેથી સવિસ્તાર સાંભળ.

**प्रवृत्तिं च निवृत्तिं च जना न विदुरासुराः ।**
**न शौचं नापि चाचारो न सत्यं तेषु विद्यते ॥७॥**

હે અર્જુન ! અસુર લોકો **कार्यम कर्म** માં પ્રવૃત્ત રહેવાનું કે નહિ કરવાનાં કાર્યોમાંથી નિવૃત્ત થવાનું જાણતા નથી. આથી, તેઓમાં પવિત્રતા, સદાચાર અને સત્ય રહેતાં નથી. એવા પુરુષોના વિચારો કેવા હોય છે ?

**असत्यप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम् ।**
**अपरस्परसंभूतं किमन्यत्कामहैतुकम् ॥८॥**

તે આસુરી પ્રકૃતિવાળા મનુષ્યો કહે છે કે જગત આશ્રયરહિત છે, અસત્ય છે અને ઈશ્વર વગર આપમેળે જ સ્ત્રી-પુરુષના સંયોગથી ઉત્પન્ન થયું છે. તેથી, કેવળ ભોગો ભોગવવા માટે જ છે. તે સિવાય બીજું શું છે?

**एतां दृष्टिमवष्टभ्य नष्टात्मानोऽल्पबुद्धयः ।**
**प्रभवन्त्युग्रकर्माणः क्षयाय जगतोऽहिताः ॥९॥**

આ મિથ્યા દષ્ટિકોણના કારણે જેમનો સ્વભાવ નાશ પામ્યો છે તે મંદ બુદ્ધિવાળા અપકારી, ક્રૂરકર્મી મનુષ્યો કેવળ જગતનો નાશ કરવા માટે જ પેદા થાય છે.

**काममाश्रित्य दुष्पूरं दम्भमानमदान्विताः ।**
**मोहाद्गृहीत्वासद्ग्राहान्प्रवर्तन्तेऽशुचिव्रताः ॥१०॥**

તે મનુષ્યો દંભ, માન અને મદવાળા, કોઈ રીતે પૂરી ન કરી શકાય તેવી કામનાઓનો આશ્રય લઈ અજ્ઞાનથી મિથ્યા સિદ્ધાંતો પકડીને અશુભ તથા ભ્રષ્ટ સંસારમાં પ્રવૃત્ત રહે છે. તેઓ વ્રત તો કરે છે પરંતુ અશુદ્ધ છે.

**चिन्तामपरिमेयां च प्रलयान्तामुपाश्रिताः ।**
**कामोपभोगपरमा एतावदिति निश्चिताः ॥११॥**

તેઓ અંતિમ શ્વાસ સુધી અનંત ચિંતાથી ઘેરાયેલા રહે છે અને વિષયો ભોગવવામાં તત્પર તેઓ બસ આ ભોગોમાં જ આનંદ છે એવું માને છે. તેઓ એમ માને છે કે ભોગો ભોગવાય તેટલા ભોગવી લો. એનાથી આગળ બીજું કંઈ છે જ નહિ.

**आशापाशशतैर्बद्धाः कामक्रोधपरायणाः ।**
**ईहन्ते कामभोगार्थमन्यायेनार्थसञ्चयान् ॥१२॥**

સેંકડો આશારૂપી પાશોથી (એક ફાંસીથી પણ લોકો મૃત્યુ પામે છે. અહીં સેંકડો ફાંસીથી) બંધાયેલા કામ-ક્રોધપરાયણ વિષયભોગો ભોગવવા

તેઓ અન્યાયથી ધનાદિક જેવી અન્ય વસ્તુઓનો સંગ્રહ કરવાનો પ્રયત્ન કરે છે. ટૂંકમાં ધન મેળવવા તેઓ રાતદિવસ અસામાજિક પ્રવૃત્તિ કર્યા જ કરે છે. આગળ કહે છે –

**इदमद्य मया लब्धमिमं प्राप्स्ये मनोरथम् ।**
**इदमस्तीदमपि मे भविष्यति पुनर्धनम् ॥१३॥**

તેઓ વિચારે છે કે મેં આજે આ મેળવ્યું છે. હું આ મનોરથ પૂર્ણ કરીશ. મારી પાસે આટલું ધન છે અને ફરી પણ આટલું મેળવીશ.

**असौ मया हतः शत्रुर्हनिष्ये चापरानपि ।**
**ईश्वरोऽहमहं भोगी सिद्धोऽहं बलवान्सुखी ॥१४॥**

મેં તે શત્રુને માર્યો અને બીજા શત્રુઓને પણ હું મારીશ. હું જ ઈશ્વર અને ઐશ્વર્યનો ભોગવનારો છું. હું પ્રતિષ્ઠાવાળો, બળવાન અને સુખી છું.

**आढ्योऽभिजनवानस्मि कोऽन्योऽस्ति सदृशो मया ।**
**यक्ष्ये दास्यामि मोदिष्य इत्यज्ञानविमोहिताः ॥१५॥**

હું મોટો ધનિક અને મોટા કુટુંબવાળો છું, મારા જેવો બીજો કોણ છે? હું યજ્ઞ કરીશ, દાન દઈશ, મને હર્ષ થશે – આ પ્રકારના અજ્ઞાનથી તે વધુ મોહિત બને છે. શું યજ્ઞ-દાન પણ અજ્ઞાન છે ? આ વિશે ૧૭મા શ્લોકમાં સ્પષ્ટતા કરી છે. તેઓ આટલેથી અટકતા નથી પરંતુ અનેક ભ્રમોથી ઘેરાયેલા રહે છે તે વિશે કહે છે –

**अनेकचित्तविभ्रान्ता मोहजालसमावृत्ताः ।**
**प्रसक्तां कामभोगेषु पतन्ति नरकेऽशुचौ ॥१६॥**

અનેક પ્રકારે ભ્રમિત થયેલા ચિત્તવાળા, મોહજાળમાં ફસાયેલા, વિષયભોગોમાં અતિ આસક્ત એવા આસુરી સ્વભાવવાળા મનુષ્ય અપવિત્ર નરકમાં જાય છે. આગળ શ્રીકૃષ્ણ સ્વયં કહેશે કે નરક શું છે ?

**आत्मसंभाविताः स्तब्धा धनमानमदान्विताः ।**
**यजन्ते नामयज्ञैस्ते दम्भेनाविधिपूर्वकम् ॥१७॥**

પોતાની જાતને શ્રેષ્ઠ માનનારા, ધન અને માનના મદવાળા તે ઘમંડી લોકો શાસ્ત્રવિધિરહિત માત્ર નામના જ યજ્ઞો કરે છે. શું તે શ્રીકૃષ્ણે વર્ણવ્યા છે તેવા યજ્ઞ કરે છે ?

ના, તે વિધિ વિના યજ્ઞ કરે છે, કારણ કે વિધિ યોગેશ્વરે સ્વયં વર્ણવી છે. (અધ્યાય ૪-૨૪-૩૩ અને અધ્યાય ૬-૧૦-૧૭)

**अहंकारं बलं दर्पं कामं क्रोधं च संश्रिताः ।**
**मामात्मपरदेहेषु प्रद्विषन्तोऽभ्यसूयकाः ॥१८॥**

તેઓ બીજાની નિંદા કરનારા, અહંકાર, બળ, ગર્વ, કામ તથા ક્રોધવાળા લોકો પોતાના તથા બીજાના દેહમાં સ્થિત અન્તર્યામી પરમાત્મા એવા મારો જ દ્વેષ કરે છે. શાસ્ત્રવિધિથી પરમાત્માનું સ્મરણ એક યજ્ઞ છે. જેઓ આ વિધિ છોડીને માત્ર નામનો જ યજ્ઞ કરે છે. યજ્ઞના નામે કંઈ ને કંઈ કર્યા જ કરે છે, તેઓ પોતાના અને બીજાના શરીરમાં સ્થિત મારો પરમાત્માનો દ્વેષ કરનારા છે. લોકો દ્વેષ કરતા જ રહે છે અને બચીયે જાય છે. શું આ લોકો પણ ઊગરી જશે ? ત્યારે કહે છે –

**तानहं द्विषतः क्रोरान्संसारेषु नराधमान् ।**
**क्षिपाम्यजस्त्रमशुभानासुरीष्वेव योनिषु ॥१९॥**

મારો દ્વેષ કરનારા તે પાપાચારી ક્રૂરકર્મી નરાધમોને હું સંસારમાં વારંવાર આસુરી યોનિઓમાં જ નાખું છું. જેઓ શાસ્ત્રવિધિ ત્યજીને યજ્ઞ કરે છે તેઓ પાપયોનિ છે, મનુષ્યોમાં તેઓ અધમ છે, તેવાને ક્રૂરકર્મી કહેવાય છે. અન્ય કોઈ અધમ નથી. પહેલાં કહ્યું હતું – આવા નરાધમોને હું નરકમાં નાખું છું. આ જ નરક છે. સાધારણ જેલની યાતના ભયંકર હોય છે ત્યારે અહીં તો વારંવાર આસુરી યોનિમાં પડવાનો ક્રમ કેટલો દુઃખદ છે. એટલે દૈવી સંપત્તિ માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ.

**आसुरीं योनिमापन्ना मूढा जन्मनि जन्मनि ।**
**मामप्राप्यैव कौन्तेय ततो यान्त्यधामां गतिम् ॥२०॥**

કૌન્તેય, મૂર્ખ લોકો જન્મ-જન્માંતરો સુધી આસુરી યોનિવાળા મને ન પામીને પહેલાં કરતાં પણ અતિ અધમ ગતિને પામે છે. એનુ ંનામ નરક છે. હવે જોઈએ, નરકનું દ્વાર શું છે ?

**त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ।**
**कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ॥२१॥**

કામ, ક્રોધ, લોભ આ ત્રણ નરકનાં મુખ્ય દ્વાર છે. તે આત્માનો નાશ કરનાર અને તેને અધોગતિમાં લઈ જનાર છે. એટલે આ ત્રણનો ત્યાગ કરવો જોઈએ. આ ત્રણ ઉપર જ આસુરી સંપત્તિ ટકી રહી છે. એને ત્યાગીને શો લાભ ?

**एतैर्विमुक्तः कौन्तेय तमोद्वारैस्त्रिभिर्नरः ।**
**आचरत्यात्मनः श्रेयस्ततो याति परां गतिम् ॥२२॥**

હે કૌન્તૈય ! નકરનાં આ ત્રણે દ્વારથી મુક્ત થયેલો મનુષ્ય પોતાના પરમકલ્યાણને માટે આચરણ કરે છે, જેનાથી તે પરમગતિ અર્થાત્ મને પામે છે. આ ત્રણે વિકારોને ત્યાગીને જ મનુષ્ય નિયત કર્મ કરે છે. એનું પરિણામ પરમશ્રેય છે.

**यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः ।**
**न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् ॥२३॥**

જે મનુષ્ય ઉક્ત શાસ્ત્રવિધિ ત્યાગીને (અર્થાત્ તે શાસ્ત્ર કોઈ બીજું શાસ્ત્ર નથી **इदं गुह्यतमं शास्त्रम्** (૧૫-૨૦) - ગીતા સ્વયં સંપૂર્ણ શાસ્ત્ર છે. સ્વયં શ્રીકૃષ્ણે તે કહી છે, તે વિધિને ત્યજીને પોતાની ઈચ્છા પ્રમાણે વર્તનાર, ન તો સિદ્ધિ પામે છે, ન તો પરમગતિ અને ન તો સુખને પણ પામે છે.

**तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ।**
**ज्ञात्वा शास्त्रविद्यानोक्तं कर्म कर्तुमिहार्हसि ॥२४॥**

માટે હે અર્જુન ! તારા માટે કર્તવ્ય અને અકર્તવ્યની વ્યવસ્થામાં હું શું કરું અને શું ના કરું આ નિર્ણય કરવામાં શાસ્ત્ર જ એક પ્રમાણ છે. એમ જાણીને શાસ્ત્ર-વિધિથી નિશ્ચિત કરેલાં કર્મ જ તારે કરવા યોગ્ય છે.

ત્રીજા અધ્યાયમાં પણ યોગેશ્વર શ્રીકૃષ્ણે **'नियतं कुरु कर्म त्वं' 'नियत कर्म'** પર ભાર મૂક્યો છે અને કહ્યું કે યજ્ઞની વિધિ જ તે નિયત કર્મ છે અને તે યજ્ઞ આરાધનાની વિધિવિશેષનું વર્ણન છે. જે મનનો સંપૂર્ણ નિરોધ કરીને શાશ્વત બ્રહ્મમાં પ્રવેશ અપાવે છે. અહીં એમણે જણાવ્યું કે કામ, ક્રોધ અને લોભ નરકનાં ત્રણ મુખ્ય દ્વાર છે. આ ત્રણેનો ત્યાગ કરવાથી તે કર્મ (નિયત કર્મ)નો આરંભ થાય છે. તે વિશે મેં વારંવાર ઉલ્લેખ કર્યો છે. તે પરમશ્રેય – પરમકલ્યાણ કરનારું આચરણ કરે છે. મનુષ્ય બાહ્ય સાંસારિક કાર્યોમાં જેટલો વ્યસ્ત છે, તેટલો જ અધિક કામ, ક્રોધ અને લોભ તેનામાં ભરપૂર જોવા મળે છે. કર્મ કોઈ એવી વસ્તુ છે કામ, ક્રોધ અને લોભને ત્યાગવાથી જ તેમાં પ્રવેશ મળે છે. કર્મ આચરણમાં મૂકી શકાય છે. જે વિધિ ત્યજીને પોતાની ઈચ્છાનુસાર આચરણ કરે છે, તેના માટે સુખસિદ્ધિ અથવા પરમગતિ કશું જ નથી. હવે કર્તવ્ય અને અકર્તવ્યની વ્યવસ્થામાં શાસ્ત્ર જ એકમાત્ર પ્રમાણ છે. એટલે શાસ્ત્રવિધિ અનુસાર જ તારે કર્મ કરવું ઉચિત છે અને તે શાસ્ત્ર તે 'ગીતા'.

**નિષ્કર્ષ :**

આ અધ્યાયના પ્રારંભમાં યોગેશ્વર શ્રીકૃષ્ણે દૈવી સંપત્તિનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું. એમાં ધ્યાનની સ્થિતિ, સર્વસ્વનું સમર્પણ, અંતઃકરણની શુદ્ધિ, ઈન્દ્રિયોનું દમન, મનનું શમન, સ્વરૂપનું સ્મરણ કરાવનાર અધ્યયન, યજ્ઞ માટે પ્રયત્ન, મનસહિત ઈન્દ્રિયોનું તપ, અક્રોધ, ચિત્તને શાંત અને નિર્મળ રાખવું વગેરે છવ્વીસ ગુણો બતાવ્યા. તે દરેકેદરેક તો ઈષ્ટની સમીપ પહોંચેલા યોગસાધનામાં પ્રવૃત્ત એવા કોઈ સાધકમાં જ હોય. આંશિક રીતે તો બધામાં છે.

તે પછી તેમણે આસુરી સંપત્તિમાં મુખ્ય ચાર-છ વિકારોનાં નામ આપ્યાં, જેમ કે અભિમાન, દંભ, કઠોરતા, અજ્ઞાન વગેરે અને અંતમાં નિર્ણય જણાવ્યો કે હે અર્જુન, દૈવી સંપત્તિ તો **विमोक्षाय** પૂર્ણ મોક્ષ માટે છે. પરમપદની પ્રાપ્તિ માટે છે અને આસુરી સંપત્તિ બંધન અને અધોગતિ માટે છે. અર્જુન, તું શોક ના કર, કારણ કે તું દૈવી સંપત્તિવાળો છે.

આ વૃત્તિઓ ક્યાં હોય છે ? તેમણે જણાવ્યું કે આ લોકમાં મનુષ્યોનો સ્વભાવ બે પ્રકારનો હોય છે – દેવતાઓ જેવો અને અસુરો જેવો. જ્યારે દૈવી સંપત્તિનું પ્રાધાન્ય હોય ત્યારે મનુષ્ય દેવ જેવો હોય છે અને જ્યારે આસુરી વૃત્તિનું પ્રાબલ્ય હોય ત્યારે મનુષ્ય અસુર જેવો હોય છે. સૃષ્ટિમાં મનુષ્યોની ફક્ત બે જ જાતિ છે. ભલેને તે ગમે ત્યાં જન્મ્યો હોય, ગમે તે કહેવાતો હોય.

ત્યારબાદ એમણે આસુરી સ્વભાવવાળા મનુષ્યોનાં લક્ષણોનો વિસ્તારથી ઉલ્લેખ કર્યો. આસુરી સંપત્તિવાળા પુરુષ કર્તવ્યકર્મમાં પ્રવૃત્ત થવાનું નથી જાણતા અને અકર્તવ્ય કાર્યથી નિવૃત્ત થવાનું પણ નથી જાણતા. તેઓ કર્મમાં પ્રવૃત્ત જ નથી થયા, એટલે ન તો તેઓમાં સત્ય હોય છે, ન પવિત્રતા. આચરણ પણ હોતું નથી. એમની દૃષ્ટિએ જગત આશ્રયરહિત, ઈશ્વર વિનાનું સ્વયં સ્ત્રીપુરુષના સંયોગથી ઉત્પન્ન થયેલું છે. એટલે કેવળ ભોગ ભોગવવા માટે જ છે. આનાથી આગળ શું છે ? આ વિચાર શ્રીકૃષ્ણના સમયમાં પણ હતો. હંમેશાં રહ્યો છે. કેવળ ચાર્વાકે કહ્યું છે એવી વાત નથી. જ્યાં સુધી લોકમાનસમાં દૈવી અને આસુરી સંપત્તિનો ચઢાવ-ઉતાર છે ત્યાં સુધી રહેશે. શ્રીકૃષ્ણ કહે છે અલ્પ બુદ્ધિવાળા ક્રૂરકર્મી પુરુષો સર્વનું અહિત (કલ્યાણનો નાશ) કરવા માટે જ જગતમાં જન્મે છે. તેઓ કહે છે – મેં આ શત્રુને માર્યો, પેલાને મારીશ – આ રીતે હે અર્જુન કામ-ક્રોધપરાયણ તે મનુષ્ય શત્રુઓને નથી મારતા, પરંતુ પોતાના અને બીજાના દેહમાં રહેલા મુજ પરમાત્માનો જ દ્વેષ કરનારા છે, તે પરમાત્માનો દ્વેષ કરનાર છે. જ્યારે અર્જુનને શ્રીકૃષ્ણે સ્પષ્ટ કહ્યું કે તું દૈવી સંપત્તિવાળો છે. શોક ન કર. અહીં પણ સ્પષ્ટ થયું કે ઈશ્વરનો નિવાસ દરેકના હૃદય-પ્રદેશમાં છે. યાદ રહેવું જોઈએ કે કોઈ સતત તમને જોઈ રહ્યું છે. એટલે હંમેશાં શાસ્ત્રનિર્દિષ્ટ ક્રિયાનું આચરણ જ કરવું જોઈએ. અન્યથા શિક્ષા હાજર જ છે.

યોગેશ્વર શ્રીકૃષ્ણે ફરીવાર કહ્યું કે આસુરી સ્વભાવવાળા ક્રૂર મનુષ્યોને હું વારંવાર નરકમાં નાખું છું. નરકનું સ્વરૂપ કેવું છે ? તો કહ્યું કે વારંવાર નીચ-અધમ યોનિમાં પડવું એ એકબીજાનો પર્યાય જ છે. આ નરકનું જ સ્વરૂપ છે. કામ-ક્રોધ અને લોભ નરકનાં ત્રણ મૂળ દ્વાર છે. આ ત્રણે પર જ આસુરી વૃત્તિ ટકી રહી છે. આ ત્રણેનો ત્યાગ કરવાથી તે કર્મનો આરંભ થાય છે. મેં તે વારંવાર વર્ણવ્યું છે. એ નિશ્ચિત છે કે કર્મ કોઈ એવી વસ્તુ છે જેનો આરંભ કામ, ક્રોધ, લોભ ત્યાગવાથી જ થાય છે.

સાંસારિક કાર્યોમાં મર્યાદિત રૂપથી સામાજિક વ્યવસ્થાઓ નિભાવવામાં જે જેટલા રચ્યાપચ્યા છે, કામ, ક્રોધ-લોભ તેઓની પાસે એટલા જ અધિક પ્રમાણમાં જોવા મળે છે. વાસ્તવમાં આ ત્રણે ત્યાગવાથી જ પરમમાં પ્રવેશ અપાવનાર નિર્ધારિત કર્મોમાં પ્રવેશ મળે છે. આથી મારે શું કરવું, શું ના કરવું ? આ કર્તવ્ય અને અકર્તવ્યની વ્યવસ્થામાં શાસ્ત્ર જ પ્રમાણભૂત છે. કયું શાસ્ત્ર ? આ ગીતા શાસ્ત્ર, **'किमन्यैः शास्त्रविस्तरै'** આથી આ શાસ્ત્ર દ્વારા નિર્ધારિત કરેલ કર્મ-વિશેષ (યથાર્થ કર્મ)ને તું કર.

આ અધ્યાયમાં યોગેશ્વર શ્રીકૃષ્ણે દૈવી અને આસુરી બંને સંપત્તિઓનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું. તેનું સ્થાન માનવ-હૃદય બતાવ્યું. તેનું ફળ જણાવ્યું. આથી,

**ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्री कृष्णार्जुनसंवादे 'देवासुरसंपदविभाग योगो' नाम षोडशोऽध्यायः ॥१६॥**

આ રીતે શ્રીમદ્ભગવદ્ગીતારૂપી ઉપનિષદ અર્થાત્ બ્રહ્મવિદ્યા તથા યોગશાસ્ત્રવિષયક શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદમા 'દૈવાસુરસંપદ્વિભાગ યોગ' નામનો સોળમો અધ્યાય પૂરો થાય છે.

**इति श्रीमत्परमहंस परमानन्दस्यशिष्य स्वामी श्री अडगडानन्दकृते श्रीमद्भागवद्गीतायाः 'यथार्थ गीता' भाष्ये 'देवासुरसंपदविभाग योगो' नाम षोडशोऽध्यायः ॥१६॥**

આ રીતે શ્રીમત્પરમહંસ પરમાનન્દજીના શિષ્ય સ્વામી શ્રી અડગડાનંદજીકૃત શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના ભાષ્ય 'યથાર્થ ગીતા'માં 'દૈવાસુરસંપદ્‌વિભાગ યોગ' નામનો સોળમો અધ્યાય પૂરો થાય છે.

**॥ हरिः ॐ तत्सत् ॥**

ॐ

**श्री परमात्मने नमः**

# અધ્યાય સત્તરમો

સોળમા અધ્યાયના અંતમાં યોગેશ્વર શ્રીકૃષ્ણે સ્પષ્ટ કહ્યું કે કામ, ક્રોધ અને લોભના ત્યાગથી જ કર્મનો આરંભ થાય છે. આ મેં વારંવાર કહ્યું છે. જે નિત્યકર્મ કર્યા વગર ન સુખ, ન સિદ્ધિ અને ન તો પરમગતિ મળે છે. માટે હવે તમારે માટે કર્તવ્ય અને અકર્તવ્ય વ્યવસ્થામાં કે શું કરું, શું ન કરું ? આના સંબંધમાં શાસ્ત્ર જ પ્રમાણ છે. અન્ય શાસ્ત્ર નહિ, પરંતુ '**इति गुह्यतमं शास्त्रमिदम्**' ગીતા સ્વયં શાસ્ત્ર છે. અન્ય શાસ્ત્રો પણ છે. પરંતુ અહીં આ ગીતાશાસ્ત્ર પર જ ધ્યાન આપો, બીજું કંઈ શોધો નહિ, બીજી જગ્યાએ શોધવા જશો તો આ ક્રમબદ્ધતા નહિ મળે, માટે ભટકી જશો.

આ પરથી અર્જુને પ્રશ્ન કર્યો કે, ભગવાન ! જે લોકો શાસ્ત્રવિધિને ત્યાગીને પૂર્ણ શ્રદ્ધાથી યુક્ત થઈને '**यजन्ते**' યજન કરે છે, તેમની ગતિ કેવી હોય છે ?સાત્ત્વિક છે, રાજસી છે અથવા તામસિક છે ? કારણ કે પાછળ અર્જુને સાંભળ્યું કે સાત્ત્વિક, રાજસી અથવા તામસી હોય ત્યાં સુધી ગુણ વિદ્યમાન હોય, તે કોઈ ને કોઈ યોનિનું કારણ બને છે, માટે પ્રસ્તુત અધ્યાયના આરંભમાં જ એણે પ્રશ્ન કર્યો –

**अर्जुन उवाच**

**ये शास्त्रविधिमुत्सृज्य यजन्ते श्रद्धयान्विताः ।**
**तेषां निष्ठा तु का कृष्ण सत्त्वमाहो रजस्तमः ॥१॥**

હે શ્રીકૃષ્ણ ! જે માણસ શાસ્ત્રવિધિને છોડીને શ્રદ્ધાસહિત યજન કરે છે, તેની કઈ ગતિ છે ? સાત્ત્વિક છે, રાજસી છે અથવા તામસી છે ? યજનમાં દેવતા, યક્ષ, ભૂત વગેરે બધાં જ આવી જાય છે.

**श्री भगवानुवाच**

**त्रिविधा भवति श्रद्धा देहिनां सा स्वभावजा ।**
**सात्त्विकी राजसी चैव तामसी चेति तां श्रृणु ॥२॥**

બીજા અધ્યાયમાં યોગેશ્વરે કહ્યું હતું કે અર્જુન, આ યોગમાં નિર્ધારિત ક્રિયા એક જ છે. અવિવેકીઓની બુદ્ધિ અનન્ત શાખાઓવાળી હોય છે. માટે તેઓ અનન્ત ક્રિયાઓનો વિસ્તાર કરી લે છે, દેખાવ કરતી શોભાયુક્ત વાણીમાં તેને વ્યક્ત પણ કરે છે. તેમની વાણીની અસર જેમના ચિત્ત પર પડે છે તેમની બુદ્ધિ પણ ભ્રષ્ટ થઈ જાય છે. એનાથી કશી પ્રાપ્તિ થતી નથી. અહીં તેની જ પુનરાવૃત્તિ છે કે જે **शास्त्रविधिमुत्सृज्य** શાસ્ત્રવિધિને ત્યાગીને ભજે છે, તેની શ્રદ્ધા પણ ત્રણ પ્રકારની હોય છે.

આ વિશે શ્રીકૃષ્ણે કહ્યું, મનુષ્યની આદતથી ઉત્પન્ન થતી તે શ્રદ્ધા સાત્વિક, રાજસી તેમજ તામસી – એવા ત્રણ પ્રકારની હોય છે. એ અંગે તું મારી પાસેથી સાંભળ. મનુષ્યના હૃદયમાં તે શ્રદ્ધા અવિરલ છે.

**सत्त्वानुरुपा सर्वस्य श्रद्धा भवति भारत ।**
**श्रद्धामयोऽयं पुरुषो यो यच्छ्रद्धः स एव सः ॥३॥**

હે ભારત ! બધા જ મનુષ્યોની શ્રદ્ધા તેમનાં ચિત્તની વૃત્તિઓ મુજબ હોય છે. આ પુરુષ શ્રદ્ધામય છે. માટે જે પુરુષ જેવો શ્રદ્ધાવાળો છે તે પોતે પણ તે જ છે. ઘણીવાર લોકો પૂછે છે – હું કોણ છું કોઈ કહે છે, હું તો

આત્મા છું. પરંતુ નહિ, અહીં યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે કે જેવી શ્રદ્ધા, જેવી વૃત્તિ – તેવો પુરુષ.

ગીતા યોગદર્શન છે. મહર્ષિ પતંજલિ પણ યોગી હતા. તેમનું યોગ-દર્શન છે. યોગ શું છે ? એમણે કહ્યું, **योगश्चित्तवृत्तिनिरोधः** ચિત્તની વૃત્તિઓનો નિરોધ તે યોગ છે. કોઈએ પરિશ્રમ કરીને ચિત્તનો નિરોધ કર્યો. તેનો લાભ શો ? **तदा द्रष्टुः स्वरूपेऽवस्थानम्** તે સમયે આ દ્રષ્ટા – જીવાત્મા પોતાના જ શાશ્વત સ્વરૂપમાં સ્થિર થઈ જાય છે. શું સ્થિર થતાં પહેલાં તે મલિન હતો ? પતંજલિ કહે છે : **वृत्तिसारूप्यमितरत्र** જેવું વૃત્તિનું રૂપ તેવો જ તે દ્રષ્ટા છે. અહીં યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે – આ પુરુષ શ્રદ્ધામય છે, શ્રદ્ધાથી ઓત-પ્રોત. ક્યાંક ને ક્યાંક તો શ્રદ્ધા અવશ્ય હોવાની જ અને જેવો તે શ્રદ્ધાળુ છે, તે પોતે પણ તે જ છે, જેવી વૃત્તિ, તેવો પુરુષ, હવે ત્રણે શ્રદ્ધાઓનું વિભાજન કરે છે –

**यजन्ते सात्त्विका देवान्यक्षरक्षांसि राजसाः ।**
**प्रेतान्भूगणांश्चान्ये यजन्ते तामसाः जनाः ॥४॥**

સાત્ત્વિક પુરુષ દેવતાઓને પૂજે છે, રાજસી પુરુષ યક્ષ અને રાક્ષસોને પૂજે છે તથા અન્ય તામસી પુરુષ પ્રેત અને ભૂતોને પૂજે છે. તેઓ પૂજનમાં અથાક પરિશ્રમ કરે છે.

**अशास्त्रविहितं घोरं तप्यन्ते ये तपो जनाः ।**
**दम्भाहंकारसंयुक्ता कामरागबलान्विताः ॥५॥**

મનુષ્ય શાસ્ત્રવિધિથી રહિત ઘોર કલ્પિત (કલ્પિત ક્રિયાઓ રચીને) તપ કરે છે, દંભ અને અહંકારથી યુક્ત, કામના અને આસક્તિના બળ ઉપર તે આધારિત હોય છે.

**कर्षयन्तः शरीरस्थं भूतग्राममचेतसः ।**
**मां चैवान्तः शरीरस्थं तान्विद्धयासुरनिश्चयान् ॥६॥**

તેઓ શરીરરૂપમાં રહેલા ભૂતસમુદાયને અને અંતઃકરણમાં રહેલા મારા જેવા અંતર્યામીને પણ કૃશ કરે છે, અર્થાત્ દુર્બળ બનાવી દે છે. આત્મા વિકારોથી દુર્બળ અને યજ્ઞસાધનોથી સબળ બને છે. તે અજ્ઞાનીઓ (અભાન)ને તું અવશ્ય અસુર જાણ, અર્થાત્ તેઓ બધા જ અસુરો છે. પ્રશ્ન પૂરો થયો.

શાસ્ત્રવિધિને ત્યાગીને ભજનારા સાત્ત્વિક પુરુષ દેવતાઓને, રાજસી પુરુષ યક્ષ-રાક્ષસોને અને તામસી પુરુષ ભૂત-પ્રેતોને પૂજે છે. કેવળ પૂજા જ નથી કરતો - ઘોર તપશ્ચર્યા પણ કરે છે. પરંતુ અર્જુન, શરીરરૂપથી ભૂતોને અને અંતર્યામી રૂપમાં રહેલા મને – પરમાત્માને દુર્બળ બનાવે છે. મારાથી અંતર પેદા કરે છે, નહિ કે ભજે છે. એમને તું અસુર જાણ અર્થાત્ દેવતાઓને પૂજનારા પણ અસુરો જ છે. આનાથી વધારે કોઈ શું કહેશે ? માટે જેના આ બધા અંશમાત્ર છે , તેમના મૂળ એક પરમાત્માનું ભજન કરીએ. આના પર વારંવાર યોગેશ્વર શ્રીકૃષ્ણે ભાર મૂક્યો છે.

**आहारस्त्वपि सर्वस्य त्रिविधो भवति प्रियः ।**
**यज्ञस्तपस्तथा दानं तेषां भेदमिमं श्रुणु ॥७॥**

અર્જુન ! જેમ શ્રદ્ધા ત્રણ પ્રકારની હોય છે, તે જ રીતે બધાને પોતપોતાની પ્રકૃતિ મુજબ ત્રણ પ્રકારનાં ભોજન પણ પ્રિય હોય છે, એ જ રીતે યજ્ઞ, તપ અને દાન પણ ત્રણ-ત્રણ પ્રકારનાં હોય છે. તેના ભેદને તું મારી પાસેથી સાંભળ, પ્રથમ પ્રસ્તુત છે આહાર –

**आयुःसत्त्वबलारोग्यसुखप्रीतिविवर्धनाः ।**
**रस्यां स्निग्धाः स्थिरा हृद्या आहाराः सात्त्विकप्रियाः ॥८॥**

આયુષ્ય, બુદ્ધિ, બળ, આરોગ્ય, સુખ અને પ્રીતિને વધારનારા રસયુક્ત – ચીકણા અને સ્થિર રહેનાર તથા સ્વભાવથી જ હૃદયને પ્રિય લાગે તેવા ભોજ્ય પદાર્થ સાત્ત્વિક પુરુષને પ્રિય હોય છે.

યોગેશ્વર શ્રીકૃષ્ણ અનુસાર સ્વભાવથી હૃદયને પ્રિય લાગે તેવા, બળ-આરોગ્ય-બુદ્ધિ અને આયુષ્યને વધારનારા ભોજ્ય પદાર્થ જ સાત્વિક છે. જે ભોજ્ય પદાર્થ સાત્ત્વિક છે, તે જ સાત્ત્વિક મનુષ્યને પ્રિય હોય છે. આથી સ્પષ્ટ થઈ જાય છે કે કોઈ પણ ખાદ્ય વસ્તુ સાત્ત્વિક, રાજસી અને તામસી નથી હોતી. ન દૂધ સાત્ત્વિક છે, ન ડુંગળી રાજસી અને ન તો લસણ તામસી છે.

જ્યાં સુધી બળ, બુદ્ધિ, આરોગ્ય  અને હૃદયને પ્રિય લાગવાનો પ્રશ્ન છે, તો વિશ્વભરમાં મનુષ્યને પોતપોતાની પ્રકૃતિ, વાતાવરણ અને પરિસ્થિતિ મુજબ વિભિન્ન ખાદ્ય-સામગ્રીઓ પ્રિય હોય છે. જેમ કે બંગાળી અને મદ્રાસીઓમાં ચોખા પ્રિય હોય છે અને પંજાબીઓને રોટલી, એક બાજુ તો અરબસ્તાનના વાસીઓને દુમ્બા, ચીનાઓ માટે દેડકો તો બીજી બાજુ ધ્રુવ જેવા ઠંડા પ્રદેશમાં માંસ વગર ગુજારો થતો નથી. રશિયા અને મોંગોલિયાના આદિવાસી ખાદ્યમાં ઘોડાનો ઉપયોગ કરે છે, યુરોપવાસી ગાય અને ભૂંડનો ઉપયોગ કરે છે, છતાં પણ વિદ્યા, બુદ્ધિ, વિકાસ તથા ઉન્નતિમાં અમેરિકા તથા યુરોપવાસી પ્રથમ શ્રેણી ગણાય છે.

ગીતા પ્રમાણે રસયુક્ત ચીકણા અને સ્થિર રહેવાવાળા ભોજ્ય પદાર્થ સાત્ત્વિક હોય છે. લાંબા આયુષ્ય, અનુકૂળ, બળ-બુદ્ધિ વધારનારા, આરોગ્યવર્ધક પદાર્થ સાત્ત્વિક છે. સ્વભાવથી હૃદયને પ્રિય લાગવાવાળો ભોજ્ય પદાર્થ સાત્ત્વિક છે. માટે ક્યાંક કોઈ ખાદ્ય પદાર્થને ઘટાડવાનું કે વધારવાનું નથી. પરિસ્થિતિ, પરિવેશ અને દેશકાળ મુજબ જે ભોજ્ય વસ્તુ સ્વભાવને પ્રિય લાગે અને જીવનશક્તિ પ્રદાન કરે, તે જ સાત્ત્વિક છે. વસ્તુ સાત્ત્વિક, રાજસી અથવા તામસી નથી હોતી, તેના પ્રયોગ સાત્ત્વિક રાજસી તથા તામસી હોય છે.

આ જ અનુકૂલન માટે જે વ્યક્તિ ઘર-પરિવારનો ત્યાગ કરી માત્ર ઈશ્વરારાધનામાં લિપ્ત છે, સંન્યાસ આશ્રમમાં છે, તેના માટે માંસ-મદિરા

ત્યાજ્ય છે, કારણ કે અનુભવથી માલૂમ પડ્યું છે કે આ પદાર્થો આધ્યાત્મિક માર્ગને વિપરીત મનોભાવ ઉત્પન્ન કરે છે. માટે આનાથી સાધનાપથથી ભ્રષ્ટ થવાની અધિક સંભાવના છે. જે એકાન્ત દેશનું સેવન કરનાર વિરક્ત હોય છે, તેમના માટે યોગેશ્વર શ્રીકૃષ્ણે છઠ્ઠા અધ્યાયમાં આહાર માટે એક નિયમ આપ્યો છે કે **युक्ताहारविहारस्य** આને જ ધ્યાનમાં રાખીને આચરણ કરવું જોઈએ. જે ભજનમાં સહાયક બને છે એટલો (તે જ) આહાર ગ્રહણ કરવો જોઈએ.

**कट्वम्ललवणात्युष्णतीक्ष्णरूक्षविदाहिनः ।**
**आहारा राजसस्येष्टा दुःखशोकामयप्रदाः ॥९॥**

કડવો, ખાટો વધારે નમકીન, અત્યંત ગરમ, તીખો, તૂરો, દાહકારક અને દુઃખ, ચિંતા તથા રોગોને ઉત્પન્ન કરવાવાળો આહાર રાજસ પુરુષને પ્રિય હોય છે.

**यातयामं गतरसं पूति पर्युषितं च यत् ।**
**उच्छिष्टमपि चामेध्यं भोजनं तामसप्रियम् ॥१०॥**

જે ભોજન એક પ્રહર (ત્રણ કલાકથી) વધુ સમય પહેલાં બનેલું હોય છે, **गतरसं** રસરહિત દુર્ગંધયુક્ત, વાસી, ઉચ્છિષ્ટ (એઠું) અને અપવિત્ર પણ છે, તે તામસ પુરુષને પ્રિય હોય છે. પ્રશ્ન પૂરો થયો. હવે પ્રસ્તુત છે **यज्ञ**

**अफलाकाङ्क्षिभिर्यज्ञो विधिदृष्टो य इज्यते ।**
**यष्टव्यमेवेति मनः समाधाय स सात्विकः ॥११॥**

જે યજ્ઞ '**विधिदृष्ट**' શાસ્ત્ર વિધિથી નિર્ધારિત કરાયેલો છે. (જેમકે અગાઉ ત્રીજા અધ્યાયમાં યજ્ઞનું નામ લીધું, ચોથા અધ્યાયમાં યજ્ઞનું સ્વરૂપ બતાવ્યું કે ઘણા યોગી પ્રાણને અપાનમાં, અપાનને પ્રાણમાં વહન કરે છે. પ્રાણઅપાનની

ગતિનો નિરોધ કરીને, પ્રાણોની ગતિ સ્થિર કરી લે છે. સંયમાગ્નિમાં હવન કરે છે. આ રીતે યજ્ઞનાં ચૌદ સોપાનો બતાવ્યાં, જે બધાં જ બ્રહ્મ સુધીના અંતરને કાપવાવાળી એક જ ક્રિયાની ઊંચી-નીચી અવસ્થાઓ છે. સંક્ષેપમાં યજ્ઞ ચિન્તન-વિશેષની પ્રક્રિયાનું ચિત્રણ છે, જેનું પરિણામ સનાતન બ્રહ્મમાં પ્રવેશ છે, જેનું વિધાન આ શાસ્ત્રમાં કરવામાં આવ્યું છે.)

એ જ શાસ્ત્રવિધાન ઉપર ફરીથી ભાર મૂકીને કહે છે કે અર્જુન, શાસ્ત્રવિધિથી નિયત કરેલા, જેને કરવાનું જ કર્તવ્ય છે તથા જે મનનો નિરોધ કરવાવાળો છે, જે ફળને ન ઈચ્છનારા પુરુષો દ્વારા કરવામાં આવે છે, તે યજ્ઞ સાત્ત્વિક છે.

**अभिसन्धाय तु फलं दम्थार्थमपि चैव यत् ।**
**इज्यते भरतश्रेष्ठ तं यज्ञं विद्धि राजसम् ॥१२॥**

હે અર્જુન ! જે યજ્ઞ કેવળ દંભ આચરણ માટે જ હોય અથવા ફળને ઉદ્દેશ્ય બનાવીને કરવામાં આવતો હોય, તેને રાજસ યજ્ઞ જાણ. આ કર્તા યજ્ઞની વિધિને જાણે છે, પરંતુ દંભ આચરણ અથવા ફળને ઉદ્દેશ્ય બનાવીને કરે છે કે અમુક વસ્તુ મળશે તથા લોકો જોશે કે યજ્ઞ કરે છે, પ્રશંસા કરશે, આવા યજ્ઞકર્તા હકીકતમાં રાજસી છે. હવે તામસી યજ્ઞનું સ્વરૂપ બતાવે છે –

**विधिहीनमसृष्टान्नं मन्त्रहीनमदक्षिणम् ।**
**श्रद्धाविरहितं यज्ञं तामसं परिचक्षते ॥१३॥**

જે યજ્ઞ શાસ્ત્રવિધિથી રહિત છે, જે અન્ન (પરમાત્મા)ની સૃષ્ટિ કરવામાં અસમર્થ છે, મનને અંતરાલમાં નિરુદ્ધ કરવાની ક્ષમતાથી રહિત છે. દક્ષિણા અર્થાત્ સર્વસ્વના સમર્પણથી રહિત છે તથા જે શ્રદ્ધારહિત છે, આવા યજ્ઞને તામસ યજ્ઞ કહેવાય છે. આવો પુરુષ વાસ્તવિક યજ્ઞને જાણતો જ નથી. હવે પ્રસ્તુત છે તપ –

**देवद्विजगुरुप्राज्ञपूजनं शौचमार्जवम् ।**
**ब्रह्मचर्यमहिंसा च शरीरं तप उच्यते ॥१४॥**

પરમદેવ પરમાત્મા, દ્વૈત પર વિજય પ્રાપ્ત કરનાર દ્વિજ, સદ્‌ગુરુ અને જ્ઞાનીજનોનું પૂજન, પવિત્રતા, સરળતા, બ્રહ્મચર્ય તથા અહિંસા, શરીર સંબંધી તપ કહેવાય છે. શરીર હંમેશાં વાસના તરફ ઢળે છે, આને અંતઃકરણની ઉપર્યુક્ત વૃત્તિઓને અનુરૂપ તપાવવું એ શારીરિક તપ છે.

**अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत् ।**
**स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ॥१५॥**

ઉદ્વેગ ઉત્પન્ન ન કરનારા, પ્રિય હિતકારક સત્યભાષણ તથા પરમાત્મામાં પ્રવેશ અપાવનારાં શાસ્ત્રોના ચિન્તનનો અભ્યાસ, નામ-જપ વગેરે વાણી સંબંધ તપ કહેવાય છે, વાણી વિષયોન્મુખ વિચારોને પણ વ્યક્ત કરતી રહે છે. આને એ તરફથી સમેટીને પરમસત્ય પરમાત્માની દિશામાં લગાવવું એ વાણી સંબંધી તપ છે. હવે મન સંબંધી તપ જોઈએ.

**मनःप्रसादः सौम्यत्वं मौनमात्मविनिग्रहः ।**
**भावसंशुद्धिरित्येतत्तपो मानसमुच्यते ॥१६॥**

મનની પ્રસન્નતા, સૌમ્યભાવ, મૌન અર્થાત્ ઈષ્ટ સિવાય અન્ય વિષયોનું સ્મરણ પણ ન હોય, મનનો નિરોધ, અંતઃકરણની સર્વથા પવિત્રતા - આ મન સંબંધી તપ કહેવાય છે. ઉપર્યુક્ત ત્રણે (શરીર વાણી અને મન)નું તપ મળીને એક સાત્ત્વિક તપ છે.

**श्रद्धया परया तप्तं तपस्तत्त्रिविधं नरैः ।**
**अफलाकाङ्क्षिभिर्युक्तैः सात्त्विकं परिचक्षते ॥१७॥**

ફળને ન ઈચ્છતા અર્થાત્ નિષ્કામ કર્મથી યુક્ત પુરુષ દ્વારા પરમશ્રદ્ધાથી કરેલાં ઉપર્યુક્ત ત્રણેય તપને સામૂહિક રીતે સાત્ત્વિક તપ કહે છે. હવે પ્રસ્તુત છે, રજસ તપ –

**सत्कारमानपूजार्थं तपो दम्भेन चैव यत् ।**
**क्रियते तदिह प्रोक्तं राजसं चलमध्रुवम् ॥१८॥**

જે તપ સત્કાર, માન અને પૂજા માટે અથવા કેવળ પાખંડથી જ કરવામાં આવે, તે અનિશ્ચિત અને ચંચળ ફળવાળું તપ રાજસ કહેવાય છે.

**मूढग्राहेणात्मनो यत्पीडया क्रियते तपः ।**
**परस्योत्सादनार्थं वा तत्तामसमुदाहृतम् ॥१९॥**

જે તપ મૂર્ખતાપૂર્ણ હઠથી મન, વાણી અને શરીરની પીડા સહિત અથવા બીજાનું અનિષ્ટ કરવા માટે બદલાની ભાવનાથી કરવામાં આવે તે તપને તામસ કહેવાય છે.,

આ રીતે સાત્ત્વિક તપમાં શરીર, મન અને વાણીને માત્ર ઈષ્ટને અનુરૂપ ઢાળવાનું છે. રાજસ તપમાં તપની ક્રિયા તે જ છે, પરંતુ દંભી માણસ સન્માનની ઈચ્છાથી તે તપ કરે છે, ઘણી વાર મહાત્મા લોકો ઘરબાર છોડ્યા પછી પણ આ વિકારના શિકાર થઈ જાય છે. અને ત્રીજું તામસી તપ અવિધિસરનું હોય છે, બીજાને પીડા પહોંચાડવાનો દૃષ્ટિકોણ હોય છે. હવે પ્રસ્તુત છે, દાન –

**दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ।**
**देशे काले च पात्रे तद्दानं सात्त्विकं स्मृतम् ॥२०॥**

"દાન આપવું જ કર્તવ્ય છે" - આ ભાવથી જે દાન દેશ (સ્થાન), કાળ (સમયાનુકૂળ) અને સાચું પાત્ર પ્રાપ્ત થતાં બદલામાં ઉપકારની ભાવનાથી રહિત થઈને આપવામાં આવે છે, તે દાન સાત્વિક કહેવાય છે.

**यत्तु प्रत्युपकारार्थं फलमुद्दिश्य वा पुनः ।**
**दीयते च परिक्लिष्टं तद्दानम् राजसं स्मृतम् ॥२१॥**

જે દાન ક્લેશપૂર્વક (જેને આપવાની ઈચ્છા નથી છતાંય આપવું પડે છે) તથા પ્રત્યુપકારની ભાવનાથી કે આ કરીશ તો આ મળશે. અથવા ફળને ઉદ્દેશ્ય બનાવીને આપવામાં આવે છે, એ દાનને રાજસ કહેવાય છે.

**अदेशकाले यद्दानमपात्रेभ्यश्च दीयते ।**
**असत्कृतमवज्ञातं तत्तामसमुदाहृतम् ॥२२॥**

જે દાન સત્કાર્ય કર્યા વગર અથવા તિરસ્કારપૂર્વક તોછડાઈથી અયોગ્ય દેશ-કાળમાં અનધિકારીઓને આપવામાં આવે છે, તે દાન તામસ કહેવાય છે. પૂજ્ય મહારાજજી કહ્યા કરતા હતા – 'અરે, કુપાત્રને દાન કરવાથી દાતા નષ્ટ થઈ જાય છે' ઠીક આ જ રીતે શ્રીકૃષ્ણનું કહેવાનું છે કે દાન આપવું જ કર્તવ્ય છે. દેશ-કાળ અને પાત્રનાં પ્રાપ્ત થવાથી બદલામાં ઉપકાર ન ઈચ્છવાની ભાવના સાથે ઉદારતાથી આપવામાં આવતું દાન સાત્ત્વિક છે. મુશ્કેલીથી નીકળતું, બદલામાં ફળની ભાવનાથી આપવામાં આવતું દાન રાજસ છે અને વગર સત્કારે, તોછડાઈપૂર્વક પ્રતિકૂળ દેશ-કાળમાં કુપાત્રને આપવામાં આવતું દાન તમસ છે, પણ છે તો દાન. પરંતુ જે દેહ, ગેહ વગેરે બધાંના મમત્વને ત્યાગીને એકમાત્ર ઈષ્ટ પર જ નિર્ભર હોય છે, તેના માટે દાનનું વિધાન આનાથી વધુ ઉન્નત છે અને તે છે સર્વસ્વનું સમર્પણ. સંપૂર્ણ વાસનાઓથી મુક્ત થઈને મનનું સમર્પણ, જેમકે શ્રીકૃષ્ણે કહ્યું છે '**मय्येव मन आधत्स्व ।**' આમ દાન નિતાન્ત જરૂરી છે. હવે પ્રસ્તુત છે, 'ઓમ્' 'તત્' અને 'સત્' નું સ્વરૂપ –

**ॐ तत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः ।**
**ब्राह्मणास्तेन वेदाश्च यज्ञाश्च विहिताः पुरा ॥२३॥**

અર્જુન ! ઓમ, તત અને સત્ એવા ત્રણ પ્રકારનાં નામ **ब्रह्मण निर्देश स्मृतः** બ્રહ્મનો નિર્દેશ કરે છે, સ્મૃતિ અપાવે છે, સંકેત કરે છે અને બ્રહ્મનો પરિચાયક છે. તેનાથી જ **पुरा** પૂર્વમાં (આરંભમાં) બ્રાહ્મણ, વેદ, યજ્ઞાદિ રચાયેલાં છે. અર્થાત્ બ્રાહ્મણ, યજ્ઞ અને વેદ ઓમથી ઉત્પન્ન થાય છે. આ યોગજન્ય છે, ઓમના સતત ચિન્તનથી જ આની ઉત્પત્તિ છે, બીજો કોઈ રસ્તો નથી.

**तस्मादोमित्युदाहृत्य यज्ञदानतपःक्रियाः ।**
**प्रवर्तन्ते विधानोक्ताः सततं ब्रह्मवादिनाम् ॥२४॥**

આથી બ્રહ્મનું કથન કરનાર પુરુષોની શાસ્ત્રવિધિથી નિયત થયેલ યજ્ઞ, દાન, અને તપ-ક્રિયાઓ નિરંતર ઓમ નામનું ઉચ્ચારણ કરીને જ કરવામાં આવે છે. જેમાં એ બ્રહ્મનું સ્મરણ થઈ જાય. હવે તત્ શબ્દનો પ્રયોગ બતાવે છે.

**तदित्यनभिसंधाय फलं यज्ञतपःक्रियाः ।**
**दानक्रियाश्च विविधाः क्रियन्ते मोक्षकाङ्क्षिभिः ॥२५॥**

**तत्** અર્થાત્ (પરમાત્મા) જ સર્વત્ર છે, આ ભાવથી ફળને ન ઇચ્છતાં શાસ્ત્ર દ્વારા નિર્દિષ્ટ વિવિધ પ્રકારની યજ્ઞ, તપ અને દાનની ક્રિયાઓ પરમ કલ્યાણની ઇચ્છા કરવાવાળા પુરુષો દ્વારા કરવામાં આવે છે. **तत्** શબ્દ પરમાત્મા પ્રત્યે સમર્પણસૂચક છે. અર્થાત્ જપ તો ઓમનો કરવો. યજ્ઞ, દાન અને તપની ક્રિયાઓ તેના ઉપર આધાર રાખીને કરો. હવે સત્‌ના પ્રયોગનું સ્થળ બતાવે છે –

**सद्भावे साधुभावे च सदित्येतत्प्रयुज्यते ।**
**प्रशस्ते कर्मणि तथा सच्छब्दः पार्थ युज्यते ॥२६॥**

અને 'સત્' યોગેશ્વરે કહ્યું કે સત છે શું ? ગીતાના આરંભમાં જ અર્જુને પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો કે કુળધર્મ જ શાશ્વત છે, સત્ય છે, તો શ્રીકૃષ્ણે કહ્યું, અર્જુન, તને આ અજ્ઞાન ક્યાંથી મળ્યું ? સત્ વસ્તુનો ત્રણે કાળમાં ક્યારેય અભાવ નથી હોતો, એને દૂર ન કરી શકાય અને અસત્ વસ્તુઓનું ત્રણે કાળમાં અસ્તિત્વ નથી, તેને રોકી ન શકાય. વસ્તુતઃ તે કોઈ વસ્તુ છે, જેનો ત્રણે કાળમાં અભાવ નથી અને તે અસત્ વસ્તુ છે શું જેનું અસ્તિત્વ નથી ? તો બતાવ્યું – આ આત્મા જ સત્ય છે અને ભૂતાદિકોનાં સમસ્ત શરીર નાશવંત છે. આત્મા સનાતન છે, અવ્યક્ત છે, શાશ્વત અને અમૃત સ્વરૂપ છે. આ જ પરમ સત્ય છે.

અહીં કહે છે સત્ એવા પરમાત્માનું આ નામ **सद्भावे** સત્ય પ્રતિ અને સાધુભાવમાં પ્રયોગ કરવામાં આવે છે અને હે પાર્થ ! જ્યારે કર્મ સાંગોપાંગ, સારી રીતે થવા માંડે, ત્યારે સત્ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. સત્ નો અર્થ એ નથી કે આ વસ્તુઓ અમારી છે. જ્યારે શરીર જ આપણું નથી, તો તેના ઉપભોગમાં આવનારી વસ્તુઓ આપણી કઈ રીતે બની શકે ? આ સત નથી. સત્નો પ્રયોગ કેવળ એક દિશામાં જ કરવામાં આવે છે. સદ્ભાવમાં આત્મા જ પરમ સત્ય છે. આ સત્ય પ્રત્યે ભાવ હોય એને સાધવા માટે સાધુભાવ હોય અને તેની પ્રાપ્તિ કરાવવાળાં કર્મ પ્રશસ્ત રીતે થવા લાગે, ત્યાં જ સત્ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. આ વિશે યોગેશ્વર કહે છે –

**यज्ञे तपसि दाने च स्थितिः सदिति चोच्यते ।**
**कर्म चैव तदर्थीयं सदित्येवाभिधीयते ॥२७॥**

યજ્ઞ, તપ અને દાનને કરવામાં જે સ્થિતિ મળે છે તે પણ સત્ છે એવું કહેવાય છે. **तदर्थीयं** તે પરમાત્માની પ્રાપ્તિ માટે કરેલાં કર્મ જ સત્ છે.

અર્થાત્ તે પરમાત્માની પ્રાપ્તિવાળાં કર્મ જ સત્ છે. જ્ઞાન, દાન, તપ તો આ કર્મનાં પૂરક છે. અન્તમાં નિર્ણય આપતાં કહે છે કે આ બધાં માટે શ્રદ્ધા આવશ્યક છે.

**अश्रद्धया हुतं दत्तं तपस्तप्तं कृतं च यत् ।**
**असदित्युच्यते पार्थ न च तत्प्रेत्य नो इह ॥२८॥**

હે પાર્થ ! શ્રદ્ધા વગર કરેલો હવન, આપેલું દાન, તપેલું તપ અને જે કાંઈ પણ કરેલાં કર્મ છે, તે બધું અસત્ છે એમ કહેવાય છે, તે ન તો આ લોકમાં કે ન તો પરલોકમાં પણ લાભદાયક છે. માટે સમર્પણ સાથે શ્રદ્ધા નિતાન્ત આવશ્યક છે.

**નિષ્કર્ષ :**

અધ્યાયના આરંભમાં જ અર્જુને પ્રશ્ન કર્યો કે ભગવન્ શાસ્ત્રવિધિને ત્યાગીને અને શ્રદ્ધાથી યુક્ત બનીને જે યજન કરે છે (લોકો ભૂત-ભૂવાદિ અન્યાન્યને પૂજતા જ રહે છે.) તો તેમની શ્રદ્ધા કેવી રીતે છે ? સાત્ત્વિક છે, રાજસ છે અથવા તામસ ? આ પરથી યોગેશ્વર કૃષ્ણે કહ્યું, અર્જુન, આ પુરુષ શ્રદ્ધાનું સ્વરૂપ (પૂતળું) છે, ક્યાંક ને ક્યાંક તેની શ્રદ્ધા હોવાની. જેવી શ્રદ્ધા એવો પુરુષ, જેવી વૃત્તિ, એવો પુરુષ. તેઓની તે શ્રદ્ધા સાત્ત્વિક, રાજસી અને તામસી એમ ત્રણ પ્રકારની હોય છે. સાત્ત્વિક શ્રદ્ધાવાળા દેવતાઓને, રાજસી શ્રદ્ધાવાળા યક્ષ (જે યક્ષ શૌર્ય પ્રદાન કરે છે), રાક્ષસો (જે ક્રૂર કર્મીથી સંપન્ન હોય છે)નો પીછો કરે છે અને તામસી શ્રદ્ધાવાળા ભૂતપ્રેતોને પૂજે છે. શાસ્ત્રવિધિથી રહિત આ પૂજાઓ દ્વારા આ ત્રણે પ્રકારના શ્રદ્ધાળુ શરીરમાં રહેલા ભૂતસમુદાય અર્થાત્ પોતાના સંકલ્પો અને હૃદયદેશમાં રહેલા મને અંતર્યામીને પણ કૃશ કરે છે. નહિ કે પૂજે છે. એ બધાંને તું નિશ્ચયપૂર્વક અસુર હોવાનું જાણ અર્થાત્ ભૂત-પ્રેત-યક્ષ-રાક્ષસ તથા દેવતાઓને પૂજવાવાળા અસુર છે.

દેવતા-પ્રસંગને કૃષ્ણે અહીંયાં ત્રીજી વાર લીધો છે. પ્રથમ સાતમાં અધ્યાયમાં એમણે કહ્યું કે, અર્જુન, કામનાઓએ જેનું જ્ઞાન હરી લીધું છે, તે જ મૂઢ બુદ્ધિના અન્ય દેવતાઓની પૂજા કરે છે. બીજી વાર નવમા અધ્યાયમાં એ જ પ્રશ્નને બેવડાવતાં કહ્યું કે જે અન્યાન્ય દેવતાઓની પૂજા કરે છે. તેઓ મને જ પૂજે છે. પરંતુ તેમનું તે પૂજન અવિધિપૂર્વક અર્થાત્ શાસ્ત્રમાં નિર્ધારિત વિધિથી ભિન્ન છે, માટે તે નષ્ટ થઈ જાય છે. અહીંયાં સત્તરમાં અધ્યાયમાં તેમને અસુરી સ્વભાવવાળા કહીને સંબોધિત કર્યા છે. શ્રીકૃષ્ણના શબ્દોમાં એક પરમાત્માની જ પૂજાનું વિધાન છે.

તે પછી યોગેશ્વર શ્રીકૃષ્ણે ચાર પ્રશ્ન કર્યા - આહાર, યજ્ઞ, તપ અને દાન. આહાર ત્રણ પ્રકારના હોય છે. સાત્ત્વિક પુરુષને તો આરોગ્યવર્ધક, સ્વાભાવિક પ્રિય લાગવાવાળો, સ્નિગ્ધ આહાર વધારે પ્રિય છે. રાજસી પુરુષને કડવા, તીક્ષ્ણ, ઉષ્ણ, મસાલેદાર, રોગવર્ધક આહાર પ્રિય હોય છે. તામસી પુરુષને એઠો, વાસી અને અપવિત્ર આહાર પ્રિય હોય છે.

શાસ્ત્રવિધિથી નિર્દિષ્ટ યજ્ઞ (જે આરાધનાથી અન્તઃક્રિયાઓ છે). જે મનનો નિરોધ કરે છે, ફળાકાંક્ષાથી રહિત તે યજ્ઞ સાત્ત્વિક છે. દંભ પ્રદર્શન તથા ફળ માટે કરવામાં આવતા યજ્ઞ રાજસી છે અને શાસ્ત્રવિધિથી રહિત, મંત્ર, દાન તથા શ્રદ્ધા વિના કરેલા યજ્ઞ તામસી છે.

પરમદેવ પરમાત્મામાં પ્રવેશ અપાવનારી બધી જ યોગ્યતાઓ જેમાં છે તે પ્રાજ્ઞ, સદ્‌ગુરુની સેવાઅર્ચના અને અંતઃકરણથી અહિંસા, બ્રહ્મચર્ય અને પવિત્રતાને અનુરૂપ શરીરને તપાવવું શરીરનું તપ છે. સત્ય, પ્રિય અને હિતકર બોલવું વાણીનું તપ છે અને મનને કર્મમાં પ્રવૃત્ત રાખવું, ઈષ્ટ સિવાયના વિષયોના ચિન્તનમાં મનને મૌન રાખવું તે મન સંબંધી તપ છે. મન, વાણી અને શરીર ત્રણે મેળવીને એક થઈને તપાવવું એ સાત્ત્વિક

તપ છે. રાજસી તપમાં કામનાઓ સાથે તપ કરવામાં આવે છે. જ્યારે તામસી તપ શાસ્ત્રવિધિથી રહિત સ્વેચ્છાચાર છે.

કર્તવ્ય માનીને, દેશ-કાળ અને પાત્રનો વિચાર કરીને શ્રદ્ધાપૂર્વક કરેલું દાન સાત્ત્વિક છે. કોઈ લાભના લોભથી કરવામાં આવતું દાન રાજસી છે અને તોછડાઈપૂર્વક કુપાત્રને આપવામાં આવતું દાન તામસી છે.

ૐ તત્ સત્નું સ્વરૂપ બતાવતાં યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું કે આ નામ પરમાત્માની સ્મૃતિ અપાવે છે. શાસ્ત્રવિધિથી નિર્ધારિત તપ, દાન અને યજ્ઞ આરંભ કરવામાં ૐનો પ્રયોગ થાય છે અને પૂર્તિમાં જ ૐ પિંડ છોડે છે. **તત્** નો અર્થ છે તે પરમાત્મા. તેનાં પ્રતિ સમર્પિત થઈને જ તે કર્મ થાય છે અને જ્યારે કર્મ ધારાવાહી થવા લાગે ત્યારે સત્નો પ્રયોગ થાય છે. ભજન જ સત્ છે. સત્ પ્રત્યે ભાવ અને સાધુભાવથી સત્નો પ્રયોગ કરવામાં આવે છે. પરમાત્માની પ્રાપ્તિ કરાવવાવાળાં કર્મ, યજ્ઞ, દાન અને તપના પરિણામમાં પણ સત્નો પ્રયોગ છે અને પરમાત્મામાં પ્રવેશ અપાવનારાં કર્મ નિશ્ચયપૂર્વક સત્ છે. પરંતુ આ બધાંની સાથે શ્રદ્ધા આવશ્યક છે. શ્રદ્ધાથી રહિત થઈને કરેલાં કર્મ, અપાયેલું દાન, કરવામાં આવેલું તપ ન તો આ જન્મમાં લાભદાયક છે ન તો આગલા જન્મમાં. શ્રદ્ધા અપરિહાર્ય છે.

સંપૂર્ણ અધ્યાયમાં શ્રદ્ધા ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે અને અંતમાં ઓમ તત્ સત્ની વિશદ વ્યાખ્યા રજૂ કરવામાં આવી, જે ગીતાના શ્લોકમાં પ્રથમ વાર જ આવ્યું છે. માટે —

**ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायांयोगशास्त्रे श्री कृष्णार्जुनसंवादे 'ॐ तत्सत् श्रद्धात्रयविभागयोगो' नाम सप्तदशोऽध्यायः ॥१७॥**

આ રીતે શ્રીમદ્‌ભગવદ્‌ગીતારૂપી ઉપનિષદ અર્થાત્ બ્રહ્મવિદ્યા તથા યોગશાસ્ત્રવિષયક શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદમા 'ૐ તત્સત્ શ્રદ્ધાત્રયવિભાગયોગ' નામનો સત્તરમો અધ્યાય પૂરો થાય છે.

**इति श्रीमत्परमहंस परमानन्दस्य शिष्य स्वामी श्री अडगडानन्दकृते श्रीमद्भागवद्गीतायाः 'यथार्थ गीता' भाष्ये 'ॐ तत्सत् श्रद्धात्रयविभागयोगो' नाम सप्तदशोऽध्यायः ॥१७॥**

આ રીતે શ્રીમત્પરમહંસ પરમાનન્દજીના શિષ્ય સ્વામી શ્રી અડગડાનંદજીકૃત શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના ભાષ્ય 'યથાર્થ ગીતા'માં 'ૐ તત્સત્ શ્રદ્ધાત્રયવિભાગયોગ' નામનો સત્તરમો અધ્યાય પૂરો થાય છે.

**॥ हरिः ॐ तत्सत् ॥**

ॐ

**श्री परमात्मने नमः**

# અધ્યાય અઢારમો

ગીતાનો આ છેલ્લો અધ્યાય છે. તેના પૂર્વાર્ધમાં યોગેશ્વર શ્રીકૃષ્ણે અનેક પ્રશ્નોનું સમાધાન આપેલું છે અને ઉત્તરાર્ધમાં ગીતાથી શો લાભ છે તે દર્શાવી ગીતાનો ઉપસંહાર કર્યો છે. સત્તરમા અધ્યાયમાં આહાર, તપ, દાન અને શ્રદ્ધાના વિવિધ પ્રકાર દર્શાવીને તે સૌનાં સ્વરૂપ સમજાવ્યાં છે. તે જ સંદર્ભમાં ત્યાગના પ્રકાર દર્શાવવા હજી બાકી છે. મનુષ્ય જે કંઈ કરે છે તેની પાછળ કયું કારણ છે ? કોણ કરાવે છે. ભગવાન કરાવે છે કે પ્રકૃતિ આ પ્રશ્ન આરંભથી જ હતો. એના પર આ અધ્યાયમાં ફરી પ્રકાશ પાડ્યો. આ જ રીતે વર્ણવ્યવસ્થાની પણ ચર્ચા થઈ ચૂકી હતી. સૃષ્ટિમાં તેના સ્વરૂપનું વિશ્લેષણ આ અધ્યાયમાં દર્શાવ્યું છે. અંતમાં ગીતાથી મળનારી વિભૂતિઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

પાછલા અધ્યાયમાં અનેક પ્રકરણોનું વિભાજન સાંભળીને અર્જુને પોતે એક પ્રશ્ન કર્યો કે આપ ત્યાગ અને સંન્યાસને વિભાગ સહિત કૃપા કરી બતાવો.

**अर्जुन उवाच**

**संन्यासस्य महाबाहो तत्त्वमिच्छामि वेदितुम् ।**
**त्यागस्य च हृषीकेश पृथक्केशिनिषूदन ॥१॥**

અર્જુને પૂછ્યું : 'હે મહાબાહો, હે હૃદયના સ્વામી, હે કેશિનિષૂદન, હું સંન્યાસ અને ત્યાગના સાચા સ્વરૂપને અલગ અલગ રીતે વિસ્તારથી જાણવા ઈચ્છું છું. પૂર્ણ ત્યાગ સંન્યાસ છે. એમાં સંકલ્પો અને સંસ્કારોનું પણ સમાપન છે અને તે પહેલાં સાધનાની પૂર્તિ માટે ઉત્તરોત્તર આસક્તિ છોડવી એનું નામ ત્યાગ છે. અહીં બે પ્રશ્નો છે. પ્રથમ, હું સંન્યાસના તત્ત્વને જાણવા ઈચ્છુ છું અને બીજું ત્યાગના તત્ત્વને જાણવા ઈચ્છું છું. તે વિશે યોગેશ્વર શ્રીકૃષ્ણ બોલ્યા :

**श्री भगवानुवाच**

**काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयो विदुः ।**
**सर्वकर्मफलत्यागं प्राहुस्त्यागं विचक्षणाः ॥२॥**

અર્જુન ! કેટલાક પંડિતો કામ્ય કર્મોના ત્યાગને સંન્યાસ કહે છે. જ્યારે કેટલાક વિચારશીલ પુરુષો કર્મ-ફળના ત્યાગને ત્યાગ કહે છે.

**त्याज्यं दोषवदित्येके कर्म प्राहुर्म्मनीषिणः ।**
**यज्ञदानतपःकर्म न त्याज्यमिति चापरे ॥३॥**

કેટલાક વિદ્વાનો એમ કહે છે કે બધાં જ કર્મો દોષયુક્ત છે, આથી તેનો ત્યાગ કરવો યોગ્ય છે. જ્યારે બીજા કેટલાક વિદ્વાનો એમ કહે છે કે યજ્ઞ, દાન અને તપ એ ત્યાગવા યોગ્ય નથી. આમ, અનેક મતો પ્રસ્તુત કરીને યોગેશ્વર શ્રીકૃષ્ણ પોતાનો નિશ્ચિત મત દર્શાવે છે.

**निश्चयं शृणु मे तत्र त्यागे भरतसत्तम् ।**
**त्यागो हि पुरुषव्याघ्र त्रिविधः संप्रकीर्तितः ॥४॥**

હે અર્જુન ! આ ત્યાગના વિષયમાં તું મારો નિશ્ચય સાંભળ. હે પુરુષશ્રેષ્ઠ, ત્યાગ ત્રણ પ્રકારનો કહ્યો છે.

**यज्ञदानतपःकर्म न त्याज्यं कार्यमेव तत् ।**
**यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ॥५॥**

યજ્ઞ, દાન અને તપ આ ત્રણ પ્રકારનાં કર્મ ત્યાગ કરવા જેવાં નથી. એ તો કરવાં જ જોઈએ, કારણ કે યજ્ઞ, દાન અને તપ એ ત્રણે પુરુષને પવિત્ર કરનારાં છે.

શ્રીકૃષ્ણે ચાર પ્રચલિત મતોનો ઉલ્લેખ કર્યો. કામ્ય કર્મોનો ત્યાગ, બીજો, સંપૂર્ણ કર્મફળનો ત્યાગ, ત્રીજો દોષયુક્ત હોવાથી બધાં જ કર્મોનો ત્યાગ અને ચોથો મત હતો - યજ્ઞ, દાન અને તપ ત્યાગવા યોગ્ય નથી. એમાંથી એક મત સાથે પોતાની સંમતિ દર્શાવતાં કહ્યું, અર્જુન, મારો પણ એ નિશ્ચિત મત છે કે યજ્ઞ, દાન અને તપરૂપ ક્રિયાઓ ત્યાગવા યોગ્ય કર્મ નથી. આનાથી એ સિદ્ધ થાય છે કે શ્રીકૃષ્ણના સમયમાં પણ ઘણા બધા મત પ્રચલિત હતા. એમાં એક યથાર્થ મત હતો. એ કાળમાં ઘણા બધા મત હતા, આજે પણ છે. મહાપુરુષ જ્યારે દુનિયામાં અવતરે છે ત્યારે અનેક મતમતાંતરોમાંથી કલ્યાણકારી મત તારવીને રજૂ કરે છે. દરેક મહાપુરુષે આવું જ કર્યું છે. શ્રીકૃષ્ણે પણ આમ જ કર્યું. એમણે કોઈ નવો માર્ગ નથી બતાવ્યો, પરંતુ પ્રચલિત એવા ઘણા મતોમાંથી સત્યને સમર્થન આપી સ્પષ્ટ કરી બતાવ્યું.

**एतान्यपि कर्माणि सङ्गं त्यक्त्वा फलानि च ।**
**कर्तव्यानीतकि मे पार्थ निश्चितं मतमुत्तमम् ॥६॥**

યોગેશ્વર શ્રીકૃષ્ણ ભારપૂર્વક કહે છે, હે પાર્થ, યજ્ઞ, દાન અને તપરૂપ કર્મો કોઈ પણ જાતની આસક્તિ વિના અને ફળને ત્યાગીને અવશ્ય કરવાં

જોઈએ. આ મારો નિશ્ચિત ઉત્તમ મત છે. હવે અર્જુનના પ્રશ્ન અનુસાર તે ત્યાગનું વિશ્લેષણ કરે છે.

**नियतस्य तु संन्यासः कर्मणो नोपपद्यते ।**
**मोहात्तस्य परित्यागस्तामसः परिकीर्तितः ॥७॥**

હે અર્જુન ! નિયત કર્મ કર (શ્રીકૃષ્ણના શબ્દોમાં નિયત કર્મ એક જ છે. યજ્ઞની પ્રક્રિયાઓ નિયત શબ્દને યોગેશ્વરે આઠદસ વાર કહ્યો. તેના પર વારંવાર ભાર મૂક્યો. જેથી રખેને સાધક ભૂલીને બીજું કાંઈ કરવા ન લાગી જાય.) આ શાસ્ત્રવિધિ પ્રમાણે નિર્ધારિત કર્મનો ત્યાગ કરવો ઉચિત નથી. મોહથી તેનો ત્યાગ કરવો એ તામસ ત્યાગ કહ્યો છે. સાંસારિક પદાર્થોની આસક્તિમાં ફસાઈને **कार्यम् कर्म** (નિયત કર્મ) એકબીજાનાં પૂરક છે, તેમનો ત્યાગ તામસી છે. આવો પુરુષ **अधः गच्छति** કીટ-પતંગ પર્યંત અધમ યોનિઓમાં જાય છે. કારણ કે તેણે ભજનની પ્રવૃત્તિનો ત્યાગ કર્યો છે. હવે રાજસ ત્યાગ વિશે કહે છે.

**दुःखमित्येव यत्कर्म कायक्लेशभयात्यजेत् ।**
**स कृत्वा राजसं त्यागं नैव त्यागफलं लभेत् ॥८॥**

કર્મને દુઃખમય સમજીને, શારીરિક પીડાના ભયથી તેનો ત્યાગ કરનાર વ્યક્તિ રાજસી ત્યાગ કરીને પણ ત્યાગનું ફળ મેળવી શકતો નથી. જેનાથી ભજન ન થાય અને **कायक्लेशभयात्** શરીરપીડાના ભયથી કર્મને ત્યાગી દે એવા મનુષ્યનો ત્યાગ રાજસી છે. તેને ત્યાગ કરવાથી પરમ શાંતિ મળતી નથી. વળી,

**कार्यमित्येव यत्कर्म नियतं क्रियतेऽर्जुन ।**
**सङ्गं त्यक्त्वा फलं चैव स त्यागः सात्त्विको मतः ॥९॥**

હે અર્જુન ! કરવું એ જ કર્તવ્ય છે એમ સમજીને **'नियतम्'** — શાસ્ત્રવિધિથી નિર્ધારિત કરેલું તેમજ સંગદોષ અને ફળને ત્યાગીને કરેલું કર્મ

જ સાત્ત્વિક ત્યાગ છે. આથી નિયત કર્મ જ કરવું અને તે સિવાય જે કંઈ છે તેનો ત્યાગ. આ નિયત કર્મ પણ શું કરતા જ રહેવું કે તેનો પણ ત્યાગ કરવો પડે ? તે વિશે કહે છે, હવે અંતિમ ત્યાગનું રૂપ જોઈએ.

**ने द्वेष्ट्यकुशलं कर्मकुशले नानुषज्जते ।**
**त्यागी सत्त्वसमाविष्टो मेधावी छिन्नसंशयः ॥१०॥**

હે અર્જુન ! જે પુરુષ **अकुशलं कर्म** અર્થાત્ અકલ્યાણકારી કર્મથી (શાસ્ત્રે નિયત કરેલું કર્મ જ કલ્યાણકારી છે. એથી વિરુદ્ધ જે કંઈ છે તે આ લોકનું બંધન છે. આથી અકલ્યાણકારી છે. આવાં કર્મોથી) દ્વેષ કરતો નથી અને અકલ્યાણકારી કર્મમાં આસક્ત થતો નથી. જે કરવાનું હતું તે પણ બાકી નથી એવું વિચારનાર સાત્ત્વિક પુરુષ સંશયરહિત, જ્ઞાનવાન અને ત્યાગી છે. તેણે બધાનો ત્યાગ કર્યો છે. આમ છતાં પ્રાપ્તિ સાથે સંપૂર્ણ ત્યાગ જ સંન્યાસ છે. એવું બની શકે કે કોઈ સરળ માર્ગ હોય ? તેના પર કહે છે, 'ના.'

**न हि देहभृता शक्यं त्यक्तुं कर्माण्यशेषतः ।**
**यस्तु कर्मफलत्यागी स त्यागीत्यभिधीयते ॥११॥**

દેહધારી પુરુષો માટે (આપણે જે જોઈએ છીએ તે કેવળ શરીર જ નહિ, શ્રીકૃષ્ણના મત અનુસાર, પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા સત્, રજસ્ અને તમસ્ – આ ત્રણે ગુણો જ – આ જીવાત્માને શરીરમાં બાંધે છે. જ્યાં સુધી ગુણો છે ત્યાં સુધી જીવધારી છે. કોઈ ને કોઈ રૂપમાં શરીર બદલાતું રહેશે. દેહને કારણે જ્યાં સુધી જીવિત છે.) બધાં જ કર્મોનો સંપૂર્ણ રીતે ત્યાગ સંભવ નથી, આથી એમ કહેવાય છે કે જે પુરુષ કર્મનાં ફળોનો ત્યાગી છે તે જ સાચો ત્યાગી છે. આથી, જ્યાં સુધી આ શરીર જીવિત છે ત્યાં સુધી નિયત કર્મ કરો અને તેનાં ફળોનો ત્યાગ કરો. બદલામાં કોઈ જ ફળની કામના ન કરો. સકામી પુરુષોનાં કર્મોનું ફળ તો ઉત્પન્ન થાય છે.

**अनिष्टमिष्टं मिश्रं च त्रिविधं कर्मणः फलम् ।**
**भवत्यत्यागिनां प्रेत्य न तु संन्यासिनां क्वचित् ॥१२॥**

સકામી પુરુષોનાં કર્મોના સારાં, ખરાબ અને મિશ્ર એવાં ત્રણ પ્રકારનાં ફળ, મર્યા પછી પણ હોય છે. તે જન્મજન્માંતર સુધી મળે છે. પરંતુ **संन्यासिनाम्** સર્વસ્વનો ન્યાસ (અંત) ત્યાગ કરનાર પૂર્ણ પુરુષોનાં કર્મોનાં ફળ કદી ઉત્પન્ન થતાં નથી. આ જ શુદ્ધ સંન્યાસ છે. સંન્યાસ પરમ ઉત્કૃષ્ટ અવસ્થા છે. સારાં-ખરાબ કર્મોનું ફળ તથા પૂર્ણ ન્યાસ કાળમાં એનો અંત, એ પ્રશ્ન અહીં પૂરો થયો. હવે પુરુષ જે શુભ અને અશુભ કર્મો કરે તેનું કારણ શું છે ? તે વિશે જોઈએ.

**पञ्चैतानि महाबाहो कारणानि निबोध मे ।**
**सांख्ये कृतान्ते प्रोक्तानि सिद्धये सर्वकर्मणाम् ॥१३॥**

હે મહાબાહો ! સંપૂર્ણ કર્મોની સિદ્ધિ માટે પાંચ કારણો સાંખ્ય સિદ્ધાંતમાં કહ્યાં છે. તેને તું મારી પાસેથી સારી રીતે જાણી લે.

**अधिष्ठानं तथा कर्ता करणं च पृथग्विधम् ।**
**विविधाश्च पृथक्चेष्टा दैवं चैवात्र पञ्चमम् ॥१४॥**

આ વિષયમાં કર્તા (અર્થાત્ મન), પૃથક્-પૃથક્ કારણ (જેના દ્વારા કરાય છે તે જો શુભ હોય તો વિવેક, વૈરાગ્ય, શમ, દમ, ત્યાગ, નિરંતર ચિંતનની પ્રવૃત્તિઓ કરણ હશે. જો અશુભ હોય તો કામ, ક્રોધ, રાગ-દ્વેષ, લિપ્સા વગેરે પ્રવૃત્તિઓ કરણ હશે. કાર્ય તેનાથી પ્રેરિત હશે.) વિવિધ પ્રકારની જુદી જુદી ચેષ્ટાઓ (અનંત ઈચ્છાઓ), આધાર (અર્થાત્ જે ઈચ્છા સાથે સાધન મળ્યું તે ઈચ્છા પૂરી થવા લાગે છે) અને પાંચમો હેતુ છે દૈવ અથવા સંસ્કાર તેની પુષ્ટિ કરે છે.

**शरीरवाङ्मनोभिर्यत्कर्म प्रारभते नरः ।**
**न्याय्यं वा विपरीतं वा पञ्चैते तस्य हेतवः ॥१५॥**

મનુષ્ય મન, વાણી અને શરીરથી શાસ્ત્ર અનુસાર અથવા તેનાથી વિપરીત જે કંઈ કાર્ય કરે છે, તેનાં આ પાંચ જ કારણો છે. પરંતુ આવું હોવા છતાં પણ –

**तत्रैवं सति कर्तारमात्मानं केवलं तु यः ।**
**पश्यत्यकृतबुद्धित्वान्न स पश्यति दुर्मतिः ॥१६॥**

જે પુરુષ અશુદ્ધ બુદ્ધિના કારણે તે વિષયમાં કેવળ કૈવલ્ય, સ્વરૂપ આત્માને કર્તા જુએ છે, એવો દુર્બુદ્ધિવાળો સાચું જોઈ શકતો નથી. અર્થાત્ ભગવાન કંઈ કરતા નથી.

આ પ્રશ્ન ઉપર યોગેશ્વર શ્રીકૃષ્ણે બીજી વાર ભાર મૂક્યો. પાંચમા અધ્યાયમાં એમણે કહ્યું હતું કે તે પ્રભુ નથી કરતો કે નથી કરાવતો, ન તો ક્રિયાના સંજોગને જોડે છે. તો પછી લોકો આમ શાથી કહે છે ? લોકોની બુદ્ધિ મોહથી ઢંકાઈ ગયેલી છે. આથી તેઓ કંઈ પણ કહી શકે છે, અહીં પણ કહે છે – કર્મ થવા પાછળ પાંચ કારણો છે. તેમ છતાં પણ કૈવલ્ય સ્વરૂપ પરમાત્માને કર્તા માને છે તે મૂઢબુદ્ધિ સાચું જોઈ શકતો નથી. અર્થાત્ ભગવાન કંઈ કરતા નથી. પરંતુ અર્જુન માટે તો એકદમ તૈયાર થઈ જાય છે. '**निमित्तमात्रं भवः**' કર્તા-હર્તા તો હું જ છું. તું નિમિત્ત બનીને ઊભો રહે. આ મહાપુરુષ આખરે કહેવા શું માગે છે ?

વાસ્તવમાં ભગવાન અને પ્રકૃતિ વચ્ચે એક આકર્ષણરેખા છે. જ્યાં સુધી સાધક પ્રકૃતિની સીમામાં છે, ત્યાં સુધી ભગવાન નથી કરતો. ખૂબ સમીપ રહીને પણ દૃષ્ટારૂપે જ રહે છે. ભક્ત અનન્ય ભાવે ઈષ્ટને શરણે જાય ત્યારે તે હૃદયમાં બિરાજી એના સંચાલક બની જાય છે. સાધક પ્રકૃત્તિની આકર્ષણ સીમામાંથી બહાર નીકળી એમના ક્ષેત્રમાં આવી જાય

છે. આવા અનુરાગી ભક્ત માટે ઈશ્વર સદાય તત્પર બની ઊભા છે. માત્ર એના માટે જ ભગવાન કરે છે. માટે ખૂબ વિચાર કરો. આ પ્રશ્ન અહીં પૂરો થયો. આગળ જોઈએ –

**यस्य नाहंकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।**
**हत्वापि स इमांल्लोकान्न हन्ति न निबध्यते ।।१७।।**

જે પુરુષના અંતઃકરણમાં 'હું કર્તા છું' એવો ભાવ નથી, અને જેની બુદ્ધિ લિપ્ત થતી નથી તેવો પુરુષ આ બધા જ લોકોને મારીને પણ કોઈને મારતો નથી કે નથી કોઈને બાંધતો. લોકો વિશેના સંસ્કારોનો નાશ તે જ લોકસંહાર છે. હવે એ નિયત કર્મની પ્રેરણા કેવી રીતે થાય છે તે જોઈએ–

**ज्ञानं ज्ञेयं परिज्ञाता त्रिविधा कर्मचोदना ।**
**करणं कर्म कर्तेति त्रिविधः कर्मसंग्रहः ।।१८।।**

હે અર્જુન ! પરિજ્ઞાતા અર્થાત્ પૂર્ણજ્ઞાની મહાપુરુષો પાસેથી જ્ઞાન, અને એને જાણવાની વિધિ જાણી લેવી જોઈએ. **જ્ઞેય** જાણવા યોગ્ય વસ્તુથી (શ્રીકૃષ્ણે પહેલાં કહ્યું – હું જ જ્ઞેય છું, જાણવા યોગ્ય પદાર્થ છું.) કર્મ કરવાની પ્રેરણા મળે છે. પ્રથમ તો પૂર્ણ જ્ઞાતા કોઈ મહાપુરુષ હોવો જોઈએ. તેના દ્વારા જ્ઞાન કેવી રીતે મેળવવું તેની વિધિ જાણી લેવી. લક્ષ્ય — જ્ઞેય પર દૃષ્ટિ હોય તો જ કર્મ કરવાની પ્રેરણા મળે છે અને કર્તા (મનની લગન), કરણ (વિવેક, વૈરાગ્ય, શમ, દમ વગેરે) તથા કર્મની જાણકારીથી કર્મનો સંગ્રહ થાય છે, કર્મ એકત્રિત થવા માંડે છે. પાછળ કહેવામાં આવ્યું હતું કે પ્રાપ્તિ પછી પુરુષને કર્મ કરવા પાછળ કોઈ કારણ રહેતું નથી અને ન તો કર્મ છોડવાથી હાનિ પણ થાય છે. આમ છતાં લોકસંગ્રહ અર્થાત્ પાછળ રહેનારાઓના હૃદયમાં કલ્યાણકારી સાધનોના સંગ્રહ માટે તે કર્મ કરતો રહે છે. કર્તા, કરણ અને કર્મ દ્વારા તેનો સંગ્રહ થાય છે. જ્ઞાન, કર્મ અને કર્તાના પણ ત્રણ ભેદ છે –

**ज्ञानं कर्म च कर्ता च त्रिधैव गुणभेदतः ।**
**प्रोच्यते गुणसंख्याने यथावच्छृणु तान्यपि ॥१९॥**

જ્ઞાન, કર્મ અને કર્તા તેના ગુણોના ભેદથી સાંખ્યશાસ્ત્રમાં ત્રણ પ્રકારનાં ગણાવ્યાં છે. તે પણ વાસ્તવિક સ્વરૂપે યથાવત્ સાંભળ, પ્રથમ જ્ઞાનનો ભેદ તું સાંભળ –

**सर्वभूतेषु येनैंकं भावमव्ययमीक्षते ।**
**अविभक्तं विभक्तेषु तज्ज्ञानं विद्धि सात्त्विकम् ॥२०॥**

અર્જુન ! જે જ્ઞાનથી મનુષ્ય ભિન્ન ભિન્ન તમામ પ્રાણીઓમાં એક અવિનાશી પરમાત્માને વિભાગરહિત સમરસ જુએ છે તે જ્ઞાનને તું સાત્ત્વિક જ્ઞાન જાણ. જ્ઞાન એ પ્રત્યક્ષ અનુભૂતિ છે. એની સાથે જ ગુણોનો અંત આવે છે. આ જ્ઞાનની પાકટ અવસ્થા છે. હવે રાજસ જ્ઞાન જોઈએ.

**पृथक्त्वेन तु यज्ज्ञानं नानाभावान्पृथग्विविधान ।**
**वेत्ति सर्वेषु भूतेषु तज्ज्ञानं विद्धि राजसम् ॥२१॥**

જે જ્ઞાન સૌ પ્રાણીઓમાં ભિન્ન પ્રકારે અનેક ભાવોને અલગ અલગ પાડીને જુએ છે કે આ સારું છે, આ ખરાબ છે – એવા જ્ઞાનને તું રાજસ જાણ. આવી સ્થિતિ હોય તો તમારું જ્ઞાન રાજસ્ પ્રકારનું છે. હવે જોઈએ તામસ જ્ઞાન –

**यत्तु कृत्स्नवदेकस्मिन्कार्ये सक्तमहैतुकम् ।**
**अतत्त्वार्थवदल्पं च तत्तामसमुदाहृतम् ॥२२॥**

શરીર જ સર્વ કંઈ છે એટલામાં જ જે જ્ઞાન આસક્ત છે, દેહનો જેને મોહ છે, યુક્તિરહિત અર્થાત્ જેની પાછળ કોઈ ક્રિયા નથી, તત્ત્વના અર્થસ્વરૂપ પરમાત્માની ઓળખથી વિમુખ કરાવે તેવું અને તુચ્છ એવા જ્ઞાનને તામસ કહ્યું છે, હવે પ્રસ્તુત છે કર્મના ત્રણ પ્રકારો :

**नियतं सङ्गरहितमरागद्वेषतः कृतम् ।**
**अफलप्रेप्सुना कर्म यत्तत्सात्त्विकमुच्यते ।।२३।।**

જે કર્મ '**नियतम्**' શાસ્ત્રવિધિથી નિર્ધારિત કરેલું છે, અન્ય નથી, કોઈ પણ પ્રકારના સંગદોષ અને ફળની ઈચ્છા નહિ રાખનારા પુરુષ દ્વારા રાગ-દ્વેષ રાખ્યા વગર જે કર્મ કરાયું હોય તે કર્મને સાત્ત્વિક કર્મ કહે છે. (નિયત કર્મ (આરાધના) ચિંતન છે જે 'પરમ' તત્ત્વમાં પ્રવેશ અપાવે છે.)

**यत्तु कामेप्सुना कर्म साहङ्कारेण वा पुनः ।**
**क्रियते बहुलायासं तद्राजचसमुदाहृतम् ।।२४।।**

જે કર્મ બહુ જ મહેનતભર્યું હોય, ફળની ઈચ્છા રાખનાર અને અહંકારવાળા પુરુષ દ્વારા થતું હોય, તેવા કર્મને રાજસ કર્મ કહેવાય છે. આ પુરુષ પણ તે જ નિયત કર્મ કરે છે, પરંતુ ફેર માત્ર એટલો જ છે કે તે કર્મ ફળની ઈચ્છા અને અહંકારવાળું હોય છે, આથી તેના દ્વારા કરેલું ં કર્મ એ રાજસ કર્મ છે. હવે જોઈએ તામસ કર્મ –

**अनुबन्धं क्षयं हिंसामनवेक्ष्य च पौरुषम् ।**
**मोहादारभ्यते कर्म यत्तत्तामसमुच्यते ।।२५।।**

જે કર્મ અંતે નાશ થનારું હોય, હિંસા અને પોતાની શક્તિનો વિચાર કર્યા વગર ફક્ત મોહવશ શરૂ કરવામાં આવ્યું હોય તેવું કર્મ તામસ કર્મ છે. સ્પષ્ટ છે કે આ કર્મ શાસ્ત્રનિયત કર્મ નથી. એ કેવળ એક ભ્રાંતિ છે. હવે કર્તાના લક્ષણ જોઈએ –

**मुक्तसङ्गोऽनहंवादी धृत्युत्साहसमन्वितः ।**
**सिद्ध्यसिद्ध्योर्निर्विकारः कर्ता सात्त्विक उच्यते ।।२६।।**

જે કર્તા સંગ-દોષરહિત થઈને, અભિમાનભર્યા વચન બોલ્યા વગર, ધીરજ અને ઉત્સાહયુક્ત થઈને કાર્યમાં સફળતા-નિષ્ફળતાના પ્રસંગથી હર્ષ-શોક વગેરે વિકારોથી સર્વથા પર રહીને કર્મ કરે છે તે કર્તા સાત્ત્વિક કહેવાય છે. આ જ ઉત્તમ સાધકનાં લક્ષણો છે. નિયત કર્મ એ જ છે.

**रागी कर्मफलप्रेप्सुर्लुब्धो हिंसात्मकोऽशुचिः ।**
**हर्षशोकान्वितः कर्ता राजसः परिकीर्तितः ॥२७॥**

આસક્તિવાળા, કર્મના ફળથી ઈચ્છા રાખનારા, લોલુપ, આત્માને કષ્ટ પહોંચાડનારા, અપવિત્ર અને હર્ષશોકથી લિપ્ત કર્તાને રાજસ કર્તા ગણ્યો છે.

**अयुक्तः प्राकृतः स्तब्धः शठो नैष्कृतिकोऽलसः ।**
**विषादी दीर्घसूत्री च कर्ता तामस उच्यते ॥२८॥**

જે ચંચળ મનવાળો, અસભ્ય, ઘમંડી, ધૂર્ત અને બીજાનાં કાર્યોમાં વિઘ્ન કરનારો, શોક કરવાના સ્વભાવવાળો, આળસુ અને દીર્ઘસૂત્રી છે તે તામસ પ્રકારનો કર્તા છે. દીર્ઘસૂત્રી એટલે જેની કર્મ કરવાની ઈચ્છા તો હોય, પરંતુ તરત કરવાનું હોય તે કર્મ કાલ પર ટાળનારો. આમ, કર્તાનાં લક્ષણો પૂરાં થયાં. હવે યોગેશ્વર શ્રીકૃષ્ણે નવો પ્રશ્ન ઉપાડ્યો. બુદ્ધિ, ધારણા અને સુખનાં લક્ષણો.

**बुद्धेर्भेदं धृतेश्चैव गुणतस्त्रिविधं शृणु ।**
**प्रोच्यमानमशेषेण पृथकत्वेन धनंजय ॥२९॥**

હે ધનંજય ! ગુણોના કારણે બુદ્ધિ અને ધારણાશક્તિના ત્રણ પ્રકારો તું સંપૂર્ણપણે વિભાગપૂર્વક મારી પાસેથી સાંભળ.

**प्रवृत्तिं च निवृत्तिं च कार्याकार्ये भयाभये ।**
**बन्धं मोक्षं च या वेत्ति बुद्धिः सा पार्थ सात्त्विकी ॥३०॥**

હે પાર્થ ! પ્રવૃત્તિ અને નિવૃત્તિને, કર્તવ્ય અને અકર્તવ્યને, ભય અને અભયને તથા બંધન અને મોક્ષને જે બુદ્ધિ સાચી - યથાર્થ રીતે જાણે છે તે બુદ્ધિ સાત્ત્વિક છે. અર્થાત્ પરમાત્માનો માર્ગ આવાગમનનો પથ, બંનેની સારી રીતની જાણકારી સાત્ત્વિક બુદ્ધિ છે.

**यया धर्ममधर्मं च कार्यं चाकार्यमेव च ।**
**अयथावत्प्रजानाति बुद्धि सा पार्थ राजसी ॥३१॥**

હે પાર્થ ! જે બુદ્ધિ વડે મનુષ્ય ધર્મ અને અધર્મને તથા કર્તવ્ય-અકર્તવ્યને સારી રીતે જાણતો નથી. અધૂરું જાણે છે તે બુદ્ધિ રાજસી છે. હવે તામસી બુદ્ધિનું સ્વરૂપ જોઈએ.

**अधर्मं धर्ममिति या मन्यते तमसावृता ।**
**सर्वार्थान्विपरीतांश्च बुद्धिः सा पार्थ तामसी ॥३२॥**

હે પાર્થ ! તમોગુણથી ઢંકાયેલી જે બુદ્ધિ અધર્મને ધર્મ માને છે, તથા તમામ હિતોને ઊલટા જ જુએ છે તે બુદ્ધિ તામસી છે.

અહીં શ્લોક ત્રીસથી બત્રીસ સુધી બુદ્ધિના ત્રણ પ્રકારો ગણાવ્યા છે. પહેલી બુદ્ધિ તો કયા કાર્યમાં નિવૃત્ત થવું અને કયા કાર્યમાં પ્રવૃત્ત થવું, કયું કર્તવ્ય છે અથવા કયું અકર્તવ્ય છે, તેની સારી રીતે જાણકારી રાખે છે, તે બુદ્ધિ સાત્ત્વિક છે. જે બુદ્ધિ કર્તવ્ય-અકર્તવ્યને સારી રીતે જાણતી નથી. તે વિશેની સમજ ધૂંધળી છે તે રાજસી બુદ્ધિ છે અને અધર્મને ધર્મ, નશ્વરને શાશ્વત અને હિતને અહિત – આ પ્રકારે વિપરીત જાણકારીવાળી બુદ્ધિ તામસી છે. આમ બુદ્ધિના પ્રકારો સમાપ્ત થયા. હવે રજૂ થાય છે બીજો પ્રશ્ન '**ધુતિ**' 'ધારણા'ના આ ત્રણ પ્રકાર :

**धृत्या यया धारयते मनःप्राणेन्द्रियक्रियाः ।**
**योगेनाव्यभिचारिण्या धृतिः सा पार्थ सात्त्विकी ॥३३॥**

**'योगेन'** યૌગિક પ્રક્રિયા દ્વારા **अव्यभिचारिणी** યોગ, ચિંતન સિવાય બીજો કોઈ પણ વિચાર આવવો તે વ્યભિચાર છે. મનનું બહેકવું એ વ્યભિચાર છે. આથી મનુષ્ય અવ્યભિચારી ધારણાથી મન, પ્રાણ અને ઇન્દ્રિયોને કાર્યશીલ રાખે તેવી ધારણા સાત્ત્વિક છે. અર્થાત્ મન, પ્રાણ અને ઇન્દ્રિયોને ઇષ્ટની દિશામાં વાળવા એ જ સાત્ત્વિક ધારણા છે. તથા –

**यया तु धर्मकामार्थान्धृत्या धारयतेऽर्जुन ।**
**प्रसङ्गेन फलाकाङ्क्षी धृतिः सा पार्थ राजसी ॥३४॥**

હે અર્જુન ! ફળની ઇચ્છાવાળો મનુષ્ય અતિશય આસક્તિથી કેવળ ધર્મ, અર્થ અને કામની ધારણ કરે છે (મોક્ષની નહિ) આ ધારણા રાજસી છે. આ ધારણામાં પણ લક્ષ્ય એ જ છે, કેવળ ઇચ્છા કરે છે. જે કાંઈ કરે છે તેના બદલામાં કાંઈક મેળવવાની ઇચ્છા રાખે છે. હવે તામસી ધારણાનાં લક્ષણો જોઈએ –

**यया स्वप्नं भयं शोकं विषादं मदमेव च ।**
**न विमुञ्चति दुर्मेधा धृतिः सा पार्थ तामसी ॥३५॥**

હે પાર્થ ! દુષ્ટ બુદ્ધિવાળો મનુષ્ય જે ધારણાથી નિદ્રા, ભય, ચિંતા, દુઃખ અને અભિમાનને (છોડ્યા વિના એ જ) ધારણ કરે છે તેવી ધારણા તામસી છે. આ પ્રશ્ન અહીં સમાપ્ત થયો. આગળનો પ્રશ્ન છે, 'સુખ' –

**सुखं त्विदानीं त्रिविधं शृणु मे भरतर्षभ ।**
**अभ्यासाद्रमते यत्र दुःखान्तं च निगच्छति ॥३६॥**

અર્જુન, હવે ત્રણ પ્રકારનાં સુખ અંગે પણ તું મારી પાસેથી સાંભળ. જે સુખમાં સાધક અભ્યાસમાં લીન થાય છે અર્થાત્ મનને સમેટીને ઇષ્ટનું ચિંતન કરે છે અને જે દુઃખોનો અંત કરનારું છે તથા –

**यत्तदग्रे विषमिव परिणामेऽमृतोपमम् ।**
**तत्सुखं सात्त्विकं प्रोक्तमात्मबुद्धिप्रसादजम् ॥३७॥**

ઉપર્યુક્ત સુખ સાધનાની શરૂઆતમાં જોકે ઝેર સમાન લાગે છે. (પ્રહ્‌લાદને શૂળી પર ચડાવ્યો, મીરાંને ઝેર આપ્યું, કબીર કહે છે : **सुखिया सब संसार है, खाये और सोवे । दुखिया दास कबीर है जागे और रोवे ।**) આમ, શરૂઆતમાં ઝેર જેવું લાગે છે) પરંતુ પરિણામે અમૃતસમાન છે, અમૃત તત્ત્વ પ્રાપ્ત કરાવે તેવું છે. આથી આત્માની શોધ કરીને પ્રસાદીરૂપી ઉત્પન્ન થયેલું સુખ સાત્ત્વિક કહેવાય છે. તથા –

**विषयेन्द्रियसंयोगाद्यत्तदग्रेऽमृतोपमम् ।**
**परिणामे विषमिव तत्सुखं राजसं स्मृतम् ॥३८॥**

જે સુખ વાસના અને ઈન્દ્રિયોનાં સંયોગથી પ્રાપ્ત થાય છે તે આ ભોગવવાના સમયે જોકે અમૃત જેવું લાગે છે, પરંતુ પરિણામમાં ઝેર સમાન છે. કારણ કે તે જન્મ-મૃત્યુનું કારણ છે. આવા સુખને રાજસ કહે છે. તથા –

**यदग्रे चानुबन्धे च सुखं मोहनमात्मनः ।**
**निद्रालस्यप्रमादोत्थं तत्तामसमुदाहृतम् ॥३९॥**

જે સુખ ભોગ દરમિયાન અને પરિણામમાં પણ આત્માને મોહમાયામાં ફસાવનારું છે, **या निशा सर्वभूतानां** દુનિયાની આ રાત્રિમાં તમને બેહોશ રાખનારું છે. આળસ અને વ્યર્થ ચેષ્ટાઓથી ઉત્પન્ન થયેલું એ સુખ તામસ કહેવાય છે. હવે યોગેશ્વર શ્રીકૃષ્ણ ગુણોની શક્તિ બતાવે છે, જે બધાની પાછળ લાગેલી છે.

**न तदस्ति पृथिव्यां वा दिवि देवेषु वा पुनः ।**
**सत्त्वं प्रकृतिजैर्मुक्त यदेभिः स्यात्त्रिभिर्गुणै ॥४०॥**

અર્જુન ! પૃથ્વીમાં, સ્વર્ગમાં અને દેવોમાં એવું કોઈ પ્રાણી નથી કે જે પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા ત્રણ ગુણોથી રહિત હોય, અર્થાત્ બ્રહ્માથી માંડીને

કીટ-પતંગ સર્વજગત, ક્ષણભંગુર અને જીવન-મરણશીલ છે. ત્રણ ગુણોની અંદર જ છે. અર્થાત્ દેવો પણ ત્રણ ગુણોનો વિકાર છે, નશ્વર છે.

બહારના દેવતાઓની વાત યોગેશ્વરે અહીં ચોથી વાર કહી. આ વાત સાત, નવ, સત્તર તથા અઢારમા અધ્યાયમાં કરી છે. આ બધાનો એક જ અર્થ છે કે દેવતા ત્રણે ગુણોની અંતર્ગત છે. જે એને ભજે છે તે નશ્વરની પૂજા કરે છે.

ભાગવતના ત્રીજા સ્કંધમાં મહર્ષિ શુક્ર તથા નવ યોગેશ્વરોનું પ્રસિદ્ધ આખ્યાન છે. એમાં ઉપદેશ આપતાં જણાવ્યું છે કે સ્ત્રી-પુરુષ પ્રેમ માટે શંકર-પાર્વતીની, આરોગ્ય માટે અશ્વિનીકુમારોની, વિજય માટે ઇન્દ્રની તથા ધન માટે કુબેરની પૂજા કરે છે. આમ વિવિધ કામના બતાવીને અંતમાં નિર્ણય આપતાં જણાવ્યું છે કે સંપૂર્ણ કામનાઓની પૂર્તિ અને મોક્ષ માટે એકમાત્ર નારાયણની પૂજા કરવી જોઈએ. ''**तुलसी मूलहिं सींचीए फूलई फूलई अधाई**'' સર્વવ્યાપક પ્રભુનું સ્મરણ કરવું, જેના માર્ગદર્શન માટે સદ્‌ગુરુનું શરણ, નિષ્કપટ ભાવથી પ્રશ્ન અને સેવા એ જ એકમાત્ર ઉપાય છે.

અંતઃકરણની બે પ્રવૃત્તિઓ છે : આસુરી અને દૈવી. એમાં દૈવી સંપત્તિ પરમતત્ત્વનું દર્શન કરાવે છે આથી તેને દૈવી કહેવામાં આવે છે. પરંતુ આ સંપત્તિ પણ ત્રણ ગુણોમાં સમાવિષ્ટ થયેલી છે. ગુણ શાંત થતાં એની પણ શાંતિ થઈ જાય છે. ત્યાર બાદ આ આત્મતૃપ્ત યોગી માટે કોઈ કર્તવ્ય બાકી રહેતું નથી.

હવે વર્ણ-વ્યવસ્થાનો પ્રશ્ન રજૂ કરું છું. વર્ણ જન્મપ્રધાન છે કે કર્મોથી પ્રાપ્ત અંતઃકરણની યોગ્યતાનું નામ છે ?

**ब्राह्मणक्षत्रियविशां शूद्राणां च परंतप ।**
**कर्माणि प्रविभक्तानि स्वभावप्रभवैर्गुणै ॥४१॥**

હે પરંતપ ! બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રોના કર્મથી ગુણોનું વિભાજન કરવામાં આવ્યું છે. સ્વભાવમાં સાત્ત્વિક ગુણ હશે તો તેનામાં

નિર્મળતા હશે. ધ્યાન-સમાધિની ક્ષમતા હશે. તામસી ગુણ હશે તો આળસ, નિદ્રા અને પ્રમાદ રહેશે અને તે જ રીતે તમારાં કર્મો થશે. જે ગુણની શક્તિ તમારામાં કાર્યરત છે તે જ તમારો વર્ણ છે, સ્વરૂપ છે. આમ અર્ધસાત્ત્વિક અને અર્ધ રાજસથી એક વર્ગ ક્ષત્રિયનો બને છે અને અડધાથી ઓછો તામસ ગુણ છે. રાજસ ગુણ તેથી વધારે બીજા નંબરે આવે છે.

આ પ્રશ્નને યોગેશ્વર શ્રીકૃષ્ણે અહીં ચોથી વાર છેડ્યો છે. બીજા અધ્યાયમાં આ ચાર વર્ણોમાંથી એક વર્ણ – ક્ષત્રિય લીધો અને કહ્યું કે ક્ષત્રિય માટે યુદ્ધથી શ્રેષ્ઠ કોઈ માર્ગ નથી. ત્રીજા અધ્યાયમાં એમણે કહ્યું કે નબળાં (ઓછા) ગુણવાળા માટે પણ તેના સ્વભાવથી ઉત્પન્ન થયેલ યોગ્યતા અનુસાર ધર્મમાં ચિત્ત પરોવવું જોઈએ. તે માટે મરી જવું પણ કલ્યાણકારી છે, બીજાની નકલ કરવી એ ભયકારક છે. ચોથા અધ્યાયમાં બતાવ્યું કે ચાર વર્ણોની રચના મેં કરી છે, તો શું મનુષ્યોની જાતિઓને ચાર ભાગમાં વહેંચી દીધી ? તો કહ્યું કે ના **गुणकर्मविभागशः** ગુણોની યોગ્યતા પ્રમાણે કર્મને ચાર સોપાનમાં વહેંચી નાખ્યાં, અહીં ગુણ એક માપ છે, જેના દ્વારા કર્મ કરવાની શક્તિને ચાર વિભાગમાં વહેંચી, શ્રીકૃષ્ણના શબ્દોમાં કર્મ એ એકમાત્ર અવ્યક્ત પુરુષની પ્રાપ્તિની ક્રિયા છે. ઈશ્વરપ્રાપ્તિનું આચરણ **आराधना** છે. એની શરૂઆત માત્ર ઈષ્ટમાં શ્રદ્ધા રાખવાથી થાય છે. ચિંતનની વિધિવિશેષ છે. જેની ચર્ચા પાછળ કરી છે. આ યથાર્થ કર્મને જ ચાર વિભાગોમાં વહેંચી નાખ્યું છે. હવે એ કેવી રીતે સમજાય કે આપણામાં કયા ગુણો છે અને કયા વર્ગના છે ? તે વિષે કહે છે –

**शमो दमस्तपः शौचं क्षान्तिरार्जवमेव च ।**
**ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम् ॥४२॥**

મનનું શમન, ઇન્દ્રિયોનું દમન, પૂર્ણ પવિત્રતા, મન, વાણી અને શરીરને ઇષ્ટને અનુરૂપ તપાવવું, ક્ષમાભાવ, મન-ઇન્દ્રિયો અને શરીરની સર્વથા સરળતા, આસ્તિક બુદ્ધિ અર્થાત્ એક ભગવાનમાં સાચી શ્રદ્ધા, જ્ઞાન, અર્થાત્ પરમાત્માની જાણકારીનો સંચાર,વિજ્ઞાન અર્થાત્ પરમાત્મા સાથે મિલન કરાવનાર નિર્દેશની જાગૃતિ અને તે મુજબ ચાલવાની શક્તિ, આ બધાં જ સ્વભાવથી ઉત્પન્ન થયેલા બ્રાહ્મણનાં કર્મ છે. એટલે કે જ્યારે સ્વભાવમાં આ પ્રમાણે યોગ્યતા હોય, કર્મ ધારાવાહી બનીને સ્વભાવમાં આવી જાય તો તે બ્રાહ્મણ શ્રેણીનો કર્તા છે. તથા –

**शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम् ।**
**दानमीश्वरभावश्च क्षात्रं कर्म स्वभावजम् ।।४३।।**

શૂરવીરતા, દૈવી તેજ હોવું, ધીરજ, ચિંતનમાં દક્ષતા અર્થાત્ **कर्मसु कौशलम्** કર્મ કરવામાં કુશળતા, પ્રકૃતિના સંઘર્ષમાં નહિ ભાગવાનો સ્વભાવ, દાન એટલે કે સર્વસ્વનું સમર્પણ, બધા જ ભાવો પર સ્વામીભાવ અર્થાત્ ઈશ્વરભાવ – આ બધા ક્ષત્રિયોના **स्वभावजम्** સ્વભાવથી ઉત્પન્ન થયેલા ગુણો છે. સ્વભાવમાં આ યોગ્યતા આવે તો તે કર્તા ક્ષત્રિય છે. હવે વૈશ્ય અને શૂદ્રના સ્વરૂપ વિશે સાંભળ –

**कृषिगौरक्ष्यवाणिज्यं वैश्यकर्म स्वभावजम् ।**
**परिचर्यात्मकं कर्म शूद्रस्यापि स्वभावजम् ।।४४।।**

ખેતી, ગાયોની રક્ષા અને વેપાર એ વૈશ્યોનાં સ્વભાવજન્ય કર્મો છે. ગોપાલન જ શા માટે ? ભેંસને મારી નાખે ? બકરી ન રાખે ? એવું કશું જ નથી. વૈદિક યુગમાં પણ **गो** શબ્દ અંતઃકરણ તેમજ ઇન્દ્રિયોના માટે પ્રચલિત હતો. ગો-રક્ષાનો અર્થ છે ઇન્દ્રિયોની રક્ષા. વિવેક, વૈરાગ્ય અને શમ-દમથી ઇન્દ્રિયો સુરક્ષિત રહે છે. કામ, ક્રોધ, લોભ અને મોહથી તે

વિભક્ત થઈ જાય છે. ક્ષીણ થઈ જાય છે. આત્મિક સંપત્તિ જ સ્થિર સંપત્તિ છે. આ આપણું પોતાનું ધન છે, જે એક વાર આપણું થઈ ગયા પછી સદા માટે આપણું જ રહે છે. પ્રકૃતિનાં દ્વંદ્વોમાંથી તેનો થોડો થોડો સંગ્રહ કરવો એ વ્યવસાય છે. (વિદ્યા ધન એ પ્રધાન ધન છે. તેની પ્રાપ્તિ એ વાણિજ્ય છે.) ખેતી ? શરીર જ એક ક્ષેત્ર છે. તેના અંતરમાં વાવેલું બીજ સંસ્કારરૂપે સારું-ખોટું હોય છે. અર્જુન ! આ નિષ્કામ કર્મમાં બીજ અર્થાત્ પ્રારંભનો નાશ થતો નથી. (તેમાં કર્મની આ ત્રીજી શ્રેણીમાં કર્મ એટલે ઈષ્ટ-ચિંતન નિયત કર્મ) પરમતત્ત્વના ચિંતનનું જે બીજ આ ક્ષેત્રમાં પડ્યું છે તેને સુરક્ષિત રાખવા માટે તેમાં આવતા વિજાતીય વિકારોનું નિરાકરણ કરતાં જવું તેનું નામ ખેતી છે.

**कृषि निरावहिं चतुर किसाना ।**
**जिमि बुध तजहि मोह मद माना ॥ मानस ४-१४-८**

આમ, ઇન્દ્રિયોની સુરક્ષા તથા પ્રકૃતિનાં સાધનોમાંથી આત્મિક સંપત્તિને એકઠી કરવી અને આ ક્ષેત્રમાં પરમતત્ત્વના ચિંતનનું સંવર્ધન એ વૈશ્ય શ્રેણીનું કર્મ છે.

શ્રીકૃષ્ણના અનુસાર પૂર્તિકાળમાં યજ્ઞ જે આપે છે તે છે પરાત્પર બ્રહ્મ. તેનું પાન કરવાવાળા સજ્જનો સંપૂર્ણ પાપોમાંથી છૂટી જાય છે અને ધીમે ધીમે ચિંતનક્રિયાથી બીજારોપણ થાય છે. તેની સુરક્ષા ખેતી છે. વૈદિક શાસ્ત્રોમાં અન્નનો અર્થ છે પરમાત્મા. આ પરમાત્મા પણ એક અન્ન છે. ચિંતનની પૂર્તિકાળમાં આ આત્મા પૂર્ણ રીતે સંતોષ પામે છે અને પછી કદી અતૃપ્ત થતો નથી. આવનજાવન અર્થાત્ જન્મ-મરણના ચક્રમાં નથી ફસાતો. આ અનન્ય બીજને જમાવીને આગળ વધવું એ ખેતી છે.

પોતાનાથી સારી અવસ્થાવાળા ગુરુજનોની સેવા કરવી એ શૂદ્રનું સ્વભાવજન્ય કર્મ છે. શૂદ્રનો અર્થ નીચ નથી. જે સાધક નિમ્નશ્રેણીની

સાધના કરે છે તે સાધક શૂદ્ર છે, જે સાધક શરૂઆત કરે છે તેણે પરિચર્યાથી જ તેનો આરંભ કરી દેવો જોઈએ, થોડી થોડી સેવાથી તે તેના હૃદયમાં સંસ્કારોનું સિંચન કરે છે અને ક્રમશઃ ચાલીને તે વૈશ્ય, ક્ષત્રિય અને બ્રાહ્મણપર્યંતનું અંતર પસાર કરીને વર્ણોને પણ પાર કરીને બ્રહ્મમાં પ્રવેશ કરી શકશે. સ્વભાવ પરિવર્તનશીલ છે. સ્વભાવના પરિવર્તનની સાથે જ વર્ણ પણ પરિવર્તિત થઈ જાય છે. વાસ્તવમાં આ વર્ણ અતિઉત્તમ, ઉત્તમ, મધ્યમ અને નિકૃષ્ટ એમ ચાર અવસ્થામાં છે. કર્મપથ પર ચાલનારા સાધકો માટે ઊંચીનીચી ચાર સીડીઓ છે. કારણ કે કર્મ એક જ છે, અને તે છે નિયત કર્મ. શ્રીકૃષ્ણ કહે છે કે પરમસિદ્ધિની પ્રાપ્તિ માટે આ જ એક રસ્તો છે કે સ્વભાવમાં જેવી યોગ્યતા છે ત્યાંથી આરંભ કરો. આગળ જોઈએ –

**स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ।**
**स्वकर्मनिरतः सिद्धिं यथा विन्दति तच्छृणु ॥४५॥**

પોતપોતાના સ્વભાવમાં રહેલી યોગ્યતા પ્રમાણે કર્મમાં લાગેલો મનુષ્ય **संसिद्धिम्** – ભગવત્પ્રાપ્તિરૂપી પરમસિદ્ધિને પ્રાપ્ત કરે છે. પહેલાં પણ કહ્યું છે આ કર્મને કરીને તું પરમસિદ્ધિને પ્રાપ્ત થઈશ. કયું કર્મ કરીને? અર્જુન ! તું શાસ્ત્રમાં આપેલ નિર્ધારિત કર્મ, યથાર્થ કર્મ કર. હવે તું મારી પાસેથી સ્વકર્મ કરવાની શક્તિ ધરાવનાર મનુષ્ય પરમસિદ્ધિને કેવી રીતે પ્રાપ્ત થાય છે તે વિધિ જાણી લે. ધ્યાન રાખજે –

**यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम् ।**
**स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः ॥४६॥**

જે પરમાત્માથી પ્રાણીમાત્રની ઉત્પત્તિ થઈ, જેનાથી આ સંપૂર્ણ જગત વ્યાપ્ત છે તે પરમેશ્વરની તું **स्वकर्मणा** તારા સ્વભાવથી ઉત્પન્ન થયેલા કર્મથી પૂજા કર અને પરમસિદ્ધિને પ્રાપ્ત કર. આથી પરમાત્માની ભાવના અને પરમાત્માની સર્વાંગી પૂજા કરવી અને ક્રમશઃ આગળ ચાલવું

જરૂરી છે. જેમ કોઈ મોટા વર્ગમાં બેસી જાય, તો નાની કક્ષાને ખોઈ નાખે છે અને મોટી તો મળતી જ નથી. આથી આ કર્મપથ પર પગથિયાં પ્રમાણે ચાલવું પડે છે. જેમ ૧૮-૬માં આ વાત ઉપર જ ભાર મૂકીને કહ્યું છે તે તમે અલ્પજ્ઞ ભલે છો, પરંતુ આરંભ ત્યાંથી જ કરો. આ વિધિ છે – પરમાત્મા પ્રતિ સમર્પણ છે.

**श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।**
**स्वभावनियतं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ।।૪૭।।**

સારી રીતે આચરેલા, બીજાના ધર્મથી ગુણરહિત સ્વધર્મ પણ પરમકલ્યાણકારક છે. **स्वभावनियतं** અર્થાત્ સ્વભાવથી નિર્ધારિત કરેલું કાર્ય કરતો મનુષ્ય પાપ અર્થાત્ જન્મ-મરણના ચક્રને પ્રાપ્ત નથી થતા. મહદંશે સાધકોને ઉચ્ચાટન થાય છે કે, 'અમે સેવા કરતા જ રહીશું.' તે તો ધ્યાનમાં લીન છે, સારા ગુણોને કારણે તેમનું સન્માન થાય છે, તરત તેઓ નકલ કરવા લાગે છે. શ્રીકૃષ્ણના કહેવા પ્રમાણે નકલ કે ઈર્ષ્યા કરવાથી કશું મળતું નથી. પોતાના સ્વભાવથી કર્મ કરવાની ક્ષમતા અનુસાર કર્મ કરીને જ પરમસિદ્ધિ પ્રાપ્ત કરે છે કર્મનો ત્યાગ કરીને નહિ.

**सहजं कर्म कौन्तेय सदोषमपि न त्यजेत ।**
**सर्वारम्भा हि दोषेण धूमेनाग्निरिवावृताः ।।૪૮।।**

કૌન્તેય ! દોષયુક્ત (અલ્પજ્ઞ સ્થિતિવાળો હોઈ એ તો સિદ્ધ છે કે હજી દોષોનું અસ્તિત્વ છે, તેવો દોષવાળો મનુષ્ય) **सहजं कर्म** સ્વભાવથી ઉત્પન્ન થયેલા સહજ કર્મને ત્યાગવું ન જોઈએ. કારણ કે અગ્નિના ધુમાડાની જેમ કર્મ પણ કોઈ ને કોઈ દોષથી યુક્ત છે. બ્રાહ્મણ વર્ગને પણ કર્મ તો કરવું જ પડે છે. જ્યાં સુધી માર્ગ ન મળે ત્યાં સુધી દોષ રહે છે, પ્રકૃતિનું આવરણ રહે છે. જ્યાં બ્રાહ્મણ શ્રેણીનું કર્મ પણ બ્રહ્મમાં પ્રવેશ પામીને વિલીન થઈ જાય ત્યાં દોષોનું નિવારણ થઈ જાય છે. એવી પ્રાપ્તિ કરનારાનું લક્ષણ શું છે, જ્યાં કર્મોનું પ્રયોજન જ રહેતું નથી ?–

**असक्तबुद्धिः सर्वत्र जितात्मा विगतस्पृहः ।**
**नैष्कर्म्यसिद्धिं परमां संन्यासेनाधिगच्छति ॥४९॥**

સર્વત્ર આસક્તિથી રહિત બુદ્ધિવાળો, સ્પૃહા વગરનો, જેણે પોતાના અંતઃકરણ પર વિજય મેળવ્યો છે તેવો પુરુષ નૈષ્કર્મ્યની સિદ્ધિ પ્રાપ્ત કરે છે. તે સર્વનો ત્યાગ કરે છે. અહીંયાં સંન્યાસ અને નૈષ્કર્મ્ય સિદ્ધિ એકબીજાના પર્યાય છે.આ સિદ્ધિ બંને માટે સમાન છે. અહીં સાંખ્યયોગી પણ ત્યાં પહોંચે છે, જ્યાં નિષ્કામ કર્મયોગી પહોંચે છે. આ પ્રાપ્તિ બંને માર્ગવાળાઓ માટે સમાન છે. હવે પરમ નૈષ્કર્મ્ય સિદ્ધિને પ્રાપ્ત થનારો પુરુષ કે જે બ્રહ્મને પામે છે તેનું સંક્ષેપમાં ચિત્રણ કર્યું છે.

**सिद्धिं प्राप्तो यथा ब्रह्म तथाप्नोति निबोध मे ।**
**समासेनैव कौन्तेय निष्ठा ज्ञानस्य या परा ॥५०॥**

કૌન્તેય ! જે જ્ઞાનની પરાકાષ્ઠા, પરાનિષ્ઠા છે, તેવી પરમસિદ્ધિને પ્રાપ્ત કરનારો પુરુષ બ્રહ્મને જાણે પ્રાપ્ત કરી લે છે તે વિધિને તું મારી પાસેથી સંક્ષેપમાં જાણ. આગળના શ્લોકમાં એ જ વિધિ બતાવવામાં આવી છે તે તું ધ્યાનથી સાંભળ.

**बुद्ध्या विशुद्धया युक्तो धृत्यात्मानं नियम्य च ।**
**शब्दादीन्विषयांस्त्याक्त्वा रागद्वेषौ व्युदस्य च ॥५१॥**
**विवेक्तसेवी लध्वासी यतवाक्कायमानसः ।**
**ध्यानयोगपरो नित्यं वैराग्यं समुपाश्रितः ॥५२॥**

અર્જુન ! ખાસ કરીને એકાન્ત અને શુભ દેશનું સેવન કરવાવાળો, સાધના માટે જેટલો જરૂરી છે તેટલો જ આહાર કરવાવાળો, શરીર અને મન-વાણીને જીતવાવાળો અને દૃઢ પ્રકારે વૈરાગ્યને પ્રાપ્ત થયેલો પુરુષ, ધ્યાનયોગને આધીન

અને આ તમામને ધારણ કરવાવાળો તથા અંતઃકરણને પોતાના વશમાં કરીને શાબ્દાદિક ભોગોને ત્યાગીને રાગ-દ્વેષને નષ્ટ કરવાવાળો. તથા –

**अहंकारं बलं दर्पं कामं क्रोधं परिग्रहम् ।**
**विमुच्य निर्ममः शान्तो ब्रह्मभूयाय कल्पते ।।५३।।**

અહંકાર, બળ, ઘમંડ, કામ, ક્રોધ, બાહ્ય વસ્તુઓ અને આંતરિક ચિંતનોને ત્યાગીને, માયારહિત અને શાંત અંતઃકરણવાળો પુરુષ પરબ્રહ્મ સાથે એક થવાની યોગ્યતા રાખે છે. આગળ જોઈએ –

**ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्‌क्षति ।**
**समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ।।५४।।**

બ્રહ્મની સાથે એકાકાર થયેલો મનુષ્ય ન કોઈ વસ્તુ માટે શોક કરે છે અને ન કોઈની ઇચ્છા કરે છે. બધા જ મનુષ્યો પ્રત્યે સમભાવ રાખવો ભક્તિની પરાકાષ્ઠા છે. ભક્તિ પોતાનું પરિણામ આપવાની સ્થિતિમાં છે, જ્યાં બ્રહ્મમાં પ્રવેશ મળે છે.

**भक्त्या मामभिजानाति यावान्यश्चास्मि तत्त्वतः ।**
**ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तरम् ।।५५।।**

તે ભક્તિથી તે મને સારી રીતે જાણે છે. એ તત્ત્વ શું છે ? હું પ્રભાવવાળો છું. અજર-અમર અને શાશ્વત અલૌકિક ગુણોવાળો છું, તેને એ જાણે છે અને મને તત્ત્વથી જાણી તરત જ મારામાં પ્રવેશી જાય છે. પ્રાપ્તિકાળમાં તો ભગવાન દેખાય છે અને પ્રાપ્તિના સમય પછી તે જ ક્ષણે પોતાના જ આત્માને ઈશ્વરી ગુણધર્મોથી યુક્ત માને છે કે આત્મા જ અજર-અમર, શાશ્વત અને સનાતન છે.

બીજા અધ્યાયમાં યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું હતું કે આત્મા જ સત્ય છે, સનાતન છે, અવ્યક્ત અને અમૃતસ્વરૂપ છે. પરંતુ આ વિભૂતિઓથી યુક્ત

આત્માને કેવળ તત્ત્વદર્શીએ જ જોયો. હવે અહીંયાં એ પ્રશ્ન સ્વાભાવિક હતો કે વાસ્તવમાં તત્ત્વદર્શિતા છે શું ? ઘણા લોકો પાંચ તત્ત્વ, પચ્ચીસ તત્ત્વની બૌદ્ધિક ગણના કરવા લાગે છે. પરંતુ આ વિશે શ્રીકૃષ્ણે અઢારમા અધ્યાયમાં નિર્ણય આપ્યો કે પરમાત્મા એ પરમતત્ત્વ છે, જે તેને જાણે છે તે જ તત્ત્વદર્શી છે. હવે જો તમને તત્ત્વની ઇચ્છા છે, પરમતત્ત્વની ઇચ્છા છે, તો ભજન-ચિંતન આવશ્યક છે.

અહિયાં શ્લોક નં. ૪૯થી ૫૫ સુધી યોગેશ્વર શ્રીકૃષ્ણે સ્પષ્ટ કહ્યું કે સંન્યાસમાર્ગમાં પણ કર્મ કરવું જોઈએ. તેમણે કહ્યું કે **संन्यासेन** સંન્યાસ વડે (અર્થાત્ જ્ઞાનયોગ દ્વારા) કર્મ કરતાં કરતાં ઇચ્છારહિત અને આસક્તિરહિત તથા જેણે અંતઃકરણ જીતી લીધું છે તેવો પુરુષ જે રીતે નૈષ્કર્મ્યની પરમસિદ્ધિને પ્રાપ્ત થાય છે. તે સંક્ષેપમાં હું તને જણાવીશ. અહંકાર, બળ, દર્પ, કામક્રોધ, મદ-મોહ વગેરે સ્વભાવ જગાવવાના વિકારો જ્યારે સંપૂર્ણ રીતે શાંત થઈ જાય છે અને વિવેક-વૈરાગ્ય, શમ-દમ, એકાંતસેવન, ધ્યાન વગેરે કે જે બ્રહ્મમાં પ્રવેશ આપવાવાળા છે, તે જ્યારે પરિપક્વ થાય છે ત્યારે તે સમયે તે બ્રહ્મને જાણવા લાયક થઈ જાય છે. તે યોગ્યતાનું નામ પણ પરાભક્તિ છે. એ જ યોગ્યતા દ્વારા તે પરાભક્તિને જાણે છે. તત્ત્વ શું છે ? મને જે જાણે છે તે ભગવાન જે તે જ વિભૂતિઓથી યુક્ત છે તેને જાણે છે અને મને જાણીને તત્ક્ષણ મારામાં જ સ્થિત થઈ જાય છે. અર્થાત્ બ્રહ્મ, તત્ત્વ, ઈશ્વર, પરમાત્મા અને આત્મા એકબીજાના પર્યાય છે. ગમે તે એકની જાણકારીની સાથે જ તમામની જાણકારી થઈ જાય છે. આ જ પરમસિદ્ધિ, પરમગતિ અને પરમધામ પણ છે.

આથી ગીતાનો એવો દૃઢ મત છે કે સંન્યાસ અને નિષ્કામ કર્મયોગ બંને પરમસિદ્ધિઓને પામવા માટે નિયતકર્મ (ચિંતન) આવશ્યક છે.

અત્યાર સુધી, સંન્યાસી માટે ભજન-ચિંતન પર ભાર મૂક્યો અને હવે સમર્પણ કહીને તે જ વાર્તાને નિષ્કામ કર્મયોગી માટે પણ કહે છે.

**सर्वकर्माण्यपि सदा कुर्वाणो मद्व्यपाश्रयः ।**
**मठासादादवाप्नोति शाश्वतं पदमव्ययम् ।।५६।।**

મારા પર વિશેષ રૂપથી આશ્રિત પુરુષ, જરા પણ કસર રાખ્યા વિના કર્મ કરતો તે મારી કૃપાથી શાશ્વત, અવિનાશી પરમપદને પ્રાપ્ત કરે છે. કર્મ એ જ કરવાનું છે, નિયત કર્મ, યજ્ઞની પ્રક્રિયા, પૂર્ણ યોગેશ્વર સદ્ગુરુનો આશ્રય લેનારો સાધક એમના કૃપાપ્રસાદથી સત્વર તેને પામે છે. આથી તેને પામવા માટે સમર્પણ આવશ્યક છે.

**चेतसा सर्वकर्माणि मयि संन्यस्य मत्परः ।**
**बुद्धियोगमुपाश्रित्य मच्चितः सततं भव ।।५७।।**

આથી, હે અર્જુન, સંપૂર્ણ કર્મો (જેટલાં તારાથી થાય તેટલાં) તું મનથી મને અર્પણ કરીને, તારા પોતાને ભરોસે નહિ, પરંતુ મને સમર્પિત કરીને, મારામાં પરાયણ થઈને, બુદ્ધિપૂર્વક અર્થાત્ યોગબુદ્ધિનો આશરો લઈને તું નિરંતર મારામાં મન પરોવ. યોગ એક જ છે, જે બધાં જ દુ:ખોનો નાશ કરે છે, પરમતત્ત્વ પરમાત્મા સાથે મિલન કરાવે છે. તેની ક્રિયા પણ એક જ છે – યજ્ઞની પ્રક્રિયા તે મન અને ઇન્દ્રિયોના સંયમ, શ્વાસ-ઉચ્છ્વાસ તથા ધ્યાન વગેરે પર નિર્ભર છે. એનું પરિણામ પણ એક જ છે. **यान्ति ब्रह्म सनातनम्** આ વિષે આગળ કહે છે –

**मच्चितः सर्वदुर्गाणि मत्प्रसादात्तरिष्यसि ।**
**अथ चेत्त्वमहंकारान्न श्रोष्यसि विनङ्क्ष्यसि ।।५८।।**

આમ, મારામાં નિરંતર ચિત્ત સમર્પિત કરીને તું મારી કૃપાથી મન અને ઇન્દ્રિયોના બધા જ કિલ્લા પ્રયાસ વિના કૂદી જઈ શકીશ. **इन्द्रिन्ह द्वार**

**झरोखा नाना । तहँ तहँ सुर बैठे करि थाना । आवत देखहिं विषय बयारी । ते हठि देहिं कपाट उधारी ।** મન અને ઇન્દ્રિયો જ દુર્જય દુર્ગ છે. આ બધાં વિઘ્નોને તું મારી કૃપાથી અનાયાસે જ તરી જઈશ, પરંતુ જો અહંકારને લીધે મારાં વચનોને નહિ સાંભળે તો વિનાશ થઈ જશે. પરમાર્થથી વિમુખ થઈ જઈશ. ફરીથી શ્રીકૃષ્ણ આના પર ભાર મૂકે છે –

**यदहंकारमाश्रित्य न योत्स्य इति मन्यसे ।**
**मिथ्यैष व्यवसायस्ते प्रकृतिस्त्वां नियोक्ष्यति ॥५९॥**

જો તું અહંકારનો આશરો લઈને એમ માને છે કે હું યુદ્ધ નહિ કરું, તો આ તારો નિર્ણય ખોટો છે, કારણ કે તારો સ્વભાવ તને ફરીથી યુદ્ધમાં ધકેલી દેશે.

**स्वभावजेन कौन्तेय निबद्धः स्वेन कर्मणा ।**
**कर्तुं नेच्छसि यन्मोहात् करिष्यस्यवशोऽपि तत् ॥६०॥**

કૌન્તેય ! મોહવશ, તું જે કર્મ કરવા નથી ઇચ્છતો, તેને પણ તારા સ્વભાવથી ઉત્પન્ન થયેલા કર્મથી બંધાયેલો તું પરવશ થઈને કરીશ. પ્રકૃતિના સંઘર્ષથી નહિ ભાગવાનો તારો ક્ષત્રિય વર્ગનો સ્વભાવ તને વારંવાર તે કર્મમાં લઈ જ જશે. આ પ્રશ્ન અહીં પૂરો થયો. હવે આ ઇશ્વર રહે છે ક્યાં ? તેના પર કહે છે –

**ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।**
**भ्रामयन्सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥६१॥**

અર્જુન ! આ ઈશ્વર પ્રાણીમાત્રના હૃદયમાં નિવાસ કરે છે. ઈશ્વર આટલો નજીક છે તો લોકો જાણતા કેમ નથી ? માયારૂપી યંત્ર પર આરૂઢ થઈને સૌ લોકો ભ્રમવશ ચક્કર ચલાવ્યા જ કરે છે તેથી ઇશ્વરને જાણી

શકતા નથી. આ યંત્ર ઘણું બાધક છે. તે જ નશ્વર શરીરમાં આવન-જાવન કરાવ્યા કરે છે, તો પછી શરણ કોનું લે ?

**तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।**
**तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ।।६२।।**

આથી, હે ભારત ! તું સંપૂર્ણપણે પૂરા ભાવથી એમના શરણે જા. (જે હૃદયમાં જ વાસ કરે છે) એના કૃપા-પ્રસાદથી તું પરમશાન્તિ, શાશ્વત પરમધામને પ્રાપ્ત થઈશ. આથી ધ્યાન કરવું છે તો હૃદયમાં કરો. તું જાણે છે કે મંદિર, મસ્જિદ, ચર્ચ કે અન્ય સ્થળોએ તેની શોધ કરવી તે સમયનો વ્યર્થ બગાડ છે. હા, આ વાત જાણતા ન હોય ત્યાં સુધી આમ વર્તવું સ્વાભાવિક છે. ભગવાનનું નિવાસસ્થાન હૃદયમાં છે. ભાગવત્‌ની ચતુઃશ્લોકી ગીતાનો સારાંશ પણ આ જ છે. એમ તો હું સર્વત્ર છું, પરંતુ હૃદયમાં ધ્યાન કરવાથી જ પ્રાપ્ત થાઉં છું.

**इति ते ज्ञानमाख्यातं गुह्याद्गुह्यतरं मया ।**
**विमृश्यैतदशेषेण यथेच्छसि तथा कुरु ।।६३।।**

આમ, આટલું ગોપનીયમાં પણ અતિ ગોપનીય જ્ઞાન મેં તને કહ્યું છે. આ પ્રમાણે સંપૂર્ણ વિચાર કર. પછી તું જેમ ઈચ્છા હોય તેમ કર. સત્ય આ જ છે. શોધનું સ્થળ આ જ છે. પ્રાપ્તિ માટેનું સ્થળ પણ આજ છે. પરંતુ હૃદયમાં વસેલો ઈશ્વર દેખાતો નથી. તેનો ઉપાય બતાવે છે –

**सर्वगुह्यतमं भूयः श्रृणु मे परमं वचः ।**
**इष्टोऽसि मे दृढमिति ततो वक्ष्यामि ते हितम् ।।६४।।**

હે અર્જુન ! અત્યંત ગોપનીયતામાં પણ અતિ ગોપનીય એવાં મારા વચનો તું ધ્યાનથી સાંભળ. (આગળ કહ્યું છતાં ફરીથી કહ્યું. ભક્ત માટે ઈશ્વર સદા તૈયાર ઊભો છે.) કારણ કે તું મારો અત્યંત પ્રિય છે. તેથી જ આ પરમ હિતકારી વચનો હું તારા માટે ફરીથી કહીશ. તે શું ?

**मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।**
**मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ॥६५॥**

અર્જુન ! તું મારામાં અનન્ય મનવાળો થા. મારો અનન્ય ભક્ત થા. મારામાં પરમ શ્રદ્ધાથી પૂર્ણ થા. (મારા પ્રત્યેના સમર્પણમાં ભક્તિનાં આંસુ વહ્યે જાય) મને જ પ્રણામ કર. એમ કરવાથી તું મને જ પામીશ. હું સત્ય પ્રતિજ્ઞા કરીને તને કહું છું કે તું મને અત્યંત પ્રિય છે. પાછળ કહ્યું તેમ ઈશ્વર હૃદયમાં છે. તેના શરણમાં જા. અહીં કહે છે મારા શરણમાં આવ. આ અતિ રહસ્યમય વચન સાંભળ કે તું મારા શરણમાં આવ. વાસ્તવમાં યોગેશ્વર શ્રીકૃષ્ણ કહેવા શું માગે છે ? એ જ કે સાધકના માટે સદ્‌ગુરુનું શરણ નિતાંત આવશ્યક છે. શ્રીકૃષ્ણ પરમ યોગેશ્વર હતા. હવે સમર્પણની વિધિ બતાવે છે.

**सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।**
**अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥६६॥**

સર્વ ધર્મોનો ત્યાગ કરીને (અર્થાત્ હું બ્રાહ્મણ વર્ગનો ભક્ત છું કે શૂદ્ર વર્ગનો, ક્ષત્રિય અથવા વૈશ્ય એવા વિચારોને ત્યાગીને) કેવળ મારા જ શરણે આવ. હું તને તમામ પાપોમાંથી મુક્તિ અપાવીશ. તું શોક ન કર.

આ બધા બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરે વર્ણોનો વિચાર ન કર. (કે આ કર્મ-પથના હું કયા સ્તર પર છું) જે અનન્ય ભાવથી શરણે આવે છે, ઈષ્ટ સિવાય કોઈને પણ નથી જોતો, તેના ક્રમશઃ વર્ણ પરિવર્તનની જવાબદારીથી તથા તમામ પાપોમાંથી મુક્તિની જવાબદારી તે સદ્‌ગુરુ પોતાના શિરે લઈ લે છે.

દરેક મહાપુરુષે આમ જ કહ્યું છે. શાસ્ત્ર જ્યારે લખવામાં આવે છે ત્યારે લાગે છે કે આ બધા જ માટે છે, પરંતુ વાસ્તવમાં તે શ્રદ્ધાવાન માટે જ છે. અર્જુન અધિકારી હતો. આથી તેને ભાર દઈને કહ્યું. હવે યોગેશ્વર પોતે નિર્ણય આપે છે કે તેનો અધિકારી કોણ છે ?

**इदं ते नातपस्काय नाभक्ताय कदाचन ।**
**न चाशुश्रूषवे वाच्यं न च मां योऽभ्यसूयति ।।६७।।**

અર્જુન ! આ પ્રકારે તારા હિત માટે કહેલા આ ગીતાના ઉપદેશને કોઈ પણ કાળમાં ભૂલથી પણ તપરહિત મનુષ્યને કહેવા ન જોઈએ. ન ભક્તિ વગરના મનુષ્યને પણ કહેવો જોઈએ. અને સાંભળવાની ઇચ્છા ન રાખનારને પણ ન કહેવો જોઈએ. જે મારી નિંદા કરે છે – આ દોષ છે, તે દોષ છે, એવી ખોટી ટીકા કરે છે તેને પણ આ ઉપદેશ કહેવો જોઈએ નહિ. મહાપુરુષની સામે સ્તુતિ કરનારાઓની સાથે સાથે કોઈ વાર નિંદક પણ રહ્યા હશે. એમને તો ન કહેવો જોઈએ. પરંતુ પ્રશ્ન સ્વાભાવિક છે કે તો પછી કહેવું કોને ? તેના પર જોઈએ.

**य इमं परमं गुह्यं मद्भक्तेष्वभिधास्यति ।**
**भक्तिं मयि परां कृत्वा मामेवैष्यत्यसंशयः ।।६८।।**

જે મનુષ્ય મારા પર પ્રેમ કરીને આ પવિત્ર રહસ્યયુક્ત ગીતાનો ઉપદેશ મારા ભક્તોને કહેશે, તે નિઃસંદેહ મને જ પ્રાપ્ત થશે. અર્થાત્ તે ભક્ત મને જ પ્રાપ્ત થશે. જે સાંભળી લેશે અને ઉપદેશને યોગ્ય રીતે સાંભળીને હૃદયમાં ધારણ કરી લેશે, તે માર્ગે ચાલશે, પાર થઈ જશે. હવે ઉપદેશકર્તાઓ માટે કહે છે –

**न च तस्मान्मनुष्येषु कश्चिन्मे प्रियकृत्तमः ।**
**भविता न च मे तस्मादन्यः प्रियतरो भुवि ।।६९।।**

તેનાથી ન તો કોઈ મારો વધુ પ્રિય આ પૃથ્વી પર છે ન તો કોઈ અત્યંત પ્રિય કાર્ય કરવાવાળો છે. આ કાર્ય કરનારથી વધુ પ્રિય મને કોઈ નથી. કોણ ? જે મારા ભક્તોમાં ઉપદેશ કહેશે. તેમને તે પથ પર ચલાવશે. કારણ કે કલ્યાણનો એક આ જ સ્રોત છે, રાજમાર્ગ છે. હવે જોઈએ. અભ્યાસ –

**अध्येष्यते च य इमं धर्म्यं संवादमावयोः ।**
**ज्ञानयज्ञेन तेनाहमिष्टः स्यामिति मे मतिः ॥७०॥**

જે પુરુષ આ ધર્મમય આપણા બંનેના સંવાદનો સારી રીતે અભ્યાસ કરશે તેના દ્વારા જ્ઞાનરૂપી યજ્ઞથી હું પૂજાઈશ. અર્થાત્ એવો યજ્ઞ કે જેનું પરિણામ જ્ઞાન છે. તેનું સ્વરૂપ પાછળ બતાવ્યું છે, જેનું તાત્પર્ય છે – સાક્ષાત્કારની સાથે જ પ્રાપ્ત થનારી જાણકારી. આ મારો નિશ્ચિત મત છે.

**श्रद्धावाननसूयश्च श्रृणुयादपि यो नरः ।**
**सोऽपि मुक्तः शुभांल्लोकान्प्राप्नुयात्पुण्यकर्मणाम् ॥७१॥**

જે પુરુષ શ્રદ્ધાપૂર્વક અને ઈર્ષ્યારહિત થઈને ફક્ત સાંભળશે, તે પણ પાપોથી મુક્ત થશે અને ઉત્તમ કાર્યો કરવાવાળાના શ્રેષ્ઠ લોકને પ્રાપ્ત થશે. અર્થાત્ આ કાર્ય કરતાં પાર ન આવે તો સંભળાવીને મૃત્યુ પામે. ઉત્તમ લોકો ત્યારે પણ હોય છે, કારણ કે મનમાં ઉપદેશને ગ્રહણ કરે છે. અહીં સડસઠથી ઈકોતેર સુધીના પાંચ શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણે બતાવ્યું છે કે ગીતાનો ઉપદેશ જે યોગ્ય મનુષ્યો નથી તેમને ન કહેવો જોઈએ. પરંતુ જે અધિકારી છે. (લાયક છે.) તેમને જરૂર કહેવો જોઈએ. જે સાંભળશે તે ભક્ત મને પામશે, કારણ કે અતિ રહસ્યમય કથા સાંભળીને પુરુષ જાગ્રત થઈ જશે. તે મારા ઉપદેશને ભક્તોમાં કહેશે એનાથી પ્રિય કરનાર મારા માટે બીજો કોઈ નથી. જે અભ્યાસ કરશે તેના દ્વારા હું જ્ઞાનયજ્ઞથી પૂજાઈશ. યજ્ઞનુ ંપરિણામ જ્ઞાન છે, જે ગીતા પ્રમાણે કર્મ કરવામાં અસમર્થ છે, પરંતુ શ્રદ્ધાથી માત્ર સાંભળશે તેઓ પણ શ્રેષ્ઠ લોકને પામશે. આમ ભગવાન શ્રીકૃષ્ણે ગીતાના શ્રવણ-કથન અને અધ્યયનથી પ્રાપ્ત થનાર ફળ દર્શાવ્યું છે. પ્રશ્ન અહીં પૂરો થયો. હવે અંતમાં તેઓ અર્જુનને પૂછે છે કે તારી સમજમાં કંઈ આવ્યું અર્થાત્ તને સમજણ પડી ?

**कच्चिदेतच्छ्रुतं पार्थ त्वयैकाग्रेण चेतसा ।**
**कच्चिदज्ञानसंमोहः प्रनष्टस्ते धनंजय ॥७२॥**

હે અર્જુન ! શું મારાં આ વચનો તેં એકચિત્ત થઈને સાંભળ્યાં ? શું તારો અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો મોહ નાશ પામ્યો ? આ વિશે અર્જુને કહ્યું –

**अर्जुन उवाच**

**नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत ।**
**स्थितोऽस्मि गतसन्देहः करिष्ये वचनं तव ॥७३॥**

અચ્યુત ! તમારી કૃપાથી મારો મોહ નાશ પામ્યો છે. મને સ્મૃતિ પ્રાપ્ત થઈ છે, મને સ્મૃતિ થવા માંડી છે. હવે હું – 'જે રહસ્યમય જ્ઞાન મનુએ સ્મૃતિ-પરંપરા દ્વારા પ્રચલિત કર્યું હતું એ જ્ઞાન અર્જુને પ્રાપ્ત કરી લીધું !'–સંશયરહિત થયો છું અને તમારી આજ્ઞાનું પાલન કરીશ. સૈન્યનું નિરીક્ષણ કરતી વખતે બંને સેનાઓમાં સ્વજનોને જોઈને અર્જુન વ્યાકુળ થઈ ગયો હતો. એણે શ્રીકૃષ્ણને અરજ કરતાં જણાવ્યું હતું કે હે ગોવિન્દ, સ્વજનોને મારીને આપણે કેવી રીતે સુખી થઈશું ? આવા યુદ્ધથી શાશ્વત કુળધર્મ નાશ પામશે. પિંડોદક ક્રિયા લુપ્ત થઈ જશે. વર્ણસંકર પ્રજા ઉત્પન્ન થશે. આપણે આ બધું સમજવા છતાં પાપ કરવા તૈયાર થયા છીએ. આનાથી બચવા શા માટે ઉપાય ન કરવો ? શસ્ત્રધારી કૌરવો મને, શસ્ત્રરહિતને, યુદ્ધભૂમિમાં મારી નાખે તો એ મૃત્યુ શ્રેયસ્કર બનશે. ગોવિંદ, હું યુદ્ધ નહીં કરું. આમ કહીને અર્જુન રથના પાછળના ભાગમાં બેસી ગયો.

આ રીતે અર્જુને ગીતામાં શ્રીકૃષ્ણ સમક્ષ પ્રશ્નો-પ્રતિપ્રશ્નોની શૃંખલા ઊભી કરી છે. (અધ્યાય ૨-૭) પરમશ્રેય પ્રાપ્ત કરી શકાય તેવા સાધનની વાત મને કહો. ૨/૫૪ સ્થિતપ્રજ્ઞ મહાપુરુષનાં લક્ષણો ક્યાં છે ? ૩/૧ આપની દૃષ્ટિમાં જ્ઞાનયોગ શ્રેષ્ઠ છે તો મને ભયંકર કર્મમાં શા માટે પ્રવૃત્ત કરો છો ? ૩/૩૬ મનુષ્યને ઇચ્છા ન હોવા છતાં કોની પ્રેરણાથી તે પાપી કૃત્ય કરે છે ? ૪/૪ આપનો જન્મ તો હમણાં થયો છે. પરંતુ સૂર્યનો જન્મ તો ખૂબ પુરાણો છે, તો હું કેવી રીતે માનું કે કલ્પ-સૃષ્ટિના પ્રારંભમાં આ યોગ વિશે આપે સૂર્યને કહ્યું હતું ? ૫/૧ ક્યારેક આપ સંન્યાસની પ્રશંસા કરો છો,

ક્યારેક નિષ્કામ કર્મની. આમાંથી એક નિશ્ચિત કરીને કહો કે શેનાથી પરમશ્રેય પ્રાપ્ત થાય ? (૬/૩૫) મન ચંચળ છે, તો પછી શિથિલ પ્રયત્ન કરનાર શ્રદ્ધાવાન મનુષ્ય આપને પ્રાપ્ત ન કરીને કઈ દુર્ગતિને પ્રાપ્ત થાય છે ? (૮/૧-૨) ગોવિંદ આપે જેવું વર્ણન કર્યું છે તે બ્રહ્મ શું છે ? અધ્યાત્મ શું છે ? અધિદેવ અને અધિભૂત શું છે ? આ શરીરમાં અધિયજ્ઞ કોણ છે ? સાત પ્રશ્નો કર્યા. અધ્યાય ૧૦/૧૭માં અર્જુને જિજ્ઞાસા કરી કે નિરંતર ચિંતન કરતાં હું કયા કયા ભાવથી આપનું સ્મરણ કરું છું ? ૧૧/૪માં એમણે નિવેદન કર્યું કે જે વિભૂતિઓનું આપે વર્ણન કર્યું તેને હું પ્રત્યક્ષ જોવા માગું છું ? ૧૨/૧માં જે ભક્તજનો અનન્ય શ્રદ્ધાથી આપની ઉપાસના કરે છે અને બીજા જે અક્ષર અવ્યક્તની ઉપાસના કરે છે એ બેમાં ઉત્તમ યોગવેત્તા કોણ છે ? ૧૪/૨૧ ત્રણે ગુણોથી પર પુરુષ કયા લક્ષણોથી યુક્ત થાય છે? અને મનુષ્ય કેવી રીતે આ ત્રણ ગુણોથી પર થાય છે ? ૧૭/૧ જે મનુષ્ય ઉપર્યુક્ત શાસ્ત્રવિધિ ત્યાગીને શ્રદ્ધાથી યુક્ત થઈને યજન કરે છે તેની ગતિ કેવી થાય છે ? ૧૮/૧ હે મહાબાહો, હું ત્યાગ અને સંન્યાસને યથાર્થ સ્વરૂપમાં અલગ અલગ જાણવા માગું છું.

આ રીતે અર્જુન પ્રશ્ન કરતો ગયો (જે તે નહોતો કરતો તે ગોપનીય રહસ્ય ભગવાને સ્વયં દર્શાવ્યું. અર્જુને સમાધાન થઈ જતાં પ્રશ્નો પૂછવાનું બંધ કર્યું અને કહ્યું : હે ગોવિન્દ, હવે હું આપની આજ્ઞાનું પાલન કરીશ, વસ્તુતઃ આ પ્રશ્ન માનવમાત્ર માટે છે. આ પ્રશ્નોના સમાધાન વિના કોઈ પણ સાધક શ્રેય-પથ પર અગ્રેસર થઈ શકતો નથી. આથી સદ્‌ગુરુના આદેશનું પાલન કરવા માટે અને શ્રેય-પથમાં અગ્રેસર થવા માટે સંપૂર્ણ ગીતાનું શ્રવણ આવશ્યક છે. અર્જુનના મનનું સમાધાન થઈ ગયું. સાથોસાથ યોગેશ્વર શ્રીકૃષ્ણના શ્રીમુખથી નીકળેલી વાણીનો ઉપસંહાર કરવામાં આવ્યો. આ અંગે સંજય બોલ્યો.)

(અગિયારમા અધ્યાયમા વિરાટરૂપનું દર્શન કરાવીને કહ્યું હતું કે અર્જુન, અનન્ય ભક્તિના આધારે હું આમ દેખવા, તત્ત્વથી જાણવા અને પ્રવેશ કરવા માટે સુલભ છું. (૧૧/૫૪) આમ દર્શન કરવાવાળા મારા સાક્ષાત્ સ્વરૂપને પ્રાપ્ત થાય છે અને અહીંયાં હવે અર્જુનને પૂછે છે. શુ તારો મોહ નાશ પામ્યો ? અર્જુને કહ્યું કે મારો મોહ નાશ પામ્યો છે. હવે હું સભાન થઈ ગયો છું. તમે જે કહેશો તે જ હું કરીશ. દર્શન થતાંની સાથે જ અર્જુને મુક્ત થઈ જવું જોઈતું હતું. વાસ્તવમાં અર્જુનને જે થવાનું હતુ તે થઈ ગયું. પરંતુ શાસ્ત્ર ભવિષ્યમાં આવનારી પેઢીને માટે હોય છે. તેનો ઉપયોગ તમારા સૌના માટે જ છે.)

**संजय उवाच**

**इत्यहं वासुदेवस्य पार्थस्य च महात्मनः ।**
**संवादमिममश्रौषमद्भुतं रोमहर्षणम् ॥७४॥**

આમ મેં વાસુદેવ અને મહાત્મા અર્જુન (અર્જુન એક મહાત્મા છે યોગી છે, સાધક છે, નહિ કે કોઈ ધનુર્ધર, જે મારવા માટે ઊભો છે) આથી મહાત્મા અર્જુનના આ વિલક્ષણ અને રોમાંચકારી સંવાદને સાંભળ્યો. એનામાં સાંભળવાની ક્ષમતા કેવી રીતે આવી ? આગળ કહે છે –

**व्यासप्रसादाच्छ्रुतवानेतद्गुह्यमहं परम् ।**
**योगं योगेश्वरात्कृष्णात्साक्षात्काथयतः स्वयम् ॥७५॥**

શ્રી વ્યાસજીની કૃપાથી તેમણે આપેલી દિવ્ય દૃષ્ટિથી મેં આ પરમ ગોપનીય યોગને શ્રીકૃષ્ણ ભગવાનને પ્રત્યક્ષ કહેતા સાંભળ્યા છે. સંજય શ્રીકૃષ્ણને યોગેશ્વર માને છે, જે સ્વયં યોગી છે અને બીજાને પણ યોગ પ્રદાન કરવાની શક્તિ ધરાવે છે તે યોગેશ્વર છે.

**राजन्संस्मृत्य संस्मृत्य संवादमिममद्भुतम् ।**
**केशवार्जुनयोः पुण्यं हृष्यामि च मुहुर्मुहुः ॥७६॥**

હે રાજા ધૃતરાષ્ટ્ર ! કેશવ અને અર્જુનના આ પરમ કલ્યાણકારી અને અદ્‌ભુત સંવાદને ફરીથી યાદ કરીને હું વારંવાર આનંદ અનુભવું છું. આથી આ સંવાદનું હંમેશાં સ્મરણ કરવું જોઈએ અને તે જ સ્મૃતિથી પ્રસન્ન રહેવું જોઈએ. હવે તેમના સ્વરૂપનું સ્મરણ કરીને સંજય કહે છે –

**तच्च संस्मृत्य संस्मृत्य रूपमत्यद्भुतं हरेः ।**
**विस्मयो मे महान् राजन्हृष्यामि च पुनः पुनः ॥७७॥**

હે રાજન્ ! ભગવાનના (જે શુભાશુભ બધાંનું હરણ કરીને સ્વયં પોતે શેષ રહે છે તે હરિના) અતિ અદ્‌ભુત રૂપને વારંવાર યાદ કરીને મારા મનમાં આશ્ચર્ય થાય છે અને હું વારંવાર આનંદિત થઈ જાઉં છું. પ્રભુનું સ્મરણ વારંવાર રટણ કરવાની વસ્તુ છે. અંતમાં સંજય પોતાનો નિર્ણય આપે છે.

**यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ।**
**तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥७८॥**

રાજન્ ! જ્યાં યોગેશ્વર શ્રીકૃષ્ણ અને ધનુર્ધર અર્જુન (ધ્યાન જ ધનુષ્ય છે, ઇન્દ્રિયોની દઢતા જ ગાંડીવ છે. અર્થાત્ સ્થિરતા રાખીને ધ્યાન ધરવાવાળો મહાત્મા અર્જુન) છે ત્યાં જ શ્રી – ઐશ્વર્ય વિજય છે, હાર નહિ, દૈવી વિભૂતિ અને આ ચર સંસારમાં અચળ રહેનારી નીતિ છે. એવો મારો મત છે.

આજે ધનુર્ધર અર્જુન તો છે નહિ. આ નીતિ, વિજયવિભૂતિ તો અર્જુન સુધી જ મર્યાદિત રહી ગઈ ? શું તે ક્ષણિક અર્થાત્ (તત્કાળ નાશ પામનારી) હતી ? આ તો દ્વાપરમાં જ સમાપ્ત થઈ ગઈ ? પરંતુ આ વાત નથી. યોગેશ્વર શ્રીકૃષ્ણે બતાવ્યું કે હું દરેકના હૃદયમાં વાસ કરું છું. તમારા હૃદયમાં પણ તે જ છે. અનુરાગ જ અર્જુન છે. અનુરાગ તમારા અંતઃકરણની, પ્રભુને પામનારી લગનનું નામ છે. જો આવો અનુરાગ તમારામાં છે તો સદાયે તમારો વાસ્તવિક વિજય છે અને અચળ સ્થિતિ આપનારી નીતિ પણ સદા માટે રહેશે, નહિ કે ક્યારેક હતી. જ્યાં સુધી પ્રાણી રહેશે, પરમાત્માનો નિવાસ તેમના હૃદયમાં રહેશે. વિકળ આત્મા તેને પામવા માટે સદા ઉત્સુક રહેશે અને તેમાંથી જેના પર હૃદયમાં તેને પામવાનો અનુરાગ જાગશે તે જ અર્જુનની કક્ષાવાળો ભક્ત હશે. કારણ કે અનુરાગ જ અર્જુન છે. આથી, માનવમાત્ર તેનો સાક્ષી બની શકે છે.

**નિષ્કર્ષ :**

ગીતાનો આ અંતિમ અધ્યાય છે. શરૂઆતમાં જ અર્જુનનો પ્રશ્ન હતો કે પ્રભુ, હું ત્યાગ અને સંન્યાસનો ભેદ અને સ્વરૂપ જાણવા ઈચ્છું છું. યોગેશ્વર શ્રીકૃષ્ણે આ પર પ્રચલિત ચાર મતોની ચર્ચા કરી હતી, એમાંથી એક યોગ્ય પણ હતો. આને મળતો નિર્ણય શ્રીકૃષ્ણે દર્શાવ્યો કે દાન, યજ્ઞ અને તપ કોઈ પણ કાળે ત્યાગી શકાય તેમ નથી. તે ઈચ્છા રાખનારાઓને પણ પવિત્ર કરવાવાળા છે. આ ત્રણેયનો સ્વીકાર કરીને આનાથી વિરોધી વિકારોનો નાશ કરવો જ વાસ્તવિક ત્યાગ છે. આ જ સાત્ત્વિક ત્યાગ છે. ફળની ઈચ્છાની સાથે કરેલો ત્યાગ એ રાજસી છે અને મોહવશ નિયત કર્મનો ત્યાગ કરવો તામસી છે અને સંન્યાસ ત્યાગની ચરમ સીમા (અવસ્થા) છે. નિયત કર્મ અને ધ્યાનજનિત સુખ સાત્ત્વિક છે. ઈન્દ્રિયો અને વાસનાઓનો ભોગ રાજસી છે અને સંતોષજનક અન્નની ઉત્પત્તિ વગરનું દુઃખદ સુખ તામસી છે.

મનુષ્યમાત્ર શાસ્ત્રને અનુકૂળ અથવા પ્રતિકૂળ કાર્ય થવામાં પાંચ કારણો છે. કર્તા (મન) પૃથક્ પૃથક્ કરણ (જેના દ્વારા થાય છે. જો શુભ થાય તો વિવેક, વૈરાગ્ય, શમ-દમ-કરણ છે. અશુભ થાય તો કામ, ક્રોધ, રાગ-દ્વેષ વગેરે કારણ હોય) વિવિધ પ્રકારની ઈચ્છાઓ તો અનંત છે. બધી પૂરી થઈ શકતી નથી. કેવળ એ ઈચ્છા પૂરી થાય છે કે જેની સાથે આધાર મળી જાય છે. ચોથું કારણ છે આધાર (સાધન) અને પાંચમો હેતુ છે — દૈવ (પ્રારબ્ધ કે સંસ્કાર). દરેક કાર્ય થવામાં આ પાંચ કારણો જ છે. છતાં પણ જે કૈવલ્ય સ્વરૂપ પરમાત્માને કર્તા માને છે, તે મૂર્ખબુદ્ધિવાળા યથાર્થ નથી જાણતા. અર્થાત્ ભગવાન નથી કરતો, જ્યારે પાછળ કહેલું છે કે અર્જુન, તું નિમિત્તમાત્ર બનીને ઊભો રહે. કર્તા-હર્તા તો હું છું. અંતમાં તે મહાપુરુષનો આશય શો છે ?

વાસ્તવમાં પ્રકૃતિ અને પુરુષ વચ્ચે એક આકર્ષણસીમા છે. જ્યાં સુધી માણસ પ્રકૃતિ પ્રમાણે વર્તન કરે છે. ત્યાં સુધી પ્રકૃતિ તેને પ્રેરણા આપે છે અને જ્યારે તે ઉપર જઈને ભગવાનમાં સમર્પિત થઈ જાય છે ત્યારે તે ઈષ્ટ

હૃદયપ્રવેશમાં રથી (સારથિ) થઈ જાય છે, પછી બધું ભગવાન કરે છે. આવા સ્તર ઉપર અર્જુન હતો, સંજય પણ હતો અને બધાને માટે આ કક્ષામાં પહોંચવાનું વિધાન છે. માટે કોઈ અનુભવી મહાપુરુષ (સદ્‌ગુરુ)ના સાંનિધ્યમાં સમજવાનો પ્રયાસ કરવો જોઈએ.

વર્ણવ્યવસ્થાનો પ્રશ્ન ચોથી વાર લઈને યોગેશ્વર શ્રીકૃષ્ણે બતાવ્યું. ઈન્દ્રિયોનું દમન, મનનું શમન, શાંતિ, એકાગ્રતા, શરીર-વાણી અને મનને ભક્તિ મુજબ તૈયાર કરવું. દૈવી જાણકારીનો સંચાર, ઈશ્વરના નિર્ણય પ્રમાણે ચાલવાની શક્તિ વગેરે બ્રહ્મમાં પ્રવેશ અપાવનારી યોગ્યતાઓ બ્રાહ્મણ શ્રેણીનાં કર્મો છે. શૌર્ય, પીછે હઠ ન કરવી, બધા ભાવો પર સ્વામીભાવ, કાર્યમાં રત રહેવાની દક્ષતા વગેરે ક્ષત્રિય શ્રેણીનાં કર્મો છે. ઈન્દ્રિયોનું રક્ષણ, આત્મિક સંપત્તિની વૃદ્ધિ વગેરે વૈશ્ય વર્ગનાં કર્મો છે અને પરિચર્યા શૂદ્ર વર્ગનું કર્મ છે. શૂદ્રનો અર્થ જાતિવિશેષ નથી. શૂદ્રનો અર્થ છે અલ્પજ્ઞ. અલ્પજ્ઞ સાધક નિયત કર્મના ચિંતનમાં બે કલાક બેસીને દસ મિનિટ પણ પોતાનામાં રહી શકતો નથી. શરીર જરૂર બેઠું છે, પરંતુ જે મનને ટકાવી રાખવાનું છે તે મન તો હવા સાથે વાતો કરે છે. આવા સાધકનું કલ્યાણ કેવી રીતે થાય ? તેણે તેનાથી ઉચ્ચ કક્ષા ધરાવતી વ્યક્તિઓની અથવા તો સદ્‌ગુરુની સેવા કરવી જોઈએ. ઉચ્ચ કક્ષાનો વિદ્યાર્થી પણ નીચલી કક્ષાના વિદ્યાર્થીને ભણાવી શકે છે. ધીમે ધીમે તેઓમાં પણ સંસ્કારોનું સિંચન થશે અને પછી ગતિ પકડી લેશે. આથી આ અલ્પજ્ઞનું કર્મ સેવાથી જરૂર થાય છે. કર્મ એક જ છે. નિયત કર્મ, ચિંતન તેના કર્તાના ચાર વર્ગ — શ્રેણી છે. અતિઉત્તમ, ઉત્તમ, મધ્યમ અને નિમ્ન. અને તે જ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર છે. મનુષ્ય પ્રમાણે નહિ, પરંતુ ગુણોના માધ્યમથી કર્મને ચાર ભાગોમાં વહેંચવામાં આવ્યું છે. ગીતાનો વર્ણવૃત્તાંત આમાં જ છે.

તત્ત્વ વિશે સ્પષ્ટતા કરતાં તેમણે કહ્યું કે અર્જુન, તે પરમ સિદ્ધિની વિધિ હું બતાવીશ, કે જે જ્ઞાનની પરાનિષ્ઠા છે. વિવેક, વૈરાગ્ય, શમ, દમ,

ધારાવાહી ચિંતન તથા ધ્યાનની પ્રવૃત્તિ વગેરે બ્રહ્મમાં પ્રવેશ અપાવનારી બધી જ યોગ્યતાઓ જ્યારે પરિપક્વ થાય છે. કામ, ક્રોધ, મોહ, રાગ-દ્વેષ વગેરે પ્રકૃતિમાં રહેનારી પ્રવૃત્તિઓ જ્યારે પૂર્ણ રીતે શાંત થઈ જાય છે, ત્યારે તે વ્યક્તિ બ્રહ્મને જાણવા લાયક થઈ જાય છે. તે જ યોગ્યતાનું નામ પરાભક્તિ છે. પરાભક્તિ દ્વારા જ તે બ્રહ્મતત્ત્વને જાણી શકે છે. તત્ત્વ શું છે ? તો બતાવ્યું કે, હું જે છું. જે વિભૂતિઓથી યુક્ત છું, તેને જાણે છે, અર્થાત્ પરમાત્મા જે છે તે અવ્યક્ત, શાશ્વત, અપરિવર્તનશીલ, અલૌકિક ધર્મવાળો છે. તેને જાણે છે અને જાણીને તત્કાળ તે મારામાં સ્થિત થઈ જાય છે. આ તત્ત્વ છે – પરમતત્ત્વ, નહિ કે પાંચ-પચીસ તત્ત્વો. પ્રાપ્તિ થવાની સાથે જ આત્મા એ જ સ્વરૂપમાં સ્થિર થઈ જાય છે અને તે જ ગુણધર્મોથી યુક્ત થઈ જાય છે.

તત્ત્વ, પરમાત્મા અથવા ઈશ્વરનો વાસ બતાવતાં યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું કે અર્જુન, ઈશ્વર બધા જ મનુષ્યોના હૃદયમાં વાસ કરે છે. પરંતુ માયારૂપી યંત્રમાં બેસીને લોકો તેમાં ભટકી રહ્યા છે. તેથી મને જાણી શકતા નથી. આથી અર્જુન, તું હૃદયમાં વસેલા તે ઈશ્વરના શરણે જા, તેનાથી પણ એક રહસ્યમય વાત એ છે કે મન, કર્મ, વચનથી તું મારા શરણમાં આવી જા. બધા જ ધર્મોને ત્યાગી દઈશ તો બધા જ ધર્મોની યોગ્યતા તારામાં આવી જશે પરિણામે હું તને પ્રાપ્ત થઈશ, તું મને પ્રાપ્ત થઈશ. આ રહસ્ય અનધિકારીને કહેવું ન જોઈએ અને જે ભક્ત નથી તેને પણ ન કહેવું જોઈએ. પરંતુ જે ભક્ત છે તેને અવશ્ય કહેવું જોઈએ. એનાથી અંતર રાખે તો પછી કલ્યાણ કેવી રીતે થાય ? અંતમાં યોગેશ્વર શ્રીકૃષ્ણે પૂછ્યું, અર્જુન, મેં તને જે કંઈ કહ્યું તે બધું તે સાંભળ્યું ? સમજ્યો ? તારો મોહ નાશ પામ્યો કે નહિ ? અર્જુને કહ્યું, ભગવાન મારા મોહનો નાશ થયો છે. મારામાં હવે સ્મૃતિનો સંચાર થવા લાગ્યો છે. તમે જે કાંઈ કહો છો તે જ સત્ય છે અને હવે હું તે જ કરીશ.

જેણે આ બંનેનો સંવાદ સારી રીતે સાંભળ્યો છે તે સંજય પોતાનો નિર્ણય આપે છે કે, શ્રીકૃષ્ણ મહાયોગેશ્વર અને અર્જુન એક મહાત્મા છે. તેમનો વાર્તાલાપ (સંવાદ) વારંવાર સ્મરણ કરીને હું આનંદ અનુભવી રહ્યો છું. આથી તેમનું સ્મરણ કરતાં રહેવું જોઈએ. ધ્યાન ધરતાં રહેવું જોઈએ. જ્યાં યોગેશ્વર શ્રીકૃષ્ણ છે, જ્યાં અર્જુન છે ત્યાં જ લક્ષ્મી (શ્રી) છે. વિજયવિભૂતિ અને ધ્રુવનીતિ પણ ત્યાં જ છે. દુનિયાની જે નીતિ આજે છે તે કાલે બદલાશે, પરંતુ પરમાત્મા તો ધ્રુવ છે. પરમાત્મામાં પ્રવેશ અપાવનાર ધ્રુવનીતિ પણ તે જ છે. જો શ્રીકૃષ્ણ અને અર્જુનને દ્વાપરયુગની વ્યક્તિ-વિશેષ માની લઈએ તો, આજે નથી અર્જુન કે નથી શ્રીકૃષ્ણ, તમને ના વિજય મળવો જોઈએ ન તો વિભૂતિ ! ત્યારે તો ગીતા તમારા માટે વ્યર્થ છે. પરંતુ નહિ શ્રીકૃષ્ણ એક યોગી હતા. અનુરાગથી ભરેલા હૃદયવાળા મહાત્મા જ અર્જુન હતા. તેઓ સદાયે રહેતા હતા અને રહેશે. શ્રીકૃષ્ણે પોતાનો પરિચય આપતાં કહ્યું કે હું તો અવ્યક્ત છું. પરંતુ જે ભાવને હું પ્રાપ્ત કરું છું તે ઈશ્વર બધા જ હૃદયમાં નિવાસ કરે છે. તે સદેહ છે અને રહેશે. બધાએ તેના શરણે જવાનું છે. શરણે આવનાર જ મહાત્મા છે, અનુરાગી છે. અનુરાગી જ અર્જુન છે. તેના માટે કોઈ સ્થિતપ્રજ્ઞ મહાપુરુષના શરણમાં જવું આવશ્યક છે, કારણ કે તેઓ જ તેના પ્રેરક છે.

આ અધ્યાયમાં સંન્યાસનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું કે સર્વસ્વનો ત્યાગ જ સંન્યાસ છે. કેવળ ભગવા ધારણ કરી લેવા એ જ સંન્યાસ નથી. પરંતુ તેની સાથે એકાંતમાં રહીને નિયતકર્મને પોતાની શક્તિ સમજીને અથવા તો સમર્પણની સાથે સતત પ્રયત્નો કરવા અનિવાર્ય છે. પ્રાપ્તિની સાથે સંપૂર્ણ કર્મોનો ત્યાગ જ સંન્યાસ છે, જે મોક્ષનો પર્યાય છે. તે જ સંન્યાસની પરાકાષ્ઠા છે.

**ॐ तत्सदिति श्रीमद्भागवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णाअर्जुनसंवादे 'संन्यास योगो' नाम अष्टदशोऽध्यायः ॥१८॥**

આમ, શ્રીમદ્‌ભગવદ્‌ગીતારૂપી ઉપનિષદ અર્થાત્ બ્રહ્મવિદ્યા તથા યોગશાસ્ત્રવિષયક શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદમાં 'સંન્યાસ યોગ' નામનો અઢારમો અધ્યાય પૂરો થયો.

**इति श्रीमत्परमहंस परमानन्दस्य शिष्य स्वामी श्री अडगडानन्दकृते श्रीमद्‌भगवद्‌गीतायाः 'यथार्थ गीता' भाष्ये 'संन्यास योगो' नाम अष्टदशोऽध्यायः ॥१८॥**

આમ શ્રીમત્પરમહંસ પરમાનન્દજીના શિષ્ય શ્રી સ્વામી અડગડાનંદજીકૃત શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના ભાષ્ય 'યથાર્થ ગીતા'માં 'સંન્યાસ યોગ' નામનો અઢારમો અધ્યાય પૂરો થયો.

**॥ हरिः ॐ तत्सत् ॥**

# ઉપસંહાર

સામાન્ય રીતે લોકો ટીકા સમીક્ષામાં નવી વાત શોધે છે, પરંતુ સત્ય તો સત્ય જ છે. તે ન તો નવું હોય છે ન જૂનું. નવી વાતો તો અખબારોમાં છપાતી રહે છે, જે બનતી – ઘટતી ઘટનાઓ હોય છે. સત્ય તો અપરિવર્તનશીલ છે, આથી બીજું કોઈ કહે પણ શું ? જો કહે તો પછી તેણે કાંઈ પ્રાપ્ત નથી કર્યું. પ્રત્યેક મહાપુરુષ ચાલીને તે લક્ષ્ય સુધી પહોંચી જશે તો એક જ વાત કહેશે. તે સમાજની વચ્ચે ફૂટ નહિ પાડી શકે. અગર એમ કહે તો પછી તેણે કાંઈ મેળવ્યું નથી એમ સાબિત થાય. શ્રીકૃષ્ણે પણ આજ સત્ય કહ્યું. જે સત્ય પૂર્વે મનીષીઓએ જોયું હતું. મેળવ્યું હતું અને ભવિષ્યમાં થનાર મહાપુરુષો પણ જો પ્રાપ્ત કરશે તો આ જ વાત કરશે.

**મહાપુરુષ અને તેમની કાર્યપ્રણાલી :** મહાપુરુષ, દુનિયામાં સત્યને નામે પ્રસરેલી અને સત્ય જેવી લાગતી કુરીતિઓનું શમન કરીને કલ્યાણના પથ પર પુરસ્કૃત કરે છે. આ માર્ગ પણ દુનિયામાં પહેલેથી હોય છે. પરંતુ એની સમાંતર એના જેવા લાગતા અનેક માર્ગો પ્રચલિત થાય છે. એમાંથી વસ્તુતઃ સત્ય શું છે ? તે સત્ય શોધવું મુશ્કેલ બની જાય છે. પરંતુ મહાત્મા સત્યનિષ્ઠ હોવાથી એમાંના સત્યને પારખી શકે છે એને નિશ્ચિત કરે છે અને એ સત્ય તરફ અભિમુખ થવા માટે સમાજને પ્રેરિત કરે છે. રામે પણ આજ કર્યું, મહાવીરે કર્યું, બુદ્ધે કર્યું, ઈશુએ કર્યું તેમજ મહમ્મદે પણ આમ જ કર્યું. કબીર, ગુરુ નાનક વગેરે એ પણ આ જ કર્યું. મહાપુરુષો આ દુનિયામાંથી ચાલ્યા જાય છે ત્યારે પાછળના લોકો એમના બતાવેલા માર્ગ પર ચાલવાને બદલે એમના જન્મસ્થળ, મૃત્યુસ્થળ તથા તેઓ જ્યાં ગયા હોય તે સ્થળોને પૂજવા લાગે છે. ધીમે ધીમે તેઓ એમની મૂર્તિ બનાવીને પૂજવા લાગે છે. પ્રારંભમાં તેઓ એમની સ્મૃતિ જ સંભાળે છે, પરંતુ સમય જતાં ભ્રમમાં પડી જાય છે અને આ ભ્રમ જ રૂઢિનું રૂપ લઈ લે છે.

યોગેશ્વર શ્રીકૃષ્ણે પણ તત્કાલીન સમાજમાં સત્યના નામ પર પોષાતા રીતરિવાજોનું ખંડન કરીને સમાજને સુમાર્ગ પર સ્થાપિત કર્યો. અધ્યાય ૨-૧૬માં એમણે કહ્યું, હે અર્જુન, અસત્ વસ્તુનું અસ્તિત્વ જ નથી અને સત્યનો ત્રણેય

કાળમાં અભાવ નથી. ભગવાન હોવાને કારણે આ હું મારા તરફથી નથી કહેતો, પરંતુ તત્ત્વદર્શીઓએ જે કહ્યું તે જ કહી રહ્યો છું. તેરમા અધ્યાયમાં એમણે ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનું વર્ણન એ જ રીતે કર્યું. જે **ऋषिभिः बहुधा गीतम्** ઋષિઓએ પૂર્વ ગાન કર્યું હતું. અઢારમા અધ્યાયમાં ત્યાગ અને સંન્યાસના તત્ત્વની ચર્ચા કરીને ચારમાંથી એક પસંદ કરી એને પોતાનું સમર્થન આપ્યું.

**સંન્યાસ :** શ્રીકૃષ્ણના સમયમાં અગ્નિને ન અડકનાર તથા ચિંતનનો પણ ત્યાગ કરીને પોતાને યોગી, સંન્યાસી, કહેવડાવનારાઓનો સંપ્રદાય પણ ચાલી રહ્યો હતો. આ વાતનું ખંડન કરતાં એમણે સ્પષ્ટ કર્યું કે જ્ઞાનમાર્ગ તથા ભક્તિમાર્ગ બંનેમાંથી કોઈ પણ માર્ગ અનુસાર કર્મનો ત્યાગ કરવાનું વિધાન નથી. કર્મ તો કરવું જ પડે. કર્મ કરતાં કરતાં સાધના એટલી સૂક્ષ્મ બની જાય કે તમામ સંકલ્પોનો અભાવ થઈ જાય છે, તે જ પૂર્ણ સંન્યાસ છે. વચ્ચેના માર્ગમાં સંન્યાસ નામની કોઈ વસ્તુ નથી. ક્રિયાઓનો ત્યાગ કરવાથી કે અગ્નિને ન અડવાથી કોઈ સંન્યાસી કે યોગી બની શકતો નથી. આ વાત અધ્યાય ૨, ૩, ૫, ૬ અને ખાસ કરીને ૧૮માં સ્પષ્ટ જોઈ શકાય છે.

**કર્મ :** આવી જ ભ્રાંતિ કર્મના સબંધમાં પણ જોવા મળે છે. અધ્યાય ૨-૩૯માં એમણે જણાવ્યું કે, હે અર્જુન, અત્યાર સુધી આ બુદ્ધિ તારે માટે સાંખ્યયોગના વિષયમાં કહેવામાં આવી, હવે તું નિષ્કામ કર્મના વિષયમાં સાંભળ. નિષ્કામ બનીને તું કર્મોનું બંધન તોડી શકીશ. તેનું થોડું પણ આચરણ જન્મમરણના મહાન ભયમાંથી મુક્ત કરે છે. આ નિષ્કામ કર્મમાં નિશ્ચયાત્મક ક્રિયા એક જ છે, બુદ્ધિ એક જ છે. દિશા પણ એક જ છે, પરંતુ અવિવેકીઓની બુદ્ધિ અનંત શાખાઓવાળી છે. આથી તે કર્મના નામ પર અનેક ક્રિયાઓનો વિસ્તાર કરી લે છે. અર્જુન, તું નિયત કર્મ કર. અર્થાત્ ક્રિયાઓ ઘણી છે, પરંતુ કર્મ નથી. કર્મ નિર્ધારિત દિશા છે. કર્મ એવી વસ્તુ છે જે જન્મજન્માંતરથી ચાલી આવતાં શરીરોની યાત્રાનો અંત લાવે છે. જો એક પણ જન્મ લેવો પડે તો યાત્રા પૂરી ક્યાં થઈ ?

**યજ્ઞ :** આ નિયત કર્મ છે શું ? શ્રીકૃષ્ણે સ્પષ્ટ કર્યું કે, અર્જુન, યજ્ઞની પ્રક્રિયા જ કર્મ છે. આના સિવાય દુનિયામાં જે કાંઈ કરવામાં આવે છે તે આ લોકનું બંધન છે, કર્મ નથી. કર્મ તો સંસારના બંધનમાંથી મુક્તિ અપાવે છે. તો યજ્ઞ શું છે, જેની ક્રિયા ક્રિયાન્વિત કરવાથી કર્મ સંપાદિત થઈ શકે ? અધ્યાય ૪માં શ્રીકૃષ્ણે તે ચૌદ રીતે યજ્ઞનું વર્ણન કર્યું છે, જે બધાં ભેગાં મળીને પરમાત્માની પ્રાપ્તિ કરાવનાર વિધિવિશેષનું ચિત્રણ છે. યોગની ક્રિયા શ્વાસ, ધ્યાન, ચિંતન, ઇન્દ્રિય-સંયમ વગેરેથી સિદ્ધ થાય છે. શ્રીકૃષ્ણે એ પણ સ્પષ્ટ કર્યું કે ભૌતિક દ્રવ્યો સાથે આ યજ્ઞને કોઈ સંબંધ નથી. ભૌતિક દ્રવ્યથી સિદ્ધ થતો યજ્ઞ અતિ અલ્પ છે. તમે કરોડનો હવન ભલે કરો. સંપૂર્ણ યજ્ઞ તો મન અને ઇન્દ્રિયોની અંતઃક્રિયાથી સિદ્ધ થાય છે. યજ્ઞ પૂર્ણ થતાં જેની સૃષ્ટિ કરે છે તે અમૃત તત્ત્વની જાણકારીનું નામ જ્ઞાન છે. આ જ્ઞાનામૃતનું પાન કરનાર યોગી સનાતન બ્રહ્મમાં પ્રવેશ પામે છે. જેમાં પ્રવેશ મેળવવાનો હતો તે મેળવી લીધો. પછી તે પુરુષનું કર્મ કરવાનું કોઈ પ્રયોજન રહેતું નથી. આથી તમામ કર્મ તે સાક્ષાત્કારસહિત જ્ઞાનમાં શેષ થઈ જાય છે. કર્મ કરવાના બંધનમાંથી તે મુક્ત બની જાય છે. આમ નિર્ધારિત કર્મને કાર્યરૂપ આપવું તે કર્મ છે. કર્મનો શુદ્ધ અર્થ છે — **આરાધના.**

ગીતામાં આ નિયત કર્મ અથવા તદર્થ કર્મ અથવા યથાર્થ કર્મ સિવાયનું બીજું કોઈ કર્મ નથી. આ અંગે શ્રીકૃષ્ણે વારંવાર ભારપૂર્વક જણાવ્યું છે. છઠ્ઠા અધ્યાયમાં એમણે આને **कार्यम् कर्म** કહ્યું. સોળમા અધ્યાયમાં કામ, ક્રોધ અને લોભનો ત્યાગ કરવાથી કર્મનો આરંભ થાય છે અને તેનાથી પરમશ્રેય પ્રાપ્ત થાય છે એમ જણાવ્યું. સાંસારિક કર્મોમાં માણસ જેટલો વ્યસ્ત રહે તેટલા જ પ્રમાણમાં એની પાસે કામ, ક્રોધ અને લોભ અધિક પ્રમાણમાં દેખાય છે. આ નિયત કર્મને એમણે વિધાનોક્ત કર્મની સંજ્ઞા આપી. ગીતા પોતાનામાં પૂર્ણ શાસ્ત્ર છે. સર્વોપરી શાસ્ત્ર વેદ છે. વેદોનો સાર ઉપનિષદ છે અને એ બધાનો સારાંશ શ્રીકૃષ્ણની આ વાણી ગીતા છે. સત્તર અને અઢારમા અધ્યાયમાં પણ શાસ્ત્રવિધિથી નિર્ધારિત કર્મ, નિયત કર્મ, કર્તવ્ય-કર્મ અને પુણ્ય-કર્મ તરફ સંકેત કરીને દૃઢતાપૂર્વક જણાવ્યું છે કે નિયત કર્મ જ પરમ કલ્યાણકારી છે.

યોગેશ્વર શ્રીકૃષ્ણે આટલા ભારપૂર્વક જે વાત કરી તે નિયત કર્મ ન કરીને, તમે શ્રીકૃષ્ણનું કહેવું ન માનીને ઊલટી-સીધી કલ્પના કરો કે સંસારમાં જે કાંઈ કરાય છે તે કર્મ છે : કશાનો ત્યાગ કરવાની જરૂર નથી, માત્ર ફળની કામના ન કરો તો થઈ ગયો નિષ્કામ કર્મયોગ ! કર્તવ્યભાવનાથી કામ કરો. થઈ ગયો કર્તવ્ય યોગ ! જે કાંઈ કરો તે નારાયણને સમર્પિત કરો, થઈ ગયો સમર્પણ યોગ. આ રીતે યજ્ઞનું નામ આવતા જ આપણે મનમાં ભૂત-યજ્ઞ, પિતૃયજ્ઞ, પંચયજ્ઞ, વિષ્ણુ નિમિત્તનો યજ્ઞ વગેરે વિચારી લઈએ છીએ અને એની ક્રિયામાં સ્વાહા સ્વાહા બોલી ઊભા થઈ જઈએ છીએ. શ્રીકૃષ્ણે આ બધી સ્પષ્ટતા ન કરી હોત તો આપણે ઈચ્છા મુજબ કાંઈ પણ કરીએ, પરંતુ એમણે માર્ગ દર્શાવ્યો છે તો જેટલું કહ્યું છે તેટલું તો આપણે માનવું જોઈએ. પરંતુ આપણે માનતા નથી. આપણને વારસામાં અનેક રીતરિવાજ, પૂજાપદ્ધતિ મળ્યાં છે, જે મગજમાં જકડાઈને પડ્યાં છે. બહારની વસ્તુ હોય તો આપણે તે વેચી દઈને પણ છુટકારો મેળવી શકીએ; પરંતુ આ પૂર્વગ્રહો તો મગજમાં ગોઠવાઈને આપણી સાથે જ ચાલે છે. શ્રીકૃષ્ણના શબ્દોને પણ આપણે આપણી રીતે ઢાળીને અર્થ કાઢીએ છીએ. ગીતા તો અત્યંત બોધગમ્ય, સરલ, સંસ્કૃતમાં છે. તમે અન્વયાર્થ લેશો તોપણ શંકા ઊભી થશે નહીં. આ પુસ્તકમાં આ જ પ્રયાસ કરાયો છે.

**યુદ્ધ :** યજ્ઞ અને કર્મ એ બે પ્રશ્ન જ યથાર્થ સમજી લેવામાં આવે તો યુદ્ધ, વર્ણવ્યવસ્થા, વર્ણસંકર, જ્ઞાનયોગ, કર્મયોગ, સંક્ષેપમાં સંપૂર્ણ ગીતા સમજમાં આવી જશે. અર્જુન લડવા માગતો નથી. તે ધનુષ્ય ફેંકીને રથના પાછળના ભાગમાં બેસી ગયો. પરંતુ યોગેશ્વર શ્રીકૃષ્ણે એક માત્ર કર્મની શિક્ષા આપી અને કર્મ પર ભાર મૂક્યો. ઉપરાંત અર્જુનને પણ એ કર્મ પર ચાલતો કરી દીધો. યુદ્ધ થયું — એમાં સંદેહ નથી. ગીતાના પંદર-વીસ શ્લોક એવા છે કે એમાં વારંવાર કહેવામાં આવ્યું છે : ‘હે અર્જુન, તું યુદ્ધ કર.’ પરંતુ એક પણ શ્લોક એવો નથી કે જેમાં બાહ્ય માર-પીટનું સમર્થન કરાયું હોય. આ બાબતમાં અધ્યાય ૨, ૩, ૧૧, ૧૫ અને ૧૮ જોવા. કેમકે જે કર્મ પર ભાર મૂક્યો હતો તે નિયત કર્મ તો એકાંતમાં, તમામ વૃત્તિઓને સંકેલીને ધ્યાનમાં એકાગ્ર થવાથી થાય છે. કર્મનું આ જ સ્વરૂપ

હોય તો યુદ્ધ કેવું ? ગીતામાં કહેવાયેલી કલ્યાણની વાત યુદ્ધ કરનારાઓ માટે જ હોય તો તમે ગીતાથી કેડો છોડાવી લો. તમારી સામે તો અર્જુનના જેવી યુદ્ધની કોઈ પરિસ્થિતિ નથી. વાસ્તવમાં ત્યારે પણ તે પરિસ્થિતિ હતી અને આજે પણ એ પરિસ્થિતિ જેમની તેમ છે. ચિત્તને અંદર વાળી લઈને હૃદયમાં ધ્યાન ધરવાથી કામ, ક્રોધ અને રાગ-દ્વેષ વગેરે વિકારો તમારા ચિત્તમાં ટકશે નહીં. આ વિકારો સામે સંઘર્ષ કરવો, એમનો અંત આણવો એ જ યુદ્ધ છે. વિશ્વમાં યુદ્ધ થતાં જ રહે છે, પરંતુ એનાથી કલ્યાણ નહીં વિનાશ થાય છે. એને શાંતિ કહો કે પરિસ્થિતિ કહો, બીજી કોઈ શાંતિ દુનિયામાં મળતી નથી. આત્મા શાશ્વત તત્ત્વને પ્રાપ્ત કરે ત્યારે જ શાંતિ મળે છે. આ શાંતિ સાધનગમ્ય નથી. એના માટે નિયત કર્મ કરવું આવશ્યક છે.

**વર્ણ :** આ કર્મનું ચાર વર્ણોમાં વિભાજન કરાયું છે. ધ્યાન-ચિંતન તો બધા કરે છે. પરંતુ કેટલાક શ્વાસ-પ્રશ્વાસની ગતિ રોકવામાં સક્ષમ બને છે. કેટલાક શરૂઆતમાં બે કલાક ધ્યાનમાં બેસીને દસ મિનિટ માટે પણ પોતાને પામી શકતા નથી. આવી સ્થિતિવાળો અલ્પજ્ઞ સાધક શૂદ્ર શ્રેણીનો છે. તે પોતાની સ્વાભાવિક ક્ષમતા અનુસાર પરિચર્યાથી જ કર્મનો આરંભ કરે છે. ક્રમશઃ વૈશ્ય, ક્ષત્રિય અને બ્રાહ્મણના વર્ગની ક્ષમતા એના સ્વભાવમાં ઢળવા માંડે છે. તેનો ઉત્કર્ષ થતો જશે, પરંતુ બ્રાહ્મણ શ્રેણી પણ દોષયુક્ત છે. કેમકે હજુ પણ તે બ્રહ્મ અલગ છે. બ્રહ્મમાં પ્રવેશ મેળવતાં તે બ્રાહ્મણ રહેતો નથી. વર્ણનો અર્થ છે આકૃતિ. આ શરીર એ તમારી આકૃતિ નથી. જેવી તમારી વૃત્તિ, તેવી તમારી આકૃતિ છે. શ્રીકૃષ્ણ કહે છે, અર્જુન, પુરુષ શ્રદ્ધામય છે. આથી, ક્યાંક ને ક્યાંક એની શ્રદ્ધા અવશ્ય હોય છે. જેવી વૃત્તિ તેવો પુરુષ. વર્ણ એ તો કર્મની ક્ષમતાનો આંતરિક માપદંડ છે. પરંતુ લોકોએ નિયત કર્મ છોડીને બહારના સમાજમાં જન્મના આધાર પર જાતિઓને વર્ગનું નામ આપી, એમનો વ્યવસાય નક્કી કરી આપ્યો. આ તો એક સામાજિક વ્યવસ્થા માત્ર હતી. તે કર્મના યથાર્થ રૂપને તોડે છે — મરોડે છે, જેથી એની ખોખલી સામાજિક મર્યાદા અને જીવિકાને ઠેસ ન પહોંચે. કાલાંતરમાં વર્ણનું નિર્ધારણ માત્ર જન્મથી થવા લાગ્યું, પરંતુ આવું કશું છે નહીં. શ્રીકૃષ્ણે કહ્યું

કે ચાર વર્ણોની સૃષ્ટિ મેં બનાવી છે. શું ભારત બહાર સૃષ્ટિ નથી ? અન્યત્ર તો આ જાતિઓનું અસ્તિત્વ પણ નથી. ભારતમાં જ લાખો જાતિઓ અને પેટા જાતિઓ છે. શ્રીકૃષ્ણે શું મનુષ્યની વહેંચણી કરી હતી ? ગુણના આધારે કર્મ વહેંચવામાં આવ્યું. કર્મનું વિભાજન થયું. કર્મ સમજાશે તો વર્ણ પણ સમજાશે અને વર્ણ સમજાશે તો વર્ણસંકરનું યથાર્થ સ્વરૂપ પણ સમજાઈ જશે.

**વર્ણસંકર :** આ કર્મમાર્ગથી ચલિત થનારા જ વર્ણસંકર છે. આત્માનો શુદ્ધ વર્ણ પરમાત્મા છે. એમાં પ્રવેશ અપાવનાર કર્મથી દૂર જઈને પ્રકૃતિમાં મિશ્રિત થવું તેનું નામ વર્ણસંકરતા. શ્રીકૃષ્ણે સ્પષ્ટ કર્યું કે આ કર્મ કર્યા વગર એ સ્વરૂપને કોઈ મેળવતું નથી અને પ્રાપ્તિવાળા મહાપુરુષને કર્મ કરવાથી કોઈ લાભ નથી, કર્મ છોડવાથી કોઈ હાનિ નથી આમ છતાં લોકસંગ્રહ માટે તે કર્મ કરે છે. આ મહાપુરુષોની માફક મારે પણ પ્રાપ્ત થવા પાત્ર કોઈ વસ્તુ અપ્રાપ્ત નથી. આમ છતાં પાછળવાળાઓની ઈચ્છાને કારણે હું કર્મ કરું છું. કર્મ ન કરું તો બધાં વર્ણસંકર થઈ જાય. સ્ત્રીઓ દૂષિત થતાં વર્ણસંકર પેદા થવાનું સાંભળ્યું છે, પરંતુ અહીં શ્રીકૃષ્ણ કહે છે કે, સ્વરૂપમાં સ્થિત મહાપુરુષ કર્મ ન કરે તો લોકો વર્ણસંકર થઈ જાય. એ મહાપુરુષની નકલ કરીને આરાધના બંધ કરી દેવાથી પ્રકૃતિમાં ભટકવું પડે છે. આથી આ કર્મ કરીને જ પરમ નૈષ્કર્મ્યમની સ્થિતિ, પોતાના શુદ્ધ વર્ણ પરમાત્માને પ્રાપ્ત કરી શકાય છે.

**જ્ઞાનયોગ તથા કર્મયોગ :** કર્મ એક જ છે – નિયત કર્મ, આરાધના, પરંતુ એ કરવા માટે બે દૃષ્ટિકોણ છે. પોતાની શક્તિ સમજીને હાનિ-લાભનો નિર્ણય લઈને કર્મ કરવું તે જ્ઞાનયોગ છે. આ માર્ગનો સાધક જાણે છે કે "આજે આ સ્થિતિ છે, પરંતુ આગળ જતાં હું આ ભૂમિકામાં પ્રવેશી શકીશ, અને ત્યારે હું મારું સ્વરૂપ પ્રાપ્ત કરી શકીશ." આ ભાવના મનમાં રાખીને તે કર્મમાં પ્રવૃત્ત થાય છે. પોતાની સ્થિતિની જાણકારી સાથે તે આગળ વધે છે. આથી તે જ્ઞાનમાર્ગી કહેવાય છે. સમર્પણની ભાવના સાથે તે જ કર્મ કરવું. હાનિ-લાભનો નિર્ણય ઈષ્ટ પર છોડવો એ નિષ્કામ કર્મયોગ છે, ભક્તિમાર્ગ છે. બંનેના પ્રેરણાદાતા સદ્‌ગુરુ છે. એક જ મહાપુરુષ પાસેથી જ્ઞાન મેળવીને એક સ્વાવલંબી બની કર્મમાં પ્રવૃત્ત થાય

છે જ્યારે બીજો એમની પાસેથી શિક્ષણ લઈને એમના પર જ નિર્ભય રહીને કર્મ કરે છે. બંને વચ્ચે ફરક માત્ર આટલો જ છે. આથી યોગેશ્વર શ્રીકૃષ્ણે કહ્યું, અર્જુન, સાંખ્ય દ્વારા જે પરમસત્ય મળે છે તે પરમ સત્ય નિષ્કામ કર્મયોગ દ્વારા પણ મળે છે. જે બંનેને એક જ રીતે જુએ છે તે જ સાચું જુએ છે. બંનેને ક્રિયા બતાવનાર તત્ત્વદર્શી એ જ છે, ક્રિયા પણ એક જ છે અને તે આરાધના. કામનાઓનો ત્યાગ બંને કરે છે અને પરિણામ પણ એક જ છે. કેવળ કર્મ કરવાના દૃષ્ટિકોણ બે છે.

**એક પરમાત્મા :** નિયત કર્મ, મન અને ઈન્દ્રિયોની એક નિર્ધારિત અંતઃક્રિયા છે. જ્યારે કર્મનું આ એક જ સ્વરૂપ છે ત્યારે બહાર મંદિર-મસ્જિદ-ચર્ચ બનાવીને દેવી – દેવતાઓની મૂર્તિ કે પ્રતીકની પૂજા કરવી ક્યાં સુધી સુસંગત છે ? ભારતમાં હિંદુ કહેવડાવનાર સમાજ (વસ્તુતઃ તે સનાતનધર્મી છે. એના પૂર્વજોએ પરમ સત્યની શોધ કરીને દેશ-વિદેશમાં એનો પ્રચાર કર્યો. એ માર્ગે ચાલનારા વિશ્વમાં ગમે ત્યાં હોય પણ તે સનાતનધર્મી છે. આટલો ગૌરવશાળી હિન્દુ સમાજ છે.) કામનાઓથી વિવશ થઈને વિવિધ ભ્રાંતિમાં પડી ગયો. શ્રીકૃષ્ણ કહે છે, અર્જુન દેવતાઓના સ્થાન પર દેવતા નામની કોઈ શક્તિ નથી, જ્યાં મનુષ્યની શ્રદ્ધા નમે છે ત્યારે એની આડમાં હું જ ઊભો રહીને ફળ આપું છું. એની શ્રદ્ધાને પોષું છું. કેમકે હું સર્વત્ર છું. પરંતુ એ પૂજન અવિધિપૂર્વક છે, તેમનું ફળ નાશવંત છે. કામનાઓએ જેમનું જ્ઞાન હરી લીધું છે તે મૂઢબુદ્ધિવાળા માણસો જ બીજા દેવતાઓને પૂજે છે. સાત્ત્વિક લોકો દેવતાઓને પૂજે છે, રાજસી લોકો યક્ષ-રાક્ષસોને પૂજે છે, તથા તામસી લોકો ભૂત-પ્રેતોને પૂજે છે. ઘોર તપ કરે છે. પરંતુ હે અર્જુન, તે શરીરમાં રહેલ ભૂતસમુદાય અને અંતઃકરણમાં રહેલ મને – પરમાત્માને કૃશ કરે છે. એ પૂજતા નથી. આથી એ લોકોને તું આસુરી વૃત્તિવાળા સમજ. આનાથી વધારે કૃષ્ણ શું કહે ? એમણે સ્પષ્ટ કહ્યું, કે હે અર્જુન, ઈશ્વર તમામ પ્રાણીઓના હૃદયમાં વસે છે. કેવળ એનું શરણ લો. પૂજાનું સ્થાન હૃદયમાં છે, બહાર નહિ. છતાં લોકો પથ્થર-પાણી મંદિર-મસ્જિદ, દેવી-દેવતાઓનો પીછો કરે છે. એની સાથે શ્રીકૃષ્ણની એક પ્રતિમા પણ વધારી દે છે. શ્રીકૃષ્ણની સાધના પર જ ભાર મૂકનાર તથા જીવનભર મૂર્તિ-પૂજાનું ખંડન કરનાર બુદ્ધની મૂર્તિ

એના અનુયાયીઓએ બનાવી લીધી અને પૂજા કરવા લાગ્યા (દીવો કરીને), જ્યારે બુદ્ધે તો કહ્યું હતું, આનંદ! તથાગતની શરીર-પૂજામાં સમય નષ્ટ ન કરીશ.

મંદિર, મસ્જિદ, ચર્ચ, તીર્થ, મૂર્તિઓ તથા સ્મારકોથી પૂર્વે થઈ ગયેલા મહાપુરુષોની સ્મૃતિ જાળવી રાખવામાં આવે છે. જેથી તેમની સિદ્ધિઓનું સ્મરણ રહે. મહાપુરુષોમાં સ્ત્રીઓ, પુરુષો તમામ થતાં આવ્યાં છે. જનકની પુત્રી સીતા આગલા જન્મમાં એક બ્રાહ્મણ કન્યા હતી. પોતાના પિતાની પ્રેરણાથી પરબ્રહ્મની પ્રાપ્તિ માટે એણે તપસ્યા કરી, પરંતુ સફળ ન થઈ શકી. બીજા જન્મમાં રામને પ્રાપ્ત કર્યા અને ચિન્મય, અવિનાશી, આદિ-શક્તિના રૂપમાં પ્રતિષ્ઠિત થઈ. બરાબર આ જ રીતે રાજકુલમાં ઉત્પન્ન થયેલ મીરાંમાં પરમાત્માની ભક્તિ સ્ફુરિત થઈ. બધું છોડીને તે ભગવાનના ચિંતનમાં લાગી ગઈ. અડચણો વેઠી અને સફળ થઈ. તેની સ્મૃતિ જાળવવા મંદિર થયાં. સ્મારક થયાં જેથી સમાજ એમના ઉપદેશમાંથી બળ પ્રાપ્ત કરી શકે. મીરાં, સીતા અથવા તે પક્ષના શોધનાર પ્રત્યેક મહાપુરુષ આપણો આદર્શ છે. આપણે એમના પગલે પગલે ચાલવું જોઈએ. પરંતુ આપણે એમનાં ચરણોમાં ફૂલ ચડાવીને, ચંદન ચોખા ચડાવી બેસી રહીશું અને એટલામાં જ આપણાં કર્તવ્યોની ઈતિશ્રી માનીશું તો એનાથી મોટી ભૂલ બીજી કઈ હશે ?

સામાન્ય રીતે જે જેનો આદર્શ હોય તેની મૂર્તિ, ચિત્ર, પાદુકા, એમનું સ્થાન અથવા એમની સાથે સંબંધિત કાંઈ પણ જોવા સાંભળવાથી મનમાં શ્રદ્ધા ઊમટી આવે છે. આ યોગ્ય પણ છે. હું પણ મારા ગુરુદેવના ચિત્ર પર થૂંકી ન શકું. એમના ચિત્રને કચરાપેટીમાં ફેંકી શકું નહિ. કેમકે તે મારો આદર્શ છે. એમની પ્રેરણા તથા ઉપદેશ પ્રમાણે મારે ચાલવાનું છે. એમનું જે સ્વરૂપ છે, ક્રમશઃ ત્યાં સુધી ચાલીને એમની પ્રાપ્તિ કરવી એ જ ઉદ્દેશ છે. આ જ સાચી પૂજા છે. જે આદર્શ હોય તેનો અનાદર ન કરીએ ત્યાં સુધી તો બધું બરાબર છે. પરંતુ એના પર પત્ર-પુષ્પ ચડાવીને એને જ ભક્તિ માની લેવાથી કે એને જ કલ્યાણનું સાધન માની લેવાથી લક્ષ્યથી દૂર ભટકી જવાશે.

પોતાની આદર્શ વ્યક્તિઓનો ઉપદેશ હૃદયમાં ઉતારીને એ માર્ગે ચાલવાની પ્રેરણા પ્રાપ્ત કરવા માટે જ સ્મારકોનો ઉપયોગ છે. પછી ભલે તેને તમે આશ્રમ, મંદિર, મસ્જિદ, ચર્ચ, મઠ, વિહાર, ગુરુદ્વાર કે બીજું કોઈ પણ નામ આપો. અલબત્ત, આ કેન્દ્રોનો સંબંધ ધર્મ સાથે છે. જેની પ્રતિમા છે એણે શું કર્યું ? શું મેળવ્યું ? કેવી રીતે તપસ્યા કરી ? કેવી રીતે પ્રાપ્તિ કરી ? માત્ર આટલું જ શીખવા માટે અમે ત્યાં પહોંચીએ છીએ અને પહોંચવું પણ જોઈએ, પરંતુ આ સ્થાનો પર મહાપુરુષોનાં પદચિહ્ન નહિ દર્શાવાય, અમલમાં મૂકીને શીખવવામાં નહિ આવે, કલ્યાણની વ્યવસ્થા નહિ મળે તો તે સ્થાન ખોટું ઠરશે, ત્યાં તમને માત્ર રૂઢિ મળશે. ત્યાં જવામાં તમને નુકસાન થશે. વ્યક્તિગત સ્વરૂપે, ઘરે-ઘરે, ગલી-ગલી જઈને ઉપદેશ પહોંચાડવાને બદલે આ સામૂહિક ઉપદેશ કેન્દ્રોના રૂપમાં ધાર્મિક સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી, પરંતુ સમય જતાં આ સ્થળોએ મૂર્તિપૂજા તથા રૂઢિઓએ ધર્મનું સ્થાન પ્રાપ્ત કરી લીધું. ત્યાં ભ્રમનો ઉછેર થવા માંડ્યો.

**ગ્રંથ :** નિર્દિષ્ટ ક્રિયાને સમજી શકાય તે માટે પુસ્તક વાચન જરૂરી છે. યોગેશ્વર શ્રીકૃષ્ણે એને નિયત કર્મ કહ્યું છે. અને સમજાઈ જાય તો તરત તે કરવાનું શરૂ કરવું જોઈએ. વિસ્મરણ થઈ જાય તો ફરીથી યાદ કરી લેવું. માત્ર પુસ્તકોને હાથ જોડીને ચોખા-ચંદન ચડાવી રાખી મૂકવાનું નથી. પુસ્તક તો માર્ગ-નિર્દેશક ચિહ્ન છે. તે પૂર્તિ પર્યત્ન સાથ આપે છે. એના માર્ગદર્શન પ્રમાણે તમે તમારા ગન્તવ્ય તરફ આગળ વધી શકશો. તમે ઇષ્ટને હૃદયથી પકડી લેશો તો ઇષ્ટ આપનું પુસ્તક બની જશે. આથી સ્મૃતિ સાચવવી હાનિકારક નથી, પરંતુ આ સ્મૃતિ-ચિહ્નોની પૂજાથી જ સંતોષ અનુભવવો હાનિકારક છે.

● **ધર્મ :** (અધ્યાય ૨-૧૬-૨૯) યોગેશ્વર શ્રીકૃષ્ણના મત પ્રમાણે અસત્ વસ્તુનું અસ્તિત્વ નથી અને સત્‌નો કદાપિ અભાવ નથી. પરમાત્મા સત્ય, શાશ્વત, અજર, અમર, અપરિવર્તનશીલ અને સનાતન છે, પરંતુ તે પરમાત્મા અચિન્ત્ય અને અગોચર છે. ચિત્તના તરંગોથી પર છે. હવે ચિત્તનો નિગ્રહ કેમ થાય ? ચિત્તનો નિરોધ કરીને પરમાત્માને પામવાના વિધિવિશેષનું નામ કર્મ છે. આ કર્મને કાર્યરૂપ આપવું એ જ ધર્મ છે, જવાબદારી છે.

ગીતા (અધ્યાય ૨-૪૦)માં કહ્યું કે, હે અર્જુન ! કર્મયોગમાં આરંભનો નાશ નથી. કર્મરૂપી ધર્મની થોડીક સાધના પણ જન્મ-મરણના ભયથી મુક્ત કરે છે. અર્થાત્ આ કર્મને કાર્યરૂપ આપવું એ જ ધર્મ છે.

આ નિયત કર્મ (સાધના-પથ)ના સાધકને ક્ષમતા અનુસાર ચાર ભાગમાં વહેંચવામાં આવ્યા છે. કર્મને સમજીને મનુષ્ય જ્યારે કાર્યનો આરંભ કરે ત્યારે તે પ્રારંભિક અવસ્થામાં શૂદ્ર છે. ધીમે ધીમે તેની વિધિ સમજવા માંડે ત્યારે તે વૈશ્ય છે. પ્રકૃતિના સંઘર્ષનો સામનો કરવાની ક્ષમતા અને શૌર્ય આવતાં તે જ વ્યક્તિ ક્ષત્રિય બને છે. બ્રહ્મમાં તદ્રૂપ થવાની ક્ષમતા – જ્ઞાન (વાસ્તવિક જાણકારી) વિજ્ઞાન (ઈશ્વરી વાણી મળવી), એ અસ્તિત્વ પર નિર્ભર રહેવાની ક્ષમતા – આવી યોગ્યતા આવતાં તે બ્રાહ્મણ બને છે. આથી, યોગેશ્વર શ્રીકૃષ્ણે ગીતા (અધ્યાય ૧૮-૪૬-૪૭)માં કહ્યું છે કે સ્વભાવમાં પ્રાપ્ત ક્ષમતા અનુસાર કર્મોમાં જોડાવું સ્વધર્મ છે. હલકો હોવા છતાં સ્વભાવથી ઉપલબ્ધ સ્વધર્મ શ્રેયસ્કર છે અને ક્ષમતા પ્રાપ્ત કર્યા વિના બીજાના ઉન્નત કર્મનુ ંપરિપાલન કરવું હાનિકારક છે. પોતાના ધર્મમાં મરવું શ્રેષ્ઠ છે. કેમકે વસ્ત્ર બદલવાથી વસ્ત્ર બદલનાર બદલાતો નથી. એમની સાધનાનો ક્રમ ત્યાંથી ફરીથી શરૂ થઈ જાય છે જ્યાંથી તે છૂટ્યો હોય. આમ ક્રમબદ્ધ ક્ષમતા પ્રાપ્ત કરીને તે પરમસિદ્ધિ અવિનાશી પદને પ્રાપ્ત કરી લે છે.

આ વાત પર ફરીથી ભાર મૂકીને કહ્યું કે સ્વભાવથી પ્રાપ્ત ક્ષમતા અનુસાર મનુષ્ય, પરમાત્માથી તમામ પ્રાણીઓની ઉત્પત્તિ થઈ, અને જે સર્વત્ર વ્યાપ્ત છે તેની યોગ્ય રીતે પૂજા કરીને તે પરમસિદ્ધિ મેળવે છે. અર્થાત્ નિશ્ચિત વિધિથી એક પરમાત્માનું ચિંતન કરવું એ જ ધર્મ છે.

ધર્મમાં કોને પ્રવેશ મળે છે ? એ મેળવવાનો અધિકાર કોને છે ? આ અંગે યોગેશ્વરે કહ્યું, હે અર્જુન, અત્યંત દુરાચારી પણ મને અનન્ય ભાવથી ભજે (અનન્ય એટલે અન્ય નહિ), મારા સિવાય બીજા કોઈને પણ ન ભજતાં કેવળ મને ભજે તે ખુબ જલદી ધર્માત્મા થઈ જાય છે. એનો આત્મા ધર્મ સાથે જોડાય છે. આથી

શ્રીકૃષ્ણ અનુસાર પરમાત્મામાં અનન્ય નિષ્ઠાથી લાગનાર વ્યક્તિ જ ધર્માત્મા છે. પરમાત્માની પ્રાપ્તિ માટે નિયત કર્મનું આચરણ કરે તે ધર્માત્મા છે. ધર્માત્મા તે છે જે સ્વભાવથી નિયત ક્ષમતા અનુસાર પરમાત્માની શોધમાં સંલગ્ન છે.

અંતમાં કહે છે કે, **सर्वधर्मान्परित्यज्य मामेंकम शरणं व्रज** હે અર્જુન, બધા ધર્મોને છોડીને એક મારા શરણમાં આવ. આથી એક પરમાત્મા પ્રતિ સમર્પિત વ્યક્તિ જ ધાર્મિક છે. એક પરમાત્મામાં શ્રદ્ધા સ્થિર કરવી એ જ ધર્મ છે. એ જ એક પરમાત્માની પ્રાપ્તિની નિશ્ચિત ક્રિયા કરવી ધર્મ છે. આ સ્થિતિએ પહોંચેલા મહાપુરુષ, આત્મસંતુષ્ટ મહાપુરુષોના સિદ્ધાંત જ સૃષ્ટિમાં એકમાત્ર ધર્મ છે. આ મહાપુરુષોએ પરમાત્માને કેવી રીતે મેળવ્યા એ જાણવા એમના શરણમાં જવું જોઈએ. તેઓ કયા માર્ગે ચાલ્યા ? તે માર્ગ હંમેશાં એક જ છે. એ માર્ગે ચાલવું એ જ ધર્મ છે.

ધર્મ મનુષ્યના આચરણની વસ્તુ છે. તે આચરણ કેવળ એક છે — **व्यवसात्मिका बुद्धिरेकेह कुरुनन्दन** (૨-૪૧) આ કર્મયોગમાં નિશ્ચયાત્મક ક્રિયા એક જ છે — ઇન્દ્રિયોની ચેષ્ટા અને મનના વ્યાપારને સંયમિત કરીને આત્મામાં (પરત્પર બ્રહ્મમાં) પ્રવાહિત કરવાં. (૪-૨૭)

**ધર્માન્તર :** સતાનત ધર્મના પ્રાચીન દેશ ભારતમાં કુરિવાજો એટલા ફૂલ્યા-ફાલ્યા કે મુસલમાનોના આક્રમણ વખતે ધર્મ આક્રમકોના હાથે ચોખાનો એક કોળિયો ખાવાથી, બે ઘૂંટડા પાણી પીવાથી નષ્ટ થવા લાગ્યો. ધર્મભ્રષ્ટ જાહેર કરાયેલા હજારો હિન્દુઓએ આત્મહત્યા કરી લીધી. ધર્મ માટે તેઓ મરવાનું જાણતા હતા. પરંતુ ધર્મને તેઓ સમજે તો ને ? ધર્મ તો થઈ ગયો સ્પર્શાસ્પર્શ, છૂતાછૂત. લજામણીનો છોડ હાથ અડવાથી મુરઝાઈ જાય છે, પરંતુ હાથ લઈ લેતાં તરત ખીલવા લાગે છે. પરંતુ આ સનાતન ધર્મ તો એટલી હદે કરમાઈ ગયો કે પછી ક્યારેય વિકસ્યો નહિ. જે સનાતન આત્માને ભૌતિક વસ્તુ સ્પર્શી પણ ન શકે, તે અડકવાથી, ખાવાથી નષ્ટ થાય ? તમે તલવારથી મરો, પણ ધર્મ સ્પર્શથી નષ્ટ થઈ ગયો. શું ખરેખર ધર્મ નષ્ટ થયો હતો ? કદાપિ નહિ. ધર્મના નામે જે

કુરિવાજ વિકસ્યો હતો તેનો નાશ થયો. ફિરોઝ તઘલકના શાસનકાળ દરમિયાન વિધાનના કાજી મુગીસુદ્દીનને એવો ફતવો બહાર પાડ્યો કે હિંદુઓએ પોતાનું મોં ખોલેલું રાખવું જોઈએ. કોઈ મુસલમાન થૂંકવા ચાહે તો તે હિંદુ દીનદાર – ધર્મવાળો મુસલમાન બની જશે. કેમકે એની પાસે કોઈ ધર્મ નથી. એણે ખોટું શું કહ્યું ? મોંમાં થૂંકવાથી તો એક જ મુસલમાન, પણ કૂવામાં થૂંકવાથી તો હજારો મુસલમાન બની જતા હતા. ખરેખર એ આતતાયી હતો કે તે કાળનો હિંદુ સમાજ ?

જેમણે આ રીતે ધર્મપરિવર્તન કર્યું, તેઓ શું કોઈ ધર્મ પામ્યા ? હિંદુમાંથી મુસલમાન થઈ જવું અથવા એક પ્રકારની રહેણીકરણી બદલી બીજા પ્રકારની રહેણીકરણી અપનાવી એ કંઈ ધર્મ નથી. આ પ્રમાણે યોજનાબદ્ધ ષડ્યંત્રનો શિકાર બનાવી જેમણે એમને બદલ્યા શું તેઓ ધર્માત્મા હતા ? તે તો વળી ઘણી મોટી કુરીતિઓના શિકાર હતા. હિંદુ એમાં જઈને ફસાઈ ગયા. અવિકસિત અને ગેરમાર્ગે દોરવાઈ ગયેલા કબીલાઓ પરિવારોને સભ્ય બનાવવા મહમ્મદે લગ્ન, તલાક, વસિયત, લેણી-દેણી, વ્યાજ, શાખ, કસમ, પ્રાયશ્ચિત, રોજી-રોટી, ખાન-પાન, રહેણીકરણી વગેરે વિશે એક સામાજિક વ્યવસ્થા આપી તેમજ મૂર્તિપૂજા, શિર્ક, વ્યભિચાર, ચોરી, શરાબ, જુગાર, મા-દાદી ઇત્યાદિ સાથેના વિવાહ પર પ્રતિબંધ મૂક્યો. સજાતિ તથા રજસ્વલા સાથે મૈથુનનો નિષેધ કરીને રોજાના દિવસોમાં પણ એના માટે છૂટ આપી. જન્નતમાં બહુ સમવયસ્ક, અસ્પૃષ્ટ સુંદરીઓ અને બાલ કિશોરોનું પ્રલોભન આપ્યું. આ કોઈ ધર્મ ન હતો એક પ્રકારની સામાજિક વ્યવસ્થા હતી. આવું કંઈ કહીને એમણે વાસનામાં ડૂબેલા સમાજને ત્યાંથી ફેરવી પોતાની તરફ વાળ્યો. સ્ત્રીઓને જન્નતમાં કેટલા પુરુષો મળશે ? આ વિશે એમણે વિચાર્યું જ નહિ. આ એમનો દોષ નથી, દોષ એ દેશ, કાળ, પરિસ્થિતિમાં હતો, જ્યારે સ્ત્રીઓની આકાંક્ષાઓ વિશે કોઈનું ધ્યાન ગયું જ નહિ.

● મહમ્મદ સાહેબે જેને ધર્મ ગણ્યો તે તરફ તો કોઈનું ધ્યાન જ ગયું નથી. એમણે કહ્યું હતું કે જે મનુષ્યનો એક શ્વાસ પણ ખુદાના નામ વગરનો જાય તેને

ખુદા કયામત વખતે એવી રીતે પૂછશે કે જે રીતે પાપીને પાપ માટે પૂછવામાં આવે. એની સજા છે હંમેશ હંમેશ માટે નરક-વાસ. એવા કેટલા સાચા મુસલમાનો છે જેમનો એક પણ શ્વાસ ખુદાના સ્મરણ વિના ન જતો હોય ? કરોડોમાં કદાચ એકાદ મળે. બાકી તો બધાના શ્વાસ ખાલી જ જાય છે. એમની સજા પાપીઓ માટેની સજા જેવી છે. મતલબ કે તેની સજા નરક જ છે. મહમ્મદે એવી વ્યવસ્થા આપી કે જે કોઈને સતાવતો નથી, પશુઓને દુઃખ પહોંચાડતો નથી, તે આકાશમાંથી ખુદાનો અવાજ સાંભળે છે. આ સર્વ સ્થાનો માટે હતું, પરંતુ અનુયાયીઓએ એમાંથી એવો રસ્તો કાઢ્યો કે મક્કામાં એક મસ્જિદ છે. જેમાંથી લીલું ઘાસ તોડવું ન જોઈએ. એ મસ્જિદમાં કોઈ પશુને મારવું નહિ, ત્યાં કોઈને દુઃખ પહોંચાડવું નહિ. અને આ બધું કરીને પછી યથાસ્થાને આવીને ઊભા રહી ગયા. શું ભગવાનનો અવાજ સાંભળતાં પહેલાં મહમ્મદે કોઈ મસ્જિદ બનાવડાવી હતી ખરી ? ક્યારેય કોઈ મસ્જિદમાં કોઈ આયત ઊતરી ? આ મસ્જિદ તો એમનું સ્થાન હતું, જ્યાં તેમની યાદ સુરક્ષિત છે. મહમ્મદનો ઉદ્દેશ તબરેજ સમજ્યો હતો. મંસૂરે જાણ્યો હતો. ઈકબાલે પણ જાણ્યો હતો. પરંતુ તેઓ મજહબી લોકોના શિકાર બન્યા. એમને યાતનાઓ આપી. સોક્રેટિસને ઝેર પિવડાવ્યું કેમ કે તે લોકોને નાસ્તિક બનાવી રહ્યો હતો. આવો જ આક્ષેપ ઈસુ ખ્રિસ્ત પર મૂકવામાં આવ્યો. એમને શૂળીએ ચડાવ્યા. કેમ કે તે વિશ્રામ – સબ્બાથના દિવસે પણ કામ કરતા હતા. અંધોને દૃષ્ટિ આપતા હતા. આવું ભારતમાં પણ છે. આજ પણ કોઈ પ્રત્યક્ષદર્શી મહાત્મા સત્યની તરફ નિર્દેશ કરે છે તો આ મંદિર-મસ્જિદ, મઠ-સંપ્રદાય અને તીર્થો જેના દ્વારા જેમની આજીવિકા ચાલે છે તે હાય હાય કરવા લાગે છે. અધર્મ-અધર્મની બૂમો મારે છે. કેટલાક તો એનાથી લાખો-કરોડો કમાય છે. તો કેટલાકની દાળ-રોટી નીકળે છે. સાચી વાતના પ્રચારથી એમની જીવિકા ખતરામાં આવી પડે છે. તે સત્યને પાંગરવા દેતા નથી, દઈ શકે પણ નહિ. આ સિવાય એમના વિરોધ માટે બીજું કોઈ કારણ નથી. ભૂતકાળમાં આ સ્મૃતિ કેમ રાખવામાં આવી હતી એનું એમને ભાન પણ નથી.

**ગૃહસ્થોનો અધિકાર :** લોકો ઘણી વાર પૂછે છે કે કર્મનું આ જ સ્વરૂપ હોય, એમાં એકાંતનું સેવન, ઈન્દ્રિયસંયમ, નિરંતર ચિંતન અને ધ્યાન ધરવાનું હોય તો ગીતા ગૃહસ્થો માટે નિરુપયોગી છે. આમ હોય તો ગીતા માત્ર સાધુઓ માટે છે, પરંતુ એવું નથી. ખરેખર તો ગીતા જે માર્ગનો પથિક છે અથવા પથિક બનવા માગે છે તેના માટે છે. ગીતા માનવમાત્ર માટે એકસરખી ઉપયોગી છે. સદ્‌ગૃહસ્થો માટે એનો વિશેષ ઉપયોગ છે, કેમ કે ત્યાંથી કર્મનો આરંભ થાય છે.

શ્રીકૃષ્ણે કહ્યું હતું કે, હે અર્જુન, આ નિષ્કામ કર્મયોગમાં આરંભનો પણ નાશ થતો નથી. એનું થોડુંક પણ આચરણ જન્મ-મરણના મહાન ભયમાંથી છુટકારો આપે છે. તમે જ કહો, થોડી સાધના કોણ કરશે ? ગૃહસ્થ કે સંન્યાસી ? ગૃહસ્થ જ એના માટે થોડો સમય આપશે. આ એના માટે જ છે. અધ્યાય ૪-૩૬માં કહ્યું, હે અર્જુન, તું તમામ પાપીઓ કરતાં પણ અધિક પાપ કરનારો હોઈશ તોપણ જ્ઞાનરૂપી નૌકાથી નિઃસંદેહ પાર થઈ જઈશ. અધિક પાપી કોણ છે ? જે નિરંતર લાગેલ છે અથવા જે લાગવા ચાહે છે તે ? સદ્‌ગૃહસ્થ-આશ્રમથી જ કર્મનો આરંભ થાય છે. અધ્યાય ૬-૩૭-૪૫માં અર્જુને પૂછ્યું, ભગવાન, શિથિલ પ્રયત્નવાળો શ્રદ્ધાવાન પુરુષ પરમગતિ પ્રાપ્ત ન કરીને કઈ દુર્ગતિને પામે છે ? શ્રીકૃષ્ણે કહ્યું — અર્જુન, યોગથી ચલાયમાન શિથિલ પ્રયત્નવાળા પુરુષનો તો ક્યારેય વિનાશ થતો નથી. તે યોગભ્રષ્ટ **શુચીનામ્ શ્રીમતાં ગેહે** શુદ્ધ વર્તનવાળા શ્રીમાનને ત્યાં જન્મ લઈને યોગી કુળમાં પ્રવેશ મેળવે છે. સાધન તરફ આકર્ષિત થાય છે અને અનેક જન્મો બાદ ત્યાં પહોંચે છે, જેનું નામ પરમગતિ અર્થાત્ પરમધામ છે. આ શિથિલ પ્રયત્ન કોણ કરે છે ? યોગભ્રષ્ટ થઈને તે ક્યાં જન્મ લે છે ? તે ગૃહસ્થ તો બને છે. ત્યાંથી તે સાધનોન્મુખ બને છે. અધ્યાય ૯-૩૦માં એમણે કહ્યું કે અત્યંત દુરાચારી પણ મને અનન્યભાવથી ભજે તો તે પણ સાધુ જ છે, કેમકે તે નિશ્ચયપૂર્વક સાચા રસ્તે ચડી ગયો છે. અત્યંત દુરાચારી કોણ હોય ? જે ભજનમાં પ્રયુક્ત થયો છે તે કે જેણે કર્મનો હજુ આરંભ કર્યો જ નથી તે? અધ્યાય ૯-૩૨માં કહ્યું, સ્ત્રી, વૈશ્ય, શૂદ્ર તથા પાપયોનિવાળા પણ મારા આશ્રિત થઈને સાધના દ્વારા પરમગતિ પામે છે, તે હિંદુ હોય, ઈસાઈ હોય, મુસલમાન હોય, શ્રીકૃષ્ણ એવું કંઈ નથી કહેતા. એ તો કહે છે કે અત્યંત દુરાચારી ઘાતકી હોય તોપણ મારા શરણમાં આવીને

પરમગતિ પ્રાપ્ત કરે છે. આમ ગીતા માનવમાત્ર માટે છે. સદ્‌ગૃહસ્થ આશ્રમથી જ કર્મનો આરંભ કરે છે. ક્રમશઃ તે સદ્‌ગૃહસ્થ યોગી બને છે. પૂર્ણ ત્યાગી બની જાય છે અને તત્ત્વનું દર્શન કરીને પરમમાં પ્રવેશ મેળવે છે, જેને વિષે શ્રીકૃષ્ણે કહ્યું કે જ્ઞાની મારું સ્વરૂપ છે.

**સ્ત્રી :** ગીતાનુસાર શરીર એક વસ્ત્ર છે. જેમ જૂનાં વસ્ત્રોનો ત્યાગ કરી મનુષ્ય નૂતન વસ્ત્રો ધારણ કરે છે તે જ રીતે ભૂતોનો સ્વામી આત્મા આ શરીરરૂપી વસ્ત્રનો ત્યાગ કરી અન્ય શરીર (વસ્ત્ર) ધારણ કરી લે છે. તમે પિંડ સ્વરૂપે સ્ત્રી હો અથવા પુરુષ એ તો વસ્ત્રનો આકાર છે.

સંસારમાં પુરુષ બે પ્રકારના હોય છે. ક્ષર અને અક્ષર, સમસ્ત પ્રાણીઓનું શરીર ક્ષરપુરુષ અથવા પરિવર્તનશીલ પુરુષ હોય છે. મનસહિત ઇન્દ્રિયો જ્યારે કૂટસ્થ થઈ જાય છે ત્યારે તે અક્ષરપુરુષ બની જાય છે. એ કદાપિ નાશ પામતો નથી. આ સાધનાની અવસ્થા છે.

સ્ત્રીઓ પ્રત્યે ક્યારેક સન્માનની તો ક્યારેક અપમાનની એમ બે પ્રકારની ભાવનાઓ રહેતી હોય છે. પરંતુ ગીતાની અપૌરુષેય વાણીમાં એમ છે કે શૂદ્ર (અલ્પજ્ઞ) વૈશ્ય (વિધિ-પ્રાપ્ત) સ્ત્રી કે પુરુષ, જે કોઈ પણ હોય, પરમાત્માને શરણે જાય તો પરમગતિને પ્રાપ્ત કરી શકે છે અને તેથી આ કલ્યાણપદ પથમાં સ્ત્રીઓનું સ્થાન પુરુષોના સ્થાન જેટલું જ મહત્ત્વનું હોય છે.

**ભૌતિક સ્મૃદ્ધિ :** ગીતા પરમ કલ્યાણ કરે છે. સાથોસાથ મનુષ્યો માટે આવશ્યક ભૌતિક વસ્તુઓનું પણ વિધાન કરે છે. અધ્યાય ૯-૨૦-૨૨માં યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે કે ઘણા લોકો નિર્ધારિત વિધિથી મને પૂજીને બદલામાં સ્વર્ગની કામના કરે છે. એમને વિશાળ સ્વર્ગ-લોક મળે છે. જે હું આપું છું, જે માગશો તે હું આપીશ, પરંતુ ઉપભોગ પછી તે સમાપ્ત થઈ જશે, કારણ કે સ્વર્ગનો ભોગ પણ નશ્વર છે. એમણે ફરીથી જન્મ લેવો પડશે. હા, મારી સાથે સંકળાયેલ હોવાથી તે નાશ નહિ પામે, કેમકે હું કલ્યાણસ્વરૂપ છું. હું એને ભોગ આપું છું અને ધીમે ધીમે નિવૃત્ત કરીને ફરીથી તેમને કલ્યાણમાં પ્રવૃત્ત કરી દઉં છું.

**ક્ષેત્ર :** ટીકાકાર કહે છે, એક કુરુક્ષેત્ર બહાર છે અને બીજું મનની અંદર છે. ગીતાનો એક અર્થ બહારી છે, બીજો અંદરનો છે. પણ એવું કશું નથી. વક્તા એક વાત કહે છે, પરંતુ શ્રોતા પોતાની બુદ્ધિને અનુરૂપ જ તેને પકડી શકે છે. એટલા માટે અનેક અર્થ પ્રતીત થાય છે. સાધના-પથ પર ક્રમશઃ ચાલીને જે પુરુષ શ્રીકૃષ્ણના સ્તરે પહોંચી જશે તો જે દૃશ્ય શ્રીકૃષ્ણની સામે હતું તે એની સામે પણ આવશે. એવો મહાપુરુષ એમના મનોભાવ, ગીતાના સંકેતોને સમજી શકે છે અને સમજાવી પણ શકે છે.

ગીતાનો એક પણ શ્લોક બહારનું વર્ણન કરતો નથી. ખાવું, પહેરવું, રહેવું તો તમે જાણો છો. રહેણી-કરણી, માન્યતા, લોકરીતિ-નીતિમાં દેશ-કાળ અને પરિસ્થિતિ મુજબ અનુકૂળ પરિવર્તન પ્રકૃતિની દેન છે. આમ શ્રીકૃષ્ણ તમને કઈ વ્યવસ્થા આપે ? ક્યાંક કન્યાઓની સંખ્યા વધુ છે. ત્યાં બહુ-વિવાહ થાય છે. જ્યાં એની સંખ્યા ઓછી હોય ત્યાં ઘણાં ભાઈ વચ્ચે એક પત્ની રહે છે. આમા શ્રીકૃષ્ણ શી વ્યવસ્થા કરે ? બીજા વિશ્વયુદ્ધ પછી જનસંખ્યાની કમી એક સમસ્યા બની ગઈ હતી. ત્રીસ બાળકોને જન્મ આપનારા માતાને મધરલૅન્ડ – દેશની માતાનો ખિતાબ આપીને સન્માનિત કરવામાં આવી. વેદકાળમાં ભારતમાં દસ સંતાનો ઉત્પન્ન કરવાનો નિયમ હતો. હવે એક કે બે બાળ બસનાં સૂત્રો પ્રસારિત થઈ રહ્યાં છે. આમ થાય તો સમસ્યાનો ઉકેલ આવે છે. શ્રીકૃષ્ણ આમાં શું કરે ?

**શ્રેય :** કામ, ક્રોધ, લોભ, મોહ માટે કોઈ શાળા ખોલવામાં આવી નથી આમ છતાં આ વિકારોમાં યુવકો, મોટા તથા શાણા વધુ પ્રવીણ નીકળે છે. આમાં શ્રીકૃષ્ણ શું શિક્ષા આપે ? આ બધું તો પ્રકૃતિને અધીન છે. ક્યારેક વેદ શીખવવામાં આવતા. ધનુર્વેદ, ગદાયુદ્ધ શીખવવામાં આવતું. આજ એ કોને શીખવાય છે ? આજે તો પિસ્તોલ ચલાવવામાં આવે છે. સ્વચાલિત યંત્રોનો યુગ છે. ક્યારેક રથ-સંચાલન શીખવું પડતું હતું. ઘોડાને સાફ-સૂથરા રાખવા પડતા. આજે મોટરો તેલથી સાફ કરાય છે. આમાં શ્રીકૃષ્ણ શું બતાવે ? શું એમ કહે કે ઘોડાને ન ભૂલી જાઓ ! બહાર તમારી શી વ્યવસ્થા કરે ? પહેલાં સ્વાહા બોલવાથી વર્ષા થતી,

હવે સાધનોથી વર્ષા કરાય છે. પહેલાં પાકનો આધાર વરસાદ પર હતો, આજે ઈચ્છા મુજબ પાક લઈ શકાય છે. યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે કે પ્રકૃતિથી ઉત્પન્ન ગુણો દ્વારા પરવશ થઈને મનુષ્ય પરિસ્થિતિ અનુસાર ઘડાય છે. ગુણ જાતે જ એને ઢાળવામાં સક્ષમ બને છે. તે ભૌતિકશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, શિક્ષણશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, તર્કશાસ્ત્ર ઘડતો રહે છે. એક જ વસ્તુ એવી છે જે મનુષ્ય નથી જાણતો, નથી ઓળખી શકતો. આ વસ્તુ છે તો એની જ પાસે, પરંતુ એનું એને વિસ્મરણ થયું છે. ગીતા સાંભળીને અર્જુનની તે સ્મૃતિ પાછી આવી ગઈ. આ સ્મૃતિ પરમાત્માની છે. આ સ્મૃતિ હૃદયમાં હોવા છતાં એનાથી ઘણી દૂર છે. મનુષ્ય એને મેળવવા માગે છે, પરંતુ એને રસ્તો મળતો નથી. મનુષ્ય તે કલ્યાણ-પંથથી અજ્ઞાન છે. મોહનું આવરણ એટલું ઘનિષ્ઠ હોય છે કે તેને વિચાર કરવાનો સમય જ મળતો નથી. જ્યારે અહીં તો આ મહાપુરુષે તમારા માટે સમય કાઢ્યો છે. કર્મની સ્પષ્ટતા કરી છે અને તે કરવા માટે ગીતામાં નિર્દેશ કર્યો છે. ગીતા ભૌતિક વસ્તુઓ પણ આપે છે. પરંતુ શ્રેયની સરખામણીમાં પ્રેય નગણ્ય છે. ગીતા શ્રીકૃષ્ણના કહેવા પ્રમાણે કલ્યાણ-માર્ગની જાણકારી એનું સાધન છે અને એની પ્રાપ્તિ સદ્‌ગુરુ થકી થાય છે. આમ-તેમ તીર્થસ્થાનોમાં ભટકવાથી નહિ પણ સંત દ્વારા જ એની પ્રાપ્તિ થાય છે. અધ્યાય ૩-૩૪માં શ્રીકૃષ્ણે કહ્યું, અર્જુન, તું કોઈ તત્ત્વદર્શી પુરુષ પાસે જા, તેમને યોગ્ય રીતે દંડ-પ્રણામ કર, નિષ્કપટભાવથી એમની સેવા કર, અને એમને પ્રસન્ન કરીને જ્ઞાન પ્રાપ્ત કર. પ્રાપ્તિનો એકમાત્ર ઉપાય છે – કોઈ મહાપુરુષનું સાંનિધ્ય અને એની સેવા. અધ્યાય ૧૮-૧૮માં એમણે દર્શાવ્યું કે તત્ત્વદર્શી મહાપુરુષ, જ્ઞાન અર્થાત્ જાણવાની વિધિ અને જ્ઞેય પરમાત્મા ત્રણેય કર્મના પ્રેરક છે. આમ શ્રીકૃષ્ણના મતાનુસાર મહાપુરુષ જ કર્મનું માધ્યમ છે, પુસ્તક નહિ. પુસ્તક તો એક નુસખો છે. નુસખાના રટણથી કોઈ નીરોગી ન થાય. એનો અમલ કરો તો જ નીરોગી થવાય.

**નરક :** અધ્યાય ૧૬-૧૬માં આસુરી સંપત્તિનું વર્ણન કરતાં યોગેશ્વર શ્રીકૃષ્ણે જણાવ્યું છે કે અનેક રીતે ભ્રમિત ચિત્તવાળો, મોહમાં ફસાયેલો, આસુરી સ્વભાવનો મનુષ્ય અપવિત્ર નરકમાં જાય છે. પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે નરક કેવું અને

કોને કહે છે ? આ ક્રમમાં સ્પષ્ટતા કરી છે કે મારો દ્વેષ કરનાર નરાધમોને હું વારંવાર આસુરી યોનિમાં નાખું છું. આ જ નરક છે. આ નરકનું દ્વાર કયું છે ? એમણે કહ્યું કે કામ, ક્રોધ અને લોભ નરકનાં ત્રણ દ્વાર છે. જ્યાંથી આસુરી સંપત્તિ એકત્રિત થાય છે. આથી વારંવાર કીડા-પતંગિયા, પશુ વગેરે યોનિઓમાં આવવું પડે છે, તે નરક છે.

**પિંડદાન :** પ્રથમ અધ્યાયમાં વિષાદગ્રસ્ત અર્જુનને આશંકા થઈ કે મનુષ્ય સંહારથી પિતૃઓ પિંડદાન કે અર્પણથી વંચિત રહી જશે. પિતૃઓનું પતન થશે. આ બાબતમાં શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું કે તને આ અજ્ઞાન ક્યાંથી થયું ? યોગેશ્વરે સમજાવ્યું કે જે રીતે મનુષ્ય ફાટેલાં વસ્ત્રો ઉતારીને નવાં વસ્ત્રો ધરણ કરે છે. બરાબર એ જ રીતે આ આત્મા જીર્ણ શરીર છોડીને તત્કાલ શરીરરૂપી નવીન વસ્ત્ર ગ્રહણ કરે છે. અહીં શરીર એ માત્ર વસ્ત્ર છે અને આત્માએ માત્ર વસ્ત્ર બદલ્યું છે, તે મર્યો નથી. નશ્વર શરીર બદલ્યું છે. એની વ્યવસ્થા પૂર્વવત્ છે, તો એને ભોજન (પિંડદાન), આસન, શય્યા, સવારી, આવાસ, જળ વગેરેથી કેવી રીતે તૃપ્ત કરાય ? આથી યોગેશ્વરે એને અજ્ઞાન કહ્યું.

અધ્યાય ૧૫-૭માં આ જ બાબત પર ભાર મૂકતાં જણાવ્યું કે આત્મા મારો સનાતન અંશ છે, સ્વરૂપ છે. મનસહિત પાંચ ઇન્દ્રિયો કાર્યકલાપજન્ય સંસ્કાર લઈને બીજું શરીર ધારણ કરી લે છે અને મનસહિત ઇન્દ્રિયો મારફત આગલા શરીરમાં ભોગો ભોગવે છે. આત્માએ શરીર ધારણ કર્યું ત્યાં પણ ભોગસામગ્રી ઉપલબ્ધ છે, પછી પિંડદાન દેવાની શી જરૂર ?

અહીં એક શરીર છોડ્યું, ત્યાં બીજું શરીર ધારણ કર્યું. તે સીધો બીજા શરીરમાં જાય છે. વચ્ચે કોઈ આરામ-વિરામ નથી. આમ ન હોય તો હજારો પેઢીઓના પિતૃઓનું અનાદિ કાળથી પડ્યા રહેવું તથા એની જીવિકા વંશજોને હાથે નિર્ધારિત કરવી તથા પાંજરાના પક્ષીની જેમ એમનું રુદન, પતન આ બધું કેવળ અજ્ઞાન છે. આથી શ્રીકૃષ્ણે એને અજ્ઞાન કહ્યું.

**પાપ અને પુણ્ય :** આ અંગે સમાજમાં અનેક ભ્રાંતિ પ્રવર્તે છે. યોગેશ્વર શ્રીકૃષ્ણના કહેવા મુજબ રજોગુણથી ઉત્પન્ન થતા આ કામ અને ક્રોધ, ભોગોથી

કદી ન ધરાતા મહાપાપી છે. અર્થાત્ કામ જ એકમાત્ર પાપી છે. પાપનું ઉદ્‌ગમસ્થાન કામ છે, કામના છે. આ કામના ક્યાં રહે છે ? શ્રીકૃષ્ણે કહ્યું કે ઇન્દ્રિયો, મન અને બુદ્ધિ એમનું નિવાસસ્થાન છે. વિકાર શરીરમાં નહિ, મનમાં હોય છે, તો શરીર ધોવાથી શું વળશે ?

શ્રીકૃષ્ણના મત અનુસાર મનની શુદ્ધિ થાય છે. નામ-જપથી, ધ્યાનથી. સમકાલીન કોઈ તત્ત્વદર્શી મહાપુરુષની સેવાથી એમના પ્રત્યે સમર્પણભાવથી, ૪-૩૪માં જેને માટે પ્રોત્સાહન અપાયું છે તે **तद्विद्धि प्रणिपातेन** સેવા અને પ્રશ્નો કરીને એ જ્ઞાન પ્રાપ્ત કરવું. આ જ્ઞાનથી તમામ પાપ નાશ પામે છે.

અધ્યાય ૩-૧૩માં કહ્યું કે યજ્ઞથી શેષ બચેલ અન્નને ખાનાર સંતજન તમામ પાપોથી મુક્ત થાય છે. જે શરીર માટે કામના કરે છે તે પાપીઓ પાપ ખાય છે. અહીં યજ્ઞ, ચિંતનની એક નિશ્ચિત ક્રિયા છે. એનાથી મનમાં પડેલા ચરાચર જગતના સંસ્કાર ભસ્મીભૂત થઈ જાય છે. શેષમાત્ર બ્રહ્મ જ બચે છે. આથી શરીરના જન્મનું જે કારણ છે તે પાપ છે અને જે અમૃતતત્ત્વની પ્રાપ્તિ કરાવે છે, જે મળ્યા પછી ક્યારેય શરીર ધારણ કરવાનું રહેતું નથી, તે પુણ્ય છે.

અધ્યાય ૭-૨૯માં તે કહે છે કે મારે શરણે આવી જરા, મરણ અને દોષોથી છૂટવા પ્રયત્ન કરનાર જે પુણ્યકર્મી પુરુષનાં પાપ નષ્ટ થયા છે તે સંપૂર્ણ બ્રહ્મને, સંપૂર્ણ કર્મને, સંપૂર્ણ અધ્યાત્મને તથા મને સારી રીતે જાણે છે. મને જાણીને મારામાં સ્થિત થાય છે. આથી જે જરા-મરણ અને દોષોથી ઉપર ઉઠાવી શાશ્વતનું જ્ઞાન અપાવી એમાં જ નિત્ય સ્થિતિ કરાવે તે પુણ્યકર્મ છે. જન્મ-મૃત્યુ, જરા-મરણ, દુઃખ-દોષોનાં ચક્કર નાખે તે પાપકર્મ છે.

અધ્યાય ૧૦-૩માં કહે છે કે જે મને મૃત્યુ-જન્મથી મુક્ત, આદિ-અંતથી મુક્ત તથા તમામ લોકના ઈશ્વરને સાક્ષાત્કાર કરીને જાણી લે છે તે પુરુષ મર્ત્ય મનુષ્યોમાં જ્ઞાનવાન છે અને આવી જાણકારી ધરાવનાર તમામ પાપોથી મુક્ત થઈ જાય છે. આમ સાક્ષાત્કાર થતાં સંપૂર્ણ પાપોમાંથી નિવૃત્તિ મળે છે.

ટૂંકમાં, વારંવાર જન્મ-મરણનું કારણ પાપ છે, પરંતુ એનાથી બચાવીને શાશ્વત પરમાત્મા તરફ વાળે, પરમ શાંતિ પમાડે તે પુણ્યકર્મ છે. સત્ય બોલવું, પોતાની મહેનતનું ખાવું, સ્ત્રીઓમાં માતૃભાવ રાખવો, ઈમાનદારી રાખવી વગેરે પણ પાપ-પુણ્યનાં સહાયક અંગો છે. પરંતુ સર્વોત્કૃષ્ટ પુણ્ય તો છે પરમાત્માની પ્રાપ્તિ. જે કોઈ કર્મ એક પરમાત્માની શ્રદ્ધા તોડે છે તે પાપ છે.

**સંત સૌ એક છે :** ગીતાના અધ્યાય ૪-૧માં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે કલ્પના પ્રારંભમાં મેં આ અવિનાશી યોગ સૂર્યને કહ્યો હતો, પરંતુ શ્રીકૃષ્ણના પૂર્વકાલીન ઈતિહાસમાં અથવા અન્ય કોઈ પણ શાસ્ત્રમાં શ્રીકૃષ્ણના નામનો ઉલ્લેખ મળતો નથી.

વાસ્તવમાં શ્રીકૃષ્ણ એક પૂર્ણ યોગેશ્વર છે. તે એક અવ્યક્ત અને અવિનાશી ભાવની સ્થિતિ છે. પરમાત્મા મેળવવાની ક્રિયા અર્થાત્ યોગનો સૂત્રપાત કરાયો તો વાસ્તવમાં આવી સ્થિતિવાળા મહાપુરુષે જ કર્યો, પછી ભલે ને તે રામ હોય કે ઋષિ જરથુષ્ટ્ર કેમ ન હોય ? આ જ ઉપદેશ ઈશુ ખ્રિસ્ત, મહમ્મદ, ગુરુ નાનક વગેરેએ પણ આપ્યો, પરંતુ આ કહ્યું હતું શ્રીકૃષ્ણે.

આમ બધા મહાપુરુષો સમાન જ છે. બધા એક જ બિંદુને સ્પર્શ કરીને એક જ સ્વરૂપને પામે છે. આ પદ એક જ છે. અનેક પુરુષો આ માર્ગે ચાલશે પરંતુ મંદિરે પહોંચીને તે સૌ એક જ પદને પામશે. આવી અવસ્થાએ પહોંચેલા સંતનું શરીર એકમાત્ર મકાન છે. તે શુદ્ધ આત્મસ્વરૂપ છે. આવી સ્થિતિએ પહોંચેલ મહાપુરુષોએ જે કહ્યું તે યોગેશ્વરે જ કહ્યું.

સંત ક્યાંક ને ક્યાંક તો જન્મ લે જ છે. પૂર્વમાં કે પશ્ચિમમાં, કાળા કે ધોળા પરિવારમાં, પૂર્વ-પ્રચલિત કોઈ ધર્માવલંબીઓની વચ્ચે, અબોધ કબીલામાં, સામાન્ય જીવન જીવનાર ગરીબ અથવા અમીરોમાં જન્મ લઈને પણ સંત એમની પરંપરાવાળા થતા નથી. તે તો પોતાના લક્ષ્ય પરમાત્માને પકડીને સ્વરૂપ તરફ અગ્રેસર થાય છે. એના ઉપદેશમાં, જાતિ-પાંતિ, વર્ગભેદ, રંગભેદ કે અમીર-

ગરીબની દીવાલો રહેતી નથી. એની દૃષ્ટિએ નર-માદાનો ભેદ પણ રહેતો નથી. (જુઓ ગીતા ૧૫-૧૬ ''**द्वाविमौ पुरुषो लोके**'')

મહાપુરુષોના મરણ બાદ અનુયાયીઓ પોતાનો સંપ્રદાય બનાવીને સંકુચિત થઈ જાય છે. કોઈ મહાપુરુષની પાછળ ચાલનાર યહૂદી થઈ જાય છે, તો કોઈના અનુયાયી ઈસાઈ, મુસલમાન, સનાતની વગેરે થઈ જાય છે, પરંતુ આ દીવાલોથી સંતનો સમાગમ કદી થતો નથી. સંત ન તો સાંપ્રદાયિક છે, ન તેની કોઈ જાતિ છે. સંત સંત જ છે. એને કોઈ સામાજિક સંગઠનમાં બાંધવાની જરૂર નથી.

આમ દુનિયાભરના સંતો, ગમે તે કબીલામાં જન્મ્યા હોય કે કોઈ પણ ધર્મ-સંપ્રદાયવાળા એમની પૂજા અધિક કરતા હોય, પણ સંપ્રદાયના પ્રભાવમાં આવીને આવા સંતોની ટીકા કરવી જોઈએ નહીં, કેમકે તે નિરપેક્ષ છે. દુનિયાના કોઈ પણ સ્થાનમાં ઉત્પન્ન સંતની નિંદા કરવી યોગ્ય નથી. કોઈ એવું કરે છે તો તે પોતાની અંદર રહેલા અંતર્યામી પરમાત્માને દુર્બળ કરી રહ્યો છે, તે પરમાત્માથી દૂર થઈ રહ્યો છે, સ્વયં પોતાની હાનિ કરી રહ્યો છે. સંસારમાં જન્મ લેનાર પૈકી તમારો સાચો હિતૈષી હોય તો તે સંત છે. આમ એમના પ્રતિ સહૃદયી રહેવું દુનિયાભરમાં લોકો માટે મૂળ કર્તવ્ય છે. એનાથી વંચિત થવું તે પોતાને દગો દેવા બરાબર છે.

**વેદ :** ગીતામાં વેદનું વર્ણન ખૂબ આવે છે. પરંતુ વેદમાર્ગ નિર્દેશકચિહ્ન (milestone)માત્ર છે. મંજિલે પહોંચી ગયા પછી વ્યક્તિને એનો કોઈ ઉપયોગ રહેતો નથી. અધ્યાય ૨-૪૫માં શ્રીકૃષ્ણે કહ્યું, હે અર્જુન, વેદ ત્રણ ગુણ પર પ્રકાશ નાખી શકે છે. તું વેદોના કાર્યક્ષેત્રથી ઉપર ઊઠ. અધ્યાય ૨-૪૬માં કહ્યું, તમામ બાજુએથી પરિપૂર્ણ સ્વચ્છ જળાશય મળી જાય પછી નાનાં જળાશયોની મનુષ્યોને જેમ જરૂર રહે નહિ બરાબર એ જ રીતે બ્રહ્મજ્ઞાન મેળવેલ મહાપુરુષ અર્થાત્ બ્રાહ્મણોને પણ વેદોથી એટલું જ પ્રયોજન રહે છે. પરંતુ બીજાઓ માટે તો એનો ઉપયોગ રહે જ છે. અધ્યાય ૮-૨૮માં કહ્યું, અર્જુન, મને તત્ત્વથી સારી રીતે

જાણી લીધા પછી યોગી વેદ, યજ્ઞ, તપ, દાન વગેરે પુણ્યફળોને પાર કરીને સનાતન પદ મેળવે છે. અર્થાત્ જ્યાં સુધી વેદ જીવિત છે, યજ્ઞ કરવો બાકી છે, ત્યાં સુધી સનાતન પદની પ્રાપ્તિ થતી નથી. અધ્યાય ૧૫-૧માં દર્શાવ્યું કે ઉપર પરમાત્મા જેનું મૂળ છે અને નીચે કીટ-પતંગિયાં સુધીની પ્રકૃતિ જેની શાખા-પ્રશાખા છે એવો સંસાર પીપળાનું એક અવિનાશી વૃક્ષ છે. જે એને મૂળસહિત જાણે છે તે વેદનો જ્ઞાતા છે. આ જાણકારી મહાપુરુષ દ્વારા જ મળે છે. એ બતાવે તે જ ભજન છે. પુસ્તક અને પાઠશાળા પણ એમના તરફ જ પ્રેરે છે.

**ઓમ્ :** શ્રીકૃષ્ણના માર્ગદર્શનમાં ઓમના જપનું વિધાન મળે છે. અધ્યાય ૭/૮માં ઓમકાર હું છું. ૮/૧૩ ૐનો જપ અને મારું ચિંતન કર. અધ્યાય ૯/૧૭માં જાણવા યોગ્ય પવિત્ર ઓમકાર હું છું. અધ્યાય ૧૦/૩૩માં અક્ષરોમાં આકાર છું. ૧૦/૨૫ વચનોમાં એક અક્ષર હું છું. અધ્યાય ૧૭/૨૩ ૐ તત્ અને સત્ બ્રહ્મનો પરિચાયક છે. ૧૭/૨૪ યજ્ઞ, દાન અને તપની ક્રિયાનો ઓમથી પ્રારંભ થાય છે. આમ શ્રીકૃષ્ણના કહેવા પ્રમાણે ૐનો જપ નિતાન્ત આવશ્યક છે. એનો વિધિ આવા અનુભવી મહાપુરુષ પાસે શીખવો.

● મહાપુરુષ બાહ્ય તથા આંતરિક, વ્યાવહારિક તથા આધ્યાત્મિક, લોકરીતિ અને યથાર્થ વેદરીતિ બંનેની જાણકારી રાખે છે. આ જ કારણથી સમસ્ત સમાજના મહાપુરુષોએ રહેણીકરણીનું વિધાન બતાવ્યું અને એક મર્યાદિત વ્યવસ્થા પણ આપી. વશિષ્ઠ, વિશ્વામિત્ર, સ્વયં યોગેશ્વર શ્રીકૃષ્ણ, મહાત્મા બુદ્ધ, મૂસા, ઈસા, મહમ્મદ, રામદાસ, દયાનંદ, ગુરુ ગોવિંદસિંહ વગેરે હજારો મહાપુરુષોએ આમ કર્યું છે. પરંતુ આ વ્યવસ્થા સામયિક હોય છે. પીડિત સમાજને ભૌતિક વસ્તુ આપવી યથાર્થ નથી. ભૌતિક મૂંઝવણો ક્ષણિક છે, શાશ્વત નથી. આથી એનો ઉકેલ પણ તે સમય પૂરતો જ હોય છે. એને ચિરંતન વ્યવસ્થાના રૂપમાં ગ્રહણ કરી શકાય નહિ.

**ગીતોકત જ્ઞાન જ વિશુદ્ધ મનુસ્મૃતિ :** ગીતા આદિમાનવ મહારાજ મનુ કરતા પણ પૂર્વ પ્રગટ થઈ છે. **'इमं विवस्वते योगं प्रोक्तवानहमव्ययम् ।'** (૪-૧)

અર્જુન, આ અવિનાશી યોગને મેં યુગના આરંભમાં સૂર્યને કહ્યો અને સૂર્યે મનુને કહ્યો. મનુએ એને સાંભળીને પોતાની યાદમાં સંઘરી લીધો, કારણ સાંભળેલી વાત મનની સ્મૃતિમાં જ રાખી શકાય છે. આ વાતને મનુએ ઈક્ષ્વાકુ રાજાને કહી. ઈક્ષ્વાકુ દ્વારા રાજર્ષિઓએ જાણી અને આ મહત્ત્વપૂર્ણ કાળ બાદ આ અવિનાશી યોગ આ પૃથ્વી પરથી લોપ થઈ ગયો. પહેલાં તો જે બોલાય તે સાંભળી લઈને મનમાં યાદ કરી લેવાની જ પરંપરા હતી. આ બધી વાત લખી શકાય એવી કલ્પના પણ ન હતી. મનુ મહારાજે આને માનસિક સ્મૃતિમાં જ સંઘરી લીધી. અને સ્મૃતિની પરંપરા અર્પણ કરી. એટલે આ ગીતોક્ત જ્ઞાન જ વિશુદ્ધ મનુસ્મૃતિ છે.

ભગવાને આ જ્ઞાન મનુથી પૂર્વ સૂર્યને કહ્યું તો એને 'સૂર્યસ્મૃતિ' કેમ નહીં કહેવામાં આવ્યું ? ખરું જોતાં સૂર્ય જ્યોતિર્મય પરમાત્માનો એ અંશ છે, જેના દ્વારા આ માનવ સૃષ્ટિનું સર્જન થયું. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, 'હું જ પરમ ચેતન બીજરુપ પિતા છું, પ્રકૃતિ ગર્ભ ધારણ કરનારી માતા છે.' એ બીજરુપ પિતા સૂર્ય છે. સૂર્ય પરમાત્માની એ પ્રશક્તિ છે જેના દ્વારા માનવનું સર્જન થયું. એ કોઈ વ્યક્તિ નથી અને જ્યાં પરમાત્માના એ જ્યોતિર્મય તેજ દ્વારા માનવની ઉત્પત્તિ થઈ એ તેજમાં એ ગીતોકત જ્ઞાન પણ પ્રકાશિત કર્યું. અર્થાત્ સૂર્ય દ્વારા કહેડાવ્યું. સૂર્યે પોતાના પુત્ર મનુને કહ્યું અને તેથી એ 'મનુસ્મૃતિ' છે. સૂર્ય કોઈ વ્યક્તિ નથી, બીજ છે.

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, 'અર્જુન, આ પુરાંતન યોગ હું તારે માટે કહેવા જાઉં છું. તું પ્રિય ભક્ત છે, અનન્ય મિત્ર છે !' અર્જુન બુદ્ધિશાળી હતો, સારો અધિકારી હતો. એણે પ્રશ્ન અને પરિપ્રશ્નોની હાર લગાવી હતી. 'તમારો જન્મ તો હાલમાં જ થયો છે અને સૂર્યનો જન્મ તો ઘણો પહેલાં થયો છે. આ જ્ઞાન તમે જ સૂર્યને આપ્યું એ હું કેવી રીતે માની લઉં ?' આમ આવા વીસ-પચ્ચીસ પ્રશ્નો એણે કર્યાં. ગીતા પૂર્ણ થઈ ત્યાં સુધીમાં તો એનાં બધાં જ પ્રશ્નો સંપૂર્ણ થઈ ગયા.

હવે, ભગવાનને, જે પ્રશ્નો અર્જુન કરી શકતો નહતો અને જે પ્રશ્નો એનાં હિતમાં હતા એ એમણે સ્વયં ઉઠાવ્યા અને એનું સમાધાન પણ કર્યું. છેવટે ભગવાને કહ્યું, 'અર્જુન, તે શું મારો ઉપદેશ એકચિત્તે સાંભળ્યો ? મોહથી ઉત્પન્ન થયેલું તારું અજ્ઞાન નાશ પામ્યું ?' અર્જુને જવાબ આપ્યો,

**'नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादात्मच्युत ।**

**स्थितोस्मि गतसन्देहः करिष्ये वचनं तव ॥ १८.७३**

ભગવન્ મારો મોહ નષ્ટ પામ્યો છે. મને સ્મૃતિ પ્રાપ્ત થઈ છે. માત્ર શ્રવણ જ નથી કર્યું પરંતુ સ્મૃતિમાં પણ સંગ્રહી લીધું છે. તમારા આદેશનું પાલન કરીશ, યુદ્ધ કરીશ !' એણે ધનુષ્ય ઉઠાવ્યું, યુદ્ધ કર્યું, વિજય મેળવ્યો. એક વિશુદ્ધ-ધર્મ સામ્રાજ્યની સ્થાપના કરી. અને એક ધર્મશાસ્ત્રના રુપમાં તે જ આદિ ધર્મશાસ્ત્ર ગીતા ફરીથી પ્રકાશમાં આવી !

ગીતા આપણું આદિ ધર્મશાસ્ત્ર છે. આ જ મનુસ્મૃતિ છે. આને જ અર્જુને પોતાની સ્મૃતિમાં સંઘરી લીધું છે. મનુની બે કૃતિઓનો ઉલ્લેખ છે. એક, પિતા દ્વારા ઉપલબ્ધ કરાવેલી ગીતા અને બીજી વેદ જે મનુ સમક્ષ અવતર્યા ! ત્રીજી કોઈપણ કૃતિ મનુના સમયમાં પ્રગટ થઈ નથી. એ સમયે લખવાનો કે લખાવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત નહતો થતો. કાગળ અને કલમ ચલણમાં જ નહોતા. એટલે જ્ઞાનને શ્રુત અર્થાત્ શ્રવણ કરવામાં અને સ્મૃતિ પટલ પર સંઘરી લેવાની જ પરંપરા હતી. જ્યારે માનવોનું અસ્તિત્વ આવ્યું ત્યારે સૃષ્ટિના પ્રથમ માનવ એવા મનુ મહારાજે વેદને શ્રુતિ તથા ગીતાને સ્મૃતિનું સન્માન આપ્યું.

વેદ મનુ સમક્ષ અવતર્યા, એમને સાંભળ્યા. આ સાંભળવા યોગ્ય છે. પછીથી ભલે ભૂલી જવાય તો એમાં કોઈ ક્ષતિ નથી પરંતુ ગીતા સ્મૃતિ છે, હંમેશા સ્મરણ કરો ! એ પ્રત્યેક માનવીનું સદાય રહેતું જીવન, સદાય રહેતી શાંતિ અને સદા રહેતી સમૃદ્ધિ - ઐશ્વર્યસંપન્ન જીવન પ્રાપ્ત કરાવનાર ઈશ્વરીય ગીત છે.

ભગવાને કહ્યું, 'અર્જુન, અગર તું અહંકારવશ મારો ઉપદેશ નહિં સાંભળે તો નાશ પામીશ !' આનો અર્થ એ જ કે ગીતાના ઉપદેશોની અવહેલના કરનાર

નાશ પામે છે. અધ્યાય પંદરના છેવટના શ્લોકમાં (૧૫.૨૦) ભગવાને કહ્યું, **'इति गुह्यत्तमं शास्त्रमिदमुक्तं मयानघ'** આ રહસ્યથી પણ વધુ રહસ્યમય શાસ્ત્ર મારા દ્વારા કહેવામાં આવ્યું છે. એને તત્ત્વ દ્વારા જાણીને તું સમસ્ત જ્ઞાન અને પરમશ્રેયની પ્રાપ્તિ કરી શકીશ !' સોળમાં અધ્યાયના છેવટના બે શ્લોકોમાં કહ્યું, **'यः शास्त्रविधि मुत्सृज्य वर्तते कामकारतः ।'** આ શાસ્ત્રવિધિને ત્યાગી, કામનાઓથી પ્રેરિત થઈ અન્ય વિધિઓ દ્વારા જે ભજે છે એમના જીવનમાં નથી સુખ, નથી સમૃદ્ધિ કે નથી પરમગતિ !'

**'तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ !'** એટલે અર્જુન, તારા કર્તવ્ય અને અકર્તવ્યની વ્યવસ્થામાં આ શાસ્ત્ર જ પ્રમાણ છે. એનો સારી રીતે અભ્યાસ કર અને પછી એનું આચરણ કર ! તું મારામાં નિવાસ કરી શકીશ, અવિનાશી પદ પ્રાપ્ત કરી શકીશ. સદાય રહેતું જીવન, સદાય રહેતી શાંતિ અને સમૃદ્ધિ પ્રાપ્ત કરી શકીશ !

ગીતા મનુસ્મૃતિ છે અને ભગવાન શ્રીકૃષ્ણ અનુસાર ગીતા જ ધર્મશાસ્ત્ર છે. અન્ય કોઈ શાસ્ત્ર નથી, અન્ય કોઈ સ્મૃતિ નથી. સમાજમાં અનેકાનેક સ્મૃતિઓ પ્રચલિત છે અને એને કારણે ગીતા વિસ્મૃત થઈ જવા પામી છે આ એક દુષ્પરિણામ છે. સ્મૃતિઓ કંઈ કેટલાય રાજાઓના સંરક્ષણ માટે લખાઈ, સમાજમાં ઊંચ-નીચનાં ભેદનું સર્જન કર્યું અને આ દિવાલ ઊભી કરી. મનુના નામે પ્રચાર પામેલી કહેવાતી મનુસ્મૃતિમાં મનુના સમયના વાતાવરણનું ચિત્રણ છે જ નહિં. મૂળ મનુસ્મૃતિ ગીતા એક પરમાત્માને જ સત્ય માને છે, એક આશ્વાસન આપે છે, એક આશય આપે છે. વર્તમાનકાળમાં લગભગ ૧૬૪ સ્મૃતિઓ છે પરંતુ એકમાં પણ પરમાત્માનું નામ પણ દેખાતું નથી અને પરમાત્માની પ્રાપ્તિનો માર્ગ પણ જણાતો નથી. એ માત્ર સ્વર્ગમાં જગ્યા સુધી સિમિત રહે છે અને જે નથી (**न अस्ति**) એની ચર્ચા પ્રોત્સાહિત કરે છે. મોક્ષનો તો એમાં ઉલ્લેખ પણ નથી આવતો.

**મહાપુરુષ** : મહાપુરુષ બાહ્ય તથા આંતરિક, વ્યાવહારિક તથા આધ્યાત્મિક, લોક-રીતિ અને યથાર્થ વેદ-રીતિ આ સર્વેની જાણકારી રાખે છે. આ જ કારણે

સમસ્ત સમાજને મહાપુરુષોએ રહેણી-કરણી માટે વિધિ કહી અને એક મર્યાદિત વ્યવસ્થા પણ આપી. વસિષ્ઠ, શુક્રાચાર્ય, સ્વયં યોગેશ્વર શ્રીકૃષ્ણ, મહાત્મા બુદ્ધ, જીસસ, મૂસા, મહમ્મદ, રામદાસ, દયાનંદ, ગુરુ ગોવિંદસિંહ જેવા હજારો મહાપુરુષોએ આમ કર્યું પરંતુ આ વ્યવસ્થા અમુક સમય પૂરતી જ રહી. પીડિત સમાજને ભૌતિક વસ્તુઓ આપવી ઉચિત નથી, યથાર્થ નથી. ભૌતિક વસ્તુઓ ક્ષણિક હોય છે, શાશ્વત નથી હોતી એટલે એનું નિરાકરણ પણ એ સમય પૂરતું જ હોય છે. એને દીર્ઘકાલીન વ્યવસ્થાના રુપમાં ગ્રહણ કરી શકાય નહિં.

**વ્યવસ્થાકાર :** સામાજિક વિકૃતિઓને મહાપુરુષ ઉકેલે છે. આમ ન કરવામાં આવે તો જ્ઞાન-વૈરાગ્યજનિત પરમની સાધના કોણ સાંભળે ? વ્યક્તિ જે વાતાવરણમાં ફસાઈ છે, એને ત્યાંથી હટાવીને યથાર્થ જાણવાની સ્થિતિમાં લાવવા માટે અનેક પ્રલોભનો અપાય છે. આથી મહાપુરુષ જે શબ્દો વાપરે છે, કોઈ વ્યવસ્થા ઊભી કરી આપે છે, તે ધર્મ નથી. આનાથી માત્ર સો-બસો વર્ષની વ્યવસ્થા મળે છે. ચાર સો છસ્સો વર્ષ માટે, ઉદાહરણરૂપ બની જાય છે અને ક્રમશઃ હજાર-બે હજાર વર્ષમાં તો તે સામાજિક આવિષ્કાર નવીન પરિસ્થિતિઓની સાથોસાથ નિષ્પ્રાણ બની જાય છે ગુરુ ગોવિંદસિંહની સામાજિક વ્યવસ્થામાં શસ્ત્ર અનિવાર્ય હતું, પરંતુ આજે શસ્ત્ર તરીકે તલવાર રાખવી ઉચિત થશે ? ઈસા ગાદી પર બેસતા હતા. ગાદી બાબતમાં એમણે કરેલી વ્યવસ્થાનો આજે શો ઉપયોગ છે ? એમણે કહ્યું કે, 'કોઈનું ગધેડું ચોરવું નહિ' આજે ગધેડું કોણ પાળે છે ? આ જ રીતે શ્રીકૃષ્ણે એ સમયનો સમાજ વ્યવસ્થિત કર્યો, જેનો ઉલ્લેખ મહાભારત, ભાગવત વગેરે ગ્રંથોમાં છે. સાથોસાથ એ ગ્રંથોમાં એમણે યથાર્થનું પણ અહીં-તહીં ચિત્રણ કર્યું, પરમ કલ્યાણકારી સાધના અને ભૌતિક વ્યવસ્થાના નિર્દેશને ભેગા કરી દેવામાં આવે તો સમાજ તત્ત્વનિર્ણાયક ક્રમને બરાબર સમજી શકશે નહિ. ભૌતિક વ્યવસ્થાઓને તે જેમની તેમ, કદાચ વધારીને ગ્રહણ કરે છે. કેમકે તે ભૌતિક છે. મહાપુરુષે કહ્યું છે. એમ કહીને આ વ્યવસ્થાઓની પ્રશંસા પણ કરાય છે. આ લોકો મહાપુરુષની વાસ્તવિક ક્રિયાને તોડી-મરોડીને ભ્રામક બનાવી દે છે. વેદ,

રામાયણ, મહાભારત, બાઈબલ, કુરાન વગેરે તમામ પ્રતિ પૂર્વગ્રહયુક્ત ધૂંધળી ધારણાઓ જ શેષ રહી જાય છે.

**મનુષ્યમાત્ર માટે ગીતા :** પતંજલિ વગેરે અનેક મહાપુરુષોએ પરમશ્રેયની યથાર્થ વિધિને સામાજિક વ્યવસ્થાથી દૂર કરીને અલગ પ્રસ્તુત કરી. શ્રીકૃષ્ણ પણ અલગ કરવાનું ઉચિત કલ્યાણકારી સમજ્યા. ઉત્તમ અધિકારી સમક્ષ જે તેમણે આ કહ્યું. શ્રીકૃષ્ણે વારંવાર કહ્યું કે તું અતિશય પ્રીતિ રાખનાર ભક્ત હોઈ, કલ્યાણની ઈચ્છાથી હું આ કહું છું. આ અત્યંત ગુપ્ત છે. અંતમાં કહ્યું, 'જો ભક્ત નથી તો પ્રતીક્ષા કરો. એમને આ રસ્તા પર લાવો. પછી એમને માટે કહો. આ મનુષ્યમાત્ર માટે યથાર્થ કલ્યાણનું એકમાત્ર સાધન છે. જેનું ક્રમબદ્ધ વર્ણન શ્રીકૃષ્ણકથિત ગીતા છે.'

**પ્રસ્તુત ટીકા :** યોગેશ્વર શ્રીકૃષ્ણના આશયને યથાતથ વ્યક્ત કરવાના કારણસર પ્રસ્તુત ટીકાનું નામ 'યથાર્થ ગીતા' રાખ્યું છે. ગીતા સ્વયં સંપૂર્ણ સાધનાગ્રંથ છે. તે બૌદ્ધિક સ્તર પર જાણી શકાય તેમ નથી. આથી તે અનુભવાય છે, પ્રતીત થાય છે. આથી જો કંઈ ન સમજાય તો કોઈ તત્ત્વદર્શી મહાપુરુષના સાંનિધ્યમાં સમજવાનો પ્રયત્ન કરવો.

**तद्विद्धि प्रणिपानेत परिप्रश्नेन सेवया ।**
**उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ॥**

**ओम शांतिः । शांतिः । शांतिः ।**

# ઑડિયો કૅસેટ રેકૉર્ડિંગની ભૂમિકા

કેવળ એક પરમાત્મામાં શ્રદ્ધા અને સમર્પણનો સંદેશ આપનારી ગીતા સૌને પવિત્ર થવાનું જાહેર નિમંત્રણ આપે છે. સૃષ્ટિમાં ગમે તે સ્થળે વસતા અમીર અથવા ગરીબ, કુલીન તથા આદિવાસી, પુણ્યાત્મા કે પાપી, સ્ત્રી કે પુરુષ, સદાચારી કે અત્યંત દુરાચારી – સૌને એમાં પ્રવેશ છે. ગીતા ખાસ કરીને પાપીઓને જ એમના ઉદ્ધારનો સરળ માર્ગ બતાવે છે, કેમકે પુણ્યાત્મા તો ભગવાનને ભજતા જ હોય છે. આ ગીતાનું અદ્વિતીય વિવેચન એટલે યથાર્થ ગીતાની આ કૅસેટો.

શાસ્ત્રની રચના બે દૃષ્ટિથી થાય છે – એક તો સામાજિક વ્યવસ્થા અને સંસ્કૃતિને કાયમ જાળવી રાખવા માટે જેથી લોકો પૂર્વજોએ કંડારેલી કેડી પર અનુસરણ કરી શકે, અને બીજી દૃષ્ટિ શાશ્વત શાંતિ પ્રાપ્ત કરવાની છે. રામચરિતમાનસ, બાઈબલ, કુરાન વગેરેમાં બંને દૃષ્ટિનો સમાવેશ થાય છે. પરંતુ એમાં ભૌતિક દૃષ્ટિ પ્રધાન હોવાને કારણે માનવી સમાજોપયોગી વ્યવસ્થાને જ પકડી શકે છે. એમાંના આધ્યાત્મિક સૂત્રોને પણ એ સામાજિક વ્યવસ્થાના સંદર્ભમાં જ જોવા લાગે છે અને કહે છે કે આવું શાસ્ત્રમાં લખ્યું છે. તેથી વેદવ્યાસે બંને માટે એક જ ગ્રંથ મહાભારત લખતી વખતે પણ આધ્યાત્મિક ક્રિયાનું સંકલન ગીતારૂપે અલગ આપ્યું છે. તેથી લોકો આ મૂળ કલ્યાણપથમાં ભ્રાંતિનું મિશ્રણ કરી ના શકે તે આધ્યાત્મિક મૂલ્યો સાથે અહીં ગીતાનો દિવ્ય સંદેશ રજૂ કર્યો છે.

ગીતા કોઈ વિશેષ વ્યક્તિ, કોઈ જાતિ, પંથ, દેશ, કાળ કે કોઈ રૂઢિચુસ્ત સંપ્રદાયનો ગ્રંથ નથી, પણ સાર્વલૌકિક તથા સાર્વકાલિન ધર્મશાસ્ત્ર છે. આ પ્રત્યેક દેશ, પ્રત્યેક જાતિ, પ્રત્યેક વયના સૌ સ્ત્રી-પુરુષ માટે છે. ખરેખર ગીતા સંપૂર્ણ માનવજાતિનું ધર્મશાસ્ત્ર છે. કેટલા ગૌરવની વાત છે કે ગીતા આપણા ધર્મશાસ્ત્રનો ગ્રંથ છે.

પૂજ્ય ભગવાન મહાવીર, તથાગત ભગવાન બુદ્ધ જ્ઞાની હોવા છતાં પણ લોકભાષાઓમાં ગીતાના જ સંદેશાવાહક છે. આત્મા સત્ય છે અને પૂર્ણ સંયમથી આત્મસ્થિતિનું વિધાન છે. – આ ગીતાનો જ વિચાર છે. તથાગત બુદ્ધે આ જ તત્ત્વને સર્વજ્ઞ તથા અવિનાશી પદ કહીને ગીતાના વિચારનું જ સમર્થન કર્યું છે. એટલું જ નહિ પણ વિશ્વસાહિત્યમાં ધર્મના નામે જે કંઈ પણ સારસર્વસ્વ છે – જેમ કે એક ઈશ્વર, પ્રાર્થના, પશ્ચાત્તાપ, તપ વગેરે – તે ગીતાના જ ઉપદેશ છે. તે જ ઉપદેશ સ્વામી શ્રી અડગડાનંદજીના મુખકમળમાંથી નીકળેલી યથાર્થ ગીતા કૅસેટ રૂપમાં માનવમાત્રની મુક્તિનો દિવ્ય સંદેશ બનીને ઊભી છે.

ભારતની લોકગાથામાં છે કે સૉક્રેટિસની શિષ્યપરંપરામાં મનીષી ઍરિસ્ટૉટલે પોતાના શિષ્ય સિકંદરને ગીતાના જાણકાર જ્ઞાની ગુરુ લાવવાનો નિર્દેશ કર્યો હતો. ગીતાના જ એકેશ્વરવાદને વિવિધ ભાષાઓમાં ઈશુ તથા અનેક સુફી મહાત્માઓએ વિસ્તાર્યો છે. ભાષાઓ ભિન્ન હોવાથી તે પૃથક્પૃથક્ પ્રતીત થાય છે. પરંતુ સિદ્ધાંત ગીતાના જ છે. તેથી ગીતા માનવમાત્રનું અતર્ક્ય ધર્મશાસ્ત્ર છે. ગીતાનો આશય યથાર્થ ગીતાના રૂપમાં પ્રસ્તુત કરીને સ્વામીશ્રી અડગડાનંદજી મહારાજે માનવમાત્રને એક અમૂલ્ય ખજાનો આપ્યો છે. તેનું કૅસેટ રૂપાંતર શ્રી જિતેનભાઈના સૌજન્યથી થયું છે. ગીતાના હજારો અનુવાદોમાં આ દૈદીપ્યમાન વિવેચનના પ્રકાશમાં પરમશ્રેયના સાધક બનો.

દુનિયાના પ્રચલિત સર્વધર્મો ગીતાના જ પ્રતીકના પડઘા માત્ર છે. સ્વામી શ્રી અડગડાનંદજી મહારાજ દ્વારા કહેલી યથાર્થ ગીતા સાંભળીને જૈન કુળમાં જન્મેલા, શ્રી જિતેનભાઈએ કૅસેટના માધ્યમથી આનો પ્રચાર કરવાનું વ્રત લીધું હતું. કારણ કે ભગવાન મહાવીર, ભગવાન ગૌતમબુદ્ધ, ગુરુ નાનક, કબીર વગેરે શ્રદ્ધાપૂર્ણ તપ સિદ્ધાંતોની ઉચ્ચતમ અભિવ્યક્તિ ગીતા છે. આ ગીતાના કૅસેટ-પુષ્પો તમારી સેવામાં પ્રસ્તુ છે. ગીતાનાં બે હજાર વર્ષ સુધી ધર્મના નામે કોઈ સંપ્રદાય બન્યા ન હતા તેથી ગીતા મજહબમુક્ત છે. તે વેળાએ વિશ્વમાનસમાં એક શાસ્ત્ર ગુંજી રહ્યું હતું – એ હતી ઉપનિષદના સારરૂપ ગીતા. મોક્ષ અને

સમૃદ્ધિનું ઝરણું ગીતાશાસ્ત્ર વાંચવા કરતાં તેનું શ્રવણ વધુ લાભકારક છે કેમકે ઉચ્ચારણની શુદ્ધિ વગેરેમાં એકાગ્રતા સધાય છે. તેથી સરલ ભાષામાં રૂપાંતરિત યથાર્થ ગીતાની આ કૅસેટો આપની સેવામાં પ્રસ્તુત છે. તેના શ્રવણથી આબાલવૃદ્ધ સૌમાં, આસપાસના પડોશીઓમાં પરમાત્માના શુભ સંસ્કારોનો સંચાર થશે. તમામ ઘરઆંગણનું વાયુમંડળ પણ તપોભૂમિ જેવું સુરભિ થઈ જશે.

જે ઘરમાં પ્રભુચર્ચા થતી ન હોય તે ઘર સ્મશાન જેવું છે. આજનો માનવી આટલો વ્યસ્ત છે કે ઇચ્છા હોવા છતાં પણ તે ભજન માટે સમય કાઢી શકતા નથી. આવી પરિસ્થિતિમાં ગીતાનો સંદેશ કાન સુધી પહોંચી જાય તો પરમશ્રેય અને સમૃદ્ધિના સંસ્કારોનું બીજારોપણ થઈ જાય છે. ભગવાનની વાણીની આ કૅસેટોથી તે પરમ પ્રભુનું સ્મરણ દિવસભર થયા કરશે. ભજનની આ આધારશિલા છે.

આપણે આપણા બાળકો સારા સંસ્કાર પ્રાપ્ત કરે તેવું શિક્ષણ અપાવીએ છીએ. લોકો માને છે કે સારા સંસ્કાર એટલે બાળકો પોતાની રોજી-રોટી, આવાસ-નિવાસના પ્રશ્નો હલ કરી લે, ઈશ્વર તરફ તો કોઈનું ધ્યાન જ નથી. કેટલાકની પાસે તો એટલી સમૃદ્ધિ છે કે પ્રભુને પોકારવાની જરૂર જ સમજાતી નથી. પરંતુ આ બધું માત્ર ભૌતિક છે. આવી સ્થિતિમાં ઈશ્વરની ઓળખાણ જ એકમાત્ર આધાર છે. તમને આ યથાર્થ ગીતાની આ કૅસેટોમાં પ્રાપ્ત થશે.

સંસારમાં જેટલા પણ ધાર્મિક મતમતાંતરો છે એ સૌની પાછળ કોઈક મહાપુરુષના અનુયાયીઓનો સંગઠિત સમાજ છે. મહાપુરુષનું એકાંત ભજન સ્થળ જ કાલાંતરે તીર્થ, આશ્રમ, મઠ કે મંદિર બને છે. તે મહાપુરુષોના નામે આજીવિકા રળવાથી માંડીને વિલાસિતા સુધીનાં સાધનો એકઠાં થઈ જાય છે. મહાપુરુષના અવસાન બાદ ગાદીઓ સ્થપાય છે. ગાદીઓથી કોઈ મહાપુરુષ બનતા નથી. તેથી ધર્મ હંમેશાં પ્રત્યક્ષદર્શી મહાપુરુષોનું જ ક્ષેત્ર છે. ગીતા આવા જ એક નિર્વિવાદ મહાપુરુષ યોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણની વાણી છે, જેના ચિરંતન સત્યો તમારી સમક્ષ યથાર્થ ગીતાની આ કૅસેટો રજૂ કરે છે.

# નિવેદન

'યથાર્થ ગીતા' યોગેશ્વર શ્રીકૃષ્ણની પરમ પુનિત વાણી શ્રી ભગવદ્‌ગીતાનો જ અર્થ છે. એમાં તમારા હૃદયમાં રહેલા પરમાત્માની પ્રાપ્તિનું વિધાન છે. પરમાત્માની પ્રાપ્તિ બાદ કરેલું ચિત્રણ છે. અવહેલનાની દૃષ્ટિએ આનો ઉપયોગ વર્જિત છે. એમ કરવા જતાં આપણે આપણા લક્ષ્યથી વંચિત રહી જઈએ. આના શ્રદ્ધાપૂર્વક અધ્યયનથી માનવ પોતાના કલ્યાણનું પૂરેપૂરું સાધન પ્રાપ્ત કરે છે અને યત્કિંચિત્ પણ ગ્રહણ કરશે તો પરમશ્રેયને પ્રાપ્ત કરી લેશે કારણ કે આ ઈશ્વરમાર્ગમાં આરંભનો નાશ કદી થતો નથી –

**– સ્વામી અડગડાનન્દ**

# ગીતા તમારું ધર્મશાસ્ત્ર છે.

વિશ્વમાં પ્રચલિત બધા ધાર્મિક વિચારોના આદિ ઉદ્‌ગમ-સ્થાન ભારતને સમસ્ત અધ્યાત્મ અને આત્મસ્થિતિ અપાવનાર સંપૂર્ણ શોધના સાધનાક્રમનું સ્પષ્ટ વર્ણન આ ગીતામાં છે, જેમાં ઈશ્વર એક, પ્રાપ્ત કરવાની ક્રિયા એક, પથમાં અનુકંપા એક તથા પરિણામ એક છે... એ છે પ્રભુનું દર્શન, ભગવદ્‌સ્વરૂપની પ્રાપ્તિ અને કાળથી પર અનંત જીવન.

જુઓ, **'યથાર્થ ગીતા'**

## શાસ્ત્ર

શાસ્ત્ર એટલે પરમાત્મામાં પ્રવેશ અપાવનાર ક્રિયાત્મક શિસ્તના નિયમોનું સંકલન. આ દ્રષ્ટિએ ભગવાન શ્રી કૃષ્ણે ગાયેલી ગીતા સનાતન શાશ્વત ધર્મનું શુદ્ધ શાસ્ત્ર છે. જે ચારે વેદ, ઉપનિષદ્, સમસ્ત યોગશાસ્ત્ર, રામચરિત માનસ તથા વિશ્વનાં તમામ દર્શનશાસ્ત્રોનું એકલે હાથે પ્રતિનિધિત્વ કરે છે. ગીતા માનવ માટે ધર્મનું અતકર્યશાસ્ત્ર છે.

## પરમાત્માનો નિવાસ

તે સર્વસમર્થ, સદા સર્વત્ર રહેનાર નિત્ય પરમાત્મા માનવના હૃદયમાં સ્થિર છે. હૃદયના તમામ ભાવોથી તેના શરણમાં જવાનું વિધાન છે, જેનાથી શાશ્વતધામ સદા ટકે તેવી શાંતિ તથા અનંત જીવનની પ્રાપ્તિ થાય છે.


## સંદેશ

સત્ય વસ્તુનો ત્રણે કાળમાં અભાવ નથી અને અસત્ય વસ્તુનું કોઈ અસ્તિત્વ નથી. કેવળ એક પરમાત્મા જ ત્રણે કાળમાં સત્ય છે, શાશ્વત છે, સનાતન છે.

–સ્વામી અડગડાનન્દજી

૫૨૦૦
૫૨૦૦
૫૨૦૦
૫૨૦૦
૫૨૦૦
૫૨૦૦
૫૨૦૦
૫૨૦૦
૫૨૦૦
૫૨૦૦
૫૨૦૦
૫૨૦૦
૫૨૦૦
૫૨૦૦
૫૨૦૦
૫૨૦૦

**વર્ષોના લાંબા અંતરાલ પછી શ્રીમદ્ભગવદ્ ગીતાની શાશ્વત વ્યાખ્યા**




**Shri Paramhans Swami Adgadanand Ji Ashram Trust**

5, New Apollo Estate, Mogra Lane, Opp. Nagardas Road, Andheri (East), Mumbai – 400069 India
Telephone : (022) 2825300 • Email : contact@yatharthgeeta.com • Website : www.yatharthgeeta.com